॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

# વચનામૃત સંપાદક ચાર સદ્‌ગુરૂઓનાં
# જીવન દર્શન



**લેખક :** પ.પૂ.સદ્. શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામી - સાહિત્ય વિશારદ

**પ્રસિદ્ધ કર્તા :** શ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલધામ

# વચનામૃત સંપાદક ચાર સદ્‌ગુરૂઓનાં
# ‘‘જીવન દર્શન’’

॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

# વચનામૃત સંપાદક ચાર સદ્ગુરૂઓનાં ''જીવન દર્શન''


: લેખક :

પ.પૂ. સદ્ગુરૂ બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામી (સાહિત્ય-વિશારદ)

: સંપાદક :

ડૉ. શાસ્ત્રી સંતવલ્લભદાસ સ્વામી (આ.કો. વડતાલધામ)


દક્ષિણ વિભાગ વડતાલ શ્રીલક્ષ્મીનારાયણ દેવ ગાદીના સનાતન ધર્મમાર્તણ્ડ

**પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી**ની આજ્ઞાથી


:: પ્રકાશક ::

**વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતી**

મુખ્ય કોઠારી પ.પૂ. સદ્. શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

ગુરુ : પ.પૂ. સદ્. કો. શ્રી નંદકિશોરદાસજી સ્વામી

વડતાલ—સંસ્થાન

**વચનામૃત સંપાદક ચાર સદ્‌ગુરૂઓનાં ''જીવન દર્શન''**

**લેખક :** સદ્‌ગુરૂ બ્રહ્મસ્વરૂપદાસ સ્વામી (સાહિત્ય-વિશારદ) - વડતાલધામ

**ગુરુવર્ય :** સદ્‌ગુરૂ શાસ્ત્રી સ્વામી (કોઠારીશ્રી વડતાલ–સંસ્થાન)

**સંપાદક :** ડૉ. શાસ્ત્રી સંતવલ્લભદાસ સ્વામી (આ.કો. વડતાલધામ)

**પ્રકાશક :** શ્રી સ્વામિનારાયણ મંદિર – વડતાલ

મુ. વડતાલ, તા. નડિયાદ, જી. ખેડા. પીન : ૩૮૭૩૭૫ (ગુજરાત). ફોન : (૦૨૬૮) ૨૫૮૯૭૨૮, ૨૫૮૯૭૭૬.

**E-mail :** vadtaldhamvikas@gmail.com, **Web :** www.vadtalmandir.org

**પ્રકાશન તિથિ :** સં. ૨૦૭૬, ફાગણ વદ પડવો ધુળેટી, (નરનારાયણ જયંતી) તા. ૧૦–૩–૨૦૨૦

''શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ સં. ૨૦૭૬ ઉપક્રમે''

**આવૃત્તિ :** પ્રથમ (૨૦૨૦) **પ્રત :** ૧૦૦૦ **પડતર કિંમત :** ૧૭૦/– **વેચાણ કિંમત :** ૭૦/– (સૌજન્યને આભારી)

**સૌજન્ય :** પ.ભ. શ્રી નવીનભાઈ દવે (અમદાવાદ હાલ શિકાગો U.S.A.)

**ISBN :** 978-81-940549-6-2

**પ્રાપ્તિસ્થાન :** શ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલ–૩૮૭ ૩૭૫. તા. નડીયાદ, જી. ખેડા. (ગુજરાત).

**મુદ્રક :** શ્રીજી આર્ટ, અમદાવાદ. (ફોન.) ૦૭૯–૨૬૪૪૧૫૨૨ (મો.) ૯૮૭૯૬૦૬૬૮૬, ૭૬૦૦૦૨૬૬૮૬

**E-mail :** shreejiart@gmail.com, **Web :** www.shreejuarts.org



શ્રી હરિકૃષ્ણ મહારાજ - વડતાલધામ




अक्षराधिपतिं दिव्यं षडैश्वर्यसमन्वितम् ।
वन्देऽहं स्वेष्टदेवं तं स्वामिनारायणं प्रभुम् ॥
सर्वावतारधर्तारं भुक्तिमुक्तिप्रदायकम् ।
वन्देऽहं स्वेष्टदेवं तं हरिकृष्णं मनोहरम् ॥



સદ્ગુરૂ શ્રીમુક્તાનંદ સ્વામી



સદ્ગુરૂ શ્રીગોપાળાનંદ સ્વામી



સદ્ગુરૂ શ્રીશુકાનંદ સ્વામી



સદ્ગુરૂ શ્રીનિત્યાનંદ સ્વામી



**પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય**
**શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી**

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

**सनातन धर्मधुरंधर आचार्य श्री १००८ श्री राकेशप्रसादजी महाराजश्री**
श्री लक्ष्मीनारायण देव दक्षिण देश गादी
संस्थान : वडताल - पीन : ३८७ ३७५

आचार्य जा. र. नं. १४/2095 — ता. 20-02-2020

## આશીર્વાદ પત્ર

વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ તથા આરાધ્ય ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજના ચરણકમળ સમીપથી વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણદેવ ગાદીના **પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી** ના સસ્નેહ જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

વચનામૃત સંપાદક ચાર સદ્‌ગુરૂઓના **"જીવન દર્શન"** આપણા અધ્યાત્મ જગતમાં ગૌરવરૂપ ગ્રંથ વચનામૃત છે. વચનામૃત ગ્રંથની દ્વિશતાબ્દી મહોત્સવ ઉજવાયો તેનો સહૂને આનંદ છે; પણ અમને વિશેષ આનંદ એ વાત છે કે, વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે ૧૫ જેટલા પ્રકાશનો વડતાલ મંદિર દ્વારા થયા છે. શ્રીજી મહારાજે વચનામૃતમાં કહ્યા પ્રમાણે સંપ્રદાયની પુષ્ટી સાહિત્ય વડે જ થાય છે.

વિશેષમાં શ્રીજી મહારાજે સંવત્ ૧૮૭૬ થી ૧૮૮૬ સુધી વચનામૃતો કહ્યા છે. આપણે આ દશ વર્ષના સમયકાળને વચનામૃત દ્વિશતાબ્દી તરીકે લઈએ અને તેના સિદ્ધાંતો જીવનમાં ઉતારીએ એમાં સહાયરૂપ સાહિત્ય તૈયાર કરીએ; જેનાથી શ્રીહરિ અને સંપાદકો સહિત તમામ સંતોનો રાજીપો આપણા પર ઉતરે; અને આ કાર્યમાં વિદ્વાન સંત શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી દ્વારા ઘણી સેવા થઈ છે.તેમજ સ્વામીશ્રી દ્વારા સત્સંગની સાહિત્ય પ્રકાશન દ્વારા અવિરત સેવાઓ પ્રાપ્ત થતી રહે તેવી વડતાલ વિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજનાં ચરણોમાં પ્રાર્થના સહ અમારા ભાવથી જય સ્વામિનારાયણ.

આચાર્ય મહારાજ શ્રી

श्री निलकण्ठ ! हरिकृष्ण ! हरे ! दयालो, स्वामिन् ! परात्परवराक्षर धामवासिन् ॥
हारिप्रसाद ! पुरुषोत्तम ! धर्मपुत्र ! नारायणं सुखनिधिप्रणमाम्यह त्वाम् ॥

## લેખક તરફથી...



હે વહાલા સંતો–ભક્તો ! વચનામૃત ગ્રંથનું સંપાદન કરનાર સદ્‌ગુરૂ સંતો એટલે મહામુક્ત મુક્તાનંદ સ્વામી, મૂળ અક્ષરમૂર્તિ ગોપાળાનંદ સ્વામી, પંડિતવર્ય નિત્યાનંદ સ્વામી અને પ્રગટ પ્રભુના P.A. શુકાનંદ સ્વામી. આ ચાર મહાપુરુષો વ્યવહારિક માર્ગમાં પણ મોટેરા હતા અને અધ્યાત્મ માર્ગમાં પણ અગ્રેસર હતા. તેઓએ શ્રીજી મહારાજની પરાવાણીનો સંગ્રહ કરીને સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વે અનુયાયીઓ ઉપર અતિ મોટો ઉપકાર કરેલ છે.

હે વહાલા વાચકો ! આ ચારેય સદ્‌ગુરૂઓ ઉપર મહાપ્રભુ સ્વામિનારાયણ ભગવાનનો અપાર રાજીપો હતો. ચારેય સદ્‌ગુરૂ સંતો પોતાના વિશેષ વ્યક્તિત્વને કારણે જાણીતા હતા અને સૌ સંતોના આદર્શ પણ હતા. તેમનાં જીવન પ્રસંગો વાંચીને કે સાંભળીને આપણાં જીવનમાં પરિવર્તન થવાની પૂરી સંભાવના છે.

હે ભક્તો ! આ ચાર સદ્‌ગુરૂઓએ વચનામૃતનો ગ્રંથ તૈયાર કરીને શ્રીહરિજીને બતાવ્યો, ત્યારે પ્રગટ પ્રભુએ બહુ જ પ્રસન્નતા વ્યક્ત કરી હતી; કારણ કે અધ્યાત્મ માર્ગમાં આગળ વધવા માટે તેમજ અક્ષરધામમાં જવા માટેની બસ્સો બાસઠ પગથિયાંની સુરક્ષિત નિસરણી તૈયાર કરીને ચાર સદ્‌ગુરૂઓ લાવ્યા હતા. તત્ત્વજ્ઞાનથી સભર આ ગ્રંથ સમજણ દૃઢ કરાવે છે અને સાથોસાથ જીવન જીવતા પણ શીખવાડે છે.

હે વહાલા સંતો–ભક્તો ! આ પુસ્તક 'વચનામૃત દ્વિશતાબ્દી પ્રાગટ્ય' નિમિત્તે લખવામાં આવેલ છે. વચનામૃત સંપાદક સદ્‌ગુરૂઓનો આભાર વ્યક્ત કરવા માટે જ આનું લેખન કરવામાં આવ્યું છે. તેની સાથોસાથ ચાર સદ્‌ગુરૂ સંતોનો વિશેષ મહિમા પણ વાંચનારાઓમાં વધે તે પણ હેતુ છે. મહાપુરુષોનાં જીવન દર્શન વાંચવાથી અને શ્રવણ કરવાથી મોક્ષમાર્ગમાં જલદી આગળ વધી શકાય છે, તે માટે પણ આ ''વચનામૃત સંપાદક ચાર સદ્‌ગુરૂઓનાં જીવન દર્શન'' નામનું પુસ્તક લખવામાં આવ્યું છે.

હે સંતો–ભક્તો ! આ પુસ્તક લખવાની પ્રેરણા વડતાલ મંદિરના આ. કોઠારી મારા ગુરુબંધુ ડૉ. શા. સંતવલ્લભ સ્વામી (PH.D., D.Litt.) એ કરી હતી. જો કે આ પુસ્તક 'વચનામૃત દ્વિશતાબ્દી મહામહોત્સવ વડતાલધામ' પ્રસંગે પ્રકાશિત કરવાનું હતું, પરંતુ તે સમયે તૈયાર ન થવાથી 'નરનારાયણ જયંતી'ના પવિત્ર દિવસે અર્થાત્ 'ધુળેટી'ના શુભ દિવસે પ્રકાશિત કરવામાં આવ્યું છે એનો પણ મને આનંદ છે.

હે સંતો–ભક્તો ! વડતાલ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજે પણ રાજીપા સ્વરૂપે 'આશીર્વાદ પત્ર' લખી આપ્યો છે, તેથી તેઓનો હું આભાર માનું છું. તેમજ વડતાલ સંસ્થા તરફથી આ પુસ્તક પ્રકાશિત કરવા બદલ વડતાલ સંસ્થાના મુખ્ય કોઠારી મારા ગુરુશ્રી સદ્‌ગુરૂ શાસ્ત્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી તથા વડતાલ સંસ્થાના ચેરમેન સદ્‌ગુરૂ શ્રી દેવપ્રકાશ સ્વામીનો પણ આભાર માનું છું. તેમજ અમુક પ્રસંગોની જાણકારી આપવા બદલ કુંડળધામના પ.પૂ. જ્ઞાનજીવન સ્વામીના કૃપાપાત્ર શિષ્ય બ્રહ્મપ્રકાશ સ્વામીનો પણ આભાર માનું છું.

હે સંતો–ભક્તો ! આ પુસ્તક પ્રકાશિત કરવામાં આર્થિક સહયોગ આપનાર અમારા સ્નેહી પ.ભ. શ્રી નવીનભાઈ દવે (અમદાવાદ હાલ શિકાગો U.S.A.)નો પણ હું ખૂબ આભાર માનું છું. તેમના પરિવારમાં એમના બન્ને સુપુત્ર એવા મારા સ્નેહી પ.ભ. શ્રી પરાગ ભગત તથા ભાવિન ભગત વગેરે પરિવારને શ્રીહરિકૃષ્ણ મહારાજ અને શ્રીલક્ષ્મીનારાયણ આદિક દેવો સર્વે પ્રકારે સુખિયા રાખે તેમજ તે સર્વેની મનોકામના પૂર્ણ કરે એવી તેઓને પ્રાર્થના કરું છું.

**લિ.** સત્સંગ સેવક સ્વામી બ્રહ્મસ્વરૂપદાસના
ઘણા હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ.

તા. ૧–૧–૨૦૨૦
સં. : ૨૦૭૬ પોષ સુદ છઠ

શ્રી સ્વામિનારાયણ મંદિર
વડતાલધામ

## પ્રકાશકીયમ્

આપણા સંપ્રદાયમાં વચનામૃતનું સ્થાન સૌથી નોખું–અનોખું છે. આધ્યાત્મિક જગતના ગૌરવરૂપ ગ્રંથોમાં ગણના થાય; એવો આ ગ્રંથ પરબ્રહ્મ પરમાત્મા ભગવાનશ્રી સ્વામિનારાયણની પરાવાણી છે. સંવત્ ૧૮૭૬ થી ૮૬ના સમયમાં શ્રીહરિએ જે જે સ્થળે; જે જે વાત કરી, ત્યારે તે તે સમયે ઉપસ્થિત ભક્તોએ સ્વસુખાર્થ લખી રાખેલ. આ તમામ લખાણો એકત્રિત કરીને; ઈષ્ટદેવ શ્રીહરિને બતાવીને; વર્તમાન વચનામૃત રૂપમાં આપણને આપવાનું પુણ્યકાર્ય જે જે સદ્ગુરૂના માધ્યમે થયું છે એવા પુણ્યશ્લોક મહાપુરુષોના જીવનની પ્રેરક ઘટનાઓ અહીં ગ્રંથસ્થ થઈ છે. સરળ ભાષામાં અને સચોટ રીતે થઈ છે. વચનામૃત દ્વિશતાબ્દી વર્ષમાં થઈ છે અને ૨૦૦ વર્ષમાં પ્રથમવાર થઈ છે.

વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે વચનામૃતને આત્મસાક્ષાત્કાર સુધી લઈ જવામાં મદદગાર થાય; એવા સાહિત્યનું પ્રકાશન કરવાના પ્રયાસરૂપે ૧૬ જેટલાં પ્રકાશનો થયાં; લોયાનાં ત્રીજાં વચનામૃતમાં જે જે ભક્તોનો ઉલ્લેખ થયો છે તે તે ભક્તોનાં જીવન પ્રસંગોનું આલેખન પૂજ્ય બ્રહ્મસ્વરૂપ સ્વામીએ કર્યું, સત્સંગ સમાજમાં તે ખૂબ જ આવકાર પામ્યું. સરળ અને રસાળ શૈલી; રોચક રજુઆત અને પ્રેરકબળ પુરુ પાડતી સ્વામીની કલમે બીજું પણ સાહિત્ય રચાય; એવી ભક્તોની ઈચ્છાનુસાર આ વચનામૃત સંપાદક સંતોની સંક્ષિપ્ત જીવનગાથા તૈયાર કરવાનો પ્રયાસ કર્યો છે. નિત્ય કથાવાર્તા અને ભજનના નિયમોની વચ્ચે પૂ. સ્વામીએ સમય કાઢીને સાહિત્ય સેવા કરી છે; તેથી હું સ્વામીનો હૃદયથી આભાર માનું છું.

આપણા સૌનુંએ સૌથી મોટું સૌભાગ્ય છે કે; છોટાં કાશી ગણાતી વડોદરાની વિદ્વતસભા જીતનાર અને બ્રહ્મસૂત્ર પર ભાષ્ય લખનાર મહામુનિશ્રી મુક્તાનંદ સ્વામી; જેમનામાં અવતારો જેવું ઐશ્વર્ય હોવા છતાં દાસ થઈને જીવનાર અને એકાદશોપનિષદ તથા ભગવદ્‌ગીતા પર ભાષ્યના રચયિતા યોગીરાજ ગોપાળાનંદ સ્વામી; બૃહસ્પતિ જેવા વિચક્ષણ વિદ્વાન મહાપંડિતરાજ શ્રી નિત્યાનંદ સ્વામી એવં શ્રીહરિના હસ્તતુલ્ય સેવક સંતશ્રી શુકાનંદ સ્વામી; આ ચાર સંતોએ મળીને આ ગ્રંથનું સંપાદન કાર્ય કર્યું છે અને આ કાર્ય ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં પ્રમાણિત કર્યું છે એ ગ્રંથ એટલે આપણું વચનામૃત. આ વચનામૃતને આપણે બે બે શતાબ્દીઓથી વાંચતા વિચારતા રહ્યા છીએ ત્યારે તેના સંપાદકના જીવનને જાણવું પણ જરૂરી જણાઈ રહ્યું છે. આજ સંપ્રદાયના વિશાળ સાહિત્યમાં પથરાયેલ પ્રસંગોનું સંકલન આલેખન કરીને; તેનો અભ્યાસ કરવાથી આપણને વચનામૃતનો મહિમા સમજાય છે કે, આ કોઈ સામાન્ય વ્યક્તિએ વ્યક્તિગત હેતુ માટે કરેલ કાર્ય નથી. આ આપણા કલ્યાણ માટે ઈષ્ટદેવની આજ્ઞાનુસાર કરેલુ કાર્ય છે.

આ ગ્રંથમાં મુક્તાનંદ સ્વામીના જીવનના ૧૨૧ પ્રસંગો; ગોપાળાનંદ સ્વામીના જીવનના ૧૦૫ પ્રસંગો; નિત્યાનંદ સ્વામીના જીવનના ૪૬ પ્રસંગો અને શુકાનંદ સ્વામીનાં જીવનના ૪૭ પ્રસંગો ગૂંથવામાં આવ્યા છે. કુલ ૩૧૯ જેટલા કથાનકોના માધ્યમે સદ્‌ગુરૂઓના જીવનનું દર્શન કરાવવાનો સફળ પ્રયાસ કર્યો છે.

આ કાર્યથી પ્રસન્ન થઈને વડતાલવાસી શ્રીલક્ષ્મીનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજે આજ્ઞાપત્ર આપ્યો છે. વડતાલ મંદિરના મુખ્ય કોઠારી પ.પૂ. સદ્. શા. શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામીએ તથા ચેરમેનશ્રી દેવપ્રકાશદાસજી સ્વામી વગેરે વડીલ સંતોનું માર્ગદર્શન એવં પ્રેરણા મળી છે. શ્રીજી આર્ટ

દ્વારા સુંદર સજાવટ થઈ છે. શ્રી નવિનભાઈ દવે – શીકાગો દ્વારા આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે. પરિણામ સ્વરૂપે આ પ્રકાશન રુચિકર બની રહ્યું છે. અહીં જે કંઈ વિશેષ પ્રિયકર હોય; એના શ્રેયની હકદાર લેખક આદિ છે; અને જેનો અભાવ જણાયો હોય; તે અમારી ક્ષતિ ગણશો અને ધ્યાન પણ દોરશો; જેથી પુનઃ પ્રકાશન સમયે તેનું નિરાકરણ કરી શકાય.

અંતમાં આવા ભગવત્બળ પ્રેરક સાહિત્યના વાંચનની ભૂખ ધરાવતા મુમુક્ષુઓને મદદરૂપ સાહિત્ય પ્રકાશનથી સંસ્થા સાત્વિક સંતોષ અનુભવે છે. સાક્ષાત્ શ્રીહરિકૃષ્ણ મહારાજ અને મહાપ્રતાપી શ્રીલક્ષ્મીનારાયણદેવ સૌનું મંગળ વિસ્તારો; એ જ અભ્યર્થના.

ભવદીય

શાસ્ત્રી સંતવલ્લભદાસ – (M.A., Ph.D., D.Litt.)

## શુભાશિષ

હે વહાલા સંતો–ભક્તો ! સ્વામિનારાયણ ભગવાને વચનામૃત ગ્રંથમાં ઉચ્ચારેલા તેઓના અદ્વિતીય ઉપદેશની સાથે સાથે વરિષ્ઠ પરમહંસોનું વ્યક્તિત્વ પણ નીખરી ઊઠે છે. સદ્‌ગુરૂ મુક્તાનંદ સ્વામી, સદ્‌ગુરૂ ગોપાળાનંદ સ્વામી, સદ્‌ગુરૂ નિત્યાનંદ સ્વામી અને સદ્‌ગુરૂ શુકાનંદ સ્વામી, આ ચાર સદ્‌ગુરૂઓએ વચનામૃત સંપાદન કરી સંપ્રદાયમાં અતિ મોટું યોગદાન આપેલ છે.

હે ભક્તો ! આ ચારેય સંતોએ વચનામૃતમાં પૂછેલા પ્રશ્નો પર દૃષ્ટિ કરતાં તે પ્રશ્નો બુદ્ધિમાંથી નહિ, પરંતુ હૃદયમાંથી જન્મેલા લાગે છે, મુમુક્ષુતામાંથી જન્મેલા લાગે છે અને એમની સાધનાના પરિપાકરૂપે પૂછ્યા હોય એમ અનુભવાય છે.

આ ચાર સદ્‌ગુરૂઓના પ્રશ્નોનો અભ્યાસ કરતાં જણાઈ આવે છે કે જીવનલક્ષી પ્રશ્નોની સાથે તેઓએ તાત્ત્વિક પ્રશ્નો પણ પૂછ્યા છે. તે પ્રશ્નોમાં તેમની સાધુતા તેમજ વિદ્વત્તાનાં દર્શન થાય છે. સત્સંગમાં મોટેરા આ ચાર સદ્‌ગુરૂઓનાં જીવન દર્શન પર અમારા મંડળના સ્વામી બ્રહ્મસ્વરૂપદાસજીએ પુસ્તક લખીને સંતો–ભક્તોનો રાજીપો પ્રાપ્ત કર્યો છે, તેથી અમો પણ વડતાલવાસી શ્રીહરિકૃષ્ણ મહારાજને પ્રાર્થના કરીએ છીએ કે લેખક ઉપર રાજી થઈને પોતાની મૂર્તિનું વિશેષ સુખ આપે એજ અભ્યર્થના સાથે સૌ વાચકોને જય શ્રી સ્વામિનારાયણ.

લિ : શાસ્ત્રી ઘનશ્યામપ્રકાશદાસ
શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ
મુખ્ય કોઠારી વડતાલ સંસ્થાન

## ''આભારના અધિકારી''

આરાધ્ય ઈષ્ટદેવ વૃત્તાલય વિહારી શ્રીહરિકૃષ્ણ મહારાજ તથા શ્રીલક્ષ્મીનારાયણદેવ વગેરે દેવોની
પ્રસન્નતાર્થે તથા સદ્‌ગુરૂ શ્રી મુક્તાનંદ સ્વામીની પરંપરાના સંત
અ.નિ. સદ્‌ગરુ કો. શ્રી નંદકીશોરદાસજી સ્વામી (વડતાલધામ)ના સેવક અને
વડતાલ–મંદિરના મુખ્ય કોઠારી સદ્‌ગુરૂ શા. શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામીના સેવક
શ્રી બ્રહ્મસ્વરૂપદાસ સ્વામીની પ્રેરણાથી...
પ.ભ. શ્રી નવીનભાઈ દવેએ પોતાનાં પૂજ્ય માતા–પિતા અ.નિ. મહાદેવપ્રસાદ રેવાશંકર દવે તથા
અ.નિ. મધુકાંતાબેન મહાદેવપ્રસાદ દવેની પુણ્ય સ્મૃતિમાં આ પુસ્તકમાં આર્થિક સહયોગ આપેલ છે.

**''દવે પરિવાર : અમદાવાદ : હાલ : શિકાગો** U.S.A.''

પ.ભ. શ્રી નવીનભાઈ મહાદેવપ્રસાદ દવે
અ.સૌ. શ્રી સુષમાબેન નવીનભાઈ દવે
પ.ભ. શ્રી પરાગભાઈ નવીનભાઈ દવે
પ.ભ. શ્રી ભાવિનભાઈ નવીનભાઈ દવે
અ.સૌ. શ્રી બ્રિન્દાબેન પરાગભાઈ દવે
અ.સૌ. શ્રી હિરલબેન ભાવિનભાઈ દવે
પ.ભ. શ્રી રઘુવીર પરાગભાઈ દવે
પ.ભ. શ્રી નીલકંઠ ભાવિનભાઈ દવે
પ.ભ. શ્રી રામ ભાવિનભાઈ દવે

લિ : સા. પૂર્ણવલ્લભદાસના જય શ્રી સ્વામિનારાયણ

# અર્પણ – સમર્પણ

હે વહાલા સંતો–ભક્તો !

જેમણે સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રસાર–પ્રચાર માટે પોતાનાં સંપૂર્ણ જીવનનું યોગદાન આપેલ છે, એવા

**વચનામૃત – સંપાદક**

મહામુક્ત મુક્તાનંદ સ્વામી

મૂળ અક્ષરમૂર્તિ ગોપાળાનંદ સ્વામી

પંડિતવર્ય નિત્યાનંદ સ્વામી

પ્રભુના P.A. શુકાનંદ સ્વામી

આ ચાર સદ્‌ગુરૂઓને આ પુસ્તક સમર્પણ કરી રાજીપો ઈચ્છું છું.

**લિ : સત્સંગ – સેવક**

**બ્રહ્મસ્વરૂપદાસ**

# અનુક્રમણિકા


| ક્રમ | નામ | પેજ નં. |
|---|---|---|
| | **મુક્તાનંદ સ્વામી** | |
| ૧ | ''પૂર્વભૂમિકા–ઉપોદ્‌ઘાત'' | ૦૧ |
| ૨ | શ્રીજી મહારાજની આજ્ઞા | ૦૪ |
| ૩ | વચનામૃતનું પાન કરવાથી | ૦૫ |
| ૪ | યથાર્થ માહાત્મ્ય એટલે શું ? | ૦૬ |
| ૫ | વચનામૃત એટલે | ૦૭ |
| ૬ | સંપાદક ચાર સદ્‌ગુરૂઓ | ૦૮ |
| ૭ | વચનામૃતમાં મુક્તાનંદ સ્વામી | ૧૦ |
| ૮ | મુક્તાનંદ સ્વામીનાં દ્રષ્ટાંતે વાત કરી | ૧૨ |
| ૯ | સ્વામીની મુમુક્ષુતાની તીવ્રતા | ૧૩ |
| ૧૦ | શ્રીહરિની નાની–મોટી આજ્ઞાઓમાં વર્ત્યા | ૧૪ |
| ૧૧ | સ્વામીનો કથા શ્રવણનો ઈશક | ૧૫ |
| ૧૨ | સ્વામીની વિદ્વત્તા–શાસ્ત્રજ્ઞતા–તાર્કિકતા | ૧૭ |
| ૧૩ | સ્વામીનો વાણી–વિવેક | ૧૮ |
| ૧૪ | શ્રીહરિના મુખે ઉત્તર–શ્રવણની ઈચ્છા | ૧૯ |
| ૧૫ | મહામુક્ત મુક્તાનંદ સ્વામી એટલે ? | ૨૩ |
| ૧૬ | સ્વામીનું પ્રાગટ્ય અને બાળપણ | ૨૩ |
| ૧૭ | વિદ્યાભ્યાસ માટે ભુજ મોકલ્યા | ૨૫ |
| ૧૮ | ભૂતોને બદરિકાશ્રમ મોકલ્યાં | ૨૬ |
| ૧૯ | ભૂજમાં સત્સંગના શ્રીગણેશ | ૨૭ |
| ૨૦ | મુક્તાનંદ સ્વામી મંડળધારી | ૨૯ |
| ૨૧ | સાધુઓને સાચવવા એટલે | ૩૧ |
| ૨૨ | સ્વામીને મારી નાખવા તૈયાર | ૩૨ |
| ૨૩ | મુક્તમુનિ અને મુક્તપતિનું મિલન | ૩૪ |
| ૨૪ | સ્વામીનું સંપ્રદાયને સૌથી મોટું યોગદાન | ૩૫ |
| ૨૫ | સત્સંગના સ્તંભ મુક્તાનંદ સ્વામી | ૩૭ |
| ૨૬ | જીવન પર્યંત ગુરુભાવ રાખ્યો | ૩૮ |
| ૨૭ | સમાધિ પ્રકરણ | ૩૯ |
| ૨૮ | સ્વામી ભુજથી મેઘપુર આવ્યા | ૪૧ |
| ૨૯ | સ્વામી શ્રીહરિ ઉપર ખીઝાયા ! | ૪૨ |
| ૩૦ | રામાનંદ સ્વામીએ મહિમા કહ્યો | ૪૪ |
| ૩૧ | આરતીનો પ્રાગટ્ય દિન | ૪૬ |
| ૩૨ | શ્રીહરિજીનું સ્વામીને વરદાન | ૪૭ |
| ૩૩ | સ્વામીએ આણંદજીભાઈને નિશ્ચય કરાવ્યો | ૪૯ |
| ૩૪ | શ્રીહરિજી સ્વામીની સલાહ લેતા | ૫૦ |
| ૩૫ | મૂળુવાળાને નિશ્ચય કરાવ્યો | ૫૧ |
| ૩૬ | સ્વામીનો અવાજ શ્યામદાસ ઓળખી ગયા | ૫૨ |
| ૩૭ | શ્રીહરિએ સ્વામીનો મહિમા કહ્યો | ૫૩ |

| ક્રમ | નામ | પેજ નં. |
|---|---|---|
| ૩૮ | નૃત્ય કરી શ્રીહરિને રાજી કર્યા | ૫૫ |
| ૩૯ | સ્વામીએ માગેલા પંદર સદ્‌ગુણો | ૫૬ |
| ૪૦ | ગોંડલના રાજાને નિશ્ચય કરાવ્યો | ૫૭ |
| ૪૧ | આંબા શેઠને ફરી નિશ્ચય કરાવ્યો | ૫૮ |
| ૪૨ | આદ્ય કવિ મુક્તાનંદ સ્વામી | ૬૦ |
| ૪૩ | ગવૈયાઓનો ઇગો ઉતરી ગયો | ૬૧ |
| ૪૪ | મહારાજની નજરે મુક્તાનંદ સ્વામી | ૬૨ |
| ૪૫ | સ્વામીમાં ભક્તિદેવીએ પ્રવેશ કર્યો | ૬૩ |
| ૪૬ | ક્રોધ સ્વામીના શરણે આવ્યો ! | ૬૫ |
| ૪૭ | વચનામૃત પ્રાગટ્યની શરુઆત | ૬૬ |
| ૪૮ | શ્રીહરિ કહે, તમારો ગુણ કહો | ૬૯ |
| ૪૯ | શ્રીહરિએ સ્વામીને સ્વપ્નની વાત કરી | ૭૦ |
| ૫૦ | બગડના જસાખાચરને નિશ્ચય કરાવ્યો | ૭૨ |
| ૫૧ | સ્વામીએ કાળને પાછો કાઢ્યો | ૭૩ |
| ૫૨ | શ્રીહરિજીએ ભવિષ્ય ભાખ્યું | ૭૫ |
| ૫૩ | સંતોને ગાયકવાડી ગામડાંઓમાં જવાની બંધી | ૭૬ |
| ૫૪ | સયાજીરાવનો શ્રીજી મહારાજને પત્ર | ૭૮ |
| ૫૫ | સ્વામી શાસ્ત્રાર્થ માટે વડોદરામાં | ૭૯ |
| ૫૬ | વૈરાગીના પ્રશ્નોના જવાબ | ૮૦ |
| ૫૭ | સ્વામી ઉપર શ્રીહરિ અત્યંત રાજી થયા | ૮૪ |
| ૫૮ | કળિયુગમાં પણ અવતાર થાય છે | ૮૬ |
| ૫૯ | ત્રિયુગ – શબ્દાર્થ | ૮૮ |
| ૬૦ | અસંખ્ય અવતારોનાં પ્રમાણ | ૮૯ |
| ૬૧ | મુક્તાનંદ સ્વામીનો દિગ્વિજય | ૯૦ |
| ૬૨ | સ્વામીનાં દર્શને સયાજીરાવ સ્વયં આવ્યા | ૯૨ |
| ૬૩ | વડથલ ગામમાં સ્વામીનું વિશેષ પૂજન | ૯૩ |
| ૬૪ | વેમારડીમાં અઢાર દિવસ રોકાયા | ૯૫ |
| ૬૫ | સ્વામીને તવરાના મેળામાં મોકલ્યા | ૯૬ |
| ૬૬ | પ્રભુ દર્શનનાં પ્યાસી સ્વામી અને સંતો | ૯૮ |
| ૬૭ | સ્વામી ! અમો તમારા થકી ઊજળા છીએ | ૧૦૦ |
| ૬૮ | એમના ગુરુ મુક્તાનંદ સ્વામી છે | ૧૦૧ |
| ૬૯ | મુક્તાનંદ સ્વામીની સાધુતા | ૧૦૪ |
| ૭૦ | મુક્તાનંદ સ્વામી કેવા મોટા ? | ૧૦૫ |
| ૭૧ | સ્વામી જેવા તો એક સ્વામી જ છે | ૧૦૬ |
| ૭૨ | હાથી ખૂંત્યો હોય તો હાથી જ કાઢી શકે | ૧૦૮ |
| ૭૩ | મારવાડમાં વિચરણ | ૧૧૧ |
| ૭૪ | ગરીબ બ્રાહ્મણનો ભાવ | ૧૧૨ |
| ૭૫ | સ્વામીએ ઘી વાળી ખીચડી ખવડાવી | ૧૧૩ |
| ૭૬ | સત્સંગની મા તરીકેનું બિરુદ | ૧૧૪ |
| ૭૭ | સ્વામીએ માતૃત્વ બતાવ્યું | ૧૧૫ |
| ૭૮ | પીપલાણાના નરસિંહ મહેતા | ૧૧૭ |
| ૭૯ | મહેતાને કુસંગી થતા અટકાવ્યા | ૧૧૮ |

| ક્રમ | નામ | પેજ નં. |
|---|---|---|
| ૮૦ | બાવાઓને શાંત કરી દીધા | ૧૧૯ |
| ૮૧ | મારવા આવેલા પગે લાગ્યા ! | ૧૨૧ |
| ૮૨ | રામપ્રતાપભાઈને નિશ્ચય કરાવ્યો | ૧૨૩ |
| ૮૩ | સ્વામીએ ક્રોધીને સરળ બનાવી દીધા | ૧૨૪ |
| ૮૪ | સ્વામીએ મને ન સમજાવ્યો હોત તો હું | ૧૨૬ |
| ૮૫ | માનાં શ્રાદ્ધમાં મા મનાવે તો જમે | ૧૨૮ |
| ૮૬ | મહારાજનો મહિમા – સ્વામીનો મહિમા | ૧૩૧ |
| ૮૭ | મહેતાએ ભાગ આપવાની ના કહી | ૧૩૨ |
| ૮૮ | સ્વામીએ ફરીને નિશ્ચય કરાવ્યો | ૧૩૪ |
| ૮૯ | દરિયાખાનના ભૂતોનો ઉદ્ધાર | ૧૩૫ |
| ૯૦ | સાચા કેવળીક સંતો છે | ૧૩૬ |
| ૯૧ | અમદાવાદમાં તીવ્ર ગતિથી સત્સંગની વૃદ્ધિ | ૧૩૮ |
| ૯૨ | ટોપી ફેંકીને સ્વામી બોલ્યા કે | ૧૩૯ |
| ૯૩ | નાક–કાન કાપવાં તૈયાર થયેલ બાવો | ૧૪૦ |
| ૯૪ | સ્વામીને વિરહાગ્નિનો વિયોગ | ૧૪૨ |
| ૯૫ | શ્રીહરિ હસતા હસતા દોડ્યા | ૧૪૩ |
| ૯૬ | મુક્તાનંદ સ્વામીની ૫૦ માળા | ૧૪૫ |
| ૯૭ | મુક્તાનંદ સ્વામીની મોટાઈ | ૧૪૬ |
| ૯૮ | આડબંધ રાખવાનું કારણ | ૧૪૭ |
| ૯૯ | સ્વામીનો જમણો હાથ ભાંગ્યો ! | ૧૪૯ |
| ૧૦૦ | નિશ્ચયમાં ભેદ એનાં કલ્યાણમાં ભેદ | ૧૫૦ |
| ૧૦૧ | જામનગરમાં સ્વામીની જીત | ૧૫૧ |
| ૧૦૨ | સુરતના ભાલચંદ્ર શેઠને સત્સંગ થયો | ૧૫૩ |
| ૧૦૩ | ભૂતો ભગાડવા સ્વામી સુરતમાં આવ્યા | ૧૫૪ |
| ૧૦૪ | ભૂતોને બદરિકાશ્રમમાં મોકલ્યા | ૧૫૫ |
| ૧૦૫ | જૈન શેઠ સ્વામીને યોગે સત્સંગી થયા | ૧૫૬ |
| ૧૦૬ | બ્ર. ગોવિંદાનંદનું સ્વામીએ શુકાનંદ નામ પાડ્યું | ૧૫૮ |
| ૧૦૭ | વૈરાગ્યની વિરુપતા દેખાવાનું કારણ | ૧૫૯ |
| ૧૦૮ | મારી હયાતીમાં જ મારા સંતો | ૧૬૦ |
| ૧૦૯ | જમવામાં અળશીયાં દેખાવાં લાગ્યાં | ૧૬૨ |
| ૧૧૦ | સ્વામીને કથા કરવાની ના કહી ! | ૧૬૩ |
| ૧૧૧ | શ્રીજી મહારાજ અને મુક્તાનંદ સ્વામી | ૧૬૪ |
| ૧૧૨ | સ્વામીની સેવામાં અનુપમાનંદ સ્વામી | ૧૬૫ |
| ૧૧૩ | સંતોએ સ્વામીની ફરિયાદ કરી | ૧૬૬ |
| ૧૧૪ | મોદકાનંદ થકી અમારું રક્ષણ કરજો | ૧૬૮ |
| ૧૧૫ | કેવળ કથા સાંભળવાથી કલ્યાણ થાય ? | ૧૬૯ |
| ૧૧૬ | સાધુને ઘેર જવું હતું, પરંતુ | ૧૭૦ |
| ૧૧૭ | કીર્તનનાં રૂપમાં સદ્‌બોધ | ૧૭૧ |
| ૧૧૮ | મહિમાનું પદ કલમ દ્વારા કાગળમાં કંડારાયું | ૧૭૩ |
| ૧૧૯ | શ્રીહરિ સ્વામીને શા માટે વઢતા ? | ૧૭૪ |
| ૧૨૦ | સ્વામી દ્વારા સંપ્રદાયને સાહિત્ય દાન | ૧૭૬ |
| ૧૨૧ | મુક્તાનંદ સ્વામી અભણ હતા કે વિદ્વાન ? | ૧૭૭ |

| ક્રમ | નામ | પેજ નં. |
|---|---|---|
| ૧૨૨ | સદ્‌ગુણોના સાગર સ્વામી | ૧૮૦ |
| ૧૨૩ | મુક્તાનંદ સ્વામીનું ધામગમન | ૧૮૧ |
| | **મૂળ અક્ષર યોગીરાજ ગોપાળાનંદ સ્વામી** | |
| ૧૨૪ | મૂળ અક્ષર યોગીરાજ ગોપાળાનંદ સ્વામી | ૧૮૭ |
| ૧૨૫ | ગોપાળાનંદ સ્વામીની મોટાઈ | ૧૮૮ |
| ૧૨૬ | ગોપાળાનંદ સ્વામી એટલે કોણ ? | ૧૯૧ |
| ૧૨૭ | વચનામૃતમાં ગોપાળાનંદ સ્વામી | ૧૯૨ |
| ૧૨૮ | સ્વામીના મુમુક્ષુતા જન્ય પ્રશ્નો | ૧૯૪ |
| ૧૨૯ | જાણતા હોવા છતાં શ્રીજી મુખથી | ૧૯૫ |
| ૧૩૦ | સ્વામીએ પરહિતાર્થે પૂછેલા પ્રશ્ન | ૧૯૬ |
| ૧૩૧ | તાર્કિક, વિદ્વાન અને શાસ્ત્રજ્ઞ સ્વામી | ૧૯૭ |
| ૧૩૨ | અનાદિ મુક્તનું અવતરણ | ૧૯૮ |
| ૧૩૩ | મુક્ત અને મહારાજ કોને ત્યાં પ્રગટે ? | ૧૯૯ |
| ૧૩૪ | હાથ લાંબો કરી ગોળ ખવડાવ્યો ! | ૨૦૦ |
| ૧૩૫ | ગાયત્રીમાતાની ભવિષ્ય-વાણી | ૨૦૨ |
| ૧૩૬ | શેષનાગ ખુશાલને રમાડવા આવ્યા ! | ૨૦૩ |
| ૧૩૭ | શામળાજી મંદિરનો ઇતિહાસ | ૨૦૪ |
| ૧૩૮ | ખુશાલ સાથે રમવા આવતા શામળાજી | ૨૦૬ |
| ૧૩૯ | પ્રમાણ તરીકે ઘરેણાં મળ્યાં ! | ૨૦૭ |
| ૧૪૦ | મૂર્તિમાન થઈ ગણપતિ દાદા લાડુ જમ્યા | ૨૦૮ |

| ક્રમ | નામ | પેજ નં. |
|---|---|---|
| ૧૪૧ | ઉપવીત-અભ્યાસ અને પદવીદાન | ૨૧૦ |
| ૧૪૨ | બાળકોને સમાધિ કરાવી | ૨૧૨ |
| ૧૪૩ | બાળકોને મહાદેવનું વરદાન | ૨૧૩ |
| ૧૪૪ | બાળકને જીવનદાન-નાગને આશીર્વાદ | ૨૧૪ |
| ૧૪૫ | પાપ થકી અને યમદૂતો થકી રક્ષા | ૨૧૫ |
| ૧૪૬ | જમના હાથમાંથી છોડાવી જગદીશને સોંપ્યા | ૨૧૭ |
| ૧૪૭ | પૂર્વકર્મ મટે કેમ ભાવી ? | ૨૧૯ |
| ૧૪૮ | મૂંગો વેદ પાઠી બન્યો | ૨૨૧ |
| ૧૪૯ | ભક્તિની શક્તિ અને ભટ્ટજીની શક્તિ | ૨૨૨ |
| ૧૫૦ | ઝાડા પેશાબ બંધ કરી દીધા ! | ૨૨૪ |
| ૧૫૧ | હાથ લંબાવી સળગતા ઘરમાંથી છોકરાની રક્ષા | ૨૨૫ |
| ૧૫૨ | એક રાતમાં તુલસી વન તૈયાર | ૨૨૬ |
| ૧૫૩ | મુલ્લાઓને મેથીપાક ! | ૨૨૭ |
| ૧૫૪ | ધ્યાનના કારણે શું થયું ? | ૨૨૮ |
| ૧૫૫ | ૫૦ વહોરા બ્રાહ્મણો બન્યા ! | ૨૨૯ |
| ૧૫૬ | વાઘને શાકાહારી બનાવ્યો | ૨૩૧ |
| ૧૫૭ | કાળા ઉનાળા જેવામાં મેહ | ૨૩૨ |
| ૧૫૮ | અનેક પરચાઓ આપ્યા | ૨૩૪ |
| ૧૫૯ | બ્રાહ્મણરૂપે ભટ્ટજીને તેડવા આવ્યા | ૨૩૫ |
| ૧૬૦ | ક્યાં સુધી ઘરમાં રહેવું છે ? | ૨૩૭ |
| ૧૬૧ | પ્રેતાત્માઓનો ઉદ્ધાર કર્યો | ૨૩૭ |

| ક્રમ | નામ | પેજ નં. |
|---|---|---|
| ૧૬૨ | આ જડને પણ ચેતન કરે એવા છે | ૨૩૯ |
| ૧૬૩ | ભટ્ટજી સાથે ભગવાન જમવા પધારે | ૨૪૦ |
| ૧૬૪ | મહાભારત પુસ્તક ભટ્ટજી લાવ્યા | ૨૪૨ |
| ૧૬૫ | રાજપરિવારનાં બાળકોને સમાધિ | ૨૪૪ |
| ૧૬૬ | ભટ્ટજીને કારણે બે વણિકને ધામ | ૨૪૬ |
| ૧૬૭ | ગોપાળ વર્ણી ગોપાળાનંદ સ્વામી બન્યા | ૨૪૭ |
| ૧૬૮ | ગાયકવાડ કચેરીમાં સ્વામી વિષે ચર્ચા | ૨૪૯ |
| ૧૬૯ | એના જ ડંગોરે એનું જ માથું ફોડ્યું ! | ૨૫૦ |
| ૧૭૦ | દીકરીએ બાપને સત્સંગી થવા કહ્યું | ૨૫૧ |
| ૧૭૧ | મથુરાબાઈની સામર્થી | ૨૫૩ |
| ૧૭૨ | વડોદરા રાજ્યમાં સંતોને માટે બંધી | ૨૫૪ |
| ૧૭૩ | ગાયકવાડી રાજાઓની થોડી માહિતી | ૨૫૬ |
| ૧૭૪ | કેદીઓને છોડાવવા નાથભક્ત જેલમાં | ૨૫૭ |
| ૧૭૫ | હું પૂજા કર્યા વિના નહિ જમું | ૨૫૯ |
| ૧૭૬ | દેવ બનેલ ભાણેજને અક્ષરધામ | ૨૬૨ |
| ૧૭૭ | ઠાકોરજીની સેવાનો મહિમા | ૨૬૩ |
| ૧૭૮ | ગોપાળાનંદ સ્વામીએ સંગ વિષે પૂછ્યું | ૨૬૬ |
| ૧૭૯ | સ્વામીએ હરજી ઠક્કરને બચાવ્યા | ૨૬૭ |
| ૧૮૦ | આ સાધુને ત્રણ જન્મ લેવા પડશે ! | ૨૬૯ |
| ૧૮૧ | દવાથી ન મટ્યું તે દુવાથી મટ્યું | ૨૭૦ |
| ૧૮૨ | લક્ષ્મીજીએ સયાજીરાવને હાર પહેરાવ્યો | ૨૭૧ |
| ૧૮૩ | રતીરામ શાસ્ત્રીનું દારિદ્ર ટાળ્યું | ૨૭૨ |
| ૧૮૪ | મોટા આગળ માન રાખવાનું પરિણામ | ૨૭૩ |
| ૧૮૫ | ગોપાળાનંદ સ્વામીને ચમત્કારો | ૨૭૪ |
| ૧૮૬ | સ્વામીની કૃપાના કારણે | ૨૭૫ |
| ૧૮૭ | સંતોને પ્રારબ્ધનો અનુભવ કરાવ્યો | ૨૭૬ |
| ૧૮૮ | સ્વામીના આશીર્વાદથી બે પુત્રો થયા | ૨૭૮ |
| ૧૮૯ | સ્વામીને હઠાગ્રહ કરી મુળી લઈ ગયા | ૨૭૯ |
| ૧૯૦ | સ્વામીએ મુળીધામમાં લાડુ ખૂટવા ન દીધા | ૨૮૦ |
| ૧૯૧ | પૂજાવિધિમાં પ્રત્યક્ષ દેવો આવે છે | ૨૮૨ |
| ૧૯૨ | સ્વામીએ ઘેલા નદીનો મહિમા કહ્યો | ૨૮૩ |
| ૧૯૩ | સ્વામીની કૃપાથી હરજી ઠક્કરને લઘુશંકા થઈ | ૨૮૫ |
| ૧૯૪ | સ્વામીનાં વચને ત્રણ પુત્રો થયા | ૨૮૫ |
| ૧૯૫ | તારું કલ્યાણ ગોપાળાનંદ સ્વામી કરશે | ૨૮૬ |
| ૧૯૬ | વાસનાને કારણે સંત પુત્રરૂપે જન્મ્યા ! | ૨૮૮ |
| ૧૯૭ | તને આઠ જમ લેવા આવશે ! | ૨૮૯ |
| ૧૯૮ | પાપી ધુંધળી મલ્લ બાળક રૂપે જન્મ્યો | ૨૯૧ |
| ૧૯૯ | સ્વામીએ અંતર્યામીપણે ઓળખીને બોલાવ્યા | ૨૯૨ |
| ૨૦૦ | વડતાલના મહંતનો મોહ ટાળ્યો | ૨૯૩ |
| ૨૦૧ | અમદાવાદની મહંતાઈ છોડી વડતાલમાં | ૨૯૫ |
| ૨૦૨ | આ છોકરો એનું ઋણ લેવા આવ્યો છે | ૨૯૬ |
| ૨૦૩ | મુળીમાં દાડમનો બગીચો સૂકાઈ ગયો ! | ૨૯૮ |

| ક્રમ | નામ | પેજ નં. |
|---|---|---|
| ૨૦૪ | સ્વામીની કૃપાથી ઠોઠમાંથી મોટા વિદ્વાન | ૨૯૯ |
| ૨૦૫ | સ્વામીએ બ્રહ્મરાક્ષસને કાઢ્યો | ૩૦૦ |
| ૨૦૬ | પરમ ચૈતન્યાનંદ સ્વામીની કસર ટળી | ૩૦૨ |
| ૨૦૭ | ચમત્કાર બતાવી સત્સંગી કર્યો | ૩૦૩ |
| ૨૦૮ | પાંચ વખત કથા–વાર્તાનું બંધારણ કર્યું | ૩૦૫ |
| ૨૦૯ | દરરોજ ચેષ્ટા બોલવાની આજ્ઞા કરી | ૩૦૬ |
| ૨૧૦ | નરસિંહ દવે ઉપર કૃપા | ૩૦૮ |
| ૨૧૧ | લક્ષ્મીજીએ ફરીને સયાજીરાવને હાર પહેરાવ્યો | ૩૦૯ |
| ૨૧૨ | તમારો બાપ, દીકરો બનીને આવ્યો છે ! | ૩૧૦ |
| ૨૧૩ | ધોળકામાં પંડિત બ્રહ્મરાક્ષસ થયો | ૩૧૧ |
| ૨૧૪ | બ્રહ્મરાક્ષસે બ્રાહ્મણને ભણાવ્યો | ૩૧૨ |
| ૨૧૫ | બ્રાહ્મણ કુમારનું મોત | ૩૧૪ |
| ૨૧૬ | સ્વામી અને બ્રહ્મરાક્ષસનો સંવાદ | ૩૧૫ |
| ૨૧૭ | ગઢપુર મંદિરના પાયા પુરાવ્યાથી | ૩૧૭ |
| ૨૧૮ | સ્વામીએ કમિયાળામાં હનુમાનજી પધરાવ્યા | ૩૧૮ |
| ૨૧૯ | સ્વામીએ ભોયકામાં હનુમાનજી પધરાવ્યા | ૩૨૧ |
| ૨૨૦ | સ્વામીએ સુરતમાં હનુમાનજી પધરાવ્યા | ૩૨૩ |
| ૨૨૧ | સ્વામીએ નવાગામમાં હનુમાનજી પધરાવ્યા | ૩૨૪ |
| ૨૨૨ | સ્વામીએ અમદાવાદમાં હનુમાનજી પધરાવ્યા | ૩૨૬ |
| ૨૨૩ | કલાલીના લાલજી મહારાજ | ૩૨૭ |
| ૨૨૪ | શ્રીહરિ અને સ્વામીના આશીર્વાદ | ૩૨૮ |
| ૨૨૫ | સ્વામી પાણી ઉપર ચાલ્યા ! | ૩૨૯ |
| ૨૨૬ | વરસાદ વરસાવ્યો અને બંધ કરાવ્યો | ૩૩૦ |
| ૨૨૭ | સ્વામી સુરત પધાર્યા અને શ્રીહરિ... | ૩૩૧ |
| ૨૨૮ | સ્વામી ધામમાં જવા માટે તૈયાર થયા, પરંતુ | ૩૩૨ |
| ૨૨૯ | ગોપાળાનંદ સ્વામીનું ધામગમન | ૩૩૩ |


## સદ્‌ગુરૂવર્ય નિત્યાનંદ સ્વામી


| ક્રમ | નામ | પેજ નં. |
|---|---|---|
| ૨૩૦ | સદ્‌ગુરૂવર્ય નિત્યાનંદ સ્વામી એટલે | ૩૩૭ |
| ૨૩૧ | વચનામૃતમાં નિત્યાનંદ સ્વામી | ૩૩૮ |
| ૨૩૨ | ''સ્વામીની અજોડ વિદ્વતા'' | ૩૩૮ |
| ૨૩૩ | વિદ્વાનોને વિચારતા કરી મૂકે એવા પ્રશ્નો | ૩૩૯ |
| ૨૩૪ | પંડિતવર્ય નિત્યાનંદ સ્વામી | ૩૪૧ |
| ૨૩૫ | જન્મ અને અભ્યાસ | ૩૪૩ |
| ૨૩૬ | પ્રગટ પ્રભુ દેખાડે એવા સંતોની શોધમાં | ૩૪૪ |
| ૨૩૭ | પ્રગટ પ્રભુ સાથે પ્રથમ મિલન | ૩૪૫ |
| ૨૩૮ | દિનમણિ શર્મા – નિત્યાનંદ સ્વામી બન્યા | ૩૪૭ |
| ૨૩૯ | લોયાધામમાં નિત્યાનંદ સ્વામીને આશીર્વાદ | ૩૪૮ |
| ૨૪૦ | લોયામાં સ્વામીએ ભાગવતની કથા કરી | ૩૪૯ |
| ૨૪૧ | શ્રીહરિજીનું સ્વામીને ફરીને વરદાન | ૩૫૧ |
| ૨૪૨ | સ્વામીને સર્વોપરી નિશ્ચય થયો | ૩૫૨ |
| ૨૪૩ | શ્રીહરિ દ્વારા સ્વામીના ગુણોની પ્રશંસા | ૩૫૩ |

| ક્રમ | નામ | પેજ નં. |
|---|---|---|
| ૨૪૪ | સ્વામીને વસ્ત્રો-ઘરેણાં પહેરવાં કહ્યું | ૩૫૫ |
| ૨૪૫ | સદ્‌બોધ અને સંત મહિમા | ૩૫૬ |
| ૨૪૬ | લોયાધામમાં ચંદ્રકાંત મણિનું દ્રષ્ટાંત | ૩૫૮ |
| ૨૪૭ | શ્રીહરિજીએ પોતાના સ્વરૂપનો મહિમા કહ્યો | ૩૫૯ |
| ૨૪૮ | જામનગરમાં સ્વામી શાસ્ત્રાર્થ જીત્યા | ૩૬૧ |
| ૨૪૯ | સ્વામી જૂનાગઢમાં સભા જીત્યા | ૩૬૩ |
| ૨૫૦ | અમદાવાદમાં શાસ્ત્રાર્થનું કાવતરું | ૩૬૩ |
| ૨૫૧ | સ્વામીને જોઈને ગોસાઈજી ગભરાયા | ૩૬૫ |
| ૨૫૨ | નિત્યાનંદ સ્વામીનો શાસ્ત્રાર્થમાં વિજય | ૩૬૬ |
| ૨૫૩ | સ્વામીએ ચારવેદનાં મહાવાક્યના અર્થો કર્યા | ૩૬૮ |
| ૨૫૪ | નિત્યાનંદ સ્વામીની સર્વોપરી ઉપાસના | ૩૭૦ |
| ૨૫૫ | નિત્યાનંદ સ્વામીએ શોભારામ શાસ્ત્રીને કહ્યું: | ૩૭૨ |
| ૨૫૬ | સ્વામીના વિદ્યાગુરુ બ્રહ્મરાક્ષસ થયા ! | ૩૭૩ |
| ૨૫૭ | સંતોની કૃપાદ્રષ્ટિથી મેથાણ સત્સંગી થયું | ૩૭૫ |
| ૨૫૮ | સ્વામીએ અનેક સંતોને વિદ્યાભ્યાસ કરાવ્યો | ૩૭૬ |
| ૨૫૯ | આદરજમાં ચાર સદ્‌ગુરૂઓ કર્યા | ૩૭૭ |
| ૨૬૦ | નિત્યાનંદ સ્વામીની સમય-સંજોગ અનુરુપ વાત | ૩૭૯ |
| ૨૬૧ | નિત્યાનંદ સ્વામીનો સચોટ ઉત્તર | ૩૮૦ |
| ૨૬૨ | વડતાલ દેશમાં મોટેરા | ૩૮૨ |
| ૨૬૩ | સ્વામીએ શ્રીહરિજીનો મહિમા કહ્યો | ૩૮૩ |
| ૨૬૪ | સ્વામીની ધર્મ-મર્યાદામાં દ્રઢતા | ૩૮૪ |
| ૨૬૫ | બન્ને સદ્‌ગુરૂની અજોડ આત્મીયતા | ૩૮૫ |
| ૨૬૬ | સ્વામી સંતોનો મહિમા બહુ સમજતા | ૩૮૭ |
| ૨૬૭ | શ્રીહરિદિગ્વિજય જોઈ શ્રીહરિએ રાજીપો આપ્યો | ૩૮૮ |
| ૨૬૮ | નિત્યાનંદ સ્વામીની સાહિત્ય સેવા | ૩૮૯ |
| ૨૬૯ | સ્વામીએ લક્ષ્મીવાડીમાં નિશાની મૂકાવી | ૩૯૧ |
| ૨૭૦ | સ્વામીએ લક્ષ્મીવાડીમાં મંદિર કરાવ્યું | ૩૯૨ |
| ૨૭૧ | સ્વામીના આશીર્વાદથી સંતાનની પ્રાપ્તિ | ૩૯૪ |
| ૨૭૨ | પ્રસાદીની વસ્તુઓનો સંગ્રહ | ૩૯૬ |
| ૨૭૩ | વડતાલમાં વિદ્વાને પૂછેલ પ્રશ્ન | ૩૯૭ |
| ૨૭૪ | ગોપાળાનંદ સ્વામીને સંદેશ | ૩૯૮ |
| ૨૭૫ | સ્વામીનો અંતિમ ઉપદેશ અને ધામગમન | ૪૦૦ |
| ૨૭૬ | દિવ્યરૂપે છપૈયા જન્મ સ્થાન બતાવ્યું | ૪૦૩ |
| | **સદ્‌ગુરૂ શુકાનંદ સ્વામી** | |
| ૨૭૭ | સદ્‌ગુરૂ શુકાનંદ સ્વામી એટલે... ? | ૪૦૭ |
| ૨૭૮ | ઉંમર કરતાં સદ્‌ગુણોને પ્રાધાન્ય | ૪૦૮ |
| ૨૭૯ | વચનામૃતમાં શુકાનંદ સ્વામી | ૪૦૯ |
| ૨૮૦ | સ્વામીની નિખાલસતા - વિશ્વાસતા અને વિદ્વત્તા | ૪૧૦ |
| ૨૮૧ | સ્વામીની વિદ્વત્તા સાથે મુમુક્ષુતા | ૪૧૨ |
| ૨૮૨ | સદાબાની કૂખે શુકદેવજી પધાર્યા | ૪૧૪ |
| ૨૮૩ | સદાબાને વર્ણીપ્રભુનાં દર્શન અને ડભાણમાં યજ્ઞ | ૪૧૬ |

| ક્રમ | નામ | પેજ નં. |
|---|---|---|
| ૨૮૪ | પ્રગટ પ્રભુને રાજી કરવા ઘરનો ત્યાગ .......... | ૪૧૮ |
| ૨૮૫ | શ્રીહરિ સામૈયું લઈને સામા આવ્યા ................ | ૪૨૦ |
| ૨૮૬ | જગન્નાથ ગોવિંદાનંદ બ્રહ્મચારી બન્યા ............ | ૪૨૨ |
| ૨૮૭ | બ્રહ્મચારીમાંથી સાધુ બનવાની ઈચ્છા .............. | ૪૨૩ |
| ૨૮૮ | મુક્તાનંદ સ્વામીએ સાધુ કર્યા ...................... | ૪૨૪ |
| ૨૮૯ | શુકાનંદ સ્વામીના સદ્‌ગુણો ........................ | ૪૨૬ |
| ૨૯૦ | શ્વેત પ્રકાશનાં દર્શન કરાવ્યાં ..................... | ૪૨૭ |
| ૨૯૧ | સવાર સુધી તેજ નીકળ્યું ! ...................... | ૪૨૯ |
| ૨૯૨ | પ્રગટ પ્રભુએ પોતાની શિખા કાપી લેવા કહ્યું !... | ૪૩૦ |
| ૨૯૩ | લખેલાં પાનાં ફાડી નાખ્યાં તો પણ રાજી ! ...... | ૪૩૨ |
| ૨૯૪ | શ્રીહરિએ કાયમ માટે સ્વામીનો તાવ કાઢ્યો ..... | ૪૩૩ |
| ૨૯૫ | બુરાનપુરના ભક્તોનો શિર સાટે સત્સંગ ......... | ૪૩૫ |
| ૨૯૬ | ગોવિંદરામ યોગકળાથી બુરાનપુરમાં ............... | ૪૩૭ |
| ૨૯૭ | શ્રીહરિએ બુરાનપુરના ભક્તોની રક્ષા કરી ....... | ૪૩૮ |
| ૨૯૮ | ડભાણિયો આંબો, બળદ અને સ્વામી ............ | ૪૪૦ |
| ૨૯૯ | શ્રીહરિએ અંતઃશત્રુઓ સાથે યુદ્ધ કરાવ્યું ........ | ૪૪૩ |
| ૩૦૦ | લડ્યા વિના ઈર્ષ્યાએ હાર કબૂલ કરી લીધી ! .. | ૪૪૪ |
| ૩૦૧ | સ્વામીની પ્રશંસા તથા ધ્યાનનો મહિમા ............ | ૪૪૬ |
| ૩૦૨ | શ્રીજી મહારાજે શુકમુનિને તપાડ્યા ............... | ૪૪૭ |
| ૩૦૩ | દંડવત બાકી રહ્યા તેથી ફરીને પૂજા કરી ! ..... | ૪૪૮ |
| ૩૦૪ | સ્વામીમાં અંતર્યામી શક્તિ હતી, તેથી ............. | ૪૫૦ |
| ૩૦૫ | મોક્ષ સુધારે તે મર્દ બીજા મૂર્ખ .................. | ૪૫૧ |
| ૩૦૬ | થાળ, શિક્ષાપત્રી તથા ચરણારવિંદ આપ્યાં ........ | ૪૫૩ |
| ૩૦૭ | એક દંડવત વધારે કરવાનું કારણ ............... | ૪૫૪ |
| ૩૦૮ | કૃપાને કારણે ૧૮૦૦૦ શ્લોક કંઠસ્થ ............. | ૪૫૫ |
| ૩૦૯ | શુકમુનિને વચનામૃત ભણાવ્યું ..................... | ૪૫૬ |
| ૩૧૦ | સ્વામીને અનેકવાર દિવ્ય દર્શન .................. | ૪૫૭ |
| ૩૧૧ | સ્વામી મહારાજને લઈ તેડવા આવ્યા ............. | ૪૫૯ |
| ૩૧૨ | ભાવતી ચાર વસ્તુ જીવન પર્યંત ન ખાધી ! ..... | ૪૬૧ |
| ૩૧૩ | સ્વામીએ ગોમતીજી કિનારે કથા સંભળાવી ........ | ૪૬૩ |
| ૩૧૪ | સ્વામીની કૃપાથી માનભા ધામમાં ગયા ............ | ૪૬૫ |
| ૩૧૫ | શુકાનંદ સ્વામીએ ધ્યાન કરતા શીખવ્યું .......... | ૪૬૭ |
| ૩૧૬ | આણંદના કૃષ્ણ શુક્લને જીવતા કર્યા ! ........... | ૪૬૮ |
| ૩૧૭ | સ્વામીએ કરેલ પ્રેરણાદાયી વાતો .................. | ૪૬૮ |
| ૩૧૮ | ઠાસરાના રામભટ્ટને અંતકાળે તેડી ગયા ......... | ૪૭૦ |
| ૩૧૯ | હરિભક્તોને રાજી કર્યા હોત તો વિઘ્ન ન આવત | ૪૭૧ |
| ૩૨૦ | મોટા સંતનો અવગુણ આવવાથી. ................. | ૪૭૩ |
| ૩૨૧ | શુકાનંદ સ્વામીના ત્રણ મનસૂબા ................. | ૪૭૫ |
| ૩૨૨ | સ્વામીની જીવન માહિતી અને અક્ષરવાસ ......... | ૪૭૬ |
| ૩૨૩ | શુકાનંદ સ્વામીની સાહિત્ય સેવા ................... | ૪૭૮ |
| ૩૨૪ | ઉપસંહારનું અંતિમ લેખન ......................... | ૪૮૦ |
| ૩૨૫ | સંદર્ભ ગ્રંથ સૂચિ .................................. | ૪૮૨ |

॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

॥ श्री हरिकृष्ण महाराजाय नमः ॥

લેખન પ્રારંભ : સંવત્ ૨૦૭૫ : જન્માષ્ટમી, તા. ૨૪–૮–૨૦૧૯, વડતાલધામ

‘‘સર્વાવતાર ધર્તારં ભુક્તિ મુક્તિ પ્રદાયકમ્ ।
વંદેઽહં સ્વેષ્ટદેવં તં હરિકૃષ્ણં મનોહરમ્ ॥’’

## ‘‘પૂર્વભૂમિકા-ઉપોદ્‌ઘાત’’

હે વહાલા સંતો–ભક્તો ! ‘યોગદાન’ સંસ્કૃત શબ્દ છે. તેનો સામાન્ય અર્થ એ થાય છે કે, ‘કોઈ કામમાં કોઈને સાથ આપવાની ક્રિયા.’ પછી તે ક્રિયાને કોઈ પણ ધર્મ સાથે જોડી શકાય, કોઈ પણ સંપ્રદાય સાથે જોડી શકાય, કોઈ પણ દેશ સાથે જોડી શકાય, કોઈ પણ રાજ્ય સાથે જોડી શકાય, કોઈ પણ સમાજ સાથે જોડી શકાય, કોઈ પણ સંસ્થા સાથે જોડી શકાય, કોઈ પણ પરિવાર સાથે જોડી શકાય કે કોઈ પણ વ્યક્તિ સાથે પણ જોડી શકાય.

હે વહાલા વાચકો ! વર્તમાન સમયમાં વિશ્વમાં મુખ્ય અગ્યાર ધર્મો છે. તે ધર્મો પૈકી હિન્દુધર્મ – ખ્રિસ્તી ધર્મ – ઈસ્લામ ધર્મ – બૌદ્ધ ધર્મ – જૈન ધર્મ – યહૂદી ધર્મ – કોન્ફ્યુશિયસ ધર્મ – શીખ ધર્મ – તાઓ ધર્મ – શિન્તો ધર્મ અને પારસી ધર્મ આટલા ધર્મો હાલમાં અસ્તિત્વમાં છે. આ એક એક ધર્મમાં અનેકાનેક સંપ્રદાયો છે અને એક એક સંપ્રદાયમાં પણ અનેક પેટા સંપ્રદાયો છે – વિભાગો છે. મુક્તિ બાબતમાં દરેકની માન્યતા અલગ અલગ હોય છે. આ દરેક ધર્મોમાં અને સંપ્રદાયોમાં કે પેટા સંપ્રદાયોમાં તે તે ધર્મના સ્થાપકોનું અને એના પ્રચારકોનું સૌથી વિશેષ યોગદાન રહેલું હોય છે.

હે ભક્તો ! આ મુખ્ય અગ્યાર ધર્મોમાં હિન્દુ ધર્મ અપવાદરૂપ છે; કારણ કે હિન્દુ ધર્મના કોઈ સંસ્થાપક જ નથી ! એટલા માટે તો એને અનાદિ કહેવાય છે, તેમજ સનાતન ધર્મ કહેવાય છે. તો પણ હિન્દુ ધર્મમાં સાહિત્યનું સૌથી વધારે યોગદાન 'વેદ વ્યાસ' ઋષિનું માનવામાં આવે છે. તેઓની ગણના ભગવાનના અંશાવતારમાં થાય છે.

વ્યાસ ભગવાને એક વેદના ચાર વિભાગ (ઋગ્વેદ–સામવેદ–યજુર્વેદ અને અથર્વવેદ) કરી હિન્દુઓને ચારવેદની ભેટ આપેલ છે. તે સિવાય બ્રહ્મસૂત્ર અને અઢાર પુરાણોની રચના કરી હિન્દુ ધર્મનાં પોષણમાં તેઓનું સાહિત્યક્ષેત્રે સૌથી વિશેષ યોગદાન રહેલું છે. આ સિવાય મહાભારત જેવો એક લાખ શ્લોકનો વિશાળ ગ્રંથ રચીને તેમણે હિન્દુઓ ઉપર બહુ મોટો ઉપકાર કરેલ છે.

હે ભક્તો ! હિન્દુ ધર્મનું એક વિશેષ અંગ એટલે સ્વામિનારાયણ સંપ્રદાય. આ સંપ્રદાયના પ્રચારક પોષક–રક્ષક શ્રીહરિજીએ જે જે સ્થાનોમાં કથા–વાર્તા કરી હતી, તેમાંથી સંપાદક સંતોએ સંશોધન કરી 'વચનામૃત'નું બહુ મોટું યોગદાન આપેલ છે.

હે ભક્તો ! પંચાળાનાં પહેલાં વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે : ''જેમ કોઈકનો કાગળ પરદેશથી આવ્યો હોય, તેને વાંચીને તે કાગળના લખનારની જેવી બુદ્ધિ હોય તેવી જણાઈ આવે છે. તથા જેમ પાંચ પાંડવ, દ્રૌપદી,

કુંતાજી તથા રુક્મિણી, સત્યભામા, જાંબવતી આદિક ભગવાનની અષ્ટ પટરાણીઓ તથા સાંબ જે ભગવાનનો પુત્ર ઇત્યાદિ ભક્તનાં રૂપ તથા વચન તે શાસ્ત્રમાં લખ્યાં છે, તે શાસ્ત્રને શ્રવણે કરીને તેમનાં રૂપનું પ્રમાણ તે દર્શન જેવું જ થાય છે તથા તેમનાં વચને કરીને તેમની બુદ્ધિનું પ્રમાણ થાય છે.''

તેવી જ રીતે આ વચનામૃત ગ્રંથનો પણ અતથી ઇતિ અભ્યાસ કરતાં, ભગવાન સ્વામિનારાયણ સાથે પ્રશ્નોત્તરીમાં સહભાગી આ સંતોનાં વચન અને જીવન પરથી તેમની નિષ્ઠા–શ્રદ્ધા–મુમુક્ષુતા–આજ્ઞાપાલન–સમજણ–પ્રામાણિકતા અને ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ વગેરે સદ્ગુણોનું એક અનોખું દર્શન પ્રાપ્ત થાય છે, જેમાંથી પ્રત્યેક સાધકને જીવન–ઘડતરની અનેકવિધ દિવ્ય પ્રેરણાઓ પ્રાપ્ત થતી રહે છે.

હે ભક્તો ! યાદ રાખજો : કેવળ કોઈના પ્રશ્ન કે વાણી ઉપરથી જ તે વ્યક્તિનું મૂલ્યાંકન કરવું તે ભૂલભરેલું હોઈ શકે, પણ સાથે જો તેના જીવનને પણ તપાસવામાં આવે ને જો તેમનાં વચન અને આચરણમાં એકતા જોવા મળે તો તેનું યથાર્થ મૂલ્યાંકન થઈ શકે. તેથી જ આ પ્રસ્તુત પુસ્તકમાં વચનામૃત સંપાદક ચાર સદ્ગુરુઓના વિવિધ સદ્ગુણોનું દર્શન સંપ્રદાયના ગ્રંથોના આધારે લખવામાં આવેલ છે.

હે ભક્તો ! વચનામૃત સંપાદક ચાર સદ્ગુરુઓમાં સદ્ગુરુ મુક્તાનંદ સ્વામી, સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામી, સદ્ગુરુ નિત્યાનંદ સ્વામી અને સદ્ગુરુ શુકાનંદ સ્વામીનાં વિવિધ સદ્ગુણોમાંથી એક એક સદ્ગુણ મુખ્યત્વે જે હતો તે આપ વાચક વર્ગને જણાવવાનો વામણી બુદ્ધિના આધારે હું પ્રયાસ કરું છું.

મુક્તાનંદ સ્વામીમાં મુખ્યત્વે વાણીનો એવો પ્રભાવ હતો કે, બુભુક્ષુ હોય કે મુમુક્ષુ, સજ્જન હોય કે દુર્જન, સાધુ હોય કે શેતાન સર્વને વશ કરી દેતા. સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામીમાં મુખ્યત્વે ઐશ્વર્યનો એવો પ્રભાવ હતો કે, ગમે તેવો રાંક કે રાજા સ્વામી પાસે આવે એટલે ઠંડોગાર બની જતો. સદ્ગુરુ નિત્યાનંદ સ્વામીમાં મુખ્યત્વે વિદ્વત્તાનો એવો પ્રભાવ હતો કે, ગમે તેવો પંડિત શાસ્ત્રાર્થ કરવા આવે અને સ્વામીને જૂવે ત્યાંજ તેનું હૃદય ધડકવા લાગતું અને સદ્ગુરુ શુકાનંદ સ્વામીમાં મુખ્યત્વે લેખનનો એવો પ્રભાવ હતો કે શ્રીહરિજી તેમની પાસે જ દરેક

પત્રો લખાવતા. તો આ ચાર સદ્‌ગુરુઓના વિવિધ સદ્‌ગુણોનાં દર્શન માટે આ પુસ્તકનું વાંચન તમારે કરવું જ પડશે.

હે વહાલા સંતો–ભક્તો ! કોઈ પણ ગ્રંથના લેખક–વક્તા કે સંપાદકનું તેની રચના પાછળનું પ્રયોજન પણ તે ગ્રંથની વિશેષતા સમજવામાં ઘણું ઉપયોગી નીવડે છે. શ્રીજી મહારાજે શા માટે કથા–વાર્તા કરી છે તે સમજવાથી તેમની અને સાથે સાથે વચનામૃતની પણ વિશેષ મહત્તા સમજાશે. અધ્યાત્મ માર્ગમાં આજ સુધી, અત્યારે અને ભવિષ્યમાં ઘણું ઘણું કહેવાયું છે, કહેવાય છે અને કહેવાશે. અથવા તો ઘણું ઘણું લખાયું છે, લખાય છે અને લખાશે; પણ તેમની પાછળ કંઈક ને કંઈક હેતુ છુપાયેલો હોય છે.

હે ભક્તો ! શ્રીજી મહારાજે સ્વમુખે વચનામૃતનું પાન કરાવ્યું છે અને ચાર સદ્‌ગુરુઓએ તે શબ્દોનું સંપાદન કરી ગ્રંથસ્થ કરેલ છે, તેમાં નથી શ્રીજી મહારાજને કોઈ સ્વાર્થ કે નથી સંપાદક સદ્‌ગુરુઓને સ્વાર્થ. કેવળ ને કેવળ અહૈતુકી કરુણા.

હે ભક્તો ! શ્રીજી મહારાજે ગઢડા મધ્યના ૫૮ માં વચનામૃતમાં કહેલ છે કે, ''.....પોતાના સંપ્રદાયની રીતનું જે શાસ્ત્ર હોય તે જ પાછલે દહાડે પોતાના સંપ્રદાયને પુષ્ટ કરે છે.'' શ્રીજી મહારાજના ઉપરોક્ત કથનને આધારે કહી શકાય કે સ્વામિનારાયણ સંપ્રદાયમાં તત્ત્વજ્ઞાન અને સાધનાને સમજવા માટે તેઓના ઉપદેશ અને ચરિત્રોના ગ્રંથો જ સવિશેષ ઉપયોગી બને છે.

## શ્રીજી મહારાજની આજ્ઞા

હે ભક્તો ! સ્વામિનારાયણ ભગવાને સર્વે સત્‌શાસ્ત્રોનો સમન્વય કરી, તેમાંથી સાર–સિદ્ધાંત પરમ રહસ્ય તારવી, પોતાના આશ્રિત સંતો–ભક્તોને જે ઉપદેશ આપેલો છે, તેનું લેખન સંતોએ અને અમુક સત્સંગીઓએ કર્યું હતું. પછી શ્રીજી મહારાજની આજ્ઞાથી એ બધું જ લેખન ભેગું કર્યું. તો આશરે ૧૦૦૦ થી ૧૧૦૦ વચનામૃત થાય

એટલું બધું લખાણ ભેગું થયું ! તેથી શ્રીજી મહારાજે મહામુક્ત મુક્તાનંદ સ્વામીને, યોગીવર્ય ગોપાળાનંદ સ્વામીને પંડિતવર્ય નિત્યાનંદ સ્વામીને અને પ્રભુના P.A. શુકાનંદ સ્વામીને આ ચાર સદ્‌ગુરુઓને સત્સંગ સમાજને સમાસ કરે અને સંપ્રદાયની વધારે પુષ્ટિ કરે એવાં વચનામૃત અલગ કરવાની આજ્ઞા કરી.

હે ભક્તો ! હજાર–અગ્યારસો વચનામૃત થાય એટલાં પાનાંનું વાંચન કરી આ ચાર સદ્‌ગુરુઓએ એમાંથી ૨૬૨ વચનામૃત અલગ કર્યાં અને તેનું સંપાદન કરી શ્રીજી મહારાજને તે ગ્રંથ અર્પણ કર્યો. તેને વાંચીને શ્રીજી પ્રભુ ખૂબ રાજી થયા અને ચારે સંતોને પ્રસાદીના હાર પહેરાવી ભેટ્યા.

પછી જાહેર સભામાં શ્રીજી મહારાજ બોલ્યા : ‘‘મારા આશ્રિતો સંતો–ભક્તો ! સૌ સાંભળો. અમોએ અનેક શહેરોમાં અને ગામડાંઓમાં પધરામણીઓ કરીને અને સભાઓ કરીને અનેક સ્થાનોમાં કથા–વાર્તા કરેલ છે. તે કથાને સંતો–ભક્તોએ લખી રાખેલ હતી. એ અમારી કથા–વાર્તાનું લખાણ જે હતું તેમાંથી અમારી આજ્ઞાથી આ ચાર સદ્‌ગુરુ સંતોએ સંશોધન કરી ૨૬૨ અમારાં વચનામૃત જુદાં કરેલ છે, અને અમે એને પ્રમાણભૂત જાહેર કરીએ છીએ; માટે હવે પછી અમારાં ૨૬૨ વચનામૃત જ માન્ય રાખી તેને વાંચવાં અને તેની જ કથા–વાર્તા કરવી એવી અમારી આજ્ઞા છે.’’

## વચનામૃતનું પાન કરવાથી

હે ભક્તો ! સ્વર્ગનું અમૃતપાન કરવાથી જેમ આરોગ્ય વધે છે, વૃદ્ધાવસ્થા આવતી નથી, સદાય યુવાન રહેવાય છે અને નૈમિત્તિક પ્રલય ન થાય ત્યાં સુધીનું લાંબુ આયુષ્ય થઈ જાય છે – તેમ શ્રીજી મહારાજના મુખારવિંદમાંથી નીકળેલ આ વચનરૂપી અમૃતનું પાન કરવાથી અર્થાત્ તેને જીવનમાં ઉતારવાથી પણ સદાય અમર થઈ જવાય છે, ક્યારેક વૃદ્ધ થવું પડતું નથી, ક્યારેય પણ કોઈ પ્રકારનો રોગ થતો નથી, ક્યારેય પણ જન્મવું પડતું નથી કે મરવું પડતું નથી. હંમેશાં કિશોર–અવસ્થા જ રહે છે !

હે ભક્તો ! મારો કહેવાનો ભાવાર્થ આપ સર્વે સમજી ગયા હશો. વચનામૃતનું વાંચન કરીને કે સાંભળીને આચરણમાં ઉતારવામાં આવે તો આ અમૃત એટલું મહાન છે કે, કાયમ માટે આધિ-વ્યાધિ અને ઉપાધિ આ ત્રિવિધ તાપમાંથી છૂટકારો મળી જાય અને હંમેશા શાંતિમય જીવન જીવવા મળે. એટલું જ નહિ, પરંતુ જેનો કોઈ અવધી જ નથી, એવા અનંત કાળ સુધી પરબ્રહ્મ પરમાત્મા સ્વામિનારાયણ ભગવાન સાથે હંમેશાં અક્ષરધામમાં રહેવા મળે! ''યત્ ગત્વા ન નિવર્તન્તે...'' માટે દિવ્ય વચનામૃત વાંચીને-વિચારીને એને જીવનમાં ઉતારી શ્રીજી મહાપ્રભુનો રાજીપો મેળવી લેવો.

## યથાર્થ માહાત્મ્ય એટલે શું ?

હે ભક્તો ! વચનામૃત ગ્રંથની મુખ્ય વિશેષતા અને મહત્તા તેના ઉદ્‌બોધક શ્રીજી મહારાજને લીધે છે. જો આપણને તેમનું યથાર્થ માહાત્મ્ય સમજાશે તો તેમણે ઉપદેશેલ વચનામૃત ગ્રંથનો મહિમા પણ વિશેષ સમજાશે. શ્રીજી મહારાજના યથાર્થ માહાત્મ્યમાં તો ટૂંકમાં એટલું જ સમજવાનું છે કે, તેઓ સર્વોપરી, સર્વાવતારના અવતારી, સર્વકારણના કારણ, સર્વના નિયંતા-કર્તા-ધર્તા-ભર્તા-હર્તા-કર્મફળ પ્રદાતા-મોક્ષદાતા, સર્વજ્ઞ, સર્વના અંતર્યામી, સર્વગુણ સંપન્ન, સર્વશક્તિમાન અને અક્ષરધામના અધિપતિ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છે.

હે ભક્તો ! તેઓ મનુષ્યરૂપે હોવા છતાં સર્વ ઐશ્વર્ય-સંપન્ન, સદૈવ માયાથી નિર્લેપ, નિર્દોષ અને દિવ્યમૂર્તિ છે. શ્રીજી મહારાજનો માહાત્મ્યજ્ઞાને સહિત આવો નિશ્ચય થાય તો તેમનાં વચનોનો પણ સર્વોત્કૃષ્ટ મહિમા સહેજે જ સમજાય તે સ્વાભાવિક છે. પરંતુ ભગવાનનો આવો નિશ્ચય થવો સહેલો નથી; કારણ કે યોગ્યતા વગર માનવીની તાર્કિક બુદ્ધિથી આ વાત જલદી સમજાય તેમ નથી.

હે ભક્તો ! શ્રીજી મહારાજે વચનામૃતમાં આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન અને સાધનાની જે કાંઈ વાતો કરી છે તે ફક્ત બૌદ્ધિક વિચારો કે માત્ર મનના તરંગો નથી. અથવા તો શાસ્ત્રોની કેવળ વાંચેલ, વિચારેલ, ગોખેલ કે ગોઠવેલ વાતો પણ નથી; પરંતુ એ છે એમના પોતાના યથાર્થ અનુભવની વાતો.

હે ભક્તો ! શ્રીજી મહારાજે શાસ્ત્રોના શબ્દોને બુદ્ધિના બળે ગોઠવીને આપણને વાતો નથી કરી, પરંતુ સ્વાનુભવના નિચોડરૂપે વાતો કરી છે. કારણ કે તેઓ ભાવિ સાધકોને પ્રેરણારૂપ થવા સાધનાના કઠણ માર્ગે ચાલ્યા છે. તેમાં આવતાં વિઘ્નો, અવરોધો અને વળાંકોને જાણ્યાં છે, તેમાંથી પાર ઊતર્યા છે.

હે ભક્તો ! સ્વયં ભગવાન હોવા છતાં અધ્યાત્મવિદ્યાના વિદ્યાર્થી બનીને K.G. થી માંડીને Ph.D. સુધીના બધા જ વર્ગોમાં બેઠા છે, ભણ્યા છે અને પહેલાં નંબરે પાસ થયા છે. તેઓ પોતાના અનુભવના આધારે ગહન સાધનાનો સરળ રાહ ચીંધી શક્યા છે.

## વચનામૃત એટલે ?

હે ભક્તો ! મુમુક્ષુઓને અધ્યાત્મ પથ પર આવતા તમામ પ્રશ્નોના સમાધાનની જડીબુટ્ટી એટલે વચનામૃત. મુમુક્ષુ દશામાંથી મુક્તભાવની પ્રાપ્તિ કરાવનાર અનુપમ અને અણમોલ આ વચનામૃત ગ્રંથ પતિતને પાવન, સાધકને સિદ્ધ, મુમુક્ષુને મુક્ત ને જીવને બ્રહ્મ બનાવનારો ગ્રંથ છે. વચનામૃત ગ્રંથ આષાઢી સંવત્ ૧૮૭૬ થી આષાઢી સંવત્ ૧૮૮૬ સુધીના ૧૦ વર્ષના ૨૬૨ દિવસના ઉપદેશોનો સંગ્રહ છે.

હે ભક્તો ! વચનામૃત એ શ્રીજી મહારાજની કરુણા સભર સંકલ્પથી પ્રવાહિત થયેલું ઝરણું છે. સમુદ્ર મંથનના સારરૂપે પ્રાપ્ત થયેલા અમૃત સમાન સર્વ શાસ્ત્રોના દોહનરૂપે પ્રાપ્ત થયેલું માખણ છે. સર્વ શાસ્ત્રોમાં સારરૂપ વચનામૃતો કદી ન કરમાય એવાં મઘમઘતાં ફૂલો છે.

હે ભક્તો ! ગુરુ શિષ્યોની નિર્દોષ અને નિખાલસ સંવાદ સેતુથી સર્જાયેલી ઔપનિષદી પ્રશ્નોત્તર શૈલી એ વચનામૃતની આગવી વિશિષ્ટતા છે. આ ગ્રંથમાં મુમુક્ષુની યોગ્યતા અને પાત્રતા અનુસાર કામ, ક્રોધ, લોભાદિક અંતઃશત્રુઓના નિવારણના સુંદર, સરળ અને સચોટ ઉપાયો બતાવી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિરૂપી મંગલ ચતુષ્ટયની સિદ્ધિના ઉપાયો પણ બતાવ્યા છે.

હે ભક્તો ! યાદ રાખજો : વચનામૃત સિવાય બીજામાં વધારે માલ મનાઈ જાય તો એને મોહ કહેવાય છે; માટે ગમે તેવું મહાન શાસ્ત્ર કહેવાતું હોય, પણ વચનામૃત સાથે એને ક્યારેય પણ ન સરખાવવું જોઈએ.

હે ભક્તો ! શ્રીજી મહારાજે કરુણાવશ વાત્સલ્યથી સંતો–ભક્તોને પીરસેલું અને પાયેલું આ વચનરૂપી અમૃત છે. જે મુમુક્ષુ આનું જેટલું વધારે પાન કરે તેટલી એના અંતરમાં વધારે શાંતિ મળે છે. આ લોકમાં અને પરલોકમાં સદાય સુખિયા રહેવા માટે અને જીવનના સંપૂર્ણ વિકાસ માટે આધ્યાત્મિક માર્ગદર્શન વચનામૃતમાંથી મળે છે.

હે ભક્તો ! વચનામૃતની લેખનશૈલી અદ્‌ભૂત છે. દરેક વચનામૃતના આરંભે ચાર સદ્‌ગુરુ સંતોએ શ્રીજી મહારાજ ક્યાં ગામમાં બિરાજમાન હતા ? ક્યાં મુખે બેઠા હતા ? કેવાં વસ્ત્રો પહેર્યાં હતાં ? કઈ સાલ હતી ? કયો મહિનો હતો અને કયો દિવસ હતો ? તેનું આંખે દેખ્યા અહેવાલની જેમ તાદ્દશ્ય નિરુપણ કરેલું છે. વચનામૃત ગ્રંથની આ આગવી વિશિષ્ટતા છે. આપણને સ્થાનની સ્મૃતિ થાય એટલા માટે જ કુલ ૨૬૨ વચનામૃતમાં શ્રીજી મહારાજની મૂર્તિનું વર્ણન તથા સભાનું વર્ણન કરતો ફકરો લખેલ છે.

## સંપાદક ચાર સદ્‌ગુરુઓ

હે ભક્તો ! આપણે જાણીએ છીએ કે શ્રીજી મહારાજે પોતે જ પોતાના હાથે વચનામૃત ગ્રંથ લખ્યો નથી. પરંતુ તેઓ જે ઉપદેશ આપતા તેની નોંધ સંતો–ભક્તો કરી લેતા હતા. પછી સૌ આશ્રિત જનોની વિનંતીને કારણે, સૌને આ સદુપદેશ કાયમ માટે ઉપયોગી બને, તે માટે તેને ગ્રંથસ્થ કરવા માટે શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને શુકાનંદ સ્વામી આ ચાર સમર્થ સંતોને આજ્ઞા કરી હતી.

હે ભક્તો ! આ ચાર સદ્‌ગુરુ સંતો સંપ્રદાયમાં અગ્રેસર હતા. એમના સદ્‌ગુણોની સાથે સાથે તેમની સાધુતા સભર વિદ્વત્તા પણ સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. તેઓની અનેક પ્રકારની વ્યવહારીક અને આધ્યાત્મિક વિશેષતાઓથી સમગ્ર સંપ્રદાય સુપરિચિત છે.

હે ભક્તો ! મહામુક્ત મુક્તાનંદ સ્વામીની શુદ્ધ મુમુક્ષુતા, ભગવાનને પામવાની ઝંખના, આજ્ઞા પાળવાની તત્પરતા, નિર્ભેળ સાધુતા અને જ્ઞાનની ઉચ્ચ સ્થિતિથી આપણે સૌ વાકેફ છીએ. શ્રીજી મહારાજ આદર્શ સંત તરીકેના ઉદાહરણમાં સ્વામીને અવાર–નવાર યાદ કરતા હતા.

હે ભક્તો ! યોગીવર્ય ગોપાળાનંદ સ્વામી અષ્ટાંગયોગ સિદ્ધ હોવાથી વિસ્મૃત અર્થોને યોગબળથી સ્મૃતિમાં લાવવા શક્તિમાન હતા. શ્રીજી મહારાજની જેમ જ તેઓ અનંતકોટિ બ્રહ્માંડોને દેખવા સમર્થ હતા ! તેમને મહારાજે બન્ને દેશના અગ્રગણ્ય બનાવ્યા હતા. તેમજ બન્ને આચાર્યના હાથ તેમના હાથમાં સોંપી સમગ્ર સંપ્રદાયની જવાબદારી પણ સ્વામીને સોંપી હતી ! તેમજ સમગ્ર ત્યાગીઓ અને ગૃહસ્થોને ગોપાળાનંદ સ્વામીની આજ્ઞામાં રહેવાનું કહ્યું હતું.

હે ભક્તો ! પંડિતવર્ય નિત્યાનંદ સ્વામી અતિશય વિદ્વાન હોવાથી સમસ્ત શાસ્ત્રાર્થને જાણતા હતા. અનેકવિદ્વાનો સાથે શાસ્ત્રાર્થ કરી તેઓએ દિગ્વિજય કર્યો હતો. શ્રીજી મહારાજની સાનિધ્યમાં વેદ, વેદાંત અને પુરાણ–આદિકના વક્તા તરીકે તેઓ સર્વદા વરાયેલા હતા.

હે ભક્તો ! પ્રગટ પ્રભુના P.A. શુકાનંદ સ્વામી શ્રીજી મહારાજના પત્રલેખનનું કાર્ય કરતા હતા અને પ્રભુના પડછાયાની જેમ હંમેશાં પ્રભુની સાનિધ્યમાં રહીને આજ્ઞાને અનુસરનારા હતા.

હે ભક્તો ! વચનામૃત સંપાદક આ ચારેય સદ્‌ગુરુઓનું એક સાથેનું સમુહમાં જો કોઈ મોટું યોગદાન સંપ્રદાયને આપેલું હોય તો તે છે વચનામૃત સંપાદન. આ ચાર સદ્‌ગુરુઓનું વચનામૃત સંપાદન કરવામાં યોગદાન છે, એ તો બરાબર; પરંતુ પોતાના જ નામના ઉલ્લેખ સાથેની રજૂઆત તેઓએ નિર્માનીભાવે, નિખાલખભાવે રજૂ કરી છે, એમાં એની મહાનતા જણાઈ આવે છે. આપણે એ સ્થાને હોઈએ તો આપણને જે પ્રશ્નોના ઉત્તર ન આવડ્યા હોય તેને સંપાદનમાં લઈએ જ નહિ; કારણ કે આપણે દેહાભિમાની છીએ.

હે ભક્તો ! આ ચાર સદ્‌ગુરુઓએ તો શ્રીજી મહારાજે તેઓને જે જે પ્રશ્ન પૂછ્યા હતા એના જવાબ એમને ન આવડ્યા અથવા તો એમને મહારાજના મુખથી સાંભળવા હતા. ગમે તે કારણ હોય, પરંતુ તેઓએ સ્પષ્ટપણે

સંપાદનમાં પોતાના નામનો ઉલ્લેખ કરીને લખી નાખ્યું: 'મહારાજ ! આ પ્રશ્નનો ઉત્તર મારાથી થાય તેમ નથી. અને એવું પણ લખ્યું : ''આ પ્રશ્નનો જવાબ મુક્તાનંદ સ્વામીને ન આવડ્યો. ગોપાળાનંદ સ્વામીને ન આવડ્યો. નિત્યાનંદ સ્વામીને ન આવડ્યો. શુકાનંદ સ્વામીને ન આવડ્યો.

હે ભક્તો ! આટલી બધી પ્રામાણિકતાથી લખવું એ કોઈ સામાન્ય વ્યક્તિ લખી જ ન શકે. જો આ ચાર સદ્‌ગુરુઓ પ્રામાણિક ન હોત તો પોતાની વિદ્વત્તાભરી પ્રતિષ્ઠાને ઝાંખપ આવે એવા પોતાના નામનિર્દેશ સહિતના ઉલ્લેખો એમણે કર્યા જ ન હોત. પરંતુ એમને ક્યાં પોતાની આવી પ્રતિષ્ઠાની પડી હતી ? એમને તો પોતાના ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનની મહત્તા વધે અને મુમુક્ષુઓને શ્રીજી મહારાજના સ્વમુખથી જ યથાર્થ ઉત્તર પ્રાપ્ત થાય એ જ શુભ ભાવના હતી.

હે ભક્તો ! આ સદ્‌ગુરુઓએ શ્રીજી મહારાજના પ્રશ્નોના ઉત્તર નથી જ આપ્યા, એવું પણ નથી. કોઈક વખત મહારાજની કેવળ આજ્ઞાથી તેમને રાજી કરવા માટે ઉત્તર આપવાનો યથાશક્તિ પ્રયત્ન કર્યો છે. પણ અંતે તો નમ્રભાવે હાથ જોડીને બોલ્યા છે : 'હે મહારાજ ! આ પ્રશ્નનો યથાર્થ ઉત્તર તો આપનાથી જ થશે.'

હે ભક્તો ! પોતાના વ્યક્તિત્વને દાબીને, પોતાની વિદ્વત્તાને છુપાવીને અને પોતાના ઐશ્વર્યને રોકીને સામાન્ય વ્યક્તિની જેમ આ ચાર સદ્‌ગુરુઓ શ્રીજી મહારાજની આજ્ઞામાં હંમેશાં રહ્યા હતા અને તેમણે વચનામૃત સંપાદન કરી પ્રભુનો રાજીપો મેળવ્યો હતો.

## વચનામૃતમાં મુક્તાનંદ સ્વામી

હે ભક્તો ! વચનામૃતનો અભ્યાસ કરતાં જોવા મળે છે કે, મુક્તાનંદ સ્વામી વિશે પ્રમાણ આપતાં શ્રીજી મહારાજની જીભ સુકાતી નથી. કારિયાણીનાં ત્રીજાં વચનામૃતમાં શુકાનંદ સ્વામીની પ્રશંસા કરતાં શ્રીજી મહારાજ બોલ્યા છે કે, '.....એ તો મુક્તાનંદ સ્વામી જેવા છે.'

સત્સંગમાં કોઈ ઉપર પ્રગટ પ્રભુ શ્રીહરિનો રાજીપો થતો ત્યારે પણ તેઓ મુક્તાનંદ સ્વામીને યાદ કરીને વરદાન આપતા હતા. જેમ કે ભાલ પ્રદેશમાં આવેલ સોઢી ગામની મુસ્લિમ સ્ત્રીને દાંતણની બદલીમાં વરદાન આપતાં બોલ્યા હતા કે, 'તારું કલ્યાણ અમે મુક્તાનંદ સ્વામી જેવું કરીશું.' અમરેલી જિલ્લામાં બગસરા તાલુકામાં આવેલ ગુંદાળી ગામના બે ભાઈઓ મામૈયો અને મેરામણ ઉર્ફે ભીમા ડેર અને શાર્દુલ ડેર કાઠી ભાઈઓ આપણા સંતો માટે શહીદ થયા ત્યારે પણ શ્રીહરિ બોલેલા કે, 'આ બન્નેનું કલ્યાણ મુક્તાનંદ સ્વામી જેવું કરીશું.' તેમજ અમદાવાદની બાજુમાં આવેલ જેતલપુરની વેશ્યા લક્ષ્મીબાઈ (ઉર્ફે નાથીબાઈ – રજ્જુબાઈ) ને ત્યાં પધરામણીએ પધાર્યા ત્યારે પણ મહાપ્રભુ શ્રીહરિજી બોલ્યા હતા કે, 'તારું કલ્યાણ અમે મુક્તાનંદ સ્વામી જેવું કરીશું !'

એ સિવાય ગઢડા પ્રથમ પ્રકરણનાં ૭૮માં વચનામૃતમાં પણ જ્યારે નવા ચાર સદ્‌ગુરુઓ આત્માનંદ સ્વામી, યોગાનંદ સ્વામી, ભગવદાનંદ સ્વામી તથા શિવાનંદ સ્વામી બનાવ્યા, ત્યારે પણ શ્રીહરિએ તેઓની ભલામણ મુક્તાનંદ સ્વામી આદિક મોટેરા સંતોને કરી હતી, જેથી મોટેરા એવા મુક્તાનંદ સ્વામીની વાત સૌ સ્વીકારીને મર્યાદા રાખે.

હે ભક્તો ! સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીનાં વર્તન વિશે અનેક વચનામૃતમાં શ્રીહરિજીએ સ્વમુખે પ્રમાણ આપેલ છે તે થોડાં ઉદાહરણો સાથે જુઓ: ગઢડા મધ્ય પ્રકરણનાં ૬૨માં વચનામૃતમાં આત્મનિષ્ઠા, પતિવ્રતાપણું અને દાસભાવ આ ત્રણ અંગોનું વિસ્તૃત વર્ણન કરીને શ્રીહરિ બોલ્યા છે કે, 'એવા દાસત્વ ભક્તિવાળા તો આજ ગોપાળાનંદ સ્વામી છે ને બીજા મુક્તાનંદ સ્વામી છે.' તેમજ લોયાનાં ૧૩માં વચનામૃતમાં પણ શ્રીહરિ કહે છે કે, 'હમણાં આ મુક્તાનંદ સ્વામી જેવા સંતને વિશે એ નારાયણને લઈએ તો એમને પણ ભગવાન કહેવાય ?'

હે ભક્તો ! ગઢડા અંત્ય પ્રકરણનાં ૧૩માં વચનામૃતમાં શ્રીહરિ કહે છે કે, 'જ્યારે અમને રામાનંદ સ્વામીનું દર્શન નહોતું થયું ત્યારે મુક્તાનંદ સ્વામી સંગાથે અમે એમ ઠરાવ કરી રાખ્યો હતો જે, 'મને રામાનંદ સ્વામીનું દર્શન કરાવો તો આપણે બે જણ વનમાં જઈને ભગવાનનું અખંડ ધ્યાન કર્યા કરીશું અને કોઈ દિવસ વસ્તીમાં તો આવીશું જ નહિ.'

## મુક્તાનંદ સ્વામીનાં દ્રષ્ટાંતે વાત કરી

હે ભક્તો ! ઘણીવાર વાતની ગંભીરતા સમજાવવા માટે પણ શ્રીહરિએ સાધુતાની ચરમ સીમારૂપ મુક્તાનંદ સ્વામીનું દૃષ્ટાંત આપીને કે તેમને આગળ કરીને વાતની રજૂઆત કરી છે. – જેમ કે લોયાનાં ૧૭માં વચનામૃતમાં શ્રીહરિ કહે છે કે, 'ભગવાનનો તો નિશ્ચય યથાર્થ હોય તો પણ જો પંચવિષયનો અભાવ ન થયો હોય ને તેની આસક્તિ હોય ને તે વિષયનું મુક્તાનંદ સ્વામી જેવા ખંડન કરે તો તેનું માથું શસ્ત્રે કરીને મુકાવી દે તેવો દ્રોહ કરે.'

હે ભક્તો ! સત્સંગમાં કોઈ મોળી (નબળી) વાત ન કરે એવું એક નવું પ્રકરણ શ્રીહરિને ચલાવવું હતું, તે માટે ગઢડા પ્રથમ પ્રકરણનાં ૧૭માં વચનામૃતમાં મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી આદિક મોટેરા સંતોને તેડાવીને શ્રીહરિએ વાત કરી હતી. તેમજ ગઢડા અંત્યનાં ૩૩માં વચનામૃતમાં શ્રીહરિ કહે છે કે, 'ધન–દોલત–સ્ત્રી ને પુત્ર એ આદિક જે પદાર્થ તેણે કરીને જેની બુદ્ધિમાં ફેર પડે નહિ અને એને અર્થે કોઈને વિશે આસ્થા આવે નહિ, એવા તો સત્સંગમાં થોડાક ગણતરીના હરિભક્ત હોય પણ ઝાઝા હોય નહિ... એવા તો આ મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી છે.'

હે ભક્તો ! કેટલીક વાર તો વચનામૃતનાં વચનો અને મુક્તાનંદ સ્વામીના જીવનને સરખાવતાં જાણે કે શ્રીહરિ મુક્તાનંદ સ્વામીનું જીવન જોઈને તદનુસાર સૌની સામે સાધુતાનો આદર્શ પ્રસ્થાપિત કરતા હોય એવું અનુભવાય છે: જેમ કે ગઢડા મધ્યનાં ૪૭માં વચનામૃતમાં શ્રીહરિ કહે છે કે, 'જે સંતની પાસે ચાર સાધુ રહેતા હોય, તેને જો મન દઈને માણસાઈએ રાખતાં આવડતું હોય તો તેની પાસે સાધુ રાજીપે રહે અને જેને સાધુને રાખતાં આવડે નહિ તેની પાસે સાધુ રહે નહિ.'

ઉપરોક્ત વચનામૃત – અનુસાર પ્રસંગ એવો બનેલો કે મારવાડ પ્રદેશ તરફ મુક્તાનંદ સ્વામી તથા આત્માનંદ સ્વામી વગેરે ઘણા સંતો વિચરણ કરતા હતા, પણ જમવાનું કાંઈ ન મળવાથી સંતોને ત્રણ દિવસના ઉપવાસ પછી

ચોથા દિવસે ભાવિક બ્રાહ્મણે ખીચડી જમવા પીરસી, પરંતુ તેમાં થોડું ઘી નાંખ્યું હોવાથી આત્માનંદ સ્વામીએ જમવાની ના કહી; કારણ કે એ સમયે ગળ્યું–ચીકણું નહિ ખાવાના શ્રીહરિએ નિયમ આપેલ હતા. પરંતુ ચાર દિવસના સંતોને ભૂખ્યા જોઈને તેમજ ગરીબ બ્રાહ્મણનો ભાવ જોઈને મુક્તાનંદ સ્વામીએ સૌ સંતોને ખીચડી જમાડી હતી ! આ વાતની જ્યારે શ્રીહરિને જાણ થઈ ત્યારે તેઓએ મુક્તાનંદ સ્વામી ઉપર રાજી થઈ 'સત્સંગની મા'નું બિરૂદ આપ્યું હતું.

## સ્વામીની મુમુક્ષુતાની તીવ્રતા

હે ભક્તો ! સારંગપુરનાં ત્રીજાં વચનામૃતમાં શ્રીહરિ કહે છે કે, 'મુક્તાનંદ સ્વામીને અમે પ્રથમ લોજપુરમાં દીઠા હતા અને જેવી શ્રદ્ધા ને ભગવાનનું માહાત્મ્ય હતું, તેવું ને તેવું જ આજ દિવસ સુધી નવું ને નવું છે, પણ ગૌણ પડ્યું નથી.'

મુક્તાનંદ સ્વામીના સાધનાલક્ષી પ્રશ્નોનો અભ્યાસ કરતાં એમની મુમુક્ષુતાની તીવ્રતા અછતી રહેતી નથી. સ્વામીએ અવાર–નવાર સાધના માર્ગમાં કયો ઉપાય સર્વશ્રેષ્ઠ છે કે જે ઉપાયમાં બધા ઉપાય આવી જાય, એ ભાવના પ્રશ્નો પૂછ્યા છે. જેમાં સરળતાથી અને સદ્ય સિદ્ધિનું શિખર સર કરવાની એમની ઝંખના પ્રતિબિંબિત થાય છે.

જેમ કે ગઢડા પ્રથમ પ્રકરણનાં ૪૭માં વચનામૃતમાં શ્રીહરિએ ભાગવત ધર્મનિષ્ઠા, આત્મનિષ્ઠા, વૈરાગ્યનિષ્ઠા અને ભક્તિનિષ્ઠા એ ચાર અંગવાળા ભક્તોનાં લક્ષણો કહ્યાં. ત્યારે મુક્તાનંદ સ્વામીએ છેલ્લે પ્રશ્ન પૂછ્યો કે, 'એ ચાર નિષ્ઠાવાળાને વિશે કોઈ અધિક–ન્યૂન છે કે એ ચારે તુલ્ય છે ?' કારણ કે કદાચ એમાં પણ જે શ્રેષ્ઠ હોય તેનું આચરણ કરવું એવી ગણતરીથી સ્વામીએ એ પ્રશ્ન પૂછ્યો છે.

હે ભક્તો ! પૂજ્યપાદ સ્વામીજીએ ગઢડા પ્રથમ પ્રકરણનાં ૫૭માં વચનામૃતમાં મોક્ષનું અસાધારણ કારણ પૂછ્યું તથા ગઢડા પ્રથમનાં ૫૮માં ભગવાનને વિશે અસાધારણ પ્રેમનું કારણ પૂછ્યું. ગઢડા પ્રથમનાં ૩૩માં ભગવાનને

પ્રસન્ન કરવાનાં શાસ્ત્ર કથિત અનંત સાધનોમાં સર્વશ્રેષ્ઠ સાધન કયું છે કે જેથી જેમ સર્વ સાધન કર્યે જેવા ભગવાન પ્રસન્ન થાય તેવા તે એક સાધનથી જ થાય, એ પ્રશ્ન પૂછ્યો.

સારંગપુરનાં પાંચમાં વચનામૃતમાં સ્વામીએ પૂછ્યું કે, ‘વાસનાની નિવૃત્તિનો એવો શો જબરો ઉપાય છે જે, એક ઉપાયને વિશે સર્વે સાધન આવી જાય ?’ વરતાલનાં ચોથાં વચનામૃતમાં પણ સ્વામીએ આવો જ પ્રશ્ન પૂછ્યો છે કે, ‘ભક્તિમાર્ગમાં પ્રવર્તેલા ભક્તને એવું કયું એક શ્રેષ્ઠ સાધન છે, કે જે સાધન કરવાથી કલ્યાણને અર્થે જેટલાં સાધન છે તે સર્વે તે એક સાધનને વિશે આવી જાય ?’

હે ભક્તો ! આમ, વચનામૃત ગ્રંથમાં અનેક જગ્યાએ સ્વામીની મુમુક્ષુતાની તીવ્રતા દૃષ્ટિ ગોચર થાય છે. જેમાં સાધનાની સિદ્ધિ શીઘ્રતાથી, સરળતાથી અને તેની ચરમ સીમાએ કરવાનો સ્વામીનો ઉત્સાહ દૃશ્યમાન થાય છે. વચનામૃતમાં ડગલે ને પગલે મુક્તાનંદ સ્વામીની મુમુક્ષુતાનાં વિવિધ સ્વરૂપે દર્શન થાય છે. તેમાંનો એક પ્રકાર એટલે આજ્ઞા પાલનની તત્પરતા.

## શ્રીહરિની નાની-મોટી આજ્ઞાઓમાં વર્ત્યા

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામી એક સમયે લોજપુરમાં સ્વયં શ્રીહરિના પણ ગુરુ તરીકે રહી ચૂક્યા છે. લોયાનાં ત્રીજાંમાં તેમજ ગઢડા અંત્યનાં ૨૭માં પણ શ્રીહરિ પોતે જ આ વિગત જણાવે છે કે, ‘.....અમે રામાનંદ સ્વામીનાં દર્શન થયાં મોર નવ મહિના સુધી મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહ્યા, પણ અમારું ગમતું કાંઈ ન કર્યું !’

હે ભક્તો ! આ રીતે પોતાથી ૨૩ વર્ષ નાના જે શ્રીહરિ એક સમયે પોતાની આજ્ઞામાં રહ્યા હોય તેમાં અત્યંત પૂજ્યબુદ્ધિ જ નહિ, પરંતુ તેમને જ પોતાના ઈષ્ટદેવ માનીને આખી જિંદગી તેમની આજ્ઞામાં હોમી દેવી એ તીવ્ર મુમુક્ષુતા વિના સંભવે જ નહિ. આવી ઉત્તમ મુમુક્ષુતા સ્વામીમાં હતી !

ગઢડા મધ્ય પ્રકરણનાં ૫૮માં વચનામૃતમાં શ્રીહરિએ વિસ્તારથી વાત કરીને સમજાવ્યું છે કે, ‘પોતાના ઈષ્ટદેવનાં જે જન્મથી કરીને દેહ મૂકવા પર્યંત ચરિત્ર તેનું જે શાસ્ત્ર તેણે કરીને સંપ્રદાયની પુષ્ટિ થાય છે.’ એમ

કહીને શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને કહ્યું: ''તમે પણ પોતાના સંપ્રદાય સંબંધી ને પોતાના ઈષ્ટદેવ સંબંધી જે વાણી તથા શાસ્ત્ર તે જ દેહ પર્યંત કર્યા કરજો ને તમારો દેહ રહે ત્યાં સુધી તમને એ જ આજ્ઞા છે.'' પછી એ જે શ્રીહરિનું વચન તેને મુક્તાનંદ સ્વામીએ અતિ આદર કરીને માથે ચડાવ્યું.

હે ભક્તો ! પ્રગટ પ્રભુ શ્રીહરિની આ આજ્ઞા સ્વામીએ ક્ષયરોગ સાથે તેમની અંતિમ અવસ્થામાં હાથમાંથી લખતાં લખતાં કલમ પડી ગઈ, ત્યાં સુધી તેમણે અક્ષરશઃ પાળીને શ્રીહરિને પ્રસન્ન કર્યા હતા. સ્વામીના અપાર પરિશ્રમના ફળસ્વરૂપે એમના જ શિષ્ય આધારાનંદ સ્વામી (મારા આદિ ગુરુ) દ્વારા સંપ્રદાયને શ્રીહરિનાં ચરિત્રોના સૌથી વિશાળ અને દળદાર ગ્રંથ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'ની ભેટ મળી ! તેમજ શ્રીહરિની વાણીના, સંપ્રદાયની ઓળખ સમા વચનામૃત ગ્રંથની પણ ભેટ મળી; જેના સંપાદક સંતોમાં મુક્તાનંદ સ્વામી પણ અગ્રગણ્ય હતા, કારણ કે વચનામૃતમાં સૌથી વધુ ૯૨ પ્રશ્નો સ્વામીએ જ પૂછેલા છે !

હે ભક્તો ! આવી મોટી આજ્ઞામાં તો મુક્તાનંદ સ્વામી ટુક ટુક વર્ત્યા જ છે, પણ શ્રીહરિની નાની–નાની આજ્ઞામાં તથા રુચિમાં પણ વર્ત્યા છે. જેમ કે ગઢડા મધ્યનાં ૯માં વચનામૃતમાં સ્વામીએ શ્રીહરિને કહ્યું કે, 'કીર્તન બોલીએ.' પણ શ્રીહરિએ કહ્યું કે, 'લ્યો, પરમેશ્વરની વાર્તા કરીએ.' તો તરત જ સ્વામી શ્રીહરિની રુચિમાં ભળી ગયા. એ સિવાય લોયાનાં ૧૮માં, પંચાળાનાં બીજાંમાં અને ગઢડા પ્રથમનાં ૩૪માં વચનામૃતમાં પણ શ્રીહરિની રુચિ જાણી કીર્તનો ગાયાં અને પરસ્પર પ્રશ્નોત્તર પણ કર્યાં છે.

## સ્વામીનો કથા શ્રવણનો ઈશક

હે ભક્તો ! સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીની મુમુક્ષુતાનું બીજું એક પાસું એટલે તેમનો કથા સાંભળવાનો ઈશક. સ્વામી જ્યારે સરધારમાં હતા ત્યારે રામાનંદ સ્વામી ત્યાં કથા કરતા હતા, તેથી મુકુંદદાસ કથા સાંભળવા ગયા.

ત્યારે રામાનંદ સ્વામીએ તુલસીદાસના ચેલા જાણી કથામાં આવવાની ના કહી. પરંતુ સદ્‌ગુણી સંતની કથા સાંભળ્યા વિના મુકુંદદાસને કાંઈ ચેન પડ્યું નહિ, તેથી કોઈના ઘરના નવેળામાં વરસતા વરસાદમાં પલળતાં–પલળતાં કથા સાંભળતા હતા !

ગઢડા પ્રથમ પ્રકરણનાં ૭૨માં વચનામૃતની શરૂઆતમાં જ મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિને પૂછ્યું: ‘‘હે મહારાજ ! કાલને દિવસ તમે દાદાખાચર આગળ બહુ રૂડી વાર્તા કરી હતી તે વાર્તા સાંભળવાની અમારે સર્વેને ઘણી ઈચ્છા છે.’’ આમ, જે કથાવાર્તામાં પોતે હાજર ન હોય તો પોતે કંઈક ગુમાવ્યું હોય એવું લાગે ને એ જાણવાની ઉત્કંઠા મુક્તાનંદ સ્વામીને રહેતી, તો પછી જ્યારે શ્રીહરિ સામેથી જ વાત કરે તે સાંભળવામાં અત્યંત તત્પરતા દાખવે, એમાં શી નવાઈ ?

હે ભક્તો ! ગઢડા અંત્યનાં ૧૫માં વચનામૃતમાં શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને કહ્યું: ‘‘આજ તો અમે અમારા રસોયા હરિભક્તની આગળ બહુ વાત કરી.’ ત્યારે તરત જ મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું: ‘‘હે મહારાજ ! કેવી રીતે વાત કરી ?’’ ક્યારેક શ્રીહરિની સન્મુખ કોઈ શાસ્ત્રનું વાંચન થતું હોય અને તેમાં કોઈ વિશેષ વાત થઈ હોય, તો એનું અર્થઘટન શું કરવું ? એવો સુંદર પ્રશ્ન પૂછીને સ્વામીએ આદર્શ શ્રોતાની ભૂમિકા ભજવી છે.

સારંગપુરનાં ૭માં વચનામૃતમાં શ્રીહરિએ શ્રીમદ્ ભાગવત પુરાણના પ્રથમ સ્કંધની કથા વંચાવવાનો આરંભ કરાવ્યો હતો, ત્યારે તેમાં એમ વાર્તા આવી કે, ‘જ્યાં મનોમય ચક્રની ધારા કુંઠિત થાય ત્યાં નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું’ ત્યારે તરત જ મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું: ‘‘હે મહારાજ ! એ મનોમયચક્ર તે શું છે ને તેની ધારા તે શી સમજવી ?’’

હે ભક્તો ! ગઢડા પ્રથમ પ્રકરણનાં બાવનમાં વચનામૃતમાં મોક્ષધર્મની કથામાં વાત આવી કે, ‘સાંખ્ય, યોગ, વેદાંત અને પંચરાત્ર એ ચાર શાસ્ત્રે કરીને જે ભગવાનના સ્વરૂપને સમજે તે પૂરો જ્ઞાની કહેવાય.’ ત્યારે મુક્તાનંદ સ્વામીએ તરત જ પૂછ્યું કે, ‘હે મહારાજ ! એ ચાર શાસ્ત્રે કરીને ભગવાનને કેમ જાણવા ? અને એ ચાર શાસ્ત્રે

કરીને જે ભગવાનને ન જાણે તેમાં શી ન્યૂનતા રહે ?' આ પ્રમાણે આવાં અનેક સ્થાને મુક્તાનંદ સ્વામીનું એક જાગ્રત શ્રોતા તરીકે દર્શન થાય છે.

## સ્વામીની વિદ્વત્તા-શાસ્ત્રજ્ઞતા-તાર્કિકતા

હે ભક્તો ! ગઢડા મધ્ય પ્રકરણનાં ૧૩માં વચનામૃતમાં શ્રીહરિ કૃપા વચનના આરંભે પૂર્વભૂમિકા બાંધતા કહે છે કે, 'જે મોટેરા મોટેરા હો ને વાતમાં સમજતા હો તે આગળ બેસો, ને આ એક વાત કરું છું તે સર્વે ચિત્ત દઈને સાંભળજો.' એનો અર્થ એ થયો કે આધ્યાત્મિક માર્ગે ખૂબ આગળ વધેલા હોય, સાધુતા હોય અને તેથી સત્સંગમાં ગુણોની સાચી મોટપ તો પામ્યા હોય, પણ વાતમાં સમજતા ન પણ હોય; પરંતુ વચનામૃતમાં મુક્તાનંદ સ્વામીના પ્રશ્નો ઉપર વિચાર કરતાં તેઓની મુમુક્ષુતાની સાથે વિદ્વત્તા તથા શાસ્ત્રજ્ઞતાનું પણ સુપેરે દર્શન થાય છે.

હે ભક્તો ! સદ્‌ગુણી–સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ જીવનલક્ષી પ્રશ્નોની સાથે અનેક તાત્ત્વિક પ્રશ્નો પણ પૂછ્યા છે, જેમાં તેમની વિદ્વત્તા દેખાય છે. જેમ કે ગઢડા પ્રથમનાં ૪૦માં વચનામૃતમાં સ્વામીએ સવિકલ્પ–નિર્વિકલ્પ સમાધિની વ્યાખ્યા પૂછીને પછી ભક્તિ અને ઉપાસનાનો ભેદ પૂછ્યો. ગઢડા મધ્યનાં ૬૩માં તેમણે પૂછ્યું કે, 'દ્રષ્ટા અને દૃશ્યના મધ્યમાં જે વિચાર રહે છે, તે દ્રષ્ટાને ને દૃશ્યને જુદાં જુદાં રાખે છે, તેમાં જીવનું જાણપણું કયું જાણવું ને ઈન્દ્રિયો–અંતઃકરણનું જાણપણું કયું જાણવું ?'

એ સિવાય વરતાલનાં ૧૩માં વચનામૃતમાં પણ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, 'બ્રહ્મ વ્યાપક છે એમ સર્વે કહે છે, તે જે વ્યાપક હોય તેને મૂર્તિમાન કેમ કહેવાય અને જે મૂર્તિમાન હોય તેને વ્યાપક કેમ કહેવાય ?' આ ઉપરાંત ઘણી વાર વિવિધ શાસ્ત્રોના આધારે સ્વામીએ શ્રીહરિ આગળ પ્રશ્નો પૂછ્યા છે અથવા તો તે શાસ્ત્રોનાં પ્રમાણો ટાંક્યાં છે, તે ઉપરથી તેમની શાસ્ત્રજ્ઞતા પણ દૃશ્યમાન થાય છે. જેમ કે.....

કારિયાણીનાં આઠમાં વચનામૃતમાં સ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, 'હે મહારાજ ? વેદ, શાસ્ત્ર, પુરાણ અને ઇતિહાસને વિશે ભગવાનના સગુણ સ્વરૂપ અને નિર્ગુણ સ્વરૂપનું નિરૂપણ કર્યું છે. તે ભગવાન જે શ્રી પુરૂષોત્તમ તેનું નિર્ગુણ સ્વરૂપ કેવી રીતે સમજવું ? અને સગુણ સ્વરૂપ કેવી રીતે સમજવું ? અને તે નિર્ગુણ અને સગુણ સ્વરૂપ સમજવાથી ભક્તને કેટલો સમાસ થાય ?'

હે ભક્તો ! આ સિવાય ગઢડા પ્રથમનું બાવનમું અને ચોપનમું, સારંગપુરનું પેલું, લોયાનું સાતમું, ગઢડા અંત્યનું ૩૨મું વગેરે વચનામૃતોના સંદર્ભો પરથી સ્પષ્ટ જણાય છે કે મુક્તાનંદ સ્વામી સાચા અર્થમાં બહુશ્રુત હતા. સ્વામીએ પૂછેલા તાત્ત્વિક પ્રશ્નો તેમજ તેમણે પ્રશ્નોત્તરીમાં આપેલાં શાસ્ત્ર પ્રમાણો તેમની તેજસ્વિતાના પુરાવા છે જ; તદુપરાંત તેમણે કરેલાં તર્કે પણ તેમની તેજસ્વિતાની સાક્ષી પૂરી છે. જેમકે.....

વરતાલનાં પાંચમાં વચનામૃતમાં સ્વામીનો તર્કબદ્ધ સવાલ છે. આવો જ વાંકડો પ્રશ્ન સ્વામીએ ગઢડા પ્રથમ પ્રકરણનાં ચૌદમાં વચનામૃતમાં પૂછ્યો છે કે, ''શ્રુતિમાં એમ કહ્યું છે જે, 'અન્તે યા મતિઃ સા ગતિઃ' અંતકાળે ભગવાનને વિશે મતિ રહે તો ગતિ થાય અને ન રહે તો ન થાય, એવો એ શ્રુતિનો અર્થ ભાસે છે, ત્યારે જે ભક્તિ કરી હોય તેનો શો વિશેષ છે ?'

હે ભક્તો ! એ સિવાય વરતાલનાં ૧૧માં વચનામૃતમાં, લોયાનાં ૧૦માં વચનામૃતમાં તેમજ ગઢડા મધ્યનાં ૧૦માં વચનામૃતમાં પણ સ્વામીએ તત્ત્વજ્ઞાનથી ભરેલા પ્રશ્નો પૂછ્યા છે. આ પ્રમાણે વચનામૃત ગ્રંથમાં ઉપર્યુક્ત પ્રશ્નોતરીઓમાં મુક્તાનંદ સ્વામીમાં વિદ્વત્તા, શાસ્ત્રજ્ઞતા અને તાર્કિકતાનો ત્રિવેણી સંગમ જોવા મળે છે.

## સ્વામીનો વાણી-વિવેક

હે ભક્તો ! સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી અત્યંત તેજસ્વી, વિદ્વાન તેમજ શાસ્ત્રજ્ઞ હોવા છતાં એમનો એક વિરલ ગુણ એટલે એમનો વાણી–વિવેક; જે એમના નિર્માનીપણાનો સૂચક છે. વચનામૃત ગ્રંથના શ્રોતાઓમાંથી સૌથી વધુ

૯૨ પ્રશ્નો કોઈએ પણ પૂછ્યા હોય તો એ મુક્તાનંદ સ્વામી છે. તે પ્રશ્નોનો અભ્યાસ કરતાં મુક્તાનંદ સ્વામીનો વાણી–વિવેક જોવા મળે છે. મોટા ભાગે જ્યારે જ્યારે તેઓ શ્રીહરિને પ્રશ્ન પૂછે ત્યારે હાથ જોડીને પૂછે અને બહુધા સંબોધનમાં પણ 'હે મહારાજ !' કહે છે.

હે ભક્તો ! ગઢડા મધ્ય પ્રકરણનાં પ્રથમ વચનામૃતમાં શ્રીહરિએ પ્રશ્ન–ઉત્તર કરવાની આજ્ઞા કરતાં મુક્તાનંદ સ્વામીએ હાથ જોડીને નમસ્કાર કરીને પ્રશ્ન પૂછ્યો જે, 'હે મહારાજ ! મોહનું શું રૂપ છે ?' ગઢડા મધ્યનાં ૨૮માં વચનામૃતમાં પણ મુક્તાનંદ સ્વામીએ હાથ જોડીને કહ્યું જે, 'હે મહારાજ ! અમારે પણ એ જ નિશ્ચય રાખવો છે.' ઘણીવાર શ્રીહરિ જે વાત કરે એ સીધી સમજાય એવી ન હોય ત્યારે પણ જરાય આકળા–ઉતાવળા થયા વિના અત્યંત વિવેકથી સ્વામીએ પ્રશ્ન પૂછીને પોતાની જિજ્ઞાસા સંતોષી છે.

હે ભક્તો ! વરતાલનાં ૧૧માં વચનામૃતમાં સ્વામીએ પ્રશ્ન પૂછ્યો: "હે મહારાજ ! જીવ તો અવિનાશી કહ્યો છે, તેનો નાશ કેમ જાણવો ?" તેમજ લોયા પ્રકરણ ૧૦ની સંતો સાથેની પ્રશ્નોત્તરીમાં પણ મુક્તાનંદ સ્વામીનો વિવેક છલકાઈ આવે છે. આ સિવાય સ્વામીનાં જીવન દર્શનમાં પણ ઘણા પ્રસંગોમાં વાણી–વિવેક અને નિર્માનીતા જોવાં મળે છે, એ આપણે આ પુસ્તકના આગળના ભાગે જાણીશું ને વાંચીશું.

## શ્રીહરિના મુખે ઉત્તર-શ્રવણની ઈચ્છા

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામી એક વિદ્વાન જ નહિ, પરંતુ સાથોસાથ એક આદર્શ સાધક પણ હતા. તેથી સાધના–માર્ગમાં ઘણું–બધું જાણતા હોવા છતાં શ્રીહરિના મુખે ઉત્તર સાંભળવાની ઈચ્છા રહેતી હતી. જેથી પોતે જે જાણતા હોય કે આચરતા હોય એમાં હજીયે જો કંઈક કચાશ રહી જતી હોય તો તે ટાળીને આગળ વધી શકાય.

સ્વામી અધ્યાત્મ માર્ગે ખૂબ આગળ વધેલા હતા. તેઓ શ્રીહરિનો સિદ્ધાંત–અભિપ્રાય પણ જાણતા હતા. સ્વયં શ્રીહરિ પણ જેમના ઉત્તર માન્ય રાખતા હતા, છતાં એવું પણ જોવા મળે છે કે જે વાત જાણતા હોવા છતાં તેઓ

સાધનામાર્ગમાં વિશેષ સ્પષ્ટતા થાય અને કંઈક નવું જાણવા મળે, તે હેતુસર તે વાત સાંભળવાની જિજ્ઞાસા સેવતા. જેમકે.....

ગઢડા મધ્ય પ્રકરણનાં ૧૦માં વચનામૃતમાં અચિંત્યાનંદ સ્વામીએ પૂછ્યું કે, 'ભગવાનમાં પ્રીતિ થવામાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ત્રણમાં અધિક શું ?' તેનો વિસ્તારથી ઉત્તર આપતાં શ્રીહરિએ એ ત્રણેની વ્યાખ્યા કરી. ત્યારે મુક્તાનંદ સ્વામીએ જ પૂછ્યું કે, 'એ ત્રણમાંથી કોને વિશે અધિક દૈવત આવ્યું એ સમજાયું નહિ.' ત્યારે શ્રીહરિએ કહ્યું કે, 'ભક્તિને વિશે દૈવત ઘણું છે, અને જ્ઞાન-વૈરાગ્યમાં દૈવત તો છે, પણ ભક્તિ જેટલું નથી.'

હે ભક્તો ! જે ગાયક હોવાની સાથે કવિ પણ હોય તેને સાક્ષરો 'વાગ્ગેયકાર' કહીને નવાજે છે. વચનામૃતનો અભ્યાસ કરતાં એ પણ સ્પષ્ટ થાય છે કે, 'સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી એવા ઉત્તમ વાગ્ગેયકર હતા; એના માટે ઉદાહરણ જોઈએ. વચનામૃત ગ્રંથના આરંભમાં જ મુક્તાનંદ સ્વામીની ગાનકલા નિમિત્ત બને છે. શ્રીજી મહારાજ પોતે પરમહંસોની જાયગામાં પધાર્યા; જ્યાં મુક્તાનંદ સ્વામી પ્રેમમગ્ન થઈ કીર્તનો ગાતા હતા. પછી શ્રીહરિએ ત્યાં ગઢડા પ્રથમનું પહેલું વચનામૃત કહ્યું.

હે ભક્તો ! ગઢડા પ્રથમનાં ૭૧માં આરંભમાં વર્ણન આવે છે કે, 'મુક્તાનંદ સ્વામી આદિક સાધુ વાજિંત્ર વજાડીને કીર્તન ગાતા હતા. તેમજ લોયાનાં બીજાંમાં પણ આવું જ વર્ણન શરૂઆતમાં છે કે, 'મુક્તાનંદ સ્વામી આદિક જે પરમહંસ તે દૂકડ, સરોદા, સતાર, મંજીરાદિક વાજિંત્રને વજાડીને કીર્તનનું ગાન કરતા હતા. આમ, તેઓ માત્ર ગાયક જ નહિ, વાદક પણ હતા અને નૃત્યકાર પણ હતા ! સંગીતવિદ્યાની સાથે સ્વામી સાહિત્યમાં પણ પ્રવીણ હતા. આ દરેક કલાનો વિસ્તાર આ પુસ્તકનું વાંચન કરવાથી વિશેષ જાણવા મળશે. તેમજ વચનામૃતનો અભ્યાસ કરતા સર્વ સાધકો માટે મુક્તાનંદ સ્વામીનું જીવન ચિરંતન કાળ સુધી આદર્શ મુમુક્ષુતાની દીવાદાંડી સમાન બની રહેશે.





## મહામુક્ત મુક્તાનંદ સ્વામી એટલે ?

''નમું મુક્તાનંદ પ્રભુપદ તણા સેવક સદા,
મહાશાસ્ત્રાભ્યાસી વ્યરથ ન ગુમાવે પળ કદા;
કરે વાર્તા જયારે સુર સરિત ધારા સમ વહે,
કુસંગી સત્સંગી સકળ જન ચિત્તે અતિ ચહે.''

– હ.મૃત : ૧/૧/૩૩

મુક્તાનંદ સ્વામી એટલે અક્ષરધામના અનાદિ મહામુક્ત !
મુક્તાનંદ સ્વામી એટલે સૌરાષ્ટ્રના અમરાપુરમાં પ્રગટ થયેલા અક્ષરમુક્ત !
મુક્તાનંદ સ્વામી એટલે રામાનંદ સ્વામીના અગ્રગણ્ય કૃપાપાત્ર શિષ્ય !
મુક્તાનંદ સ્વામી એટલે અંત:શત્રુઓને આધીન રાખતા જીતેન્દ્રિય મુક્ત !
મુક્તાનંદ સ્વામી એટલે સ્વયં શ્રીહરિ જેમનામાં ગુરુભાવ રાખતા એવા સંત !
મુક્તાનંદ સ્વામી એટલે સત્સંગની મા તરીકેનું બિરુદ મેળવનાર સદ્‌ગુરુ સંત !
મુક્તાનંદ સ્વામી એટલે પ્રગટ પ્રભુનો પૂર્ણ રાજીપો પ્રાપ્ત કરેલ આદર્શ સંત !
મુક્તાનંદ સ્વામી એટલે સાધુતાના સર્વે સદ્‌ગુણો પ્રાપ્ત કરનાર સાધક સંત !
મુક્તાનંદ સ્વામી એટલે નિર્મોહી-નિર્માની-નિસ્વાદી-નિષ્કામી-નિર્લોભી સંત !

## સ્વામીનું પ્રાગટ્ય અને બાળપણ

**હે વહાલા સંતો–ભક્તો ! વચનામૃત ગ્રંથના સંપાદક ચાર સદ્‌ગુરુ સંતોમાંથી પ્રથમ મહામુક્ત મુક્તાનંદ સ્વામીના જીવન વિષે, વ્યક્તિત્વ વિષે અને સંપ્રદાયમાં એમના યોગદાન વિષે જાણીએ ને માણીએ.**

સૌરાષ્ટ્રમાં આવેલ અમરેલી જિલ્લાના મોટી કુકાવાવ તાલુકાના અમરાપર નામના ગામમાં આનંદરામનાં ધર્મપત્ની રાધાદેવીની કૂખે સંવત્ ૧૮૧૪ પોષ સુદ સાતમ તા. ૧૬–૧–૧૭૫૮ ના પવિત્ર દિવસે મહામુક્ત મુક્તાનંદ સ્વામીનો જન્મ થયો હતો.

હે ભક્તો ! તેઓના પિતા મૂળ તો બ્રાહ્મણ હતા, પણ અમરાપર ગામના ચોરામાં અમરેલીના મહાપુરુષ મૂળદાસ બાપુની આજ્ઞાથી શ્રીરામ ભગવાનની સેવા–પૂજા કરતાં હોવાથી રામાનંદી સાધુ તરીકે ઓળખાતા હતા. સ્વામીનું નામ મુકુંદદાસ હતું. તેઓ બચપણથી જ રામાયણ ગ્રંથના પ્રખર અભ્યાસી હતા તેમજ અતિ સ્વરૂપવાન પણ હતા. મુકુંદદાસનો કંઠ અત્યંત મધુર હોવાથી, તેમના મુખેથી રામચરિત માનસની ચોપાઈઓ સાંભળવી એ જીવનનો અનેરો લ્હાવો મનાતો હતો !

હે ભક્તો ! બાર વર્ષના નાના એવા મુકુંદદાસ રામાયણની કથાનું પોતાની કાલીઘેલી ભાષામાં શ્રવણ કરાવતા હોય ત્યારે રામજી મંદિરમાં બાઈઓ અને ભાઈઓની ત્યાં ભીડ જામતી હતી. સ્વામીની ગળથુથીમાં જ અધ્યાત્મનું ભાતું પીરસાયેલ હતું; કારણ કે અમરેલીના મહાન સંત મૂળદાસજીની સત્રછાયામાં જ તેમનો ઉછેર થયેલ હતો.

હે ભક્તો ! મૂળદાસ બાપુ જેવા મહાપુરુષની કૃપાથી મુકુંદદાસના અંતરમાં નાનપણથી જ મુમુક્ષુતા પાંગરી હતી. તેમનું મન સહજ વિતરાગી સંત જેવું હતું. તેઓએ મનોમન નક્કી કરેલ કે, ''આજીવન બ્રહ્મચર્ય પાળી પ્રભુને રાજી કરી લેવા અને આ સંકલ્પને સિદ્ધ કરાવે એવા સદ્ગુરુને શોધી એમને જીવન સમર્પિત કરી દેવું.

હે ભક્તો ! ભગવાનની ભક્તિમાં ગુલતાન મુકુંદદાસને સંસારનાં બંધનો ગમતાં નહોતાં, પરંતુ તેમની મરજી ન હોવા છતાં એ જમાનાની રીત–રિવાજ મુજબ નાની ઉંમરમાં જ એને પરણાવી દીધા હતા. તેમના પત્નીનું નામ જમનાબાઈ હતું. પરંતુ લગ્ન પછીય પણ તેમણે અખંડ સંયમ રાખ્યો હતો. મુકુંદદાસનું હૈયું તો હાથ ઝાલી ભવસાગર પાર કરાવે એવા સદ્ગુરુની શોધ માટે તલસતું હતું.

હે ભક્તો ! એક સમયે મુકુંદદાસ જડભરતની કથા સાંભળીને જાણીજોઈને ગાંડા જેવો વ્યવહાર કરવા લાગ્યા. ! હસતા જાય, નાચતા જાય, ગાતા જાય અને બોલતા જાયઃ 'રામ ઘટાઘટ મહુડી ફૂલી.....'' સ્વામીના

મુખેથી નીકળેલા આ મહાવાક્યનો અર્થ અદ્‌ભૂત હતો. અર્થાત્ ''ઘટોઘટમાં રામ બિરાજે છે. કર્તા–હર્તા એ જ છે, છતાં મોહરૂપી મદીરાનું પાન કરી લોકો 'મેં કર્યું, મેં કર્યું એમ મિથ્યાભિમાનથી ફૂલાતા ફરે છે.' પરંતુ પરમહંસનાં વચનના મર્મને સમજવાની શક્તિ પામર સંસારીઓમાં ક્યાંથી સંભવી શકે ?''

હે ભક્તો ! મુકુંદદાસનું ગાંડપણ નથી, એવું અમરાપરના દરબાર જાણી ગયા. તેથી તેમને સર્વે હકીકત જણાવી. પછી તેમણે માતા–પિતા અને પત્ની પાસેથી રજા અપાવી. તેથી મુકુંદદાસ સદ્‌ગુણી સદ્‌ગુરુની શોધમાં નીકળી ઝાલાવાડ પંથકના ધ્રાંગધ્રા શહેરમાં આવ્યા. ત્યાં એક દ્વારિકાદાસને ગુરુ બનાવ્યા. પણ ત્યાં સંતોષ ન મળતાં વાંકાનેરના કલ્યાણદાસ પાસે ગયા. ત્યાંતો તેનો બહારનો આડંબર જોઈ અંજાઈ ગયા, પણ અંતે એનો પણ ત્યાગ કરી સરધારમાં તુલસીદાસ પાસે આવ્યા. પરંતુ ત્યાંય પણ સાચી શાંતિ ન મળી. પછી સદ્‌ગુરુ રામાનંદ સ્વામીને સરધારમાં મળ્યા ને અંતરમાં હા પડી ગઈ અને ઘાટ–સંકલ્પો બંધ થઈ ગયા ! તેથી મુકુંદદાસ તેઓને સમર્પિત થઈ ગયા.

## વિદ્યાભ્યાસ માટે ભુજ મોકલ્યા

હે ભક્તો ! મુકુંદદાસમાં ઉત્તમ મુમુક્ષુતા જોઈને રામાનંદ સ્વામીએ સંવત્ ૧૮૪૨ના તા. ૩–૨–૧૭૮૬, વસંતપંચમીના પવિત્ર દિવસે લોજ ગામમાં ભાગવતી દીક્ષા આપી 'મુક્તાનંદ' નામ રાખ્યું. તે સમયે સ્વામીની ઉંમર ૨૮ વર્ષની હતી. સંત બન્યા પછી રામાનંદ સ્વામીની અનુવૃત્તિમાં રહેવાથી મુક્તાનંદ સ્વામી ઉપર સ્વામી બહુ જ રાજી રહેતા હતા.

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીમાં અપાર મેધાશક્તિ જોઈને ગુરુદેવે તેમને સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરવા માટે ભૂજ નગર મોકલ્યા. ત્યાં મોટા દેવાનંદ સ્વામી સાથે ધર્મશાળામાં રહીને પાઠશાળામાં ભણવા જતા અને ગામમાં

ઝોળી માગી ભિક્ષાટન કરી જીવન નિર્વાહ કરવા લાગ્યા. ત્યાં ભણવાનું સારું હતું, પણ ધર્મશાળામાં અનેક તીર્થવાસીઓ આવતા હોવાથી ભણવામાં એકાગ્રતા થતી નહિ, તેથી વાંચવામાં સુખ આવતું નહિ.

હે ભક્તો ! દરરોજના નિત્યક્રમ મુજબ મુક્તાનંદ સ્વામી સુંદરજી સુતારના ઘેર ભિક્ષા માગવા ગયા. ત્યારે તેમનાં બા ભિક્ષા આપવા આવ્યાં અને પૂછ્યું: ''સંતો ! કાંઈ કામકાજ હોય તો જણાવજો.'' ત્યારે સ્વામીએ કહ્યું: ''માજી ! રહેવાનું તો સારું છે, પણ તીર્થવાસીઓના ઘોંઘાટના કારણે વાંચવામાં ને ગોખવામાં વિક્ષેપ થાય છે, માટે એક ઓરડી અપાવો તો એકાગ્રતાથી ભણી શકાય.''

હે ભક્તો ! એ સમયે સંતોને કામકાજ પ્રસંગે અને કથા–વાર્તા નિમિત્તે સ્ત્રીઓ સાથે બોલવાની રામાનંદ સ્વામીએ છુટ્ટી આપેલ હોવાથી સંતો બોલતા હતા. સ્વામીના કહેવાથી માજીએ પોતાના પુત્ર સુંદરજી અને હીરજીભાઈને વાત કરી એક ઓરડો રહેવા માટે આપ્યો. તેથી સંતો શાંતિથી રહીને ભણવા લાગ્યા.

હે ભક્તો ! સુંદરજીભાઈના ઓરડામાં રહીને ભણતા સ્વામીનું વર્તન જોઈને આજુબાજુમાં રહેતા મુમુક્ષુઓનાં મન સ્વામી પ્રત્યે ખેંચાવા લાગ્યા ! તેઓ સ્વામી પાસે બેસવા આવવા લાગ્યા, એટલે સ્વામી કથા–વાર્તા કરવા લાગ્યા. સ્વામીની વર્તન–સભર વાણી સાંભળીને સ્વામીને માનનારો સમુદાય વધવા લાગ્યો. સ્વામી પણ ભણવામાંથી થોડો સમય કાઢીને સત્સંગ કરાવવા લાગ્યા અને રામાનંદ સ્વામીનો મહિમા કહેવા લાગ્યા.

## ભૂતોને બદરિકાશ્રમ મોકલ્યાં

હે ભક્તો ! એવા સમયમાં એક એવો પ્રસંગ બન્યો કે, મુક્તાનંદ સ્વામીને માનનારો સમુદાય વધી ગયો. બન્યું એવું કે, સ્વામીનાં ઓરડાની બાજુમાં એક પીપળો હતો. તે પીપળા નીચે બેસીને સ્વામી વાંચન કરતા અને ભજન કરતા. તથા સાંજે સંધ્યા સમય થાય એટલે શ્રીકૃષ્ણ પ્રભુની આરતી કરીને ધૂન–કીર્તન કર્યા બાદ ઓરડામાં સૂવા જતા. આ સ્વામીનો અને દેવાનંદ સ્વામીનો નિત્યક્રમ હતો.

હે ભક્તો ! એક દિવસ દરરોજના નિયમ પ્રમાણે સાંજના સમયે પીપળા નીચે બેસી સ્વામી અને દેવાનંદ સ્વામી આરતી વગેરે કરતા હતા. ત્યાંતો ભૂતોનું એક ટોળું ત્યાં આવ્યું ! ત્યારે મુક્તાનંદ સ્વામીએ તેના સામી કરુણામય દૃષ્ટિ કરી એટલે ભૂતોનાં અંતરમાં શાંતિ થઈ ગઈ ! તેથી તુરંત તેઓ સ્વામીને પગે લાગીને કરગરતા કહેવા લાગ્યા: ''આપ કોઈ મહાપુરુષ છો. આપનાં દર્શનથી અમારાં અંતર વગર અગ્નિએ સળગતાં હતાં, તે મટી ગયાં છે અને અપાર શાંતિ થઈ ગઈ છે, માટે આપ અમોને આ ભૂતયોનિમાંથી છોડાવો, આટલી અમારા પર દયા કરો.''

હે ભક્તો ! ભૂતોની વિનંતી સાંભળી દયાળુ સ્વામીએ હાથમાં પાણી લઈ ભગવાનને અને રામાનંદ સ્વામીને યાદ કરી ભૂતો ઉપર તે જળ છાંટ્યું અને બોલ્યા: ''તમે બધાને હું બદરિકાશ્રમમાં મોકલું છું, ત્યાં રહીને તમો તપ કરજો અને જે પાપ કરવાથી તેમજ આસક્તિ રાખવાથી તમોને આ ભૂતયોનિ પ્રાપ્ત થઈ હતી, તેના માટે પસ્તાવો કરી ભગવાનનું ભજન કરજો, તેથી ભગવાન તમારું ભલું કરશે.'' સ્વામી આવું બોલ્યા એટલે સર્વે ભૂતો સ્વામીને નમસ્કાર કરી આભારના રૂપમાં આંખોમાંથી આંસુઓ પાડતાં પાડતાં અગ્નિરૂપ થઈ અદૃશ્ય થઈ ગયા ! આ દૃશ્ય દૂર ઉભેલાં બહેનો અને ભાઈઓએ નજરોનજર જોયું; તેથી તેઓ પણ સ્વામીને પ્રણામ કરવા લાગ્યાં.

## ભુજમાં સત્સંગના શ્રીગણેશ

હે ભક્તો ! સવાર પડતા તો ભુજમાં વાયુવેગે વાત ફેલાઈ ગઈ કે, ''લોજપુરથી મુક્તાનંદ નામના કોઈ સંત ભણવા માટે આવ્યા છે અને તેમણે પીપળામાંથી ભૂતોને ભગાડ્યાં છે. એ નજરો-નજર એ ફળીયામાં રહેતાં સ્ત્રી-પુરુષોએ જોયેલ છે.'' પછી તો બુભુક્ષુ અને મુમુક્ષુ સૌ કોઈ સ્વામી પાસે આવવા લાગ્યા અને સ્વામીનો સમાગમ કરીને સેવા કરવા લાગ્યા.

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીના સમાગમના કારણે ભુજના રાજાના ઉપ–દીવાન સુંદરજીભાઈ અને તેના ભાઈ હીરજીભાઈ વગેરે તેનો પરિવાર સત્સંગી થયો. એ સિવાય ગંગારામ મલ્લ, વાલજી મલ્લ, વલ્લભ ઠક્કર વગેરે મુમુક્ષુઓ પંચવર્તમાન ધારણ કરી સત્સંગી બન્યા.

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીએ દીક્ષા લીધા બાદ ભૂજનગરમાં ભણવા જઈ વિદ્યાભ્યાસ કરતા કરતા ઉદ્ધવ–સંપ્રદાયના ઊંડા પાયા નાખી સત્સંગીઓનો એક આદર્શ સમાજ તૈયાર કર્યો. એટલે કહેવું હોય તો એમ ચોક્કસપણે કહી શકાય કે, ભુજ સત્સંગ સમાજના સંસ્થાપક જો કોઈને કહેવા હોય તો સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીને જરૂર કહી શકાય. એમાં કોઈ પણ ના ન કહી શકે. કચ્છ–ભુજ સત્સંગ સમાજનો યશ મુક્તાનંદ સ્વામીના ફાળે જાય છે.

હે ભક્તો ! આજે આખા સત્સંગમાં કચ્છ–ભુજનો સત્સંગ આદર્શ ગણાય છે. તે ભજનની દૃષ્ટિએ આદર્શ ગણાય છે. તે ભજનની દૃષ્ટિએ આદર્શ કહી શકાય છે, ધર્મની દૃષ્ટિએ આદર્શ કહી શકાય છે, મંદિરે નિયમિત જવાનું જ એ દૃષ્ટિએ આદર્શ કહી શકાય છે, કથા–વાર્તા સાંભળવાની દૃષ્ટિએ આદર્શ કહી શકાય છે અને દાન–ધર્માદાની દૃષ્ટિએ પણ આદર્શ કહી શકાય છે. પરંતુ આ સર્વેનાં મૂળમાં જોવાં જઈએ તો પાયાના પથ્થરરૂપ મુક્તાનંદ સ્વામી બનેલા છે, એ કચ્છી સત્સંગીઓએ ક્યારેય ન ભૂલવું જોઈએ.

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીની સીધી, સરલ, સાદી છતાં સચોટ અને મર્મવેધક વાતોની ધારી અસર થાય છે, તેનો આ બેનમૂન પુરાવો છે. તેથી તો સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે, ''મુક્તાનંદ સ્વામી કથા કરતા હોય અને બે હજાર માણસોની સભા બેઠી હોય તોપણ સર્વેના સંકલ્પના સમાધાન થઈ જતા.'' આવી તાકાત સ્વામીની વાણીમાં હતી. તેમજ સ્વામીમાં અંતર્યામી શક્તિ પણ હતી કે, સભામાં બેઠેલા સૌનાં મનના સંકલ્પ જાણીને એ પ્રમાણે કથા–વાર્તા કરતા.

હે ભક્તો ! સદ્‌ગુરુ રામાનંદ સ્વામીની આજ્ઞાથી સંસ્કૃત સાહિત્યનો અભ્યાસ કરવા ગયેલા મુક્તાનંદ સ્વામીએ ટૂંક સમયમાં જ સંસ્કૃત વ્યાકરણ, સાહિત્ય, કાવ્ય શાસ્ત્ર, સંગીત શાસ્ત્ર અને યોગશાસ્ત્રમાં પૂર્ણ પ્રભુત્વ

પ્રાપ્ત કરી લીધું ! પછી વિદ્યાગુરુની રજા લઈ સ્વામી નવા થયેલા ઉદ્ધવ સંપ્રદાયના આશ્રિતોનો સંઘ સાથે લઈ ભુજ નગરથી નીકળ્યા અને ટુણેથી વહાણમાં બેસી જોડિયા બંદરે ઊતર્યા.

હે ભક્તો ! ભુજના નવા સત્સંગીઓને લઈને મુક્તાનંદ સ્વામી જોડિયા બંદરેથી ચાલ્યા તે લોજ પધાર્યા. તે સમયે રામાનંદ સ્વામી સંતો-ભક્તોની સભામાં કથા કરતા હતા. મુક્તાનંદ સ્વામીએ અને દેવાનંદ સ્વામી વગેરે સત્સંગીઓએ રામાનંદ સ્વામીને દંડવત પ્રણામ કર્યા. ઘણા સમયથી ગુરુ-શિષ્ય મળ્યા ન હતા, તેથી મુક્તાનંદ સ્વામીની આંખોમાં હર્ષનાં આંસુઓ વહેવાં લાગ્યાં. પછી મુક્તાનંદ સ્વામીએ વિદ્યાભ્યાસ વિષે વાત કરી અને નવા સત્સંગીઓની ઓળખાણ કરાવી.

## મુક્તાનંદ સ્વામી મંડળધારી

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામી જેવા અધ્યાત્મ માર્ગમાં અગ્રેસર હતા, એવા જ વ્યવહાર માર્ગમાં પણ અગ્રગણ્ય હતા. સ્વામી ભણીને આવ્યા એટલે ગુરુવર્ય રામાનંદ સ્વામી અનેક ગામડાંઓમાં સદાવ્રત ચલાવતા હતા, તેઓની સંપૂર્ણ જવાબદારી તેમણે મુક્તાનંદ સ્વામીને સોંપી. સદાવ્રતો વ્યવસ્થિત ચાલતા જોઈને રામાનંદ સ્વામી ખૂબ જ રાજી થયા તેથી વહીવટની સાથે અધ્યાત્મની જવાબદારી પણ સ્વામીને સોંપવામાં આવી.

હે ભક્તો ! રામાનંદ સ્વામીને ત્યાગી શિષ્યો ઘણા હતા. વર્ણીપ્રભુ પ્રથમ વખત લોજ પધાર્યા ત્યારે ૫૦ સંતો ત્યાં હતા. બીજા સંતો અમુક ભુજમાં રામાનંદ સ્વામી સાથે હતા અને અમુક સંતો ગામડાંઓમાં સત્સંગ પ્રચાર માટે અને અમુક સદાવ્રતો દેવા માટે ગયેલા હતા. રામાનંદ સ્વામીને ફક્ત ૫૦ સંતો જ ન હતા; કારણ કે ચરિત્રોના ગ્રંથોમાં એવું લખાયું છે કે, 'ફરેણી ગામમાં એક દિવસમાં જ શ્રીજી મહારાજે પોતાના ૬૦ ગુરુભાઈઓ સંતોને એક ખાટલામાં ક્રમશઃ સુવડાવી ધામમાં મોકલી દીધા હતા અને ૧૨ ગુરુભાઈઓને પોતાની સાથે રાખ્યા હતા. એ સિવાય રઘુનાથદાસ, જાનકીદાસ વગેરે ઘણા સાધુઓ સંપ્રદાયથી વિમુખ થઈ ગયા હતા.

હે ભક્તો ! આ આંકડો જોતા ખ્યાલ આવે છે કે, 'ઉદ્ધવ સંપ્રદાયમાં સ્વામીના ૮૦ ઉપરાંત સંતો હતા. આ બધા સંતોમાં રામાનંદ સ્વામીના પ્રથમ શિષ્ય રામદાસ સ્વામી વગેરે ઘણા સંતો મુક્તાનંદ સ્વામી કરતાં ઉંમરે અને દીક્ષામાં બન્ને રીતે મોટા હતા; તોપણ રામાનંદ સ્વામીએ સૌ સંતોના ઉપરી મુક્તાનંદ સ્વામીને બનાવ્યા અને કહ્યું: ''મુક્તાનંદજી ! આજથી અમો તમને મંડળધારી મહંત બનાવીએ છીએ. આ લોજપુરના આશ્રમની અને આ દરેક સંતોને સાચવવાની જવાબદારી અમો તમને સોંપીએ છીએ. આ દરેક સંતોને કથા-વાર્તા દ્વારા એના ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય અને ભક્તિનું પોષણ કરાવજો અને તમારામાં જેવા સાધુતાના સદ્‌ગુણો છે, એવા સદ્‌ગુણો એ સંતોમાં પણ આવે, એના માટે તમો પ્રયત્ન કરજો.''

હે ભક્તો ! લોજ આશ્રમની સંપૂર્ણ જવાબદારી અને સમગ્ર સંતોની જવાબદારી મુક્તાનંદ સ્વામીને સોંપીને રામાનંદ સ્વામી સત્સંગ વિચરણ માટે ગામડાંઓમાં વિચરણ કરતા કરતા કચ્છ-ભુજ પધાર્યા અને ત્યાં કથા-વાર્તા કરીને હરિભક્તોના અધ્યાત્મનું પોષણ કરવા લાગ્યા. ત્યાં મુક્તાનંદ સ્વામીએ સત્સંગ કરાવેલ હોવાથી ભુજના ભક્તો રામાનંદ સ્વામીનો અતિ મહિમા સમજી સેવા કરવા લાગ્યા અને સ્વામીના મુખથી કથા-વાર્તા સાંભળી પોતાનાં જીવનમાં રહેલાં ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય અને ભક્તિનું પોષણ કરીને રામાનંદ સ્વામીનો રાજીપો રળવા લાગ્યા.

હે ભક્તો ! કચ્છ-ભુજના નવા થયેલાં સત્સંગીઓ બાઈઓ અને ભાઈઓની વિનય-વિવેક ભરેલી વાણી સાંભળીને, અનન્ય દાસ બનીને સેવા કરવાની રીત જોઈને, ધર્મ-નિયમ સાથે સત્સંગની દૃઢતા જોઈને અને સંતો પ્રત્યેનો મહિમા જોઈને સદ્‌ગુરુ રામાનંદ સ્વામી આનંદિત થકા ભરસભામાં સૌની વચ્ચે બોલી ઊઠ્યા: ''વાહ મારા મુક્તાનંદ, મુક્તાનંદે તો ભુજનગરમાં સત્સંગના ઉત્તમ છોડ તૈયાર કરી દીધા છે ! આવા સાધુ થકી જ સત્સંગ વધે છે અને સાચા સત્સંગીઓ તૈયાર થાય છે.''

હે ભક્તો ! રામાનંદ સ્વામી ભુજમાં ઘણા મહિના સુધી રહ્યા હતા અને અવાર-નવાર લોજના સમાચાર, પત્ર દ્વારા મેળવતા હતા. લોજથી પણ સંતોના પત્રો સ્વામી ઉપર આવતા હતા અને તેમાં સંતો લખતા હતા:

‘‘ગુરુદેવ ! આપ મુક્તાનંદ સ્વામીને વહીવટ અને સંતો બધું જ સોંપીને ગયા છો, તેથી સ્વામી આખા સોરઠના સત્સંગને તેમજ દરેક સંતોને ખૂબ જ સાચવે છે, માટે અહીંની ચિંતા આપ કરશો નહિ.’’

## સાધુઓને સાચવવા એટલે.....

હે ભક્તો ! સંતોના આ પ્રકારના પત્રો વાંચીને રામાનંદ સ્વામીના શરીરમાં રહેલાં સાડા ત્રણ કરોડ રૂવાડાં આનંદથી પુલકીત થઈ જતાં, ત્યારે વિશાળ સભામાં પણ મુક્તાનંદ સ્વામીની પ્રશંસા કર્યા વિના રામાનંદ સ્વામીથી રહેવાતું નહિ. એમાંય પણ સોરઠ પ્રદેશથી જ્યારે મયારામ ભટ્ટ, પર્વતભાઈ કે લાલજી સુતાર જેવા રામાનંદ સ્વામીના કૃપાપાત્ર ભક્તો ભુજ આવીને કહેતા કે, ‘‘ગુરુ મહારાજ ! આપે મુક્તાનંદ સ્વામીને ઉદ્ધવ સંપ્રદાયની જવાબદારી સોંપી છે, એ તો તમોએ અમારા ઉપર કરેલી કૃપા જ સમજીએ છીએ. મુક્તાનંદ સ્વામી તો સત્સંગીઓ અને સંતોને એવા સાચવે છે કે આપની ખોટ તો દેખાતી જ નથી.

હે ભક્તો ! પોતાના વિશ્વાસુ હરિભક્તો દ્વારા મુક્તાનંદ સ્વામીની પ્રશંસા સાંભળીને સ્વામીની આંખોમાં પ્રેમનાં આંસુઓ વહેવાં લાગતાં અને મનોમન મુક્તાનંદ સ્વામી ઉપર પોતાના અંતરનો રાજીપો વરસાવવા લાગતા. તેમજ પ્રભુને પ્રાર્થના કરીને કહેતા : ‘‘હે પ્રભુ ! દરેક સંપ્રદાયમાં અને દરેક ગુરુઓને મુક્તાનંદ જેવા આદર્શ શિષ્યો દેજો; જેના કારણે આદર્શ સત્સંગીઓ અને આદર્શ સાધુઓ તૈયાર કરી શકે.’’

હે ભક્તો ! એક સદ્‌ગુણી સાધુને સદ્‌બોધ આપીને તૈયાર કરવો એ તો કઠણ છે જ, પરંતુ તે સાધુને સાચવી રાખવો એ તો લોઢાના ચણા ચાવવા જેવું કઠણ છે ! એક હજાર હરિભક્તોને એક સંત સહેલાઈથી સાચવી શકે, પરંતુ કેવળ દસ સાધુને સહેલાઈથી સાચવવા અને એના અધ્યાત્મનું પોષણ કરવું એ તો નેવાનાં પાણી મોભે ચડાવવા જેવું કઠિન હોય છે !

હે ભક્તો ! સામાન્ય સાધુને સાચવવા પણ આટલા બધા કઠણ હોય તો પછી રઘુનાથદાસ અને જાનકીદાસ જેવા તોફાની સાધુઓને કેમ સાચવી શકાય ? છતાં પણ મુક્તાનંદ સ્વામી એને પણ સાચવી લેતા અને મંડળમાં

ભાગલાં પડવા ન દેતા ! નીલકંઠ પ્રભુ લોજ આશ્રમમાં રોકાયા પછી રઘુનાથદાસે પોતાના સ્વભાવ પ્રમાણે રામાનંદ સ્વામી આગળ વર્ણીપ્રભુની ઘણીવાર ફરિયાદ કરેલી છે, (કારણ કે તેમને નીલકંઠ પ્રભુ સાથે ફાવતું ન હતું.) પરંતુ મુક્તાનંદ સ્વામીની એકવાર પણ ફરિયાદ તેમણે કરી નહોતી. એનું કારણ એ હતું કે, મુક્તાનંદ સ્વામી એને મીઠી વાણી દ્વારા સમજાવીને શાંત રાખતા હતા.

હે ભક્તો ! શ્રીજી મહારાજે ગઢડા મધ્યના ૪૭માં વચનામૃતમાં કહ્યું છે કે, ''જે સંતની પાસે ચાર સાધુ રહેતા હોય, તેને જો મન દઈને માણસાઈએ રાખતાં આવડતું હોય તો તેની પાસે સાધુ રાજીપે રહે અને જેને સાધુને રાખતા આવડે નહિ, તેની પાસે સાધુ રહે પણ નહિ.''

હે ભક્તો ! આ પ્રભુની પરાવાણી પ્રમાણે જ મુક્તાનંદ સ્વામીમાં આ આવડક હતી. તેના કારણે તો લોજપુરમાં ૫૦ સંતો સ્વામીની આજ્ઞામાં રહેતા હતા અને એ પણ પ્રેમથી જ રહેતા હતા. એમાં પણ વિશેષતા એ છે કે સર્વે સંતો મુક્તાનંદ સ્વામીના ગુરુભાઈઓ હતા ! પોતાના ગુરુઓની આજ્ઞામાં રહેતા હોય એવા શિષ્યો તો ઘણી જગ્યાએ જોવા મળે છે અને સાંભળવા પણ મળે છે, પણ આટલા બધા સંતો એક ગુરુભાઈની આજ્ઞા પ્રમાણે રહેતા હોય એવા તો મુક્તાનંદ સ્વામી જેવા કોઈક વીરલા સંત જ હોય છે.

## સ્વામીને મારી નાખવા તૈયાર

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામી આટલા બધા સંતોને કંટ્રોલ કરતા એ કેવળ ખુશામત કરીને કે એને જોઈતી ચીજ-વસ્તુઓ આપીને નહિ, પરંતુ પોતાના જીવનથી સાધુનું જીવન પરિવર્તન કરી દેતા હતા. 'જીવનથી જીવન બને છે.' એ લોકોક્તિને મુક્તાનંદ સ્વામીએ આત્મસાત કરી બતાવી હતી. સ્વામી કેવળ પપળાવીને જ સંતોને રાખતા હતા એવું પણ નથી, ક્યારેક જરૂર પડે તો મીઠો ઠપકો આપીને પણ કહેતા હતા.

હે ભક્તો ! એકવાર મુક્તાનંદ સ્વામી એક ગામમાં સંતમંડળ સહિત પધાર્યા હતા. તે સમયે અમુક સંતો નદીએ ના'વા ગયેલા. નાઈને મંદિરમાં આવ્યા પછી એક અડબંગી સાધુ મંદિરની ઓસરીની કોર ઉપર ઊભા રહીને પગ ધોવા લાગ્યા. તેથી તેનું પાણી પાથરેલ મોદિયા ઉપર પડ્યું, તેના કારણે મોદિયું (પાથરણું) પલળ્યું. તે સમયે મુક્તાનંદ સ્વામી કથા કરતા હતા અને સત્સંગીઓ સાંભળતા હતા.

હે ભક્તો ! મોદિયું પલળતું જોઈને સ્વામી બોલ્યાઃ ''મહાપુરુષ ! પગ ધોવા માટે તાસ લાવી આપું ? આ મોદિયું પલળે છે, છતાં તમો પગ ધોવાનું બંધ કરતા નથી ? જરા વિવેક રાખો અને એક બાજુ જઈને પગ ધુવો. આવી ક્રિયા સાધુને શોભે નહિ. આપણી સર્વે ક્રિયાઓ તો એવી હોવી જોઈએ કે, સત્સંગી કે બિનસત્સંગી સૌને પોતાનાં જીવનમાં ઉતારવાની ઈચ્છા થાય અને આપણો ગુણ આવે. તમારી આ ક્રિયા જોઈને આ હરિભક્તો શું શીખશે ?''

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીનો આ મીઠો ઠપકો પેલા સાધુને સળગતા અંગારા જેવો વહમો લાગ્યો, તેને કારણે તે મનોમન સળગી ગયો. પછી તે ધૂંવાં-પૂંવાં થતો ત્યાંથી અંદરના ઓરડામાં જતો રહ્યો અને સ્વામીને મારી નાખવાનો મનસુબો કરવા લાગ્યો ! ને રાત્રીની રાહ જોઈને બીમારની જેમ સૂઈ ગયો.

હે ભક્તો ! રાત્રી થઈ અને સૌ સૂઈ ગયા પછી તે જાગ્યો અને મુક્તાનંદ સ્વામીને જગાડીને કહેવા લાગ્યોઃ ''સ્વામી ! મારે નાવા (સંડાસ) જાવું છે, તેથી તમો મારી સાથે ચાલો.'' ત્યારે સ્વામી કહેવા લાગ્યાઃ ''સાધુરામ ! અત્યારે અડધી રાત થઈ છે. આપણાથી અત્યારે બહાર ન જવાય. રાત્રીના સમયે સાધુ-સંતો બહાર નીકળે તે સારું ન કહેવાય; તેથી તમો મંદિરના વાડામાં જે પાયખાનું છે, ત્યાં જઈ આવો અને સૂઈ જાઓ. સવારે બહાર કૂવે જઈને સ્નાન કરી આવજો. તમે કહેશો તો સવારે હું તમારી સાથે આવીશ.''

હે ભક્તો ! સ્વામીએ મંદિરના વાડામાં પાયખાનામાં ખાડે જવાનું કહ્યું તો પણ પેલો સાધુ માન્યો જ નહિ અને ગામ બહાર કૂવા કાંઠે જ જવાનો આગ્રહ કર્યો. ત્યારે મુક્તાનંદ સ્વામીએ એ સાધુના મોઢા સામે જોયું તો

તેનો ચેહેરો ક્રોધથી લાલ થઈ ગયેલ હતો. તેની બોલી સાંભળીને તેમજ તે સાધુના ચહેરાના હાવ–ભાવ જોઈને સ્વામીને ખ્યાલ આવી ગયો કે, 'આ સાધુને ખરેખર ખાડે જવું નથી, પણ મારું ભવિષ્ય કરી નાખવા માટે જ મને ગામ બહાર લઈ જવાનો આગ્રહ કરે છે.''

હે ભક્તો ! પછી તે સાધુને સ્વામીએ પોતાની પાસે બેસાડીને મીઠી વાણી દ્વારા સદ્‌બોધ આપ્યો. તેથી પેલાનો ક્રોધ શાંત થઈ ગયો અને તે સૂઈ ગયો. સવાર થતાં જ તેમના મનમાં તુમુલ યુદ્ધ શરુ થઈ ગયું: ''અરે ! આજે રાત્રે મુક્તાનંદ સ્વામી જો મારી સાથે ગામ બહાર કૂવે ના'વા આવ્યા હોત તો મારાથી એક શ્રોત્રીય બ્રહ્મનિષ્ઠ સંતની હત્યા થઈ જાત અને એ પાપના કારણે અનંત જન્મો સુધી મારે યમપૂરીનાં દુઃખો ભોગવવાં પડત.''

હે ભક્તો ! આવો વિચાર આવતા તે ફફડી ગયો. અંદરથી ધ્રૂજી ગયો ! તુરંત મુક્તાનંદ સ્વામી પાસે આવીને ચરણમાં માથું રાખી પોક મૂકી રડતા–રડતા કહેવા લાગ્યો: ''સ્વામી ! જો તમે રાત્રે મારી સાથે કૂવા ઉપર આવ્યા હોત તો હું તમને કુવામાં નાખી મારી નાખવાનો હતો; મારો આ અપરાધ માફ કરો.'' ત્યારે સ્વામી બોલ્યા: ''હું તમને માફ કરું છું. તમને માન અને ક્રોધે વશ કરી લીધા હતા, તેથી તમને મને મારી નાખવાના વિચારો આવ્યા હતા.''

## મુક્તમુનિ અને મુક્તપતિનું મિલન

હે ભક્તો ! સંવત્ ૧૮૫૬ ની સાલના શ્રાવણ વદ છઠ્ઠનું પ્રભાત એટલે સોરઠ પ્રાંતના ભાવિક મુમુક્ષુઓના આત્યંતિક મોક્ષકાળના ઉદયનું પ્રભાત ! સૂરજ નારાયણ અને નીલકંઠરૂપ સૂર્યનાં કિરણો એક બની સોરઠની ધીંગી ધરાને અજવાળી રહ્યાં છે. જાણે કે સોરઠી સાધકોની સાધનાનો અંત આજે આવી ગયો માનીને પાંચમની રાત્રીએ પોતાનાં અંધારાં ત્વરિત ગતિએ ઉલેચ્યાં !

હે ભક્તો ! મોં સૂઝણું થતાં જ અનંત ધામના અધિપતિ બાળ સ્વરૂપે યોગીન્દ્રનો વેશ ધારણ કરી લાંબી અને સોનેરી જટાએ યુક્ત તેજસ્વી મુખાકૃતિવાળા અને તરુણ તનવાળા તપસ્વી નીલકંઠ વર્ણીરાજ તા. ૨૧–૮–

૧૭૯૯ ને બુધવારની વહેલી સવારે લોએજ (લોજ) ગામની વાવ ઉપર આવીને એક વેદિકા ઉપર મૃગચર્મ પાથરી પદ્માસનમાં બેસી ગયા.

હે ભક્તો ! તે સમયે સદ્‌ગુરુ રામાનંદ સ્વામીના શિષ્ય સુખાનંદ સ્વામી તે વાવે સ્નાન કરવા માટે આવ્યા. વર્ણીરાજને જોતા તેમને તપસ્વી જાણી પ્રણામ કર્યા અને આશ્રમમાં આવવા વિનંતી કરી, પરંતુ વર્ણીરાજે ના કહી. ત્યારે સુખાનંદ સ્વામીએ કહ્યું: ''હે બટુક બ્રહ્મચારી ! તમારા જેવા તપસ્વીનાં દર્શન અમારા મોટેરા સંત મુક્તાનંદજી બહુ જ ઈચ્છે છે. જો તમે ત્યાં નહિ આવો તો હું જઈને સ્વામીને વાત કરીશ એટલે તેઓ તમારાં દર્શન કરવા અહીંયાં જરૂર આવશે.''

હે ભક્તો ! આવું સાંભળીને નીલકંઠ પ્રભુ તરત ઊભા થયા અને સુખાનંદ સ્વામી સાથે આશ્રમની અંદર પધાર્યા. જ્યાં દૂરથી મુક્તાનંદ સ્વામીએ વર્ણીપ્રભુને જોયા ત્યાંતો સ્વામીનું શાંત મન ચંચળ બની ગયું ! તેથી સ્વામીએ મનોમન વિચાર્યું: ''મારું મન ગુરુવર્ય રામાનંદ સ્વામી સિવાય કોઈ પણ સામાન્ય વ્યક્તિને જોઈ ચલાયમાન ન થાય અને આજે આ બાળ યોગીને જોઈને કેમ વિચલિત થઈ ગયું હશે ?''

હે ભક્તો ! જેમ સાચો ઝવેરી સાચા હીરાને જોતા જ પારખી લે છે, તેમ મુક્તાનંદ સ્વામીએ પણ આશ્રમમાં પ્રવેશ કરતા બ્રહ્મચારીની ચાલ ઉપરથી જ પારખીને માપ કરી લીધું કે, 'આ કોઈ સામાન્ય વ્યક્તિ નથી. આ કોઈ અલૌકિક વિભૂતિ છે.' તુરંત સ્વામી સામા ચાલ્યા અને નાના એવા ૧૮ વર્ષના વર્ણીરાજનું સ્વાગત કરી વિનય-વાણી ઉચ્ચારી ક્ષેમકુશળ પુછી બેસવા માટે આસન આપ્યું. પણ વર્ણીરાજ આસન પર ન બેઠા, નીચે બેસી ગયા.

## સ્વામીનું સંપ્રદાયને સૌથી મોટું યોગદાન

હે ભક્તો ! આશ્રમવાસી સંતોને ખ્યાલ આવ્યો કે, 'કોઈ બાળ તપસ્વી પધાર્યા છે.' તુરંત સર્વે ત્યાં આવી ગયા અને વર્ણીપ્રભુને પગે લાગી તેઓની આસપાસ બેસી ગયા. બધા સંતોના અંતરમાં એક જ ભાવ જાગ્યો કે,

'આ વર્ણી જો આપણાં આશ્રમમાં રોકાઈ જાય તો તેઓ અને મુક્તમુનિ બન્ને જ્ઞાન નિધિના સંયોગથી આધ્યાત્મિક તત્વજ્ઞાનનો મહાસાગર રોજ હિલોળે ચડે અને તેમાં આપણે સૌ સ્નાન કરી આનંદ માણીએ.'

હે ભક્તો ! થોડી વાતચીતના અંતે બપોરના થાળનો સમય થતાં ઠાકોરજીને થાળ ધરી સહુ ઠાકોર જમાડી કથા સાંભળવા બેસી ગયા. ત્યાં મુક્તાનંદ સ્વામી પધાર્યા અને બપોરની કથા કરી. પછી વર્ણીરાજે વિચાર્યું: ''આ દોષનિધિ કળિકાળમાં પણ મુક્તાનંદ સ્વામી જીતેન્દ્રિય અને સદ્‌ગુણી સંત છે, પરંતુ સમાગમ કરવા યોગ્ય છે કે નહિ ? તે માટે તેમના જ્ઞાનની પરીક્ષા કરી લઉં.'' આમ વિચારી મુક્તાનંદ સ્વામીને પાંચ પ્રશ્ન પૂછ્યા અને સ્વામીએ પણ શાસ્ત્રોક્ત પ્રમાણે જીવ-ઈશ્વર-માયા-બ્રહ્મ અને પરબ્રહ્મ આ સર્વેના ભેદો કહી બતાવ્યાં !

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીના જવાબ સાંભળી નીલકંઠ પ્રભુને ખૂબ આનંદ થયો અને બોલ્યા: ''આવા જવાબ અમોને કોઈ આપી શક્યું નથી. તમારા ઉત્તર બરાબર છે. અમો ૭ વર્ષ ૧ માસ અને ૧૧ દિવસ સુધી વન-વિચરણ કરીને ૧૨ હજાર કિલોમીટરની લાંબી યાત્રા કરીને અહીંયાં આવ્યા છીએ. સાત વર્ષનો લાગેલો થાક અહીં ઉતરી ગયો છે. સાત વર્ષ સુધી અમો ઘણાં તીર્થોમાં ફર્યા છીએ, પણ તમારા જેવા નિર્મળ, નિષ્કપટ, દંભરહિત, સરળ અને સૌમ્ય સ્વભાવના સંતોને અમોએ ક્યાંય જોયા જ નથી. સ્વામી ! હવે અમે તમારી સાથે રહેવા ઈચ્છીએ છીએ.''

''નિર્મલ સંત દેખી મન મોરા, ઈહાં લલચાય ઠ્હરે નહીં ઓરા;
ઔર દેખે પંચવિષાય અનુરાગી, તુમ સમ દેખે નહીં કોઈ ત્યાગી.''

હે ભક્તો ! કોટિ કોટિ ધન્યવાદ છે મારા આદિ ગુરુદેવ મુક્તાનંદ સ્વામીને કે જેમણે પરબ્રહ્મ પરમાત્માને પણ પોતાની સાધુતાને કારણે વશ કરી લીધા. લોજમાં રોકી રાખ્યા ! એટલું જ નહિ, પરંતુ આદિનારાયણ મહાપ્રભુની આપણને ભેટ આપી ! કહેવું હોય તો એમ પણ કહી શકાય કે, મુક્તાનંદ સ્વામીનું સંપ્રદાયમાં મોટામાં મોટું યોગદાન જો કોઈ હોય તો તે છે સ્વયં સ્વામિનારાયણ ભગવાન !!

## સત્સંગના સ્તંભ મુક્તાનંદ સ્વામી

હે ભક્તો ! એક દિવસ મુક્તાનંદ સ્વામીએ વર્ણીપ્રભુને કહ્યું: ''બ્રહ્મચારીજી ! તમો અમારી ભેળા રહો છો એટલે ગુરુદેવની આજ્ઞા અનુસાર અમારા જેવો વેશ ધારણ કરો.'' તુરંત વર્ણીપ્રભુએ હા કહી. તેથી વાળંદને બોલાવી મોટી જટા ઉતરાવી, ધોતિયું પહેરાવી સરજુદાસ નામ પાડ્યું. પછી વર્ણીરાજને સૌ સરજુદાસ કહીને બોલાવવા લાગ્યા. પછી તો સરજુદાસ પ્રભુ આશ્રમમાં આદર્શ સેવક તરીકે ખૂબ સેવા કરવા લાગ્યા.

હે ભક્તો ! સરજુદાસ લોજમાં રોકાયા એટલે મુક્તાનંદ સ્વામી એમને આશ્રમના બધા નિયમો શીખવાડવા લાગ્યા અને ગુરુવર્ય રામાનંદ સ્વામીનો મહિમા કહેવા લાગ્યા. તે સાંભળી સરજુદાસ ગુરુનાં દર્શન કરવા ભુજ જવા તૈયાર થયા. પરંતુ મુક્તાનંદ સ્વામીએ કહ્યું: ''ગુરુની આજ્ઞા વિના ન જવાય. હું પત્ર લખીને પુછી જોઉં. હા કહે તો જજો.''

આ પ્રમાણે કહી મુક્તાનંદ સ્વામીએ રામાનંદ સ્વામીને પત્ર લખ્યો અને તેમાં વર્ણીરાજના તપનું વર્ણન લખ્યું તેમજ સદ્‌ગુણોનું પણ વર્ણન લખ્યું. પછી સ્વામીએ વર્ણીપ્રભુને પણ પત્ર લખવા કહ્યું, તેથી તેમણે પણ પત્ર લખ્યો. પછી માણાવદરના મયારામ ભટ્ટને પત્ર લઈને ભુજ મોકલ્યા. પત્ર વાંચીને રામાનંદ સ્વામીએ પણ પત્ર લખ્યો અને તે પત્રમાં વર્ણીપ્રભુને મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહેવાનું કહ્યું.

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીનો પત્ર, વર્ણીપ્રભુનો પત્ર અને રામાનંદ સ્વામીનો પત્ર, આ ત્રણ પત્રોનું વિશેષ વર્ણન ભક્તચિંતામણિ ગ્રંથના ૪૧, ૪૨ અને ૪૩માં પ્રકરણમાં નિષ્કુળાનંદ સ્વામીએ કરેલ છે, ત્યાંથી વિસ્તાર જાણી લેવો. આ ત્રણ પ્રકરણ સંપ્રદાયમાં 'ત્રીપત્રી' તરીકે ઓળખાય છે.

હે ભક્તો ! મયારામ ભટ્ટે પત્ર લાવીને મુક્તાનંદ સ્વામીને આપ્યો. પછી વર્ણીપ્રભુને કહ્યું: ''ગુરુદેવે તમને કહેડાવ્યું છે કે, ''સત્સંગમાં રહ્યાનો ખપ હોય તો થાંભલાને બાથ ભરીને પણ રહેવું પડશે.'' આવું સાંભળી તરત

જ વર્ણી ઊભા થયા ને થાંભલાને બાથમાં જકડી ઊભા રહ્યા ! આવું જોઈને ભટ્ટજી હસતા હસતા બોલ્યા: ''બ્રહ્મચારી ! આ લાકડાના થાંભલાને પકડી રાખવાનું નથી કહ્યું, પરંતુ સત્સંગના સ્તંભ સમાન આ મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહેવાનું ગુરુદેવે કહ્યું છે.'' પછી વર્ણીએ મુક્તાનંદ સ્વામીને પ્રણામ કર્યા અને પોતે સ્વામીની આજ્ઞામાં રહેશે, એવું વચન આપ્યું.

હે ભક્તો ! આ પ્રસંગની નોંધ લેતા શ્રીજી મહારાજ વચનામૃતમાં કહે છે કે, ''રામાનંદ સ્વામી મળ્યા ન હતા ત્યારે અમો તેઓની આજ્ઞાથી મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં નવ મહિના સુધી રહ્યા હતા.'' ભક્તો, આ પ્રસંગ ઉપરથી આપણને ખ્યાલ આવી જાય છે કે, પરબ્રહ્મ નારાયણ સ્વયં જેની આજ્ઞામાં રહેતા હતા એ મુક્તાનંદ સ્વામીમાં કેટલા સદ્ગુણો હશે ? એ સ્વામી અધ્યાત્મ માર્ગમાં કેટલાં ઊંડાં ઉતરેલાં હશે ?

## જીવન પર્યંત ગુરુભાવ રાખ્યો

હે ભક્તો ! વર્ણીપ્રભુનું પ્રથમ મિલન ગુરુવર્ય રામાનંદ સ્વામી સાથે સોરઠના પીપલાણા ગામમાં સંવત્ ૧૮૫૬ના જેઠ વદ બારસને (તા. ૧૮-૬-૧૮૦૦) દિવસે થયું અને તે ગામમાં જ રામાનંદ સ્વામીએ વર્ણીપ્રભુ સરજુદાસને સંવત્ ૧૮૫૭ કારતક સુદ એકાદશીના (તા. ૨૮-૧૦-૧૮૦૦) પવિત્ર દિવસે દીક્ષા આપી સહજાનંદ સ્વામી અને નારાયણમુનિ બે નામ પાડ્યાં. તે સમયે સહજાનંદ મહાપ્રભુજી રામાનંદ સ્વામીને કહેવા લાગ્યા: ''હે ગુરુદેવ ! મને આ મુક્તાનંદ સ્વામીએ ગમે તેમ કરીને આપના આશ્રમમાં રોકી રાખી, તમારો મહિમા સમજાવ્યો છે અને આપનો પ્રત્યક્ષ મેળાપ પણ સ્વામીએ જ કરાવ્યો છે; તેથી આ સંતનું ઋણ હું કદી નહિ ભૂલું. આ મુક્તાનંદ સ્વામીમાં હું સદાય માટે ગુરુભાવ જ રાખીશ.

હે ભક્તો ! સહજાનંદ મહાપ્રભુએ આ વચન આજીવન નિભાવ્યું હતું. શ્રીજી મહારાજને કાંઈ મનુષ્ય-લીલા કરવી હોય તો મુક્તાનંદ સ્વામી સભામાં ન હોય ત્યારે જ કરતા. કાંઈ રમતો રમવી હોય અને રમતા હોય, તે

સમયે જો મુક્તાનંદ સ્વામી ત્યાં આવી જાય, તરત જ રમત બંધ કરી દેતા. આ પ્રમાણે પ્રગટ પ્રભુ મુક્તાનંદ સ્વામીની મર્યાદા રાખી ગુરુભાવ રાખતા હતા.

હે ભક્તો ! પ્રગટ પ્રભુ સહજાનંદજી મહારાજનાં આવાં વચન સાંભળી રામાનંદ સ્વામી ભાવવિભોર બની ગયા; કારણ કે મુક્તાનંદ સ્વામીને તો પોતે પોતાના સૌથી વિશેષ વહાલાં માનતા હતા. વ્યવહારમાર્ગમાં પણ એ રીતી હોય છે કે, જે જેનાં વહાલાં હોય અને એની પ્રશંસા બીજી કોઈ વ્યક્તિ કરે એટલે પેલી વ્યક્તિ ખૂબ રાજી થતી હોય છે – અધ્યાત્મમાર્ગમાં પણ એ જ રીતી છે. તેના કારણે રામાનંદ સ્વામી ખૂબ રાજી થયા હતા.

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામી ઉપર વિશેષ રાજીપો રામાનંદ સ્વામી એટલા માટે રાખતા હતા કે, જ્યારે પ્રથમવાર મુક્તાનંદ સ્વામી રામાનંદ સ્વામી પાસે આવેલા ત્યારથી તે અત્યાર સુધી તેમણે ક્યારેય પોતાનું મનધાર્યું કર્યું નહોતું. રામાનંદ સ્વામીની આજ્ઞામાં તો રહેતા જ હતા, પરંતુ સ્વામી બહારગામ ગયા હોય ત્યારે પણ સ્વામીની મરજી મુજબ જ તેઓની અનુવૃત્તિમાં રહેતા હતા, તેને કારણે રામાનંદ સ્વામીનો મુક્તાનંદ સ્વામી ઉપર વિશેષ રાજીપો રહેતો હતો.

## સમાધિ પ્રકરણ

હે ભક્તો ! પ્રગટ પ્રભુ સહજાનંદ સ્વામી ગુરુ રામાનંદ સ્વામી સાથે સોરઠ પ્રદેશનાં ગામડાંઓમાં કથા–વાર્તા નિમિત્તે વિચરણ કરતા કરતા જેતપુર નગરમાં પધાર્યા. ત્યાં ગુરુદેવે સહજાનંદ પ્રભુને પોતાના સ્થાને બેસાડી ઉદ્ધવ સંપ્રદાયના આચાર્ય બનાવ્યા. એ શુભ દિન હતો સંવત્ ૧૮૫૮ કારતક સુદ એકાદશીને સોમવાર તા. ૧૬–૧૧–૧૮૦૧. ત્યારબાદ રામાનંદ સ્વામી અને નવા આચાર્ય બનેલા શ્રીજી મહારાજ સંતો–ભક્તો સાથે સત્સંગીઓનાં ગામોમાં દર્શન દેતાં દેતાં ફરેણી ગામ પધાર્યા.

હે ભક્તો ! ફરેણી ગામમાં સંવત્ ૧૮૫૮ ના માગસર સુદ તેરસ ને ગુરુવાર તા. ૧૭–૧૨–૧૮૦૧ ના રોજ સદ્‌ગુરુ રામાનંદ સ્વામી સ્વેચ્છાથી પંચભૌતિક દેહનો ત્યાગ કરી ધામમાં પધાર્યા. પછી તેઓના ચૌદમાને દિવસ વિશાળ સત્સંગ મહાસભામાં સહજાનંદ મહાપ્રભુએ સૌ સંતો–ભક્તોને 'સ્વામિનારાયણ મહામંત્ર'નું ભજન કરવાની આજ્ઞા કરી. એ પવિત્ર દિવસ હતો સંવત્ ૧૮૫૮ માગસર વદ એકાદશી તા. ૩૧–૧૨–૧૮૦૧.

હે ભક્તો ! રામાનંદ સ્વામીના ધામગમન નિમિત્તે એકઠા થયેલા ઉદ્ધવ સંપ્રદાયના સર્વે અનુયાયીઓને આશ્વાસન આપી ધર્મ–નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનો સદ્‌બોધ આપી સૌને પોતપોતાનાં ગામડાંઓમાં જવાની આજ્ઞા કરી પ્રગટ પ્રભુએ મુક્તાનંદ સ્વામીને વિનંતી કરતા કહ્યું: ''સ્વામી ! ગુરુદેવ ધામમાં ગયા હોવાથી હવે પછી તમો અમારા ગુરુ સ્થાને છો, માટે અમોને જ્યારે પણ જે કહેવું ઘટે તે સંકોચ રાખ્યા વિના કહેજો. બીજી મારી વિનંતી છે કે, ગુરુના વિયોગમાં ભુજના ભક્તો દુ:ખી હશે અને ભુજમાં તમારો જ કરાવેલ સત્સંગ છે, માટે તમો સંતો સાથે કચ્છ–ભુજ જાવ અને કથા–વાર્તા કરી ભક્તોને સુખિયા કરો.

હે ભક્તો ! શ્રીજી માહરાજની ઈચ્છાથી મુક્તાનંદ સ્વામી ભુજનગર પધાર્યા અને શ્રીજી પ્રભુ પણ સત્સંગીઓનાં ગામોમાં જઈ પોતાનો સર્વોપરી નિશ્ચય કરાવવા સમાધિ પ્રકરણ શરુ કર્યું ! પીપલાણા, અગતરાઈ, ધોરાજી, માંગરોળ અને કાલવાણી વગેરે ગામોમાં સત્સંગી–કુસંગી, નાના–મોટા, બહેનો–ભાઈઓ, ગૃહસ્થો–ત્યાગીઓ, કોઈપણ સંપ્રદાયના અનુયાયીઓ આવીને વિનંતી કરે, તુરંત તેમને સમાધિ કરાવી એમના ઈષ્ટદેવનાં દર્શન કરાવે અને પછી શ્રીજી મહારાજ સામું જુએ એટલે પોતાના ઈષ્ટદેવ મહારાજમાં દેખાય તેથી તેઓ મહારાજના અનુયાયી બની જાય. આ કારણે સંપ્રદાય 'અવકાશયાન' ગતિથી વધવા લાગ્યો !

હે ભક્તો ! સમાધિ પ્રકરણના કારણે ઉદ્ધવ સંપ્રદાય ટૂંક સમયમાં એટલો બધો વધી ગયો કે, જ્યાં હોય ત્યાં સત્સંગી–બિનસત્સંગી સૌના મુખમાં એક જ વાત વહેતી થઈ ગઈ કે, 'સ્વામિનારાયણ ખરેખર સર્વોપરી

ભગવાન જ છે, એ વિના આ રીતે સમાધિ કોઈ કરાવી જ ન શકે. અષ્ટાંગયોગ વિના જ ભગવાન અને ભગવાનનાં ધામ બતાવે છે, માટે એ તો ભગવાન જ છે; માટે હવે આપણે એ પ્રગટ ભગવાનનું ભજન કરી એની સેવા કરી એને રાજી કરી લઈએ.''

હે ભક્તો ! સ્વામિનારાયણ મહામંત્રને કારણે અને સ્વામિનારાયણ પ્રગટ ભગવાનના કારણે લોકો ઉદ્ધવ સંપ્રદાયને બદલે સ્વામિનારાયણ સંપ્રદાય કહેવા લાગ્યા તેમજ સંતો-ભક્તો પણ સ્વામિનારાયણના સંતો-ભક્તો તરીકે ઓળખાવા લાગ્યા. સોરઠનાં ગામડાંઓમાં અત્ર-તત્ર-સર્વત્ર સમાધિ પ્રકરણની વાતો થવા લાગી અને સ્વામિનારાયણ ભગવાનની ચમત્કારોની પણ વાતો થવા લાગી.

## સ્વામી ભુજથી મેઘપુર આવ્યા

હે ભક્તો ! રામાનંદ સ્વામીના કૃપાપાત્ર ભક્ત માણાવદરના મયારામ ભટ્ટને આ વાતનો ખ્યાલ આવ્યો. તેથી તેઓએ ભુજ જઈ મુક્તાનંદ સ્વામી આગળ વાત કરી : ''સ્વામી ! ગુરુદેવ રામાનંદ સ્વામીની જે પ્રથા હતી તે સહજાનંદ સ્વામીએ બગાડી નાખી છે. જેને-તેને સમાધિ કરાવે છે. ખાડે જઈ પાણી પણ ન લેતા હોય એવા ગોબરા લોકોને પણ સમાધિ કરાવે છે; માટે આપ ત્યાં પધારો અને સહજાનંદ સ્વામી જે ટીખળ કરાવે છે એ બંધ કરાવો. કારણ કે અત્યારે સત્સંગમાં તમે મોટેરા છો અને સહજાનંદ સ્વામી તમને ગુરુ સ્થાને માને છે, માટે જલદી આવી એનું પાખંડ બંધ કરાવો.''

હે ભક્તો ! જાણે કે સ્વામિનારાયણ ભગવાને મુક્તાનંદ સ્વામી ઉપર માયાનું આવરણ ઓઢાડી દીધું હોયને શું ? અથવા તો સ્વામી અને શ્રીજી મહારાજ બન્ને ભેગા થઈને મનુષ્ય ચરિત્ર કરતા હોયને શું ? એક મહામુક્ત અને બીજા મુક્તપતિની લીલા તો એ બન્ને જ જાણે, આપણે તો એને મનુષ્ય લીલા માની પ્રેમથી ગાઈ લેવી ને સાંભળી લેવી, એમાં જ આપણું કલ્યાણ સમાયેલું છે.

હે ભક્તો ! મયારામ ભટ્ટની વાત સાંભળી મુક્તાનંદ સ્વામી તરત જ ભુજથી શ્રીજી મહારાજ પાસે આવવા માટે સોરઠના માર્ગે ચાલવા લાગ્યા. ત્યાં રસ્તાના ગામમાં ખબર પડી કે, 'શ્રીજી મહારાજ મેઘપુર ગામમાં નારણ સોનીને ત્યાં છે.' તેથી સ્વામી મેઘપુર આવ્યા. એ સમયે મહારાજ સભા કરી કથા કરાવતા હતા.

''કરમેં સોટી રંગીન લે આયે, દૂર સે દેખી હરિ સનમુખ ધાયે;
શ્રીહરિ આપ પર તેહિ ચરના, સાષ્ટાંગ પ્રણામ કરી હરિ ધરના.''

— હ.સાગર : પૂર-૩ તરંગ : ૩૨

હે ભક્તો ! સદ્‌ગુરુ આધારાનંદ સ્વામી લખે છે કે, ''મુક્તાનંદ સ્વામી આવ્યા ત્યારે તેમના હાથમાં રંગેલી છડી હતી. સ્વામીને દૂરથી આવતા જોઈને શ્રીહરિ પલંગ પરથી ઊઠીને સન્મુખ દોડ્યા ! નજીક આવીને મુક્તાનંદ સ્વામીને પ્રથમ પગે લાગ્યા અને પછી સાષ્ટાંગ દંડવત કર્યા ! આવું જોઈને વિશાળ બુદ્ધિમાન મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિજીનો હાથ પકડી તત્કાળ ઊભા કર્યા અને બાથમાં લઈ છાતીએ ચાંપીને મળ્યા – ભેટ્યા. એના કારણે સ્વામીના મનમાં ઉદ્વેગ થયેલો હતો તે શમી ગયો !

પછી શ્રીહરિ મુક્તાનંદ સ્વામીને પોતાના પલંગ ઉપર બેસાડ્યા ને પોતે જમીન ઉપર બેઠા. પછી મૂળજી બ્રહ્મચારી જમવા બોલાવા આવ્યા. ત્યારે શ્રીહરિ મુક્તાનંદ સ્વામીને સાથે લઈને જમવા પધાર્યા અને પોતાને બેસવાનો બાજોઠ હતો, તેના ઉપર સ્વામીને બેસાડ્યા અને પ્રથમ સ્વામીને પીરસાવ્યું ! પછી સ્વામીના કહેવાથી સાથે બેસી બન્ને જમવા લાગ્યા.

## સ્વામી શ્રીહરિ ઉપર ખીઝાયા !

હે ભક્તો ! જમ્યા પછી મુક્તાનંદ સ્વામી સ્નાન કરવાનું નિમિત્ત કરી સૌ હરિભક્તોને કહેવા લાગ્યા: ''આજે કોઈ પણ હરિભક્તોએ અમારી સાથે સ્નાન કરવા આવવાનું નથી. આજે અમો અને સહજાનંદ સ્વામી જ જવાના

**છીએ.'' પછી બન્ને ગામ બહાર મેઘવતી નદીએ ગયા.**

**હે ભક્તો ! સત્સંગનું હિત જાણી–વિચારીને મુક્તાનંદ સ્વામી શ્રીહરિને એક બાજુ બેસાડીને મીઠો ઠપકો આપી સમજાવવા લાગ્યા: ''આ દુનિયામાં રામાનંદ સ્વામીના જેવા બીજા કોઈ નથી, તેથી તેમણે જેમ કહ્યું છે તેમ કરો. બીજી બધી બાબતો તો ઉત્પાત કહેવાય. તેમાં કોઈને શાંતિ થાય નહિ. જે સીધે માર્ગે ચાલે તેને કોઈ ઠપકો દે નહિ.**

''આટલા દિન સત્સંગ કરી, ઘડીકમાં મતિ કેમ ફરી;
મહારાજ દિયો પાખંડ મેલી, સત્સંગમાં ન થાવું ફેલી.
સમાધિ કાંઈ નથી સોયલી, મોટા યોગીને પણ દોયલી;
તે તો જેને તેને કેમ થાય, બીજા માને અમે ન મનાય.''

– ભક્તચિંતામણિ : પ્ર.૪૯

**હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીના આ પ્રકારના વચનો સાંભળી શ્રીહરિ બોલ્યા: ''સ્વામી ! આપ મહાન બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ છો. આપના કારણે જ હું અહીંયાં અત્યાર સુધી ટક્યો છું. આપ મુમુક્ષુઓમાં પણ શ્રેષ્ઠ મુમુક્ષુ છો. સાર–અસારને વિચારી શકો છો. મને આપના પર ઘણો જ ભાવ છે. આપ જેમ કહો તેમ હું કરીશ. તેમાં જે કાંઇ ફરક પડે તે મને કહેજો.''**

**શ્રીહરિની શુદ્ધ વાણી સાંભળીને મુક્તાનંદસ્વામીની આંખોમાંથી આંસુઓ વહેવાં લાગ્યાં, તેથી કાંઈ બોલી શક્યા નહિ. ત્યારે તેમને શાંતિ આપવાને માટે શ્રીહરિ બોલ્યા: ''સ્વામી ! આ સમાધિ તો ગુરુ રામાનંદ સ્વામીની ઈચ્છાથી થાય છે. સ્વામી તો અત્યારે ધામમાં રહ્યા છે. તે ત્યાં ભગવાનનો પ્રતાપ દેખે છે અને અહીંયાં જણાવે છે, એમાં અમારો વાંક નથી.''**

''પછી પાસે હતા સંતદાસ, જેને અંતરે છે પરકાશ;
તેને બેસાર્યા ધારણા માંઈ, નાડી પ્રાણ રહ્યા નહિ કાંઈ.
કહે મુક્તાનંદને શ્રીહરિ, જુઓ ધારણા ધીરજ્યે કરી;
જુઓ હાથ ને પગની નાડી, જો જાગે તો ઉઠાડો જગાડી.''

– ભક્તચિંતામણિ : પ્ર.૪૯

હે ભક્તો ! ભક્તચિંતામણિમાં નિષ્કુળાનંદ સ્વામી લખે છે કે, ''બાજુમાં સંતદાસ સ્વામી બેઠા હતા, તેને શ્રીહરિએ સમાધિમાં બેસાડ્યા. પછી મુક્તાનંદ સ્વામીને કહેવા લાગ્યાઃ ''સ્વામી ! જુઓ આ સ્વામીને સમાધિ થઈ છે. તેના હાથ–પગની નાડીઓ પણ જુઓ અને એ તમારાથી જાગે તો જગાડી જુઓ અને ખાતરી કરી જુઓ કે સમાધિ સાચી છે ખોટી.''

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીએ સંતદાસ સ્વામીની નાડીઓ જોઈ, પણ એક્પણ નાડી ચાલતી ન હતી. માણસ મૃત્યુ પામ્યો હોય એ રીતે જ સર્વે નાડી બંધ પડી ગઈ હતી ! આવું જોઈને મુક્તાનંદ સ્વામી વિચારમાં પડી ગયા. ત્યારે શ્રીહરિએ સંતદાસજીને સમાધિમાંથી જગાડ્યા અને જે જોયું હોય તે કહેવા કહ્યું. ત્યારે તેઓ કહેવા લાગ્યાઃ ''મેં ભગવાનનું ધામ જોયું અને ત્યાં રામાનંદ સ્વામી અને ભગવાનને જોયા. ત્યાં મને રામાનંદ સ્વામીએ કહ્યું છે કે, 'મુક્તાનંદ સમાધિને કેમ સાચી માનતા નથી ?' આવું સાંભળી મુક્તાનંદ સ્વામીને જેનામાં વિશ્વાસ હતો એવા માધવદાસજી સ્વામી તથા જેઠા મેરને સ્વામીએ પૂછ્યું તો તેમણે પણ કહ્યુંઃ ''સ્વામી ! સાચું માનો, સમાધિ થાય છે તે સાચી વાત છે.''

## રામાનંદ સ્વામીએ મહિમા કહ્યો

હે ભક્તો ! પછી સૌ મેઘપુરથી ચાલ્યા તે આખા, પીપલાણા, અગત્રાઈ થઈ કાલવાણીમાં આવી રાત રોકાયા. સવારે શ્રીહરિ અને સંતો સ્નાન કરવા ગામ બહાર નદી કિનારે ગયા. પાછળથી મુક્તાનંદ સ્વામી અને પર્વતભાઈ

પણ નાવા પધાર્યા. તે સમયે મુક્તાનંદ સ્વામી બહિરભૂમિ (સંડાસ) જવા એક તરફ ખાખરાનાં વનમાં જવા લાગ્યા. ચાલતા ચાલતા સ્વામી, રામાનંદ સ્વામીને યાદ કરતા જાય અને મનોમન પ્રાર્થના કરતા જાય : ''હે ગુરુ મહારાજ ! મારો ઉદ્વેગ મટાડો. તમે ભગવાન છો કે આ સહજાનંદ સ્વામી ભગવાન છે ? તેમણે ચલાવેલ સમાધિ પ્રકરણ મને પાખંડ લાગે છે, માટે મારા મનનું સમાધાન કરો.''

મુક્તમુનિની પ્રાર્થના સાંભળીને અંતર્યામી મહાપુરુષ રામાનંદ સ્વામી દિવ્ય દેહે ત્યાં પ્રગટ થયા ! તુરંત મુક્તાનંદ સ્વામી દંડવત કરવા લાગ્યા અને ભાવવિભોર થઈ હાથ જોડી ઊભા રહ્યા. ત્યારે મંદહાસ કરી રામાનંદ સ્વામી કહેવા લાગ્યા : ''મુક્તમુનિ ! શા માટે મુંઝાવો છો ? અમોએ તમને લોજ ગામમાં કહ્યું હતું કે, 'અમે તો ડુગડુગી વગાડીએ છીએ ને પટમાં રમનારા તો બીજા આવશે. અમે તો લાખ મણ રૂ માંથી એક પૂણી જ કાંતી છે, પણ એના કાંતનારા બીજા આવશે. અમે તો ગણેશનો વેશ લાવ્યા છીએ, પણ ખેલ કરનારા તો બીજા આવશે. એ આ સહજાનંદ પ્રભુ પોતે છે. આ પૂર્ણ પુરુષોત્તમ સર્વ અવતારના અવતારી ને સર્વ કારણના કારણ છે. આ પૃથ્વી ઉપર અનંત જીવોનો ઉદ્ધાર કરવા માટે પધાર્યા છે; માટે એના કોઈપણ ચરિત્રમાં શંકા કરશો નહિ. અમે તો ઉદ્ધવજી છીએ અને એ તો સ્વયં પરમાત્મા છે.''

હે ભક્તો ! પોતાના પ્રાણ પ્યારા ગુરુદેવની વાણી સાંભળી આદર્શ શિષ્ય મુક્તમુનિનાં કાળજામાં એ શબ્દો કોતરાઈ ગયા ! 'હીરની દોરી અને ઉપર તેલનું ટીપું' આ ઉક્તિ મુજબ સ્વામીના જીવમાં સહજાનંદ મહાપ્રભુનો નિશ્ચય થઈ ગયો ! આંધળાને આંખો મળે અને એને જે આનંદ થાય; પાંગળાને પગ મળે અને એને જે આનંદ થાય; કોઢીયાને રૂપ મળે અને એને જે આનંદ થાય અને રાંકને ૧૦ કરોડની લોટરી લાગે અને એને જે આનંદ થાય; એના કરતાં કોટિ ઘણો આનંદ મુક્તાનંદ સ્વામીને થયો.

હે ભક્તો ! પછી શૌચવિધિ કરી હરખાતાં હૈયે આવતા જોઈને પર્વતભાઈએ કારણ પૂછ્યું. ત્યારે સ્વામીએ અતથી ઇતિ સુધી વાત કરી. ત્યારે પર્વતભાઈ પણ બોલ્યાઃ ''સ્વામી ! જેવો ગુરુએ સહજાનંદ સ્વામીનો મહિમા તમને કહ્યો, એવો જ મહિમા હું પણ જાણું છું, એ મહિમાની મારે તમને આજ વાત કરવી હતી.''

## આરતીનો પ્રાગટ્ય દિન

હે ભક્તો ! પછી ઉતાવળથી સ્વામીએ સ્નાન કર્યું અને તે વગડામાંથી ફૂલ વીણીને ઉતારે લાવ્યા અને જાતે ભાવથી હાર બનાવ્યો. જાતે ચંદન ઘસીને વાટકામાં તૈયાર કરી રાખ્યું. આરતી ઉતારવા માટે ઘીની વાટો (દિવેટો) તૈયાર કરી રાખી. રામાનંદ સ્વામીનો પ્રસાદીનો પલંગ હતો તે ઉતારીને જાતે સાફ કરીને સ્વામીની ગાદી હતી તે તેના ઉપર પાથરી અને તકીયો પણ ગોઠવી દીધો.

હે ભક્તો ! એ સમયે શ્રીહરિ સંતો-ભક્તો સાથે સ્નાન કરીને ત્યાં આવ્યા. પછી શ્રીહરિ સાંકળા ઉપર બેસવા ગયા, ત્યાંતો મુક્તાનંદ સ્વામી ઉતાવળા ત્યાં આવીને શ્રીહરિના હાથ પોતાના હાથમાં લઈને બોલ્યાઃ ''હે પ્રગટ પ્રભુ ! આપ આ પલંગ ઉપર ગાદીએ બેસો.'' ત્યારે શ્રીહરિ કહેવા લાગ્યાઃ ''સ્વામી ! એ તો ગુરુવર્ય રામાનંદ સ્વામીનો પલંગ છે અને ગાદી-તકિયો પણ એનો જ છે, માટે મારાથી એના પર ન બેસાય. તમે મારા ગુરુ-સ્થાને છો, માટે તમો તેના ઉપર બેસો, પણ હું નહિ બેસું.''

ત્યારે મંદ મંદ હસતા મુક્તાનંદ સ્વામી કહેવા લાગ્યાઃ ''હે પ્રભુ ! તમે તો ગુરુના પણ ગુરુ છો. અનંતકોટિ બ્રહ્માંડોના અધિપતિ છો. હવે હું તમારા શબ્દોથી નહિ છેતરાવ, કારણ કે આજે જ મને ગુરુદેવે દર્શન દઈ આપનો મહિમા સમજાવ્યો છે અને આપનો નિશ્ચય કરાવ્યો છે, માટે આપ અમારી વિનંતી માનો અને ગાદી ઉપર બેસો.''

મુક્તાનંદ સ્વામીની વાત સાંભળી સભામાં બેઠેલા રામાનંદ સ્વામીના શિષ્યો જે સંતો અને હરિભક્તો હતા, તે બધા ભાવવિભોર થઈ ગયા અને પ્રેમનાં આંસુઓ સાથે આનંદીત પણ થઈ ગયા. પછી મુક્તાનંદ સ્વામીએ પણ જાહેર સભામાં સૌને કહ્યુંઃ ''આપણા ગુરુએ જ મને કહ્યું છે કે, 'આ સહજાનંદ સ્વામી સાક્ષાત્ ભગવાન છે. સર્વાવતારી છે, માટે એને ભગવાન માની એની સેવા કરજો - ભક્તિ કરજો. એનામાં ક્યારેય પણ મનુષ્યભાવ લાવશો નહિ.''

આ પ્રમાણે સૌને જણાવી પ્રેમથી પ્રગટ પ્રભુને પલંગ પર બેસાડ્યા અને હાર પહેરાવી ચંદનની અર્ચા કરી જાતે આરતીની કડીઓ બનાવતા ગયા અને આરતી ઉતારતા-ઉતારતા ''જય સદ્‌ગુરુ સ્વામી (૨) સહજાનંદ

દયાળુ, બળવંત બહુનામી...' બોલતા ગયા. આ દિવસ હતો સંવત્ ૧૮૫૯ કારતક સુદ-એકાદશી તા. ૬-૧૧-૧૮૦૨.

**નોંધ :** હે ભક્તો ! પરંપરાગત રીતે તેમજ 'ભક્તચિંતામણિ : પ્ર.૪૯ તથા 'શ્રીહરિચરિત્ર ચિંતામિણિ' ૧/૧૦૧ પ્રમાણે અને 'અક્ષરાનંદ સ્વામીની વાતો : ૭૯૮' મુજબ મુક્તાનંદ સ્વામીએ પ્રથમ આરતી કાલવાણી ગામમાં ઉતારી હતી એવો ઉલ્લેખ છે; પરંતુ 'શ્રીહરિચરિત્રામૃત સાગર : પૂર-૩ તરંગ ૩૩ મુજબ મુક્તાનંદ સ્વામીએ આરતી મેઘપુર ગામમાં ઉતારી હતી અને તે દિવસ હતો સંવત્ ૧૮૫૯ કારતક સુદ ૧૦ એવો ઉલ્લેખ છે. ઉપરોક્ત ગ્રંથોમાં લખ્યું છે કે, મેઘપુરમાંથી કાલવાણી પધાર્યા અને ત્યાં રાત્રી રોકાયા અને બીજે દિવસે મુક્તાનંદ સ્વામીને રામાનંદ સ્વામીએ ખાખરાના વનમાં દર્શન દઈને શ્રીહરિનો મહિમા કહ્યો. પછી સ્વામી ઉતારે આવ્યા ને આરતી ઉતારી. તો મેઘપુરમાં મહારાજ હતા તે દિવસ હ. સાગર પ્રમાણે કારત સુદ ૧૦ હતી અને ઉપરોક્ત ત્રણ ગ્રંથો પ્રમાણે ત્યાંથી કાલવાણી પધાર્યા ને બીજે દિવસે આરતી કરી. તેથી એક દિવસ વધી ગયો, તેથી મેં એક દિવસ વધારીને આરતી પ્રાગટ્ય દિન કારતક સુદ એકાદશી લખેલ છે.

## શ્રીહરિજીનું સ્વામીને વરદાન

''ત્યારે પ્રભુજી પ્રસન્ન થયા, કરી મુક્તાનંદજીને દયા;
પછી મુક્તાનંદને વચને, થાય સમાધિ બહુ જનને.
દેખે સ્વર્ગ કૈલાશ વૈકુંઠ, તેમાં જરાય ન મળે જૂઠ;
દેખે ગોલોક શ્વેતદ્વીપને, જોઈ બ્રહ્મપુર હર્ષે મને.''

– ભક્ત ચિંતામણિ : ૪૯

હે ભક્તો ! લોજમાં વર્ણીપ્રભુ આવ્યા ત્યારથી જ તેમને મુક્તાનંદ સ્વામી સાથે અપાર હેત હતું અને સ્વામીને પણ પ્રભુ સાથે અતિશય હેત હતું. પરંતુ સત્સંગના હિત ખાતર સ્વામી થોડીવાર શ્રીહરિ પ્રત્યે નારાજ થઈ ગયેલા, પણ રામાનંદ સ્વામીએ વાસ્તવિકતા બતાવી એટલે મુક્તાનંદ સ્વામીને શ્રીહરિ સાથે પ્રથમ હેત હતું એ કરતાં પણ અનંતગણું હેત થઈ ગયું.

સ્વામીને પ્રગટ પ્રભુ પ્રત્યે આવું હેત જોઈને સભામાં બેઠેલા સર્વે સંતો અને સત્સંગીઓ ખૂબ રાજી થયા; કારણ કે મુક્તાનંદ સ્વામીના કારણે જ બધા શ્રીહરિનો મહિમા જાહેરમાં કહી શક્તા ન હતા, પરંતુ સ્વયં સ્વામીએ જ પ્રગટ શ્રીહરિની આરતી કરી જાહેરમાં જ સર્વોપરી પ્રભુ તરીકેની ઉદ્‌ઘોષણા કરી એટલે સમગ્ર સંતો–ભક્તો સ્વામી ઉપર અતિશય રાજી થયા.

હે ભક્તો ! આ પ્રસંગને કારણે કેવળ સંતો–ભક્તો જ સ્વામી ઉપર રાજી થયા એટલું જ નહિ, પરંતુ સ્વયં પ્રગટ પ્રભુ શ્રીહરિજી પણ સ્વામી ઉપર અતિ રાજી થયા અને બોલ્યા: ''સ્વામી ! અમારા કહેવાથી તો અનંત લોકોને સમાધિ થાય જ છે, પરંતુ અમો તમારા ઉપર રાજી થઈને વરદાન આપીએ છીએ કે, 'આજથી તમારા વચને પણ લોકોને સમાધિ થશે અને તેઓને જે જોવાની ઈચ્છા હશે એ સ્થાનને જોઈ શકશે.''

હે ભક્તો ! શ્રીહરિના વરદાને મુક્તાનંદ સ્વામી જ્યારે ઈચ્છતા ત્યારે કોઈપણને સમાધિ કરાવી શકતા. એ લોકોને જે ધામ જોવાની ઈચ્છા થતી ત્યાં જઈ શકતા ને જોઈ શકતા. એકવાર શ્રીહરિ કહે : ''સ્વામી ! અમારી આ સોટી છે તેનું રાતું ઠેબું જેને અડાડીએ તેમને પણ સમાધિ થઈ જાય છે અને લીલું ઠેબું જેને અડાડીએ તેને સમાધિ ઉતરી જાય છે, એવો પ્રતાપ તો અમે આ લાકડીમાં મૂક્યો છે !'' આવું સાંભળી સ્વામી બહુ રાજી થયા. અને કીર્તન ગાવા લાગ્યા.

''નોતિ દિઠી નોતિ સાંભળી રે, પ્રગટાવી એવી પુનિત; પુરુષોત્તામ પ્રગટી રે.''

## સ્વામીએ આણંદજીભાઈને નિશ્ચય કરાવ્યો

હે ભક્તો ! વળતે દિવસ શ્રીહરિ કાલવાણીમાં નિત્યવિધિ કરીને એક આંબલીના ઝાડ નીચે સંતો–ભક્તોની સભા કરીને બેઠા હતા. ત્યારે શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને કહ્યું : ''સ્વામી ! તમે અત્યારે લોજ જાઓ.'' તરત જ સ્વામી લોજ જવા તૈયાર થયા, ત્યારે શ્રીહરિ કહે : ''સ્વામી ! તમને નખ લેતાં સરસ આવડે છે, માટે અમારા નખ કાપી આપો.'' તુરંત ઝોળીમાંથી સ્વામીએ નેરણી કાઢી નખ કાપવાનું શરુ કર્યું.

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીમાં હાથ–પગના નખ કાપવાની કળા હતી, તેના કારણે રામાનંદ સ્વામી પણ સ્વામી પાસે જ નખ ઉતરાવતા હતા. આજે અતિશય હેત સાથે મુક્તાનંદ સ્વામીને નખ કાપતા જોયા એટલે સભામાં બેઠેલા માંગરોળ ગામના આણંદજીભાઈ સંઘાડિયાને મનમાં સંકલ્પ થયો : ''અરે ! આ પહાડ જેવા મુક્તાનંદ સ્વામીને રામાનંદ સ્વામી પ્રત્યેનો ભગવાનપણાનો જે નિશ્ચય હતો તે ડગી ગયો કે શું ? માટે હું આ બાબત સ્વામીને પુછી લઉં.''

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીએ પ્રગટ પ્રભુના નખ ઉતારી પોતાના ખેસિયાને એક છેડે બાંધી લીધા અને જય સ્વામિનારાયણ કહીને લોજ જવા ચાલવા લાગ્યા. તે સમયે આણંદજીભાઈ પણ શ્રીહરિની રજા લઈ ઉતાવળા ચાલી સ્વામીની સાથે લોજ ગયા અને ત્યાં મુક્તાનંદ સ્વામીને સવાલ કર્યો: ''સ્વામી ! તમે ગુરુ રામાનંદ સ્વામીના નખ લેતા એના કરતાં કોટિગણા હેતે સહજાનંદ સ્વામીના આજે નખ લીધા છે, તો તમારી નિષ્ઠા ડગી ગઈ કે શું ? તમને રામાનંદ સ્વામીનો નિશ્ચય હતો તે ડગ્યો કે શું ? અને આપણા ગુરુભાઈ સહજાનંદજીનો નિશ્ચય કર્યો કે શું ?''

આવું સાંભળી મુક્તાનંદ સ્વામી મંદ હાસ કરતા બોલ્યા : ''આણંદજીભાઈ ! મને ગુરુદેવે જ દિવ્ય દર્શન આપી સહજાનંદ સ્વામી પ્રત્યે ભગવાનપણાનો પાકો નિશ્ચય કરાવ્યો છે, માટે મારી પણ તમને વિનંતી છે કે, તમે પણ સહજાનંદ મહાપ્રભુને સર્વોપરી ભગવાન સમજી નિશ્ચય કરો અને એનું ધ્યાન–ભજન કરો.'' ત્યારે આણંદજીભાઈ

કહે : ‘‘હું સહજાનંદ સ્વામીને ભગવાન માનું અને મારું કલ્યાણ બગડે તેનું જે પાપ લાગે એ તમારા ઉપર લ્યો છો ?’’ ત્યારે મુક્તાનંદ સ્વામી કેફભર બોલ્યા : ‘‘જો સ્વામિનારાયણ, ભગવાન ન હોય તો તમારા એકનું પાપ નહિ, પણ આખા બ્રહ્માંડ ભાંગ્યાનું મને પાપ લાગે !’’ એવું સાંભળી આણંદજીભાઈ બોલ્યા : ‘‘તમારા જેવા સત્પુરુષ આવડા મોટા સમ ખાય છે, તેથી સહજાનંદજી ભગવાન જ હોવા જોઈએ. તમારા વચને હું તેનો નિશ્ચય કરું છું.’’

## શ્રીહરિજી સ્વામીની સલાહ લેતા

હે ભક્તો ! સ્વામિનારાયણ ભગવાન મુક્તાનંદ સ્વામીમાં ગુરુભાવ રાખતા હતા તેમજ સંપ્રદાયના હિતસંબંધી કોઈ યોગ્ય નિર્ણય લેવાનો હોય ત્યારે તો મુક્તાનંદ સ્વામીની સલાહ અવશ્ય લેતા. તે સંબંધી એક પ્રસંગ જોઈએ.

એકવાર શ્રીહરિ કાલવાણી ગામમાં સભા કરીને બિરાજમાન હતા. તે સમયે આત્માનંદ સ્વામીની શિષ્યા હરબાઈ અને વાલબાઈ ત્યાં આવી અને સદ્‌ગુરુ સંતો માટે ગાદી–તકિયા પાથરેલા હતા તેના ઉપર આવીને બેસી ગઈ ! એટલે સંતો તુરંત ઊભા થઈ ગયા અને શ્રીહરિની પાસે જતા રહ્યા. ત્યારે હરિભક્તોએ આવીને બહેનોની સભામાં બેસવા માટે બહુ સમજાવી, પણ તેમણે માન્યું નહિ. એવું જોઈ શ્રીહરિએ પણ બન્નેને સમજાવવાના પ્રયત્નો કર્યા, પણ તેઓનું પણ માન્યું નહિ.

હે ભક્તો ! પછી શ્રીહરિ મુક્તાનંદ સ્વામીને એક ઓરડામાં લઈ ગયા અને પૂછવા લાગ્યા : ‘‘સ્વામી ! સંપ્રદાયની મર્યાદાનો ભંગ ન થાય એનો ખ્યાલ તમે મારા કરતાં પણ વધારે રાખો છો. તો તમે કહો આ હરબાઈ અને વાલબાઈ મનસ્વી રીતે વર્તે છે. સંપ્રદાયના બંધારણમાં એને રહેવું નથી, માટે એનું શું કરવું ?’’ ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા : ‘‘મહારાજ ! એ બન્ને બાઈઓ અભિમાની છે. એ તમારી આજ્ઞામાં નહિ રહે, માટે એને વિમુખ કરો. અત્યારે એને વિમુખ નહિ કરો તો તેઓ બીજા ઘણા સત્સંગીઓને એના પક્ષમાં લઈ લેશે ને કલ્યાણ બગાડી દેશે.’’

સ્વામીનું કહેવું સાંભળી શ્રીહરિએ સભામાં આવી તે બન્નેને જાહેર સભામાં જ વિમુખ કરી હતી. તેથી તે બન્ને ત્રંબા ગામમાં ગઈ હતી અને ત્યાં નવો પંથ ચલાવી પોતે ગુરુ બની ગાદીએ બેસી પોતાનો મહિમા સમજાવતી હતી.

હે ભક્તો ! રામાનંદ સ્વામીનો શિષ્ય રઘુનાથદાસ નામનો સાધુ હતો. તે મનમુખી હતો. શ્રીહરિને ગાદી સોંપી એનો એણે સખત વિરોધ કર્યો હતો. તે ઉત્તર ગુજરાત અને અમદાવાદમાં જઈ આપણા હરિભક્તોને શ્રીહરિનો અવગુણ કહી પોતાના શિષ્યો બનાવી લેતો હતો. ત્યારે પણ શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીની સલાહ લીધી હતી. તે સમયે પણ મુક્તાનંદ સ્વામીએ કહ્યું હતું કે, ‘રઘુનાથદાસને સત્સંગમાંથી વિમુખ કરો, તેથી શ્રીહરિએ તેને વિમુખ કર્યો હતો. પછી તે અમદાવાદમાં રામાનંદ સ્વામીની આજ્ઞાથી બંધાવેલ રામજી મંદિરમાં રહેતો હતો.

## મૂળુવાળાને નિશ્ચય કરાવ્યો

હે ભક્તો ! એક વખત શ્રીહરિ અને મુક્તાનંદ સ્વામી વગેરે સત્સંગમાં વિચરણ કરતા કરતા જેતપુર ગાદી સ્થાને પધાર્યા. ત્યાંના ગામધણી રાજા મૂળુવાળાએ પોતાના દરબારગઢમાં આવવા પ્રાર્થના કરી એટલે સૌ ત્યાં ગયા. પછી સાંજના સમયે ત્યાં વિશાળ સભા થઈ. તેમાં શ્રીહરિએ કથા–વાર્તા કરી. ત્યારે મૂળુવાળા કહે: ‘‘મહારાજ ! તમારી કથા બહુ ગહન છે, એ અમને સમજાતી નથી.’’ ત્યારે પ્રભુ કહે: ‘‘તમો મુક્તાનંદ સ્વામીની વાતો સાંભળો, એ તમને સમજાશે.’’

પછી મૂળુવાળા દરબાર મુક્તાનંદ સ્વામી પાસે ગયા ને કથા સંભળાવવા વિનંતી કરી. ત્યારે સ્વામી કથા કરવા લાગ્યા. તેમાં એક દૃષ્ટાંત આપ્યું. સ્વામી કહે : ‘‘મૂળુવાળા ! ઘડાના બે પ્રકાર હોય છે. એક માટીનો અને બીજો ધાતુનો. તેમ મનુષ્યો પણ બે પ્રકારના હોય છે : એક દૈવી જીવ અને બીજા આસુરી જીવ. દૈવી જીવ ધાતુના ઘડા જેવા હોય છે અને આસુરી જીવ માટીના ઘડા જેવા હોય છે. માટીનો ઘડો એકવાર ફૂટે પછી સંધાતો

નથી. જ્યારે ધાતુના ઘડાને તેનો કસબી સાંધી શકે છે.

હે મૂળુવાળા ! આસુરી જીવનું ચિત્ત એક પ્રકારનું રહેતું નથી. તેનું ચિત્ત અનેક ધારવાળું હોય છે. જેમ એક ઝાડને અનેક ઠેકાણે રોપ્યા કરવાથી તેમાં ક્યારેય ફળ-ફૂલ આવતાં નથી - તેમ અસ્થિર મનવાળા આસુરી જીવમાં ધર્માદિક તથા નિશ્ચય વગેરે સદ્‌ગુણોરૂપી ફળ-ફૂલ આવતા જ નથી. જ્યારે ભક્તનું એક ચિત્ત થાય અને નિષ્ઠામાં સ્થિરતા આવે ત્યારે જ શ્રીહરિ પ્રગટ થાય છે. નિષ્ઠાવાન ભક્તની ટેક પતિવ્રતા સ્ત્રીના જેવી હોવી જોઈએ. તમો પણ મનની માનેલ તંતીઓ છોડી આ પ્રગટ ભગવાન સહજાનંદ સ્વામીનું ભજન કરો.''

હે ભક્તો ! એ સમયે મૂળુવાળાને સમાધિ થઈ. પછી સમાધિમાંથી જાગીને શ્રીહરિનાં ચરણમાં પડીને કહેવા લાગ્યા: ''હે પ્રગટ પ્રભુ ! આજથી હું તમારો આશ્રિત બનું છું. આજે જો આ મુક્તાનંદ સ્વામીનો સમાગમ મને ન થયો હોત તો મારો જન્મારો આખો એળે જાત.'' ત્યારે શ્રીહરિ કહે: ''દરબાર ! મુક્તમુનિની વાતોની કરામત જ એવી છે કે અનંત બદ્ધ જીવોના પણ અંતર ભેદી આરપાર ઉતરી જાય. હવે તમે મુક્તાનંદ સ્વામીના અંગૂલી નિર્દેશ પ્રમાણે જ ચાલજો. આ પ્રકારે મુક્તાનંદ સ્વામીએ આણંદજીભાઈ, મયારામ ભટ્ટ, બંધીયાના મૂળુભાઈ અને જેતપુરના રાજા મૂળુવાળા જેવા સેંકડો લોકોને શ્રીહરિનો મહિમા કહી, પ્રભુ તરીકેની નિષ્ઠા અને નિશ્ચય દૃઢ કરાવ્યો હતો.

## સ્વામીનો અવાજ શ્યામદાસ ઓળખી ગયા

હે ભક્તો ! શ્રીહરિ અને મુક્તાનંદ સ્વામી વગેરે સત્સંગીઓનાં ગામોમાં વિચરણ કરતા કરતા સરધાર ગામમાં પધાર્યા. ત્યાં સરોવર કિનારે રોકાયા. ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા : ''મહારાજ ! આ સરોવરમાં ગુરુદેવ રામાનંદ સ્વામી ઘણીવાર નાહ્યા છે, માટે આપ પણ જ્યાં સુધી સરધારમાં રહો ત્યાં સુધી આ સરોવરમાં સ્નાન કરી પ્રસાદીનું કરજો.''

સ્વામીની વાત સાંભળી શ્રીહરિએ સરોવરમાંથી જળ મંગાવ્યું અને ગાળીને પીધું અને બોલ્યાઃ ''સરોવરનું જળ તો બહુ મીઠું છે.'' એ સમયે સરધારના રાજા તોંગાભાઈ વગેરે વાજિંત્રો સહિત ત્યાં પધાર્યા અને શ્રીહરિને પોતાના દરબારગઢમાં લઈ ગયા. ત્યાં સભા થઈ ત્યારે તોંગાભાઈ બોલ્યાઃ ''મહારાજ ! અમારા ગામમાં આ મુક્તાનંદ સ્વામી અને રામાનંદ સ્વામીનું પ્રથમ મિલન થયેલ છે. મુક્તમુનિ તો અહીં ઘણો સમય તુલસીદાસના ચોરામાં રોકાયા હતા.''

પછી થાળ તૈયાર થતાં શ્રીહરિ સહિત સૌ જમ્યા અને પછી ફરી સભા થઈ. ત્યારે શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને કીર્તનો બોલવા કહ્યું, તેથી સ્વામી કીર્તન બોલવા લાગ્યા. તે સાંભળી શ્રીહરિ રાજી થયા અને બોલ્યાઃ ''તમારાં પદ તો સુરદાસ અને તુલસીદાસને પણ ઓળંગી જાય તેવાં છે. પછી સવારે ફરીને સભા થઈ અને સ્વામી કીર્તન બોલ્યા. ત્યારે સભામાંથી તુલસીદાસના શિષ્ય શ્યામદાસ ઊભા થઈને પ્રભુને પગે લાગીને બોલ્યાઃ ''આ કીર્તન ગાઈ રહેલા સંત મુક્તાનંદ સ્વામી તો મારા ગુરુભાઈ મુકુંદદાસ લાગે છે. ૧૯ વર્ષ પહેલાં તેઓ કીર્તનો ગાતાં અને રામાયણની ચોપાઈઓ ગાતાં હતા.''

હે ભક્તો ! ત્યારે મંદ મંદ હસતા મહારાજ બોલ્યાઃ ''શ્યામદાસ ! તમારી વાત સાચી છે. ૧૯ વર્ષ પહેલાં મુક્તાનંદ સ્વામી આ સરધારમાં જ રહેતા હતા. તમો આટલાં બધાં વર્ષો પછીય પણ સ્વામીનો અવાજ ઓળખી ગયા ? આ સ્વામી તમારા ગુરુભાઈ હતા એ સાચું છે.'' આવું સાંભળીને શ્યામદાસ બહુ રાજી થયા અને મુક્તાનંદ સ્વામીને પગે લાગીને શ્રીહરિને કહેવા લાગ્યાઃ ''આવતીકાલે મારી રસોઈ લ્યો ને મારા આશ્રમમાં–મંદિરમાં પધરામણી કરો.'' પછી વળતે દિવસે તેમની રસોઈ જમ્યા અને ચોરામાં જઈ પધરામણી કરી.

## શ્રીહરિએ સ્વામીનો મહિમા કહ્યો

હે ભક્તો ! બીજા દિવસે રામાનંદ સ્વામીની વરસી (વર્ષી) હોવાથી મોટી સભાનું આયોજન કર્યું. તે સભામાં શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને કહ્યુંઃ ''સ્વામી ! આપણા સંતો સદાવ્રત દેવામાં રોકાઈ ગયા છે, તેથી સત્સંગીઓનાં

ગામડાંઓમાં જઈને કથા-વાર્તા કરી શકતા નથી, તેના કારણે સત્સંગીઓનો સત્સંગ ઘસાતો જાય છે, માટે તમે જો અનુમતિ આપતા હો તો સદાવ્રતો બંધ કરીએ અને મુમુક્ષુઓને ભગવાન ઓળખાવવા સંતોને ગામડાંઓમાં મોકલીએ. કારણ કે ભાગવતજીના ત્રીજા સ્કંધમાં લખ્યું છે કે, 'બદ્ધજીવોને ભગવાન સન્મુખ કરવામાં જે પુણ્ય થાય છે, તેવું બીજાં કોઈ પણ કાર્યમાં થતું નથી.''

શ્રીહરિની મરજી જાણી મુક્તાનંદ સ્વામીએ હા કહી, એટલે શ્રીહરિએ મુક્તાનંદ સ્વામી પાસે પત્રો લખાવીને જ્યાં-જ્યાં સંતો સદાવ્રત આપતા હતા, ત્યાં-ત્યાં તે પત્રો મોકલ્યા. તેથી ગામના આગેવાન લોકોને તે સદાવ્રતો ચાલુ રાખવાનું કહીને સર્વે સંતો શ્રીહરિ પાસે આવી ગયા.

હે ભક્તો ! રામાનંદ સ્વામી ધામમાં ગયા એને એક વર્ષ પૂર્ણ થયેલ હોવાથી તે દિવસે સભામાં શ્રીહરિ કહેવા લાગ્યાઃ ''હે તોંગાભાઈ ! આ મુક્તાનંદ સ્વામી તો મહામુક્તરાજ છે. ચારેય ધામમાં આ સ્વામી જેવા સાચા સંત ક્યાંય નથી. ભગવાન વિનાનાં જેટલાં સુખ છે એ બધાં દુઃખનું મૂળ છે, એમ જે સમજાવે તેને જ અમે સાચા સંત કહીએ છીએ, એવા સંત આ મુક્તાનંદ સ્વામી છે. આ મુક્તમુનિ જેવા મહાન સંતોના સમાગમ અને સેવા વિના કાળપાશથી મુક્ત થવાતું નથી; પણ જેનું અંતર પાપથી ભરેલું હોય, તેને આવા સંતનો સંગ ગમતો નથી અને તેનો ઉપદેશ પણ ગમતો નથી.''

હે ભક્તો ! શ્રીહરિ મુક્તાનંદ સ્વામીને ગુરુસ્થાને માનતા, જાહેર સભાઓમાં સ્વામીનો મહિમા કહેતા, હરહંમેશ સ્વામીની પ્રશંસા કર્યા કરતા; તો પણ ક્યારેય મુક્તાનંદ સ્વામીના મુખની રેખા ફરતી નહિ. આવા તેઓ નિર્માની અને સમજણના અંગવાળા હતા. તેની પુષ્ટિ કરી આપતું પ્રથમ પ્રકરણનું ૩૩ મું વચનામૃત છે. તેમાં શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો છે કે, 'તમારું કયું અંગ છે ?' ત્યારે સ્વામીએ કહ્યું હતુંઃ 'હે મહારાજ ! અમારે સમજણનું અંગ છે.' આ અંગમાં બ્રહ્માનંદ સ્વામી પણ તેઓ સાથે જોડાયા હતા.

## નૃત્ય કરી શ્રીહરિને રાજી કર્યા

હે ભક્તો ! દુ:ખનો અગ્નિ જેને દઝાડી નથી શક્યો. સુખની વર્ષા જેને ભીંજવી નથી શકી અને પ્રશંસાનું પાણી જેને પલાળી નથી શક્યું, એવા મહામના–મહામુક્ત–મહાપુરુષ એટલે મારા આદિ ગુરુદેવ મુક્તાનંદ સ્વામીની મહત્તા કયા શબ્દોમાં કહેવી ? આટલા મહાન હોવા છતાં નાનો બાળક જેમ નૃત્ય કરે, તેમ તેઓ શ્રીજી મહારાજ આગળ નૃત્ય કરતા અને પ્રગટ પ્રભુનો રાજીપો મેળવતા હતા.

એકવાર શ્રીહરિ માંગરોળ નગરમાં હતા. ત્યાં આંબલી નીચે સભામાં ગાદી ઉપર બેસી કથા–વાર્તા કરતા હતા. ત્યારે હરિભક્ત મુળચંદભાઈએ આવી પ્રભુને પ્રણામ કરીને કહ્યું: ‘‘મહારાજ ! થાળ તૈયાર થઈ ગયો છે, માટે જમવા પધારો.’’ ત્યારે મહારાજે વાવમાં જઈને સ્નાન કર્યું અને પીળું પીતાંબર પહેરી રાતું પીતાંબર ઓઢ્યું અને લીલું પીતાંબર માથે બાંધ્યું. પછી ધીરે ધીરે ચાલવા લાગ્યા.

તે સમયે મુક્તાનંદ સ્વામીએ પગમાં ઘુઘરા બાંધ્યા અને હાથમાં કરતાલ લીધી અને શ્રીહરિ આગળ આવી નૃત્ય કરતા કરતા અને કીર્તન બોલતા બોલતા ધીરે ધીરે ચાલવા લાગ્યા. ત્યારે અન્ય સંતોએ પણ પખાજ, ઝાંઝ અને મૃદંગ લીધાં અને વગાડતા–વગાડતા એ પણ સ્વામી સાથે ચાલવા લાગ્યા. આવો ભક્તિભાવ જોઈને શ્રીહરિ મંદ મંદ હસતા હસતા ચાખડીએ ચડી જમવા પધાર્યા.

હે ભક્તો ! એક વખત શ્રીહરિ વડતાલમાં વિરાજમાન હતા. સંતો–ભક્તોની વિશાળ સભા ભરાયેલી હતી. એ સમયે શ્રીહરિ બોલ્યા: ‘‘જેને નૃત્ય આવડતું હોય તે અહીં અમારી આગળ નૃત્ય કરો. સભામાંથી બીજું કોઈ ઊભું ન થયું એટલે મુક્તાનંદ સ્વામી ઊભા થયા અને પગમાં ઘુઘરીઓના પટ્ટા બાંધીને નૃત્ય કરવા લાગ્યા અને સાથોસાથ કીર્તન પણ ગાવા લાગ્યા. તેથી શ્રીહરિ રાજી થયા.

મુક્તાનંદ સ્વામીએ એવું નૃત્ય કર્યું કે ગોલોકમાંથી રાધાજી અને વૈકુંઠમાંથી લક્ષ્મીજી વગેરે સ્ત્રીયો દિવ્ય દેહ ધારણ કરીને સ્વામીનું નૃત્ય જોવાં આવ્યાં ! તેમજ બ્રહ્મા, વિષ્ણુ અને શિવ વગેરે દેવો પણ વિમાનમાં બેસીને

**વડતાલમાં આવ્યા અને સ્વામીનું નૃત્ય જોઈને વિસ્મિત થઈ ગયા ! તથા ગંધર્વો અને અપ્સરાઓ પણ સ્વામીનું નૃત્ય જોઈને પૂતળાં જેવી થઈ ગઈ !**

**હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીએ નૃત્યના સારા સારા જે ઘણા ભેદ હતા તે બધા શ્રીહરિને દેખાડ્યા. તે જોઈને શ્રીહરિએ જે જરિયાનો ભારે રેટો બાંધ્યો હતો તે માથેથી ઉતારી સ્વામીને ઓઢાડી દીધો. પછી ગુલાબના હાર પહેરાવ્યા. બાજુબંધ બાંધીને મસ્તકે તોરા ધરાવ્યા. પછી ધન્ય-ધન્ય એમ વારંવાર બોલતા બોલતા સ્વામીને ભેટી પડ્યા અને બોલ્યાઃ ''દુર્લભમાં દુર્લભ એવી જે મોજ હોય તે બોલો. આજ હું તમને આપું. હું આજ તમારા ઉપર પ્રસન્ન થયો છું.''**

## સ્વામીએ માગેલા પંદર સદ્‌ગુણો

''ચોપાઈ''

''એસી કી એસી મૂર્તિ એહા, અખંડ રહો નેન આગે તેહા;
મૂર્તિ વિન ધાટ ન હોવે કોઈ, એસી મોજ માગત મૈં સોઈ.
તવ મૂર્તિ અરુ વચન તુમારો, અનાદર કરે ન મન હમારો;
મન કો ધાર્યો હોવે ન કબહુ, તુમારો ધાર્યો હોવે સબહુ.
દેહ ઈંદ્રિ અંતઃકરણ જેતે, જીય કે મિત્ર હોઈ વર્તત તેતે;
તાકી મિત્રતા હોવે ન કબહી, ઇતની મોજ માગત હે અબહી.''

– હ.ચ.સાગર : પૂર-૫/તરંગ : ૬૪

''અર્થ''

હે ભક્તો ! શ્રીહરિનો રાજીપો જોઈ મુક્તાનંદ સ્વામીએ માગવાનું શરુ કર્યું: (૧) આપની મૂર્તિ આવીને આવી મારાં નેત્રોની આગળ અખંડ રહે. (૨) તમારી મૂર્તિ વિના મનમાં બીજો કોઈ ઘાટ થાય નહિ. (૩) આપની મૂર્તિ અને આપનું વચન, આ બન્નેનો અનાદર મારું મન ક્યારેય ન કરે. (૪) મારા મનનું ધાર્યું ક્યારેય ન થાય. (૫) બધું જ આપનું ધાર્યું થાય. (૬) દેહ, ઇન્દ્રિયો અને અંતઃકરણ તે જીવના મિત્ર થઈને વર્તે. (૭) દેહના કુટુંબી પરમ શત્રુરૂપ મનાય. (૮) સત્સંગમાં મને કુટુંબભાવ રહે. (૯) સત્સંગનો અભાવ ક્યારેય ન લઉં. (૧૦) આપના આશ્રિતોનો મને હંમેશાં સંગ રહે. (૧૧) સંતોની સેવામાં નિત્ય ભાવ રહે. (૧૨) મારા દેહનો અભાવ રહે. (૧૩) સંતોની સેવા કરવા મળે એટલો જીવમાં લાભ મનાય. (૧૪) મારી સેવા કરાવવા માટે સંતોથી ક્યારેય મારો જીવ વિપરીત ન થાય. (૧૫) શ્રીહરિ, સંતો અને સત્સંગી એ ત્રણેયનો અભાવ લેવડાવે એવા લોકો પ્રત્યે ભાવ ન થાય. હે પ્રભુ ! હું આટલી મોજ માગું છું.'' આવું સાંભળી શ્રીહરિ બોલ્યા: ''સ્વામી ! જ્યારે ભક્તનું હૃદય અત્યંત શુદ્ધ થાય ત્યારે તેને હું આ મોજ આપું છું; તમારું અતિ શુદ્ધ મન જોઈને અમે તમને તે મોજ આપીએ છીએ.''

## ગોંડલના રાજાને નિશ્ચય કરાવ્યો

હે ભક્તો ! સત્સંગમાં વિચરણ કરતા કરતા શ્રીહરિ અને મુક્તાનંદ સ્વામી વગેરે ગોંડલ શહેરમાં પધાર્યા. ત્યાંના રાજા હઠીભાઈએ શ્રીહરિનું અને મુક્તાનંદ સ્વામીનું ભવ્ય સ્વાગત કર્યું. પછી પોતાના મહેલમાં ઉતારો કરાવી શ્રીહરિનું પૂજન કર્યું. રાજા હઠીભાઈ મુક્તાનંદ સ્વામીના શિષ્ય હતા એટલે ગુરુનો પ્રતાપ વિચારીને તેમની પણ પૂજા કરી. ત્યાર પછી થાળ તૈયાર થતા શ્રીહરિ અને સંતો જમ્યા અને પ્રસાદી રાજા હઠીભાઈને આપી.

સૌ જમી રહ્યા પછી વિશાળ સભા થઈ. તેમાં મુક્તાનંદ સ્વામી અને દેવાનંદ સ્વામી સરોદ વગાડવા લાગ્યા. પ્રેમાનંદ સ્વામી દુકડ (તબલાં) વગાડવા લાગ્યાં. જ્ઞાનાનંદ સ્વામી સિતાર વગાડવા લાગ્યા અને મુક્તાનંદ સ્વામી

કલ્યાણ રાગના ‘નયનભર કબ દેખુ કીરતાર.....’ એ પદ ગાવા લાગ્યા. ત્યારબાદ સ્વામીએ શ્રીહરિ પ્રગટ પરમાત્મા છે, માટે પ્રગટ પ્રભુને આશરે જઈ એની આજ્ઞામાં રહીને એનું જ ધ્યાન-ભજન કરવું જોઈએ. આ પ્રકારે મહિમા કહ્યો.

હે ભક્તો ! આવો ઉપદેશ પોતાના ગુરુ મુક્તાનંદ સ્વામીના મુખથી સાંભળીને દરબાર હઠીભાઈના મનમાં શ્રીહરિના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થયું અને પ્રગટ મૂર્તિ અંતરમાં વસી ગઈ ! પછી તેઓ બોલ્યા: ‘‘હવે કદાચ કરોડો અંતરાય આવે તો પણ મારું મન બીજે દોડશે નહિ. શ્રીહરિરૂપ ચિંતામણિ મને મળી ગયો છે. અનેક અજ્ઞાનને ટાળનારા મહાપ્રભુ શ્રીહરિ આવીને મને મળ્યા છે, એટલે જન્મ-મરણનો ત્રાસ પણ ટળી ગયો છે. હવે મારા મનમાં સ્વર્ગાદિક સુખને ભોગવવાની ઈચ્છા રહી નથી.’’

## આંબા શેઠને ફરી નિશ્ચય કરાવ્યો

હે ભક્તો ! એકવાર શ્રીહરિએ પંચાળામાં મનુષ્ય-લીલા કરીને કહ્યું કે, ‘‘અમારે પણ પરણવું છે.’’ પછી ઝીણાભાઈનાં બહેન અદીબા સાથે લગ્નની વાત નક્કી થઈ, અદીબાએ પણ રાજીખુશીથી હા કહી. પરંતુ પછી શ્રીહરિએ ના કહી. પછી તો શ્રીહરિ ગઢપુર જતા રહ્યા, પણ અદીબાએ બીજા કોઈ સાથે લગ્ન ન કર્યા. આજીવન સાંખ્યયોગી બનીને ઘેર રહીને જ ભજન કરેલું.

એકવાર અદીબા ગઢડા આવેલાં. શ્રીહરિનાં દર્શન કરી એમને સંકલ્પ થયો કે, ‘શ્રીહરિએ મારી સાથે લગ્ન તો ન કર્યા, પણ એકવાર જો મારી ઈચ્છા પૂરી કરવા મને ચરણ-સ્પર્શ કરવા દે અને તેઓ પણ મને સ્પર્શ કરે તો મારું જીવન સફળ થઈ ગયું, એમ હું માની લઈશ.’ આ પ્રમાણે મનોમન સંકલ્પ કરી પોતાની આ ઈચ્છા પૂરી કરવા મનોમન મહારાજને પ્રાર્થના કરી.

હે ભક્તો ! સર્વજ્ઞ ને અંતર્યામી એવા શ્રીહરિએ અદીબાનો સંકલ્પ જાણી લીધો અને વળતે દિવસે સવારે વહેલાં પ્રાતઃકાળમાં અદીબા સેવા કરતા હતા ત્યાં શ્રીહરિ પધાર્યા અને ખભે હાથ મૂકીને કહ્યું: ‘‘મારા ચરણનો સ્પર્શ કરી તમારી ઈચ્છા પૂર્ણ કરી લ્યો. મેં તમારી ઈચ્છા પૂરી કરી છે. મેં તમારા ખંભે હાથ મૂકીને તમારી ઈચ્છા પૂરી કરી છે, હવે આવો સંકલ્પ કરશો નહિ.’’

હે ભક્તો ! દાદાખાચરના દરબારગઢના ફળિયામાં આ રીતે વાતચીત ચાલી રહી હતી, તે સમયે ગઢાળી ગામના આંબા શેઠ દરરોજના નિયમ પ્રમાણે મહારાજને દાંતણ દેવા આવ્યા અને તેમણે નજરો–નજર આ દૃશ્ય જોયું ને મન વિચારોના વમળમાં અટવાવા મંડ્યું: ‘અરે ! જેમને હું ભગવાન માનું છું અને દરરોજ જેમના માટે દાંતણ આપવા માટે જ આટલા ગાઉં દૂરથી આવું છું એ તો પારકી યુવાન સ્ત્રીને ખભે હાથ મૂકીને ઊભા છે, નક્કી એના મનમાં પાપ છે, આને કેમ ભગવાન કહેવાય ?’ તુરંત દાંતણ ફેંકી દઈ ગઢાળી જતા રહ્યા અને કંઠી તોડીને ફેંકી દીધી.

હે ભક્તો ! આંબા શેઠ આવતા બંધ થઈ ગયા એનું કારણ અંતર્યામી પ્રભુ જાણતા જ હતા, તેથી શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને કહ્યું: ‘‘સ્વામી ! આપણી સભામાં લીમડા આવે છે, બાવળીયા પણ આવે છે, પણ એક આંબો આવતો નથી. આંબો સુકાઈ ગયો છે, એને અમારો અવગુણ આવ્યો છે, માટે તમે જઈને એને પાણી પાવ અને ફરીને સત્સંગમાં આવે એવો નિશ્ચય કરાવો.’’

હે ભક્તો ! મહારાજની આજ્ઞાથી મુક્તાનંદ સ્વામી ગઢાળી ગયા અને આંબા શેઠને અતથી ઇતિ સુધીની વિસ્તારથી વાત કરી. પછી ભગવાનની મનુષ્ય–લીલા તેમજ દિવ્ય–લીલાઓના અનેક પ્રસંગો સમજાવીને ફરીને શ્રીહરિનો નિશ્ચય કરાવ્યો અને ફરીને કંઠી બાંધી સત્સંગી કર્યા. પછી તો આંબા શેઠ પાકા ભક્ત બની ગયા અને આખી જિંદગી ભજન–ભક્તિ કરી મહારાજને રાજી કરી લીધા.

## આદ્ય કવિ મુક્તાનંદ સ્વામી

હે ભક્તો ! સંસ્કૃત સાહિત્યમાં વાલ્મિકી ઋષિને આદ્ય કવિ માનવામાં આવે છે. ગુજરાતી સાહિત્યમાં નરસિંહ મહેતાને આદ્ય કવિ માનવામાં આવે છે. એ જ રીતે ઉદ્ધવ સંપ્રદાયમાં (સ્વામિનારાયણ સંપ્રદાયમાં) શ્રીહરિના ગુણાનુવાદ સાહિત્યમાં સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીને 'આદ્ય કવિ' માનવામાં આવે છે; કારણ કે તેઓ રામાનંદ સ્વામીના વખતથી જ કાવ્ય-કીર્તનો બનાવતા હતા. વળી તે સમયમાં સંપ્રદાયમાં એક પણ કવિ ન હતા.

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીને સંગીત અને કવિત્વ શક્તિ પ્રથમથી જ વરેલા હતા. એમાં વળી શ્રીજી મહારાજને સંગીત અને કીર્તનો અતિપ્રિય હતા, તેના કારણે સોનામાં સુગંધ ભળ્યા જેવું થયું. કોઈ પણ સ્થાનમાં સભા હોય ત્યારે પ્રથમ શ્રીહરિ કીર્તન-ભક્તિથી જ શરુઆત કરાવતા. ભગવાનને રાજી કરવા માટે ગાનાર સંતો-ભક્તો ઉપર મહારાજ ખૂબ રાજી થતા અને પ્રસાદીના હાર પહેરાવી સન્માન કરતા તેમજ ભેટતા હતા.

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામી ગાવામાં, વગાડવામાં અને નૃત્ય કરવામાં પ્રવિણ હતા. સંગીત એટલે કર્ણપ્રિય અવાજ. સંગીતના ત્રણ પ્રકાર છે. ગાયન, વાદન અને નૃત્ય. આ ત્રણેય બાબતમાં સ્વામી પારંગત હતા. એમાંય પણ નૃત્યકળા તો ખૂબ કઠિન ગણાય છે. વળી, નૃત્યની સાથે ગાવું એ તો કઠિનમાં કઠિન બાબત છે. પરંતુ આપણા મુક્તાનંદ સ્વામી તો સર્વકળાના નિધિ હતા એટલે નૃત્યની સાથે ગાયકી પણ આબેહૂબ રીતે રજૂ કરી પ્રગટ પ્રભુ શ્રીહરિને રીઝવતા હતા. તેથી તો રાજી થઈને શ્રીહરિએ સ્વામીને પંદર વરદાન આપી દીધાં હતાં !

હે ભક્તો ! શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથમાં આધારાનંદ સ્વામીએ તો ત્યાં સુધી લખ્યું છે કે, 'આ ગામમાં મુક્તાનંદ સ્વામીએ કલ્યાણ રાગનાં કીર્તનો ગાયાં, આ ગામમાં ભૈરવ રાગનાં કીર્તનો ગાયાં, બીજાં ગામમાં તોડી રાગનાં કીર્તનો ગાયાં, પેલા ગામમાં યમન રાગનાં કીર્તનો બોલ્યાં.' એના ઉપરથી ખ્યાલ આવે છે કે સ્વામી કેટલાં બધા રાગના નિષ્ણાત હશે ?

હે ભક્તો ! કવિત્વ શક્તિની વાત કરું તો એ તો સ્વામીમાં નાનપણથી જ હતી. રામાનંદ સ્વામી ભેગા રહેતા હતા ત્યારે બહુધા તો દાસ મુકુંદ નામથી કીર્તનો બનાવતા હતા. અને શ્રીહરિજી સાથે રહેવા લાગ્યા પછી બહુધા મુક્તાનંદ નામનું નામાચરણ કરતા હતા. એટલું તો ચોક્કસ કહીશ કે, બ્રહ્માનંદ સ્વામીનાં કીર્તનો બાદ કરતાં સૌથી વધારે કીર્તનો સ્વામિનારાયણ સંપ્રદાયમાં મુક્તાનંદ સ્વામીનાં છે !

## ગવૈયાઓનો ઇગો ઉતરી ગયો

હે ભક્તો ! એકવાર મધ્યપ્રદેશના ગ્વાલિયર નગરના ખ્યાતનામ ગવૈયાઓ અનેક રાજ્ય-રજવાડાઓમાં પોતાના પોગ્રામો કરતા કરતા જૂનાગઢ આવ્યા. ત્યાના નવાબ હામદખાન સંગીતના ખૂબ શોખીન હોવાથી ગ્વાલિયરના ગવૈયાઓનો ઝલસો (પોગ્રામ) પોતાના મહેલમાં રાખવામાં આવ્યો હતો. ત્યાં સર્વે ગવૈયાઓએ પોતપોતાની કળાની કરામતો બતાવી ઈનામના રૂપમાં ઘણું ધન મેળવ્યું હતું. પરંતુ ચાલવાની તૈયારી કરી ત્યારે નવાબ હામદખાને તેમને કહ્યું: ''તમારી ગાયીકી અને વાદનકળા આમ તો સારી છે, પરંતુ સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો તમારા કરતાં વધારે સારું ગાઈ પણ શકે છે અને વગાડી પણ શકે છે.''

હે ભક્તો ! પોતાના કરતાં બીજાને શ્રેષ્ઠ કહ્યા એટલે તે કલાકારોનો ઇગો ઘવાયો અને સરનામું લઈ સર્વે ગઢપુરમાં આવ્યા અને શ્રીજી મહારાજને આવીને કહ્યું: ''અમારે તમારા સંતોની ગાનવિદ્યા - વાદ્યવિદ્યા જોવી છે અને સાંભળવી છે, તેથી તેઓને કહો અમોને શાસ્ત્રીય રાગોનાં પદ સંભળાવે અને શાસ્ત્રીય તાલ સાથે સંગીત પણ સંભળાવે.''

સંગીતકારો ને ગવૈયાઓની અહંકારયુક્ત વાણી સાંભળી તે ગવૈયાઓનો ગર્વ ઉતારવા માટે શ્રીહરિએ મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામી વગેરે સંતોને પોતપોતાના સાજ લઈ આવીને ગાવાની અને વગાડવાની આજ્ઞા કરી. તુરંત સર્વે સંતો અલગ-અલગ વાજીંત્રો લઈ આવ્યા અને સાજ તૈયાર કરી આલાપ સાથે ગાવા લાગ્યા.

હે ભક્તો ! તે સમય સાંજનો હતો પરંતુ તેમાં મુક્તાનંદ સ્વામીએ તો અજબ જાદુ કર્યો. પગે ઘૂઘરા બાંધી, હાથમાં કરતાલ લઈ નૃત્ય કરતાં કરતાં ગાવા લાગ્યા ! એટલું જ નહિ, પણ પાથરેલ કંકુમાં જમણા પગના અંગુઠા વડે બેનમૂન સુંદર હાથી પણ ચીતરી દીધો !! મુક્તાનંદ સ્વામીની એક સાથે અનેક કરામતો જોઈને ગવૈયાઓ તો આફરીન પૂકારી ઊઠ્યા: ''બહોત ખૂબ, બહોત ખૂબ મુક્તાનંદજી ! આપને તો એકી સાથ ગાયા, નૃત્ય કીયા, કરતાલ બજાઈ; ફિરભી લય નહિ તોડા, ઠેકા નહિ છોડા, તાલ નહિ તોડા ઔર આવાઝ નહિ બદલી; વાહ, બહોત બડિયાં.''

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીના આ બ્રહ્મભીના સંગીતની અને અવાજની અસર પ્રકૃતિ ઉપર એટલી બધી થઈ કે સંધ્યાકાળને બદલે પ્રાત:કાળની ઝાંખી થવા લાગી. તેને કારણે કૂકડા બોલવા લાગ્યા અને પંખીઓ કલરવ કરવા લાગ્યા ! અને આકાશમાં ઉષાની લાલી પથરાવા લાગી ! આવું દૃશ્ય જોઈને ગવૈયાનો અહંકાર ઓગળી ગયો.

## મહારાજની નજરે મુક્તાનંદ સ્વામી

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીના જીવનમાં ડોકિયું કરીએ તો ખ્યાલ આવે કે, સ્વામીમાં મહિમાએ સહિત ભક્તિ વિશેષપણે હતી. કેવળ પ્રભુનો જ મહિમા ન હતો, સંતોનો અને સત્સંગીઓનો પણ સ્વામીને બહુ મહિમા હતો. આમ જોઈએ તો પૂજ્ય સ્વામીમાં કયુ અંગ ન હતું એ સંશોધનનો વિષય છે ! પ્રથમનાં ૩૩માં વચનામૃત મુજબ સ્વામીને સમજણનું અંગ હતું. અંત્યનાં ૨૪માં વચનામૃતમાં શ્રીજી મહારાજ બોલ્યા છે કે, ''મુક્તાનંદ સ્વામીને અમારી પ્રસન્નતા કરવી તથા અમારો વિશ્વાસ એ અંગ.''

લોયાનાં ત્રીજાં વચનામૃતમાં મહારાજે માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચયમાં પણ મુક્તાનંદ સ્વામીને સર્ટિફિકેટ આપ્યું ! સારંગપુરનાં ત્રીજાં વચનામૃતમાં પ્રગટ પ્રભુ ત્યાં સુધી બોલ્યા છે કે, ''મુક્તાનંદ સ્વામીને અમે પ્રથમ લોજપુરમાં

દીઠા હતા અને જેવી શ્રદ્ધા અને ભગવાનનું માહાત્મ્ય હતું, તેવું ને તેવું જ આજ દિવસ સુધી નવું ને નવું જ છે, પણ ગૌણ પડ્યું નથી !’’ વળી, દાસત્વ ભક્તિનું સ્થાપન કરતા થકા શ્રીજી મહારાજ મધ્યનાં ૬૨માં વચનામૃતમાં કહે છે કે, ‘‘એવા દાસત્વ ભક્તિવાળા તો આજ ગોપાળાનંદ સ્વામી અને બીજા મુક્તાનંદ સ્વામી છે.’’

હે ભક્તો ! અંતઃશત્રુઓને આઘા કરવા માટે અને ખરાબ ઘાટને ટાળવા માટે શ્રીજી મહારાજ લોયાનાં છઠ્ઠાં વચનામૃતમાં કહે છે કે, ‘‘ભગવાનના સંત જે મુક્તાનંદ સ્વામી જેવા મોટા હોય તેનાં નામ લઈને, તેની પ્રાર્થના કરવી તો ઘાટ સર્વે ટળી જાય ને નિરાંત થાય !

વાણીની ચંચળતા ટાળવા માટે પણ લોયાનાં આઠમાં વચનામૃતમાં સ્વામી તરફ અંગૂલી નિર્દેશ કરાયો છે કે, ‘‘મુક્તાનંદ સ્વામી જેવા વાર્તા કરતા હોય તથા કથા વાંચતા હોય તેમાં વચમાં ડહાપણ કરીને બોલવું નહિ. ને જો બોલાય જાય તો પંચવીશ માળા ફેરવવી તો વાણીની ચંચળતા ટળે.’’

હે ભક્તો ! કીર્તન ભક્તિમાં પણ શ્રીહરિ મુક્તાનંદ સ્વામીનાં કીર્તનોને અતિ પ્રમાણિત કરતા મધ્ય પ્રકરણનાં ૩૫માં વચનામૃતમાં કહે છે કે, ‘‘મુક્તાનંદ સ્વામી આદિક સાધુનાં જે કાવ્ય ને કીર્તન હોય તે ગાવવાં ને સાંભળવાં.’’ મધ્યનાં ૧૯માં મહારાજ તો ત્યાં સુધી કહે છે કે, ‘‘અમે ગોલોકમાં ગયા..... ત્યાં કીર્તનો પણ મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીનાં ગાય છે ?’’

## સ્વામીમાં ભક્તિદેવીએ પ્રવેશ કર્યો

હે ભક્તો ! એકવાર શ્રીજી મહારાજ ગઢપુરમાં લીલુડા લીંબતરુ નીચે સભામાં બિરાજમાન હતા. સભામાં આગેવાન સંતો–ભક્તો બેસીને મહારાજનાં દર્શનનું સુખ લઈ રહ્યા હતા અને સાથોસાથ વચનામૃતનું પાન કરી રહ્યા હતા. એ સમયે ધર્મ–જ્ઞાન–વૈરાગ્ય અને ભક્તિ આ ચારેય મૂર્તિમાન સ્વરૂપ ધારણ કરી ત્યાં આવ્યાં અને

પ્રગટ પ્રભુ શ્રીહરિને પ્રણામ કરીને બોલ્યાંઃ ''હે પ્રભુ ! અમારે ચારેને આપની સમીપમાં હંમેશાં રહેવું છે; તો આપશ્રી અમોને જે સંતમાં રહેવાની આજ્ઞા કરો તેમાં અમો નિવાસ કરીને રહીએ અને આપનાં દર્શનનું કાયમ સુખ લઈએ.''

હે ભક્તો ! ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની વાત સાંભળી મહારાજ મંદમંદ હસતા થકા બોલ્યાઃ ''હે ધર્મ ! તમો બ્રહ્માનંદ સ્વામીમાં રહો. હે જ્ઞાન ! તમે ગુણાતીતાનંદ સ્વામીમાં રહો. હે વૈરાગ્ય ! તમે નિષ્કુળાનંદ સ્વામીમાં રહો અને હે ભક્તિમાતા ! તમે માહાત્મ્ય જ્ઞાને સહિત મુક્તાનંદ સ્વામીમાં રહો.''

આ પ્રમાણે શ્રીહરિએ રજા આપી એટલે ચારેય ગુણોએ ચારે સદ્‌ગુરુમાં પ્રવેશ કર્યો ! તેના કારણે ચારેય સદ્‌ગુરુઓ વિશેષ શોભવા લાગ્યા. મુક્તાનંદ સ્વામીમાં ભક્તિ તો હતી જ, પરંતુ શ્રીહરિના કહેવાથી મુર્તિમાન ભક્તિદેવી સ્વામીમાં લીન થયા. પછી તો સ્વામીનું જીવન અતિશય મહિમા-સભર બની ગયું હતું ! કોઈ સંતને કે કોઈ સત્સંગીને ભક્તિ કરતા જુએ તુરંત તેમના પ્રત્યે સ્વામી ખૂબ જ રાજી થઈ જતા અને એની સેવા કરવામાં તત્પર થઈ જતા. પોતામાં પણ પ્રેમ-ભક્તિ અને નવધા ભક્તિનો પ્રવેશ થયો, તેના કારણે મુમુક્ષુઓનાં મન સ્વામી તરફ ખેંચાવાં લાગ્યાં હતાં.

હે ભક્તો ! એના કારણે તો સ્વામી જે જે ગામોમાં કે સ્થાનોમાં સત્સંગ કરાવવા જતા તે તે ગામોમાં ને સ્થાનોમાં મુમુક્ષુઓ એકવાર સ્વામીના મુખની કથા-વાર્તા સાંભળવા આવતા, એટલે તેઓ સત્સંગી થઈને જ ઘેર પાછા જતાં. આવો તો સ્વામીની વાણીમાં પાવર હતો.

એકવાર ભેંસજાળ ગામના મોતી ત્રવાડી ગઢડામાં મુક્તાનંદ સ્વામી પાસે ઉદ્ધવગીતાના રાગ શીખવા માટે આવ્યા હતા. સ્વામીએ તેને રાગ શીખવાડ્યા. મોતીભાઈ સ્વામીનું જીવન જોઈને કહેવા લાગ્યાઃ ''સ્વામી ! તમે પ્રગટ પ્રભુ છો.'' ત્યારે સ્વામી કહેઃ ''ત્રવાડી ! પ્રગટ પ્રભુ તો સ્વામિનારાયણ ભગવાન છે.'' એમ કહીને મહારાજ સ્નાન કરતા હતા તેનું જળ સ્વામીએ પીધું ! એ જોઈને મોતીભાઈને થયું કે, 'આવા મહાપુરુષ શ્રીજી મહારાજનું

નાયેલું પાણી પીવે છે, માટે મહારાજ ભગવાન છે.' તો, સ્વામીનું વર્તન જ એવું હતું કે લોકો ભગવાન માનવા તૈયાર થઈ જતા !

## ક્રોધ સ્વામીના શરણે આવ્યો !

હે ભક્તો ! ક્રોધ એ બ્રેક વગરની ગાડી જેવો છે. એકવાર ઉપડ્યા પછી એની ગતિ ગુણાકારમાં વધે છે. દારુની માફક માણસને ક્રોધનો પણ નશો ચડે છે. એના સેવનથી માણસ ભાન ભૂલે છે. ક્રોધનો ગુલામ બનેલ માણસ સંજોગોનો શિકાર બની જાય છે. વિપરીત પરિસ્થિતિનો તે ભોગ બની જાય છે. ક્રોધ માણસનાં મનમાં ક્ષોભ નિર્માણ કરે છે અને પરિણામે માણસ પોતાની માનસિક સમતુલા ગુમાવી બેસે છે. તેને કારણે આસપાસના વાતાવરણને પણ ડહોળી નાખેછે. પોતાની ઈચ્છાનો ભંગ થતાં જ ક્રોધ જન્મે છે. ક્રોધ ઉત્પન્ન થવાનું બીજું કારણ અહંકાર પણ છે. ક્રોધનું કારણ મળવા છતાં જે માણસ ક્રોધ નથી કરતો, તેણે જ ખરા અર્થમાં ક્રોધ ઉપર વિજય મેળવ્યો કહેવાય છે; એવા હતા આપણા મુક્તાનંદ સ્વામી.

હે ભક્તો ! એકવાર મુક્તાનંદ સ્વામી વગેરે સંતો ધ્રાંગધ્રા ગામમાંથી બીજાં ગામમાં જઈ રહ્યા હતા. ત્યારે દ્વેષી બાવાઓ પાછળ ગયા અને ગાળો દેવા લાગ્યા ! તો પણ સંતો કાંઈ ન બોલ્યા. એટલાથી તે અસુરાંશોને સંતોષ ન થયો એટલે લીલા બાવળની કાંટાવાળી ડાળીઓ તોડી મુક્તાનંદ સ્વામી અને સંતોને મારવા લાગ્યા ! તો પણ સ્વામીને ક્રોધ ન આવ્યો !

હે ભક્તો ! એક વખત મુક્તાનંદ સ્વામી સંતમંડળ લઈને સૌરાષ્ટ્રનાં ગામોમાં સત્સંગ કરાવતા કરાવતા સાંગાવદર ગામની સીમમાં એક વાડીએ કૂવા કાંઠે બેસીને હાથ-પગ ધોતા હતા. ત્યાંતો તે વાડીનો માલિક ત્યાં એકદમ આવ્યો અને સ્વામીને ગાળો દેતા દેતા ધક્કો માર્યો; તેથી સ્વામી પડી ગયા ! પેલાએ ગાળો દેવાનું શરુ રાખ્યું, પણ મુક્તાનંદ સ્વામીના મુખની રેખા ફરી નહિ. સ્વામી તો સ્વામિનારાયણ ભગવાનનું સ્મરણ કરતા કરતા ત્યાંથી જતા રહ્યા, પણ ક્રોધ ન કર્યો !!

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામી આવા નિર્માની અને ક્ષમાનિધિ હતા. તેથી તો મૂર્તિમાન ક્રોધે આવીને સ્વામી પાસે શરણ માગ્યું હતું ! ગઢપુરમાં એકવાર શ્રીજી મહારાજ સંતો સાથે બેઠા હતા. ત્યારે સાક્ષાત્ ક્રોધે આવીને મુક્તાનંદ સ્વામીનું શરણ લીધું ! પછી મહારાજને પ્રણામ કરીને જતા જતા બોલ્યો: ''જે મુક્તાનંદ સ્વામીને શરણે જાશે, તેને સ્વામિનારાયણ બચાવશે !'' આવું સાંભળીને શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને પ્રસાદીનો ઝરીયાની પોશાક આપ્યો ને બાથમાં લઈ ભેટ્યા. પછી સ્વામીએ ના પાડી તો પણ ષોડશ ઉપચારે પૂજા કરી. તેમજ પોતે જમવા પધાર્યા ત્યારે સ્વામીને બોલાવી થાળની પ્રસાદી આપી તેમજ વરદાન માગવા કહ્યું. ત્યારે સ્વામીએ માગ્યું: ''હે મહારાજ ! તમારા સ્વરૂપ વિષે સદ્‌મતિ રહે, પ્રીતિ રહે તથા તમારાં ચરણમાં હંમેશાં વાસ રહે.''

## વચનામૃત પ્રાગટ્યની શરુઆત

હે ભક્તો ! એક વાત યાદ રાખજો કે શ્રીજી મહારાજના સમયની સાલ એ સમયના ગમે તે પુસ્તકમાં લખેલ હોય તેને આષાઢી સંવત્ જ માનવી; કારણ કે, એ સમયે અષાડ મહિનામાં જ નવું વર્ષ શરુ થતું હતું. હાલમાં પ્રકાશિત થતાં પુસ્તકોમાં પણ જો દોઢસો વર્ષ પહેલાંની સંવત્ સાલ લખેલ હોય તો પણ તેને અષાઢી સંવત્ જ સમજવી, કારણ કે ત્યારે દિવાળીએ નવું વર્ષ શરુ થતું ન હતું.

આ ક્રમ પ્રમાણે સંવત્ ૧૮૭૬ માગસર સુદ ચોથ (તા. ૨૧–૧૧–૧૮૧૯) ને રવિવારનો દિવસ હતો. તે દિવસની રાત્રે દોઢ પ્રહર (રાત્રીના સાડા દસ વાગ્યે) વ્યતીત થઈ ગયો, ત્યારે મૂળજી બ્રહ્મચારીએ અક્ષર ઓરડીની બહાર ચોકમાં શ્રીહરિને પોઢવા માટે સુંદર પલંગ પાથર્યો હતો. તેના ઉપર શ્રીહરિ સુવાની તૈયારી કરતા હતા. અર્થાત્ સૂતા સૂતા જાગતા હતા.

હે ભક્તો ! તે સમયે મુક્તાનંદ સ્વામી હાથમાં સરોદ (સરોદો) લઈ બિહાગ રાગનાં પદ ઉંચે સ્વરે અત્યંત પ્રસન્ન મનથી ગાવા લાગ્યા અને પોતાનાં ચિત્તને ભગવાનનાં સ્વરૂપમાં જોડી દીધું. તેથી તે સમયના મુક્તાનંદ સ્વામીનાં ગાનને શ્રીહરિ અક્ષર–ઓરડીમાં સાંભળતા હતા.

તેથી શ્રીહરિએ પાર્ષદોને કહ્યું: ''મુક્તાનંદ સ્વામી કીર્તનગાન કરતા હોય એવું જણાય છે.'' ત્યારે પાર્ષદોએ કહ્યું: ''સ્વામીનો સ્વર આટલો ઊંચો નથી; અમને તો આ કીર્તન બ્રહ્માનંદ સ્વામી ગાઈ રહ્યા હોય એવું જણાય છે. ત્યારે શ્રીહરિએ પચ્છમ્ ગામના દેવજી ભક્ત હતા તેને જોઈ આવવા કહ્યું. તેમણે આવીને કહ્યું, ''બ્રહ્માનંદ સ્વામી ગાય છે.'' એવું સાંભળી શ્રીહરિએ કહ્યું: ''આ બ્રહ્માનંદ સ્વામી ગાતા નથી, માટે ચાલો આપણે ત્યાં જઈએ અને સાચી વાત નક્કી કરીએ.''

હે ભક્તો ! કોને ખબર હતી કે એ રાત્રી સર્વોપરી તત્ત્વજ્ઞાનના જ્ઞાન પિપાસુ ઉત્તમ મુમુક્ષુઓ માટે અવર્ણનીય અને અલૌકિક બનવાની હતી ! કોણ જાણતું હતું કે આજે જ વચનામૃત ગ્રંથના પ્રાગટ્યનું કેન્દ્રબિંદુ મુક્તાનંદ સ્વામી બનવાના હતા. અરે ! મુક્તાનંદ સ્વામીને પણ ક્યાં ખબર હતી કે એ ગ્રંથ પ્રારંભનું માધ્યમ મારે જ બનવાનું છે ?

મુક્તાનંદ સ્વામીના સ્વરને અને ભાવને સ્વાધીન થઈ શ્રીહરિ સંતોની ધર્મશાળાએ પધાર્યા. તે સમયે સ્વામી પ્રેમરસમાં મગ્ન થઈ કીર્તન ગાતા હતા અને તેમના શિષ્ય આધારાનંદ સ્વામી પણ સ્વામીને ગાવામાં સાથ આપી રહ્યા હતા. પ્રગટ પ્રભુ પધાર્યા એટલે ધર્મશાળાના ચોકમાં ચોતરા ઉપર સંતોએ ગાદી પાથરી આપી, તેના પર પ્રભુ બિરાજમાન થયા.

હે ભક્તો ! જેમ જેમ સંતોને ખ્યાલ આવતો ગયો, તેમ તેમ સંતો ત્યાં આવતા ગયા અને મહારાજને પગે લાગીને બેસતા ગયા. તેમાં મુખ્ય સંતોમાં મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ચૈતન્યાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામી વગેરે હતા. એ સમયે જાણતા હોવા છતાં અજાણ્યા થઈને શ્રીહરિએ પૂછ્યું: ''અત્યારે કોણ ગાતું હતું ? અમે તે સાંભળીને આવ્યા છીએ.'' ત્યારે સહુ સંતોએ કહ્યું: ''મહારાજ ! મુક્તાનંદ સ્વામી ગાતા હતા. સ્વામીને દરરોજ કીર્તનો ગાવાનો નિયમ છે, તેઓ એક દિવસ પણ આ નિયમને ભૂલતા નથી.''

(હ.સાગર : પૂર : ૨૧ તરંગ ૨)

હે ભક્તો ! ત્યારે શ્રીહરિએ કહ્યું: ''કીર્તન ઉપર અમોને ખૂબ પ્રેમ છે. કીર્તન સાંભળતા તૃપ્તિ થતી નથી. કીર્તન અને કથામાં ભગવાનની મૂર્તિ ચરિત્રોએ સહિત પ્રત્યક્ષ પ્રમાણ રહે છે. કીર્તન અને કથામાં અમારો ભાવ તો ગંગાના પ્રવાહ જેવો ઘણો વેગીલો છે. અમે જ્યારે કીર્તન અને કથા શ્રવણ કરતા હોઈએ છીએ ત્યારે અમને અચાનક જ શરીરનું લગાર પણ ભાન રહેતું નથી. જે કથા અને કીર્તનમાં ભગવાનનો સંબંધ ન દેખાય તેવાં કીર્તન તથા કથાને અસાર ને રસ વિનાના જાણીને તેનો દૂરથી જ ત્યાગ કરતા રહીએ છીએ.

હે ભક્તો ! હવે પછી જે પ્રશ્ન શ્રીહરિ સંતો ઉપર હેત રાખીને પૂછશે એ પ્રશ્નથી જ વચનામૃત ગ્રંથનો પ્રારંભ શરુ થઈ જશે. સાંભળો એ પ્રશ્ન. શ્રીહરિએ પ્રશ્ન પૂછતા કહ્યું: ''હે સંતો ! ભગવાનને રાજી કરવા માટે જે જે કઠણમાં કઠણ સાધન કહ્યાં છે, તે કઠણ સાધનોમાં પણ કયું સાધન સહુથી કઠણ છે ? તે તમે કહો.'' પછી જેની જેવી સમજણ હતી, તેણે તે રીતે ઉત્તર કર્યો.''

હે ભક્તો ! પછી જ્યારે શ્રીહરિએ તે પ્રશ્નનો ઉત્તર કર્યો ત્યારે બીજા સહુના ઉત્તરો તો મીઠા વિનાના શાક જેવા થઈ ગયા ! મહારાજ બોલ્યા: ''સંતો ! ભગવાનનાં સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી તે ઘણું કઠણ છે, તેમ અમને દેખાય છે. ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રહે છે, તે સહુથી અધિક વાત છે, તેમ સર્વે શાસ્ત્રોમાં કહ્યું છે.

જેને ચિંતામણિ મળ્યો હોય તેને કોઈ વાત અપ્રાપ્ય રહેતી નથી; તે તો જે જે ઈચ્છા કરે તે બધું તેને નિશ્ચય મળતું રહે છે. (તેમ) ભગવાનનાં સ્વરૂપમાં નિષ્કપટભાવે જે વૃત્તિ રાખે છે, તે તો જ્યારે જીવ, ઈશ્વર, માયા અને બ્રહ્મનાં સ્વરૂપને જોવાને ઈચ્છે ત્યારે તેને તત્કાળ દેખે છે. વળી વૈકુંઠ, ગોલોક અને બ્રહ્મ મહોલ ઈત્યાદિક ભગવાનના જે જે ધામ છે, તેને પણ તે ભક્ત દેખે છે.'' – શ્રીહરિચરિત્રામૃત સાગર પૂર : ૨૧/૨

## શ્રીહરિ કહે, તમારો ગુણ કહો

હે ભક્તો ! એકવાર ગઢડામાં શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામીને પૂછ્યું જે, 'તમારા ચારેયમાં એકુકો ચમત્કારી ગુણ તમને જણાતો હોય તે કહો. તેમાં પ્રથમ મુક્તાનંદ સ્વામી કહે.' ત્યારે સ્વામીએ હાથ જોડીને કહ્યું જે, 'હે મહારાજ ! મારા મનમાં હું એમ જાણું છું જે પથ્થર સરખો કઠણ ને મલિન હૃદયવાળો એવો કોઈ પુરુષ હોય ને તે જો મારી વાતો સાંભળે, તો તેનું અંતઃકરણ નિર્મળ થઈને ભગવાન સન્મુખ થઈ જાય, એવી મારી વાત જણાય છે. એ મારામાં ગુણ મને ભાસે છે ?'' ત્યારે મહારાજ બોલ્યા જે, 'સ્વામી ! એ ગુણ તમારામાં છે જ ને હું પણ જાણું છું.' – હ.ચ.ચિંતામણિ : ૨/૭૩

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીએ ઉપરોક્ત પ્રસંગમાં કહ્યું કે, ''પથ્થર જેવો કઠણ ને મલિન હૃદયવાળો પણ મારી વાત સાંભળે તો તેનું અંતર નિર્મળ થઈ જાય.'' એ પ્રત્યક્ષ પૂરાવો એટલે જોબનપગી. વડતાલમાં વડેઉમાતાના મંદિરમાં મુક્તાનંદ સ્વામી ઉતરેલા ત્યારે જોબનપગી કથા સાંભળવા આવતા હતા અને ત્યારે જ તેઓ મુક્તાનંદ સ્વામીની વર્તન સભર વાણી સાંભળીને કંઠી પહેરીને સત્સંગી થયા હતા; પરંતુ તેમણે ચોર–લૂંટારાનો સંગ શરુ રાખેલો તેના કારણે ડભાણ ગામમાં ઘોડાંઓ ચોરવાં ગયા હતા.

હે ભક્તો ! એકવાર મુક્તાનંદ સ્વામી અમદાવાદ પધારેલા. સ્વામીનાં વર્તનની સુવાસ સર્વત્ર ફેલાઈ ગઈ, તેના કારણે ત્યાંના વિદ્વાન બ્રાહ્મણો સ્વામી પાસે સત્સંગ કરવા આવ્યા. તેમાં એક શાસ્ત્રીએ પૂછ્યું: ''સ્વામી ! તમે ગીતા અને ભાગવતની જ વાતો કરો છો અને અમો પણ એ શાસ્ત્રોની જ વાતો કરીએ છીએ. અમારો સવાલ એ છે કે તમારી વાતો સાંભળીને કેટલાક લોકો સત્સંગી થાય છે અને વ્યસન–ફેશન છોડી ભગવાન ભજવા લાગે છે અને અંતે એનો મોક્ષ થાય છે; પરંતુ અમો પણ તમારી જેમ જ કથા–વાર્તા કરીએ છીએ, તો પણ મોક્ષમાર્ગે કોઈ ચાલતું નથી એનું શું કારણ છે ?''

હે ભક્તો ! પંડિતોની વાત સાંભળી મુક્તાનંદ સ્વામીએ જવાબ આપતા કહ્યુંઃ ''હે વિદ્વાનો ! તમને ખોટું ન લાગે તો કહું ?'' સૌએ હા કહી, એટલે સ્વામી કહેવા લાગ્યાઃ ''તમારાં વર્તન અને વાણી અલગ છે. તેના કારણે તમારા શબ્દની અસર તમારા શ્રોતા ઉપર થતી નથી. તમે જે વાત કરો છો તે તમારા હૃદયમાં છે. તમારામાં માયાના વિકારો ભરેલા છે અને તેમાંથી જે શબ્દ નીકળે છે તે બળેલા શબ્દો છે. તે જેમ શેકેલ અનાજ હોય તેવા નીકળે છે. કેમ કે શેકેલ અનાજ વાવીએ તો ઊગે નહિ – તેમ તમારી વાત તેવી છે, માટે કોઈપણ લોકોને તમારી વાત મનાતી નથી. અને અમે જે વાત કરીએ છીએ, ત્યારે અમારા હૃદયમાં ભગવાનની મૂર્તિ ધારીને પછી સામાના હૃદયમાં પણ મૂર્તિ ધારીએ ને પછી કથા–વાર્તા કરીએ એટલે તેના હૃદયમાં પ્રવેશ કરે.

જેમ ઉનાળાના તાપે કરીને તપેલું કોઈ પ્રાણી હોય અને તે ગંગાજીના ધરામાં જઈને પડે અને તે જેમ શાંતિ પામે – તેમ જ અમારા મુખમાંથી નીકળેલા જે શબ્દ, તેણે કરીને તેના ત્રિવિધીના તાપ નાશ પામે છે.'' ભક્તો, મુક્તાનંદ સ્વામીનાં આવાં વચનો સાંભળી સૌ શાસ્ત્રીઓ હાથ જોડીને પગે લાગીને સ્વામીને તેની હા પાડી જે, 'સ્વામી, તમે યથાર્થ ઉત્તર કર્યો.'

## શ્રીહરિએ સ્વામીને સ્વપ્નની વાત કરી

હે ભક્તો ! એક સમયે ગઢપુરમાં શ્રીજી મહારાજ દરબારગઢમાં રાત્રે પોઢ્યા હતા. પછી અડધી રાતે જાગ્યા અને બોલ્યાઃ ''અમારી પાસે કોઈ છે ?'' ત્યારે પાર્ષદે કહ્યુંઃ ''હા મહારાજ ! અમે છીએ, બોલો શું સેવા કરીએ ?'' ત્યારે પ્રભુ કહેઃ ''અમારી મોજડી લાવો, અમારે મુક્તાનંદ સ્વામી પાસે જવું છે; તેઓ અત્યારે ક્યાં છે ?'' ત્યારે પાર્ષદે કહ્યું, ''પ્રભુ ? સ્વામી તો જીવાખાચરના દરબારગઢ આગળ સંતોને રહેવાની ધર્મશાળા છે ત્યાં સંતો સાથે સ્વામી છે.''

આવું સાંભળી મહારાજ કહે, ''ચાલો સ્વામી પાસે જઈએ.'' આ પ્રમાણે બોલીને ચાલતા ચાલતા મુક્તાનંદ સ્વામી પાસે ગયા. જઈને જોયું તો મુક્તાનંદ સ્વામી ધ્યાન કરતા હતા ! ભક્તો, અડધી રાત સૂવાનો સમય છે,

ત્યારે સ્વામી ધ્યાન કરતા હતા ! સ્વામીને મૂર્તિ ધારવાનો કેટલો અભ્યાસ હશે અને મૂર્તિનો કેટલો મહિમા હશે ? ત્યારે જ રાત્રીએ ધ્યાન કરવાની ઈચ્છા થાય ને ? એટલા માટે જ મુક્તાનંદ સ્વામી માટે ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા હતા કે, ''મુક્તાનંદ સ્વામી એક વેંત વૃત્તિ બહાર કાઢે ત્યારે કથા–વાર્તા કરી શકે અને પાછી એક હાથ વૃત્તિ પાછી વાળે ત્યારે અંતરમાં સુખ થાય !'' આવી સ્થિતિવાળા સ્વામી હતા.

હે ભક્તો ! પાર્ષદો જઈને જય સ્વામિનારાયણ બોલ્યા, એટલે સ્વામી ધ્યાનમાંથી જાગ્રત થયા. શ્રીહરિને જોઈ ઊભા થયા અને આસન પાથરી આપી ઉપર બેસાડીને બે હાથ જોડીને બોલ્યાઃ ''મહારાજ ! અડધી રાત્રીએ કેમ પધાર્યા છો ?'' ત્યારે મહારાજ કહેઃ ''અત્યારે અમે સૂતા હતા ત્યારે અમને સ્વપ્ન આવ્યું, તેની વાત કરવા તમારી પાસે આવ્યા છીએ.'' એવું સાંભળી સ્વામી બોલ્યાઃ ''મહારાજ ! તમને સ્વપ્નમાં જે દેખાયું હોય તે સુખેથી કહો, અમો સર્વે સંતો સાંભળવા ઈચ્છુક છીએ.''

હે ભક્તો ! પછી મહારાજ કહેવા લાગ્યાઃ ''સ્વામી ! અમે ભરનિદ્રામાં સૂતા હતા, ત્યાં અમને સર્વે અવતાર દેખાણા. તે સર્વે અમને કહેવા લાગ્યા કે, 'અમે સર્વે તમારી પાસે રહીશું.' ત્યારે અમે પૂછ્યુંઃ ''તમે બધા શા માટે આવ્યા છો ?'' ત્યારે તેમણે કહ્યુંઃ ''તમે ગામેગામ ધામ બાંધશો ને અમને સ્થાપન કરશો તે માટે આવ્યા છીએ.'' એવું સાંભળી મુક્તાનંદ સ્વામી બોલ્યાઃ ''મહારાજ ! તમને બહુ સારું સ્વપ્ન આવ્યું.''

પછી મહારાજ કહેઃ ''જેટલાં તીર્થ આ પૃથ્વી ઉપર છે તે સર્વે પણ અમારી પાસે આવ્યાં હતાં ને તેમણે અમારી સ્તુતિ કરી. ત્યારે અમે તેઓને પૂછ્યું જે, 'તમારે શું કામ છે ?' ત્યારે તે કહે કે, 'અમારે તમારી પાસે રહેવું છે, કેમ જે તમે સર્વે અવતારના અવતારી છો. તેમજ બીજાં સ્થાનોમાં અધર્મ વ્યાપી ગયો છે, માટે ત્યાં રહેવાય એવું નથી, માટે દયા કરીને અમને રાખો.'' પછી અમે કહ્યું જે, ''સર્વે ઉન્મત્ત ગંગામાં રહો.''.....

હે સ્વામી ! વળી અમને એવું દેખાણું જે, 'અમે આંહી એભલખાચરના દરબારમાં મોટું શિખરબદ્ધ મંદિર કર્યું અને આ ગઢપુર મોટું શહેર દેખાયું. તથા ગઢડાનાં ચારેબાજુનાં ગામડાંઓમાં સૌ સ્વામિનારાયણનું જ ભજન

કરતા હતા. તથા અમે બે આચાર્ય કર્યા અને લોકમાં તેની પ્રતિષ્ઠા વધી, તેને કારણે બીજા મતપંથના આચાર્ય દબાઈ ગયા ને સર્વોપરી ઉદ્ધવ સંપ્રદાય થયો.

વળી અમને એમ જણાયું જે, 'અમે મોટાં ધામ બાંધ્યાં ને તેમાં ભગવાનની મૂર્તિઓ પધરાવી અને ગામોગામ સાધુને રહેવા માટે ધર્મશાળાઓ કરાવી ને ગામોગામ કથા, વાર્તા ને કીર્તન નિરંતર થાય છે એમ દેખાણું. તથા એકાંતિક ધર્મ પૃથ્વી ઉપર પ્રવર્ત્યો ને એકાંતિકને માર્ગે ઘણા સાધુ તથા હરિભક્તો ચાલ્યા. એવી રીતે અમને સ્વપ્નમાં દેખાયું તે અમે તમારી આગળ કહ્યું. ત્યારે મુક્તાનંદ સ્વામી કહેવા લાગ્યા: ''હે મહારાજ ! બહુ સારું દેખાણું ને તમારા સંકલ્પો જે હશે તે બધા જ પૂરા થશે.''

## બગડના જસાખાચરને નિશ્ચય કરાવ્યો

હે ભક્તો ! બોટાદની નજીક બગડ નામનું ગામ છે. ત્યાં જસાખાચર સારા સત્સંગી થઈ ગયા છે. પ્રથમ તેઓ ગુણબુદ્ધિવાળા હતા. પરંતુ તેમનાં ધર્મપત્ની સારાં સત્સંગી હતાં અને અવાર–નવાર ગઢપુરમાં શ્રીહરિનાં દર્શન કરવાં આવતાં હતાં. જસાખાચરને મુક્તાનંદ સ્વામી સાથે અપાર હેત હતું, પણ શ્રીહરિને ભગવાન માનતા નહિ. મોટા પુરુષ માનીને હેત રાખતા હતા.

એકવાર જસાખાચરે શ્રીહરિને કહ્યું: ''મહારાજ ! મારે મુક્તાનંદ સ્વામી પાસે રામકથા સાંભળવી છે, માટે તમો સ્વામીને બગડ મોકલજો.'' પછી મહારાજે સ્વામીને બોલાવીને બગડ જઈ જસાખાચરને રામકથા સંભળાવવા મોકલ્યા. તેથી સ્વામી પોતાનું મંડળ લઈ બગડ આવ્યા અને ત્યાં સાધુની ધર્મશાળામાં ઉતરી જસાખાચરને સમાચાર મોકલ્યા, તેથી તેઓ આવ્યા ને સ્વામીને દંડવત કરી બેઠા. ત્યારે સ્વામીએ કહ્યું: ''દરબાર ! તમોને રામકથા સંભળાવવા માટે શ્રીજી મહારાજે અમને મોકલ્યા છે, માટે કાલથી કથા સાંભળવા સમયસર આવી જજો અને બીજા મુમુક્ષુઓને પણ લેતા આવજો.''

હે ભક્તો ! બગડ ગામમાં રામકથાનું આયોજન કરવામાં આવ્યું એટલે મુમુક્ષુઓ કથા સાંભળવા આવવા લાગ્યા. રામ ચરિત્રોની સાથે સ્વામી પ્રગટ ભગવાનનાં ચરિત્રોની પણ વાતો કરે. પછી શ્રીહરિના પરચાઓની વાતો કરી કરીને જસાખાચરને શ્રીહરિનો પાકો નિશ્ચય કરાવી દીધો, તેથી જસાખાચર શ્રીહરિને પ્રગટ ભગવાન માનવા લાગ્યા. પછી તેમણે મુક્તાનંદ સ્વામીને દંડવત કરીને કહ્યું: ‘‘સ્વામી ! તમારા પ્રતાપથી મને શ્રીજી મહારાજનો ભગવાનપણાનો પાકો નિશ્ચય થઈ ગયો છે. જો તમારો સમાગમ મેં ન કર્યો હોત તો મારું કલ્યાણ બગડી જાત. હવે મારે તમારી સાથે ગઢડા આવીને ભગવાન પાસે જ વર્તમાન ધરાવી કંઠી પહેરવી છે.’’

હે ભક્તો ! થોડા દિવસ બગડમાં રોકાઈને સ્વામી અને જસાખાચર ગઢડા આવ્યા. પછી શ્રીજી મહારાજને દંડવત કરીને જસાખાચર કહે: ‘‘મહારાજ ! હવે મને તમારા સ્વરૂપનો પાકો નિશ્ચય થઈ ગયો છે, જો મને મુક્તાનંદ સ્વામી મળ્યા ન હોત તો મારું શું થાત ? માટે મને તમે વર્તમાન ધરાવો ને કોલ આપો.’’ આવું સાંભળી મહારાજે કહ્યું: ‘‘તમે મુક્તાનંદ સ્વામીને રાજી કર્યા છે અને સ્વામી સાથે તમારે બહુ હેત છે, માટે તમને સ્વામી સાથે અક્ષરધામમાં રાખીશું, આ મારો કોલ છે.’’ પછી મુક્તાનંદ સ્વામી ઉપર શ્રીહરિ રાજી થયા અને સ્વામીને પોતાનાં ચરણારવિંદ આપીને ભેટ્યા. પછી જસાખાચરે કહ્યું: ‘‘પ્રભુ ! મારે ઘેર બગડ પધારો.’’ ત્યારે મહારાજે કહ્યું: ‘‘અત્યારે અમારે વડતાલ જવું છે, તેથી પછી તમારે ઘેર આવીશું અને આ હજારીના બે હાર અમારી પ્રસાદીના છે, તે તમારા દીકરા રામાખાચર અને દેહાખાચરને પહેરાવજો.’’

## સ્વામીએ કાળને પાછો કાઢ્યો

હે ભક્તો ! એકવાર મુક્તાનંદ સ્વામી ગઢડામાં પોતાના આસને સાધુની ધર્મશાળામાં સરોદો લઈને ચાર કીર્તન બોલ્યા. પછી ધ્યાન કરવા લાગ્યા. ત્યાં રાત્રીના બાર વાગી ગયા ! તે સમયે મહા વિકરાળ ને ભયંકર સ્વરૂપવાળો કાળ ત્યાં પ્રગટ થયો. તેના હાથમાં લોહી ભરેલું ખપ્પર હતું. તેને તે ચાટતો હતો. આવો બિહામણો પુરુષ જોઈને

સ્વામીએ પૂછ્યું: ''તું કોણ છે અને અહીં શા માટે આવ્યો છે ?'' ત્યારે તે કહે: ''તમે મોટા સંત છો, એટલે હું તમારી આજ્ઞા લેવા આવ્યો છું. હું કાળ છું. બહુ દિવસોથી હું ભૂખ્યો છું; માટે મને ભક્ષણ કરવાની આજ્ઞા આપો.''

હે ભક્તો ! કાળને જોઈ સ્વામી બોલ્યા: ''ઓગણોતેરો કાળ પડ્યો ત્યારે ઘણા કુસંગી મરી ગયા હતા અને તેની સાથે ઘણા સત્સંગીઓ પણ ધામમાં જતા રહ્યા હતા અને લોકોને બહુ દુ:ખ પડ્યું હતું; માટે હવે જો કાળ પડે તો ઘણા હરિભક્તો હેરાન થાય ને તેમનું મૃત્યુ પણ થાય, માટે તું ઝટ અહીંથી જતો રહે, તને હું દુષ્કાળ પાડવાની આજ્ઞા નહિ આપું. જો તું નહિ જાય તો તને શ્રીહરિ દંડ આપશે.''

આવું સાંભળી કાળ અદૃશ્ય થઈ ગયો. પછી સ્વામીએ મનોમન વિચાર્યું કે, ''આજે કાળને પાછો વાળ્યો માટે કંઈક દાન-પુણ્ય કરીએ તો ઠીક, પણ આપણે તો સાધુ રહ્યા તેથી શેનું દાન કરીએ ?'' પછી સંકલ્પ કર્યો કે, ''સાધુને પાકી રસોઈ આપવી અને બ્રાહ્મણને એક ગાયનું દાન કરવું. તેમજ શ્રીહરિને માટે પાકો થાળ કરાવવો.''

હે ભક્તો ! આ પ્રમાણે સંકલ્પ કરીને માળા ફેરવવા લાગ્યા. પછી ભજન કરતા કરતા સવારનો સૂર્ય પણ ઊગી ગયો ત્યાં સુધી માળા કરી. તે સમયે મૂળજી બ્રહ્મચારી સ્વામીને પગે લાગવા આવ્યા. તેને ધાબળી પાથરીને બેસાડ્યા અને ચંદનની અર્ચા કરી પૂજન કર્યું. પછી રાત્રીની વાત કરી શ્રીહરિ માટે સરસ થાળ બનાવવાનું કહ્યું. પછી બ્રહ્મચારી અક્ષર-ઓરડીએ ગયા. ત્યારે મહારાજે પૂછ્યું: ''ક્યાં પૂજાઈ આવ્યા ?'' તેથી મૂળજી બ્રહ્મચારીએ વિસ્તારથી વાત કરી.

એવું સાંભળી મહારાજ બહુ રાજી થયા અને લખુ કંદોઈને બોલાવીને કહ્યું: ''આજે રાત્રે મુક્તાનંદ સ્વામીએ કાળને કાઢી મૂકીને અનેક લોકોના જીવ બચાવ્યા છે, માટે મોતિયા લાડુ બનાવો, સંતોને જમાડવા છે. પછી રસોઈ તૈયાર થઈ. પ્રથમ મહારાજ જમ્યા. પછી મહારાજે સંતોને પીરસીને જમાડ્યા અને સરસ ગાય લાવીને મુક્તાનંદ

સ્વામી દ્વારા સીતારામ મહારાજને દાન અપાવી અને પાંચ રૂપિયાને બદલે ૫૦૦ રૂપિયાનું દાન પણ મહારાજે સીતારામને આપ્યું.

## શ્રીહરિજીએ ભવિષ્ય ભાખ્યું

હે ભક્તો ! એકવાર ગઢપુરમાં દરબારગઢમાં પાંચુબાના ઓરડે ઢોલિયા ઉપર ઉગમણું મુખારવિંદ કરીને શ્રીહરિ બેઠા હતા. આગળ સંતો–ભક્તોની સભા બેઠી હતી. તે સમયે મહારાજે મુક્તાનંદ સ્વામી સામે જોયું તો તેઓ ઉદાસ ચહેરે બેઠા હતા. તેથી તેમને પૂછ્યુંઃ ''સ્વામી ! આટલા બધા દિલગીર કેમ થઈ ગયા છો ? તમને શાની ચિંતા થાય છે ? જે હોય તે અમોને જણાવો.''

એવું સાંભળી સ્વામી બોલ્યાઃ ''હે મહારાજ ! મને ચિંતા સત્સંગની થાય છે; કારણ કે તમે તો અક્ષરધામમાં જવા તૈયાર થયા છો, પણ હજુ બધાં મંદિરો અધુરાં છે અને આચાર્ય પણ હજુ નાના છે. હજુ ઉદ્ધવ સંપ્રદાયની પ્રતિષ્ઠા પણ જામી નથી અને મતપંથની ઉપાધિ પણ ચાલુ છે. મતપંથના શિષ્યો ઘણા છે અને તેઓ ધનવાન છે, તેથી તેના આચાર્યને અર્થે ઘણા રૂપિયા ખર્ચી નાખે છે અને આપણા સંપ્રદાયમાં એવા ધનાઢ્ય લોકો ઓછા છે, તેથી દિલગીરી રહે છે.''

સ્વામીનું કહેવું સાંભળી શ્રીહરિ બોલ્યાઃ ''સ્વામી ! તમે લગારે ફિકર રાખશો નહિ. આપણા સંપ્રદાયનો જે દ્વેષ કરશે તે પંથો એની મેળે ઘસાઈ જશે અને આબરુ વિનાના થઈ જશે. તેના આચાર્ય પણ પ્રતિષ્ઠા વિનાના થઈ જશે અને આપણા આચાર્યની પ્રતિષ્ઠા આખા જગતમાં જામશે ને ઉદ્ધવ સંપ્રદાયની પુષ્ટિ થશે. તેમજ આબરુ વિનાનો કોઈ માણસ આપણા સંપ્રદાયમાં આવશે તો તે આબરુદાર બની જશે. આપણાં મંદિરો અધૂરાં છે, તે બધાં પૂરાં થઈ જશે અને બીજાં નાનાં મંદિરો તો ગામોગામ થાશે અને આખું જગત સ્વામિનારાયણનું ભજન કરશે; માટે તમે ચિંતા રાખશો નહિ.'' મહારાજની આવી ભવિષ્ય–વાણી સાંભળી મુક્તાનંદ સ્વામી બહુ જ રાજી થયા.

હે ભક્તો ! આશરે ૨૦૦ વર્ષ પહેલાં મુક્તાનંદ સ્વામીને શ્રીજી મહારાજે જે ભવિષ્ય–વાણીરૂપે વરદાન આપેલ હતું, તે આજે અક્ષરસહ સત્ય થયેલ છે, એ આપણે સર્વે નજરે જોઈ રહ્યા છીએ. આજે કેવળ મૂળ સંપ્રદાયની જ વાત કરીએ તો ફેબ્રુઆરી ૨૦૨૦ સુધીના આંકડા આ પ્રમાણે છે :.....

| | | | |
|---|---|---|---|
| (૧) | શિખરબદ્ધ મંદિરો | : | ૧૩૯ |
| (૨) | હરિમંદિરો | : | ૧૯૮૨ |
| (૩) | ગુરુકુળો | : | ૧૩૯ |
| (૪) | સંતો | : | ૧૮૪૭ |
| (૫) | પાર્ષદો | : | ૫૬૯ |
| (૬) | બ્રહ્મચારીઓ | : | ૨૭ |

## સંતોને ગાયકવાડી ગામડાંઓમાં જવાની બંધી

હે ભક્તો ! અનંતકોટિ બ્રહ્માંડોના મહાનાયક – અધિપતિ – રાજાધિરાજ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાને અનેક મુક્તોને પોતાની સાથે લઈ પૃથ્વી પર પ્રગટ થઈ મહાયાન ગતિએ અલૌકિક રીત સાથે એક વિશિષ્ટ સંપ્રદાયનું સ્થાપન કરી દીધું ! સાથે આવેલ મુક્તોએ અનેક પ્રતિકૂળતાઓને અવગણી ગામડે ગામડે ઘૂમી અજ્ઞાન અને અબુધ પ્રજાને પણ સ્વામિનારાયણ ભગવાન સર્વ ભગવાનના પણ ભગવાન છે, એવો સર્વોપરી નિશ્ચય કરાવી દીધો.

હે ભક્તો ! અનેક બુભુક્ષુઓને મુમુક્ષુઓ બનાવી ભગવાનમય–ભક્તિમય શુદ્ધ જીવન જીવતા કર્યા. મંદિરો–મૂર્તિઓ–સંતો–આચાર્યો–શાસ્ત્રો અને સત્સંગીઓ આ સ્વામિનારાયણ સંપ્રદાયનાં છ અંગોનું સ્થાપન કરી દીધું.

આના કારણે અત્ર–તત્ર–સર્વત્ર દિશાઓમાં સ્વામિનારાયણ ભગવાનનો પ્રબળ પ્રતાપ છવાઈ ગયો ! મુમુક્ષુઓને શ્રીજી મહારાજનો મહિમા યથાર્થ સમજાઈ ગયો, પણ કેટલાક ઈર્ષ્યાળું લોકોને આ ગમ્યું નહિ.

કોઈએ શ્રીહરિને પ્રબળ પ્રતાપી અને કામણગારા માન્યા. તો કોઈએ પ્રગટ પ્રભુને મોચી માન્યા ! કોઈએ મહાપુરુષ માન્યા તો કોઈએ સર્વોપરી ભગવાન માન્યા. કોઈએ બાબરો ભૂત વશ કર્યો છે, એવા માન્યા તો કોઈએ ઈન્દ્રજાળનો ગુટખો છે એટલે જ હજારો ને લાખો લોકો તેનામાં ખેંચાય છે એવા માન્યા. ઓછી બુદ્ધિના લોકો એલ–ફેલ બોલે કે વિરોધ કરે એ તો એનું અજ્ઞાન કહેવાય, પરંતુ ભણેલા વિદ્વાનો અને વડોદરા જેવા ઉત્તમ રાજ્યના દીવાન પણ મનફાવે એવી મનમાં અટકળો કરી વિરોધ કરતા હતા.

હે ભક્તો ! વડોદરા રાજ્યના મહારાજા આનંદરાવ ગાયકવાડના દીવાનને સ્વામિનારાયણ ભગવાન પ્રત્યે અસાધારણ ઈર્ષ્યા હતી. કોઈ પણ પ્રકારે સ્વામિનારાયણ સંપ્રદાયનું હલકું દેખાય અને સંપ્રદાય પાછો પડે એવો એનો મલિન આશય હતો. વડોદરાના વિદ્વાનો, શક્તિપંથો, મઠાધીશો અને વૈરાગીઓના ઓથે દીવાન બાબાસાહેબે ગાયકવાડ નરેશને પણ દબાવ્યા હતા. તે કહેતા કે, ''સ્વામિનારાયણ સંપ્રદાય અવૈદિક છે. કલ્પીત છે અને ભોળાજનોને ભરમાવવાનું ભાથું છે.'' આ પ્રમાણે કેટલીય આડી અવળી વાતો કરી સરકાર પાસે હુકમ કરાવ્યો કે, 'સ્વામિનારાયણના સાધુઓને ગાયકવાડી કોઈ પણ શહેર કે ગામડાંઓમાં પેસવા દેવા નહિ.''

હે ભક્તો ! એ હુકમની ગઢપુરમાં જાણ થતાં જ શ્રીહરિએ સંતોની સભા બોલાવીને કહ્યુંઃ ''સંતો ! ગાયકવાડી સરકારનો હુકમ છે કે, આપણા સંતોને એના રાજ્યમાં આવવા દેવા નહિ, પરંતુ અમારી ધર્મસત્તાનો હુકમ છે કે, 'મારા એક એક સાધુએ ગાયકવાડ સરકારનું એક પણ ગામ બાકી રાખવું નહિ. હું જોઉં છું કે, સરકાર શું કરે છે. માન–અપમાન ગણકાર્યા વગર અમારા દિવ્ય સિદ્ધાંતોનાં પ્રચાર–પ્રસાર ગાયકવાડનાં ગામોમાં કરો. ત્યાં મુમુક્ષુઓને અમારા સ્વરૂપનો નિશ્ચય કરાવી ભજન કરાવજો.''

## સયાજીરાવનો શ્રીજી મહારાજને પત્ર

હે ભક્તો ! શ્રીજી મહારાજની પ્રભુસત્તા પાસે રાજસત્તા નાકામિયાબ નીવડી. ચૈતન્યમય કાનુન આગળ જડ દીવાન શું કરે ? દીવાન બાબાસાહેબનું મૃત્યુ સંવત્ ૧૮૬૮ માં થયું ! તેથી તેના સ્થાને દીવાનપદે ગંગાધર શાસ્ત્રી આવ્યા. તેઓ અઢી વર્ષ સુધી વડોદરાના દીવાનપદે રહ્યા, પરંતુ કોઈ કામ પ્રસંગે તેઓ પુના (મહારાષ્ટ્ર) ગયા અને ત્યાં તેનું ખૂન થઈ ગયું ! ત્યારબાદ બાબા દીવાનનો દીકરો વિઠ્ઠલરાવ વડોદરાનો દીવાન બન્યો. એ પણ એના બાપની જેમ સ્વામિનારાયણ સંપ્રદાયનો વિરોધી હતો. વિઠ્ઠલરાવ પણ એના બાપને નામે ઓળખાવા લાગ્યો. લોકો એને પણ બાબાસાહેબ કહીને બોલાવતા હતા.

હે ભક્તો ! ઇતિહાસ પ્રમાણે મહારાજા ગોવિંદરાવ ગાયકવાડ સંવત્ ૧૮૫૬માં અવસાન પામ્યા. પછી તેની ગાદીએ મહારાજા આનંદરાવ આવ્યા. પરંતુ તે અતિ વિલાસી હોવાથી તેના નામે તેના નાનાભાઈ ફતેસિંહ (બીજા) રાજ ચલાવતા હતા. સંવત્ ૧૮૭૩ – (બીજા મત પ્રમાણે ૭૪) માં આનંદરાવનું અતિ વિષયભોગને કારણે મૃત્યુ થયું. તેથી તેના સ્થાને વડોદરાના મહારાજા તરીકે 'સયાજીરાવ' (બીજા)ની નિમણૂક કરવામાં આવી. તે સમયે સયાજીરાવની ઉંમર ૨૧ વર્ષની હતી. બીજા મત પ્રમાણે ૧૯ વર્ષની હતી. તેઓ દયાળુ સ્વભાવના અને ધાર્મિક વૃત્તિવાળા હતા.

હે ભક્તો ! સયાજીરાવની ઉંમર નાની હોવાથી રાજ કારભાર વિઠ્ઠલરાવ દીવાનની ઈચ્છા પ્રમાણે – સલાહ પ્રમાણે ચાલતો હતો. પરંતુ સયાજીરાવ મહારાજાએ પોતાના અંગત કારભારી તરીકે પ્રભાકર દીક્ષિતને તથા નારુપંત નાનાને રાખ્યા હતા. તેમાં જે પ્રભાકર દિક્ષિત હતા તે ભાઉ પુરાણી તરીકે ઓળખાતા હતા.

દીવાન વિઠ્ઠલરાવ સયાજીરાવને સત્સંગ વિરુદ્ધની વાતો દરરોજ કરતો હતો, પણ સાત્વિક પ્રકૃતિના સયાજીરાવ હોવાથી એની ભ્રમિક વાતોથી ભરમાતા નહિ. એક દિવસ તે દીવાન અને પંડિતોએ આવી સયાજીરાવને

કહ્યું: ‘‘સ્વામિનારાયણ એના સાધુઓને મોકલીને એનો સંપ્રદાય વૈદિક છે, એ સિદ્ધ કરી આપે, એવો પત્ર લખીને મોકલો.’’ કાયમ માટે ઝઘડાનો અંત આવે, એવું સમજીને સયાજીરાવે પત્ર લખીને જણાવ્યું કે, ‘‘આપનો મત વૈદિક છે, એવું પ્રમાણિત કરવા કોઈ વિદ્વાન સંતને મોકલો.’’ પછી તે પત્ર દેવા માટે નારુપંત નાના અને નાથ ભક્તને શ્રીજી મહારાજ પાસે મોકલ્યા. તેમણે જઈ તે પત્ર શ્રીજી મહારાજને આપ્યો.

## સ્વામી શાસ્ત્રાર્થ માટે વડોદરામાં

હે ભક્તો ! સંવત્ ૧૮૭૫ ની જન્માષ્ટમીનો ઉત્સવ કરીને ગઢપુરથી મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ચૈતન્યાનંદ સ્વામી અને શાસ્ત્રોનું અધ્યયન કરનારા જે સંતો હતા, તે સહુ બોટાદ આવ્યા. ત્યાં પાંચ દિવસ રોકાયા ત્યાં શ્રીહરિનો પત્ર આવ્યો. તેમાં લખ્યું હતું કે, ‘‘આ પત્ર મળે એટલે તુરંત મુક્તાનંદ સ્વામી વડોદરા જવા માટે પોતાના સંતમંડળને લઈ ચાલતા થાય. વડતાલમાં આવીને શાસ્ત્રાર્થમાં હારી જનાર વેદાંતાચાર્ય હરિહરાનંદ વડોદરા ગયા છે. ત્યાં સંપ્રદાયના દ્વેષી લોકો સાથે મળીને આપણા સત્સંગીઓને માનસિક ત્રાસ આપે છે, માટે જલદી વડોદરા જઈ એ લોકોનો પરાભવ કરો અને તેઓના પ્રશ્નોના જવાબ આપો. તેમજ સયાજીરાવ મહારાજાનો પણ પત્ર આવેલ છે, માટે જવું જરૂરી છે. આપણા સંપ્રદાયને વેદોક્ત સંપ્રદાય સિદ્ધ કરી દેવાનો છે.’’

હે ભક્તો ! શ્રીહરિનો પત્ર વાંચી તુરંત મુક્તાનંદ સ્વામી સંતો સાથે વડોદરા પધાર્યા. ત્યાના ભક્તોએ સ્વામીને રથમાં બેસાડ્યા અને ઝાંઝ-મૃદંગ વગાડીને શોભાયાત્રા કાઢી. તે સમયે ભક્તો એટલા બધા હાર લાવ્યા હતા કે, મુક્તાનંદ સ્વામીને બધા લગાતાર હાર પહેરાવતા હતા અને શોભાયાત્રા ચાલતી હતી. આખા શહેરમાં શોભાયાત્રા ફરીને સૌ સંતોને ઉતારે લાવ્યા. વડોદરાના ભક્તો ઉત્સાહથી સ્વામીની અને સંતોની સેવા કરવા લાગ્યા અને સંતોનો રાજીપો મેળવવા લાગ્યા. તે સમયે કાનમ પ્રદેશમાં વિચરણ કરતા સંતોને ખ્યાલ આવ્યો એટલે તે સંતો મુક્તાનંદ સ્વામીનાં દર્શન કરવા માટે વડોદરા આવવા લાગ્યા.

હે ભક્તો ! એ સમયે સંતોને શાસ્ત્રાર્થમાં હરાવવા માટે અને સંતોને મારવા માટે દસ હજાર વૈરાગી–બાવાઓ વડોદરામાં ભેગા થયા ! તેમાં વિસનગરનો મહંત લક્ષ્મણદાસ સૌ બાવાનો ઉપરી હતો. તે જેને તેને એવું કહ્યા કરતો હતો કે, ‘‘સ્વામિનારાયણના સત્સંગને વડોદરામાંથી ઉખેડી નાખવો છે ! અત્યારે એના મુક્તાનંદ અહીં આવેલ છે, એને શાસ્ત્રથી અને શસ્ત્રથી બન્ને રીતે હરાવવા છે. આ સ્વામિનારાયણનો મત આપણા માટે આગ સમાન છે; જો તેને નહિ બુઝાવીએ તો એ આપણા મતને રાખ કરી દેશે, માટે આપણે સૌ સરકાર પાસે જઈએ અને શાસ્ત્રાર્થ માટે સભાનું આયોજન કરાવીએ.

પછી તે સર્વે સયાજીરાવ (બીજા) ગાયકવાડ પાસે ગયા અને શાસ્ત્રાર્થનું વિઠ્ઠલનાથના મંદિરમાં (માંડવી પાસે) આયોજન નક્કી કર્યું. તે સમયે માંડવી વિસ્તારમાં ૧૦ હજાર વૈરાગી–બાવાઓ હથિયારો લઈને ભેગા થયા ! તેને જોઈ વડોદરા શહેરના લોકો કહેવા લાગ્યા: ‘‘મુક્તાનંદ સ્વામી જ સાચા સંત છે અને આ બાવાઓ તો દંભીઓ છે. સંતોને શોભે નહિ, એવા હથિયારો સાથે રાખે છે. મુક્તાનંદ સ્વામીનો જ આ શાસ્ત્રાર્થમાં વિજય થશે.’’ આ પ્રમાણે તેઓ એકબીજાને કહેવા લાગ્યા.

## વૈરાગીના પ્રશ્નોના જવાબ

હે ભક્તો ! બીજે દિવસે મુક્તાનંદ સ્વામી વગેરે સંતો અને હરિભક્તો વિઠ્ઠલનાથજીના મંદિરે જવા માટે ચાલવા લાગ્યા. જ્યાં માંડવી આવ્યા ત્યાંતો ૧૦ હજાર વૈરાગી–બાવાઓ હથિયારો લઈને ત્યાં એકઠા થયા હતા અને મુક્તાનંદ સ્વામીને મારવા માટે અમુક બાવાઓ લાગ શોધી રહ્યા હતા. સરકારે સંતોની રક્ષા માટે થોડા સીપાઈઓ મોકલ્યા હતા, પણ બાવા તો દસ હજાર હતા ! તે સમયે જ ટોપીવાળાને (અંગ્રેજોને) ખ્યાલ આવતા એક પલટન લઈને તેઓ આવ્યા અને જેટલા હથિયારવાળા વૈરાગી હતા એ બધાને પકડી લીધા.

પછી મુક્તાનંદ સ્વામી વગેરે વિઠોબાના મંદિરમાં આવ્યા. સરકાર તરફથી ભાઉ પુરાણી ત્યાં આવ્યા અને સ્વામીને પ્રણામ કરીને બેઠા. એ સમયે સયાજીરાવના માતા ગયાબાઈ મ્યાનામાં બેસી ત્યાં આવ્યાં અને માળ ઉપર

બેસી દૂરથી પડદા અંદર રહીને સ્વામીનાં દર્શન કર્યા અને ભક્તો દ્વારા સ્વામીનું પૂજન કરાવ્યું. એ સમયે ભાઉ પુરાણીએ શાસ્ત્રાર્થ માટે વૈરાગીના આગેવાનોને બોલાવ્યા, પણ સૌ ચોરની જેમ સંતાઈ ગયા હતા.

હે ભક્તો ! વૈરાગીઓના પ્રતિનિધિ તરીકે વડતાલ અને નડિયાદમાં હારેલ હરિહરાનંદ ત્યાં આવ્યો અને ભાઉ પુરાણીને કહ્યું: ‘‘મુક્તાનંદને કહો મને પ્રશ્ન પૂછે.’’ ત્યારે ભાઉ પુરાણી કહે: ‘‘સભા તમે બોલાવી છે, માટે તમારે પ્રતિપક્ષીઓને પહેલો પ્રશ્ન કરવો જોઈએ. પછી તે વેદાંતાચાર્યએ છ પ્રશ્નો લખાવ્યા. તેને ભાઉ પુરાણીએ વાંચ્યા તો તે આશ્ચર્ય પામી ગયા; કારણ કે એના સવાલ ગામડાંના અભણ લોકો જેવા હતા. પછી વિષ્ણુદાસ વૈરાગી સ્વામીને પ્રણામ કરીને બોલ્યા જે, ‘‘સ્વામી ! કોઈ વૈરાગ્યી પ્રશ્ન પૂછતું નથી, તેથી અમે પૂછીએ છીએ.

હે સ્વામી ! તમને તો બધા લોકો નિર્માની કહે છે, તો પછી સ્વામિનારાયણે તમને સંતોને બીજા મતના કુવાડા જેવા શા માટે કહ્યા ?’’ આ પ્રશ્નનો ઉત્તર તમે અમને આપો અને અમારો સંશય ટાળો.’’ આવો પ્રશ્ન સાંભળી મુક્તાનંદ સ્વામી બોલ્યા: ‘‘બાદશાહે તેના વજીર લવા આગળ વાત કરી કે, મારા દોરેલા આ લીટાને અડ્યા સિવાય તું નાનો કરી દે ત્યારે હું તને બુદ્ધિમાન કહું. ત્યારે લવાએ તે જ વખતે બાદશાહના લીટાની પાસે તેને અડ્યા સિવાય બીજો લાંબો લીટો ખેંચી દીધો, એટલે આગળ જે લીટો કર્યો હતો તે તેને અડ્યા વિના તેની આગળ નાનો થઈ ગયો.

કુવાડાની વાત પણ તેવી જ છે. જેટલા મત છે તે બધાના પ્રાય: ભેખધારીઓ સ્ત્રી અને ધનમાં લોભાયેલા રહે છે. વ્યસનથી ભરપૂર રહે છે. ભેખધારી હોવા છતાં સંસારી કરતા પણ આગળ નીકળી ગયા છે. અને અમારા સંતો છે તે સ્ત્રી–ધનનો સ્પર્શ પણ કરતા નથી. વળી સ્ત્રીના સંબંધને લીધે ઉપવાસ કરે છે. ક્રોધ કરીને જેટલી ગાળો દે તેટલા તે ઉપવાસ કરે છે. હથિયારો રાખતા નથી. પોતાની કરીને વ્યક્તિગત જગ્યા બાંધતા નથી. સહુ સંતો નિયમમાં જ વર્તે છે. સંતોના વર્તન જોઈને વિવેકી સંસારીઓ છે તે તેમને સાચા સંત કહે છે અને જેટલા નિયમ વિનાનું વર્તન કરે છે તેમને તેઓ પાખંડી કહે છે.

નિયમ વિનાના જેટલા સંસારીઓ અને ત્યાગીઓ છે, તે બધા અમારા સંતોની આગળ પતંગિયા જેવા છે અને તેઓ મરણ પછી જમપુરીમાં જવાના છે. નિયમો પાળવાની બાબતમાં અમારા સંતોને નિશ્ચિત રૂપમાં કુવાડા જેવા કહ્યા છે. જેટલી સત્ય વાત છે તે અસત્ય વાતો માટે સહેજે કુવાડા જેવી છે. એટલે તમારા પ્રશ્નનો ઉત્તર આવો છે.'' ત્યારે ભાવ પુરાણી બોલ્યાઃ ''સંતોને જે કુવાડો કહ્યા તેનો ઉત્તર યથાર્થ થયો છે.''

હે ભક્તો ! વળી વિષ્ણુદાસે બીજો પ્રશ્ન કર્યો કે, ''સ્વામિનારાયણના જેટલા ગૃહસ્થો છે તે સ્ત્રીની સન્મુખ જોતા નથી. સ્વામિનારાયણ સહુની પાસે સ્ત્રીનો ત્યાગ કરાવી દે છે, તે બાબતમાં તમે શું કહો છો ? હવે એનો ઉત્તર કરો.'' ત્યારે ઉદાર સ્વભાવના મુક્તાનંદ સ્વામી ઉત્તર કરવા લાગ્યાઃ ''આ કલાલી ગામના અમીન પાટીદાર અમારા ભક્તો અહીં બેઠા છે, તેમણે કેટલાએ નારીનો ત્યાગ કરી દીધો છે ? અને વડોદરાના ફરતા ગામના સત્સંગીઓ પણ બેઠા છે, તે સહુને પૂછી જુઓ કે કેટલાએ નારીનો ત્યાગ કર્યો છે ? તે હરિભક્તો ઉત્તર આપી દે પછી જે બાકી રહે તે ઉત્તર અમે આપશું.''

ત્યારે ભાઉ પુરાણીએ કહ્યુંઃ ''કોઈએ નારીનો ત્યાગ કર્યો નથી. આ તો ખોટી વાત કહેવાય છે. બીજા પ્રશ્નનો ઉત્તર બધો નિઃસંદેહ થઈ ગયો છે.'' પછી સ્વામી બોલ્યાઃ ''જગતમાં અસંખ્યાત ગૃહસ્થાશ્રમી છે તેને કાંઈ અમે સ્ત્રીઓ તજાવતા નથી, પણ જેને વૈરાગ્ય ઉપજે તે એની સ્ત્રીને ખુશીથી તજી દે છે અને સંત થઈ જાય છે. તે તો આપણી સનાતન પરંપરા છે, પણ અમો કાંઈ કોઈને જોરે કરીને સ્ત્રીઓ તજાવતા નથી.''

હે ભક્તો ! પછી વૈરાગીએ ત્રીજો પ્રશ્ન પૂછ્યો કે, ''તુલસીના સમાન કોઈ ઉત્તમ વસ્તુ નથી, પણ સ્વામિનારાયણ તેને પોતાના પગ ઉપર ચડાવે છે, આ વાતમાં તથ્ય શું છે ? તમે જેમ દેખ્યું હોય તેમ બોલો.'' ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યુંઃ ''એ વાત ખોટી છે. અમે તુલસી ચડાવતા ક્યારેય કોઈને જોયા નથી. આ વેદાંતાચાર્ય વડતાલમાં પાંચ દિવસ રોકાયા છે. તેમણે ક્યારેય તુલસી ચડાવતા કોઈને જોયા હોય તો પૂછો.'' ત્યારે તે આચાર્ય બોલ્યાઃ ''મેં મારી નજરે તુલસી ચડાવતા કોઈને જોયા નથી.''

પછી મુક્તાનંદ સ્વામી કહેવા લાગ્યા: ''સમૈયા-ઉત્સવમાં હજારો લોકો આવે છે. ત્યારે માળીઓ પાસેથી હાર લઈને ભક્તો શ્રીહરિને પહેરાવે છે. તેમાં ઘણા હારમાં તુલસી ગુંથ્યા હોય છે. તે હાર પહેરાવતા હોય ત્યારે હારમાંથી તે તુલસી પગ ઉપર પડે છે, પણ જાણી-જોઈને તુલસી ચડાવતા નથી.'' ત્યારે ભાઉ પુરાણી બોલ્યા, હારમાં તુલસી રહ્યા હોય તેમાં કોઈ બાધ નથી. તુલસી બાબતમાં ઉત્તર થઈ ગયો.''

હે ભક્તો ! હવે ચોથો પ્રશ્ન પૂછતા તે વૈરાગી કહે છે કે, ''સ્વામિનારાયણના જેટલા બ્રાહ્મણ શિષ્ય હોય છે તે બધા દેવસેવાનો ત્યાગ કરી દે છે. એનો ઉત્તર કરો.'' ત્યારે મુક્તાનંદ સ્વામી નિર્ભયપણે તેનો ઉત્તર આપતા બોલ્યા: ''અમારા હરિભક્ત બ્રાહ્મણ પણ અહીંયાં બેઠા છે, તો તેમના ઘેર કોઈ વિપ્રને મોકલીને ચોક્કસ નિર્ધાર કરો.'' તે સમયે ત્યાં બેઠેલા હરિભક્ત વિપ્રો બોલ્યા:'' ''અમારે સહુને ઘેર દેવસેવા ચાલું જ છે.''

પછી પાંચમો પ્રશ્ન એવો છે કે, 'સ્વામિનારાયણ મસ્તક ઉપર મુગટ ધારે છે તે વાતમાં તથ્ય શું છે ? આ અમારા સાંભળવામાં આવ્યું છે.'' ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા: ''સુરતના હરિભક્તો શ્રીહરિ માટે મુગટ લાવ્યા હતા. પણ તે જોઈને મુગટ પહેરવાની ના પાડી, તેને કારણે ભક્તોને દુ:ખ થયું. તેથી તે હરિભક્તોને રાજી રાખવા માટે મસ્તક ઉપર મુગટ ધારણ કર્યો અને સહુ હરિભક્તોએ જ્યારે દર્શન કરી લીધા ત્યારે તે મુગટ તરત ઉતારી લીધો હતો.'' ત્યારે ભાઉ પુરાણી બોલ્યા, તેમાં કાંઈ વિરોધ જનક વાત નથી.''

પછી છઠ્ઠો પ્રશ્ન પૂછ્યો: ''સ્વામિનારાયણ રાસ રમે છે. તેઓ બ્રહ્મચારી છે, છતાં (સ્ત્રીઓ સાથે) રાસ રમે તે કેમ બને ? તે કહો.'' ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું: ''શ્રીહરિ સ્ત્રીઓ સાથે ક્યારેય રાસ રમ્યા નથી. અમારા સંપ્રદાયમાં એવો નિયમ છે કે, ગૃહસ્થ કે ત્યાગી જે પુરુષો હોય તેમણે સ્ત્રીઓ સાથે ક્યારેય બેસવું નહિ. ગૃહસ્થે તો એકાંતમાં માતા, બહેન, દીકરી અને કાકીની સાથે પણ બેસવું નહિ. અને જેટલા ત્યાગીઓ છે તેને તો સ્ત્રીનો પ્રસંગ રહેતો જ નથી. ઉત્સવ હોય ત્યારે શ્રીહરિને વચ્ચે બેસાડી સંતો-ભક્તો તેના ફરતા ફરીને ગરબીનાં પદ ગાતા હોય છે અને એનાથી થોડે દૂર સધવા સ્ત્રીઓ પણ કીર્તનો ગાતી ગાતી ગોળ ફરીને ગરબી લેતી હોય

છે.’’ આવું સાંભળી ભાઉ પુરાણી રાજી થયા. અને વૈરાગીઓને કહેવા લાગ્યા: ‘‘તમે બધા જૂઠા સાબીત થયા છો, હવે ક્યારેય પણ આવી વાત કરશો નહિ..’ – શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર : ૧૮ તરંગ : ૧ થી ૧૨

હે ભક્તો ! તા. ૩–૧૦–૧૮૧૮ સં. ૧૮૭૫ આસો સુદ–ચોથ ને શનિવારના દિવસે વડોદરા માંડવી પાસે વિઠ્ઠલનાથજીના મંદિરમાં આ શાસ્ત્રાર્થ સભા થઈ હતી.

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીએ દરેક પ્રશ્નોના જવાબ આપ્યા, એટલે ઉપર ઝરૂખે પડદો નંખાવીને બેઠેલા ગાયકવાડના રાજમાતા ગયાબાઈએ ભાઉ પુરાણીને બોલાવીને કહ્યું: ‘‘સ્વામિનારાયણ સંપ્રદાય સાચો છે. તેના સંતો તેના વર્તનને લીધે શ્રેષ્ઠ સાબીત થયા છે. એમાં ચોક્કસ મોક્ષ રહેલો છે. તે બધું તેમનું વર્તન જ કહી દે છે. આ સંતોનું વર્તન ભગવાનને રાજી કરવા માટે જ છે. જેટલામાં આપણું રાજ્ય છે, તે બધી જગ્યાએ આ સંતોને કોઈ હેરાન ન કરે એનું તમે ધ્યાન રાખજો.’’

હે ભક્તો ! રાજમાતાએ આવી ભલામણ કરાવીને પછી પુરાણી પાસે મુક્તાનંદ સ્વામી અને સંતોનું પૂજન કરાવ્યું અને દૂરથી પગે લાગીને મ્યાનામાં બેસી રાજમહેલમાં ગયાં. પછી મુક્તાનંદ સ્વામી પણ સંતો સાથે કીર્તન બોલતા બોલતા પોતાના ઉતારે જવા માટે મોટા રસ્તા ઉપર ચાલવા લાગ્યા અને સત્સંગીયો અને સજ્જનો એકી અવાજે બોલવા લાગ્યા: ‘સ્વામિનારાયણો વિજયતેતરામ્ સ્વામિનારાયણો વિજયતેતરામ્’

## સ્વામી ઉપર શ્રીહરિ અત્યંત રાજી થયા

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામી સભા જીત્યા એની ખુશાલીમાં હરિભક્તો સાકર લાવીને પરસ્પર વહેંચવા લાગ્યા અને રાજી થતા થતા પોતપોતાનાં ગામોમાં ગયા. આ બાજુ મુક્તાનંદ સ્વામીએ એક પત્ર શ્રીહરિને લખ્યો અને સભાનો પ્રસંગ વિગતવાર લખી જણાવ્યો. તેને લઈને વડતાલના જુસા પગી ગઢડા ગયા અને મહારાજને દંડવત

કરી સ્વામીનો પત્ર આપ્યો. પત્ર વાંચીને પ્રગટ પ્રભુ એટલા બધા રાજી થઈ ગયા કે, પત્ર લાવનાર જુસા પગીને ત્રણવાર ભેટ્યા અને એક કીમતી રેંટો તેમને ભેટ આપ્યો.

હે ભક્તો ! શ્રીહરિને એટલો બધો આનંદ થયો કે, સૌને બોલાવીને કહેવા લાગ્યાઃ ‘‘મુક્તાનંદ સ્વામીએ વડોદરામાં દિગ્વિજય કર્યો છે, માટે સાકર લાવો. સાકર વહેંચો.’’ ત્યારે દાદાખાચર અને જીવાખાચર સાકરના ભરેલા થાળ લાવ્યા. તેમાંથી શ્રીહરિ થોડી સાકર જમી પ્રસાદીની કરી આપી અને બીજી પોતાના હાથથી સૌને આપવા લાગ્યા.

હે ભક્તો ! પછી ગઢપુરથી શ્રીહરિ આદરજ પધાર્યા હતા. તેથી મુક્તાનંદ સ્વામી પણ વડોદરાથી સંતો સાથે મહારાજનાં દર્શન માટે આદરજ આવવા લાગ્યા. શ્રીહરિને ખ્યાલ આવ્યો કે, સ્વામી આવી રહ્યા છે, તેથી તેઓ પણ આદરજથી ચાલતા ચાલતા ખેરપુર ગામની નજીક આવ્યા. ત્યાંતો મુક્તાનંદ સ્વામી દેખાયા ! એટલે પ્રગટ ભગવાને સ્વામીને દંડવત કર્યા ! શ્રીહરિને દંડવત કરતા જોઈને સાથે આવેલા હજારો સત્સંગીઓ અને સંતો મુક્તાનંદ સ્વામીને દંડવત કરવા લાગ્યા ! ત્યાંતો સ્વામી ઉતાવળા ચાલીને આવી પહોચ્યા અને શ્રીહરિને દંડવત કરવા લાગ્યા. તેથી પ્રભુએ તરત સ્વામીને ઊભા કર્યા અને ભેટી પડ્યા. સ્વામી સાથે બીજા સંતો હતા તેમને પણ મહારાજ ભેટ્યા અને રાજીપો આપ્યો.

પછી શ્રીહરિએ સ્વામીને કુશળ સમાચાર પૂછ્યા ને બોલ્યાઃ ‘‘સ્વામી ! તમારે તો બહુ મોટાં વિઘ્નો આવ્યાં. તમારા એકના વિઘ્નમાં બધા સત્સંગને વિઘ્ન હતું. અમારા હિત માટે તમારા જીવનમાં કેટલાએ વિઘ્નો આવતા રહે છે. બે માસ ઉપર સાત દિવસ ગયા ત્યારે આજે તમારાં દર્શન થયાં છે. અમે તો તમને કાયમ સંભારતા રહીએ છીએ, પણ જ્યારે તમે આવીને મળ્યા ત્યારે હવે અમારા ચિત્તમાં શાંતિ થઈ.’’

હે ભક્તો ! શ્રીહરિએ આ પ્રમાણે કહ્યું, ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યાઃ ‘‘હે મહારાજ ! આપ અમને સંભારતા હતા તેથી જ અમે આનંદમાં રહ્યા હતા. બધી બાબતો તો આપના હાથમાં જ છે. જેવી આપની મરજી હોય છે,

તેવી જ બધી બાબત થાય છે. આપની કૃપાથી જ અમો સભા જીત્યા છીએ.'' ત્યારબાદ શ્રીહરિ થાળ જમવા પધાર્યા અને જમ્યા પછી થાળની પ્રસાદી મુક્તાનંદ સ્વામીને આપી.

## કળિયુગમાં પણ અવતાર થાય છે

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામી વડોદરા પધાર્યા અને વૈરાગીના પ્રશ્નોના જવાબ આપી સભા જીતી એ વર્ણન મેં 'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથના આધારે આપની સમક્ષ રજૂ કર્યું. હવે હું સત્સંગિજીવનમાં શતાનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામી વડોદરા પધાર્યા અને શાસ્ત્રાર્થ કરી પંડિતોનો પરાજય કર્યો એની વિગત આપને જણાવું છું.

હે ભક્તો ! એકવાર મુક્તાનંદ સ્વામી વડોદરામાં નાથભક્તના ઘેર પધાર્યા હતા. ત્યાં રહીને સ્વામી કથા-વાર્તા કરતા અને હરિભક્તોને ઘેર જઈ ત્યાં પણ કથા-વાર્તા કરી પધરામણીઓ કરી ભક્તોને રાજી કરતા હતા. સ્વામીની નિર્મળ વાણી અને અણીશુદ્ધ વર્તનના કારણે સત્સંગને પોષણ મળતું હતું અને મુમુક્ષુઓ નવા સત્સંગી થતા હતા.

એક દિવસ સ્વામી નાથ ભક્તના ઘેર કથા કરતા હતા. ત્યારે ત્યાં વડોદરાના વિદ્વાનો રામચંદ્ર, હરિચંદ્ર, શોભારામ, નારૂપંત નાના અને ચિમનરાવજી આવ્યા. આ પાંચેય સયાજીરાવના દરબારમાં પ્રતિષ્ઠિત હતા અને મહારાજાના પણ માનીતા હતા. તેઓએ નમ્રતાપૂર્વક મુક્તાનંદ સ્વામીને વંદન કર્યા અને સભામાં બેસી સ્વામીના મુખથી કથા સાંભળી, તેથી અંતરમાં અપાર શાંતિ થઈ ગઈ !

હે ભક્તો ! એ સમયે જ લક્ષ્મીરામ, રઘુનાથ, દેવશંકર, જટાશંકર અને શંકર વગેરે વિદ્વાન બ્રાહ્મણો ત્યાં આવ્યા અને સ્વામીને પ્રણામ કરીને સભામાં બેઠા. તે સમયે તે સર્વેને સ્વામીએ પૂછ્યું: ''હે વિદ્વાનો ! તમારે કાંઈ પૂછવાની ઈચ્છા હોય તો શાસ્ત્ર પ્રમાણે મને પૂછો. તેથી પંડિતો પૂછવા લાગ્યા: ''હે સ્વામી ! કળિયુગમાં મનુષ્યોનું આત્યંતિક કલ્યાણ કયા સાધનથી થાય તે શાસ્ત્રાનુસાર અમોને કહો.''

આવું સાંભળી મુક્તાનંદ સ્વામીએ સામો સવાલ કર્યો: ''વિદ્વાનો ! પહેલાં તમે કહો. તમોએ કલ્યાણનું સાધન શું માન્યું છે ? તે સત્ય કહો.'' ત્યારે તે ભૂદેવો બોલ્યા: ''સ્વામી ! કળિયુગમાં પાપને નાશ કરનાર ભગવાનનું નામ–સંકીર્તન કરવાથી કલ્યાણ થાય છે, આવું અમો માનીએ છીએ.'' તે સાંભળી સ્વામી બોલ્યા: ''કેવળ નામ–સ્મરણ કરવાથી કલ્યાણ ન થાય, પરંતુ જે વ્યક્તિએ ભગવાનનું જેવું સ્વરૂપ જોયું હોય તેવા સ્વરૂપનું હૃદયમાં ધ્યાન કરતા થકા નામ–સંકીર્તન કરવાથી જ સંપૂર્ણ ફળ મળે છે.

હે પંડિતો ! જે પુરુષનું મન વેગપૂર્વક સાંસારિક વિષયોમાં દોડતું હોય ને તે સમયે નામ–કીર્તન થતું હોય તો તે પ્રકારનાં સ્મરણથી કે કીર્તન કરવાથી મુક્તિ મળતી નથી. જો કેવળ નામ સ્મરણ કરવાથી જ કલ્યાણ થતું હોય તો કર્મ–ઉપાસના અને વેદોમાં કહેલા શમ–દમ વગેરે સાધનો વ્યર્થ થાય. એ સાધનોને તમે ખોટાં માનતાં હો તો તમારો મત વેદથી બહાર ગણાય. નામ સ્મરણ કે કીર્તન કરવાથી પુણ્ય થાય અને પાપ બળે, પરંતુ મોક્ષ તો પ્રત્યક્ષ ભગવાનના જ્ઞાનથી જ થાય છે, માટે તમોએ જો પ્રત્યક્ષ ભગવાનનાં દર્શન કર્યાં હોય તો તમારો મોક્ષ થશે અને જો ન કર્યાં હોય તો ભગવાનનાં દર્શન કરવા માટે પ્રયત્નો કરો.''

હે ભક્તો ! આવું સાંભળી પંડિતો બોલ્યા: ''હે સ્વામી ! વેદોક્ત સાધન જે ધર્મ, ભક્તિ અને જ્ઞાન તે તો કળિયુગના મનુષ્યો માટે કઠણ છે, માટે અમોએ ભગવાનનાં નામ–કીર્તનથી જ કલ્યાણ માનેલું છે. આવા ઘોર કળિયુગમાં પ્રત્યક્ષ ભગવાનનાં દર્શન થાય નહિ. તથા અજામીલ બ્રાહ્મણ પણ નારાયણનું નામ લેવાથી જ મુક્તિને પામ્યો હતો.''

આવું સાંભળી સ્વામી બોલ્યા: ''અજામીલ કેવળ નામ લેવાથી મોક્ષ પામ્યો નથી. નામ લેવાથી તો તેની યમદૂતો થકી મુક્તિ થઈ હતી. જો કેવળ નામ લેવાથી અજામીલ મુક્તિ પામ્યો હોત તો પછી ગંગા કિનારે જઈ તેણે યોગાભ્યાસ શા માટે કર્યો ? માટે એ વાત સત્ય નથી. અજામીલની મુક્તિ તો ભગવાનની ઉપાસના કરવાથી અને ભગવાનના પાર્ષદોની કૃપાથી જ થઈ છે.

હે વિદ્વાનો ! વેદ જાણનાર કોઈપણ સત્પુરુષે એવું કહ્યું નથી કે, કળિયુગમાં ભગવાન પ્રગટ નથી થતા. હાલમાં અમારા ગુરુ ભગવાનનો જ અવતાર છે અને સ્વામિનારાયણ નામથી પ્રખ્યાતીને પામ્યા છે. તેઓમાં પરમાત્માના સર્વે ગુણો જોવા મળે છે. ભાગવતજીમાં વ્યાસજીએ લખ્યું છે કે, ''અધર્મી રાજાઓ ધર્મનો નાશ કરવા લાગે છે, ત્યારે પરમાત્મા પ્રત્યેક યુગમાં અવતાર ધારણ કરે છે. તથા બુદ્ધાવતાર અને કલ્કિ અવતારના જન્મ પણ કળિયુગમાં જ કહ્યા છે; માટે જે લોકો એમ કહે છે કે, 'કળિયુગમાં ભગવાનના અવતાર થતા નથી.' તેઓને શાસ્ત્રના રહસ્યોનું જ્ઞાન નથી.

હે પંડિતો ! વળી પૂર્વે યોગેશ્વરોએ જનકરાજાને કહ્યું હતું કે, ''સત્‌યુગના માણસો કળિયુગમાં જન્મ ઈચ્છે છે, કારણ કે કળિયુગમાં લોકો નારાયણ પરાયણ થશે.'' જ્યારે નારાયણ કળિયુગમાં પ્રાદુર્ભાવ ન પામતા હોય તો પછી નારાયણ પરાયણ લોકો ક્યાંથી થાય ? માટે કળિયુગમાં ભગવાન પ્રગટ થાય જ છે. તે ભગવાનની નવ પ્રકારની ભક્તિ કરવી; આ પ્રકારે મેં શાસ્ત્ર પ્રમાણ અને અનુભવ સંમત કહ્યું. આ મારાં વચનોમાં જો કોઈ સંશય થાય તો ફરીથી પણ પ્રશ્ન પૂછો.''

## ત્રિયુગ - શબ્દાર્થ

હે ભક્તો ! પછી પંડિતોમાં શ્રેષ્ઠ એવા રામચંદ્રે પ્રશ્ન પૂછ્યોઃ ''હે સ્વામી ! કળિયુગમાં ભગવાનના અવતારો થાય છે એ અમો કબૂલ કરીએ છીએ, પરંતુ અમોને બીજો સંશય એ થાય છે કે, જો ચારે યુગોમાં ભગવાનના અવતારો થાય છે, તો પછી વિષ્ણુપુરાણમાં ભગવાનને 'ત્રિયુગ' નામવાળા કયા કારણથી કહેવાય છે ? તેનો જવાબ આપો.''

આવો પ્રશ્ન સાંભળી સર્વે શાસ્ત્રના રહસ્યને જાણનારા મુક્તાનંદ સ્વામી બોલ્યાઃ ''હે રામચંદ્ર ! યુગ શબ્દ જોડલા વાચક છે. 'યુગં યુગ્મે કૃતાદિષુ' એમ અમરમાં કહ્યું છે. યુગ્મ શબ્દ ભગવાચ્ય ઐશ્વર્યનું જાણવું. તે ત્રણ

યુગ્મ જેના છે તે 'ત્રિયુગ' કહેવાય છે; તેથી ભગ શબ્દવાચ્ય ઉત્પત્યાદિક છ ઐશ્વર્યના સંબંધથી ભગવાનનું ત્રિયુગપણું છે. છ ઐશ્વર્ય આ પ્રમાણે છે. (૧) અનાદિ માયાના ગર્ભમાં રહેલા જીવોની ઉત્પત્તિનો પ્રકાર જાણે. (૨) અસંખ્ય જીવોના પ્રલયનો પ્રકાર જાણે. (૩) જીવોના સંસારમાં આવવાનો પ્રકાર જાણે. (૪) તે જીવોની સંસારમાંથી મુક્તિ કેમ થાય તેનો પ્રકાર જાણો. (૫) જીવોના મોક્ષ માટે કારણભૂત જ્ઞાનના ઉપદેશનો પ્રકાર જાણે અને (૬) તે જીવોના અનાદિ બંધનના કારણભૂત દેહ-ઈન્દ્રિયાદિક માયાનું આવરણ જાણે આ છ ઐશ્વર્યને જાણે તેને ભગવાન કહે છે.

## અસંખ્ય અવતારોનાં પ્રમાણ

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીએ ત્રિયુગ શબ્દનો સ્પષ્ટાર્થ સમજાવ્યો. પછી શોભારામ શાસ્ત્રી બોલ્યા: ''હે મુનિરાજ ! હવે બીજો સંશય તમોને પૂછું છું, તેનો જવાબ આપો. ભગવાનના અવતાર દસ સંખ્યાવાળા જ છે, તો પછી તમો એમ કેમ કહો છો કે, 'અમારા ગુરુ સ્વામિનારાયણ, ભગવાન છે.' તો આ દસ અવતારોમાં તેમનો અવતાર કયો જાણવો ?''

આવો પ્રશ્ન સાંભળી મુક્તાનંદ સ્વામી હસતા હસતા બોલ્યા: ''શોભારામજી ! ભગવાનના દસ અવતારો જ છે, એવો કોઈ નિયમ નથી, કારણ કે સર્વનિયંતા પ્રભુ સ્વતંત્ર છે. હરિવંશ ગ્રંથમાં વૈશમપાયન ઋષિએ જનમેજય રાજાને કહ્યું છે કે, ''ભગવાનના હજારો અવતારો થઈ ગયા છે અને ફરીથી પણ થશે, એમાં સંશય કરવો નહિ.'' તથા ભાગવતજીમાં પણ સુતજી કહે છે કે, 'જેમ ક્યારેય પણ ન ખૂટે એવા મહાસરોવરમાંથી નાની નહેરો અનેક નીકળે છે - તેમ શ્રીહરિના અસંખ્યાત અવતારો થાય છે.''

તથા ભાગવતજીના બીજા સ્કંધમાં બ્રહ્માજીએ નારદજીને કહ્યું છે કે, ''કરુણાથી અનેક અવતાર ધારણ કરનાર ભગવાનનાં ચરિત્રોના અવધિને હું ચતુર્મુખે પણ જાણતો નથી.'' તથા દશમ સ્કંધમાં શ્રીકૃષ્ણ પ્રભુ સ્વયં

મુચકુંદ રાજાને કહે છે કે, ''મારા અવતારો અને ચરિત્રો તથા નામો અપરિમિત છે. ક્યારેય પણ કોઈ માણસ ઘણા જન્મોથી પૃથ્વીની રજકણોને ગણી શકે તો પણ મારા જન્મો, ગુણો અને નામોને ક્યારેય પણ ન ગણી શકે. તેમજ ગીતાજીમાં પણ ભગવાન કહે છે કે, ''હે અર્જુન ! મારા અનેક અવતારો થઈ ગયા છે.''

હે શાસ્ત્રી ! આવા પ્રબળ પુરાવાથી ભગવાનના અનેક અવતારો થાય છે એવું ફલિત થાય છે. માટે ભગવાનના દસ જ અવતારો છે, એવી ભ્રાંતિનો ત્યાગ કરીને મુમુક્ષુઓએ હાલમાં ધરેલા અવતારવાળા ભગવાન જ આશ્રય કરવા યોગ્ય છે.

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીનો આવો જવાબ સાંભળી શોભારામ શાસ્ત્રી, હરિચંદ્ર, રામચંદ્ર, નારુપંત નાના અને ચિમનરાવજી આ સર્વેએ કબૂલ કર્યું કે, 'અવતારોની સંખ્યા દશ જ નથી.' પછી ચિમનરાવે પ્રશ્ન પૂછ્યો: ''હે સ્વામી ! કળિયુગમાં ભગવાનના અવતારો થાય છે, એમ અમોએ સત્ય માન્યું પરંતુ તમારા ગુરુ સ્વામિનારાયણને કયા લક્ષણોથી ભગવાન જાણવા ? તે કહો.'' ત્યારે સ્વામી કહે: ''અમારા ગુરુ અષ્ટાંગયોગ વિના સમાધિ કરાવે છે. કામક્રોધાદિક અંત:શત્રુઓને દૃષ્ટિ માત્રે કરીને બાળી નાખે છે. ક્રૂર લોકો હિંસાનો ત્યાગ કરી શરણે થાય છે. અંતકાળે વિમાન લઈને ભક્તોને તેડવા આવે છે. એ શાસ્ત્રોમાં કહેલાં ભગવાનનાં દરેક લક્ષણ અમારા ગુરુ સ્વામિનારાયણમાં છે, તેથી તેઓ ભગવાન જ છે.''

## મુક્તાનંદ સ્વામીનો દિગ્વિજય

હે ભક્તો ! વિદ્વાનોએ પૂછેલા દરેક પ્રશ્નોના ઉત્તરો મુક્તાનંદ સ્વામીએ આપ્યા. તે સાંભળીને તમામ પ્રતિવાદી પંડિતો હાથ જોડીને સ્વામીને કહેવા લાગ્યા: ''હે મુનિરાજ ! અમારા સર્વે સંશયો નાશ પામ્યા છે. યથાર્થ શાસ્ત્રના સિદ્ધાંતને સમજાવનારા અનુભવસિદ્ધ તમારા જેવા સંતોને અમોએ પૃથ્વીમાં ક્યાંય પણ જોયા જ નથી. અમો વડોદરામાં કોઈ પણ પંડિતની જીત થવા દેતા નથી. અત્યાર સુધી અમોને કોઈ હરાવી શક્યું નથી, પરંતુ તમોએ

તમારા ગુરુના અનુગ્રહથી આજે અમોને હરાવી દીધા છે, તેથી અમો નિશ્ચયપણે માનીએ છીએ કે, તમારા ગુરુ સ્વંય ભગવાન જ છે. માટે આજથી અમો સ્વામિનારાયણ ભગવાનને શરણે થઈએ છીએ; તેથી અમોને તમો તેઓનાં દર્શન કરાવવા લઈ જાઓ.''

આવું સાંભળી મુક્તાનંદ સ્વામી અત્યંત રાજી થયા અને બોલ્યાઃ ''હે ભૂદેવો ! તમો મુમુક્ષુઓ છો, તેથી જ સ્વામિનારાયણ મહાપ્રભુને ભગવાન માનવા તૈયાર થયા છો. હવે પછી તમારે દરરોજ મારી પાસે આવી શ્રીહરિના ગુણો અને ચરિત્રો સાંભળવાં. તેના શ્રવણથી કુસંગથી થયેલા સમગ્ર તર્કો નાશ પામશે. જે પુરુષો પ્રથમ સંતોનો સંગ  કરી શ્રીહરિનું માહાત્મ્ય જાણે છે અને ત્યારબાદ શ્રીહરિનું દર્શન કરે છે, તે પુરુષોને શ્રીહરિનાં દર્શન કરવાથી પરમ આનંદ આવે છે, માટે શ્રીહરિનો પરમેશ્વરપણાનો તમોને પાકો નિશ્ચય થાય, પછી આપણે સૌ સાથે જઈશું.''

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીનાં આવાં વચનો સાંભળી આ પાંચેય મુમુક્ષુઓ પોતપોતાનાં ઘેર ગયા. એ સમયે આખા વડોદરા શહેરમાં એવી વાતો થવા લાગી કે, ''સયાજીરાવ મહારાજાના વિદ્વાનોએ સ્વીકાર કરી લીધો છે કે, 'સ્વામિનારાયણ મનુષ્યરૂપમાં ભગવાન છે. તેઓને મુક્તાનંદ નામના સંતે શાસ્ત્રાર્થ કરીને પ્રમાણિત કરી આપ્યું છે, માટે ચાલો સૌ એ સંતનાં દર્શન કરવાં અને સમાગમ કરવા જઈએ.''

મુમુક્ષુઓને જેમ જેમ ખ્યાલ આવવા લાગ્યો, તેમ તેમ તેઓ મુક્તાનંદ સ્વામી પાસે આવવા લાગ્યા. તેથી સ્વામી તેઓને પણ શ્રીહરિનો મહિમા સમજાવીને ભગવાન તરીકે નિશ્ચય કરાવવા લાગ્યા. તેમજ રામચંદ્ર વગેરે પંડિતો પણ દરરોજ સ્વામી પાસે સત્સંગ કરવા આવવા લાગ્યા. પછી એક દિવસ તે સર્વે મુમુક્ષુઓએ કહ્યુંઃ ''સ્વામી ! અમોને પ્રગટ ભગવાન, સ્વામિનારાયણનાં દર્શન કરવાની તીવ્ર ઈચ્છા થઈ છે.'' ત્યારે સ્વામીએ તે સર્વેને કહ્યુંઃ ''તમે બધા શ્રીહરિનું ધ્યાન કરો, તેથી તમને દર્શન થશે.'' પછી બધા ધ્યાનમાં બેઠા. ત્યાંતો પોતાનાં હૃદયમાં તેજ દેખાયું અને તેમાં શ્રીહરિનાં દર્શન થયાં !

## સ્વામીનાં દર્શને સયાજીરાવ સ્વયં આવ્યા

હે ભક્તો ! પછી તો એ સર્વે વિદ્વાનો સ્વામિનારાયણ સંપ્રદાયના ચુસ્ત અનુયાયી બની ગયા અને પ્રગટ પ્રભુની ભક્તિ કરવા લાગ્યા. તેમાં જે નારુપંત નાના હતા તે મહારાષ્ટ્રીય બ્રાહ્મણ હતા અને સયાજીરાવના અંગત કારભારી હતા તેમજ સગપણમાં તેમના સાળા હતા. તેમણે જઈ મહારાજા સયાજીરાવ (બીજા)ને વાત કરી કે, ‘‘મુક્તાનંદ સ્વામી દર્શન કરવા જેવા મહાપુરુષ છે અને તેમના જ સમાગમને કારણે હું પણ સ્વામિનારાયણ ભગવાનનો સત્સંગી થયો છું.’’

નારુપંત નાનાની વાત સાંભળી સયાજીરાવ ગાયકવાડ સ્વયં વસંત પંચમીના દિવસે મોટી સેના લઈને મુક્તાનંદ સ્વામીનાં દર્શન કરવા આવ્યા ! આવીને સ્વામીને પ્રણામ કર્યા અને કહ્યું: ‘‘તમોએ મારા રાજ્યમાં આવીને દર્શન દેવાની કૃપા કરી છે, એવી જ કૃપા સ્વામિનારાયણ ભગવાન કરે, એવી વિનંતી મારાવતી તમે જઈને કરો; કારણ કે, પ્રગટ પ્રભુનાં દર્શન કરવાની મને અતિ ઈચ્છા છે.’’

હે ભક્તો ! સયાજીરાવ સરકારની વિનંતી સાંભળી મુક્તાનંદ સ્વામી કહેવા લાગ્યા: ‘‘હે રાજન્ ! તમો બુદ્ધિમાન છો, તેથી તમારે સમય કાઢીને પ્રગટ પ્રભુ શ્રીહરિનું ધ્યાન કરવું અને ધ્યાન સાથે નામ–સ્મરણ પણ કરવું. એ જ તમોને પરલોકમાં મહાસુખ આપનારું છે. જો પોતાનું મન શ્રીહરિનાં ચરણકમળમાં ભક્તિથી અતિ દૃઢ સ્થિતિ ન પામ્યું હોય તો સંસાર સાગરમાં ભમવાના કારણથી ભગવાનની ભક્તિ વિના બીજા ગુણોના સમુદાયોથી શું ફળ થાય ? અર્થાત્ કંઈ પણ નહિ. આ લોકમાં જે બુદ્ધિશાળી પુરુષો પ્રત્યક્ષ ભગવાનનાં ચરણકમળરૂપી નૌકાનો જ આશ્રય કરે છે – તે જ તત્કાળ સંસારરૂપી સમુદ્રને નિશ્ચે તરી જાય છે; પણ જે લોકો પ્રભુનાં ચરણરૂપી નૌકાનો આશ્રય નથી કરતા તેમને મગરમચ્છાદિક જે કામક્રોધાદિક તે તત્કાળ ખાઈ જાય છે. રાજન્ ! આપનો સંદેશ હું જરૂર શ્રીહરિને સંભળાવીશ અને વડોદરા લાવવાના પ્રયત્નો પણ કરીશ.’’

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીની મોક્ષદાયક વાણી સાંભળી સયાજીરાવ (સિંહજીત) બહુ રાજી થયા અને પુનઃ પ્રણામ કરી પોતાની સેના સહિત મહેલમાં ગયા. આ રીતે સત્સંગ કરાવતા સ્વામીને વડોદરામાં સાડા ત્રણ મહિના વીતી ગયા, તેથી સ્વામીને મહારાજનાં દર્શન કરવાની ઈચ્છા થઈ. એ સમયે ગઢપુરથી એક સત્સંગીએ આવીને કહ્યુઃ ''શ્રીહરિ એકાદશીએ વડતાલ પધારે છે.'' પછી સ્વામી નવા સત્સંગીઓને લઈ વડતાલ આવ્યા અને શ્રીહરિને દંડવત પ્રણામ કરી સૌને દર્શન કરાવ્યાં. તેમજ વડોદરામાં જે જે પ્રસંગો બન્યા હતા, તે વિગતથી કહી સંભળાવ્યા. સયાજીરાવના આમંત્રણની પણ વાત કરી. હે ભક્તો ! સ્વામીએ પંડિતો સાથે શાસ્ત્રાર્થ કરી શ્રીહરિનો નિશ્ચય અનેક લોકોને કરાવ્યો. એ બધી વાત સાંભળી શ્રીહરિ અતિશય રાજી થયા અને સ્વામીને હાર પહેરાવી ભેટ્યા. પછી સભામાં બહુ પ્રશંસા કરી.

## વડથલ ગામમાં સ્વામીનું વિશેષ પૂજન

હે ભક્તો ! આપણે સૌ જાણીએ છીએ કે, શ્રીહરિએ પોતાના જીવન દરમિયાન અનેક ઉત્સવો ઊજવ્યા હતા. જેનો ઉલ્લેખ નિષ્કુળાનંદ સ્વામીએ 'પુરુષોત્તમ પ્રકાશ'ના તેરમાં પ્રકારમાં કરેલ છે. દરેક સમૈયામાં શ્રીહરિ હાજર રહેતા હતા, પણ અમુક ગામના ઉત્સવોમાં હાજર રહી શક્યા ન હતા. તેમાં વડથલ, વેમારડી, પીપળી અને તવરા વગેરે ગામોમાં શ્રીહરિ જઈ શક્યા ન હતા.

વડથલના ભાવિક ભક્તોના ભાવને વશ થઈ ભગવાન શ્રીહરિ ભીમ એકાદશીનો સમૈયો કરવા પધારવાના જ હતા, પરંતુ પહોંચી ન શક્યા; કારણ કે શ્રીહરિ સંતો–ભક્તો સાથે વડથલ જવા માટે ચાલવા લાગ્યા, ત્યાંતો રસ્તામાં જ જોરદાર વાવાઝોડું ફૂંકાવા લાગ્યું, એટલે પ્રભુ પાછા વળ્યા અને મુક્તાનંદ સ્વામી ઉપર પત્ર લખીને જયાનંદ વર્ણીને અમદાવાદ મોકલ્યા. ત્યાં ચાતુર્માસની કથા કરવા માટે મુક્તાનંદ સ્વામી પધાર્યા હતા.

હે ભક્તો ! જયાનંદ બ્રહ્મચારી પત્ર લઈને અમદાવાદ ગયા, ત્યાંતો એવા સમાચાર મળ્યા કે, ''મુક્તાનંદ સ્વામી અને સંતો શ્રીહરિ વડથલ પધારવાના છે, એવા સમાચાર મળતા જ વડથલ પહોંચી ગયા છે.'' તુરંત જયાનંદ

વર્ણી અમદાવાદથી વડથલ પહોંચ્યા ! ત્યાં મુક્તાનંદ સ્વામીને મળી દંડવત કરી મહારાજનો પત્ર આપ્યો. પત્ર લઈ સ્વામીએ પ્રસાદીનો જાણી આંખે અડાડ્યો અને મસ્તકે ચઢાવ્યો. પછી ત્યાંના મુખ્ય ભક્ત કાલીદાસભાઈને એ પત્ર સભામાં જ વાચવા કહ્યું. પત્રમાં શ્રીહરિએ લખ્યું હતું કે, ‘‘વડથલના સમૈયામાં પધારેલાં સર્વે સત્સંગીઓને અમારા જય સચ્ચિદાનંદ.....

હે ભક્તો ! અમો જેઠ સુદ પાંચમે વડથલ જવા નીકળ્યા હતા, પરંતુ ઓચિંતા પવન ચડ્યો તેથી ધૂળ-કાંકરા ખૂબ ઉડ્યા અને સંતો-ભક્તોને તેમજ ઘોડાંઓને ખૂબ વાગ્યા ! તેથી અશ્વો આગળ ચાલી શક્યા નહિ. એટલે અમો સૌ પાછા વળી ગયા છીએ, હવે અમો ત્યાં આવી શકશું નહિ. માટે સૌ સંતો-ભક્તો ત્યાં ભીમ એકાદશીનો સમૈયો કરજો અને એમાં અમારી જેમ જ મુક્તાનંદ સ્વામીનું પૂજન કરજો. અમારાં વચને જે તેઓની પૂજા કરશે, તેમણે અમારી જ પૂજા કરી ગણાશે, એમાં કુતર્ક કોઈ કરશે, તેના ઉપર અમે રાજી નહિ થઈએ. માટે તમને સૌને અમારી આજ્ઞા છે કે, ‘‘મુક્તાનંદ સ્વામીને પાટ ઉપર બેસાડીને ષોડશોપચારથી અમને પૂજો છો તેવા જ પ્રેમભાવથી સ્વામીને પૂજજો.’’

શ્રીહરિની આજ્ઞા જ જેઓનું જીવન હતું, એવા વડથલના ભક્તો પત્ર વાંચીને રાજી થયા અને ભીમ એકાદશીના દિવસે ભક્તોએ એક મોટા વડની વડવાઈએ શણગારેલો પલંગ હિંડોળાની જેમ બાંધ્યો અને મુક્તાનંદ સ્વામીને શણગાર કરીને તેમાં બેસાડ્યા ! પછી દરેક સત્સંગીઓએ સ્વામીની પૂજા કરી. તેમાં પૂજા કરતી વખતે કેટલાક ભક્તોને મુક્તાનંદ સ્વામીની જગ્યાએ શ્રીહરિનાં દર્શન થયાં ! ત્યારબાદ સ્વામીને ઝૂલાવવા લાગ્યા. તે સમયે સંતોએ કીર્તનો બોલી સ્વામીનો રાજીપો મેળવ્યો.

હે ભક્તો ! ત્યાર પછી મુક્તાનંદ સ્વામીએ સૌને ઉપદેશ આપતા જણાવ્યું કે, ‘‘આપણા ઈષ્ટદેવ સર્વોપરી ભગવાન છે. જેમનાં દ્વારા કાર્ય કરાવવું હોય તે કરાવે છે અને મૂર્તિનું સુખ આપે છે. શ્રીહરિનું કાર્ય પાત્રની તારતમ્યતા પ્રમાણે જ હોય છે. પોતાના અંગભૂત સંતો-ભક્તોમાં સમ્યક પ્રકારે સર્વદા પ્રત્યજ જ રહીને સેવા

અંગીકાર કરતા હોય છે. આપણે સૌએ તેઓની આજ્ઞામાં જ રાજી રહેવું. તેમજ ધર્મ અને ઉપાસના દૃઢ કરીને રાખવાં. હું તો સાવ અકિંચન સંત છું અને શ્રીજીનો દાસ છું. આપ સૌએ શ્રીજીની આજ્ઞાથી મારી પૂજા કરી છે, પણ હું તો આપ સૌની ચરણરજ છું.'' આ પ્રમાણે કહી સ્વામીએ એ ભૂમિની રજ પોતાના મસ્તક ઉપર ચડાવી! આવી જ રીતે પીપળીમાં શ્રીહરિએ પોતાને બદલે મુક્તાનંદ સ્વામીને મોકલ્યા હતા અને સત્સંગી ભક્તો દ્વારા સ્વામીની પૂજા કરાવી હતી.

## વેમારડીમાં અઢાર દિવસ રોકાયા

હે ભક્તો ! વડથલ ગામમાં અને તવરાના મેળામાં શ્રીજી મહારાજની આજ્ઞાથી મુક્તાનંદ સ્વામીનું મહારાજની જેમ જ વિશેષ પૂજન થયું હતું – એવી જ રીતે વડોદરાની બાજુમાં અને કંડારી ગામની સરહદમાં જ આવેલ વેમારડી ગામના હરિભક્તોને પણ મુક્તાનંદ સ્વામીનું વિશેષ પૂજન કરવાની આજ્ઞા સ્વયં શ્રીહરિએ આપેલ હતી. એ પ્રસંગ આપના વાંચન માટે લખી રહ્યો છું. તેનાથી આપણને ખ્યાલ આવશે કે મુક્તાનંદ સ્વામી પ્રત્યે શ્રીહરિને કેવો ભાવ હતો – કેવી આત્મીયતા હતી.

એક સમયે અદ્‌ભુતાનંદ સ્વામી કાનમ પ્રદેશમાં (વડોદરા જિલ્લામાં) વિચરણ કરતા કરતા વેમારડી ગામમાં આવ્યા અને ત્યાં ભક્તિભાઈ પટેલ વગેરેને સત્સંગ કરાવ્યો. ધીરે ધીરે કરતા આખું ગામ સત્સંગી થયું. પછી બધા જ ભક્તોએ ભેગા થઈ અદ્‌ભુતાનંદ સ્વામીને કહ્યું: ''તમે ગઢપુર જઈ શ્રીજી મહારાજને પ્રાર્થના કરીને કહો કે, તેઓ વેમારડી પધારે. અમારા ગામના પ્રતિનિધિ બનીને તમે ગઢડા જાઓ.'' હરિભક્તોના આગ્રહથી અદ્‌ભુતાનંદ સ્વામી ગઢપુર આવ્યા ને વેમારડી પધારવા શ્રીહરિને વિનંતી કરી. ત્યારે શ્રીજી મહારાજે કહ્યું: ''અમારી બદલે આ વખતે અમારા ગુરુ મુક્તાનંદ સ્વામીને વેમારડી લઈ જાઓ અને મારી જેમ જ સ્વામીનું પૂજન કરજો. હું તમારી સેવા–પૂજા મુક્તાનંદ સ્વામી દ્વારા અંગીકાર કરીશ.''

હે ભક્તો ! શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું, એટલે આજ્ઞા માનીને તેઓ અદ્‌ભુતાનંદ સ્વામી સાથે વેમારડી ગામ આવ્યા અને કથા-વાર્તા કરી ભક્તોને ખૂબ સુખ આપ્યું. પછી સૌ ભક્તોએ સાથે મળી ગામના પાદરમાં તળાવને કિનારે વડલો હતો તેની ડાળીએ હિંડોળો બાંધીને મુક્તાનંદ સ્વામીને શણગાર પહેરાવીને ખૂબ ઝુલાવ્યા હતા. સ્વામીએ પણ શ્રીજી મહારાજની આજ્ઞાથી અઢાર દિવસ સુધી વેમારડી રોકાઈને હરિભક્તોને રાજી કર્યા હતા. આજે પણ એ ગામમાં આ પ્રસંગનો સાક્ષી બની વૃદ્ધાવસ્થામાં એ વડલો અડીખમ રીતે ઊભો રહીને સૌને દર્શન આપે છે.

## સ્વામીને તવરાના મેળામાં મોકલ્યા

હે ભક્તો ! એકવાર શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને કહ્યું: ‘‘સ્વામી ! તમે અને સંતો તવરા ગામ જાઓ. અમે ત્યાં આવીશું. તવરામાં વૌઠા કરતાં ઘણા વધારે લોકો આવશે. તમારા જેવા સંત ચાલીને તીર્થમાં જાય, નર્મદામાં જઈને બે વાર સ્નાન કરે, તે પછી તે તીર્થમાં આવીને જે જે લોકો સ્નાન કરશે, તમારાં દર્શન કરશે, તમારી પૂજા કરશે અને તમને જમાડશે, તે સહુનું રૂડું થશે. કદાચ અમે ન આવીએ તો અમારાં વચનથી તેઓ બધા તમારી પૂજા શ્રદ્ધાભાવથી કરશે. તમારી પૂજા જે કરે તેને કરવા દેજો. તેમાં તમને કોઈ જાતનો બાધ નહિ લાગે, એમ અમે કહીએ છીએ. હરિભક્તો અમને જમાડવા માટે વિવિધ પ્રકારનાં ભોજન કરાવે છે – તેમ તેઓ અમને તમારાં હૃદયમાં વસેલા ધારીને વિવિધ પ્રકારનાં ભારે ભોજન કરાવીને તમને જમાડે તો ના ન કહેતા.

જે દિવસ સંતોને રસોઈ ન મળે તે દિવસ સંતોએ યાત્રિકોના સંઘમાં જઈને ભિક્ષા માગવી. જે તમને ભિક્ષા આપશે, તેમની શુભ ગતિ થશે. જે લોકો સંતોના પ્રેમભાવથી દર્શન કરશે, તેઓ સત્સંગમાં ફરીને મનુષ્ય દેહને પામશે. કથા, વાર્તા, કીર્તન અને સ્વામિનારાયણ નામની ધૂન સંતોનાં મુખેથી જે સાંભળશે તેને ભવભટકણ નહિ રહે. બહુ વરસ વીતી જાય અને અધિક વૈશાખ હોય ત્યારે તેની પૂનમે લોકો તવરાની યાત્રા કરવા આવે છે.’’

હે ભક્તો ! શ્રીહરિનાં વચનો સાંભળી મુક્તાનંદ સ્વામીએ કહ્યું: ''પ્રભુ ! આપનાં વચનમાં જ તીર્થ રહ્યાં છે. આપ જ્યારે જે રીતે વચન કહો, ત્યારે તેમાં બધાં તીર્થો આવીને રહે છે. આપનું વચન તીર્થોનું તીર્થ અને કારણનું પણ કારણ છે. અમે આપનાં વચનમાં સ્નાન કરીએ છીએ અને વચનમાં જ નિવાસ કરીએ છીએ. હરિભક્તો જ્યારે અમારી પૂજા કરે ત્યારે અમને માન ન આવે, એવું અમે વરદાન માગીએ છીએ. માનથી રક્ષા કરજો. હરિભક્તો મારી પૂજા કરે, છતાં મારાથી હરિજનના દાસાનુદાસ થઈને વર્તાય, એવી સમજણ મને કાયમને માટે આપો.''

મુક્તાનંદ સ્વામીની માગણી સાંભળી શ્રીહરિ કહેવા લાગ્યા: ''સ્વામી ! જે સંતો માનથી ડરતા હોય છે, તેને જ અમે પૂજાવાની મોટપ આપીએ છીએ. જેને માનમાં દોષ દેખાય છે તેને માન આવતું નથી. માન મેળવવામાં જ જે મોટપ માને છે, તેનામાં બધા અનર્થોની સાથે માન આવીને વસે છે. સ્વામી ! જ્યારે તમારી પૂજા થઈ રહે ત્યારે તમારા જીવમાં જો માનનો અંકુર દેખાય, તો સંતોની અને હરિભક્તોની ચરણની રજ જ્યાં હોય, તેને લઈને માથે ચડાવજો. તે ચરણરજના પ્રતાપથી તમને ક્યારેય માન આવશે નહિ.'' તે સાંભળી સ્વામી બહુ જ રાજી થયા.

હે ભક્તો ! પછી સવારે સંતો અને મુક્તાનંદ સ્વામી ચાલ્યા. તે કાનમ પ્રદેશમાં પધાર્યા. ત્યાં બીજા સંતો પણ જોડાયા. સૌ સાથે મળીને અધિક વૈશાખ સુદ એકાદશીને દિવસ તવરા ગામમાં આવ્યા. ત્યાં નર્મદા નદીના કિનારે અનેકાનેક સંઘો ઊતર્યા હતા. ત્રણ ગાઉં સુધી લાંબા વિસ્તારમાં દુકાનો કરેલી હતી ! અને તે ગામથી ઉત્તર તરફ ખીજડાનું મોટું ઝાડ હતું ત્યાં બધા સંતોએ ઉતારા કર્યા અને તેની ચારેબાજુએ હરિભક્તોએ ઉતારા કર્યા.

ત્યાં રહીને સંતો આખો દિવસ કથા-વાર્તા-ધૂન અને ભજન કરતા હતા. ત્યાં જેટલા હરિભક્તો આવતા તે મુક્તાનંદ સ્વામીની પૂજા કરતા. તે જોઈને સંતો રાજી થતા. આપણા ૨૦૦ સંતો ત્યાં હતા ! હરિભક્તો પૂજા કરી લેતા ત્યારે મુક્તાનંદ સ્વામી સંતો-ભક્તોની ચરણરજને હાથમાં લઈ પોતાના માથા ઉપર નાખતા હતા ! ત્યાં ઈટોલા

ગામના જીજીભાઈ બે દિવસ ચાલે એટલી દાળ ને ચોખા ખીચડી કરવા લાવ્યા હતા, પણ આખો અધિક મહિનો તે અન્ન ખૂટ્યું નહિ, આવો ચમત્કાર શ્રીહરિએ બતાવ્યો હતો.

## પ્રભુ દર્શનનાં પ્યાસી સ્વામી અને સંતો

હે ભક્તો ! સંપ્રદાયનો આરંભકાળ વિકટ, કઠણ અને ઘણી મુશ્કેલીભર્યો હતો. જગતના નાગડા બાવા અને વૈરાગીઓ, આપણા સંપ્રદાયના આપણા સંતોને નવા ધર્મના માનીને ખૂબ જુલમ કરતા હતા. ભોજનમાં ભિક્ષા નહિ અને ગામમાં ઉતારો નહિ. એટલું જ નહિ, પરંતુ માર ખાઈને ભગવાન ઓળખાવનાર આપણા સંતો ઉપર તો ઝેરના અને પથ્થરના પણ વરસાદ વરસાવ્યા છે બાવાઓએ ! ગાળો ખાઈને ગોવિંદ ગવડાવનાર ગાય જેવા ગરીબડા સાધુને સીસમની લાકડી ભાંગી જાય એવા મારમાર્યા છે એ અસુરોએ.

હે ભક્તો ! જગતમાં ચારેય બાજુથી ઉપકારને બદલે અપકાર, લાગણીને બદલે લાકડીઓનો માર, સ્વીકારને બદલે તિરસ્કાર અને સન્માનને બદલે અપમાન મળતું હોવા છતાં મુક્તાનંદ સ્વામી જેવા સંતો ગામડે ફરીને મુમુક્ષુઓને શ્રીજી મહારાજનો નિશ્ચય કરાવતા હતા. મહારાજનો મહિમા સમજાવતા હતા. સંતોનો જુસ્સો અને જોમ અનેરા અને અખૂટ હતા. એમની તમામ દુ:ખદ સમસ્યાનું શમન અને ધગશનું પ્રેરણાબળ હતું પ્રગટ પ્રભુનું પાવનકારી દર્શન !

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામી ગામડામાં ગયા હોય અને થોડા દિવસ પ્રાણપ્યારા પ્રગટ પ્રભુનાં દર્શન ન થાય એટલે આકળા થઈ જતા. તેઓના મનમાં હંમેશાં હરિદર્શનની ઝંખના સતત રહ્યા કરતી હતી. પરંતુ મુંઝવણની ખરી વાત તો એ હતી કે શ્રીહરિ અવાર-નવાર ગુપ્તવાસ સેવતા, એના કારણે દર્શન કરવા આવવાની મનાઈ કરવામાં આવતી. તેથી સ્વામી વીજળી પડ્યા જેવો આંચકો અનુભવતા. પરંતુ કરે શું ? પ્રભુની ઈચ્છા મુજબ જ વર્તનારા મુક્તાનંદ મુનિ મહારાજનાં દર્શન વિના ટળવળતા અને વિરહાવસ્થામાં વલવલ્યા કરતા !

હે ભક્તો ! એકવાર મુક્તાનંદ સ્વામી ૨૦૦ સંતો સાથે ગુજરાતમાં ગામડાંઓમાં વિચરણ કરતા કરતા સારંગપુર ગામની ભાગોળે આવ્યા. ત્યાં પ્રસાદીની ફલ્ગુ નદીમાં સ્નાન કરી વિસામો લેવા ઝાડ નીચે સંતો સાથે બેઠા હતા. એ સમયે સત્સંગી રાઠોડ ધાધલ ત્યાંથી નીકળ્યા. તેણે સ્વામીને જોયા એટલે નજીક જઈ દંડવત કરી જય સ્વામિનારાયણ કહ્યા. ત્યારે સ્વામીએ પૂછ્યુંઃ ''ભગત ! શ્રીજી મહારાજ અહીંયાં છે ?'' ત્યારે ભક્તે કહ્યુંઃ ''હા, જીવાખાચરના દરબારગઢમાં છે, પણ કોઈને દર્શન આપતા નથી. આજ્ઞા વિના દર્શન કરવા જવાની પણ મનાઈ છે. હમણા આવું પ્રકરણ ચાલે છે, તેથી કોઈને દર્શન દેતાં નથી.''

આવું સાંભળી સંતોની આંખોમાં આંસુઓ આવી ગયાં ! તે જોઈને મુક્તાનંદ સ્વામીએ કહ્યુંઃ ''રાઠોડ ભગત ! તમે અમારો સંદેશો શ્રીહરિજીને પહોંચાડો કે, ''મુક્તમુનિ સંતમંડળ લઈ ગામડાંઓમાં વિચરણ કરતા અહીં આવ્યા છે અને તમારાં દર્શન કરવાની ખૂબ ઈચ્છા છે, માટે આજ્ઞા આપો તો દર્શન કરવા આવે.''

આ સંદેશો મહારાજને જઈને કહ્યો. તુરંત પ્રભુ બોલ્યાઃ ''સ્વામીને જઈ કહી દો કે જ્યાં ગામડાં ફરવાં જવું હોય ત્યાં જતા રહે, દર્શનની આજ્ઞા નથી.'' આવો આદેશ મળતા જ રાઠોડ ભક્ત અવાક્ બની ગયા ! ભાંગતે પગલે ને ઉદાસ ચહેરે તેઓ સ્વામી પાસે આવ્યા. સ્વામી તો તેની ચાલ જોઈને તેમજ ઉદાસ મુખ જોઈને પારખી ગયા ! છતાં સંતોની જિજ્ઞાસા સંતોષવા પૂછ્યું. ત્યારે જવાબમાં રાઠોડ ભક્તે માથું હલાવ્યું.

હે ભક્તો ! આવું સાંભળી સંતોની આંખો વરસવા લાગી ! સ્વામી પણ ઉદાસ થઈ ગયા. પણ સમયસર સ્વસ્થ થઈ સ્વામીએ પોતાને સંભાળી લીધા અને સંતોને કહેવા લાગ્યાઃ ''સંતો ! પૂર્વે મુમુક્ષુઓએ ભગવાનને મેળવવા જે સહન કર્યું છે, એવું તો આપણે સહન કરવું પડ્યું નથી. આજે નહિ તો થોડા દિવસ પછી આપણને મહારાજ દર્શન દેવાના જ છે, માટે ઉદાસી છોડી દો, પ્રભુની આજ્ઞા સમજી આનંદમાં રહો.'' ત્યારે એક નાના સાધુ બોલ્યાઃ ''સ્વામી ! આપણે ક્યાં અહીં રોકાવા આવ્યા છીએ ? દર્શન કરીને તો જતા રહેવાના છીએ, માટે આપણે દર્શન કરવા જઈએ. મારા દિલમાં તો મહારાજનાં દર્શન વિના દાહ બળે છે.''

આવું સાંભળી મુક્તાનંદ સ્વામીની આંખો ભીની થઈ ગઈ ! છતાં પણ પોતાની દિલગીરીને દબાવીને બોલ્યા: ''સાધુરામ ! આપની તીવ્ર-ઈચ્છાને હું જાણું છું, પરંતુ પ્રગટ પ્રભુની આજ્ઞા વિના જવામાં દર્શનનું સુખ ન આવે. ધીરજ રાખો. ભાવના ભૂખ્યા ભૂધર છે. જરૂર દર્શન આપશે. પણ અત્યારે આપણે કારિયાણી તરફ જઈએ. એ પણ પ્રભુની પ્રસાદીનું ગામ છે.

## સ્વામી ! અમો તમારા થકી ઊજળા છીએ

હે ભક્તો ! સ્વામીએ સંતોને જે રીતે સમજાવી આશ્વાસન આપેલ તે બધી વાત રાઠોડ ધાધલે શ્રીજી મહારાજ પાસે જઈને કહી સંભળાવી. દર્દીલા દિલે વ્યક્ત થતી ભાવભીની મસલત સાંભળી કુસુમથીયે કોમળ એવા દયાળુ ભક્ત વત્સલ ભગવાન શ્રીહરિની પણ આંખો માંડી વરસવા ! તુરંત સફાળા ઊભા થઈને બોલ્યા: ''ઝટ લાવો મારી માણકી, મારે સ્વામી પાસે જવું છે.'' તુરંત માણકી લાવવામાં આવી, એટલે તરત જ અસવાર થઈ પૂરપાટ દોડાવી કારિયાણીના માર્ગે.

હે ભક્તો ! આ બાજુ મુક્તાનંદ સ્વામી અને સંતો કારિયાણીના રસ્તે ચાલતા ચાલતા ધોળીધાર પાસે પહોંચ્યા હતા, ત્યાંતો માણકીના ડાબલાનો અવાજ સંભળાવા લાગ્યો ! સંતોએ પાછું વળીને જોયું ત્યાંતો માણીગર માવો માણકીએ બેસીને પવનવેગે પાછળ આવી રહ્યા હતા ! પ્રભુ સંતો પાસે આવી ગયા અને સંતો ફરતી માણકીને ફેરવીને પ્રદક્ષિણા કરવા લાગ્યા. ત્યારે સ્વામી અને સંતો દંડવત કરવા લાગ્યા. તુરંત શ્રીજી પ્રભુ પણ ઘોડીએથી ઉતરી મુક્તાનંદ સ્વામીને દંડવત કરવા લાગ્યા ! તરત જ સ્વામીએ દોડીને મહારાજને રોકી લીધા અને બન્ને એક બીજાને ભેટી પડ્યા ! તે સમયે સંત અને સર્જનહાર બન્નેની આંખોમાંથી આંસુઓની ધારાઓ વહેવાં લાગી!

એ સમયે વાતાવરણ ગમગીન બની ગયું. સંતો પણ ભાવુક બની ગયા અને રડતે હૃદયે અને રડતી આંખોએ મહારાજનાં અને સ્વામીનાં દર્શન કરવા લાગ્યા. પછી શ્રીહરિ દરેક સંતોને પણ પ્રેમથી ભેટ્યા અને માથે હાથ

મૂક્યા. તે સમયે ભક્ત અને ભગવાનના મિલનનું અપૂર્વ ભાવુક દૃશ્ય સર્જાઈ ગયું. પછી સંતોએ પોતાની ચાદરો પાથરી, તેથી તેના ઉપર મહારાજ બેઠા. સ્વામીને પણ એક ચાદર પથરાવી તેના પર બેસાડ્યા. સર્વે સંતો પણ યથાયોગ્ય શ્રીહરિ સામે બેસી ગયા.

હે ભક્તો ! ત્યારે શ્રીહરિ કહેવા લાગ્યા: ''હે મુક્તાનંદ સ્વામી ! અમારી આજ્ઞાથી તમે ઠેર ઠેર ફરી અપમાન અને તિરસ્કાર સહન કરી લોકોને અમારી ઓળખાણ કરાવો છો. શરીરનાં તમામ સુખોને અવગણીને મારા ગુણગાન ગાવ છો. દાસ અને દીન બની તમે ઘણું સહન કરો છો; એટલા માટે જ હે સ્વામી ! અમો તમારા થકી જ ઊજળા છીએ. તમો અમારા માટે ખૂબ જ દાખડો કરો છો. સત્સંગની 'મા' બની સર્વે સંતો–ભક્તોને અમારા નિયમ, નિશ્ચય અને ધર્મમાં ટકાવી રાખ્યા છે; માટે અમે તમારા ઉપર ખૂબ રાજી છીએ.''

હે ભક્તો ! આટલું બોલતા બોલતા તો શ્રીહરિની બન્ને આંખો ભીની થઈ ગઈ અને ગળે ડૂમો ભરાઈ ગયો! ત્યારે મુક્તાનંદ સ્વામી વિનંતીના સ્વરે કહેવા લાગ્યા: ''હે મહારાજ ! આવું ન કહો. અમો તો આપના દાસ છીએ. આપે અપાર કરુણા કરી દર્શન આપી અમને સહુને કૃતાર્થ કર્યા છે. હવે આપ પાછા સારંગપુર પધારો અને અમે સૌ મુમુક્ષુઓને આપના સ્વરૂપનો નિશ્ચય કરાવવા માટે આ પંથકમાં આવેલાં ગામડાંઓમાં સત્સંગ પ્રચાર કરવા જઈએ.'' ત્યારે સંત સ્નેહી શ્રીહરિ બોલ્યા: ''ના સ્વામી, ના. હવે તો તમે બધા સંતો પાછા વળો ને અમારી સાથે થોડા દિવસ રોકાઈને પછી જાઓ.'' પછી સૌ ગામમાં આવ્યા. ત્યારબાદ શ્રીહરિએ થોડા દિવસ સ્વામીને પોતાની પાસે રાખી ખૂબ જમાડ્યા અને કથા–વાર્તા અને દર્શનનું સુખ આપી આનંદિત કરી દીધા.

## એમના ગુરુ મુક્તાનંદ સ્વામી છે

હે ભક્તો ! સ્વામિનારાયણ મહાપ્રભુનો રાજીપો મેળવવા માટે અને ગામડાંઓમાં રહેલા મુમુક્ષુઓને પ્રગટ પ્રભુની ઓળખાણ કરાવાને માટે મુક્તાનંદ સ્વામી સંતો સાથે સોરઠ પ્રદેશનાં ગામોમાં વિચરણ કરતા કરતા ગરવા ગઢ ગિરનારના ઉત્તર ભાગમાં આવેલ થાણાગાલોળ નામના ગામમાં પધાર્યા હતા. ત્યાં ગામના મુખ્ય ભક્ત

જશાભાઈ હતા. તેમના ઘેર સંતોએ ઉતારો કર્યો. બપોરે ઠાકોરજી જમાડ્યા પછી સંતો નદીએ સ્નાન કરવા જવા માટે ગામની બજારમાં ચાલવા લાગ્યા.

હે ભક્તો ! સંતો ચાલ્યા જતા હતા, ત્યારે ગામની પાછળ એકાંત સ્થાનમાં એક મોટો પીપળો હતો તેને એક રામભક્ત પ્રદક્ષિણા કરતા હતા તેને સંતોએ જોયા. તેને જોઈને મુક્તાનંદ સ્વામીએ જશાભાઈને પૂછ્યું: ''આ કોણ છે ? અને ગોળ ગોળ ખાડો કરીને કેમ પ્રદક્ષિણા કરે છે ?'' ત્યારે પેલા ભક્ત કહે: ''સ્વામીજી ! એ ભક્તે ખાડો કર્યો નથી, પણ પ્રદક્ષિણા કરી કરીને ગોળ-ગોળ ખાડા જેવું થઈ ગયું છે ! સ્વામી ! આ ભક્તનું નામ માવા ભગત છે. તેઓ શ્રીરામના ઉપાસક છે. કામમાંથી પરવારે એટલે આ પીપળે આવી જાય અને પીપળાને પ્રદક્ષિણા કરતા કરતા રામ-રામ રટ્યા કરે છે.''

આવું સાંભળી મુક્તાનંદ સ્વામી વિચારવા લાગ્યા: ''અરે ! સંતોના સમાગમ વિના પણ આ મુમુક્ષુ આટલી બધી પ્રદક્ષિણા કરે છે અને અખંડ રામ-રામનું રટણ કરે છે ! આ ભક્તને જો મહારાજનો નિશ્ચય થઈ જાય અને જો હરિભક્ત બની જાય તો તો સોનામાં સુગંધ ભળી જાય એવા આદર્શ ભક્ત સંપ્રદાયને મળી જાય.'' આવું વિચારી સ્વામીએ જશાભાઈને કહ્યું: ''આ રામભક્તને અહીંયાં બોલાવી લાવો. એ મોક્ષના ખરા ખપવાળા છે. થોડી સાધનાએ એમનું આત્યંતિક કલ્યાણ થઈ જાય એવો ઉપાય એમને બતાવવો છે.''

હે ભક્તો ! ઝવેરીએ સાચા હીરાને પારખી લીધો એમ જાણીને જસાભાઈએ જઈ માવા ભગતને કહ્યું: ''અમારા સંત તમોને બોલાવે છે.'' તુરંત પ્રદક્ષિણા રોકીને આવ્યા અને મુક્તાનંદ સ્વામીને સીતારામ બોલીને પગે લાગ્યા. ત્યારે સ્વામીએ પણ સીતારામ બોલીને કહ્યું: ''માવા ભગત ! અમારી સાથે નદીએ નાવા ચાલો, ત્યાં બેસીને સત્સંગ કરીશું.'' તુરંત તેઓ સંતો સાથે નદીએ ગયા. ત્યાં સ્નાન કરતા કરતા સંતો ધૂન બોલ્યા, સ્તોત્રનો પાઠ કર્યો અને તીર્થોને યાદ કરી, ભગવાનનાં સ્મરણ સાથે એકબીજાએ પાણીના ખોબા ભરી અરસ-પરસ નવડાવ્યા. આ બધું દૃશ્ય જોઈ કાંઠે બેઠેલા માવા ભગતને સંતોનો અતિ ગુણ આવ્યો.

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીએ દરેક સંતોના માથાં ઉપર પાણી નાખીને સર્વેને નવડાવ્યા, પછી સ્વામી બહાર નીકળ્યા. સૌ પરવાર્યા એટલે નદી કિનારે સભા કરી મુક્તાનંદ સ્વામીએ માવા ભગતને ઉપદેશ આપવો શરુ કર્યો. સીધી, સાદી અને સરળ છતાં સચોટ અને મર્મવેધક મીઠી વાણીમાં જગતની અસારતા અને દેહની નાશવંતતા તથા પ્રગટ પ્રભુની સર્વોપરીતા તેમજ પ્રતાપની વાતોનો ધોધ સ્વામીના મુખથી વહેવા લાગ્યો ! એના કારણે માવા ભગતનું હૃદય રંગાઈ ગયું !

શ્રીજી મહારાજનો મહિમા અને ઐશ્વર્ય સાંભળી માવા ભક્તે સ્વામીને કહ્યું: ''સ્વામીજી ! મારું મન પ્રગટ પ્રભુનાં દર્શન માટે આતુર બની ગયું છે, માટે મને જેમ બને તેમ વહેલાસર પ્રભુનાં દર્શન કરાવાની કૃપા કરો અને તમારા સત્સંગના જે નિયમો હોય તે આપો.'' પછી સ્વામીએ હાથમાં પાણી આપી શરણ મંત્ર બોલી ગળામાં કંઠી પહેરાવી પંચવર્તમાન પાળવાની આજ્ઞા કરી.

હે ભક્તો ! પ્રભાવશાળી અને વર્તનવાળા સંતોની વાત સાંભળીને તેમજ તેઓનાં દર્શન થવાથી મુમુક્ષુના મનમાં પરમ શાંતિ થઈ જાય છે, તેના કારણે મુમુક્ષુઓ તેઓનો ઉપદેશ તુરંત સ્વીકારી લેતા હોય છે – એ ન્યાયે માવા ભક્તે પણ બધા જ નિયમોનો સ્વીકાર કરી, ફરીને પ્રગટ પ્રભુનાં દર્શનની ઈચ્છા વ્યક્ત કરી. ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા: ''ભગત ! તમારે મહારાજનાં દર્શનની ઉતાવળ હોય તો અમારી સાથે જ ચાલો.'' તુરંત માવા ભક્ત તૈયાર થયા અને સંતો સાથે જૂનાગઢ આવ્યા.

ત્યાં આવ્યા ત્યારે ખબર પડી કે મહારાજ મેઘપુરમાં છે, એટલે સંતો ત્યાં ગયા. તે સમયે શ્રીહરિનો પક્ષ રાખતા લુવાણા મૂળજી ભક્તને લડાઈ થયેલ અને ત્યાં તેઓ ધામમાં ગયેલા. એ સમયે કાઠી–દરબારો કહેવા લાગ્યા: ''ભણે આપણે તો કાંઈ વાંધો નહિ આવે, પણ આ નવો સત્સંગી થયો છે એનો નિશ્ચય તૂટી જશે.'' આવું સાંભળી શ્રીજી મહારાજ બોલ્યા: ''દરબારો ! એ નવો સત્સંગી ભલે હોય, પણ એ જેવો–તેવો નથી કે કાચો–પોચો નથી, એ તો મુક્તાનંદ સ્વામીનો સમાગમ કરીને સત્સંગી થયેલ છે. સ્વામીએ એમને ભગવાનના મનુષ્ય ચરિત્ર અને દિવ્ય

ચરિત્રોનું રહસ્ય પ્રથમથી જ સમજાવી દીધું છે. એ તો પાકા સત્સંગી થઈ ગયા છે. એમના ગુરુ જ્ઞાની અને સમર્થ છે, તેથી એમને કાંઈ સંશય થાય તેમ નથી.''

હે ભક્તો ! પછી તો માવા ભક્ત મહાન સ્થિતિવાળા ભક્ત થયા હતા. વ્યવહાર ઓછો કરીને વધારે સમય કથા-વાર્તા - પ્રભુ સ્મરણ જ કર્યા કરતા હતા. જૂનાગઢ મંદિરે ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ પણ તેમણે મોટી ઉંમરે ખૂબ કર્યો હતો. કાનની વૃત્તિ પણ સ્વેચ્છાથી ખેંચી લેતા, એવી સ્થિતિ પ્રાપ્ત કરી હતી.

## મુક્તાનંદ સ્વામીની સાધુતા

હે ભક્તો ! શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથના આઠમાં પૂરના ચૌદમાં તરંગમાં સ્વયં શ્રીહરિજી મહારાજ મુક્તાનંદ સ્વામીનો મહિમા કહેતા જણાવે છે કે, ''મુક્તાનંદ સ્વામી સમાન કોઈ સંત નથી. હું તેમને સર્વશ્રેષ્ઠ સંત જાણું છું. તેમનું અંગ મહિમાનું છે. દિન પ્રતિદિન તે અંગ વધતું જ જાય છે. આપણા સત્સંગમાં જે સંતો અને હરિભક્તો છે તેમને તેઓ પોતાના પરમ મિત્ર માને છે ! પોતાના ઉપર કોઈ ખાર (દ્વેષ) રાખે તો પણ તેઓ સહુનું હિત કરવા તેમના ઉપર પ્રેમ રાખે છે.

જેનો જે દોષ હોય તેનું ફળ તેને મળતું હોય છે - તેમ સ્વામી પોતે નિરંતર એવો ખ્યાલ રાખતા રહે છે. સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ તેમનું (મુક્તાનંદ સ્વામીનું) જેવું અંગ બાંધ્યું છે તે અંગનો રંગ નવો ને નવો રાખે છે. અમે જે જે નિયમ તેમને આપ્યા છે, તેને અમારું સ્વરુપ માનીને તેવાને તેવા નિયમોને પાળતા રહે છે. તે અંગે મનમાં કાંઈ માન-મોટાઈ નથી. માનો કે તેઓ સત્સંગમાં હમણાં જ ન આવ્યા હોય ? તેમ વર્તે છે.''

હે ભક્તો ! પંદરમાં પૂરના સત્તાવનમાં તરંગમાં આધારાનંદ સ્વામી લખે છે કે, ''જ્યારે મુક્તાનંદ સ્વામી શ્રીહરિનાં ચરિત્ર-રસનું પાન કરતા હોય ત્યારે તેમને શરીરનું પણ ભાન રહેતું નહિ. તેમના જીવનનો નિર્વાહ શ્રીહરિનાં ચરિત્ર ઉપર જ હતો ! શ્રીહરિનાં ચરિત્ર સિવાયની જે કોઈ પણ બાબત હોય તે બધી સ્વામીએ છોડી

દીધી હતી. તેઓ શ્રીહરિનાં ચરિત્રોની પુષ્ટિ કરે એવી બધી જ વાતો હોય તેનો સંગ્રહ કરી લેતા હતા. સ્વામીને ચરિત્રોમાં બહુ જ શ્રદ્ધા હતી. તેને જોઈને શ્રીહરિ અપાર રાજી થયા અને પછી ક્યારેય કાને ન સાંભળી હોય એવી અનેક વાતો કરવા લાગ્યા.

હે ભક્તો ! શ્રીજી મહારાજ લોયાનાં છઠ્ઠાં વચનામૃતમાં કહે છે કે, ''ભૂંડા ઘાટ થવા માંડે ત્યારે ધ્યાનને પડ્યું મૂકીને જીભે કરીને ઉચ્ચ સ્વરે નિર્લજ્જ થઈને તાળી વગાડીને સ્વામિનારાયણ'' ભજન કરવું તથા ભગવાનના સંત જે મુક્તાનંદ સ્વામી જેવા મોટા હોય તેનાં નામ લઈને તેની પ્રાર્થના કરવી, તો ઘાટ સર્વે ટળી જાય ને નિરાંત થાય, પણ એ વિના બીજો એવો ઘાટ ટાળ્યાનો ઉપાય નથી.'' વળી શ્રીજી મહારાજ સારંગપુરનાં ત્રીજાં વચનામૃતમાં કહે છે કે, ''મુક્તાનંદ સ્વામીને અમે પ્રથમ લોજપુરમાં દીઠા હતા અને જેવી શ્રદ્ધા ને ભગવાનનું માહાત્મ્ય હતું, તેવું ને તેવું જ આજ દિવસ સુધી નવું ને નવું છે, પણ ગૌણ પડ્યું નથી.''

## મુક્તાનંદ સ્વામી કેવા મોટા ?

હે ભક્તો ! સદ્‌ગુરુ બ્રહ્મચારી અક્ષરાનંદ સ્વામીએ પોતાની વાતોમાં મહામુક્ત મુક્તાનંદ સ્વામીની મોટાઈ વર્ણવી છે, એ હું આપની આગળ ટૂંકમાં જણાવું છું. વડોદરા સત્સંગ સમાજના આગેવાન રામચંદ્ર વૈદ્ય સત્સંગમાં આવ્યા પહેલાં ડાકોરના ઠાકોરના ભક્ત હતા. દર પૂનમે તેઓ ડાકોર જઈ રણછોડરાયનાં દર્શન કરી આખો દિવસ ભજન-ભક્તિ કરતા હતા. એકવાર એમને એવો સંકલ્પ થયો કે, ''મારું કલ્યાણ થશે કે નહિ થાય ? તેની પરીક્ષા ડાકોરનાથજી પાસેથી કરવી.''

આવો સંકલ્પ કરીને તેઓ ડાકોરનાથના ડેરા ઉપર (અગાસીમાં) જઈને રાત્રે બેઠા ને ભજન કરતા કરતા મનોમન સંકલ્પ કર્યો કે, ''જો મને ડાકોરનાથ રણછોડરાય મૂર્તિમાન આવીને કહે કે, 'તારું કલ્યાણ થશે કે નહિ થાય.' ત્યાર પછી અન્ન-જળ લેવું.''

રામચંદ્ર વૈદ્યનો દ્રઢ સંકલ્પ જોઈને ડાકોરનાથ બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને આવ્યા અને કહેવા લાગ્યા: ‘‘રામચંદ્ર ! તારા જીવનો મોક્ષ કરવો હોય તો અમદાવાદમાં જા; ત્યાં સ્વામિનારાયણ ભગવાનના સંત મુક્તાનંદ સ્વામી છે, તેમની પાસે જઈને સત્સંગના નિયમો ધારણ કરો. તે સ્વામી તારું કલ્યાણ કરશે.’’

હે ભક્તો ! આવું સાંભળી રામચંદ્ર વૈદ્યે પૂછ્યું: ‘‘તમે કોણ છો ?’’ ત્યારે તે બ્રાહ્મણ કહે: ‘‘હું ડાકોરનાથ પોતે છું.’’ ત્યારે વૈદ્યરાજે પૂછ્યું: ‘‘હું કેમ સાચું માનું કે તમે જ ડાકોરનાથ સ્વયં છો ?’’ ત્યારે તેઓ બોલ્યા: ‘‘આ ડાકોરનાથ રણછોડરાયની મૂર્તિમાં હું પ્રવેશ કરું તો તારે જાણવું કે હું સ્વયં ડાકોરનાથ છું.’’ આ પ્રમાણે બોલીને તે બ્રાહ્મણ રામચંદ્ર વૈદ્યની નજર સામે જ ડાકોરનાથની મૂર્તિમાં લીન થઈ ગયા !

હે ભક્તો ! આવું દૃશ્ય જોઈને રામચંદ્ર વૈદ્ય તો આશ્ચર્ય પામી ગયા ! પછી તેમણે પ્રેમથી રણછોડરાયને પ્રણામ કરી, ડાકોરથી જ અમદાવાદ જવા રવાના થઈ ગયા. ત્યાં જઈને સ્વામીને મળ્યા. પછી સર્વે વિગતવાર વિસ્તારથી વાત કરી કે, ‘ડાકોરનાથે જ મને કહ્યું છે કે, ‘અમદાવાદ જા, ત્યાં સ્વામિનારાયણ ભગવાનના સાધુ મુક્તાનંદજી છે તે તારું કલ્યાણ કરશે; માટે આપ મારું કલ્યાણ કરો.’’

આવું સાંભળી મુક્તાનંદ સ્વામીએ કહ્યું: ‘‘હું તો સ્વામિનારાયણ ભગવાનનો સાધુ છું. મારા ઈષ્ટદેવ હાલમાં મનુષ્ય–સ્વરૂપે આ ગુજરાતની ભૂમિ ઉપર વિચરણ કરે છે, માટે એના આશ્રિત બનો અને એના નામનું ભજન કરો એટલે તમારું આત્યંતિક કલ્યાણ જરૂર થશે.’’ આ રીતે કહી સ્વામીએ રામચંદ્ર ભક્તને વર્તમાન ધરાવી સત્સંગી બનાવ્યા અને શ્રીહરિ પાસે લઈ જઈ દર્શન કરાવ્યા.

## સ્વામી જેવા તો એક સ્વામી જ છે

હે ભક્તો ! ડાકોરની બાજુમાં ઉમરેઠ નામનું નાનું એવું એક શહેર આવેલ છે. બસો વર્ષ પહેલાં ત્યાં બ્રાહ્મણોની વસ્તી બહુ જ હતી. ત્યાના બ્રાહ્મણો સંસ્કૃત ભાષાનો વિશેષ અભ્યાસ કરતા હતા. એ સમયે ઉમરેઠ

નગર 'છોટી કાશી' તરીકે પ્રખ્યાત હતું. ત્યાં સ્વામિનારાયણ ભગવાન વર્ણીવેષે પણ પધાર્યા હતા અને રાજાધિરાજ બન્યા પછી તો અનેક વખત પધારેલા છે. એટલું જ નહિ, પરંતુ નંદપંક્તિના અગ્રગણ્ય જે જે સંતો થઈ ગયા છે, તે બધા જ ઉમરેઠમાં ગયેલા છે અને ત્યાંના ભક્તોમાં સત્સંગ દૃઢ કરાવેલ છે.

હે ભક્તો ! ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને શુકાનંદ સ્વામીની જેમ મુક્તાનંદ સ્વામી પણ ઘણીવાર ઉમરેઠ આવીને સત્સંગીઓ આગળ કથા-વાર્તા કરી સત્સંગીના ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય અને મહિમાએ સહિત ભક્તિનું ખૂબ પોષણ કરેલ છે. સ્વામીની વાણી અને વર્તન જોઈ ઉમરેઠના ભક્તોને સ્વામીનો ખૂબ મહિમા વધ્યો હતો.

એવા સમયમાં એકવાર આગેવાન સંતોમાં જેની અગ્રગણ્ય તરીકે ગણના થાય છે એવા મહા વિદ્વાન નિત્યાનંદ સ્વામી ઉમરેઠ પધાર્યા અને કથા-વાર્તા કરી હરિભક્તોને સત્સંગ દૃઢ કરાવવા લાગ્યા. દરરોજના ક્રમ પ્રમાણે સૌ ભક્તો કથા સાંભળવા આવે અને સ્વામી સાથે સત્સંગ કરી મહારાજનો મહિમા દૃઢ કરે.

હે ભક્તો ! એક દિવસ કથા પૂર્ણ કરી નિત્યાનંદ સ્વામી બેઠા હતા. તે સમયે સર્વે સત્સંગીઓ સ્વામીની નજીક આવ્યા અને કહેવા લાગ્યાઃ ''હે સ્વામી ! અમુક સમય પહેલાં અહીં મુક્તાનંદ સ્વામી પધાર્યા હતા. અને તમારી જેમ તેઓએ પણ શ્રીહરિનાં ચરિત્રો ખૂબ મહિમાથી સંભળાવ્યા હતા. એ મુક્તાનંદ સ્વામી તો બહુ મોટા સંત છે !''

મુક્તાનંદ સ્વામીની પ્રશંસા સાંભળી નિત્યાનંદ સ્વામી પણ રાજી થયા અને કહેવા લાગ્યાઃ ''મુક્તાનંદ સ્વામી તો શ્રીજી મહારાજના પણ ગુરુ છે. મહારાજને પણ જ્યારે મનુષ્ય-લીલા કરવી હોય ત્યારે સ્વામીને સાથે ન લેતા. અને કાંઈક રમત રમતા હોય અને ઓચિંતાના મુક્તાનંદ સ્વામી ત્યાં આવી જાય, તુરંત રમત બંધ કરીને સ્વયં શ્રીહરિ પલંગ પર બેસી જતા અને સ્વામી સાથે સત્સંગ કરવા લાગતા.

આવા સમર્થ સદ્ગુરુ બ્રહ્માની સૃષ્ટિમાં એક મુક્તાનંદ સ્વામી જ છે, પણ તેના જેવા બીજા કોઈ નથી. એના જેવા બીજા હું ક્યાંથી લાઉં ? સ્વામી જેવા સાધુતાના સદ્ગુણેયુક્ત સાધુ મળવા દુર્લભ છે. મહારાજ પણ સ્વામીને

ગુરુ તરીકે જ માનતા હતા.'' મુક્તાનંદ સ્વામી જેવા સદ્‌ગુણો આપણા સૌમાં આવે એ જ વડતાલ-વિહારી શ્રીહરિકૃષ્ણ મહારાજનાં ચરણોમાં કોટિ-કોટિ વાર પ્રાર્થના ને પ્રણામ !

## હાથી ખૂંત્યો હોય તો હાથી જ કાઢી શકે

હે ભક્તો ! દરેક ધર્મના ગ્રંથોમાં અંતઃશત્રુઓ ઉપર લખવામાં આવેલ છે. તેમાં માન વિષેની વ્યાખ્યાઓ પણ કરવામાં આવેલ છે. માન એક એવો શત્રુ છે કે જેમ જેમ માન મળતું જાય, તેમ તેમ તેની વધારે ઈચ્છા જાગૃત થતી જાય ? માન વિષે તો શ્રીજી મહારાજે વચનામૃતમાં પણ ઉલ્લેખ કરેલ છે, તે જોઈએ પ્રભુના જ શબ્દોમાં:

ગઢડા મધ્યનાં ૪૧માં વચનામૃતમાં શ્રીહરિ કહે છે કે, ''જીવનો તો એવો સ્વભાવ છે કે ''જેમાં પોતાને માન જડે તેમ કરવું સારું લાગે, પણ માન વિના એકલી તો ભગવાનની ભક્તિ કરવી પણ સારી લાગે નહિ.'' લોયાનાં ૧૬માં વચનામૃતમાં પણ શ્રીજી બોલ્યા છે કે, ''જેને માન હોય તેને સંતનો અભાવ આવે છે, કેમ જે, જે માની હોય તેનો એવો સ્વભાવ હોય જે, જે પોતાને વખાણે તેમાં સો અવગુણ હોય તે સર્વેને પડ્યા મૂકીને તેમાં એક ગુણ હોય તેને બહુ માને.....''

હે ભક્તો ! ગોપાળાનંદ સ્વામીના શબ્દોમાં લખું તો, ''અક્ષરધામના મુક્ત આ પૃથ્વી પર આવ્યા હોય અને એને ખાન-પાન અને માનનો અતિશય યોગ થાય તો તેઓ પણ એમાં બંધાય જાય.'' આ ન્યાયે પાંચસો પરમહંસ માહિલા એક સંત હતા પરમ ચૈતન્યાનંદ સ્વામી. તેમના અંતરમાં માન ગોઠવાઈ ગયો હતો. ગુપ્ત રીતે સ્વામીમાં માન શત્રુએ પ્રવેશ કર્યો એના કારણે તેઓ સત્સંગ છોડીને દક્ષિણ ગુજરાતની સરહદ પર આવેલ ધરમપુર રાજ્યમાં જતા રહ્યા અને ત્યાં રાજ્યના ગુરુ બની ઠાઠમાઠથી રહેવા લાગ્યા !

હે ભક્તો ! પોતાના પરમહંસ પરમાત્માની મૂર્તિના સુખે સુખિયા થવાને બદલે હજારો લોકો વાહ-વાહ કરે, જયજયકાર કરે, સાચી-ખોટી ખુશામત કરે અને લોકો હાથીની અંબાડીએ બેસાડી કીર્તિઓના ગુણગાન કરે, આવા તુચ્છ પ્રલોભનોમાં જ સુખ માની લે અને એમાં જ ફસાયેલા રહે - બંધાયેલા રહે, એવું પ્રભુને કેમ ગમે ?

એમને તો મહામોટું પોતાની મૂર્તિનું સુખ આપવાની ઈચ્છા હોય છે, તે માટે પોતાના પ્યારા સંતો–ભક્તોને ગમે તેમ કરીને, ગમે તે દ્વારા તે બંધનમાંથી છોડાવતા હોય છે.

હે ભક્તો ! અંતર્યામી શ્રીહરિજીને ગઢપુરમાં બેઠા–બેઠા જ ખ્યાલ આવી ગયો કે, ‘મારા સાધુ રાજ્યમાં બંધાઈ ગયા છે. રોજ હાથીની સવારી કરી નગરમાં વિચરણ કરી મોટા સિંહાસનમાં બેસી રાજગુરુ બની કીર્તિમાં ફસાતા જાય છે, માટે મારે એને છોડાવવા છે. આવો સંકલ્પ કરીને સભામાં બેઠેલા મુક્તાનંદ સ્વામીની સામું જોઈને શ્રીહરિ બોલ્યાઃ ‘‘સ્વામી ! પરમ ચૈતન્યાનંદજીએ ધરમપુરમાં જઈને ત્યાંના રાજવંશમાં સત્સંગ કરાવ્યો એથી અમો રાજી થયા છીએ, પરંતુ તેઓ રાજસન્માનમાં ખૂંતી ગયા છે, તેથી તેમને કાઢવા માટે તમારે જવું પડશે. કારણ કે બીજા સાધુને મોકલીશું તો એનું પરમ ચૈતન્યાનંદજી નહિ માને અને બીજું કારણ તમને મોકલવાનું એ છે કે, ‘હાથી ખૂંતે તો એને બીજો હાથી જ કાઢી શકે.’ એમ રાજ–સન્માનમાં ખૂંતેલા સ્વામીને તમે જ કાઢી શકશો, બીજા નહિ કાઢી શકે, માટે તમો ધરમપુર જાઓ અને સ્વામીને પાછા સત્સંગમાં લાવો.’’

શ્રીજી મહારાજની આજ્ઞા થતાં જ મુક્તાનંદ સ્વામી સંતમંડળ સાથે ભાવનગર આવ્યા. ત્યાંથી સમુદ્રમાર્ગે વહાણમાં બેસી વલસાડ આવ્યા અને ત્યાંથી ચાલતા–ચાલતા ધરમપુર આવ્યા. બરાબર એ સમયે જ દરરોજના નિયમ પ્રમાણે સાંજના સમયે રાજગુરુ પરમ ચૈતન્યાનંદ સ્વામીની હાથી પર સવારી નીકળી. આગળ વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં અને લોકો સ્વામીનો જયજયકાર કરતાં હતા ! લોકો લળીલળીને સ્વામીને પ્રણામ કરતા હતા અને સ્વામી હાથ ઉચો કરીને આશીર્વાદ આપતા હતા. મુક્તાનંદ સ્વામી પણ લોકોથી થોડે દૂર ઊભા રહી આ દૃશ્ય જોઈ રહ્યા હતા.

હે ભક્તો ! એ સમયે જ હાથી ઉપર બેઠેલા પરમ ચૈતન્યાનંદ સ્વામીની નજર મુક્તાનંદ સ્વામી ઉપર પડી! તુરંત તેમણે હાથી ઝુકાવાનું કહ્યું અને નીચે ઉતરી ઉતાવળા–ઉતાવળા મુક્તાનંદ સ્વામી પાસે જઈ રસ્તામાં જ – ધૂળમાં જ સૌના દેખતાં જ દંડવત કરવા લાગ્યા ! તુરંત મુક્તાનંદ સ્વામી તેમને ઊભા કરી ભેટી પડ્યા. આ દૃશ્ય

રાજ્યના લોકોએ જોયું, તેથી તેઓ વિસ્મય પામી એક બીજાને કહેવા લાગ્યાઃ ''અરે ! આપણા રાજગુરુ પણ જે સંતને દંડવત કરે છે તે સંત કોણ હશે અને કેવા હશે ?'' ત્યારે કુંવર વિજયદેવને અને સાથે આવેલ અધિકારીઓને પરમ ચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું: ''હું તમારો સર્વેનો ગુરુ છું, પરંતુ આ મુક્તાનંદ સ્વામી તો મારા પણ ગુરુ છે; એટલું જ નહિ, પણ હું તમોને જેનાં ચરિત્રો કહું છું એ સ્વામિનારાયણ ભગવાન પણ આ સ્વામીને ગુરુ માને છે.''

હે ભક્તો ! આ વાતનો ખ્યાલ રાજમહેલમાં રહેલાં રાજમાતા કુશળકુંવરબાને આવ્યો, તેથી તેઓ તુરંત મેનામાં બેસીને ત્યાં આવ્યા અને દૂરથી મુક્તાનંદ સ્વામીનાં દર્શન કર્યાં, એટલે એનાં અંતરમાં શાંતિ વર્તવા લાગી ! પછી તો સૌ ઉતારે ગયા અને એકાંતમાં પરમ ચૈતન્યાનંદ સ્વામીને બેસાડીને મુક્તાનંદ સ્વામી મધુર વાણીમાં કહેવા લાગ્યાઃ ''સ્વામી ! આપ જેવા જ્ઞાની સંત રાજ્યના માનપાનમાં બંધાઈ જાય એ કેમ ચાલે ? અનંતકોટિ બ્રહ્માંડોનાં સુખ અક્ષરધામનાં સુખ આગળ નરક જેવાં છે અને આપણે કાયમ માટે ત્યાંજ જવાનું છે અને ત્યાંજ કાયમ રહેવાનું છે. તે સુખની આગળ આ ધરમપુરનું સુખ શા વિસાતમાં ? માટે મનમાંથી આવી તુચ્છ માન–મોટાઈ કાઢી નાખો અને મારી સાથે ગઢડા ચાલો. ત્યાં શ્રીજી મહારાજ તમારી રાહ જુએ છે.''

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીના વર્તન સભર વેણ સાંભળી, સ્નેહ સહિતની વાણી સાંભળી, નિઃસ્વાર્થભાવનો સદ્‌બોધ સાંભળી, 'સૂર્યનો પ્રકાશ ઉદય થતાં જ ઝાંકળ ઉડી જાય – તેમ પરમ ચૈતન્યાનંદ સ્વામીના મનમાંથી માનપાનનો અને કીર્તિ મેળવવાનો મોહ ઊડી ગયો ! મુક્તાનંદ સ્વામીના સારધાર શબ્દોએ સ્વામીને જગાડી દીધા! તેથી આંખોમાંથી આંસુઓની ધારાઓ ચાલવા લાગી અને તુરંત સ્વામી સાથે ચાલવા તૈયાર થઈ ગયા ! પછી રાજમાતાએ આપેલ અણીશુદ્ધ ચોખા લઈને સૌ સંતો ગઢપુર આવ્યા અને મહારાજને દંડવત કરી તે ચોખાનો ડબો આપ્યો. પછી મહારાજ પરમ ચૈતન્યાનંદ સ્વામીને તો ભેટ્યા જ, પરંતુ તેમને સત્સંગમાં પાછા લાવનાર મુક્તાનંદ સ્વામી ઉપર તો અતીશે રાજી થયા.

## મારવાડમાં વિચરણ

હે ભક્તો ! ‘સત્સંગની મા’ તરીકેનું બિરુદ મુક્તાનંદ સ્વામીને કયા અને કેવા પ્રસંગોથી મળ્યું તે આપની આગળ રજૂઆત કરું છું. સ્વામિનારાયણ ભગવાને ભાગવત ધર્મની પુન:સ્થાપના કરવા માટે ત્રણ હજાર ! (હ.સાગર : પૂર :૨૮ ત. : ૩૫ મુજબ શ્રીજી મહારાજના સમયમાં ૩૦૦૦ સંતો હતા !) સંતોની વિશાળ ફોજ તૈયાર કરી હતી. જેમ કુશળ સેનાપતિ કાયમ કવાયત કરાવી સેનાને કેળવે છે – તેમ શ્રીહરિએ પણ સહજાનંદી સૈનિક સાધુઓને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, આજ્ઞા, ઉપાસના અને નિયમોના આકરામાં આકરા આદેશો કરી કસોટીની એરણે ચડાવી અનુપમ ઘડતર કર્યું હતું. એટલું જ નહિ, પણ પોતે હંમેશાં સાવધાનીપૂર્વક પ્રેરણા, પ્રોત્સાહન અને રક્ષણ કરી સૌને અલૌકિક આનંદ પણ કરાવતા હતા.

આ કસોટી કાંઈ એક બે દિવસની નહોતી. એ તો ઘણીવાર લાંબો સમય સુધી પણ ચાલતી. વળી અવાર–નવાર નવા આદેશો અને નવા વર્તમાન પાળવાના ! ૧૧૪ જેટલાં વર્તમાન ફેરવી સોહામણાં સંતમાળમાં સુંદર ઓપ આપ્યો. આ વર્તમાનમાં એક વર્તમાન એવું હતું કે, સંતોએ ઘી–દૂધ–ખાંડ વગેરે રસાત્મક ભોજન ખાવું નહિ. રસકસ વિનાનું જ જમવાનું.

એ સમયમાં મુક્તાનંદ સ્વામી ૫૦ સંતોનું મંડળ લઈ મારવાડ પ્રદેશ બાજુ નવા મુમુક્ષુઓને ભગવાન ઓળખાવવા અને પ્રગટ પ્રભુનો આશરો કરી પોતાના જીવનું કલ્યાણ કરી લેવાનું જ્ઞાન આપવા માટે વિચરણ કરવા ગયા. મોટા સંતમાં ભાયાત્માનંદ સ્વામી પણ સાથે હતા. એ બાજુ દુષ્કાળ જેવું વર્ષ હતું અને સત્સંગની હજુ શરુઆત જ થયેલી, તેના કારણે સત્કારને બદલે અપમાન અને લાગણીને બદલે લાકડી તેમજ ભોજનને બદલે ગાળો ખાવા મળતી. તેથી સંતોને ત્રણ દિવસના ઉપવાસ થયાં.

## ગરીબ બ્રાહ્મણનો ભાવ

હે ભક્તો ! એક બાજુ ચૈત્ર-વૈશાખનો ધોમધખતો તાપ, વળી મારવાડ જેવો પાણી વિનાનો અને અન્ન વિનાનો દેશ ! જ્યારે બીજી બાજુ અલબેલાની આકરી આજ્ઞા. એવા સમયે એ સર્વે સંતોની દશા કેવી હશે ? એ તો કલ્પનાતીત વાત છે. અને એમાંય ચોથો દિવસ પણ અર્ધો તો કોરોકાટ ગયો ! બપોર પછી બરાબર ચાર વાગ્યે સવિતાદેવ આથમણી બાજુ અર્ધે આકાશે ઊભા છે. ગરમ ગરમ લૂ વાઈ રહી છે. એવા સમયે એક ગામની ભાગોળે આવળ-બાવળના ઓથે સંતો બેસીને ધ્યાન-ભજન કરવા લાગ્યા.

એવા સમયે એક ભાવિક બ્રાહ્મણ ત્યાં આવ્યો. સંતોનાં દર્શન કરવાથી એનાં અંતરમાં શાંતિ થઈ ગઈ ! નિરુપદ્રવી સંતોને જોઈ તે અતિ પ્રભાવિત થયો. તેને મુક્તાનંદ સ્વામીએ પાસે બોલાવીને પ્રગટ પ્રભુની થોડી વાતો કરી. પછી તેણે સંતોનો ગુણ આવતા જમવાનું આમંત્રણ આપ્યું. ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું: ''ભલે, ભૂદેવ ! અમે આવીએ, પરંતુ અમારા ભગવાને રસકસ નહિ જમવાના નિયમ આપેલ છે, તેથી ફક્ત ખીચડી જ બનાવજો.''

હે ભક્તો ! આવું સાંભળી પેલો બ્રાહ્મણ તો અવાક્ બની ગયો ! ક્યા ત્રાગા કરીને પરાણે લેનારા જગતના બાવાઓ અને ક્યા આ કેવળ ખીચડી બનાવાનું કહેનારા શીલવંતા સંતો. આ સંતોમાં તો જમીન-આસમાનનો ફેર છે ! પછી તો તે ભૂદેવ હરખાતાં હૈયે સંતોનો મહિમા સમજતા ઘેર આવ્યા. મનોમન વિચાર કરતા બોલે છે : ''આજે તો આપણું ધન્યભાગ્ય ખૂલી ગયું ! ભગવાન જેવા સંતો આજે આપણે ત્યાં જમવા પધારવાના છે.'' પછી ખીચડી તૈયાર થતાં ઠારીને તેમાં થોડું ઘી નાખી સંતોને જમવા બોલાવ્યા.

હે ભક્તો ! ઉપવાસનો આજે ચોથો દિવસ હોવાથી સંતો જલદી આવીને હાથ ધોઈને પત્તર લઈ જમવા બેસી ગયા. સૌને ખીચડી પીરસાણી એટલે 'વાસુદેવ હરે'નો જયઘોષ સાથે જમવાનું શરુ થયું. ભાયાત્માનંદ સ્વામી જ્યાં ખીચડીનો કોળિયો મુખમાં મૂકવા ગયા ત્યાંતો ઘી ની સુગંધ આવી ! તુરંત તેઓ મોટા અવાજે બોલ્યાઃ ''સંતો ! કોઈપણ ખીચડી ખાશો નહિ, એમાં ઘી નાખેલ છે.'' ત્યારે બ્રાહ્મણે વિનંતી કરીને કહ્યું: ''સ્વામી ! મેં તો કેવળ

થાળમાં જ ઘી નાખ્યું હતું. પછી તે ભગવાને જમેલી ખીચડી આ મોટાં તપેલામાં રાખેલ ખીચડીમાં નાખી બધી ખીચડી પ્રસાદીની કરી આપી છે, તેના કારણે ઘીની સુગંધ આવી હશે.’’

આવું સાંભળી ભાયાત્માનંદ સ્વામી કહે : ‘‘ઠાકોરજીના નિમિત્તે પણ ખીચડીમાં ઘી તો નાખ્યું હતું ને ? એ અમારા નિયમનો ભંગ થાય. માટે કોઈ સંતો જમશો નહિ.’’ આવું સાંભળી સંતો મુંઝાયા. ત્યારે બ્રાહ્મણે દિલગીર થઈને જમવા માટે વિનંતી કરી, પણ સ્વામી તો માન્યા જ નહિ. તેથી બ્રાહ્મણને રડવું આવી ગયું. અરે ! મારી એક ભૂલને કારણે સંતો ભૂખ્યા જતા રહેશે ? ૫૦ સંતો ફરીને જમી શકે એટલાં દાળ ને ચોખા તો હવે મારી પાસે રહ્યા પણ નથી, નહિતર ફરીને ખીચડી બનાવી દઉં.’’

## સ્વામીએ ઘી વાળી ખીચડી ખવડાવી

હે ભક્તો ! ત્યારે મહામના ને પરમ વિવેકી મુક્તાનંદ સ્વામીએ બ્રાહ્મણને ધીરજ આપીને રડતા બંધ કર્યા અને ભાયાત્માનંદ સ્વામીને સમજાવતા કહેવા લાગ્યા: ‘‘સ્વામી ! આ બ્રાહ્મણને આપણો ગુણ આવ્યો છે, તેથી આપણને જમવા બોલાવ્યા છે. ૫૦ સંતોને ફરીને થાય એટલું સીધું પણ હવે એની પાસે વધ્યું નથી. હવે જો આપણે એની ખીચડી નહિ ખાઈએ તો આપણો અવગુણ આવશે અને ફરીને કોઈ સંતોને ક્યારેય પણ જમવા નહિ બોલાવે. એ સિવાય સંતોનો વિચાર કરીએ તો આપણી સાથે નાના સંતો પણ છે અને યુવાન સંતો પણ છે. એ દરેકને આજે ચોથો ઉપવાસ છે. એ હવે નહિ જમે તો આગળ કેવી રીતે ભૂખ્યા ચાલી શકશે ? માટે મારું માનો અને જમી લો અને બીજા સંતોને પણ જમી લેવા દો.’’

મુક્તાનંદ સ્વામીએ આ પ્રમાણે વિવેકથી સમજાવ્યા છતાં પણ ભાયાત્માનંદ સ્વામી એકના બે ન થયા. સંતોના ચહેરા પણ કરમાઈ ગયા હતા અને બ્રાહ્મણની આંખોમાંથી પાણી વહેતું હતું. વાતાવરણ આખું ગમગીન બની ગયું હતું. આવું જોઈને મૃદુ હૃદયના મહા વિવેકી મુક્તમુનિ બોલ્યા: ‘‘સંતો ! તમે બધા જમવા બેસી જાઓ. નિયમભંગનું

પ્રાયશ્ચિત મહારાજ જે આપશે તે હું કરી લઈશ. મહારાજ જે ખીઝાશે તે પણ હું સાંભળી લઈશ. તમને મહારાજ કાંઈ ન કહે તે જવાબદારી પણ મારી; પરંતુ અત્યારે મારા કહેવાથી આ ભૂદેવના ભાવને અંગીકાર કરી ખીચડી ખાઇ લ્યો.’’

હે ભક્તો ! ચાર દિવસના ભૂખ્યા સંતોને સ્વામીની આજ્ઞા સગી માતા જેવી લાગી ! તેઓ મનોમન ખૂબ રાજી થયા અને જમવા લાગ્યા. તેને જમતા જોઈ બ્રાહ્મણ પણ રાજી થયા. એ બન્નેને જોઈ મુક્તાનંદ સ્વામી રાજી થયા અને અંતર્યામી પરમાત્મા પણ આ ત્રણેયને રાજી જોઈ અતિશય રાજી થઈ ગયા. ખીચડી જમ્યા પછી સૌ સંતો પરસ્પર કહેવા લાગ્યા: ‘સંતોનાં હૃદયમાંથી ઉદ્‌ગારો નીકળી ગયા: ‘‘મા વગર આવી માયાળુતા કોઈ વાપરી શકે નહિ. આજે જો સ્વામીએ દયા ન કરી હોત તો કેટલાય સંતો બેભાન થઈ ગયા હોત અને કદાચ કોઈના પ્રાણ પણ નીકળી ગયા હોત.’’ આમ બોલતા બોલતા સૌ મુક્તાનંદ સ્વામીનો મનોમન આભાર માની આગળનાં ગામોમાં જવા માટે ધીરે ધીરે ચાલવા લાગ્યા.

## સત્સંગની મા તરીકેનું બિરુદ

હે ભક્તો ! એ બાજુનાં ગામડાંઓમાં વિચરણ કરી મુક્તાનંદ સ્વામી સંતો સાથે ગઢડા આવ્યા અને શ્રીજી મહારાજને દંડવત કરી સભામાં સૌ સંતો–ભક્તો સાંભળે એ રીતે કહેવા લાગ્યા: ‘‘હે મહારાજ ! મારાથી આપની આજ્ઞા લોપાણી છે, માટે દંડરૂપે જે પ્રાયશ્ચિત આપવું હોય તે મને આપો અને આ સંતો પાસે પણ આપની આજ્ઞા લોપાવી છે, માટે તેમનું પ્રાયશ્ચિત પણ મને આપો. આ સંતોને આપ કાંઈ પણ કહેશો નહિ.’’

આ પ્રમાણે કહીને જે પ્રસંગ મારવાડમાં બન્યો હતો તે કહી સંભળાવ્યો. આવું સાંભળતા તો શ્રીજી મહારાજની આંખો માંડી વરસવા ! સ્વામી સાથે આવેલા સંતો પણ રડતા રડતા કહેવા લાગ્યા: ‘‘મહારાજ ! અમારા ઉપવાસનો ચોથો દિવસ હતો. જો તે દિવસે સ્વામીએ અમને જમાડ્યા ન હોત તો આજે અમો અહીંયાં પાછા આવી પણ શક્યા

ન હોત; માટે જે પ્રાયશ્ચિત આપવાનું હોય તે અમને આપો. સ્વામીએ તો અમારા પ્રાણ બચાવ્યા છે.''

હે ભક્તો ! આવું સાંભળતાવેંત દયાળુ પ્રભુ એકદમ ઢોલીએથી નીચા ઊતરીને મુક્તાનંદ સ્વામીને ભેટી પડ્યા! આવું જોઈ સભામાં બેઠેલા સંતો-ભક્તો અચંબો પામી ગયા ! અરે, આ શું ? દંડને બદલે દયા ? આવેશને બદલે આશ્લેષ ? આક્રોશને બદલે આકર્ષણ ? અને વઢવાને બદલે વંદન ?''

આંખોમાં આંસુઓ વરસી રહ્યાં છે અને શ્રીહરિ કરૂણાભીના કંઠે ગદ્‌ગદિત થઈ બોલી રહ્યા છે: ''સ્વામી! તમે તો દયાળુ દૃષ્ટિથી વિવેક વાપરીને યોગ્ય નિર્ણય લીધો હતો. તમારા નિર્ણયને કારણે તો આ બધા સંતો આજે હેમખેમ અહીં આવી શક્યા છે. તમે તો સત્સંગનું પોષણ કરીને અમને રાજી કર્યા છે; માટે તમે તો આખા સત્સંગની મા છો મા, સ્વામી ! આ સર્વે સંતો-ભક્તો આપના બાળક છે. બાળકનું હિત તો સર્વે પ્રકારે મા હોય એ જ કરે.''

હે ભક્તો ! ભક્તવત્સલ ભગવાન શ્રીહરિના મુખકમળમાંથી સરી પડેલા 'મા' તરીકેના બિરુદને સભાસદોએ તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધું અને સૌનાં અંતરમાંથી એક જ નાદ ઊઠ્યો : ''આજે આપણને સાચું માતૃત્વ મળ્યું. આપણા ધન્ય ભાગ્ય, ધન્ય ઘડી કે દયામૂર્તિ મુક્તાનંદ સ્વામી જેવી મા મળી અને શ્રીહરિ જેવા પરમ પિતા મળ્યા.''

હે ભક્તો ! દયાળુ દિલના દયાનિધિ મુક્તાનંદ સ્વામી સારા યે સત્સંગની માતા તરીકે જાહેર થયા. જેથી દરેક સંતો-ભક્તોનાં હૃદયમાં ટાઢા શેરડા પડ્યા. શાંતિની સરવાણી ફૂટી અને સંતોષના સરોવર છલકાયા !!

## સ્વામીએ માતૃત્વ બતાવ્યું

હે ભક્તો ! સંપ્રદાયની સર્વોત્કૃષ્ટતા સાધવા માટે મુક્તાનંદ સ્વામી હંમેશાં આગ્રહ રાખતા; એટલું જ નહિ પરંતુ શ્રીહરિના અનુયાયી માત્ર ઉપર અતૂટ સ્નેહ પણ રાખતા હતા. સ્વામીની દયાળુ પ્રકૃતિ કોઈ અણમોલ હતી. તે વિષેનો એક પ્રસંગ જોઈએ.

એકવાર સ્વામી વડતાલમાં ઘણા મહિના સુધી રોકાયા હતા. હાલમાં જે દરવાજા પાસે પ્રસાદીનો બુરજ છે, તેની નીચેની રૂમમાં સ્વામી રહેતા હતા એવો શ્રીહરિલીલામૃત ગ્રંથમાં કળશ ૧ વિશ્રામ ૧૬ માં ઉલ્લેખ જોવા મળે છે. સ્વામી જ્યારે ગામડાંઓમાં વિચરણ કરતા હોય ત્યારે ભણનારા નાના–નાના સંતો સ્વામીની સાથે જ રહેતા હતા. આ વખતે વડતાલમાં લાંબા સમય સુધી રોકાવાનું થયું એટલે નાના સંતો પણ વડતાલમાં જ રોકાયા.

હે ભક્તો ! એકવાર એવું બન્યું કે, અભ્યાસાર્થે ઉજાગરો કરનારા નાના સંતોને રાત્રે અગ્યાર વાગ્યે અતિશય ભૂખ લાગી. તેથી સંતો ધીમા પગલે સંતોના ભંડારમાં જઈ બપોરના વધેલા સૂકા રોટલા હાથમાં લઈ જમવા લાગ્યા. જોગાનુજોગ તે સમયે જ મુક્તાનંદ સ્વામી ભંડારની બાજુમાંથી નીકળ્યા અને તેમણે નાના સંતોને રોટલા ખાતા જોયા. તે સમયે સંતોની નજર પણ ભંડારના દરવાજા બાજુ ગઈ અને સ્વામીને જોયા ! સ્વામીને જોતા જ સંતોના હાથમાંથી રોટલાના ટૂકડા હેઠા પડી ગયા ! સંતો શરમાઈને નીચું જોઈ ગયા.

આ જોઈને મુક્તાનંદ સ્વામીના મનમાં થયુંઃ ''અરે ! મને તો શ્રીજી મહારાજ સંતો–ભક્તોની મા કહે છે અને આ સંતોને તો હું આજે જમ જેવો લાગ્યો એટલે જ એ બધા ગભરાઈ ગયા અને શરમાઈ ગયા. માટે હું મા બનીને એને રાજી કરી લઉં.'' આ પ્રમાણે વિચારી સ્વામી અંદર જઈને કહેવા લાગ્યાઃ ''સંતો ! મને પણ ભૂખ લાગી છે, જો રોટલો વધારે હોય તો મને આપો. મારે પણ ખાવું છે.''

હે ભક્તો ! આવું સાંભળી શરમાયેલા સંતોના મનમાં એમ થયું કે, 'સ્વામીને પણ ભૂખ લાગી છે, એટલા માટે ભંડારમાં આવ્યા છે.'' પછી સ્વામીને પણ ટાઢો રોટલો આપ્યો અને સ્વામી સાથે સૌ જમવા લાગ્યા. એટલા માટે તો સ્વયં શ્રીહરિએ મુક્તમુનિના માતૃત્વના આ પ્રસંગને જાણીને લોયાનાં છઠ્ઠાં વચનામૃતમાં સ્વામીને ઉદ્દેશીને જ કહ્યું છે કે, ''મુક્તાનંદ સ્વામી જેવા હોય અને તે સર્વથી સરસ વર્તમાન પાળતા હોય તેણે કરીને બીજા સંતને ઉદ્‌વેગ થાય, કેમ જે એની બરોબર વર્તાય નહિ, તે સારું યદ્યપિ તે ગુણ મોટો છે તો પણ તેનો ત્યાગ કરીને સર્વ સંતની બરોબર વર્તવું અને બરાબર વર્તવા રૂપ દોષ છે, તો પણ તેનું ગ્રહણ કરવું.'' આ રીતે સ્વામી નાના–

મોટા, સાજા–માંદા સર્વની ભેદભાવ વિના યથોચિત સંભાળ રાખતા અને સેવા કરતા. આ ગુણ સ્વામીમાં સ્વાભાવિક જ હતો.

## પીપલાણાના નરસિંહ મહેતા

હે ભક્તો ! આપણે સૌ જાણીએ છીએ કે શ્રીહરિનું દીક્ષાધામ પીપલાણાના મુખ્ય ભક્ત હતા નરસિંહ મહેતા. એમની શ્રદ્ધાને સંતોષવા માટે સામે ચાલીને એમના ઘેર શ્રીહરિ નીલકંઠ વર્ણીરૂપે પધાર્યા હતા. જેમના ઘરે પ્રગટ પ્રભુ રમ્યા છે, જમ્યા છે, લાડ લડાવ્યા છે અને અનેક લીલાઓ કરી અઢળક ઢળ્યા હતા એવા નરસિંહ મહેતાના જીવનનો પ્રસંગ અત્રે ઉલ્લેખનીય છે અને વિચારણીય છે.

એકવાર શ્રીહરિ જસદણ પાસે આવેલા કરિયાણા ગામમાં દેહાખાચરના દરબારમાં બિરાજમાન હતા. તે સમયે પીપલાણાથી નરસિંહ મહેતા કરિયાણામાં પ્રગટ પ્રભુ શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. પ્રભુને દંડવત કરી એક કોથળી રૂપિયા ભરેલી પ્રભુ આગળ મૂકી. ત્યારે શ્રીજી મહારાજે પૂછ્યું: ''મહેતાજી ! આ રૂપિયા કેમ લાવ્યા છો?'' ત્યારે તેમણે કહ્યું: ''પ્રભુ ! બસ્સો રૂપિયા લાવ્યો છું, સંતોને રસોઈ આપવા. તમો પ્રેમથી સંતોને પીરસજો.''

હે ભક્તો ! ત્યારે શ્રીહરિ કહે: ''મહેતા ! અમારે તો આ રૂપિયાથી દેવીપૂજક જમાડવા છે.'' સ્વપ્ને પણ નહિ કલ્પેલું એવું મહારાજનું વચન સાંભળી મહેતા તો ડઘાઈ ગયા ! મનની મહેચ્છા ઉપર પાણી ફરી વળ્યું. કેટલીય ઘડીઓ પછી મુંઝાયેલા મનમાંથી શબ્દો સરી પડ્યા: ''મહારાજ ! મારે તો સંતોને જમાડવા છે, દેવીપૂજક નહિ.'' ત્યારે શ્રીહરિ પગથી રૂપિયાની કોથળીને ઠેબું મારી ફગાવીને બોલ્યા: ''લઈ જાવ તમારી કોથળી, મારે નથી જોઈતી.''

હે ભક્તો ! પ્રગટ પ્રભુની કસોટી માણસનું મનોબળ માપી લે છે. વળી પોતાના ઈષ્ટદેવ પ્રત્યે ભક્તની આસ્તિકતા, શ્રદ્ધા, વિશ્વાસ અને નિશ્ચય કેટલા છે ? તે આવા પ્રસંગોથી મપાઈ જાય છે. પ્રગટ પ્રભુ શ્રીહરિ આજે

કંઈક જુદા જ ભાવમાં હતા. પરંતુ તે ભાવને નરસિંહ મહેતા પામી શક્યા નહિ. એટલું જ નહિ, પણ મનની માનેલ તંતી ન છૂટવાને કારણે અંતરમાં ઉથલ-પાથલ થવા લાગી. મુંઝાયેલા મને રોષનું સ્વરૂપ પકડી લીધું, જેના કારણે મહેતા તો રૂપિયાની કોથળી લઈ વિષાદભર્યા પગલે સભામાંથી જતા રહ્યા !

હે ભક્તો ! આ બનાવથી દયાળુ દિલના દયાનિધિ એવા મુક્તાનંદ સ્વામીનું હૃદય ખિન્ન થઈ ગયું. સ્વામીએ વિચાર્યું જે, 'નરસિંહ મહેતા તો પવિત્ર બ્રાહ્મણ છે. તેણે રામાનંદ સ્વામી અને શ્રીજી મહારાજની સારી એવી સેવા કરી છે અને હવે જો મહારાજનો અવગુણ આવી જશે તો એનો મોક્ષ બગડી જશે અને આજ દિન સુધી સત્સંગને માટે કર્યું કારવ્યું બધું ધૂળમાં મળી જશે.' આવા હેતુથી સ્વામી તેની પાછળ ગયા.

## મહેતાને કુસંગી થતા અટકાવ્યા

હે ભક્તો ! માખણ તો પોતાને ગરમી લાગે છે, ત્યારે જ પીગળે છે, પરંતુ સાચા સંતોનાં હૃદય તો બીજાનાં દુઃખો જોઈને દ્રવી જતા હોય છે. એ ન્યાયે નરસિંહ મહેતાના બગડી જતા મોક્ષની ચિંતાથી વ્યથિત થયેલા મુક્તમુનિ તેમની પાસે જઈને કહેવા લાગ્યાઃ ''નરસિંહભાઈ ! તમારી ભાવનાને હું સારી રીતે સમજું છું, પણ તમે થોડા શાંત થાઓ. ઉદાસીનતા ટાળી નાખો. આપ તો સમજુ અને ડાહ્યા છો. જરા વિચાર કરો - આત્મદર્શન કરો.

આપણને ગુરુદેવ રામાનંદ સ્વામીએ કહ્યું હતું કે, ''નીલકંઠવર્ણી સર્વોપરી ભગવાન છે, તેથી તેમનામાં મનુષ્યભાવ કદી લાવશો નહિ; તે શું ભૂલી ગયા ? શ્રીજી મહારાજે તમને જે કહ્યું તે તો તમારી કસોટીરૂપ વચન છે. ભગવાન તો સ્વતંત્ર છે. એમના જીવનમાં કે વચનમાં મનકલ્પિત તર્ક, વિતર્ક અને કુતર્ક કરવાથી મોક્ષનો માર્ગ અવરોધાય છે. આપણે તો એના દાસ કહેવાઈએ, એટલે એ કહે તેમ કરવાનું હોય, પણ આપણું ધાર્યું એમની પાસે કરાવાનું ન હોય. જો આપણે ભગવાનને રાજી કરવા હોય, તેમના કૃપાપાત્ર બનવું હોય અને તેઓની સમીપે રહેવું હોય તો તે જેમ કહે તેમજ આપણે કરવું જોઈએ.''

હે ભક્તો ! સરળતા, નમ્રતા, સાધુતા, નિખાલસતા અને લાગણીએ યુક્ત મુક્તાનંદ સ્વામીની મધુરવાણી નરસિંહ મહેતાના મનમંદિરમાં પ્રભાવક અસર કરી ગઈ, તેના કારણે મહેતાના મનનો આવેગ શાંત પડ્યો. પછી હાથ જોડીને બોલ્યા કે, ''હે સ્વામી ! તમે આજ મારા ઉપર અપાર કૃપા કરી મારી ભૂલ ઓળખાવી મને અવળે માર્ગે જતા ખાળ્યો ને સાચા માર્ગે વાળ્યો એ જ આપનો અદ્‌ભૂત ઉપકાર છે. મને સાચી સમજણ બતાવી મારો મોક્ષ બગાડતો અટકાવી દીધો ! હવે હું મારું ધાર્યું નહિ કરું. જેમ શ્રીજી માહરાજ રાજી થશે, તેમ જ કરીશ.''

આ પ્રમાણે સ્વામીને કહીને રૂપિયાની ભરેલી કોથળી લઈને પાછા મહારાજ પાસે લાવ્યા. ત્યારે શ્રીહરિ ઉંચેથી બોલ્યાઃ ''પૈસા પાછા કેમ લાવ્યા ? સાધુને જમાડવા છે ?'' ત્યારે હાથ જોડી મહેતા બોલ્યાઃ ''હે પ્રભુ ! આપની જ્યાં ઈચ્છા હોય ત્યાં વાપરો, હવે મને કોઈ પ્રકારની શંકા નહિ થાય.''

હે ભક્તો ! મહેતાજીની નિઃસંશયાત્મક વાણી સાંભળી શ્રીહરિએ મુક્તાનંદ સ્વામી સામે જોયું. ત્યારે સ્વામીએ કહ્યુંઃ ''મહારાજ ! આપ તો ભક્તાધીન છો. ભક્તોની ઈચ્છા પૂર્ણ કરનારા છો, છતાં આપની ઈચછા પ્રમાણે જ મહેતાજી કરવા તૈયાર છે.'' આવું સાંભળી વ્રજથીયે કઠોર એવા શ્રીહરિ કુસુમ કરતાં કોમળ બની ગયા ! અને ઊભા થઈ મહેતાજીને ભેટી પડ્યા. પછી માથે હાથ મૂકીને બોલ્યાઃ ''મહેતાજી ! તમારા રૂપિયામાંથી સંતોને રસોઈ બે દિવસ સુધી ચાલશે.'' આવું સાંભળી મહેતા રાજીના રેડ થઈ ગયા.

## બાવાઓને શાંત કરી દીધા

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીની વાણીમાં ખરેખર કોઈ અદ્‌ભૂત ચમત્કાર હતો. તેમની વાણી, વિનય, વિવેક અને નમ્રતા ભાવવાહી હતી. તે સ્વામીના જીવનના અમુક પ્રસંગો ઉપરથી ખ્યાલ આવે છે. એક વખત શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામીને પૂછ્યુંઃ ''સ્વામી ! તમારામાં વિશિષ્ટ ગુણ કયો છે ?'' પણ સ્વામી સ્વયંની આત્મશ્લાઘા થવાને લીધે કાંઈ બોલ્યા નહિ. ત્યારે ફરીને પ્રભુ બોલ્યાઃ ''સ્વામી ! અમારી આજ્ઞાથી કહેશો એટલે સ્વપ્રશંસા કરી નહિ ગણાય, માટે કહો.''

આવું સાંભળી મુક્તાનંદ સ્વામી બોલ્યાઃ ‘‘હે મહારાજ ! આપની કૃપાથી મારામાં ગુણ તો ઘણા છે, પણ એમાં વિશિષ્ટ ગુણ તો એ છે કે, ગમે તેવો ક્રૂર માણસ ક્રોધે ભરાઈને મારમાર કરતો આવતો હોય, પરંતુ હું જો તેની સન્મુખ જાઉં તો તેને શાંત કરી દઉં.’’ ત્યારે મહારાજ કહેઃ ‘‘હા સ્વામી ! તમારી તો સાધુતા જ એવી છે કે, તમારાં દર્શન થતાં જ અન્યનાં હૃદય શાંત પડી જાય. જ્યારથી આપણે લોજમાં મળ્યા ત્યારથી જ અમોને તમારા આ ગુણની અનુભૂતિ થતી આવી છે.’’

હે ભક્તો ! આ પ્રસંગ પછી બીજે જ દિવસે બસ્સો ખાખીઓની જમાત દાદાખાચરની ડેલીએ આવી બૂમો પાડતા કહેવા લાગ્યાઃ ‘‘ખીલા દો હમકો દૂધપાક ઔર માલપૂંવાકી રસોઈ ! કાલી રોટી ઔર ધોલી ડાલ હમકો બહૂત અચ્છી લગતી હૈ.’’ આ રીતે બોલતા જાય અને ભાલા–ત્રિશૂળ અને ચીપિયા પછાડતા જાય. થોડીવારમાં તો અડધું ગઢડા ગામ ગજાવી મૂક્યું !

એ સમયે એક પાર્ષદે અક્ષર ઓરડીમાં જઈ શ્રીહરિને વાત કરી. એટલે પ્રભુ બોલ્યાઃ ‘‘મુક્તાનંદ સ્વામીને એ બાવા પાસે લઈ જાઓ. એના સિવાય બીજા કોઈ પણ એ બાવાઓને શાંત કરી શકશે નહિ. સ્વામીની વાણીમાં અતિ મીઠાશ ભરેલી છે, એટલે તેઓ સાધુ–બાવાઓને વશ કરી શકશે.’’ પછી પાર્ષદે ધર્મશાળામાં જઈ સ્વામીને પગે લાગીને સર્વે હકીકત જણાવી.

હે ભક્તો ! સ્વામીએ ઉતાવળા–ઉતાવળા હાથમાં માળા લઈ ભજન કરતા કરતા બાવાઓ પાસે આવીને જય સ્વામિનારાયણ કહ્યા. ત્યાંતો શંકરના ત્રીજા નેત્રની અગ્નિની જેમ લાલઘૂમ આંખો કરી બેઠેલા બાવાના ઝૂંડમાંથી તેનો મહંત બહાર આવ્યો. એટલે સ્વામી એને પગે લાગ્યા અને બોલ્યાઃ ‘‘અમારાં અહોભાગ્ય કે તમારાં દર્શન થયાં ! અહો ! તમો તો સાક્ષાત્ વૈકુંઠનાથના પાર્ષદ છો. બોલો તમે, અમો તમારી શી સેવા કરીએ ? તમે તો અમારા અતિથિ છો અને અતિથિઓને અમારે ત્યાં દેવનું સ્વરૂપ માનવામાં આવે છે.’’

હે ભક્તો ! મુક્તમુનિની મીઠી વાણી અને સૌમ્ય સ્વરૂપનાં દર્શન કરી તે મહંત શાંત બની ગયો ! તેમજ આખી જમાતમાં સન્નાટો છવાઈ ગયો. સ્વામીએ ફરીને પૂછ્યુંઃ ‘‘મહંતજી ! શું ઈચ્છા છે ?’’ ત્યારે તેણે કહ્યુંઃ

''કુછ ખાના ચાહીયે. કેવલ દાલ ઔર રોટી હોંગે, તો ભી ચલેંગે.'' ત્યારે સ્વામી બોલ્યા: ''જરૂર મિલેંગે, કિન્તુ આપ સબ પહેલે સ્વામિનારાયણ ભગવાનકા દર્શન કર લો.''

એ સમયે પાર્ષદે જઈ શ્રીહરિને કહ્યું: ''મહારાજ ! સ્વામીએ તો કમાલ કરી હો. બૂમાબૂમ કરનારા બાવાઓને શાંત કરી દીધા ! એ બાવા તો આપનાં દર્શન કરવા પણ તૈયાર થઈ ગયા છે.'' ત્યારે પ્રગટ પ્રભુ બોલ્યા: ''મુક્તાનંદ સ્વામીનો વિશિષ્ટ ગુણ આજે કામમાં આવી ગયો.'' એ સમયે સ્વામી સાથે બધા જ ૨૦૦ બાવાઓ દર્શન કરવા આવ્યા. ત્યારે મહારાજે તેઓને નૃસિંહ ભગવાનરૂપે દર્શન આપ્યા ! તે જોઈને એ સર્વે બોલી ઊઠ્યા: ''સ્વામિનારાયણ આપ તો નૃસિંહ ભગવાન હો, આજ હમારાં ભાગ્ય ખૂલ ગયાં. એ મુક્તાનંદ કી મહેરબાની સે આપકા દર્શન હો ગયા.''

## મારવા આવેલા પગે લાગ્યા !

હે ભક્તો ! સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીના આ વિશિષ્ટ ગુણ વિષેનો એક વધુ પ્રસંગનો આહ્‌લાદક આસ્વાદ માણીએ, જેથી આપણને ખ્યાલ આવે કે સ્વામી કેવા ધીરજવાન, વ્યવહારકુશળ અને વિવેકી હતા.

સ્વામિનારાયણ સંપ્રદાયનો સોનલવર્ણો સૂરજ સોળે કળાએ ખીલી રહ્યો હતો. દશેય દિશાઓએ સંતરૂપી કિરણો દ્વારા તપ, ત્યાગ અને ભક્તિના પુંજ પથરાઈ રહ્યાં હતાં. ધર્મ અને નીતિના કીર્તિ–કળશ ઝળહળી રહ્યા હતા. એવા સમયે એક વૈરાગીના આશ્રમમાં ચર્ચા ચાલી રહી હતી કે, 'સ્વામિનારાયણનું અને કૂદકે ને ભૂસકે વધતા જતા એમના સંપ્રદાયનું જડમૂળમાંથી કાસળ કાઢી નાખવું !'

ત્યારે ભીલ જેવો કાળો એક નાગડો વૈરાગી બોલ્યો: ''જીવન મુક્તાના પંથમાં મુક્તાનંદ નામના એક સંત છે. તે જ આપણા બધા ભેખના કૂહાડારૂપ છે; માટે સર્વથી પહેલાં એનો કાંટો કાઢી નાંખવામાં આવે તો જ આપણા

સર્વ વિચારો કામિયાબ નીવડશે.'' ત્યારે સર્વેનો વડિલ બાવો બોલ્યો: ''એ મુક્તાનંદ વળી કઈ વાડીનો મૂળો ? મારે મન તો મુક્તાનંદ મચ્છરીયા સમાન છે. પાંચ દિવસમાં એ મુક્તાનંદના ગળાનું લોહી પીઉં તો જ હું ખરો ખાખી, નહિતર બધા મને ફટ્ કરજો.''

આ પ્રમાણે નક્કર પ્રતિજ્ઞા કરી ક્રોધમાં કકળતો અને બબડતો સાથે દોઢસો કઢંગા બાવાઓને સાથે લઈ તે મહંત ગઢડામાં આવ્યો. સાથેના બાવાઓ એટલે જીવતા જાગતા જમદૂત જ જોઈ લ્યો ! સર્વજ્ઞ શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને સાંકેતિક સંકેત કરતા કહ્યું: ''સ્વામી ! ભસતા ભસતા આવનારા કૂતરાને રોટલાનો ટૂકડો નાંખી દઈએ, એટલે ભસતું બંધ થઈ જાય.'' આ પ્રકારે માર્મિક ટકોર કરી સ્વામીને કહ્યું: 'હવે તમે આ પાટ ઉપર બિરાજી ભગવાનની વાતો કરો.'

આ પ્રમાણે આજ્ઞા કરી અંતર્યામી પ્રભુ અક્ષર–ઓરડીમાં જતા રહ્યા ! ત્યાંતો, ''મારો મુક્તાનંદને... પકડો મુક્તાનંદને... એને ઝાલીને નાક–કાન કાપી નાખો... જો જો આજ જીવતો ન જાય... એને પૂરો જ કરી નાખો...'' આ રીતે એની માયે તાજા તાજા જન્મ્યા હોય એવા 'બર્થ–ડે સૂટમાં' ! બધા નાગા બાવાઓ દરબારગઢમાં આવી ગયા. દૂરથી તો એમ જ લાગતું કે 'યમદૂતનું ટોળું આવ્યું હોય ને શું ?' એમ આખું ટોળું લીમડા પાસે ધસી આવ્યું.

હે ભક્તો ! પરંતુ મુક્તાનંદ સ્વામી તો તરત જ શ્રીફળ, સોપારી, સાકરનો મોટો પડો અને મોટો હાર લઈને સામા ચાલ્યા ! અને સૌથી આગળ ચાલનાર મહંતને હાર પહેરાવી પગમાં નાળિયેર અને સોપારી – સાથે સાકર મૂકી દંડવત કરવા લાગ્યા ! અને સાથે આવેલા આપણા સંતોને કહેવા લાગ્યા: ''સંતો ! તમે પણ દંડવત કરો. આપણે ત્યાં સાક્ષાત્ ધર્મરાજના પાર્ષદો પધાર્યા છે. આજ તો આપણાં સૌનાં ભાગ્ય ખૂલી ગયાં છે; કારણ કે અણ તેડ્યા અતિથિ સ્વરૂપે આજે આપણને આવા મહાપુરુષોનાં દર્શન થયા છે.

હે સંતો ! તમે ગભરાશો નહિ. એમણે જે ભયંકર હથિયારો ધારણ કર્યા છે, તે તો આપણા જેવા ગરીબડા સાધુઓની રક્ષાર્થે જ ધાર્યા છે. કારણ કે મહાપાપી અજામિલને અંતકાળે યમદૂતના મારથી આવા પાર્ષદોએ જ

મૂકાવ્યો હતો ! માટે આજે તો આપણું સૌનું 'અહો ભાગ્યમ્... અહો ભાગ્યમ્' ઈત્યાદિક મધુર વચનોથી મુક્તમુનિએ બાવાઓનો આદર–સત્કાર કર્યો એટલે તેઓ શાંત થઈ ગયા !

હે ભક્તો ! મારવા આવેલા મહંતના મનમાં થયું કે, 'ભેખના કુહાડા તરીકે કહેવાય છે તે આ મુક્તાનંદ નથી, તે તો કોઈ બીજા જ હોવા જોઈએ. કારણ કે આ સાધુ તો અતિ નિર્માની ને ભેખને ઉત્તેજન આપનાર કોઈ મહાન સંત છે.' આવું મનોમન વિચારીને પૂછ્યું: ''તમારામાં મુક્તાનંદ કોણ છે ?'' ત્યારે સ્વામી બોલ્યા: ''અમારામાં મુક્તાનંદ તો હું એક જ છું.'' પછી તે સ્વામીને પ્રણામ કરી બાવાઓ સાથે જતો રહ્યો.

## રામપ્રતાપભાઈને નિશ્ચય કરાવ્યો

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીમાં સામેની વ્યક્તિને શાંત કરવાની અને એમને જો શ્રીહરિનો નિશ્ચય ન હોય તો નિશ્ચય કરાવી દેવાની શક્તિ અને આવડક સૌથી અલગ હતી. મુમુક્ષુને મહારાજની ઓળખાણ કરાવવામાં તો સ્વામી એટલા બધા પાવરધા હતા કે, કોઈ સંતને કે ભક્તને મહારાજનાં ચરિત્રોમાં મનુષ્યભાવ આવ્યો હોય તો તે સહજમાં જ ટાળી દેતા હતા.

એકવાર શ્રીજી મહારાજ લોયા ગામમાં ૬૦ મણ રીંગણાં અને ૧૨ મણ ઘીનો વઘાર મૂકી સુંદર સ્વાદિષ્ટ શાક બનાવી રહ્યા હતા. એવા સમયે છપૈયાથી (આંબલીયા અને લોહગંજરીથી) ઈચ્છારામભાઈ અને રામપ્રતાપભાઈ શ્રીહરિના બન્ને ભાઈઓ લોયામાં આવ્યા. ૨૭ વર્ષ પછી ત્રણેય પ્રથમ વખત મળ્યા હતા.

હે ભક્તો ! રામપ્રતાપભાઈએ શ્રીહરિને શાક બનાવતા જોઈને કહ્યું: ''મૈને તો સુના થા કી હમારે ઘનશ્યામ ભગવાન બન ગયે હૈ, લેકિન એ તો ભેખકા ભઠિયારા બન ગયા હૈ ! ચલ ભૈયા ઘનશ્યામ ! હમારી સાથ ચલ. તુમ યહાઁ ભઠિયારું (રસોઈ) કૂટને કે લિયે આયા હો ? તુંમ એ સાધુ લોગ કી રસોઈ બનાને કે લિયે યહાઁ રહતે હો ?''

આવું સાંભળી શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને કહ્યું: ''સ્વામી ! ભાઈને ઉતારે લઈ જાઓ.'' તુરંત સ્વામી રામપ્રતાપજીને ઉતારે લઈ ગયા અને પરમાત્માની દિવ્યલીલા અને મનુષ્યલીલા સર્વે સંભળાવવા લાગ્યા : ''હે રામપ્રતાપજીભાઈ ! સંતો–ભક્તો ઉપર સ્નેહ હોવાને કારણે શ્રીહરિ રીંગણાંનું શાક બનાવે છે, એ કાંઈ રસોયાની નોકરી કરતા નથી. તેઓની પાસે બે–ત્રણ હજાર સંતો અને લાખો સત્સંગીઓ આશ્રિતો બનીને તેમની આજ્ઞા પ્રમાણે જીવન જીવે છે, માટે એને તમારા ભાઈ ન માનતા, એ તો સૌના ભગવાન છે.''

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીની મીઠી વાણી સાંભળી રામપ્રતાપભાઈને શ્રીહરિ પ્રત્યે ભગવાનપણાનો ભાવ થયો તેથી મુક્તાનંદ સ્વામીને ભાઈએ કહ્યું: ''સ્વામીજી ! આપકે કહને સે મૈં ઘનશ્યામકો ભગવાન માન લુંગા, લેકિન મુઝે આપકા સંપ્રદાયકા અનુયાયી બનાકર ગુરુકે રૂપમેં કંઠી તો આપકોહી પહેનાના પડેગી. મૈં આજસે આપકો મેરા ગુરુ માનતા હું, ઇસલીયે મુઝે કંઠી પહેનાઇયે.''

મોટાભાઈના હઠાગ્રહને કારણે મુક્તાનંદ સ્વામીએ તેમને વર્તમાન ધરાવીને કંઠી પહેરાવી. પછી રામપ્રતાપભાઈએ સ્વામી પૃથ્વી ઉપર રહ્યા ત્યાં સુધી તેમને ગુરુ માની મર્યાદા રાખી હતી. ક્યારેક શ્રીહરિ સાથે બોલાચાલી થઈ હોય અને પછી મુક્તાનંદ સ્વામી જઈને સમજાવે, તુરંત રામપ્રતાપભાઈ માની જાતા. એવી આત્મીયતા સ્વામી સાથે થઈ ગઈ હતી.

## સ્વામીએ ક્રોધીને સરળ બનાવી દીધા

હે ભક્તો ! અનેક બુભુક્ષુને મુમુક્ષુ બનાવનાર, મુમુક્ષુને મુક્ત સ્થિતિએ પહોંચાડનાર, અનેક સત્સંગીઓના સંશય કાપનાર અને અનેક લોકોનાં મનનાં સમાધાન કરનારા મહામુક્ત મુક્તાનંદ સ્વામી હતા. સ્વામીની વાણીમાં અદ્‌ભૂત આકર્ષણ હતું. તેમની વાણી ક્રોધીને ક્રોધ વિનાનો કરી દેતી, રાગીને રાગ વિનાનો કરી દેતી, માનીને માન વિનાનો કરી દેતી, કામીને કામ વિનાનો કરી દેતી અને સ્વાદિયાને સ્વાદ વિનાનો કરી દેતી. સ્વામીએ એક ભયંકર ક્રોધી સત્સંગીને ક્રોધ વિનાનો કરી દીધો હતો તે પ્રસંગ સાંભળો.

એકવાર સ્વામિનારાયણ ભગવાન સત્સંગમાં વિચરણ કરતા કરતા ઉત્તર ગુજરાતના ધમાસણા ગામમાં સંતો સાથે પધાર્યા હતા. ત્યાં એક પટેલ સત્સંગી હતા. તેમને ત્યાં બે દિવસ સુધી મહારાજ રોકાયા. પટેલે ખૂબ ભાવપૂર્વક સેવા કરી શ્રીહરિને રાજી કરી લીધા. પછી પ્રભુએ ત્યાંથી જવાની તૈયારી કરી ત્યારે પટેલે કહ્યું: ‘‘હે મહારાજ! મેં તમને ઉતારો આપ્યો. મારે ઘેર રહેવા દીધા અને જમાડ્યા. તો હવે એના બદલામાં તમે મને કાંઈ નહિ આપો ?’’

હે ભક્તો ! આવું સાંભળી શ્રીહરિ મંદમંદ હસતા બોલ્યા: ‘‘બોલો પટેલ ! તમારે શું જોઈએ છે ? જે માગો તે આપું.’’ ત્યારે પટેલ કહે: ‘‘પ્રભુ ! મારે બીજું કાંઈ જોઈતું નથી, પણ મારી એક માગણી છે કે મને સાધુ કરો. મારે હવે સંસારમાં રહેવું નથી, સાધુ બનવું છે.’’ ત્યારે મહારાજ કહે: ‘‘સાધુ બનવા માટે સગાંઓની રજા લેવી પડે. રજા વિના તમને સાધુ કરીએ તો તમારા સંબંધી વિરોધ કરે ને કંકાસ કરે. ઉપાધિનો કોઈ પાર ન રહે, માટે સંબંધીઓની રજા લઈ આવો.’’

આવું સાંભળી પટેલ બોલ્યા: ‘‘એ સગાં-બગાંને તો હું પહોંચી વળીશ. તાકાત છે કોઈની કે મને સાધુ થવાની ના પાડી શકે ? દીકરો મારો કોઈ આડો તો આવે, ખબર પાડી દઉં બધાને. એ બધાની જવાબદારી મારી. તમે હા પાડો.’’ પટેલનો ચહેરો લાલ થતો જોઈને શ્રીહરિએ સંતોને પૂછ્યું: ‘‘આ પટેલને સાધુ કરીશું ?’’ ત્યારે સંતો કહેવા લાગ્યા: ‘‘પટેલનો સ્વભાવ બહુ આકરો છે. સાધુ થઈને અમારી સાથે પણ ઝઘડો કરી ગુસ્સો કરશે.’’

હે ભક્તો ! શ્રીહરિએ પટેલને સંતોની વાત કહી. પણ એ તો હઠે ભરાયા કે, ‘મારે સાધુ થવું જ છે.’ પછી મહારાજે સંતોને કહ્યું: ‘‘પટેલને સાધુ કરવા પડશે, તો બોલો આ નવા સાધુના ગુરુ કોણ થશે ?’’ પણ કોઈ સંત બોલ્યા જ નહિ. પછી મુક્તાનંદ સ્વામીને મહારાજે કહ્યું: ‘‘સ્વામી ! તમે આના ગુરુ બનો અને એનો ક્રોધી સ્વભાવ કાઢો.’’ પછી સાધુ કરી ‘શ્રીગુરુચરણરતાનંદજી’ નામ પાડી મુક્તાનંદ સ્વામીને સોંપ્યા. પછી તો ભયંકર ક્રોધી હોવા છતાં સ્વામીએ પોતાના વર્તન દ્વારા અને મધુરવાણી દ્વારા તેમને ક્રોધ વિનાના સરળ સંત બનાવી દીધા હતા !

## સ્વામીએ મને ન સમજાવ્યો હોત તો હું.....

હે ભક્તો ! સત્સંગમાથી કોઈ પાછા પડી જાય, અથવા કોઈ સાધુ કોઈ કારણવશ ઘેર જવા તૈયાર થાય અને કોઈ સંતોને કે કોઈ સત્સંગીને શ્રીહરિનો અવગુણ આવે ત્યારે મુક્તાનંદ સ્વામીને અતિશય દુઃખ થતું અને ગમે તેમ કરી એને સત્સંગમાંથી જવા દેતા નહિ અને એનો મોક્ષ બગડવા દેતા નહિ. આવો એક સત્સંગીનો પ્રસંગ તમને સંભળાવું.

એક સમયે ગઢપુરમાં ગોપીનાથજી મહારાજના મંદિરનું કામ ચાલતું હતું, તેથી શ્રીહરિ વધારે સમય ગઢપુરમાં જ રોકાતા હતા અને પોતાની દેખરેખ નીચે મંદિરનું કામ કરાવતા હતા. તે સમયે ચરોતર પ્રદેશના વસો ગામના સત્સંગી અને વસો ગામના ધનાઢ્ય આગેવાન ગિરધરભાઈ પાટીદાર પોતાની નવી હવેલીમાં પધરામણી કરાવવા માટે શ્રીહરિને તેડવા માટે ગઢપુર આવ્યા. આવીને મહારાજને દંડવત પ્રણામ કરી કુશળ સમાચાર પૂછી પોતાની નવી હવેલીમાં પધરામણી કરવા પધારવાનું આમંત્રણ આપ્યું.

ત્યારે શ્રીહરિએ કહ્યું: ''હમણા અમો ક્યાંય જતા નથી; કારણ કે આ મંદિરનું કામ ચાલે છે, તેથી અહીંયાં રહેવું પડે તેમ છે, માટે હમણા અમે નહિ આવી શકીએ.'' પ્રભુએ આવો વ્યવસ્થિત જવાબ આપ્યો, છતાં ગિરધરભાઈએ મર્મવાણી બોલતા કહ્યું: ''મહારાજ ! તમે મારા ઘેર ક્યાંથી આવો ? તમે તો દાદાખાચરના દરબારમાં અને એના પરિવારમાં બંધાઈ ગયા છો. તમે સત્સંગીઓ પ્રત્યે પક્ષપાત કરી રહ્યા છો, તમારે આવું ન કરવું જોઈએ, તમને આવું ન શોભે.''

હે ભક્તો ! મહારાજના મનમાં તો આવી કલ્પના પણ ન હતી, આવો ખોટો અને મોટો આરોપ મૂક્યો એટલે પછી શ્રીહરિ પણ આકળા થઈને કહેવા લાગ્યા: ''ગિરધરભાઈ ! તમે મને પક્ષપાતી કહો છો, પણ તમે ક્યારેય વિચાર્યું છે કે 'દાદાના દરબારમાં અમો કાયમ માટે શા કારણથી રોકાયા છીએ. સાંભળો એનું કારણ કહુ. અમોએ ગમે તેટલી વાર આ પરિવારની કપરી કસોટી લીધી છે, તે સર્વેમાં તેઓ પાસ થઈ ગયા છે. અમો તેનાં મકાન–

વાડી–સમગ્ર સંપત્તિ બધું જ લઈ લીધું હતું અને દરબારગઢ છોડીને જતા રહેવાનું કહ્યું હતું તોપણ જતા રહ્યા હતા. અને આજે પણ હજારો સંતોને એ જમાડે છે અને રાખે છે.

તમોએ ક્યારેય તમારે ઘેર સંતોની કે અમારી પધરામણી કરાવી છે ? ક્યારેય અમને કે સંતને રસોઈ આપી છે ? અરે ! અમારા સાધુને પાણી–દૂધ ગાળવા ક્યારેય કપડાનો ટૂકડો પણ આપ્યો હોય તો બોલો. ક્યારેય અમને કે સંતોને ધોતીયું ઓઢાડ્યું છે ? તમોને આજે નવી હવેલીમાં લઈ જવાની ગરજ છે એટલે અમોને હૂકમ કરવા લાગ્યા ? શરમ નથી આવતી તમને એવું બોલતા કે અમે દાદાના દરબારમાં બંધાઈ ગયા છીએ. અમે અમારી આજ્ઞા પાળે અને અમારા સંતોની સેવા કરે એવા ભક્તોને ત્યાંતો કાયમ બંધાઈને જ રહીએ છીએ અને આ રીત અનાદિની છે. દરેક અવતારો પણ તેઓના ભક્તને ત્યાં બંધાઈને જ રહ્યા હતા.''

હે ભક્તો ! શ્રીજી મહારાજે આવું બોલતા–બોલતા ગુસ્સે થઈને કહી દીધું: ''અમો કે અમારા સંતો કોઈ તમારે ઘેર નહિ આવે. તમારે બીજા કોઈને બોલાવવા હોય તો બોલાવી લેજો.'' આવું સાંભળીને ગિરધરભાઈની તો 'કાપો તો લોહી ન નીકળે' એવી હાલત થઈ ગઈ ! મોટા માણસ આવું સાંભળવા ટેવાયેલા ન હોય, એટલે એનો પણ ચહેરો બદલવા લાગ્યો. ત્યારે ખરા અર્થમાં સત્સંગની મા બનેલ મુક્તાનંદ સ્વામીનું હૃદય દ્રવી ઊઠ્યું ! સ્વામીએ વિચાર્યું: 'હવે જો હું બન્ને વચ્ચે હસ્તક્ષેપ નહિ કરું તો આનું પરિણામ સારું નહિ આવે.' ગિરધરભાઈને જો મહારાજનો અવગુણ આવશે, તો સત્સંગ છોડીને કાયમ માટે જતા રહેશે અને એનું કલ્યાણ બગડી જશે.''

આવું વિચારીને શ્રીહરિની વાત વચ્ચે જ કાપી નાખીને મુક્તાનંદ સ્વામી બોલ્યા: ''મહારાજ ! તમે માનો છો એવા ગિરધરભાઈ નથી. એ તો ચરોતરમાં સારા સત્સંગી છે અને ગામમાં આગેવાન પણ છે. સંતોએ એમની આગળ ક્યારેય કોઈ પ્રકારની માગણી કરી નથી, એટલે એમણે કોઈ સેવા કરી નથી. આ ગિરધરભાઈ તો તમારો અને સંતોનો ખૂબ મહિમા સમજે છે, એટલા માટે તો ઠેઠ વસોથી આપને તેડવા માટે જ અહીં સુધી આવેલા છે,

માટે તમારે અને સંતોએ એમની ભાવના પૂરી કરવા માટે જરૂર જવું જોઈએ.'' સ્વામીની વાત સાંભળી મહારાજે વસો જવાની હા કહી.

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીએ મા બની બાપનો ગુસ્સો ઉતારી દીધો અને છોકરાને પણ રાજી કરી લીધો. પછી ગિરધરભાઈને પોતાને આસને લઈ ગયા અને શ્રીહરિનો ખૂબ મહિમા સમજાવ્યો. તેથી તેમને ખોટું લાગ્યું હતું તે સાચું લાગવા માંડ્યું. તેથી પોતાની ભૂલ સમજાણી અને ફરીને શ્રીજી મહારાજ પાસે જઈ દંડવત કરી માફી માગીને કહ્યું: ''હે દયાળુ પ્રભુ ! તમોએ આજે મારી ભૂલ ઓળખાવી. મેં અત્યાર સુધી તમારા માટે કે સંતો માટે કોઈ પ્રકારની સેવા કરી નથી, એ હું કબૂલ કરું છું. હવે હું મારો લોભી સ્વભાવ છોડી દઈશ અને સંતો માટે સત્સંગ માટે મારું ધન વાપરી આપનો રાજીપો પ્રાપ્ત કરીશ.

હે મહારાજ ! આવેશમાં આવી જઈને મેં તમોને પક્ષપાતી કહ્યા એ બદલ મને માફ કરો. આપને જ્યારે અનુકૂળ આવે ત્યારે આપ વસો પધારજો. ત્યાં સુધી હું નવી હવેલીમાં રહેવા નહિ જાવ. પરંતુ જતા જતા એક સત્ય વાત કહેતો જાઉં છું કે, આજ મને જો મુક્તાનંદ સ્વામીએ સમજાવ્યો ન હોત તો મારો મોક્ષ બગડી જાત એવો નિર્ણય હું લઈ લેવાનો હતો. માટે સ્વામીનો તો હું જેટલો આભાર માનું એટલો ઓછો છે.'' ત્યારે મહાપ્રભુ બોલ્યા: ''ગિરધરભાઈ ! મુક્તાનંદ સ્વામી તો અમારા ગુરુ સ્થાને છે અને આખા સત્સંગની મા છે. તેઓ કોઈ પણ સંતનું કે હરિભક્તનું કલ્યાણ બગડવા દેતા નથી. એટલા માટે અમો સ્વામી ઉપર હંમેશાં રાજી રહીએ છીએ.

(નોંધ : આ પ્રસંગ કલાલીના રણછોડભાઈ અમીનના નામે પણ 'કલાલી માહાત્મ્ય' પુસ્તિકામાં લખાયેલ છે.)

## માનાં શ્રાદ્ધમાં મા મનાવે તો જમે

હે ભક્તો ! આપણે ઘણા પ્રસંગોથી મુક્તાનંદ સ્વામીના ગુણાનુવાદ આલેખતા આવીએ છીએ, છતાં એમના ગુણોનો પાર આવતો જ નથી. ખુદ શ્રીહરિ પણ કહે છે કે, ''આ મુક્તાનંદ સ્વામીને અમે સર્વોપરી સંત માનીએ

છીએ. એ તો પરમ હિતકારી સંત છે. એમનું માહાત્મ્ય અને ગુણો દિન દિન પ્રત્યે અધિક ને અધિક જણાય છે. સ્વામીને મન તો ‘સત્સંગેવ કુટુમ્બકમ્’ સત્સંગ જ પોતાનો પરિવાર છે. એને જ તેઓ પરમ સ્નેહી માને છે.

હે ભક્તો ! સત્સંગમાંથી કોઈનો પાછો પગ પડતો જણાય, અથવા તો સત્સંગમાં કોઈ સંતને સંત સાથે કે હરિભક્તને હરિભક્ત સાથે વઢવેડ થાય, ઝઘડા થાય કે કોઈ પણ પ્રકારનું મનદુ:ખ થયું હોય અથવા તો શ્રીજી મહારાજની મનુષ્ય–લીલામાં મનુષ્યભાવ આવ્યો હોય કે પછી સત્સંગ સંબંધી કોઈ પણ જાતની વિષમ પરિસ્થિતિ ઊભી થઈ હોય, તેવી સમસ્યાનો ઉકેલ મહારાજ મુક્તાનંદ સ્વામી દ્વારા જ લેવડાવતા અને સ્વામી પણ નિર્માનીપણે સરળતાથી, ઊભી થયેલ સમસ્યાનું સુખદ સમાધાન શ્રીહરિની રૂચિ અનુસાર જ કરી દેતા હતા.

હે ભક્તો ! એક વખત સ્વયં શ્રીહરિએ મનુષ્ય–લીલા કરતા કહ્યું કે, ‘‘મારે મારાં માતાનું શ્રાદ્ધ કરવું છે. એ માટે પચીસ મણ દૂધનો દૂધપાક કરાવો અને સાત પડવાળી રોટલી કરાવો ! તુરંત જીવુબા–લાડુબાએ એ પ્રમાણે રસોઈ તૈયાર કરાવી અને મહારાજ માટે અનેક પ્રકારનાં મિષ્ટ ભોજનનો થાળ તૈયાર કરાવી પ્રભુને જમવા બોલાવ્યા. ત્યારે મહારાજ કહે: ‘‘આજે શ્રાદ્ધ છે, માટે સૌથી પહેલા પવિત્ર બ્રાહ્મણને જમાડવા જોઈએ પછી અમો જમીશું. તો પવિત્ર બ્રાહ્મણ કોણ છે તે કહો.’’ ત્યારે સંતોએ કહ્યું: ‘‘આપ ધારો છો એવા પવિત્ર બ્રાહ્મણ તો આ મૂળજી બ્રહ્મચારી છે.’’

સંતોનું કહેવું સાંભળી શ્રીહરિ કહે: ‘‘સાચી વાત છે. બ્રહ્મચારી આવો ને પ્રથમ તમે ભક્તિમાતાનું શ્રાદ્ધ જમો, પછી અમો જમીશું.’’ ત્યારે બ્રહ્મચારી કહે: ‘‘આ સૂરજ ઉગમણો ઉગે છે એના બદલે આથમણો ઉગે તો પણ આપની પહેલાં હું નહિ જમું.’’ ત્યારે મહારાજ કહે: ‘‘બ્રહ્મચારી તમે નહિ જમો ત્યાં સુધી અમે પણ નહિ જમીએ. તમારે જ પહેલાં જમવું પડશે.’’ બન્ને હઠે ચડ્યા ! ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ અને નિત્યાનંદ સ્વામીએ બન્નેએ ખૂબ સમજાવ્યા, પણ બેમાંથી કોઈ માન્યા નહિ.

હે ભક્તો ! પછી શ્રીજી મહારાજ બોલ્યા: ‘‘માતાનાં શ્રાદ્ધમાં મા મનાવે તો જ બ્રહ્મચારી માનશે, માટે સત્સંગની મા એવા મુક્તાનંદ સ્વામીને બોલાવી લાવો.’’ ત્યારે સૌ કહેવા લાગ્યા: ‘‘બરાબર છે, આ કામ તો

સ્વામીનું જ છે, માટે એમને જલદી બોલાવી લાવો. આપણે તો સાવ ભૂલી જ ગયા. તુરંત બ્રહ્માનંદ સ્વામી ઘેલા નદીના કિનારે ગયા અને વિસ્તારથી બધી વાત કરી, એટલે મુક્તાનંદ સ્વામી પણ ઉતાવળા આવ્યા.

ત્વરિત ગતિએ સ્વામી દરબારગઢમાં આવ્યા અને બ્રહ્મચારીને એક બાજુ લઈ જઈને મુક્તાનંદ સ્વામી સમજાવવા લાગ્યા: ‘‘બ્રહ્મચારી ! આવી હઠ ભગવાન કરે તો ચાલે, પણ તમારે ન કરાય. તમે તો સેવક છો. આપ આપના સેવક ધર્મને સાચવવા પકડ કરો છો, પણ મારી વાત માનો. અનુવૃત્તિ એ જ મોટી સેવા કહેવાય છે. ઈષ્ટદેવની મરજી પ્રમાણે વર્તવું એ જ મોટો સેવક ધર્મ છે. આ બાબત શું તમે ભૂલી ગયા ? જો તમે આજ શ્રીજી મહારાજનું નહિ માનો તો આજ દિન સુધીની તમે કરેલી સેવા વ્યર્થ થઈ જશે, માટે મન ધાર્યું મૂકો અને મહારાજનું ધાર્યું કરો.’’

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીના શબ્દોની ધારી અસર થઈ. પછી બ્રહ્મચારી જમવા બેસી ગયા. મહારાજે શ્રાદ્ધ નિમિત્તે તેમને પ્રેમથી પીરસીને જમાડ્યા. ત્યારબાદ પોતે પણ પ્રેમથી જમ્યા. અને જમ્યા પછી સંતોની પંક્તિમાં પણ પીરસવા પધાર્યા અને સંતોને તાણ કરી કરીને ખૂબ દૂધપાક પીરસી જમાડ્યા. પછી મહારાજે સ્વામીને પૂછ્યું: ‘‘સ્વામી ! હવે અમારાં માતાની ‘શ્રાદ્ધ ચોરાશી પુરીને ?’’ ત્યારે દયાળુ સ્વામી બોલ્યા: ‘‘મહારાજ ! એકાદ વ્યક્તિ જમ્યા વિના બાકી રહી જાય તો ચોરાશી અધુરી કહેવાય.’’

આવું સાંભળી શ્રીહરિએ પૂછ્યું: ‘‘સ્વામી ! સાધુ–બ્રહ્મચારી–પાળા અને હરિભક્તો બધાને જમાડ્યા છે, છતાં હજુ કોણ બાકી છે ?’’ ત્યારે સમય જોઈ મુક્તાનંદ સ્વામી મા થઈને બોલ્યા: ‘‘મહારાજ ! સચ્ચિદાનંદ સ્વામીને આપે ત્રણ દિવસથી કાઢી મૂક્યા છે. તે ઘેલા કિનારે ભૂખ્યા ને તરસ્યા બેઠા બેઠા તમારું ધ્યાન–ભજન કરે છે. હું અત્યારે સચ્ચિદાનંદ સ્વામી પાસે જ જતો હતો, પણ અધવચ્ચેથી મને બ્રહ્માનંદ સ્વામી બ્રહ્મચારીને મનાવવા અહીં લાવ્યા.’’

મુક્તાનંદ સ્વામીનું કહેવું સાંભળી શ્રીહરિ સર્વજ્ઞ હોવા છતાં બોલ્યાઃ ‘‘હે સ્વામી ! હું તો સચ્ચિદાનંદ સ્વામીને સાવ ભૂલી જ ગયો હતો. તમે યાદ કરાવ્યું તે બહુ સારું કર્યું હો. મા વગર આવી માયાળુતા કોણ વાપરી શકે ?’’ આ પ્રમાણે બોલી મહારાજ મુક્તાનંદ સ્વામીને ભેટી પડ્યા. અને સચ્ચિદાનંદ સ્વામીને જલદી બોલાવી લાવવા સંતો મોકલ્યા. સ્વામી આવ્યા એટલે એમને પણ ભેટ્યા અને પ્રેમથી પીરસી ખૂબ જમાડ્યા. ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યાઃ ‘‘હે મહારાજ ! હવે ભક્તિમાતાનું શ્રાદ્ધ પરિપૂર્ણ થઈ ગયું.’’

## મહારાજનો મહિમા - સ્વામીનો મહિમા

હે ભક્તો ! એક સમયે વડતાલથી મુક્તાનંદ સ્વામી સંતો સાથે નડિયાદ પધાર્યા હતા. તે સમયે સ્વામિનારાયણ ભગવાન પણ નડિયાદમાં વિરાજમાન હતા. તેથી કેટલાક મુમુક્ષુઓ ભગવાન આગળ કથા સાંભળવા ગયા અને ત્યારબાદ તે બધા મુક્તાનંદ સ્વામી પાસે પણ કથા સાંભળવા આવ્યા. તે બધા આગળ સ્વામીએ કથા કરી. પછી તેઓ બોલ્યાઃ ‘‘સ્વામી ! તમે વાતો કરી તે અમને સૌને તત્કાળ સમજાઈ ગઈ, પણ મહારાજે જે વાતો કરી તે અમારાથી બરાબર સમજાણી નહિ.’’

આવું સાંભળી મુક્તાનંદ સ્વામી મંદમંદ હસતા બોલ્યાઃ ‘‘હે મુમુક્ષુઓ ! તમે તો આજે પહેલીવાર જ શ્રીજી મહારાજના મુખેથી કથા-વાર્તા સાંભળી અને તમને નથી સમજાણી પરંતુ હું તો પચ્ચીસ વર્ષથી એમની સાથે રહું છું અને ૪૦ વર્ષ પહેલાં તો મેં દીક્ષા લીધી છે, છતાં પણ જેમ છે તેમ હું પણ તેઓની વાતો સમજી શક્યો નથી, તો પછી તમે કેવી રીતે સમજી શકો ? પુરુષોત્તમ નારાયણ સ્વયં આ વખતે પૃથ્વી ઉપર પધાર્યા છે અને તે આ સ્વામિનારાયણ ભગવાન છે, માટે તેમનો આશરો કરો ને સત્સંગી થાઓ.’’

હે ભક્તો ! સ્વામીની મધુર વાણી અને મહિમાસભર વાણી સાંભળીને તેમને વાત સત્ય મનાણી અને સૌ સત્સંગી થઈ ઘેર ગયા. તેમણે પણ ઘેર જઈ સ્વામિનારાયણ ભગવાનનો મહિમા પોતાના પરિવારને કહ્યો અને તેઓ પણ સત્સંગી થયા હતા.

એક વખત મુક્તાનંદ સ્વામી ગામડાંઓમાં વિચરણ કરી ગઢપુર આવ્યા. ઉતારો કરીને પછી શ્રીજી મહારાજનાં દર્શન કરવા ગયા. તે સમયે શ્રીહરિ જમતા હતા. તેથી સ્વામીએ દંડવત પ્રણામ કરી જય સ્વામિનારાયણ કહ્યા. ત્યારે જવાબમાં પણ શ્રીહરિ જય સ્વામિનારાયણ બોલ્યા. પછી સ્વામીને પોતાની પાસે બોલાવ્યા અને જે થાળ પોતે જમતા હતા, તે થાળ મુક્તાનંદ સ્વામી આગળ મૂકીને જમવાની આજ્ઞા કરી, એટલે પ્રસાદીનો થાળ જાણી સ્વામી ખૂબ રાજી થયા અને પ્રેમથી જમવા લાગ્યા.

હે ભક્તો ! નટવર નાગર ત્યારે સ્વામીને કહેવા લાગ્યાઃ ''મુક્તાનંદ સ્વામી ! તમારી સાથે વાતો કરવામાં સમય જતો રહ્યો અને અમે ભૂખ્યા રહી ગયા, માટે તમારી સાથે બેસીને જમીએ એટલે અમને તૃપ્તિ થઈ જાય !'' આ પ્રમાણે બોલીને પ્રગટ પ્રભુ પોતે સ્વામીના થાળમાંથી લઈને જમવા લાગ્યા ! ત્યારે સ્વામીએ રોક્યા, પરંતુ મહારાજ માન્યા નહિ. અર્થાત્ જમી લીધું હોવા છતાં ફરીને જમવા લાગ્યા. આવું કરીને પ્રભુને બતાવવું હતું કે, ''મુક્તાનંદ સ્વામી જેવા સમર્થ મહાપુરુષના થાળની પ્રસાદી જેને જમવા મળે એના બહુ મોટાં ભાગ્ય સમજવાં.

## મહેતાએ ભાગ આપવાની ના કહી

હે ભક્તો ! પીપલાણાના નરસિંહ મહેતાનો એક પ્રસંગ આપણે જોઈ ગયા – વાંચી ગયા કે મુક્તાનંદ સ્વામી તેમને મનાવીને શ્રીહરિ પાસે ફરીને લઈ ગયા હતા. એવો જ એક બીજો પ્રસંગ મહેતાજીનો છે, તેને એકાગ્રતાથી મનન–પૂર્વક વાચજો. કારણ કે ભગવાન અને ભક્તોનાં જીવન–પ્રસંગો–ચરિત્રો કલ્યાણકારી હોય છે.

હે ભક્તો ! પીપલાણાના આગેવાન ભક્ત નરસિંહ મહેતાએ તેમના નાનાભાઈ નારાયણ મહેતાનાં લગ્ન લાડકીબાઈનાં દીકરી રૂકમાઈબેન સાથે કર્યા હતા. તે બન્ને મા–દીકરી પણ મહારાજના સારા ભક્ત હતાં. રૂકમાઈબાઈ થોડાં વર્ષ સાસરે રહ્યાં, ત્યાંતો પોતાના પતિ નારાયણ મહેતાનું મૃત્યુ થતાં પોતે વિધવા બન્યાં ! પછી

તેઓ અવારનવાર પોતાના પિયર મેઘપુરમાં પોતાની મા લાડકીબાઈ સાથે રહેતાં અને પોતાનાં જેઠ પીપલાણાના નરસિંહ મહેતાનાં ઘેર અર્થાત્ પોતાનાં ઘેર પણ રહેતાં હતાં.

હે ભક્તો ! મેઘપુરમાં બે લાડકીબાઈ હતાં. એક ભાટ જ્ઞાતિનાં અને બીજાં આ લાડકીબાઈ બ્રાહ્મણ જ્ઞાતિનાં. બન્ને સત્સંગી હતાં. પોતાની પુત્રી યુવાનવયે વિધવા થતાં લાડકીબાઈએ નરસિંહ મહેતા પાસે પોતાના ભાઈનો ભાગ એમની પત્નીને અર્થાત્ પોતાની દીકરીને આપવા કહ્યું. પરંતુ મહેતાએ સ્પષ્ટ શબ્દોમાં ના કહી દીધી. તેથી તે લાડકીબાઈએ શ્રીજી મહારાજને વાત કરી. તેથી મહારાજે મહેતાજીને ભાગ આપવા જણાવ્યું. ત્યારે તે બોલ્યા: ‘‘મહારાજ ! તમારે અમારા ગૃહસ્થની વાતમાં પડવું નહિ. હું એનો જીવન–નિર્વાહ તો કરું છું, પછી એને ભાગને શું કરવો છે ?’’

હે ભક્તો ! ભાગ નહિ આપવાનું કારણ એ હતું કે, એ સમયે એમની પાસે એક લાખ રૂપિયા હતા ! એટલે ભાગ પાડતા રૂકમાઈ બેનને ૫૦ હજાર આપવા પડે તેમ હતા, તેથી ના કહી. પછી મહારાજે બન્ને મા–દીકરીને બોલાવીને કહ્યું: ‘‘ભાગ આપવાની તો એ ના કહે છે, પણ તમે જો એ રૂપિયાનું દાન–પુણ્ય કરો તો કપટ કરી એની પાસેથી રૂપિયા લઈ સમૈયામાં વપરાવું. કબૂલ હોય તો બોલો.’’ પછી બન્નેએ કહ્યું: ‘‘મહારાજ ! એ બધું પુણ્ય અમે નારાયણ મહેતા માટે વાપરશું; તેથી જે પુણ્ય મળે એ તમારા ધામમાં ગયેલ નારાયણ મહેતાના નામે તમે સ્વીકારી લેજો.’’

પછી તો શ્રીજી મહારાજે મેઘપુરમાં છ મહિના સુધી બ્રાહ્મણોની ચોરાસી કરાવી. તેમાં હજારો બ્રાહ્મણો જમ્યા. તેમા વપરાયેલ સીધું–સામાન વેપારીને ત્યાંથી લાવેલા એ બધું નરસિંહ મહેતા પોતાને હસ્તક લાવેલા. મહારાજે કહેલું કે, ‘બ્રાહ્મણ જમાડવા છે, માટે તમારા હસ્તક સામાન લેતા આવજો. પછી હિસાબ સમજી લેશું.’’ મહેતાજીને એમ હતું કે થોડા બ્રાહ્મણો જમાડશે, પણ મહારાજે તો છ મહિના સુધી જમાડ્યા !

## સ્વામીએ ફરીને નિશ્ચય કરાવ્યો

હે ભક્તો ! છ મહિનાના છેલ્લા દિવસે શ્રીજી મહારાજ સૌની હાજરીમાં બોલ્યાઃ ‘‘નરસિંહ મહેતાની જય... નારાયણ મહેતાની જય...’’ આવું સાંભળી મહેતાજી ચમક્યા અને બોલ્યાઃ ‘‘મહારાજ મારી જય કેમ બોલો છો ?’’ ત્યારે મહારાજ કહેઃ ‘‘જેના રૂપિયા આ ચોરાશીમાં વાપર્યા છે તેની જય તો બોલવી જ જોઈએને ? આ બધાનું પુણ્ય તમારા મરનાર ભાઈ નારાયણભાઈને મળશે. એની પાછળ જે ખર્ચ થયો છે, તે તેનાં પત્ની રૂકમાઈબાઈના ભાગમાં જે પૈસા તમારે દેવાના નીકળતા હતા તે માની લેજો. રૂકમાઈના ભાગે જે પૈસા નીકળતા હતા એનું આ બ્રહ્મ-ભોજન કરાવ્યું છે. એમને એમના પતિ પાછળ બ્રહ્મ-ચોરાશી કરાવવાની ઈચ્છા હતી, તેથી અમે ચોરાશી કરાવી છે.’’

શ્રીહરિનાં આવાં વચનો સાંભળી નરસિંહ મહેતા ઉદાસ થઈ ગયા અને બોલ્યાઃ ‘‘તમે ભગવાન થઈને મારી સાથે કપટ કર્યું ? તમને આવું ન શોભે. તમને ભગવાન કોણ કહેશે. આજથી હું તમારી સાથેના બધા જ સંબંધો તોડી નાખું છું. તમે ભગવાન પણ નથી અને મોટા પુરુષ પણ નથી.’’ આ પ્રમાણે બોલીને પોતાના દીકરાને કહ્યુંઃ ‘‘ઊઠ ઉભો થા કલ્યાણ ! આમણે તો આપણી સાથે કપટ કર્યું છે. જેમ પેલા વામનજીએ બળીરાજાને છેતરીને બધું લઈ લીધું હતું – તેમ આ સહજાનંદ સ્વામીએ પણ આપણને છેતરીને નારાયણભાઈનો ભાગ લઈ લીધો.’’

હે ભક્તો ! આ પ્રમાણે બોલીને રોષ કરીને રીસાઈને સભામાંથી ઊભા થઈ પીપલાણા જતા રહ્યા ! પછી તો છ મહિના જતા રહ્યા તોય એકવાર પણ શ્રીહરિનાં દર્શન કરવા ન આવ્યા. પીપલાણા જઈ મોટા મોટા સંતોએ અને ભક્તોએ ખૂબ સમજાવ્યા, પણ માન્યા જ નહિ. પછી શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને કહ્યુંઃ ‘‘સ્વામી ! છોકરા બાપથી રીસાય તો એને મા હોય તે જ મનાવી શકે. મા વિના છોકરો કોઈનું માને નહિ. તેમ નરસિંહ મહેતાને ઘણા સંતો-ભક્તોએ મનાવ્યા છે, પરંતુ કોઈનું માનતા નથી, હવે તમે જાઓ અને એમને સત્સંગમાં પાછા લાવો.’’

મહારાજની આજ્ઞા થતાં જ મુક્તાનંદ સ્વામી મા બનીને પીપલાણા આવ્યા. મહેતાજીને મુક્તાનંદ સ્વામી સાથે પ્રથમથી જ હેત હતું. તેથી સ્વાગત કરી ઉતારા આપી સેવા કરવા લાગ્યા. પછી સ્વામીએ ધીરે ધીરે સમજાવવાનું શરૂ કર્યું. ત્યારે મહેતાજી કહે: ''એવા કપટીને ભગવાન કોણ કહે ? એવા કપટી મારું કલ્યાણ શું કરવાના ?'' મુક્તાનંદ સ્વામીએ અનેક દ્દષ્ટાંતો આપીને કહ્યું: ''આપણા ગુરુ રામાનંદ સ્વામીએ કહેલું ને કે, ''ખરા ખેલના ભજવનારા આવવાના છે. એ આ શ્રીજી મહારાજ પોતે છે, માટે તમારું કલ્યાણ ન બગડે, એનો ખ્યાલ લાવી મહારાજ પાસે આવો અને પાકા સત્સંગી બની જાવ.'' સ્વામીના સમજાવવાથી નરસિંહ મહેતા ગઢડા શ્રીજી મહારાજ પાસે આવ્યા ને આંટી મૂકી દઈ પ્રથમની જેમ ભજન–ભક્તિ કરવા લાગી ગયા.

હે ભક્તો ! મહેતાને મુક્તાનંદ સ્વામીએ મનાવ્યા, એટલે મહારાજ સ્વામી ઉપર અતિશય રાજી થયા અને પોતે પહેરેલ ગુલાબનો હાર સ્વામીને પહેરાવી દીધો અને છાતીમાં ચરણારવિંદ પણ આપ્યા. પછી શ્રીહરિ સભામાં બેઠેલા સૌ કોઈને સંબોધીને સ્વામીની પ્રશંસા કરતા કહેવા લાગ્યા: ''આ મુક્તમુનિ બહુ નિપુણ છે. અમારી મરજી પ્રમાણે જ અનુસરે છે અને અનુસરાવે છે. જેમાં બીજાનું હિત રહેલું હોય તેવાં જ વચન મુખથી બોલે છે. આ મુક્તાનંદ સ્વામીના સમાગમથી તો જડમતિ જન પણ સુધરી જાય એવા એ મહાન સંત છે.''

## દરિયાખાનના ભૂતોનો ઉદ્ધાર

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીની જેવી મીઠી વાણી હતી, એવું જ મીઠું વર્તન પણ હતું. એકવાર ૫૦ સંતોને લઈ સ્વામી અમદાવાદ આવ્યા. શ્રીહરિએ સંતોને દરિયાખાનના ઘુંમટમાં રહેવાની આજ્ઞા કરી હોવાથી સ્વામી અને સંતો ત્યાં ઉતર્યા. એ જગ્યા બિલકુલ નિર્જન હતી. ત્યાં ચારેબાજુ આંમલીઓનાં ઝાડ હતાં. બાજુમાં જ સ્મશાન હતું. માણસ તો શું ચકલુંય પણ ન ફરકે એવી ભયંકર જગ્યા હતી. સૌએ ત્યાં ઉતારો કર્યો.

સાંજે સંધ્યા આરતી સંતોએ શરુ કરી ત્યાંતો ભયંકર ગેબી અવાજોથી ઘુંમટ ગાજી ઊઠ્યો ! થોડીવારમાં

તો ત્રાસજનક ત્રાડો સંભળાણી. તેના કારણે નાના સંતોનાં કાળજાં ધ્રુજી ઊઠ્યાં અને અંગો ફફડવા લાગ્યા ! એટલે મુક્તાનંદ સ્વામી કહેવા લાગ્યાઃ ‘‘સંતો ! ગભરાશો નહિ. એ આપણી પાસે આવી શકશે નહિ. હિંમત રાખી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન બોલવા માંડો. સ્વામીએ કહ્યું એટલે સૌ સંતો તાળી પાડીને ધૂન બોલવા લાગ્યા. એ સમયે હાથમાં પાણી લઈ સ્વામિનારાયણ નામ લઈને સ્વામીએ એ પાણી અવાજની દિશામાં છાંટ્યું.

ત્યાંતો ભૂતો આવીને સ્વામીના પગમાં પડી ગયા અને કાકલુદી કરતા કહેવા લાગ્યાઃ ‘‘સ્વામી ! આપ તો સમર્થ મહાપુરુષ છો, માટે અમારો ઉદ્ધાર કરો. અમો તીવ્ર વાસનાને કારણે ભૂતયોનિને પામ્યા છીએ. અત્યાર સુધી અમોએ અનેક નિર્દોષ લોકોના પ્રાણ લીધા છે. અમો અતિશય દુઃખી છીએ, માટે અમારો મોક્ષ કરો.’’

હે ભક્તો ! ભૂતોની વિનંતી સાંભળી દયાળુ દિલના દયાનિધિ મુક્તાનંદ સ્વામીએ સ્વામિનારાયણ નામ લઈને તે સર્વે ઉપર પ્રસાદીનું પાણી છાટ્યું, એટલે બધા ભૂતો દિવ્યરૂપે બદરિકાશ્રમમાં જતા રહ્યા. નાના સંતો આવું જોઈને આશ્ચર્ય પામી ગયા અને વારંવાર સ્વામિનારાયણ ભગવાનની જય બોલી મુક્તાનંદ સ્વામીને ધન્યવાદ આપવા લાગ્યા.

## સાચા કેવળીક સંતો છે

હે ભક્તો ! ભૂતોને બદરિકાશ્રમમાં મોકલ્યા પછી સ્વામી અને સંતો સુખેથી ત્યાં રહેવા લાગ્યા. શહેરમાંથી ભિક્ષા માગી આવે અને દરિયાખાનના ઘુંમટમાં રહીને ભજન–ભક્તિ કરે. આ ક્રમ થોડા દિવસ ચાલ્યો. એમાં એક દિવસ અમદાવાદના એક જૈન શાહુકારનું મૃત્યુ થયું. તેનો અગ્નિ–સંસ્કાર કરવા અનેક લોકો ત્યાં આવ્યા. એ સમયે મુક્તાનંદ સ્વામી અને સંતો આમલીઓ નીચે બેસીને ધ્યાન કરતા હતા. તે સમયે થોડા સંતો ધ્યાનમાંથી જાગ્યા એટલે પેલા લોકો સંતો પાસે આવીને બ્રહ્મજ્ઞાનની વાતો કરવા લાગ્યા અને કહેવા લાગ્યાઃ ‘‘સાચા કેવળીક તો અમે જ છીએ. અમે જ બ્રહ્મ છીએ.’’

આ પ્રમાણે કહી રહ્યા હતા, એ સમયે જ આમલી (આંબલી) ઉપરથી એક મોટો કાળો નાગ નીચે પડ્યો! તુરંત પેલા ઓય માડી, ઓય બાપ કરતા ઊભા થઈને ભાગ્યા ને દૂર જઈ ઊભા રહી જોવા લાગ્યા. ત્યાંતો કીંગ કોબ્રા કોઈ સંતોના હાથ ઉપર, કોઈ સંતોના પગ ઉપર ચાલતો ચાલતો મુક્તાનંદ સ્વામીના મસ્તક ઉપર ચડી ફેણ માંડી ડોલવા લાગ્યો ! પરંતુ સ્વામીએ આંખ પણ ખોલી નહિ ! બધા જ સંતો ધ્યાનની સ્થિતિમાં બેઠા રહ્યા !

હે ભક્તો ! આવું દૃશ્ય જોઈ શ્રાવક લોકોને સમજાયું કે, 'ખરા કેવળીક તો આ સંતો છે.' થોડીવાર પછી પેલો નાગ સ્વામીના શરીર ઉપરથી ઉતરીને જતો રહ્યો. પછી પેલા લોકોએ આવી સંતોને ધ્યાનમાંથી જગાડી માફી માગી. પછી મુક્તાનંદ સ્વામીને પૂછ્યું: ''આપ કોણ છો અને શા માટે અહીં આવ્યા છો ? આપ જ્યાં સુધી અહીં રહો ત્યાં સુધી અમારી રસોઈ લ્યો.''

સ્વામીએ સંપ્રદાયનો પરિચય આપ્યો અને સ્વયં પરમાત્મા પૃથ્વી ઉપર પ્રગટ થયા છે અને સ્વામિનારાયણ રૂપે કાઠિયાવાડમાં રહે છે, અમે એનાં સંતો છીએ. અહીંયા સત્સંગ પ્રચાર માટે આવ્યા છીએ. આ પ્રમાણે ઓળખાણ આપી. આવું સાંભળીને સૌ વણિકો રાજી થયા અને દરરોજ રસોઈ દેવા લાગ્યા તેમજ સ્વામીનો સમાગમ કરવા લાગ્યા.

હે ભક્તો ! પછી તો અમદાવાદ શહેરમાં વાતો થવા લાગી કે, 'દરિયાખાનના ઘુંમટમાં સાચા કેવળીક સંતો આવ્યા છે.' તેથી લોકો ત્યાં આવવા લાગ્યા અને સંતોનો સમાગમ કરવા લાગ્યા. એમાં ઘણા મુમુક્ષુઓ સત્સંગી થયા અને તેઓ મુક્તાનંદ સ્વામીને ગુરુ માની પંચવર્તમાન પાળી સ્વામિનારાયણ મહામંત્રનું ભજન કરવા લાગ્યા. તે સમયે એક મહિના સુધી ત્યાં રસોઈ ચાલી અને પછી સૌ સંતો સાથે અને નવા થયેલા સત્સંગીઓને સાથે લઈ મુક્તાનંદ સ્વામી શ્રીજી મહારાજ પાસે ગઢપુર પધાર્યા અને વિગતે સહિત સર્વે વાત વિસ્તારીને કહી સંભળાવી.

## અમદાવાદમાં તીવ્ર ગતિથી સત્સંગની વૃદ્ધિ

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીની વાણી–વર્તન અને વિચારની ઊંડી છાપ અમદાવાદના મુમુક્ષુઓ ઉપર પડી. એટલું જ નહિ, પરંતુ બ્રિટીશ સરકારના અમદાવાદના કલેક્ટર એરણ સાહેબના મનમાં પણ સ્વામી પ્રત્યે અને સ્વામિનારાયણ સંપ્રદાય પ્રત્યે માનની લાગણી થઈ. તેથી તેમણે મંદિર કરવા માટે મોટી જગ્યા આપી અને નવા વાસની જગ્યાનો પાકો દસ્તાવેજ કરી આપ્યો. તેથી તે જગ્યાએ જયાનંદ વર્ણીએ અને ત્યાંના સત્સંગી નાનાભાઈએ સાથે મળીને સૌ પ્રથમ સંતોને રહેવા માટે ધર્મશાળા બંધાવી.

ધર્મશાળાનું કામ પુર્ણ થતાં વર્ણી ગઢપુર જવા તૈયાર થયા ત્યારે તેમણે નાનાભાઈને કહ્યું: ''તમોએ આ સંતોની ધર્મશાળા બાંધવામાં બહુ જ મદદ કરી છે, માટે અમો તમારા ઉપર બહુ રાજી થયા છીએ. તમારે કાંઈ શ્રીજી મહારાજને સમાચાર દેવા હોય તો બોલો.'' ત્યારે નાનાભાઈ બોલ્યાઃ ''મારો દેહ હવે રહે એમ લાગતું નથી. તેથી તમે મહારાજને કહેજો કે, મુક્તાનંદ સ્વામીને અહીં ચાતુર્માસના ચાર મહિના સુધી ભાગવતની કથા સંભળાવવા મોકલે. મારી આટલી વિનંતી પ્રભુને કહેજો. મારી છેલ્લી ઈચ્છા મુક્તાનંદ સ્વામીના મુખથી કથા સાંભળવાની છે.''

હે ભક્તો ! પછી જયાનંદ વર્ણી ગઢડા આવ્યા અને સંતોની ધર્મશાળા તૈયાર થઈ ગઈ છે, એ શુભ સમાચાર સંભળાવીને નાનાભાઈના સમાચાર પણ આપ્યા. તુરંત શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને અમદાવાદ જવાનું કહ્યું. સ્વામી પણ એ જ દિવસે પોતાનું સંતમંડળ લઈને ચાલતા થયા અને અમદાવાદમાં આવી નવી બનાવેલ ધર્મશાળામાં ઉતારો કર્યો. પછી વળતા દિવસથી ભાગવત કથાનો આરંભ કર્યો એટલે અમદાવાદમાં વાત ફેલાણી કે, ''દરિયાખાનના ભૂતોને ભગાડનાર ઓલ્યા મુક્તાનંદ કેવળીક નવા વાસમાં પધાર્યા છે અને ભાગવતની કથા સંભળાવે છે.''

હે ભક્તો ! સૂર્ય ઊગે એટલે એનો પ્રકાશ આપમેળે જ ફેલાવા લાગે, અત્તર ઢોળાય એટલે એની સુગંધ આપમેળે જ ફેલાવા લાગે – એમ વર્તનશીલ સંતો કથા કરે એટલે એની સુવાસ પણ મુમુક્ષુઓ સુધી પહોંચી જ

જાય. આ ન્યાયે અમદાવાદના મુમુક્ષુઓ સ્વામીનાં દર્શન કરવા અને કથા સાંભળવા આવવા લાગ્યા. તેથી તેમની આગળ સ્વામી પ્રગટ પ્રભુની વાતો કરવા લાગ્યા અને શ્રીહરિનો મહિમા સમજાવી સત્સંગી પણ કરવા લાગ્યા.

સાચા સંતનું વર્તન જોઈ એની મધુર વાણી સાંભળી સ્વામિનારાયણ સંપ્રદાય અમદાવાદમાં તીવ્ર વેગથી કૂદકે ને ભૂસકે વધવા લાગ્યો. સ્વામી પાસે કંઠીઓ બંધાવાની તો લાઈન લાગવા માંડી. સંતો માટે સીધાં–સામાન, ફળ–ફૂલ અને સાકરના પડા નાળિયેર સાથે ભેટરૂપે આવવા લાગ્યા. આ રીતે મુક્તાનંદ સ્વામીના સદ્‌ગુણોની સુવાસ દિનપ્રતિદિન અમદાવાદમાં વધવા લાગી.

## ટોપી ફેંકીને સ્વામી બોલ્યા કે.....

હે ભક્તો ! અમદાવાદમાં મુક્તાનંદ સ્વામીના સદ્‌ગુણોની સુવાસથી સજ્જન લોકો તો રાજી થયા પરંતુ જન્મથી જે દુષ્ટ સ્વભાવના દુષ્ટ લોકો હતા તે દાજી ઊઠ્યા. એક દિવસ રાગ, દ્વેષ અને ઇર્ષ્યાના ભાવથી બળી ઊઠી મુક્તાનંદ સ્વામીનું કાસળ કાઢી નાખવા કોઈ દુષ્ટે યુક્તિ શોધી કાઢી.

સાધુના રૂપમાં રહેલા એક અસુરે બીજા અસુરને કહ્યું: ''જીવનમુક્તાના આ મુક્તાનંદ ભાગવતની કથા બહુ સારી કરે છે, તેથી સ્વામિનારાયણ સંપ્રદાયની કીર્તિ દિન પ્રતિદિન વધતી જાય છે. હજારો લોકો એની કથાથી તૃપ્ત થયા છે અને હજુ થાય છે. આપણા હેતવાળા પણ ઇ મુક્તાનંદનાં વખાણ કર્યા કરે છે. આ મુક્તાનંદ જ આ સંપ્રદાયનું મૂળ છે. જો સૌ પ્રથમ એનો નાશ કરી નાખીએ તો ૫૦ ટકા આપણું કામ હળવું થઈ જાય.'' આ પ્રમાણે યુક્તિ કરી અસુરો સ્વામીને મારવાના સ્વપ્નો સેવવા લાગ્યા !

હે ભક્તો ! એક દિવસ એક દુષ્ટે પૂજન કરવા માટે ચંદનમાં કાતિલ ઝેર ભેળવી તૈયાર કર્યું ! કથાના પ્રારંભમાં હરિભક્તો સ્વામીની પૂજા કરતા હતા, તેની સાથે પેલા દુષ્ટ માણસ ઝેરવાળું ચંદન લઈ હરિભક્તનો વેશ ધારણ કરી સ્વામીની પૂજા કરવા માટે વ્યાસપીઠ પાસે આવ્યો. પછી ઝેરવાળું ચંદન સ્વામીના ભાલમાં સારી રીતે

અર્ચન કર્યું ! એ ઝેર એટલું બધું જલદ હતું કે લગાડનારાના હાથની ચામડી ઊતરી ગઈ અને આંખોનું તેજ પણ હણાઈ ગયું !

સ્વામીએ કથા શરુ કરી, પરંતુ માથામાં બળતરા શરુ થઈ અને ઘેન ચડવા લાગ્યું. ત્યારે સ્વામીએ મનોમન શ્રીહરિની પ્રાર્થના કરી એટલે બળતરા શમી ગઈ. પછી કથા પૂરી કરીને રૂમમાં જઈ રવાજી પાર્ષદને વાત કરી. તેથી તેણે પૂજાનો સામાન તપાસ્યો ને ચંદનનો વાટકો સુંઘ્યો, ત્યાંતો એનું માથું પણ દુ:ખવા લાગ્યું. તેથી સ્વામીએ જોયું, ત્યાંતો તેમાં ઝેર ભેળવેલ જોયું ! તુરંત તેને જમીનમાં દાટી દીધું.

હે ભક્તો ! શ્રીહરિની કૃપાથી સ્વામીને સારું થઈ ગયું હતું, પરંતુ એ ઝેરની થોડી અસર કાયમ રહી હતી. તેથી ભગવાન શ્રીહરિએ જ સ્વામીને માથા ઉપર ટોપી પહેરવાનું કહેલ, એટલે સ્વામી કાયમ માટે ભગવી ગોળ ટોપી પહેરતા.

એક વખતની વાત છે. મુક્તાનંદ સ્વામી સંતો સાથે ભાલમાં આવેલ સુંદરિયાણા ગામની વચ્ચેથી જઈ રહ્યા હતા. તેવામાં ચોરે બેઠેલા પંચાતિયા અંદરો–અંદર બોલવા લાગ્યા: ‘‘ભગવી પાઘડીવાળા તો સ્વામિનારાયણના સાધુ છે, પણ પેલા આગળ ચાલ્યા જાય છે જે ટોપીવાળા તે સ્વામિનારાયણના સાધુ નથી લાગતા.’’ આ શબ્દો સાંભળતા જ મુક્તાનંદ સ્વામીએ માથા ઉપર પહેરેલ ટોપી કાઢીને ફેંકી દીધી. તેથી સંતોએ કારણ પૂછતા કહ્યું: ‘‘જે મને સ્વામિનારાયણનો મટાડી દે એ વસ્તુ મારે ન ખપે. હું માથાનો દુખાવો સહન કરીશ, પણ હવે ટોપી ક્યારેય નહિ પહેરું.’’

## નાક-કાન કાપવાં તૈયાર થયેલ બાવો

હે ભક્તો ! એક વખત શ્રીજી મહારાજ જેતલપુરમાં બિરાજમાન હતા અને મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી ગઢપુરમાં હતા. બન્ને સદ્ગુરુઓને એક દિવસ ઈચ્છા થઈ કે, ‘આપણે જેતલપુર મહારાજ પાસે જઈએ.’’ પછી ગઢપુરથી બન્ને ચાલતા ચાલતા કારેલી ગામ પહોંચ્યા. ત્યાં વિસામો લેવા ધર્મશાળામાં ઉતારો કર્યો. સંતોના

આચાર, વિચાર અને ઉચ્ચાર જોઈ કારેલી ગામના લોકોને બન્ને સંતો પ્રત્યે પૂજ્યભાવ પ્રગટ્યો, તેથી લોકો તેમનાં દર્શન કરવા માટે આવવા લાગ્યા. સ્વામી પણ મુમુક્ષુ આગળ શ્રીહરિનો મહિમા કહેવા લાગ્યા અને પ્રગટ પ્રભુના આશ્રિત થવા માટે સદ્‌બોધ આપવા લાગ્યા.

આ વાતનો ત્યાંના એક મઠધારીને ખ્યાલ આવ્યો, તેથી તે સંતો પાસે આવી પોતાના આશ્રમમાં પધારવાની વિનંતી કરી. નિર્મળ-નિષ્કપટ અને નિર્દોષ મનના બન્ને સંતો તેને ભાવિક જાણીને તેના આશ્રમમાં ગયા. નિખાલસ હૃદયના સંતો અંદર પ્રવેશ્યા કે તુરંત તે ખબડદાસ બાવાએ આશ્રમનો દરવાજો બંધ કર્યો ! ત્યારે સંતોએ એને દરવાજો બંધ કરવાનું કારણ પૂછ્યું. ત્યારે તે કહેવા લાગ્યો: ''આજે તમારા નાક-કાન કાપવાં છે ! આજે બરાબર લાગમાં આવ્યા છો. તમે બન્ને સ્વામિનારાયણના મોટા સાધુ કહેવાવ છો ને ? આજે મારે જોવું છે કે તમને કોણ છોડાવવા આવે છે ?''

હે ભક્તો ! આ પ્રમાણે કહીને તે તો હાથમાં મોટો છરો લઈને અણી કાઢતો જાય ને બોલતો જાય: ''આજે સારા-નરવા જાવા દેવા નથી, નાક-કાન કાપીને સ્વામિનારાયણ પાસે મોકલવા છે.'' આવું સાંભળી બ્રહ્માનંદ સ્વામી કહેવા લાગ્યા: ''હે મુક્તાનંદ સ્વામી ! આ બાવો હમણાં આપણાં નાક-કાન કાપશે. પછી લોકો આપણને જોઈને આપણા સંપ્રદાયની નિંદા કરશે. ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું: ''બ્રહ્મમુનિ ! દેહ માટે અને પરિવાર માટે તો આપણે અનેક જન્મોમાં નાક-કાન કપાવ્યાં છે, આ વખતે સ્વામિનારાયણ માટે કપાવવાં પડે, તો આપણા માટે સંપ્રદાયની સેવા જ ગણાશે. ચિંતા છોડી દો, શ્રીહરિ અંતર્યામી છે. તેમને આપણી રક્ષા કરવી હશે તો ગમે તે દ્વારે પણ રક્ષા કરશે, માટે ભજન શરુ કરીએ.''

હે ભક્તો ! પછી બન્ને સંતો ભજન કરવા લાગ્યા. ત્યાંતો કારેલી ગામના પહેલવાન રાઘવજીભાઈ જતમાં જાણે કે શ્રીહરિએ પ્રવેશ કર્યો હોયને શું ? એમ એ ત્યાં આવ્યા અને ખબડદાસને પૂછ્યું: ''બાવાજી છરો કેમ ઘસો છો ?'' ત્યારે બાવો બોલ્યો: ''તારે એનું શું કામ છે ? મારે આ મુંડિયાનાં નાક-કાન કાપવાં છે.'' ત્યારે

અંદર આવીને તેણે કહ્યું: ''આ સંતો નિર્દોષ છે, તેને છોડી મૂકો.'' ત્યારે બાવો તેને ગાળો દેવા લાગ્યો. એટલે રાઘવજીભાઈએ લાત મારી છરો લઈ લીધો અને સંતોને બહાર કાઢી દૂર સુધી મૂકી ગયા. આ પક્ષના કારણે બન્ને સંતોના આશીર્વાદ મળ્યા, તેથી અંતકાળે લેવા શ્રીહરિ પધાર્યા હતા.

## સ્વામીને વિરહાગ્નિનો વિયોગ

હે ભક્તો ! જેમ કોઈ કુશળ સેનાપતિ પોતાના સૈનિકોને નિત્ય કવાયત કરાવી મજબૂત અને કુશળ બનાવે છે – તેમ ૧૧૪ જેટલાં જુદાં જુદાં પ્રકરણો ફેરવી શ્રીહરિએ સંતોને ખૂબ જ તાવ્યા હતા. એક તરફ દ્વેષીઓનો ત્રાસ તો બીજી બાજુ શ્રીહરિ દ્વારા લેવાતી આકરી કસોટીઓ અને ત્રીજી તરફ સ્વેચ્છાએ ધારેલા આકરાં વ્રતો. આ ત્રિવેણી સંગમમાં સ્નાન કરતા સંતોના મનમાં તેની કોઈ ફરિયાદ ન હતી. એ તો પ્રભુની મસ્તીમાં રહી ભજન–ભક્તિ કરતા અને બીજાને કરાવતા હતા.

હે ભક્તો ! કૂતરાં પણ સુંઘીને જતા રહે એવા કાચા લોટના ગોળા ખાઈને પણ સંતો પાસ થઈ ગયા હતા. શ્રીહરિનાં બધાં જ પ્રકરણો સંતોએ સહર્ષ સ્વીકાર્યા હતાં. શરીરને ગમે તેટલું કષ્ટ પડે તેવાં પ્રકરણોમાં પણ કદી ઊણાં નથી ઉતર્યા એ સંતો, પરંતુ જ્યારે શરીરને સહજાનંદ શ્યામથી દૂર લઈ જવાનું થાય ત્યારે સંતોને પારાવાર દુ:ખ થતું; છતાં પણ આજ્ઞામાં જ સુખ છે, એમ માનીને એ સહન કરતા. તો પણ જ્યારે પ્રગટ પરમાત્માનાં દર્શનનો વિયોગ લાંબા સમય સુધી રહે, ત્યારે સંતોની ધીરજ ડગમગવા લાગતી અને પ્રભુનાં દર્શન માટે આકળા બની જતા.

શ્રીહરિ અનેક પ્રકરણો ફેરવતાં એમાં એક પ્રકરણ એવું હતું કે, ''અમારી રજા સિવાય કોઈએ અમારાં દર્શન કરવા પણ આવવું નહિ.'' આ પ્રમાણે આજ્ઞા કરી મુક્તાનંદ સ્વામી વગેરે અનેક સંતોને ગામડાંઓમાં સત્સંગ પ્રચાર માટે જવાની આજ્ઞા કરી. તેથી સંતો ભાંગતે પગલે વિરહી અવસ્થામાં આજ્ઞાને આધારે ગામડાંઓમાં ગયા.

દર્શન બંધીનું આ પ્રકરણ ઘણા દિવસ સુધી ચાલ્યું. ત્યારે પ્રેમ દીવાના પરમહંસોને વૈરાગીના માર કરતાંય અને કઠણ પ્રકરણો કરતાં પણ આ પ્રકરણ અતિ અસહ્ય લાગ્યું. અરે ! ધીર–ગંભીર–શાંત–સુશીલ અને જ્ઞાની એવા મુક્તાનંદ સ્વામી પણ શ્રીહરિનાં દર્શન વિના આકુળ–વ્યાકુળ થઈ ગયા !

હે ભક્તો ! શ્રીહરિની આજ્ઞા તોડાય તેમ ન હતી અને પ્રભુનાં દર્શન વિના રહેવાય તેમ પણ નહોતું ! એ સમયે સ્વામી લોયા તથા પાળિયાદ તરફનાં ગામોમાં વિચરણ કરી પ્રગટ પ્રભુની ઓળખાણ કરાવી રહ્યા હતા, પરંતુ ક્યાંય ચેન પડતું ન હતું. સ્વામીની ધીરજતાનો ડુંગર ડગમગવા લાગ્યો, અંતરમાં વિચારોનાં વાદળાં ચડ્યાં. પ્રભુદર્શનની વિરહાગ્નિ સતેજ બનતા સ્વામી અચેતન જેવા બની ગયા ! અંતરમાંથી આર્તનાદ નીકળ્યો: ''હે પ્રગટ પ્રભુ ! ક્યારે દર્શન આપશો ? ક્યારે અમને આપની સમીપે બોલાવશો ?'' આમ વિરહ વ્યથામાં વલોવાતા સ્વામીના મુખમાંથી શબ્દો સરી પડ્યા...

''રસિક સલૂને તેરે રૂપમેં લોભાની, તુમ બિના રયોરી ન જાવે;
ધર્મનંદન તુમકું બિન દેખે, બિરહ અનલ તન તાવે.'' રસિક૦

## શ્રીહરિ હસતા હસતા દોડ્યા

હે ભક્તો ! વિયોગની વાદલડી વરસી ગઈ. વરસી તો ખરી, પણ એ વિરહાશ્રુમાં શબ્દોના કરા પડ્યા ! ભાવાત્મક ભીતરની ભૂમિ ભીની થઈ ! પ્રગટ પ્રભુ પ્રત્યેની ઊંડી પ્રીતિના ઝખમથી કવિની કલમ કાકલૂદી કરવા લાગી ! મોડી રાત સુધી સ્વામી આવા વિરહનાં કીર્તનો ગાતાં રહ્યાં ! જેમ રાત પડે ને સૃષ્ટિ ભેંકાર લાગે – તેમ મુક્તાનંદ સ્વામીને પોતાનું જીવન આજે ભેંકાર લાગવા માંડ્યું. અંતરમાં અકળામણ વધવા લાગી. પ્રગટ પ્રભુના વિયોગનું દુ:ખ કેવું હોય એ તો વિરહ વ્યથામાં વલોવાયા હોય તેને જ ખબર પડે. એની અનુભૂતિ શબ્દોમાં કેમ કરવી ?

હે ભક્તો ! જેમ બાળકને ઓઢાડેલ માતાનો પાલવ ખસી જતા બાળક જેમ ઝબકીને જાગી જાય – તેમ સ્વામી આજે વારેવારે પ્રભુને યાદ કરી રડી રહ્યા છે. સ્વામીના જીવનમાં શ્રીહરિના વિયોગમાં આટલું બધું દૂર રહેવાનું બન્યું હોય એવો આ પહેલો પ્રસંગ હતો. પ્રાણ પ્યારા પ્રિયતમનાં સ્મરણ સાથે દુ:ખ અને સુખ, આજ્ઞા અને અધીરાઈનું મંથન થવા લાગ્યું. ભૂતકાળમાં સ્મરણોની યાદ અંતરમાં ઘૂમવા લાગી અને હૈયેથી હોઠે આવી કીર્તન સ્વરૂપે લાગી ઉછળવા...

‘‘મારું મન હરિયું રે, શ્યામળિયે સુખ દઈને;
હાવ-ભાવ કરી હેત ઘણેરું, કામણગારું કહીને.’’

હે ભક્તો ! જેમ જળ વિના માછલાં તરફડે, તેમ શ્રીહરિનાં દર્શન વિના સ્વામીનું હૈયું હાલક ડોલક થવા લાગ્યું. અરે ! એક દિવસે તો પ્રેમનું એવું પૂર આવ્યું કે મુક્તાનંદ સ્વામી પોતાના સેવક જ્ઞાનાનંદ સ્વામીને લઈને ગઢપુર પહોંચી ગયા ! ત્યાં ભગુજી મળ્યા. ભગુજીએ પ્રણામ કરીને કહ્યું: ‘‘હાલમાં મહારાજ કોઈને દર્શન દેતાં નથી.’’ ત્યારે સ્વામીએ કહ્યું: ‘‘તમે જઈને મારું નામ આપજો.’’ ભગુજીએ જઈ શ્રીહરિને વાત કરી, તો મહારાજે એની મસ્તીમાં જવાબ આપ્યો: ‘‘મુક્તાનંદ હોય કે કોઈ પણ હોય, દર્શન નહિ દેવાય !’’

ભગુજીએ આવી સ્વામીને વાત કરી કે, ‘મહારાજે સ્પષ્ટ શબ્દોમાં ના કહેવડાવી છે.’ આવું સાંભળી સ્વામી આકળા બની ગયા અને દાદાખાચરની ડેલીના ઓટલે બેસીને વિયોગની વિરહાગ્નિમાં વલોવાતા શબ્દોને બદલે માર્મિક–કડવા–કટાક્ષ અને વેધક શબ્દોનો મારો કીર્તનના રૂપમાં વરસાવા લાગ્યા.

‘‘ઘરનો એ છે રે, ધૂર્તપણામાં પૂરો; કુબજ્યાને કોઈ દોષ મ દેજ્યો’’

હે ભક્તો ! આ ૧૦ પદ પુરાં થયાં એટલે શ્રીહરિ હસતા–હસતા દોડ્યા અને સ્વામીને ભેટી પડ્યા અને બોલ્યા: ‘‘સ્વામી તમારા મુખે ઠપકો સાંભળવાની ઘણા સમયથી ઈચ્છા હતી. તમને ગુસ્સે કરવાની અમારી ઈચ્છા આજે પૂરી થઈ.’’ આ રીતે કહી દરબારગઢમાં લઈ ગયા અને પોતાના હાથથી પીરસીને સ્વામીને જમાડ્યા ને પોતાની પાસે રાખ્યા.

## મુક્તાનંદ સ્વામીની ૫૦ માળા

હે ભક્તો ! એક વખત ગઢપુરમાં દાદાખાચરના દરબારગઢમાં સંતો–ભક્તો સાથે લીલુડા લીમડા નીચે સભા કરી પ્રગટ પ્રભુ શ્રીહરિજી બેઠા હતા. એ સમયે સૌ સંતોને મહારાજે પૂછ્યું: ''તમે સૌ કેટલી માળા રોજ ફેરવો છો ?'' ત્યારે કોઈ સંતે સો માળાનું કહ્યું. કોઈએ બસ્સોનું કહ્યું. કોઈએ ૩૦૦નું કહ્યું તો કોઈએ ૫૦૦નું પણ કહ્યું ! પછી મુક્તાનંદ સ્વામીને પૂછ્યું: ''સ્વામી ! તમે કેટલી માળા કરો છો ?'' ત્યારે તેમણે કહ્યું: ''હું તો માંડ પચાસ માળા કરી શકું છું.''

આવું સાંભળી બીજા સંતો એકબીજાની સામે જોઈને મનમાં ગણગણવા લાગ્યા: ''આમ તો સ્વામી બહુ મોટા કહેવાય છે, પણ આટલી જ માળા કરતા હશે ? આપણને તો એમ હતું કે, સ્વામી તો સૌથી વધારે માળા કરી ભજન–ભક્તિ કરતા હશે.'' આવો ગણગણાટ સાંભળીને શ્રીહરિએ ફરીને સ્વામીને પૂછ્યું: ''સ્વામી ! તમે પચાસ માળા કેવી રીતે ફેરવો છો ? તે ઊભા થઈને કહો.'' મહારાજની આજ્ઞા થતાં જ સ્વામીએ બનાવેલ કીર્તન મહારાજની મૂર્તિ સામે અંગૂલી નિર્દેશ કરી ગાવા લાગ્યા:

''ભજો ભાવશું અખંડ જપ માળા રે, માળા ટાળે છે મન કેરા ચાળા રે૦''

આ રીતે સોળ ચિહ્‌નની તથા શ્રીજી મહારાજનાં એક એક અંગની માળા ફેરવતા હતા, તેની વાત કરતા બોલ્યા: ''મહારાજ ! આપનાં અંગ ધારતાં જો બીજો સંકલ્પ થાય તો તે માળા ખોટી કરી નવેસરથી માળા ફેરવું છું, એ માળાને ગણતરીમાં લેતો નથી.''

હે ભક્તો ! સ્વામીની માળા ફેરવવાની રીત સાંભળી શ્રીહરિ ખૂબ રાજી થયા, તેથી પ્રસાદીનો હાર પહેરાવી પોતાનો જરકશી ખેસ ઓઢાડ્યો અને સંતોને કહેવા લાગ્યા: ''સંતો ! તમો સર્વે પણ હવેથી મુક્તાનંદ સ્વામીની જેમ જ માળા ફેરવજો. એમની ૫૦ માળા આગળ તમારી ૫૦૦ માળાની કોઈ કિંમત નથી અને ૧૦૦૦ માળાની

પણ કોઈ કિંમત નથી. શરીરની સ્થિરતા અને ચિત્તની એકાગ્રતા સાધી પરમાત્મામાં વૃત્તિ રાખી જેટલી માળા કરવામાં આવે તે જ માળા સાચી કહેવાય છે.

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીની પોતાને વિષે અસાધારણ પ્રીતિ જોઈને મહારાજે સભામાં સ્વામીનો ખૂબ મહિમા કહ્યો. ત્યારે વિશ્વચૈતન્યાનંદ સ્વામીએ શ્રીહરિને કહ્યું, ‘‘હે મહારાજ ! આપે મુક્તાનંદ સ્વામીને અતિ મહત્ત્વ આપ્યું, તેથી સત્સંગીઓ સ્વામીને જ માનશે, અમને કોઈ નહિ માને.’’ આવું સાંભળી શ્રીહરિ બોલ્યા: ‘‘અમે કોઈ સત્સંગીઓને કાગળ લખીને એવું નથી કહ્યું કે, ‘‘એક મુક્તમુનિને જ માનજો, પણ બીજા કોઈ સંતને ન માનશો. એમનામાં વિશેષ સદ્‌ગુણો હોવાથી સત્સંગીઓ એમને વિશેષ માને છે. પક્ષીઓ પણ ફળોથી યુક્ત વૃક્ષોને સેવે છે – તેમ મુમુક્ષુઓ પણ સદ્‌ગુણોથી યુક્ત સંતને વિશેષ માને છે.’’

## મુક્તાનંદ સ્વામીની મોટાઈ

હે ભક્તો ! એકવાર જૂનાગઢ સભામંડપમાં ગુણાતીતાનંદ સ્વામીએ જાહેર સભામાં મુક્તાનંદ સ્વામીનો મહિમા કહીને એક પ્રસંગ કહ્યો હતો તે આપની સમક્ષ કલમ દ્વારા કંડારી રહ્યો છું. એક વખત જેતલપુરમાં શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામીને પૂછેલ: ‘‘સ્વામી ! તુંબડી તૂટી જાય તો તમને સાજી કરતા આવડે છે ?’’ ત્યારે સ્વામીએ કહ્યું જે, ‘ના મહારાજ.’ પછી મહારાજે કહ્યું જે, ‘તમે તમારી મોટપને જાણતા નથી. લો અમે તમને તમારી મોટપ કહીએ છીએ.

સર્વથી છેટે અક્ષરધામ છે. પણ જો આંહિ અલ્પ જેવો જીવ હોય ને તમે એમ ધારો જે, ‘આ જીવ અષ્ટ આવરણ પાર જે અક્ષરધામ તેમાં જાય’ તો તત્કાળ જાય ! એવું તમારા સંકલ્પમાં બળ છે. જેમ જતરડામાં ઘાલીને પાણો ફગાવી નાખે, તેમ તમે પણ જે જીવને આંહિથી અક્ષરધામમાં ફગાવો, તેને ત્યાં વચમાં કાળ, માયાદિક કોઈ આડું આવી શકે નહિ; એવું તમારાં કાંડામાં બળ છે.

વળી તમારા જેવા જે સંત તેને કોઈ ભાવે કરીને જમાડે તેને કોટિ યજ્ઞનું પુણ્ય થાય છે ને તેનો મોક્ષ થાય છે. ને તમારાં ચરણનો કોઈ સ્પર્શ કરે છે, તેનાં કોટિ જન્મનાં પાપ નાશ પામે છે. ને તમને ભાવે કરીને જે વસ્ત્ર ઓઢાડે છે તેનું પરમ કલ્યાણ થાય છે. ને તમે જે જે નદી, તળાવ, કૂવા તેને વિષે સ્નાન કરો છો તે સર્વે તીર્થરૂપ થાય છે. ને તમે જે વૃક્ષ તળે બેઠા હો ને જે જે વૃક્ષનું ફળ જમ્યા હો તે સર્વેનું રૂડું થાય છે. ને તમારાં કોઈ ભાવે કરીને દર્શન કરે છે ને કોઈ તમને ભાવે કરીને નમસ્કાર કરે છે તે સર્વેનાં પાપનો ક્ષય થાય છે.

વળી તમે જેને ભગવાનની વાત કરો છો ને કોઈને નિયમ ધરાવો છો તેનો મોક્ષ થાય છે. ઇત્યાદિ જે સર્વ તમારી ક્રિયા છે તે નિર્ગુણ છે ને જીવના કલ્યાણને અર્થે છે. આવો જે તમારો મહિમા તે શેણે કરીને છે ? તો સર્વ થકી પર જે અક્ષરધામ તેના પતિ એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેની તમો સર્વેને સાક્ષાત્કાર પ્રાપ્તિ થઈ છે, ને તે પુરુષોત્તમનો તમારે દૃઢ આશરો થયો છે.''

હે ભક્તો ! એકવાર મહારાજે કહેલું કે, ''અમને સંકલ્પ થાય છે જે સર્વને મુક્તાનંદ સ્વામી જેવા કરી મુકીએ, પછી સાચવવા ન પડે.'' કેમ જે મુક્તાનંદ સ્વામીને જ્ઞાન, તે જ્ઞાને કરીને સર્વે ટાળી નાંખે.

## આડબંધ રાખવાનું કારણ

હે ભક્તો ! એકવાર શિયાળાના સમયમાં મુક્તાનંદ સ્વામી સવારે વહેલાં પૂજા કરી રહ્યા હતા. બાજુમાં કોલસાથી ભરેલી સળગતી સગડી મૂકી હતી. એવા સમયે ચૈતન્યાનંદ સ્વામી પૂજા કરીને સ્વામીનાં દર્શન કરવા આવ્યા. મોટા સંતોને, નાના સંતો પૂજા સમયે દંડવત કરવા આવે – પૂજાનાં દર્શન કરવા આવે એવી પરંપરા આપણા સંપ્રદાયમાં ચાલી આવે છે. એ રીત મુજબ ચૈતન્યાનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીને દંડવત કર્યા અને ત્યાં બેસીને પૂજાનાં દર્શન કરવા લાગ્યા.

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીની પૂજા પૂરી થઈ એટલે પૂજા સંકેલીને સ્વામીએ એક વસ્ત્રનો લાંબો ટુકડો પૂજાની થેલીમાંથી કાઢી આંખે અડાડી ચૈતન્યાનંદ સ્વામીને કહ્યું: ''આ રામાનંદ સ્વામીની કોપીનનો આડબંધ છે.

(કમરે બાંધવાની જાડી દોરી) લ્યો દર્શન કરો.'' આવું સાંભળી ચૈતન્યાનંદ સ્વામી આંખો બંધ કરી ગયા અને બોલ્યાઃ ''મારી તો પતિવ્રતાની ભક્તિ છે. હે મુક્તાનંદ સ્વામી ! શ્રીજી મહારાજ મળ્યા પછી શું અધુરું રહી ગયું છે કે, હજુ આ રાખવાની જરૂર પડી ?''

આવું સાંભળી મુક્તાનંદ સ્વામી કહેવા લાગ્યાઃ ''સ્વામી ! તમે બોલો છો, એવું કાંઈ નથી. શ્રીજી મહારાજમાં કાંઈ અધુરું છે અને રામાનંદ સ્વામીમાં એથી વિશેષ છે. આ વસ્ત્રમાં મારા જીવનની કેટલીય સ્મૃતિઓ સમાયેલી છે. બ્રહ્મચર્ય સિદ્ધ કરવા હું અનેક સ્થાનોમાં ગયો. અનેક નામાંકિત સાધુ-સંતોને મેં ગુરુ કર્યા. અનેક ગુરુ બદલાવ્યા, પણ બ્રહ્મચર્ય સિદ્ધ કરાવે એવા કોઈ ન મળ્યા ! એવા તો એક જ રામાનંદ સ્વામી મળ્યા. અને એણે જ મને આ સર્વોપરી સહજાનંદ મહાપ્રભુનો નિશ્ચય કરાવ્યો છે. તેથી તેની સ્મૃતિ માટે આ આડબંધ રાખતો હતો, પણ છતાંય તમને એવું લાગતું હોય તો લ્યો એને સળગાવી દઉં.''

હે ભક્તો ! આ પ્રમાણે કહીને મુક્તાનંદ સ્વામીએ બાજુમાં રહેલ સગડીમાં તે આડબંધ મૂકી દીધો, તેથી તે સળગી ગયો. પછી સ્વામી બોલ્યાઃ ''હે ચૈતન્યાનંદ સ્વામી ! જે દિવસથી રામાનંદ સ્વામીએ કાલવાણી ગામમાં દિવ્યરૂપે આવીને કહ્યું હતું કે, ''મુક્તાનંદ ! આ સહજાનંદ સ્વામી જ સર્વોપરી ભગવાન છે, તેઓ માટે બીજું કાંઈ વિચારીશ નહિ.'' તે દિવસથી મારું મન એ માધુરી મૂર્તિમાં જ લાગી ગયું છે. બીજે ક્યાંય આસ્થા આવી નથી. સાંભળો ચૈતન્યાનંદ સ્વામી ?

''છાંડી કે શ્રી ધનશ્યામ, ઓર કો જો જપું નામ;
કર લે કટારી મેરી, જીહ્વા કાટી ડારિયો.
મુક્તાનંદ કહે ટેરી, દ્રઢતા જો ડગે મેરી;
શૂળી પે ચઢાઈ, તીખે તીરન સે મારિયો.''

## સ્વામીનો જમણો હાથ ભાંગ્યો !

હે ભક્તો ! સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાથી બ્રહ્માનંદ સ્વામીએ વડતાલ ધામમાં નવ્ય-ભવ્ય નવ શિખરનું મંદિર તૈયાર કરાવ્યું. તેમાં આનંદાનંદ સ્વામી અને અક્ષરાનંદ સ્વામીએ પણ ખૂબ સહકાર આપ્યો હતો. મંદિર તૈયાર થતા પ્રતિષ્ઠા કરવા શ્રીજી મહારાજ સંતો-ભક્તો સાથે ગઢપુરથી વડતાલ આવવા તૈયાર થયા.

એ વખતે મુક્તાનંદ સ્વામી બીમાર હતા. તેથી વડતાલ આવી શકે તેમ ન હતા. તેથી અમુક આગેવાન સંતો-ભક્તો સ્વામી પાસે ગયા અને કહેવા લાગ્યા: ''સ્વામી ! અત્યાર સુધીમાં ભગવાનના અનેક અવતારો પૃથ્વી ઉપર થયા, પરંતુ એક પણ અવતારે પોતાની હયાતીમાં પોતાની મૂર્તિ પધરાવી નથી. પરંતુ શ્રીજી મહારાજ વડતાલમાં પોતાની મૂર્તિ શ્રીહરિકૃષ્ણ મહારાજ પધરાવવાના છે. સ્વામી ! શ્રીહરિ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે એ સાચી વાત છે, પણ મનુષ્ય સ્વરૂપે પ્રગટ છે, તેથી મૂર્તિ ન પધરાવાય. લોકમાં ખોટું દેખાય. લોકો શ્રીજી મહારાજની અને આપણી સૌની નિંદા કરશે, માટે તમે જો વડતાલ પધારો તો મહારાજ પોતાની મૂર્તિ પધરાવવાનું કદાચ બંધ રાખે; કારણ કે તમે ના કહેશો એટલે મહારાજ તમારી મર્યાદાને કારણે મૂર્તિ નહિ પધરાવે.''

હે ભક્તો ! ત્યારે સ્વામી બોલ્યા: ''તમારા બધાનો આગ્રહ છે, તેથી મારી તબિયત નાદુરસ્ત હોવા છતાં હું વડતાલ આવીશ.'' પછી સ્વામી તૈયાર થયા અને મહારાજ સાથે અને સંતો-ભક્તો સાથે વડતાલ જવા ચાલવા લાગ્યા. રસ્તામાં ભાલ પ્રદેશમાં ગાંફ ગામના હીમાભાઈ સોની મળ્યા. તેમણે સ્વામીને પોતાની ઘોડી ઉપર બેસવાનો ખૂબ આગ્રહ કર્યો, એટલે સ્વામી તેની ઘોડી ઉપર બેઠા. આગળ જતા ઘોડીનો પગ ખાડામાં પડ્યો, તેના કારણે સ્વામી ઘોડી ઉપરથી નીચે પડી ગયા અને જમણો હાથ ભાંગી ગયો !

આવું જોઈને સંતો-ભક્તોને ખૂબ દુઃખ થયું. તુરંત સ્વામીને ઝોળીમાં સુવડાવી કમીયાળા (ભાલ પ્રદેશમાં) ગામમાં સત્સંગી આશાભાઈએ મંદિર કરાવ્યું હતું ત્યાં લાવ્યા અને વૈદ્યને બોલાવી સારવાર શરુ કરાવી. એ સમયે શ્રીજી મહારાજ સ્વારો સાથે આગળ જતા રહ્યા હતા. તેમને ખ્યાલ આવતા તેઓ કમીયાળા આવ્યા અને સ્વામીનો

હાથ જોઈ આંખમાં આંસુ આવી ગયાં ! અને બોલ્યા: ''આ હાથ સ્વામીનો ભાંગ્યો નથી, આતો અમારો જમણો હાથ ભાંગ્યો છે. આવા અજાતશત્રુ જેવા અમારા ગુરુને આ દુ:ખ આવ્યું ?'' પછી સંઘના લોકોને વડતાલ જવાનું કહી, શ્રીજી મહારાજ કમીયાળા રોકાઈ ગયા. બીજે દિવસે મુક્તાનંદ સ્વામીએ કહ્યું: ''મહારાજ ! વડતાલમાં હજારો ભક્તો આવી ગયા હશે, માટે તમારે જવું જોઈએ. મને હવે સારું છે. સારું થઈ જશે એટલે હું પણ મારી સેવામાં રોકાયેલા સંતો સાથે વડતાલ આવી જઈશ, પણ તમે આજે જ વડતાલ જાઓ.''

## નિશ્ચયમાં ભેદ એનાં કલ્યાણમાં ભેદ

હે ભક્તો ! સ્વામીના આગ્રહને કારણે શ્રીજી મહારાજ વડતાલ પધાર્યા અને ધામધુમથી શ્રીલક્ષ્મીનારાયણ દેવ વગેરે દેવો અને પોતાના સ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજની સંવત્ ૧૮૮૧ કારતક સુદ બારસ (તા. ૩–૧૧–૧૮૨૪)ના દિવસે પ્રાણ–પ્રતિષ્ઠા કરી મોટો ઉત્સવ ઉજવ્યો. પછી સમૈયો કરી ફરીને કમીયાળા પધાર્યા અને મુક્તાનંદ સ્વામીને લઈ ગઢડા ગયા.

ત્યારબાદ છ મહિના પછી ફરીને શ્રીહરિને વડતાલ આવવાનું થયું ત્યારે મુક્તાનંદ સ્વામીને પણ સાથે લાવ્યા. આવીને મહારાજ સ્વામીનો હાથ પકડી દર્શન કરવા લઈ ગયા. પ્રથમ ધર્મ–ભક્તિ–વાસુદેવનાં દર્શન કરાવ્યાં. ત્યાર પછી લક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કરાવ્યાં અને છેલ્લે દક્ષિણ ખંડમાં લઈ જઈને મહારાજ બોલ્યા: ''સ્વામી ! આ હરિકૃષ્ણ નામવાળું અમારું સ્વરૂપ છે. અમારા આશ્રિતોને ધ્યાન કરવા માટે આ સ્વરૂપ અમોએ પધરાવેલ છે.

હે સ્વામી ! હવે તમે એકાગ્રતાથી બરાબર સાંભળો. અક્ષરધામમાં રહેલ મારું આદિનારાયણ સ્વરૂપ, તમારી સાથે વાત કરી રહેલ મારું મનુષ્ય સ્વરૂપ અને અમોએ પધરાવેલ આ શ્રીહરિકૃષ્ણ મહારાજનું સ્વરૂપ આ ત્રણેય સ્વરૂપમાં એક રોમવાર પણ ફેર નથી. જે આ ત્રણેયમાં ભેદ માનશે, એના મોક્ષમાં પણ ભેદ માનજો અને એના નિશ્ચયમાં પણ ભેદ માનજો. અક્ષરધામમાં રહેલ મારાં દિવ્ય સ્વરૂપનાં મુક્તો દર્શન કરે છે અને તેને જે આનંદ

મળે છે, એવો જ આનંદ આ શ્રીહરિકૃષ્ણ મહારાજનાં મહિમાથી દર્શન કરશે, એને પણ આવશે, એમાં લેશમાત્ર સંશય નથી.’’

આ પ્રમાણે કહીને મુક્તાનંદ સ્વામીના દેખતાં જ શ્રીહરિજી ચાલીને શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિમાં લીન થઈ ગયા ! સ્વામી તો આવું જોઈને આભા જ બની ગયા. ઘણીવાર થઈ તો પણ મહારાજ મૂર્તિમાંથી બહાર ન નીકળ્યા એટલે સ્વામી દિલગીર થઈને પ્રાર્થના કરવા લાગ્યા. તેથી મહારાજ ફરીને શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિમાંથી બહાર નીકળ્યા. ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યાઃ ‘‘મહારાજ ! મારા જીવમાં ત્રણેય સ્વરૂપનો નિશ્ચય થઈ ગયો છે, હવે કોઈપણનો ઉખાડ્યો ઉખડશે નહિ. આપ નિશ્ચિંત રહો, હવે હું પણ આ મૂર્તિનો મહિમા સંતો–ભક્તોને કહીને તેઓને પણ આ સ્વરૂપની નિષ્ઠા પાકી કરાવીશ.’’ પછી તો સ્વામીએ પણ શ્રીહરિકૃષ્ણ મહારાજનો મહિમા અને નિશ્ચય અનેક સંતો–ભક્તોને કરાવ્યો હતો.

હે ભક્તો ! શ્રીહરિ અક્ષરધામ ગયા પછી અમદાવાદથી રામપ્રતાપજીભાઈ જ્યારે જ્યારે વડતાલ દર્શન કરવા આવતા, ત્યારે ગળામાં ઢોલક રાખી શ્રીહરિકૃષ્ણ મહારાજ સમક્ષ અનેક કીર્તનો બોલતા. એ સમયે આ મૂર્તિમાંથી સાક્ષાત્ મનુષ્યાકાર મહારાજ બહાર નીકળતા અને ભાઈને ભેટીને કહેતાઃ ‘‘બડે ભૈયા ! બહુ કીર્તનો ગાયાં, હવે જઈને ઉતારા કરો.’’ આવા પ્રત્યક્ષ પ્રભુ આપણને મળ્યા છે, માટે તેમની આજ્ઞા પાળી તેમને રાજી કરી લેવા.

## જામનગરમાં સ્વામીની જીત

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીએ ઘણીવાર, ઘણાં સ્થાનોમાં અને ઘણાં શહેરોમાં શાસ્ત્રાર્થ કરેલ છે. બે વાર તો વડોદરામાં શાસ્ત્રાર્થ કરેલ છે. અમદાવાદમાં પણ વિદ્વાનો આવ્યા હતા અને જે જે સવાલો પૂછ્યા હતા, તેના જવાબો સ્વામીએ આપીને તેમને સંતોષ પમાડ્યા હતા. એ સિવાય જામનગરમાં પણ જામ સાહેબના રાજ્યમાં શાસ્ત્રાર્થ કરી મતવાદિઓનો પરાજય કર્યો હતો, તે પ્રસંગ આપની સમક્ષ રજૂ કરી રહ્યો છું.

સ્વામિનારાયણ ભગવાન સંતો-ભક્તો સાથે સોરઠનાં ગામડાંઓમાં ભક્તોને દર્શન દેતાં દેતાં જામનગરના રાજાના આમંત્રણને કારણે ત્યાં પધાર્યા. એ સમયે ત્યાં મોટા મોટા વિદ્વાનો રહેતા હતા, કારણ કે ત્યારે જામનગર 'છોટી કાશી' તરીકે સૌરાષ્ટ્રમાં પ્રસિદ્ધ હતું. જુદા જુદા સંપ્રદાયોના અનેક વિદ્વાન અનુયાયીઓ ત્યાં નિવાસ કરીને રહેતા હતા. તે સર્વ પંડિતોએ પોતાના મતનું પ્રતિપાદન કરવા-કરાવવા અને આપણા સંપ્રદાયનું હલકું દેખાડવા જામનગરના રાજા દ્વારા શ્રીહરિને શાસ્ત્રાર્થનું આમંત્રણ અપાવ્યું હતું.

હે ભક્તો ! શ્રીજી મહારાજ જામનગર પધાર્યા એટલે જામ સાહેબે એક રાજા-મહારાજાને શોભે એવું શ્રીહરિનું ભવ્ય સ્વાગત કર્યું. બીજા દિવસે શાસ્ત્રાર્થ માટે સભા ભરાઈ. તેમાં કૌલમતના, શાક્તમતના, અદ્વૈતમતના, પાશુપત મતના અને ગોસ્વામી મતના અનેક વિદ્વાનો શાસ્ત્રાર્થ માટે શ્રીહરિ પાસે ત્યાં આવ્યા. તેથી પ્રભુએ દરેક વિદ્વાનોનું યથાયોગ્ય સ્વાગત કરી સૌને બેસાડ્યા.

એ સમયે કૌલમતના વિદ્વાન બ્રાહ્મણે મત્સરપૂર્વક પ્રશ્ન પૂછ્યો: ''તમો અમારા મતનું ખંડન કેમ કરો છો? અમારો કૌલમત અપ્રમાણ છે એમ કેમ કહો છો ?'' આવી વાણી સાંભળી શ્રીહરિ તેમને જવાબ આપવા ગયા, ત્યારે રાજા કહેવા લાગ્યા: ''હે મહારાજ ! તમો સાક્ષાત્ પરમાત્મા છો, તેથી તમારી સાથે શાસ્ત્રાર્થ કરવા માટે આ બ્રાહ્મણો યોગ્ય નથી; માટે તમારા વિદ્વાન સંતને આ વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થ કરવાનું કહો.''

હે ભક્તો ! રાજાનું કહેવું સાંભળી શાસ્ત્રાર્થ કરવા માટે વિદ્વાનોમાં શ્રેષ્ઠ એવા સંતોમાં અગ્રેસર મુક્તાનંદ સ્વામીને શ્રીહરિએ પ્રેરણા કરી. પ્રગટ પ્રભુની આજ્ઞા થતાં જ સ્વામી શાસ્ત્રાર્થ કરવા લાગ્યા. પ્રતિવાદના આગ્રહવાળા પ્રતિવાદીઓને વેદશાસ્ત્રોનાં પ્રમાણો આપીને મુક્તાનંદ સ્વામીએ જીતી લીધા ! તેના કારણે શરમથી નીચા મુખ કરી તે કૌલમતના પંડિતો ત્યાંથી હાર સ્વીકાર કરી જતા રહ્યા. આ પ્રમાણે મુક્તાનંદ સ્વામીએ નવાનગરમાં (જામનગરમાં) શ્રીહરિના સાન્નિધ્યમાં જ મતવાદીઓનો પરાજય કરી પોતે વિજય મેળવી, પ્રગટ પ્રભુનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

## સુરતના ભાલચંદ્ર શેઠને સત્સંગ થયો

હે ભક્તો ! એકવાર સત્સંગ પ્રચાર માટે મુક્તાનંદ સ્વામી અને સંતો સુરતમાં આવ્યા હતા. દરરોજ જોળી (ભિક્ષા) માગવા જવું અને જે મળે તે જમી લેવું એવો એ વખતે રિવાજ હતો, તેથી સૌ સંતો વારા–ફરતી શહેરમાં જોળી માગીને જીવન નિર્વાહ કરતા હતા. એ સમયે ભાલચંદ્ર (ભાઈચંદ) શેઠને સત્સંગ ન હોવાથી સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો પ્રત્યે નફરત હતી. તેના કારણે એમને ત્યાં જોળી માગવા જાય ત્યારે અપમાન કરી કાઢી મૂક્તા, તોય પણ સંતો નિત્યક્રમ મુજબ ભિક્ષા માગવા જતા હતા.

એક દિવસ ભાલચંદ્ર ગુસ્સામાં બેઠા હતા અને મુક્તાનંદ સ્વામી વગેરે સંતો ભિક્ષા માગતા માગતા તેમની દુકાન નજીક આવતા હતા ત્યાંતો સંતોને જોઈને વિશેષ ક્રોધ ચઢ્યો. એટલે ભાજી વીણી લીધેલ ડાળખાની પોટલી પડી હતી એનો ઘા સંતો ઉપર કર્યો ! તુરંત મુક્તાનંદ સ્વામીના કહેવાથી નાના સંતે તે લઈને જોળીમાં મૂકી દીધી તે ભાલચંદ્ર શેઠે જોયું. પછી તો સંતો ઉતારે આવ્યા. ત્યાં પેલી પોટલી છોડી મુક્તાનંદ સ્વામીએ તે ડાળખા ધોઈને નાના નાના ટુકડા કરી શાકમાં ઉમેરી શાક બનાવ્યું અને ભગવાનના થાળમાં ધરાવી સૌ સંતો જમ્યા.

હે ભક્તો ! ભાજીના ડાળખા ભગવાન અને સંતોના કામમાં આવ્યા અને મુક્તાનંદ સ્વામીએ શુભ સંકલ્પ કર્યો, એના કારણે ભાલચંદ્ર શેઠના વિચારોમાં પરિવર્તન આવ્યું અને મનોમન વિચાર કરવા લાગ્યા: ''સ્વામિનારાયણના સાધુનું હું અપમાન કરું છું, તો પણ કાંઈ બોલતા નથી અને કાલે તો મેં ડાળખાં માર્યાં, તો પણ તે લઈને જતા રહ્યા, પણ કાંઈ બોલ્યા જ નહિ. ખરેખર આ સંતો સાચા સંતો છે, પણ બાવા જેવા નથી. જો કાલે અહીંયાં જોળી માગવા આવે તો રસોઈ માટે સીધું આપી માફી માગું.''

વળતા દિવસે સંતો તો પોતાના નિયમ મુજબ ભિક્ષા માગવા એ શેરીમાં આવ્યા. ત્યારે નાના સાધુએ મુક્તાનંદ સ્વામીને કહ્યું: ''સ્વામી ! આપણે બીજી શેરીમાં જતા રહીએ. કાલે પેલા શેઠે ભાજીના ડાળખાં માર્યાં હતાં. આજે જો બીજું કાંઈ મારશે તો આપણને વાગશે.'' આવું સાંભળી સ્વામી કહે: ''આજે પહેલાં હું ચાલીશ, મારી પાછળ

તમે ચાલજો.’’ આ પ્રમાણે કહી સ્વામી ત્યાં નજીક જઈને ઉંચેથી બોલ્યા: ‘‘નારાયણ હરે... સચ્ચિદાનંદ પ્રભુ !’

સંતોનો અવાજ સાંભળતાવેંત ભાલચંદ્ર શેઠ તાસમાં સીધું મુકીને બહાર આવ્યા ને સ્વામીને સીધું આપી માફી માગી. પછી તો દરરોજ સ્વામીના ઉતારે જઈને સત્સંગ કરવા લાગ્યા અને અંતે પાકા સત્સંગી બની ગયા. પછી સત્સંગ વધવાના કારણે સંતોને રહેવાનું નાનું એવું મંદિર–ધર્મશાળા પણ કરાવી સૌ ભજન–ભક્તિ કરવા લાગ્યા.

## ભૂતો ભગાડવા સ્વામી સુરતમાં આવ્યા

હે ભક્તો ! સુરતમાં હાલ રામપુરા વિસ્તારમાં આપણું મંદિર છે તેમાં રાધા–વિહારી અને નારાયણમુનિદેવ બિરાજે છે. તે સ્થાન વર્ષો પહેલાં ભૂતિયાં મકાન તરીકે ઓળખાતું હતું, કારણ કે ત્યાં અનેક ભૂતો રહેતાં હતાં. તે ત્યાં કોઈને રહેવા દેતા નહિ. તેની બીકના કારણે આજુબાજુમાં રહેતા લોકો પણ પોતાનાં મકાન ખાલી કરીને જતા રહ્યા હતા.

એ વિસ્તારમાં ભૂતોને રહેવાનું કારણ એ હતું કે, એ મકાનો જ એમનાં હતાં ! ભૂતો થયાનું કારણ એ હતું કે, સુરતથી એક આગેવાન સુતારના પુત્રની જાન દરિયામાર્ગે ઘોઘા બંદર ગઈ હતી. લગ્ન પુરાં થયાં પછી વળતાં વહાણમાં બેસીને બધા જાનૈયા સુરત આવી રહ્યા હતા. ત્યાં દરિયામાં તોફાન આવ્યું. એના કારણે મોટું વહાણ હોવા છતાં તે ડૂબી ગયું અને અંદર બેઠેલાં દરેક નાનાં–મોટાં સ્ત્રી–પુરુષો સર્વે પાણીમાં ડૂબી ગયાં અને બધાનાં મૃત્યુ થયાં ! તે લોકોને પોતાનાં ઘરમાં વાસના રહેવાના કારણે બધા જ ભૂત થઈને પોતાનાં ઘરમાં રહેતાં હતાં અને કોઈ ત્યાં રહેવા આવે તો ડરાવીને મારી નાખતા, તેથી એ વિસ્તાર ખાલી થઈ ગયો હતો.

હે ભક્તો ! એ સમયમાં સુરતમાં અંગ્રેજોનું શાસન હતું. તેણે ભૂતોને કાઢવાના ઘણા ઉપાયો કર્યા, પરંતુ ત્યાંથી ભૂતાવળ ગઈ નહિ ! પછી તેમણે શહેરમાં ઢંઢેરો પીટાવ્યો જે, ‘‘આ વિસ્તારમાં સુતારના માણસો મરીને અવગતીયાં થયેલાં છે. તેઓ ભૂતો થઈને અહીંયાં રહે છે. તે ભૂતોને જે અહીંથી કાઢશે તેને બધાં ઘર ભેટ આપવામાં

આવશે.’’ આવું સાંભળીને ઘણા તાંત્રીકોએ આવી અનુષ્ઠાનો કર્યા, ભૂવાઓએ આવી ધૂણી ધૂણીને શીશામાં ઉતારવાના પ્રયત્નો કર્યા અને બ્રાહ્મણોએ આવી યજ્ઞો કરી ભગાડવાના પ્રયત્નો કર્યા, તો પણ કોઈ ગયા જ નહિ!

હે ભક્તો ! ત્યારબાદ ભાલચંદ્ર શેઠે શ્રીજી મહારાજને પત્ર લખીને વિસ્તારથી ભૂત બાબતની વાત લખીને જણાવ્યું કે, ‘‘જો ભૂતને કાઢી શકે એવા સંતોને મોકલો તો સારું; કારણ કે જો ભૂત ભાગી જશે તો એ બધાં જ મકાનો આપણને મળશે. તેને કારણે આપણે મોટું મંદિર અને સંતોને રહેવાની ધર્મશાળા કરાવી શકીશું. એ સિવાય પણ આપણી પાસે ઘણાં મકાનો અને જગ્યા વધશે, માટે એવા સંતો મોકલો જે ભૂતોને કાઢી શકે.’’

પત્ર વાંચીને તે પત્ર મુક્તાનંદ સ્વામીને વાંચવા આપીને શ્રીજી મહારાજ બોલ્યાઃ ‘‘સ્વામી ! તમે સંતમંડળ લઈને સુરત જાઓ અને ભૂતોનું કલ્યાણ કરો. તેમાં એને પણ સદ્‌ગતિ મળશે અને આપણને મંદિર માટે મોટી જગ્યા મળશે તેમજ આજુબાજુમાં રહેતા લોકોને કાયમ માટે બીક મટશે, માટે તમો જાઓ. આ કાર્યમાં દરેકનું સારું થાય તેમ છે.’’

## ભૂતોને બદરિકાશ્રમમાં મોકલ્યા

હે ભક્તો ! શ્રીજી મહારાજની આજ્ઞા લઈ મુક્તાનંદ સ્વામી ગઢપુરથી નીકળી ભાવનગર આવ્યા. ત્યાંથી વહાણમાં બેસી સુરત પધાર્યા. ભાલચંદ્ર શેઠને ખ્યાલ આવ્યો કે, ‘મારા ગુરુને જ મહારાજે મોકલ્યા છે, તેથી રાજી થઈને સ્વામી પાસે આવ્યા અને સર્વે વિગત કહી સંભળાવી. તેમની વાત સાંભળી સ્વામીએ ભૂતોનાં મકાનમાં રહેવા જવાની અને એ બધાને ત્યાંથી કાઢવાની ખાતરી આપી. તેથી શેઠે કલેક્ટર પાસે જઈને વાત કરી કે, ‘‘અમારા ગુરુ મુક્તાનંદ સ્વામી મકાનોમાંથી ભૂતો કાઢવા માટે પધાર્યા છે, માટે તે મકાનોનો પાકો લેખ કરી આપો.’’

શેઠની વાત સાંભળી કલેક્ટરે પાકો દસ્તાવેજ સ્વામિનારાયણ ભગવાનના નામનો કરી આપ્યો. તે લઈને ભાલચંદ્ર ભગત સ્વામી પાસે આવ્યા. પછી સ્વામી સંતોને લઈને ભૂતિયાં મકાનમાં જઈને ઉતર્યા ! દિવસે તો ભૂતોનો

ઉપદ્રવ ન હોય, પણ રાત્રી પડે એટલે કીકીયારી ને ચીચીયારી શરુ થઈ જતી. સાંજ પડવા આવી એટલે સર્વે સંતોને સ્વામીએ કહ્યું: ''સંતો ગભરાશો નહિ. આપણી પાસે ભજન–ભક્તિનો પાવર છે, એટલે આપણી પાસે ભૂતો નહિ આવી શકે. તમને ભૂત દેખાય એટલે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન બોલવાની શરુ કરી દેજો.''

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીને તો ભૂતકાળમાં ભુજ વગેરે શહેરમાં ભૂતોનો અનુભવ થયેલો એટલે સ્વામીને તો કોઈ પ્રકારની બીક હતી નહિ, પણ સંતો થોડા–થોડા ગભરાતા હતા. સંધ્યા આરતીનો સમય થતાં જ સ્વામીએ આરતી પ્રગટાવી નાના લાલજીની આરતી ઉતારવાનું શરુ કર્યું. એ સમયે જ અવગતે ગયેલ આખો પરિવાર અને બધા જાનૈયા આવી ગયા. સંતોથી થોડે દૂર બેસીને સંતોને જોવા લાગ્યા, ત્યાંતો તેનાં અંતરમાં શાંતિ થઈ ગઈ!

ભૂતોને અનુભવ થયો કે, 'આ સાચા સંતો છે. આનાં દર્શન કરવાથી શાંતિ મળે છે, માટે આ સંતોને વિનંતી કરીએ કે આપણને આ ભૂતયોનિમાંથી છોડાવે.'' સ્વામીએ આરતી–ધૂન અને નિયમો પૂરા કર્યા. પછી ભૂતો સામે જોયું. ત્યાંતો સર્વે હાથ જોડીને પગે લાગીને પ્રાર્થના કરતાં કરતાં કહેવા લાગ્યા: ''સ્વામી ! અમારો ઉદ્ધાર કરો.'' ત્યારે સ્વામી બોલ્યા: ''આ તમારાં મકાનમાં ભગવાનનું મંદિર થશે અને સંતો રહેશે, એનું તમોને પુણ્ય થશે, તેના કારણે તમને સત્સંગમાં જન્મ મળશે. અને તમે બધા સત્સંગી થઈ ભજન–ભક્તિ કરી અંતે ભગવાનના ધામને પામશો, પણ અત્યારે તમારે થોડાં વર્ષ તપ કરવા બદરિકાશ્રમમાં જવું પડશે અને ત્યાં રહેવું પડશે.'' આ રીતે કહી સ્વામીએ પ્રસાદીનું જળ તેમના ઉપર છાંટ્યું. તેથી આગનો ભડકો થઈ સૌ બદરિકાશ્રમમાં ગયા ! આ વાતનો સુરતમાં ખ્યાલ આવતા લોકો મુક્તાનંદ સ્વામીનાં દર્શન કરવાં ટોળેટોળાં આવવાં લાગ્યાં.

## જૈન શેઠ સ્વામીને યોગે સત્સંગી થયા

હે ભક્તો ! એકવાર મુક્તાનંદ સ્વામી પોતાના મંડળના સંતોને લઈને ધોલેરા પધાર્યા હતા. ત્યાં દરરોજ સભામંડપમાં સ્વામી કથા કરતા હતા. એ સમયે ગામમાંથી એક જૈન શેઠ દર્શન કરવા આવ્યા. દર્શન કરી સ્વામી

પાસે કથા સાંભળવા બેઠા. કથા પછી સ્વામીએ પરિચય પૂછતા કહ્યું: ‘‘અમો શ્રાવકના પંથના છીએ.’’ પછી સ્વામીએ તેમની આગળ શીલવ્રતની અને અહિંસા ધર્મની વાત કરીને કહ્યું: ‘‘તમારા પૂજ્ય (સંતો)નો સમાગમ કરજો અને એની સેવા કરજો તેમજ તેને ધોતિયાં ઓઢાડજો.’’

મુક્તાનંદ સ્વામીની વાત સાંભળી એ ઉત્તમચંદ શેઠને સ્વામી સાથે હેત થયું, તેથી સ્વામીનો સમાગમ કરવા દરરોજ આવવા લાગ્યા. આ વાત બીજા વણિકોએ ઉપાશ્રયે જઈને પૂજ્યને કરી. દરરોજના નિયમ પ્રમાણે ઉત્તમચંદ મદનમોહનજી મહારાજનાં દર્શન કરી સ્વામીનો સમાગમ કર્યા પછી પોતાના ઉપાશ્રયમાં ગયા અને પૂજ્યનાં દર્શન કરીને બેઠા. ત્યારે પૂજ્યે કહ્યું: ‘‘શેઠ ! તમે સ્વામિનારાયણના સાધુ પાસે શા માટે બેસવા જાવ છો ?’’ ત્યારે શેઠ કહે: ‘‘મહારાજ સાહેબ ! એ મુક્તાનંદ સ્વામી તો આપણા સંતોની જેમ જ અહિંસા – બ્રહ્મચર્ય વગેરે નિયમોનું પાલન કરે છે અને એમણે તો મને તમારી સેવા કરવાનું પણ કહ્યું છે, તેથી હું તેમનો સમાગમ કરવા જાઉં છું.’’

હે ભક્તો ! આવું સાંભળી તે રાજી થયા. પણ ફરીને બધા વાણિયાઓ ભેગા થઈને પૂજ્ય પાસે ગયા અને કહ્યું: ‘‘સાહેબ ! તમે ઉત્તમચંદને મુક્તાનંદજીની પાસે જવાની ના કહો.’’ ત્યાંતો શેઠ ત્યાં આવ્યા. ત્યારે પૂજ્યે કહ્યું: ‘‘ઉત્તમચંદ ! આ બધા શ્રાવકોને તમે ત્યાં જાવ છો એ ગમતું નથી, માટે હવે પછી તમારે સ્વામિનારાયણના મંદિરે કે એના સાધુ પાસે ક્યારેય ન જાવું.’’ એવું સાંભળી ઉત્તમચંદ શેઠે કારણો પૂછ્યા અને સામસામે વાદવિવાદ થયો. ત્યારે પૂજ્ય બોલ્યા: ‘‘તમારે ત્યાં જવું હોય તો અહીં ન આવતા.’’

ત્યારે શેઠ બોલ્યા: ‘‘મારે મુક્તાનંદ સ્વામી પાસે ગયા વગર તો નહિ ચાલે, માટે હવેથી હું તમારા ઉપાશ્રયમાં નહિ આવું.’’ આ રીતે કહી શેઠ સ્વામી પાસે આવ્યા ને સર્વે વાત કહીને બોલ્યા: ‘‘સ્વામી ! આજથી તમે મારા ગુરુ થાઓ અને મને તમારા સંપ્રદાયની કંઠી બાંધો તેમજ જે જે નિયમો પાળવાના હોય તે સર્વે કહો.’’ પછી સ્વામી રાજી થયા અને વર્તમાન ધરાવી કંઠી પહેરાવી રોજ પૂજા કરવાનું કહ્યું. પછી તો ઉત્તમશેઠ દરરોજ સવારે પૂજા કરી કપાળમાં મોટો તિલક–ચાંદલો કરી મંદિરે આવે ને સત્સંગ કરે. શેઠ પાકા સત્સંગી થયા, તેથી તેનો

પરિવાર પણ સત્સંગી થયો. હાલમાં પણ તેના વંશમાં સત્સંગ છે અને સૌ સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરી સત્સંગ રાખે છે.

## બ્ર. ગોવિંદાનંદનું સ્વામીએ શુકાનંદ નામ પાડ્યું

હે ભક્તો ! ડભાણ ગામના પ્રભાશંકર નામના પવિત્ર બ્રાહ્મણને ત્યાં તેમનાં ધર્મપત્ની સદાબાની કૂખે સંવત્ ૧૮૫૨ના શ્રાવણ સુદ પૂનમને દિવસે એક બાળકનો જન્મ થયો અને તેનું નામ રાખવામાં આવ્યું જગન્નાથ. બાળક મોટો થયો એટલે ડભાણમાં સંતો આવે ત્યારે સત્સંગ કરવા જવા લાગ્યો. એમાંય પણ જ્યારે શ્રીહરિએ ડભાણમાં મોટો યજ્ઞ કર્યો, ત્યારે જગન્નાથ ચૌદ વર્ષનો થઈ ગયો હતો.

ડભાણમાં યજ્ઞની શરુઆત થઈ એટલે શ્રીહરિ યજ્ઞશાળામાં પધાર્યા અને યજ્ઞની શરુઆત કરાવી દરેક બ્રાહ્મણ સામે જોતા જોતા જગન્નાથ પાસે આવીને બોલ્યા: ''જગન્નાથ ! તારે હવે ક્યાં સુધી ઘરમાં રહેવું છે ?'' આ પ્રમાણે કહીને ચાલ્યા ગયા. મહારાજના આ શબ્દો અંતરમાં ઉતરી ગયા અને યજ્ઞ પૂર્ણાહુતિ બાદ થોડા સમયમાં જ ૧૪ વર્ષના બાળ બ્રહ્મચારી એકલા જ ગઢપુર જવા ચાલી નીકળ્યા !

હે ભક્તો ! આ બાજુ ગઢડામાં શ્રીહરિએ અંતર્યામીપણે જાણી લીધું, તેથી બ્રહ્મચારીને કહ્યું: ''પૂજાનો સામાન તૈયાર કરો. શુકદેવજી આવે છે, તેથી તેમને લેવા માટે જવું છે.'' પછી દરબારો સાથે પ્રભુ ભક્તિબાગે ગયા. ત્યાં જગન્નાથ આવ્યા, એટલે શ્રીહરિએ તેમનું પૂજન કર્યું અને સાથે દરબારગઢમાં લાવ્યા. સમય જતા સંવત્ ૧૮૬૮માં કારતક સુદ એકાદશીએ બ્રહ્મચારીની દીક્ષા આપી ગોવિંદાનંદ નામ રાખ્યું. પરંતુ તેમને સંત બનવું હતું એટલે સોમલાખાચરને વાત કરી કે, ''મારા વતી તમે શ્રીજી મહારાજને કહો.'' તેથી મહારાજને વાત કરતા પ્રભુ બોલ્યા: ''એમને મુક્તાનંદ સ્વામી પાસે લઈ જાવ અને સાધુ બનાવી નામ પાડવાનું કહેજો.''

હે ભક્તો ! તુરંત ગોવિંદાનંદ બ્રહ્મચારી (જગન્નાથ બ્રાહ્મણ) મુક્તાનંદ સ્વામી પાસે આવ્યા ને મહારાજની આજ્ઞા સંભળાવી. પછી મુક્તાનંદ સ્વામીએ ભગવું ધોતિયું પહેરાવ્યું અને ખેસીયું ઓઢાડીને કહ્યું: ''આજથી તમારું

નવું નામ 'શુકાનંદ'. પછી તેમણે સ્વામીને દંડવત કર્યા. સ્વામી એમને ભેટ્યા અને મસ્તકે હાથ મૂકી સારા સાધુ થવાના આશીર્વાદ આપી મહારાજ પાસે મોકલ્યા.

હે ભક્તો ! સંવત્ ૧૮૭૨ના મહા માસનો એ પવિત્ર દિવસ હતો. શુકાનંદ મુનિની ઉંમર ત્યારે ૨૦ વર્ષની હતી. તેઓ હરખાતાં હૈયે અક્ષર ઓરડીમાં આવ્યા અને શ્રીહરિને દંડવત કરવા લાગ્યા. ત્યારે મહારાજ ઊભા થઈને ભેટ્યા. પછી પૂછ્યું: ''તમારું નામ સ્વામીએ શું પાડ્યું ?'' ત્યારે તેમણે કહ્યું: ''શુકાનંદ.'' ત્યારે પ્રભુ મંદ મંદ હસતા બોલ્યા: ''મુક્તાનંદ સ્વામી પણ તમારા પૂર્વજન્મનું નામ જાણતા લાગે છે.''

નોંધ : આ શુકાનંદ સ્વામીના જીવન-પ્રસંગો આગળ વિસ્તારપૂર્વક લખવામાં આવશે.

## વૈરાગ્યની વિરુપતા દેખાવાનું કારણ

હે ભક્તો ! ઉદ્ધવ સંપ્રદાયનો અર્થાત્ સ્વામિનારાયણ સંપ્રદાયનો ઊગેલો સૂર્ય મધ્યાહ્‌ને તપી રહ્યો છે. શુદ્ધ ચારિત્ર્ય જીવન, તપ-ત્યાગ અને વૈરાગ્યની પવિત્ર સાધનાઓ, પરા ભક્તિની રેલમછેલ અને બ્રહ્મજ્ઞાન તથા પરબ્રહ્મ જ્ઞાનનાં ઝળહળતા પ્રકાશથી લોકોની આંખોને આ સૂર્ય આંજી રહ્યો છે. ભગવાન સ્વામિનારાયણે આ સંપ્રદાયનું કોઈ વિશિષ્ટ રીતે બંધારણ કર્યું છે.

હે ભક્તો ! આ સંપ્રદાયી ઇમારતમાં કેટલાય વિતરાગી પુરુષોએ ત્યાગ, વૈરાગ્યનાં લોહી રેડ્યાં છે. ભક્તિ અને જ્ઞાનના શીશા જેવા કઠોર પથ્થર ધરબ્યા છે. સ્વામિનારાયણ મહાપ્રભુને કોઈ નવો સંપ્રદાય કે વાડો ઊભો કરવો નહોતો, પરંતુ સનાતન વૈદિક ધર્મના જીર્ણ થયેલા કલેવરનો કાયા કલ્પ કરીને તેમાં નવ-ચેતન લાવવું હતું. એટલે જ તો તેઓ હંમેશાં સાવધાનીપૂર્વક ચકોર દૃષ્ટિએ પોતાના સંતો અને સત્સંગીઓના અંતર સામે જોયા કરતા હતા.

શ્રીહરિજી કોઈનામાં સહેજ પણ આળસ કે પ્રમાદ કે અસાવધાની દેખાય તો ઘડીનો પણ વિલંબ કર્યા વિના તરત જ ટકોર કરતા. આવી જ કાળજી મુક્તાનંદ સ્વામી પણ રાખતા હતા. એટલા માટે તો ગઢડા પ્રથમનાં ૭૪માં તથા ગઢડા મધ્યનાં ૨૮માં વચનામૃતમાં સ્વામી પોતાનો વિચાર જણાવતા થકા કહે છે કે, ‘‘જ્યારે કાંઈ સત્સંગનું અપમાન જેવું હોય ત્યારે કોઈ જીવને સમાસ થાય નહિ, એટલા માટે હર્ષ–શોક જેવું થઈ આવે છે.’’ વળી કોઈક પદાર્થને યોગે કરી તથા કોઈકની અવળાઈ દેખાય તેને યોગે તે ઉપર ક્રોધ થાય છે, પણ તત્કાળ શમી જાય છે.’’ આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે, સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી ‘મા’ બની માતૃત્વ પણ આપતા અને જરૂર પડ્યે ક્યારેક પિતા બની ઠપકો પણ આપતા હતા.

હે ભક્તો ! એકવાર ભાયાત્માનંદ સ્વામીના હાથમાં વાંકીચૂંકી, ઘાટ વગરની તુંબડી જોઈને મહારાજે પૂછ્યું: ‘‘સ્વામી ! આવી વાંકી તુંબડી કેમ રાખો છો ?’’ ત્યારે સ્વામી કહે: ‘‘તુંબડી વાંકી છે, પણ એની ધાર તો સીધી જ પડે છે.’’ આવું સાંભળી મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું: ‘‘અત્યારે જ બધા સંતોને કહો કે, પોતાનાં તુંબડાં લઈને અમારી પાસે આવે.’’ તુરંત સૌ લઈ આવ્યા. તુંબડાં રંગબેરંગી જોઈને પ્રભુ તો અકળાઈ ગયા અને બોલ્યાઃ ‘‘મુક્તાનંદ સ્વામી ! તમને આ તુંબડામાં શું દેખાય છે ?’’ ત્યારે સ્વામી કહે: ‘‘મને તો એમના ઘાટની સુંદરતા અને રંગનો ચળકાટ દેખાય છે.’’ તુરંત પ્રભુ બોલ્યાઃ ‘‘ના... ના... સ્વામી ! અમને તો એમાં વૈરાગ્યની વિરૂપતા અને ત્યાગી જીવનમાં પેસી ગયેલી રાગની રેખાઓ દેખાય છે.

## મારી હયાતીમાં જ મારા સંતો

હે સ્વામી ! સાધુઓ જ્યારે ભક્તિના રંગથી મુમુક્ષુઓનાં મન રંગવાને બદલે આ તુંબડાંઓ રંગવામાં પડશે, ત્યારે અમે ચણેલી આ ધર્મની ભવ્ય ઇમારતનું શું થશે ? મારી હયાતીમાં જ મારા સંતો જો આવી તુચ્છ વસ્તુઓમાં રાગ રાખવા લાગ્યા છે, તો પછી અમે નહિ હોઈએ ત્યારે શું કરશે ? સ્વામી ! એક ધોકો લાવો.’’

હે ભક્તો ! આવું સાંભળી સત્સંગની દયાળુ મા મુક્તાનંદ સ્વામીએ હાથ જોડીને પૂછ્યુઃ ‘‘મહારાજ ! ધોકાને શું કરશો ?’’ ત્યારે મહારાજ કહેઃ ‘‘આજે સાધુને નહિ, પણ એમનામાં રહેલા રાગનો અમે જરૂર નાશ કરીશું. આ બધી જ તુંબડીઓ અને તુંબડાંઓને અમારે ફોડી નાખવાં છે.’ ત્યારે સંતોને સ્વામી કહેવા લાગ્યાઃ ‘‘સંતો ! આપણી આ કોઈ નાની ભૂલ નથી. જે વિચાર–વાણી–વર્તન કે વસ્તુ, આપણા મહારાજને ન ગમતી હોય તો તે રાખવાની શી જરૂર છે ?’’

આટલો મીઠો ઠપકો સંતોને આપીને મુક્તાનંદ સ્વામી શ્રીહરિજીને કહેવા લાગ્યાઃ ‘‘હે મહારાજ ! જો આપની આજ્ઞા હોય તો હું જ અત્યારે બધાં જ રજોગુણી તુંબડાંઓને તોડી નાખું, પણ અત્યારે ક્યાંય બીજાં તુંબડાં છે નહિ, જો આ બધાંને ફોડી નાખશું તો આ બધા ગરીબડા સાધુ પાણી શેમાં પીશે ? માટે દયા લાવીને નવાં તુંબડાં આવે ત્યાં સુધી આ તુંબડાં સંતો પાસે રહેવા દ્યો. નવાં તુંબડાં આવશે તરત જ આ તુંબડાં ફોડી નાખવાની જવાબદારી મારા ઉપર, પણ અત્યારે આ તુંબડાં ફોડો નહિ – તોડો નહિ. હવે પછી આ સંતોનાં જીવનમાં રજોગુણ નહિ પેસે એની આ સંતો વતી હું આપને ખાતરી આપું છું.’’

હે ભક્તો ! સ્વામીની વિનય ભરેલી વાણી સાંભળી મહારાજનો ક્રોધ શાંત થયો અને તુંબડાં ફોડવાનું બંધ રાખ્યું ! આ સમય હતો સંવત્ ૧૮૮૦ના પોષ વદ પડવાનો. ગઢડા મધ્ય પ્રકરણનું ૪૫મું વચનામૃત પણ આ દિવસનું જ છે. તે વચનામૃતમાં મહારાજ કહે છે કે, ‘‘તમે સર્વે મુનિમંડળ તથા બ્રહ્મચારી તથા ગૃહસ્થ સત્સંગી તથા પાળા તથા અયોધ્યાવાસી, એ તમે સર્વે મારા કહેવાઓ છો, તે જો હું ખટકો રાખી તમને વર્તાવું નહિ અને તમે કાંઈક ગાફલપણે વર્તો તે અમારા થકી દેખાય નહિ. માટે જે જે મારા કહેવાયા છો, તેમાં મારે એક તલમાત્ર કસર રહેવા દેવી નથી. માટે તમે પણ સુધા સાવધાન રહેજો; જો જરાય ગાફલાઈ રાખશો તો તમારો પગ ટકશે નહિ અને મારે તો જે તમે ભગવાનના ભક્ત છો તેનાં હૃદયમાં કોઈ જાતની વાસના તથા કોઈ જાતનો અયોગ્ય સ્વભાવ તે રહેવા દેવો નથી.’’

## જમવામાં અળશીયાં દેખાવાં લાગ્યાં

હે ભક્તો ! એક વખત મુક્તાનંદ સ્વામી બીમાર હતા. તેથી જમવાનું ભાવતું ન હતું. તેના કારણે તેમની સેવામાં રહેલા અનુપમાનંદ સ્વામીએ પુડલાં બનાવીને પતરમાં પીરસ્યાં અને જમવાનો આગ્રહ કર્યો. એટલે સ્વામી ધીરે ધીરે જમવા લાગ્યા. એ સમયે જ એક અડબંગી સાધુએ ત્યાં આવીને જોયું ત્યાંતો પતરમાં પુડલાં જોયાં ! તુરંત વાવાઝોડાં માફક બધે ફરી વળીને કહેવા લાગ્યોઃ ‘‘મુક્તાનંદ સ્વામી આપણને તો સ્વાદ જીતવાનું કહે છે અને પોતે એકલા તો પુડલાં ખાય છે. પોતે સ્વાદ છોડી શકતા નથી ને બીજાને સ્વાદ છોડવાનું કહે છે.’’

ફરીને બીજે દિવસે પણ તે સાધુ જોવા આવ્યો. તો સેવક સાધુએ જમવાનું ભાવે એ માટે સેવ બનાવીને પીરસેલી. તે જોઈને પેલા આસુરી બુદ્ધિવાળાને મનમાં સંકલ્પ થયો કે, ‘મુક્તાનંદ આ શું ખાય છે ? આ તો અળશીયાં જેવું ખાતાં હોય એવું લાગે છે.’ તેણે જઈને બીજા સાધુઓને કહ્યુંઃ ‘‘આજ તો મેં મુક્તાનંદને અળશીયાં જેવું ખાતાં જોયાં !’’ ત્યારે પેલા સંતો સમજાવવા લાગ્યાઃ ‘‘અરે મુરખ ! આવા પવિત્ર સંત માટે આવા ખરાબ સંકલ્પ કરે છે ? આવો ખોટો આરોપ મુકે છે ? તેનું તને પાપ લાગશે.’’

હે ભક્તો ! પછી તે સાધુ જમવા ગયો. પત્તરમાં પીરસીને જ્યાં જમવા માટે હાથ લંબાવ્યો ત્યાંતો હાથમાં અળશીયાં આવ્યાં ! તુરંત તે પત્તરમાં પીરસેલ ફેંકી આવ્યો.’’ બાજુમાં જમવા બેઠેલા સાધુએ પૂછ્યું; ‘‘તો જવાબ આપ્યોઃ ‘‘પત્તરમાં અળશીયાં ચડી ગયાં હતાં, તેથી નાખી આવ્યો. પછી ફરીને જમવા બેઠો. ત્યાં તો ફરીને અળશીયાં દેખાણાં ! તેથી બાજુમાં સંતોને વાત કરી. તેથી બીજા સંતોએ પત્તરમાં જોયું તો તેને એક પણ અળશીયું ન દેખાયું. બધા સંતોએ કહ્યુંઃ ‘‘આની અંદર તો કશું નથી.’’ તેથી હાથમાં જમવાનું લીધું ત્યાંતો અળશીયાં દેખાયાં !

હે ભક્તો ! એ પણ ફેંકી દીધું અને ત્રીજી વાર લેવા ગયો તો જ્યાં જૂવે ત્યાં અળશીયાં જ દેખાય ! તેથી ભૂખ્યો સૂઈ ગયો. બીજા દિવસે જમવા ગયો તો ત્યારે પણ અળશીયાં દેખાવાં લાગ્યાં ! ત્યારે પેલા સંતોએ કહ્યુંઃ

''તું એમ બોલ્યો હતો કે, 'મુક્તાનંદ તો અળશીયાં જેવું ખાતાં હતાં.'' આ ખોટા આરોપને કારણે તને અળશીયાં દેખાય છે; માટે તારે આ પાપમાંથી છૂટવું હોય અને ખાવું હોય તો સ્વામી પાસે જઈને માફી માગ. જો સ્વામી માફ કરે તો તને અળશીયાં દેખાતાં બંધ થશે, નહિતર નહિ થાય.''

આવું સાંભળી પેલો સાધુ તો દોડતો દોડતો સ્વામી પાસે ગયો અને સ્વામીના પગમાં માથું મૂકી ધ્રુસકે-ધ્રુસકે રડવા લાગ્યો અને સર્વે વાત જણાવી માફી માગવા લાગ્યો. હંમેશાં માટે અપકાર ઉપર ઉપકાર કરનાર દયાળુ એવા મુક્તાનંદ સ્વામીએ એના માથાં ઉપર હાથ મૂકી આશીર્વાદ આપી માફી આપી. તેથી પેલો ખાવા ભેગો થયો!

## સ્વામીને કથા કરવાની ના કહી !

હે ભક્તો ! ગઢપુરમાં એક વખત દાદાખાચરના દરબારમાં લીલુડા લીમડા નીચે શ્રીજી મહારાજ સભા કરીને બેઠા હતા. એ સમયે મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું: ''સ્વામી ! આજ તો તમે કથા કરો.'' પછી મુક્તાનંદ સ્વામી કથા કરવા લાગ્યા. કથામાં શ્રીજી માહરાજનો મહિમા કહ્યો તથા ગઢપુરનો મહિમા કહેવા લાગ્યા. સ્વામીની અમૃતવાણી સાંભળીને બ્રહ્માનંદ સ્વામી સાથે આવેલા સંતો અને હરિભક્તો મુક્તાનંદ સ્વામી પાસે જઈને એકાગ્રતાથી કથા સાંભળવા લાગ્યા.

આવું જોઈને બ્રહ્માનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીને હાથ જોડીને કહ્યું: ''સ્વામી ! કથા બંધ કરો. તમારે કથા કરવી જ નહિ, બેઠા બેઠા દર્શન દેવાં. કેમ કે તમારી કથા સાંભળીને કોઈ બીજે જશે જ નહિ. તમારો સમાગમ કરવા માટે આ બધા તમારી પાસે જ રહેશે, માટે તમારે તો દયા જ રાખવી, પણ વાતો ન કરવી !'' બ્રહ્માનંદ સ્વામીનું કહેવું સાંભળી મુક્તાનંદ સ્વામીએ વાતો કરવી બંધ રાખી.

હે ભક્તો ! સાંભળ્યું ને તમે ? સંતોને કથા કરવાનું કહેવું પડે, જ્યારે ગઢપુરમાં તો બ્રહ્માનંદ સ્વામી સામે ચાલીને મુક્તાનંદ સ્વામીને કથા કરવાની ના કહે છે ! કારણ કે સ્વામીની વાણીમાં જ એવો પાવર હતો કે, જેમ

ચુંબકને જોઈને લોખંડ એના તરફ આપમેળે ખેંચાઈ આવે છે – એવું જ મુક્તાનંદ સ્વામી પ્રત્યે સંતો અને સત્સંગીઓનું થતું હતું ! એટલા માટે તો ગુણાતીતાનંદ સ્વામી પણ કહેતા કે, મુક્તાનંદ સ્વામી કથા કરતા હોય ત્યારે બે હજાર માણસોની સભા ભરાઈને બેઠી હોય, પરંતુ સ્વામી કથા જ એવા પ્રકારની કરતા હતા કે બે હજાર માણસોનાં સવાલના જવાબ આપમેળે થઈ જતા ! આવી અલૌકિક શક્તિ સ્વામીની વાણીમાં હતી. એટલે બ્રહ્માનંદ સ્વામીને થોડો ડર લાગ્યો હશે કે, 'હું મુળી પ્રદેશમાંથી હરિભક્તોને લઈને આવ્યો છું અને તેઓ જો સ્વામીની કથા–વાર્તા સાંભળીને મુક્તાનંદ સ્વામી પાસે જ રોકાઈ જશે અને પાછા મારી સાથે મુળી નહિ આવે તો એના ઘરના લોકોને મારે શું જવાબ આપવો.' એ મુંઝવણ સ્વામીને વધી ગઈ એના કારણે જ કથા બંધ કરવાનું કહ્યું હતું.

## શ્રીજી મહારાજ અને મુક્તાનંદ સ્વામી

એક વખત શ્રીજી મહારાજ ગઢપુરમાં અક્ષર ઓરડીમાં રમૂજ કરતા હતા અને તે સમયે મુક્તાનંદ સ્વામી મહારાજનાં દર્શન કરવા ત્યાં ગયા. ત્યારે કોઈકે આવીને મહારાજને કહ્યું કે, 'મુક્તાનંદ સ્વામી આવે છે.' તરત જ મહારાજે રમુજ કરવી બંધ રાખી અને બીજી વાતો કરવા લાગ્યા ! ત્યાં મુક્તાનંદ સ્વામી આવ્યા, એટલે પોતાના ઢોલીયાની બાજુમાં જ ગાદી–તકિયો નંખાવીને સ્વામીને બેસાર્યા. આવી રીતે શ્રીજી મહારાજ મુક્તાનંદ સ્વામીની મર્યાદા રાખતા હતા.

એકવાર શ્રીજી મહારાજ અને મુક્તાનંદ સ્વામી વડતાલ આવતા હતા. મુક્તાનંદ સ્વામીને ગાડીમાં બેસાડ્યા હતા અને મહારાજ માણકીએ ચડીને ગાડાની બાજુમાં ચાલ્યા આવતા હતા. ત્યારે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું: ''હે મહારાજ ! આ માણકીએ શું તપ કર્યું હશે ?'' ત્યારે મહારાજ કહે: ''સ્વામી ! તમે અને આ માણકીએ સાથે તપ કર્યું છે !''

એક વખત શ્રીજી મહારાજ અમદાવાદમાં નથુ ભટને ઘેર ઢોલિયા ઉપર વિરાજમાન હતા. પછી મહારાજે મુક્તાનંદ સ્વામીનો હાથ લઈને પોતાની છાતીએ અડાડ્યો. પછી સ્વામીને કહ્યું: ''સ્વામી ! આ મુર્તિને ભજીને અનંત અક્ષરમુક્ત થયા છે.'' ત્યારે મુક્તાનંદ સ્વામીએ હાથ જોડીને કહ્યું: ''હા મહારાજ ! તમે સત્ય કહો છો.''

## સ્વામીની સેવામાં અનુપમાનંદ સ્વામી

હે ભક્તો ! જે મુક્તાનંદ સ્વામીની પ્રશંસા સ્વયં સ્વામિનારાયણ ભગવાન કરતા અને મોટા મોટા સંતો પણ જેમના સદ્‌ગુણોની કાયમ નોંધ લેતા એવા મુક્તાનંદ સ્વામીના સેવક એક સાધુને જ સ્વામીનો બિલકુલ મહિમા ન હતો. ઘણીવાર એવું બનતું હોય છે કે, ગામની ભાગોળે જ મોટું તીર્થ હોય છે, છતાં તે ગામના જ લોકો ત્યાં જતા નથી અને દૂરનાં તીર્થોનાં દર્શન કરવા જતા હોય છે ! સ્વામીની બાબતે પણ એવું જ બન્યું ! એક સાધુને સ્વામીની સેવા માટે અને થાળ બનાવવા માટે રાખેલ. જો કે એ સ્વામીનો જ સાધુ હતો.

લોકલાજે કરીને તે રસોઈ તો બનાવતો, પણ ખીચડી વગેરે કરે ત્યારે જોયા વિના જ કરે, તેના કારણે ખીચડીમાં કાંકરા આવે – કચરું નીકળે અને ક્યારેક ક્યારેક તો ઉંદરની લીંડીઓ પણ નીકળે ! આ બધું જોવા છતાં સ્વામી કાંઈ બોલે નહિ, મહારાજનું સ્મરણ કરતા કરતા જમી લે.

દરરોજના ક્રમ પ્રમાણે સ્વામીએ ખીચડી ખાધી, પરંતુ તેમાં ઉંદરની લીંડીઓ આવી ગઈ એનો ખ્યાલ સ્વામીને ન રહ્યો, એ તો પ્રભુને યાદ કરી ખીચડી જમી ગયા. તેથી એનું પરિણામ એ આવ્યું કે, સ્વામીનું પેટ ચડી ગયું! સ્વામીને આફરો ચડ્યો. તેના કારણે સ્વામી બીમાર થઈ ગયા.

હે ભક્તો ! આ વાતનો ખ્યાલ ગોપાળાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામીને આવ્યો. તેથી બન્ને સદ્‌ગુરુ સ્વામીની ખબર લેવા આવ્યા. સ્વામીની ખબર પૂછ્યા પછી થાળ બનાવનાર સાધુને કહેવા લાગ્યા: ''સાધુરામ! થાળ બનાવો ત્યારે સીધું બરાબર સાફ કરીને પછી જ બનાવવો; કારણ કે અમને લાગે છે કે, ખીચડીમાં ઉંદરની લીંડીઓ આવી ગઈ છે, તેથી જ સ્વામીને આફરો ચડી ગયો છે, માટે શાંતિથી ખીચડી જોઈને બનાવવી.''

બન્ને સંતોની વાત સાંભળી આ અડીજંતર કહેવા લાગ્યો: “હું લહિયો છું, મારે અનેક પુસ્તકોની નકલો લખવાની હોય છે. હું અનાજ વગેરે સાફ કરવા રહું તો પછી મારે લખવું ક્યારે ? માટે રસોઈ તો જેમ થાય છે એમ જ કરીશ.” ત્યારે ગોપાળાનંદ સ્વામી બોલ્યા: “મહાપુરુષ ! લહિયા તો બીજા ઘણા સંતો છે, એ લખ્યા કરશે, તમારા માટે સ્વામીની સેવા કરવી ને થાળ કરવો એ અગત્યનું છે.”

હે ભક્તો ! ત્યારે બેશરમ થઈને તે સાધુ બોલ્યો: “મારા માટે લખવું એ જ અગત્યનું છે, સ્વામી માટે રસોઈ બનાવવાનું અગત્યનું નથી.” આ રીતે ઉડાઉ જવાબ આપીને જતો રહ્યો. પછી બન્ને સંતોએ એક ભલા-ભોળા એવા અનુપમાનંદ સ્વામી (અનોપમાનંદ સ્વામી)ને બોલાવીને સર્વે વાત કરી, તુરંત તે સ્વામી માટે થાળ બનાવવા ને સેવા કરવા તૈયાર થઈ ગયા. પછી તે મહિમાથી સેવા કરવા લાગ્યા. તેના કારણે તેમના ઉપર મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી ત્રણેય મહાપુરુષો રાજી થયા.

## સંતોએ સ્વામીની ફરિયાદ કરી

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીએ સુરતમાં આવી ભૂતડાં ભગાડ્યાં, એના કારણે સ્વામીનો મહિમા ખૂબ વધી ગયો. હરિભક્તોનાં મનમાં સ્વામી પ્રત્યે પૂજ્યભાવ વધી ગયો. પછી તો સ્વામી ગઢપુર જતા રહ્યા. થોડા સમય બાદ સુરતના ભક્તોએ શ્રીજી મહારાજને વિનંતી કરીને કહ્યું: “પ્રભુ ! મુક્તાનંદ સ્વામીને સુરત મોકલો. ત્યાં સત્સંગીઓ તેઓની ખૂબ જ રાહ જોઈ રહ્યા છે, માટે સ્વામીને મોકલો.”

સત્સંગીઓના આગ્રહને કારણે શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને સુરત જવાનું કહ્યું. તેથી સંતોને લઈ સ્વામી સુરત પધાર્યા અને કથા-વાર્તા શરુ કરી. સ્વામીની વર્તન-સભર વાણી સાંભળીને હરિભક્તો બહુ જ રાજી થવા લાગ્યા. કથામાં સંતોને જમાડવાનો મહિમા આવ્યો, એટલે હરિભક્તો દરરોજ પાકી રસોઈ આપવા લાગ્યા. મીઠાઈ-ફરસાણ ખાનારા એના એ સંતો, પણ રસોઈ આપનારા અલગ-અલગ ભક્તો.

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીએ વિચાર્યું: ''અરે ! હરિભક્તો દરરોજ પાકી રસોઈ આપે છે અને સંતો દરરોજ મીઠાઈ ખાય છે. આના કારણે તો યુવાન વયના સંતોને સંયમ રાખવાની તકલીફ પડશે. દરરોજ ગળ્યું-ચીકણું ખાશે તો આરોગ્ય પણ જોખમાશે. સંતો બીમાર થશે. અધ્યાત્મ અને આરોગ્ય બન્ને પ્રકારનો વિચાર કરીએ તો દરરોજ મીઠાઈ ન ખાવી જોઈએ.''

પછી સ્વામીએ સર્વે ભક્તોને બોલાવીને કહ્યું: ''મારી આજ્ઞા છે કે તમો એક દિવસ પાકી રસોઈ આપો અને એક દિવસ કાચી રસોઈ આપો. આવું માનશો તો હું તમારા ઉપર બહુ રાજી થઈશ.'' સ્વામીની આજ્ઞા માની સર્વે હરિભક્તોએ એ પ્રમાણે કર્યું. આ સ્વામીનો નિર્ણય અમુક સ્વાદિયા સાધુને ન ગમ્યો, કારણ કે એમને મીઠાઈ-ફરસાણ ખૂબ ભાવતા હતા. એવા કેટલાક યુવાન સાધુઓએ સાથે મળી એક પત્ર શ્રીજી મહારાજને લખ્યો. તેમાં એવું લખ્યું: ''મહારાજ ! તમોએ અમોને મુક્તાનંદ સ્વામી સાથે મોકલ્યા છે, પણ તેઓએ તો પાકી રસોઈ લેવાની બંધ કરી છે. હરિભક્તોના ભાવને પણ સમજતા નથી !''

હે ભક્તો ! થોડા સમય બાદ મુક્તાનંદ સ્વામી સુરતથી વડતાલ આવ્યા. એ સમયે શ્રીજી મહારાજ સભા કરીને બેઠા હતા. ત્યાં આવીને સ્વામીએ મહારાજને દંડવત કર્યા. મહારાજ પણ ઊભા થઈ સ્વામીને ભેટ્યા અને ગાદીએ બેસાડ્યા. પછી મહારાજે પૂછ્યું: ''સ્વામી ! સુરતમાં આ વખતે ખૂબ રોકાયા છો. ત્યાં રસોઈનું કેમ કરતા હતા ?'' ત્યારે સ્વામી કહે: ''મહારાજ ! એક દિવસ કાચી રસોઈ લેતા અને એક દિવસ પાકી રસોઈ લેતા.''

આવું સાંભળી શ્રીહરિએ સવાલ કર્યો: ''સ્વામી ! પાકી રસોઈ લેતા ત્યારે શું વિચાર કરતા ?'' ત્યારે સ્વામીએ જવાબ આપ્યો: ''મહારાજ ! જ્યારે પાકી રસોઈ લઉં ત્યારે એમ વિચાર કરતો કે, ''આવા પવિત્ર સંતો જમશે તો હરિભક્તોનું કલ્યાણ થશે.'' ત્યારે ફરીને મહારાજે પૂછ્યું: ''સ્વામી ! કાચી રસોઈ લ્યો ત્યારે શું વિચાર કરતા ?'' ત્યારે સ્વામી બોલ્યા: ''જ્યારે કાચી રસોઈ લઉં ત્યારે એમ વિચાર કરતો કે, 'સંતોને માટે નિરંતર પાકી રસોઈ લેશું તો સંતોમાં આળસ અને પ્રમાદ વધશે અને સુખેથી ભજન-સ્મરણ થશે નહિ; એમ વિચારીને

કાચી રસોઈ લેતો.’’ ત્યારે સભામાં જ શ્રીહરિ બોલ્યા: ‘‘આ કાગળના લખનારા સાધુઓનો કેવો અભિપ્રાય છે અને મુક્તાનંદ સ્વામીનો કેવો અભિપ્રાય છે ?

## મોદકાનંદ થકી અમારું રક્ષણ કરજો

હે ભક્તો ! એકવાર મુક્તાનંદ સ્વામી અને આત્માનંદ સ્વામી વગેરે સંતો સુરતમાં કથા–વાર્તા કરવા માટે ગયા હતા. ઉપર પ્રમાણે જ સુરતના ભાવિલા ભક્તો મેવા–મીઠાઈ–બરફી–પેંડા અને ફળ–ફૂલના ઢગલા કરવા લાગ્યા. ત્યારે સ્વામીએ તેઓને સમજાવ્યા. તમોને સંતોનો મહિમા છે તે સારી વાત છે અને રાખવો જ જોઈએ, પરંતુ આટલાં બધાં સૂકા–મેવા, લીલા–મેવા લાવવા નહિ, બધું થોડું–થોડું લાવવું.’’

ત્યારબાદ સંતોની સભા કરીને તેમને પણ ઉપદેશ દેવા લાગ્યા: ‘‘હે સંતો ! હરિભક્તોને આપણા પ્રત્યે ભાવ છે, તેથી તેઓ લાવે એ એમનો ધર્મ છે, પણ જેટલું લાવે એટલું ખાધા કરવું એ આપણો ધર્મ નથી. એનો લાવવાનો ધર્મ છે અને આપણો ત્યાગવાનો ધર્મ છે, માટે સુરતમાં ખાવા–પીવાનો કંટ્રોલ રાખજો. ભક્તો લાવે એ ભગવાનને ધરાવીને થોડું રાખીને પ્રસાદીનું પાછું આપી દેવું એટલે તેઓ પણ રાજી થાય અને તેમના ઘરના માણસો માટે એ પ્રસાદી લઈ જાય, માટે અડધું રાખીને અડધું પ્રસાદીનું કરીને પાછું આપજો.’’

હે ભક્તો ! આ બન્ને સદ્‌ગુરુની વાત મુમુક્ષુ સંતોને ગમી, પરંતુ જે જે રસાસ્વાદી હતા એવા સાધુને આ ગમ્યું નહિ તેથી અરસ–પરસ ભેગા થઈને એકબીજાને કહેવા લાગ્યા: ‘‘આ સંતો તો પોતે ખાતાં નથી અને બીજાને ખાવાં પણ દેતા નથી.’’ પછી એક–બે સાધુએ શ્રીહરિને પત્ર લખીને મોકલ્યો. પછી મહારાજ પત્ર વાંચવા લાગ્યા: ‘‘હે મહારાજ ! અમારું મોદકાનંદથી અને અનાત્માનંદથી રક્ષણ કરજો વગેરે...’’ પછી સંતો સુરતથી આવ્યા ત્યારે પ્રભુએ પૂછ્યુ: ‘‘મોદકાનંદ કોણ ને અનાત્માનંદ કોણ ?’’ ત્યારે મુક્તાનંદ સ્વામી કહે: ‘‘મોદકાનંદ મને કહે છે અને અનાત્માનંદ આ આત્માનંદ સ્વામીને કહે છે !’’

## કેવળ કથા સાંભળવાથી કલ્યાણ થાય ?

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીએ જેમ ભુજથી ભૂતને બદરિકાશ્રમમાં મોકલ્યા હતા જેમ સુરતથી ભુતને બદરિકાશ્રમમાં મોકલ્યા હતા – એ જ રીતે અમદાવાદમાં પણ દરિયાખાંનના ઘુમટમાંથી ભૂતોને બદરિકાશ્રમમાં મોકલ્યા હતા. એને કારણે ત્યાં પણ સ્વામીને માનનારા ઘણા હરિભક્તો અને વણિકો હતા. એ બધાયે પત્ર લખીને શ્રીજી મહારાજને જણાવ્યું કે, ''આપશ્રી મુક્તાનંદ સ્વામીને અમદાવાદ મોકલવાની કૃપા કરો. તેમની કથા સાંભળીને અને તેઓનો સમાગમ કરવાથી અમદાવાદના લોકોને અંતરમાં અપાર શાંતિ મળે છે.''

હરિભક્તોના આગ્રહના કારણે શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને અમદાવાદ મોકલ્યા. લોકોને ખ્યાલ આવતા સૌ કોઈ સ્વામીનાં દર્શન કરવા અને કથા સાંભળવા માટે આવવા લાગ્યા. તે સમયે વિદ્વાન બ્રાહ્મણો પણ આવવા લાગ્યા અને એક દિવસ તેમણે મુક્તાનંદ સ્વામીને સવાલ કર્યો: ''સ્વામી ! પાંચ હજાર વર્ષ પહેલાં સાત દિવસ કથા સંભળાવીને શુકદેવજીએ પરીક્ષિત રાજાનું કલ્યાણ કર્યું હતું અને આજે તો ગામડે–ગામડે બ્રાહ્મણો ભાગવત વાંચે છે અને યજમાનો સાંભળે છે, તો પણ કોઈનું કલ્યાણ કેમ થતું નથી ?''

આવો સવાલ સાંભળી મુક્તાનંદ સ્વામી કહેવા લાગ્યા: ''ભૂદેવો ! તમે સાંભળો. તમને દુઃખ ન લાગે તો સાચી વાત જણાવું.'' ત્યારે બ્રાહ્મણોએ હા કહી. પછી મુક્તાનંદ સ્વામી બોલ્યા: ''હે બ્રાહ્મણો ! શુકદેવજી જેવા વાંચનારા આજે હોય અને પરીક્ષિત જેવા સાંભળનારા પણ અત્યારે હોય તો આજે પણ કલ્યાણ થાય. કેમ જે શુકદેવજીએ નિઃસ્વાર્થભાવે કથા સંભળાવી હતી અને પરીક્ષિતે તો સાત દિવસ સુધી અન્ન–જળનો ત્યાગ કરી કથા સાંભળી હતી. આજે તો મોટા ભાગના માણસો કથા કરવા પૈસા લે છે અને યજમાનો પણ પુરુ પેટ ભરીને ખાઈ લે છે, માટે કલ્યાણ થતું નથી. (કથા કરાવે એ વ્યર્થ ન જાય, તેઓને પુણ્ય ખૂબ થાય.)

હે ભક્તો ! આ પ્રમાણે વાત કરીને મુક્તાનંદ સ્વામીએ જયમંગળ હાથીની વાત કરતા કહ્યું કે, ''એક રાજા પાસે અતિ શક્તિશાળી અને ટ્રેનીંગ આપેલ જયમંગળ નામનો હાથી હતો. યુદ્ધમાં તેના દંતશૂળ ઉપર હથિયાર

બાંધીને મોકલે, એટલે તે હાથી લડાઈ લડીને સામેવાળાને મારીને લડાઈ જીતી લે.'' સમય જતાં તે હાથી મૃત્યુ પામ્યો. પછી કોઈ રાજાએ ચઢાઈ કરી એટલે મરેલા હાથીના દાંત રાખી મૂક્યા હતા તેની સાથે હથિયાર બાંધીને તે દાંતને રથમાં બેસાડી યુદ્ધમાં મોકલ્યા ! પણ તે દાંત શું કરે ? તાકાત તો તે હાથીની હતી ! તેમ વક્તા શુકજી જેવા હોય અને શ્રોતા પરીક્ષિત જેવા હોય તો કલ્યાણ થાય; નહિતર દંતશૂળ જેવું થાય !

## સાધુને ઘેર જવું હતું, પરંતુ.....

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામી હરિભક્તોના ભાવના કારણે આગ્રહના કારણે અનેકવાર સુરતમાં પધાર્યા હતા. એક વખત સ્વામી ૭૦ સંતોને લઈને સુરત પધાર્યા અને હરિભક્તોના રસોઈના વારા કરી દીધા. દરરોજ સિત્તેર સંતોનું સીધું હરિભક્તો લાવતા એવા મહિમાવાળા હતા. સ્વામી કથા–વાર્તા કરી સત્સંગનું પોષણ કરતા અને ભક્તોમાં રહેલા ધર્મ–જ્ઞાન–વૈરાગ્ય અને ભક્તિની વૃદ્ધિ થાય એવી કથા–વાર્તા કહી હરિભક્તોને રાજી કરતા.

એ સમયે મુક્તાનંદ સ્વામી પ્લાસ્ટીકની એક પાતળી દોરી રાખતા અને દર અઠવાડીયે સંતોની કમરે રાખી માપ લેતા ! જો કોઈના આગલા અઠવાડીયાની માપેલ દોરી ટૂંકી પડે એટલે એ સાધુ પાસે ઉપવાસ કરાવતા ! અને અમુક સંતોને તો કમરે દોરી બાંધેલી જ રાખતા હતા ! થોડી કડક થાય એટલે નાનું વ્રત કરાવે અને વજનને કંટ્રોલમાં રાખે. દેહની માતા બનીને સ્વામી દેહની પણ સંભાળ રાખતા હતા અને સાથોસાથ જીવની માતા બનીને આ રીતે પણ સંભાળ રાખતા હતા !

હે ભક્તો ! આ પ્રમાણે મુક્તાનંદ સ્વામી હરિભક્તોના અધ્યાત્મના પોષણ સાથે સંતોના સદ્‌ગુણોના પોષણની પણ ચિંતા રાખતા હતા. એવામાં એક દિવસ સ્વામી એકલા બેસીને માળા કરતા હતા, ત્યારે એક યુવાન સાધુએ આવી સ્વામીને દંડવત કરીને કહ્યું: ''સ્વામી ! મને તમારી સાથે ખૂબ હેત છે, તેથી મને વિચાર આવ્યો કે, પ્રથમ તમને મારા મનની વાત કરું અને પછી હું નિર્ણય કરું.'' ત્યારે સ્વામી બોલ્યા: ''સાધુરામ ! બોલો, જે કહેવું હોય તે નિ:શંક કહો.''

ત્યારે તે મુમુક્ષુ સાધુએ કહ્યું: ''સ્વામી ! મને તો મહારાજ મળ્યા અને તમારા જેવા સંત સાથે રહેવા મળે છે, એટલે મારું તો કલ્યાણ થશે જ એમાં મને કોઈ શંકા નથી; પણ મારાં દેહનાં માતા–પિતા તો સત્સંગી નથી, તેથી તે મરીને નરકમાં જાય એ સારું ન કહેવાય, માટે મને રજા આપો, હું ઘેર જઈને એમને મહારાજનો મહિમા કહી, સત્સંગી કરીને પાછો આવતો રહીશ.''

સાધુની વાત સાંભળી સ્વામીએ કહ્યું: ''સાધુરામ ! તમારી ભાવના સારી છે, પણ અત્યારે રોજના ૭૦ સીધાં ભરાય છે અને તમે જશો તો ૬૯ થશે. તેથી સત્સંગમાં વાત ફેલાશે કે, સાધુ ઘેર જતા રહ્યા. માટે મારી વાત માનો. જ્યારે આપણે અહીંથી જઈશું ત્યારે રસ્તામાંથી તમારે ઘેર જાજો અને મા–બાપને સત્સંગ કરાવીને પાછા આવતા રહેજો.''

હે ભક્તો ! તે સાધુને સ્વામીની વાત મનાઈ ગઈ, તેથી રોકાઈ ગયા. પછી સ્વામીએ કથા–વાર્તા કરીને એના બધા જ સંકલ્પો ટાળી નાખ્યા ને વૈરાગ્ય ચડાવી દીધો ! પછી સુરતથી ગઢપુર આવતા હતા ત્યારે રસ્તામાં સ્વામીએ કહ્યું: ''તમારા ગામનો રસ્તો આવે છે.'' ત્યારે તે બોલ્યા: ''હવે મારે સંસારરૂપી કૂવામાં નથી પડવું ! તમારા સમાગમના કારણે મને સંબંધીઓ ભુલાઈ ગયા છે.''

## કીર્તનનાં રૂપમાં સદ્‌બોધ

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીનાં પૂર્વાશ્રમમાં એક બહેન હતાં. તેમનું નામ ધનબાઈ હતું. તેમને ખ્યાલ આવ્યો કે, 'મોટા ભાઈ સ્વામિનારાયણ ભગવાનના સંત છે અને અત્યારે ગઢડામાં રહે છે. તેમજ ઉચ્ચ સ્થિતિ પામેલા મહાપુરુષ છે, માટે એનાં દરશન કરી આવું.' પછી ધનબાઈબેન ગઢપુર આવ્યાં અને શ્રીહરિને વાત કરી કે, 'હું મુકુંદદાસના દેહની બહેન છું અને એમનાં દર્શન કરવા આવી છું.'

આવું સાંભળી મહારાજ રાજી થયા અને જીવુબાને બોલાવી સર્વે વાત કરી સારો ઉતારો આપવા કહ્યું. પછી તો સ્વામીનાં બેન જાણી સૌ બહેનો ધનબાઈને ખૂબ સાચવવાં લાગ્યાં. બહેનને પણ આવું પવિત્ર વાતાવરણ જોઈને

ગમી ગયું. તેઓ દૂર બેસી દરરોજ મહારાજનાં અને પોતાના ભાઈ મુક્તાનંદ સ્વામીનાં દર્શન કરે અને તેમના મુખની કથા–વાર્તા સાંભળી રાજી થાય. તેમજ બહેનોની સભામાં મધુર સ્વરે છટાદાર હલકથી રામાયણની કથા કરે. આ રીતે ગઢપુરમાં રહેતાં તેમને ઘણા દિવસો થઈ ગયા.

હે ભક્તો ! એક દિવસ મુક્તાનંદ સ્વામીએ રામાયણની ચોપાઈનો અવાજ સાંભળ્યો. તેથી પાર્ષદને પૂછ્યું: ''આ રામકથા કોણ કરે છે ?'' ત્યારે પાર્ષદે કહ્યું: ''એ તો અમરાપુરના આનંદરામની દીકરી ધનબાઈ કથા કરે છે.'' ત્યારે સ્વામીના શિષ્ય શાંતાનંદ સ્વામી બોલ્યા: ''સ્વામી ! એ આપના પૂર્વાશ્રમનાં બહેન છે અને કથા બહુ સારી કરે છે.' ત્યારે સ્વામી બોલ્યા: ''એને આપણા સત્સંગની રીત–ભાત આવડે નહિ, માટે એને કહો જતાં રહે.''

પાર્ષદે જઈને ધનબાઈને કહ્યું. તેથી તેણે જઈને શ્રીજી મહારાજને કહ્યું: ''હું તો મારા જીવનું કલ્યાણ કરવા અહીં રોકાઈ છું. અહીંનાં પવિત્ર વાતાવરણમાં રહેવાથી મારા દિલમાં શાતા વળી છે. હું આપના બધા જ નિયમોનું પાલન કરીશ. તમે સ્વામીને કહો કે, મને અહીં રહેવાની સંમતિ આપે તેમજ મારો મોક્ષ થાય એવો ઉપદેશ આપે.''

ધનબાઈનો વિશુદ્ધ ભાવ જોઈ શ્રીહરિએ કહ્યું: ''અમારા સંતો સ્ત્રીઓને ઉપદેશ આપતા નથી, માટે લખીને જણાવશે.'' પછી સ્વામીને બોલાવીને વાત કરી, પરંતુ તેમણે ના કહી. ત્યારે મહારાજ બોલ્યા: ''મારી આજ્ઞાથી લખીને ઉપદેશ આપો, તમને કોઈ દોષ નહિ લાગે.'' પછી મુક્તાનંદ સ્વામીએ ઉપદેશનાં ચાર કીર્તનો લખીને મોકલ્યાં. તે હાલમાં આખા સંપ્રદાયમાં ગવાય છે. કીર્તનનું પહેલું પદ આ પ્રમાણે હતું.

''મોહનને ગમવાને ઈચ્છો માનની, ત્યાગો સર્વે જૂઠી મનની ટેક જો.
પતિવ્રતાનો ધર્મ અચળ કરી પાળજો, હરિચરણે રહેજો અબળા થઈ છેકજો.''

## મહિમાનું પદ કલમ દ્વારા કાગળમાં કંડારાયું

હે ભક્તો ! સ્વામિનારાયણ સંપ્રદાયના ગ્રંથોના અભ્યાસને અંતે એવું જાણવા મળે છે કે, સૌની પ્રત્યે નિર્દોષ ભાવનાવાળા અને ક્ષમાની મૂર્તિસમા મહામુક્ત મુક્તાનંદ સ્વામીને હંમેશાં સર્વમાં ગુણદષ્ટિ જ રહેતી હતી; છતાંય પણ પોતાના મંડળના પૂર્વ હિન્દુસ્તાની એક મનમુખી સાધુનું અમર્યાદિત વર્તન જોઈ સ્વામીના મનમાં એને કાઢી મૂકવાની ઈચ્છા થઈ.

અંતર્યામી પ્રભુથી આ વાત અજાણી ન રહી. પ્રભુએ વિચાર્યું કે 'મારા સંબંધવાળાનો મહિમા મારા નાનામાં નાના સંતથી લઈને મહાનમાં મહાન સંતમાં પણ હોવો જરૂરી છે. ગમે તેવો હોય તોય મારા સંબંધવાળો છે. હા, એના સ્વભાવ કાઢવાના પ્રયત્નો જરૂર કરવા જોઈએ, પણ એને કાઢી મૂકવાના સંકલ્પ શા માટે કરવા ?'' સ્વામિનારાયણના સાધુ કેવા છે અને જગતના બાવા કેવા છે ? તે અનુભવ કરાવવા શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું: ''સ્વામી ! તમે એક સાધુને જોડમાં લઈ વિશેષ સંસ્કૃતનો અભ્યાસ કરવા માટે ધ્રાંગધ્રામાં માર્ગીપંથમાં 'રામમહોલના અખાડામાં જાઓ. ત્યાં રહીને વિદ્યાભ્યાસ કરજો.''

હે ભક્તો ! પ્રગટ પ્રભુની આજ્ઞા થઈ એટલે સ્વામી એક સાધુને લઈને ધ્રાંગધ્રા આવ્યા. ત્યાં વિદ્યાભ્યાસ શરૂ કર્યો. સ્વામી પોતે એ રામમહોલમાં ગુરુની શોધ માટે આવેલા, એટલે પરિસ્થિતિનો સંપૂર્ણ ખ્યાલ હતો. છતાં પણ હેતસ્વી શ્રીહરિની આ આજ્ઞામાં કંઈક તથ્ય છે, એમ માની સ્વામી ત્યાં રહ્યા ! પરંતુ ત્યાંના ભાંગ અને ગાંજામાં ચકચૂર રહેનારા, ચલમના કેફમાં જ પડ્યા રહેનારા, રામકીના રંગે રાચનારા વિષયાસક્ત – કાચળિયા પંથના કામી સાધુની સાથે જેને અંતરમાંથી જ વિષયોનો અભાવ થઈ ગયો છે એવા મહામુક્ત મુક્તમુનિ એમની સાથે કેમ રહી શકે ? આઠ દિવસમાં તો સ્વામી અકળાઈ ગયા !

હે ભક્તો ! શ્રીહરિ અને સંતો સ્વામીને વારંવાર યાદ આવ્યા કરે છે. પ્રગટ પ્રભુ, સંતો અને સત્સંગીઓનો સંગ ન મળતા સ્વામી દિલગીર થઈ ગયા છે. તેના કારણે સ્વામીના મનમાં પ્રગટ ઉપાસી ભક્તોના મહિમાના વિચારો

ધોળાવા લાગ્યા. મન મહારાજને મળવા મથવા લાગ્યું અને તન તારણહારને તલસવા લાગ્યું ! એ સમયે સ્વામીનાં અંતરના ઊંડાણમાંથી પ્રગટ શ્રીહરિના સંબંધવાળા પ્રગટ ઉપાસી ભક્તોના મહિમાની ગાથા ગાતું પદ કલમ દ્વારા કાગળમાં કંડારાવા લાગ્યું !

''મારા વ્હાલાજી શું વ્હાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીયે !
તે વિના તે કેને ભજીયે રે...''

આ પદ વાંચીને મહારાજ ભાવભીના બની ગયા અને એક પાર્ષદને મોકલી સ્વામીને તેડી લાવવા કહ્યું. તેથી તે પાર્ષદ ધ્રાંગધ્રા જઈને સ્વામીને તેડી લાવ્યા.

હે ભક્તો ! ગઢડા મધ્યના ૪૭માં વચનામૃતમાં શ્રીજી મહારાજ આ કીર્તનની કડીની નોંધ લેતા જણાવે છે કે, ''મુક્તાનંદ સ્વામીના કીર્તનમાં કહ્યું છે જે, 'શૂળી ઉપર શયન કરાવે તોય સાધુને સંગે રહીયે રે.' માટે આવો અવસર પામીને તો અશુભ વાસના ટાળીને જ મરવું, પણ અશુભ વાસના સોતાં મરવું નહિ.

આવી જ રીતે વરતાલના ૧૧માં વચનામૃતમાં પણ આ કીર્તનની નોંધ લેવાઈ છે તે જોઈએ વચનામૃતના જ શબ્દોમાં:– પછી શ્રીજી મહારાજે બે પદ ગવરાવ્યાં જે, ''મારા હરજી શું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ'' એક તો એ અને બીજું જે, ''મારા વહાલાજી શું વહાલપ દીસે રે, તેનો સંગ કેમ તજીએ.'' અને પછી એ બે પદ શીખ્યાની સત્સંગી માત્રને આજ્ઞા કરીને એમ કહ્યું જે, ''એ બે પદમાં વાર્તા છે તેને નિત્ય ગાઈને સંભારી રાખવી.''

## શ્રીહરિ સ્વામીને શા માટે વઢતા ?

હે વહાલા સંતો–ભક્તો ! યોગીરાજ ગોપાળાનંદ સ્વામીએ પોતાની પ્રથમ પ્રકરણની ૭૪મી વાતમાં કહ્યું છે કે, ''મુક્તાનંદ સ્વામીને મહારાજ વઢીને (ખીજાઈને) ક્યારેય પ્રસાદીનો થાળ આપતા નહિ, ને સહેજે તો દાડી (દરરોજ) પ્રસાદી ને વસ્ત્ર આપતાં. ને બીજાને તો વઢે ત્યારે પ્રસાદી તથા વસ્ત્ર આપ્યાં વિના રહે જ નહિ !

તે શું જે મુક્તાનંદ સ્વામીને મુંઝવણ થતી નહિ, એટલે ન દેતા. તે કેમ સમજતા જે મુંઝવણ જ આવતી નહિ ? એ પ્રશ્નનો ઉત્તર જે, તે (મુક્તાનંદ સ્વામી) પોતાને ત્રણ ગુણ ને ત્રણ શરીર થકી રહિત સમજતા ને શ્રીજી મહારાજની મોટપ ને માહાત્મ્ય અતિશેપણે સમજતાં ને તેમજ વર્તતા ને હિતકારી પણ અતિશે જાણતા તેણે કરીને મુંઝવણ ન આવતી.’’

હે સંતો-ભક્તો ! સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ જ પ્રશ્ન કરીને તેનો જવાબ પણ પોતે જ આપ્યો ! જવાબમાં સ્વામી બોલ્યા છે કે, ‘મુક્તાનંદ સ્વામી પોતાને ત્રણ ગુણ અને ત્રણ શરીર થકી રહિત સમજતા ને શ્રીજી મહારાજની મોટપ ને માહાત્મ્ય અતિશેપણે સમજતાં ને તેમજ વર્તતા ને હિતકારી પણ અતિશે જાણતા, તેણે કરીને મુંઝવણ ન આવતી.’

હે ભક્તો ! ઉપરોક્ત સ્થિતિ થઈ ગઈ હોય તો એવા સંતને વઢવું પડે ખરું ? એમાંય વળી મુક્તાનંદ સ્વામી જેવા મહાપુરુષ ઉપર સ્વયં શ્રીજી મહારાજ ખીજાતા હોય એવી વાત મનાય ખરી ? અને છતાંય પણ મહારાજ સ્વામી ઉપર ખીજાયા છે એ વાત પણ સત્ય છે ! તો પછી શા માટે શ્રીહરિજી સ્વામી ઉપર ખીજાતા હશે ? એનો જવાબ શ્રીજી મહારાજ લોયાનાં છઠ્ઠાં વચનામૃતમાં આપતા કહે છે કે, ‘‘મુક્તાનંદ સ્વામી જેવા હોય તે સર્વથી સરસ વર્તમાન પાળતા હોય ને તેણે કરીને બીજા સંતને ઉદ્વેગ થાય, કેમ જે એમની બરોબર વર્તાય નહિ.’’

હે ભક્તો ! સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી અધ્યાત્મ માર્ગમાં બહુ આગળ હતા. ધર્મ-નિયમ અને નવ પ્રકારની ભક્તિ વગેરે તેઓ ખૂબ કરતા હતા, તેના કારણે તેમની સાથે રહેતા સંતો સ્વામી જેટલું વર્તી શકતા નહિ, તેથી તેઓ મનોમન દુ:ખી થતાં તેમજ ઉદાસ રહ્યા કરતા. તેના કારણે શ્રીજી મહારાજ અમુક વખત મુક્તાનંદ સ્વામી ઉપર ખીજાઈને કહેતા: ‘‘સ્વામી ! તમારા ધર્મ-નિયમો થોડા ઓછા કરો, તમારા કારણે સંતોને ઉદ્વેગ રહ્યા કરે છે.’’ આવું સાંભળીને સ્વામી થોડા દિવસ તપ-ત્યાગ વગેરે નિયમો ઓછા કરી દેતાં, પણ પછી પાછા પ્રથમની માફક જ બધું પાળવાનું શરુ કરી દેતા ! એ વાતની શ્રીજી મહારાજને ખબર પડતી એટલે તેઓ સ્વામીને ફરીને ઠપકો આપતા. તેથી એમ સમજવું કે મહારાજને વઢવાનું કારણ સ્વામીના ત્યાગ-વૈરાગ્ય હતા.

## સ્વામી દ્વારા સંપ્રદાયને સાહિત્ય દાન

''अंधा है वह देश जहाँ आदित्य नहीं है;
मुर्दा है वह धर्म जहाँ साहित्य नहीं है.''

હે ભક્તો ! સારું સાહિત્ય મુમુક્ષુઓને આધ્યાત્મિક માર્ગે આગળ વધવા પ્રેરણા આપે છે. સદ્‌વાંચન વાચકોનાં હૃદયમાં પ્રભુ–ભક્તિ જાગ્રત કરવામાં સહાયક બને છે. સાહિત્ય વિનાનાં સંપ્રદાય શુષ્ક રહી જાય છે. ધર્મને લોકાભિમુખ કરવામાં સાહિત્યનો અમૂલ્ય ફાળો છે. તપશ્ચર્યા કે સાધનાના સહકાર વિના શબ્દો પ્રાણવાન બનતા નથી. સુખ–દુ:ખનાં વાદળાં જેને સ્પર્શે નહિ, એવું નિર્મળ અને નિર્લેપ હૃદય જેની પાસે હોય તે જ વ્યક્તિ શ્રેષ્ઠ સાહિત્ય–સર્જન કરી શકે છે. એવા જ હતા આપણા મુક્તાનંદ સ્વામી.

હે ભક્તો ! ગઢડા મધ્ય પ્રકરણનાં ૫૮માં વચનામૃતમાં શ્રીહરિએ કરેલી આજ્ઞાનુસંધાને અને ભાવિ મુમુક્ષુઓનાં આત્યંતિક કલ્યાણ માટે શરીરમાં અસાધ્ય ક્ષયરોગ હોવા છતાં મુક્તાનંદ સ્વામીએ જીવનના છેલ્લા શ્વાસ સુધી સંસ્કૃત અને પ્રાકૃત ગ્રંથો લખવાનું ચાલુ જ રાખ્યું હતું. ક્યારેય પણ થાક દેખાવા દીધો ન હતો. એવા અનુપમ સ્વામીશ્રીનું સાહિત્ય એટલે ? અનુકંપાનો અખાડો, સમજણનો સમુદ્ર અને સાધુતાનું સરોવર !

મુક્તાનંદ સ્વામીના સાહિત્યમાં આધુનિકતાની નફટાઈ નથી, તેમજ ગામઠી ગૂંથી નથી માર્યું. સ્વામીશ્રીનું સાહિત્ય એટલે કમનીય, રમણીય અને અનુકરણીય છે. વેદ–વેદાંત–શ્રુતિ–સ્મૃતિઓ–પુરાણો–ઇતિહાસો–નીતિશાસ્ત્રો–ગીતા અને ભાગવત વગેરે ગહન શાસ્ત્રોના અર્થો સીધી–સાદી અને સરળ છતા સચોટ તથા મર્મવેધક ભાષામાં વર્ણવાયા છે.

હે ભક્તો ! સ્વામીના હાથમાંથી લખતાં–લખતાં કલમ પડી જતી હતી, છતાં 'ધર્માખ્યાન' ગ્રંથ લખવાનું છોડતા ન હતા. ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું: ''સ્વામી ! એ હવે રહેવા દો, એ ગ્રંથને હું પૂરો કરીશ.'' ત્યારે કલમ

(પેન) મૂકી. ત્યાં સુધીમાં હજારો કીર્તનો અને સંસ્કૃત-પ્રાકૃત થઈને નાના-મોટા ૩૨ જેટલા ગ્રંથોની રચના પૂજ્ય સ્વામીશ્રીએ કરી લીધી હતી. તેનાં નામ 'મુક્તાનંદ કાવ્ય'માંથી જાણી લેવા.

હે ભક્તો ! 'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથની વાસ્તવિકતા તો એ છે કે, એ ગ્રંથ લખ્યો છે સ્વામીના શિષ્ય આધારાનંદ સ્વામી ઉર્ફે સિદ્ધાનંદ સ્વામીએ (તેઓ મારા આદિ ગુરુ પણ છે.) પરંતુ સ્વામીએ એ ગ્રંથમાં જે જે લખ્યું છે, એ બધું જ જ્ઞાન તેમને મુક્તાનંદ સ્વામી પાસેથી જ મળેલ હતું. મુક્તાનંદ સ્વામી સંતો-ભક્તો આગળ કથા-વાર્તા કરતા એ બધું જ આધારાનંદ સ્વામી લખી લેતા હતા. અને એ લખાણમાંથી જ ભવિષ્યમાં તેમણે હ. સાગર ગ્રંથ લખ્યો હતો.

## મુક્તાનંદ સ્વામી અભણ હતા કે વિદ્વાન ?

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીને પાંડિત્ય પરંપરામાં પ્રાપ્ત થયેલ હતું. અમરેલીના ચમત્કારી અને પરોપકારી મહાપુરુષ મહાત્મા મૂળદાસના શિષ્યો પાસેથી સ્વામીએ બચપણમાં સંસ્કૃત-સંગીત અને આયુર્વેદનું જ્ઞાન પ્રાપ્ત કરેલ હતું. સ્વામીના પિતા આનંદરામે પણ કાશીમાં રહીને સંસ્કૃતનો અભ્યાસ કર્યો હતો. તેમની પાસેથી પણ સ્વામીએ સંસ્કૃતનો અભ્યાસ કર્યો હતો. સંત બન્યા પછી ભુજમાં જઈને સંસ્કૃત-પિંગળશાસ્ત્ર-અલંકાર શાસ્ત્ર અને સંગીતનો વિશેષ અભ્યાસ કર્યો હતો. એ સિવાય અમદાવાદમાં જઈને પણ સ્વામીએ સંસ્કૃત ભાષાનો વિશેષ અભ્યાસ કર્યો હતો.

હે ભક્તો ! સ્વામીના સાહિત્ય પર નજર કરતા સ્પષ્ટપણે કહી શકાય કે, મુક્તાનંદ સ્વામી પ્રસ્થાનત્રયી પર પૂર્ણ પ્રભુત્વ ધરાવતા હતા. બ્રહ્મસૂત્રભાષ્ય અને સત્સંગિજીવન પ્ર.૩ અ.૨૯ માં તેમના પૂછવાથી શ્રીહરિએ પ્રત્યક્ષ અને ધામમાં રહેલા સ્વરૂપનું કરેલું ઐક્ય પ્રતિપાદન તેમાં સબળ સાક્ષી બનીને ઊભા છે. છોટી કાશી વડોદરાની વિદ્વત્સભામાં સંપ્રદાયનો વિજય ધ્વજ ફરકાવનાર સંતને આજ અમુક વક્તાઓ એ જ પ્રસંગે સ્વામીને

અભણ કહેવાનું દુ:સાહસ કરે છે. ત્યારે એવું લાગે છે કે આ વક્તાશ્રી 'આંખ આડા કાન રાખીને જ બોલી રહ્યા છે !'

હે ભક્તો ! સ.જી. માં તો સ્પષ્ટ લખ્યું છે કે, 'મુક્તાનંદ મુનિં પ્રોચે વિદ્વાંસં સ્વાગ્રતઃ સ્થિતમ્'' અર્થાત્ નાથજીત વગેરેએ પ્રાર્થના કરી ત્યારે શ્રીહરિએ પોતાની આગળ બેઠેલા વિદ્વાન મુક્તમુનિને વડોદરા જવાનું કહ્યું. (સ.જીવન : ૪/૨૯/૨૭) સ્વામીને અભણ કહેનારા અબુધ અને અજ્ઞાની વક્તાઓ અને કથાકારોએ એટલું તો વિચારવું જોઈએ ને કે, ''વ્યાસજીએ લખેલ 'બ્રહ્મસૂત્ર' ઉપર સંસ્કૃત ભાષામાં ભાષ્ય કોઈ અભણ સાધુ કરી શકે કે સંસ્કૃત ભાષાના વિદ્વાન કરી શકે ? આવા પોથી–પંડિતોએ બહુ વિચાર કરીને બોલવું જોઈએ. બીજા વક્તાની કથાની કેસેટમાંથી સાંભળીને કથાઓ કરનારાઓએ સંપ્રદાયના દરેક ગ્રંથોનો અભ્યાસ કરીને પછી બોલવું જોઈએ કે મુક્તાનંદ સ્વામી ખરેખર અભણ હતા કે વિદ્વાન હતા ?

હે ભક્તો ! નીલકંઠ પ્રભુ સાત વર્ષના વન–વિચરણ દરમ્યાન અનેક યોગીઓ–જ્ઞાનીઓ–તપસ્વીઓ–વિદ્વાનો–મઠાધીશો–મહંતો અને ધર્માચાર્યોને મળ્યા હતા. તે સર્વેને વર્ણીપ્રભુએ જીવ–ઇશ્વર–માયા–બ્રહ્મ અને પરબ્રહ્મ વિષે પ્રશ્નો પૂછેલા, પણ યથાર્થ ઉત્તરો કોઈ ન આપી શક્યા; એ જ પ્રશ્નોના યથાર્થ ઉત્તરો લોજપુરમાં મુક્તાનંદ સ્વામીએ સંવત્ ૧૮૫૬માં આપેલા અને વર્ણીએ માન્ય કરેલા. તો સ્વામીના પાંડિત્ય માટે આનાથી મોટું પ્રમાણ બીજું કયું હોઈ શકે ?

હે ભક્તો ! વડોદરાની જેમ જ મુક્તાનંદ સ્વામીએ જામનગરમાં પણ શાસ્ત્રાર્થ કરીને વિદ્વાનોને હરાવ્યા હતા. જેનો વિસ્તૃત અહેવાલ 'હરિલીલાકલ્પતરુ' ભાગ–૨, શ્રીજા સ્કંધના ૩૩/૩૪ માં અધ્યાયમાં લખાયેલ છે. ગઢડા મધ્યના ૩૨માં વચનામૃતમાં શ્રીજી મહારાજે 'વિષયા વિનિવર્તન્તે નિરાહારસ્ય દેહિન:' આ શ્લોકનો અર્થ પૂછ્યો છે ત્યારે સ્વામીએ રામાનુજભાષ્ય સહિત અર્થ કર્યો છે. અચાનક સામે આવેલા શ્લોકનો ભાષ્ય સહિત ઉત્તર સારા

વિદ્વાન માટે પણ કપરું કાર્ય થઈ પડે છે; જ્યારે મુક્તાનંદ સ્વામીએ તો સહજમાં જ અર્થ કરી શ્રીહરિને રાજી કરેલા.

હે ભક્તો ! આ ઉપરાંત મુક્તાનંદ સ્વામીની વિદ્વત્તામાં પુરક તેમની પાસે રહેતા વિદ્યાર્થી સંતો છે :–

''જે જે સાધુ હતા ભણનારા, મુક્તાનંદ પાસે રહેનારા;
મુક્તાનંદ સાથે સહુ એહ, ગયા સરસવણી ગામે તેહ.''

– શ્રીહરિલીલામૃત

હે ભક્તો ! સંપ્રદાયનો ઐતિહાસિક ગ્રંથ ગણાતો એવા 'શ્રીહરિચરિત્રામૃતસાગર'ના ૨૦માં પૂરના ૩૨માં તરંગમાં આધારાનંદ સ્વામી તો ત્યાં સુધી લખે છે કે,

''મુક્તમુનિ તેહિ પાસ, ખુશાલ ભટ્ટ રહે આય કર;
જગ સે હોય ઉદાસ, ગીતા ભાષ હિ પઢન હિત.''

(અર્થ)

'જગતથી ઉદાસ રહેતા ખુશાલ ભટ્ટ (ગોપાળાનંદ સ્વામી) રામાનુજાચાર્યની ટીકા સાથે ગીતાને હવે મુક્તાનંદ સ્વામી પાસે રહીને ભણશે.' જો કે ખુશાલ ભટ્ટ વિદ્વાન હતા, પરંતુ સ્વામી સાથે એમને રહેવુ હતું એટલે ભણવાનું મીષ લઈ ગીતાભાષ્ય ભણવા રહ્યા.

હે ભક્તો ! હજુ આગળ વાંચો. શ્રીહરિલીલામૃતના પ્રથમ કળશના પ્રથમ વિશ્રામમાં સ્વામી માટે લખાયું છે કે, 'તેઓ મહાશાસ્ત્રના અભ્યાસી હતા. આ ઉપરાંત જે ગ્રંથમાં શ્રીહરિ સંતોને સંસ્કૃત અધ્યયન કરવા પ્રેરણા આપી રહ્યા હતા, ત્યારે જ મુક્તાનંદ સ્વામી ત્યાં આવ્યા અને તેઓએ પણ સંતોની પ્રેરણા માટે કહ્યું કે, ''હે સંતો ! મારી દેવભાષા સંસ્કૃતમાં વિશેષ ગતિ છે. હું ગીર્વાણ સારી રીતે જાણું છું, તથાપિ ગુજરાતી અને હિન્દીમાં

કાવ્યો કરું છું. જેમ સ્વર્ગમાં અમૃત હોવા છતાં દેવતાઓ ગંગાજળ પીવા માટે લાલાયિત રહે છે – તેમ મને સંસ્કૃતનું જ્ઞાન હોવા છતાં ગુજરાતી ભાષામાં રુચિ વધારે છે.

હે ભક્તો ! અહીં સ્વયં મુક્તાનંદ સ્વામીએ સ્વપાંડિત્યનો પરિચય આપ્યો છે. સ્વયં શ્રીહરિએ કારિયાણી ગામમાં સ્વામીના મુખેથી 'શ્રીભાષ્ય'ની કથા સાંભળેલી. – (સ.જી. પ્ર.૪ અ.૧૩) તેમજ વડોદરાના બે શાસ્ત્રાર્થોમાં જીત મેળવીને સ્વામીએ સંપ્રદાયને ''શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્'' સૂત્ર આપ્યું છે.' 'સુજ્ઞેષુ કિં બહુના.'

## સદ્‌ગુણોના સાગર સ્વામી

હે ભક્તો ! સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રમાણિત શાસ્ત્રો અને સાહિત્યમાં સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીનાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, આજ્ઞા, ઉપાસના, મહિમા, દાસત્ત્વપણું અને નિશ્ચય–આદિક અનેક મોક્ષ ઉપયોગી સદ્‌ગુણોની અનેકવિધ પ્રશંસા સ્વયં શ્રીહરિજીએ શ્રીમુખે અનેકવાર કરેલી જાણવા–વાંચવા–સાંભળવા મળે છે. જ્યારે કોઈ સર્વોત્તમ બાબત કહેવી હોય ત્યારે મુક્તાનંદ સ્વામીને જ ઉદાહરણ તરીકે બતાવ્યા છે. જ્યારે ભક્તોને કલ્યાણનો કોલ શ્રીહરિ આપતા ત્યારે એવું કહેતાઃ ''તારું કલ્યાણ મુક્તાનંદ સ્વામી જેવું કરીશું.'' આ પ્રમાણથી સ્વામીનાં કલ્યાણની સર્વોત્કૃષ્ટા સૂચવાય છે.

હે ભક્તો ! વ્યવહારિક સદ્‌ગુણોની પણ મુક્તાનંદ સ્વામીમાં કોઈ પ્રકારની કમી ન હતી. સ્વામી અધ્યાત્મ સદગુણોનો ખજાનો હતા – એ જ રીતે વ્યવહારિક સદ્‌ગુણોનો પણ ખજાનો હતા. સ્વામી ગાયન વિદ્યામાં નિપુણ હતા. વિદ્વત્તામાં નંબરવન હતા. કવિઓમાં આદિ કવિ હતા. લેખકોમાં શ્રેષ્ઠ લેખક હતા. વગાડવામાં શ્રેષ્ઠ વાદક હતા. નૃત્યકારોમાં એની જોડે બીજા કોઈ આવી ન શકે, એવા ઉત્તમ નૃત્યકાર હતા. કથા કરવામાં તો એવા કે, એની તૂલ્ય કોઈ આવી જ ન શકે. નાડીવૈદ્ય પણ જેવા–તેવા ન હતા અને સંસ્કૃત–વ્રજ–હિન્દી અને ગુજરાતી આ ચાર ભાષાના તો જાણકાર હતા. તેમજ વચનામૃત ગ્રંથના મુખ્ય સંપાદક હતા. વચનામૃતમાં સ્વામીએ સંતો વતી

અને હરિભક્તો વતી શ્રીજી મહારાજને ૯૨ પ્રશ્નો પુછીને પ્રગટ પ્રભુનું માર્ગદર્શન મેળવી સૌ મુમુક્ષુઓને યથાયોગ્ય જ્ઞાન પુરું પાડ્યું છે.

હે ભક્તો ! સ્વામી સ્વયં તો મહાજ્ઞાની હતા જ. તેઓ સર્વશાસ્ત્રોના જ્ઞાતા હોવા છતા અજાણ્યા થઈ મુમુક્ષુઓનાં હિતાર્થે સત્સંગ–સંબંધી પ્રશ્નો પુછી સત્સંગીઓની ખૂબ મોટી સેવા કરી છે. તેમજ પોતાના દાસપણાના અંગની સૌને પ્રતીતિ કરાવી છે. સૌ કોઈ સાધુ–સંતો કે બાઈઓ–ભાઈઓને લાગું પડે તેવા ધર્મ–જ્ઞાન–વૈરાગ્ય અને ભક્તિના ઉત્કર્ષ માટેના પ્રશ્નો પુછી સંતો–ભક્તોને મોક્ષમૂલક ભાથું બાંધી આપ્યું છે.

## મુક્તાનંદ સ્વામીનું ધામગમન

હે ભક્તો ! સંવત્ ૧૮૭૭માં શ્રીહરિજીએ પંચાળામાં મંદવાડ ગ્રહણ કર્યો હતો. ત્યારે નાડીવૈદ્ય મુક્તાનંદ સ્વામીએ મહારાજના હાથની નાડી તપાસી. તે સમયે અસહ્ય તાવ જોઈને સ્વામીની આંખોમાંથી અશ્રુ ચાલવા લાગ્યા. આવું જોઈ મહારાજ બોલ્યાઃ ‘‘સ્વામી ! તમે આટલાં બધાં દુઃખી કેમ થાવ છો ?’’ ત્યારે સ્વામી કહેવા લાગ્યાઃ ‘‘હે મહારાજ ! આપની માંદગી જોઈને કોણ ઉદાસ ન થાય ? આપનો વિષજ્વર તો અમારાં કાળજાંને ભાંગી નાખે છે. આ લોકમાં કોઈ સંત–ભક્ત કે મહાપુરુષ આવે તો તે પણ તેમની નિશાનીરૂપે મઠ કે આશ્રમ બાંધતા જાય છે – તેમ આપના સ્વરૂપની ઉપાસનાની કોઈ સ્મૃતિ–નિશાની રાખ્યા વગર જ આમ ઉદાસ થઈ જશો તો કેટલા જીવોને તમારો યોગ થશે ?’’

આવું સાંભળી શ્રીજી મહારાજ બોલ્યાઃ ‘‘સ્વામી ! આપનું કહેવું બરાબર છે. આપ કહો એ પ્રમાણે અમે કરીશું.’’ પછી સ્વામી કહેવા લાગ્યાઃ ‘‘હે મહારાજ ! સંપ્રદાયનાં મૂળ જળવાય રહે એ માટે આપની ઉપાસનારૂપી મોટાં શિખરવાળાં મંદિરો કરવાં, આચાર્ય કરવા અને શાસ્ત્રો રચાવવાં.’’ આવું સાંભળીને મહારાજે મંદવાડને મૂકી દીધો, તેથી તાવ જતો રહ્યો ! પછી તો મંદિરો બંધાવાનાં શરુ કરાવ્યાં, શાસ્ત્રો લખાવવાનાં શરુ કરાવ્યાં. પોતે

પણ શિક્ષાપત્રી લખી અને આચાર્યોની પણ સ્થાપના કરી. આ પ્રમાણે મુનિવર મુક્તાનંદ સ્વામી આવાં મોટાં સર્વોપરી કાર્યમાં નિમિત્ત બન્યા અને આખા સત્સંગ સમાજનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

હે ભક્તો ! મંદિરો-શાસ્ત્રો અને આચાર્યોની સ્થાપના કર્યા બાદ શ્રીજી મહારાજ સંવત્ ૧૮૮૬ના જેઠ સુદ દશમને દિવસે બપોરે બાર વાગ્યે સ્વતંત્રપણે પોતાના દિવ્યમુક્તો સાથે દિવ્ય-વિમાનમાં બેસીને પોતાના અક્ષરધામમાં પધાર્યા. ત્યારબાદ મુક્તાનંદ સ્વામી પણ ભાંગી પડ્યા હતા અને તેમની ઈચ્છા પણ હવે આ લોક છોડી ધામમાં જવાની હતી.

એવા સમયમાં એક દિવસ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી અને સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામીનાં દર્શન કરવા આવ્યા. એ સમયે સ્વામી ધર્માખ્યાન ગ્રંથ લખતા હતા. ગ્રંથ પૂરો થવાની તૈયારી હતી, પણ સ્વામીની બીમારીને કારણે વારંવાર કલમ હાથમાંથી પડી જતી હતી. તે જોઈને નિત્યાનંદ સ્વામી બોલ્યાઃ ''સ્વામી ! હવે કલમ મૂકી દો. તમારો ગ્રંથ હું પૂર્ણ કરીશ.'' આવું સાંભળી સ્વામી બહુ રાજી થયા અને બન્ને સદ્‌ગુરુઓને આસન ઉપર બેસાડી ગોપાળાનંદ સ્વામીને કહ્યુંઃ ''ગોપાળમુનિ ! મને કાંઈ કહેવું હોય તો કહો.''

આવું સાંભળી ગોપાળાનંદ સ્વામી કહેઃ ''સ્વામી ! તમે તો શ્રીજી મહારાજના પણ ગુરુ કહેવાઓ છો, તમને મારાથી કેમ કહેવાય ?'' ત્યારે સ્વામી કહેઃ ''મને મહારાજે ભલામણ કરી છે, એના સાક્ષી આ શુકમુનિ (શુકાનંદ સ્વામી) છે.'' ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યુંઃ ''સ્વામી ! હવે તમારો દેહ નહિ રહે, માટે તમારી પૂજા તથા પુસ્તકો અને પ્રસાદીની વસ્તુઓ જે હોય તે દેવને, આચાર્યને તથા તમારા સેવક સંતોને જે આપવું હોય તે વહેંચી આપો.''

હે ભક્તો ! ગોપાળાનંદ સ્વામીનાં આવાં વચનો સાંભળી મુક્તાનંદ સ્વામીના મનમાં અતિ આનંદ થયો અને બોલ્યાઃ ''સ્વામી ! હું તો ધામમાં જવાની રાહ જોઈને જ બેઠો છું. મહારાજ ધામમાં પધાર્યા પછી મને આ લોક

ગમતો જ નથી. ક્યારે મહારાજ મને લેવા પધારે તેની રાહ જોઈ રહ્યો છું.'' આ પ્રમાણે કહીને મુક્તાનંદ સ્વામીએ પોતાની પૂજા–પુસ્તકો વગેરે મંગાવ્યાં અને ગોપાળાનંદ સ્વામીના હાથે જ વહેંચી અપાવ્યું.

હે ભક્તો ! આષાઢી સંવત્ ૧૮૮૭ ના અષાઢ વદ ૧૦ ના દિવસે સ્વામી નાહીને નવી કંઠી પહેરી અને નવી જનોઈ પહેરી પદ્માસનમાં બેસી ગયા. પછી અંતરવૃત્તિ કરી શ્રીહરિની મૂર્તિમાં મનને જોડી દઈ મહારાજને મનોમન પ્રાર્થના કરવા લાગ્યા. ત્યાંતો દિવ્ય વિમાન લઈ અનંત મુક્તો સાથે મહાપ્રભુ મોહનવર પધાર્યા અને સ્વામીને કહેવા લાગ્યા: ''ગુરુ મહારાજ ! પધારો ધામમાં. અમે તમને તેડવા આવ્યા છીએ.'' ત્યારે આંખો ખોલી મુક્તાનંદ સ્વામીએ ત્યાં હાજર રહેલા સર્વે સંતો–ભક્તોને કહ્યું: ''મહારાજ પધાર્યા છે, તેથી હું તેઓની સાથે અક્ષરધામમાં જાઉં છું. જય સ્વામિનારાયણ.'' આટલું બોલીને સ્વામીએ કાયમ માટે આંખો બંધ કરી દીધી ! અર્થાત્ શ્રીજી મહારાજ ધામમાં પધાર્યા પછી બરાબર દોઢ મહિને સ્વામી પણ ધામમાં પધારી ગયા.

વહાલા વાચકો, તમને શંકા થાય કે, દોઢ મહિના પછી સ્વામી ધામમાં ગયા, તો પછી સાલ (૧૮૮૭) કેમ બદલાઈ ગઈ ? એના સમાધાન માટે જણાવું છું કે, 'શ્રીજી મહારાજના સમયમાં અષાઢ મહિનાથી નવું વર્ષ બદલાઈ જતું–શરુ થઈ જતું. એટલે ૧૮૮૬ના છેલ્લા મહિનામાં મહારાજ ધામમાં પધાર્યા અને આષાડી સંવત ૧૮૮૭ના પહેલાં મહિનામાં જ મુક્તાનંદ સ્વામી ધામમાં ગયા. વચનામૃતો પણ આષાઢી સંવતનાં જ છે, પણ વિક્રમ સંવતનાં નથી. હાલમાં વિક્રમ સંવત્ કારતક મહિનાથી નવું વર્ષ શરુ થાય છે.

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીની ધામગમન તિથિ ત્રણ પ્રકારે ગ્રંથોમાં જોવા મળે છે. 'શ્રીહરિચરિત્રામૃતસાગર' ના પુર : ૨૯ તરંગ ૧૦૫ માં આધારાનંદ સ્વામીએ અષાઢ વદ–૧૦ લખી છે, તેથી મેં પણ એ લખી છે.

શ્રીહરિલીલામૃતના ૧૦માં કળશના ૮ માં વિશ્રામમાં અષાડ સુદ દશમ લખેલ છે. અક્ષરાનંદ સ્વામીએ પોતાની ૮૨૩મી વાતમાં અષાઢ સુદ ૧૦ લખેલ છે અને 'સ્વામિનારાયણ ચરિતગાથા'માં અષાઢ વદ ૧૧ લખેલ છે. પરંતુ

મને મારા આદિ ગુરુ આધારાનંદ સ્વામીએ લખેલ તિથિ સાચી લાગી એટલે મેં અષાઢ વદ ૧૦ લખી છે. એ સિવાય દાદાખાચરના બારોટના ચોપડે પણ અષાઢ વદ ૧૦ લખેલ છે.

હે ભક્તો ! મારા આદિ ગુરુ મહામુક્ત સદ્ગુરુ મુક્તાનંદ સ્વામીની જીવન–ગાથા લખવાનું મને પરમ સૌભાગ્ય સાંપડ્યું; એનો મને અંતરમાં અતિ આનંદ છે. સ્વામીના સદ્ગુણોની સમજ પાડવામાં બુદ્ધિ વામણી બની જાય એવા તો સ્વામીશ્રીમાં દિવ્યગુણો હતા. સ્વામીશ્રીની સાધુતા, સરળતા, નિખાલસતા, નિર્માનીતા, દયાળુતા અને પ્રેમાળતા વિષે જેટલું લખાય એટલું ઓછું પડે એમ છે. અંતમાં સ્વામીશ્રીનાં દિવ્ય ચરણોમાં મારી એ જ પ્રાર્થના છે કે, મને પણ તેઓમાં જે જે અધ્યાત્મ સદ્ગુણો હતા તેમાંથી પાત્રતા પ્રમાણે સદ્ગુણો આપે કે જેનાથી હું મહાપ્રભુ શ્રીહરિકૃષ્ણ મહારાજને રાજી કરી શકું.

''કોટિ કોટિ દંડવત સહ વંદન મારા આદિ ગુરુ મહામુક્ત મુક્તાનંદ મહામુનિને.''







# મૂળ અક્ષર યોગીરાજ ગોપાળાનંદ સ્વામી

‘‘સાધ્યો અષ્ટાંગયોગ પ્રગટ હરિ તણી પ્રીતિ માટે પ્રયત્ને,
શોધી વેદાંત તત્ત્વો સકળ ગૃહિ લીધા જેમ સિંધુથી રત્ને;
આધિ વ્યાધિ ઉપાધિ પ્રણત જન તણી ટાળી કીધી સમાધિ,
ગોપાળાનંદ સ્વામી સકળ ગુણનિધિ વંદુ માયા અબાધિ.’’

— શ્રીહરિલીલામૃત : ૧/૧/૩૪

હે ભક્તો ! અમૃતને કોની ઉપમા આપી શકાય ? સાગરને કોની સાથે સરખાવી શકાય ? ચિંતામણિને કોની ઉપમા આપવી ? કલ્પતરૂંને કયા વૃક્ષની સરખામણીમાં મૂકવું ? મળીયાગર ચંદનને કયા ચંદનની ઉપમા આપવી ? કામધેનુ ગાયને કઈ ગાય સાથે સરખાવી શકાય ? સૂર્યના તેજને કોની ઉપમા આપવી ? ચંદ્રની શીતળતાને કોની ઉપમા આપવી ? ગરુડજીને કયા પક્ષી સાથે સરખાવી શકાય ? સુદર્શન ચક્ર સાથે કયા હથિયારને સરખાવવું ? વાસુકી નાગની લંબાઈને કયા નાગની લંબાઈ સાથે સરખાવવી ?

વેદને કોની ઉપમા આપવી ? હિમાલયને કયા પર્વત સાથે સરખાવવો ? ઈન્દ્રદેવને કયા દેવની ઉપમા આપવી? ઐરાવત હાથીને કયા હાથી સાથે સરખાવી શકાય ? ઉચૈ:શ્રવા ઘોડાને કયા ઘોડા સાથે સરખાવવો ? કપિલમુનિને કયા સિદ્ધો સાથે સરખાવીશું ? ચિત્રરથ ગાંધર્વને કયા ગાયક સાથે સરખાવીશું ? અર્યમાં પિતૃઓને કયા પિતૃઓ સાથે સરખાવવા ? અને કાલકુટ વિષને કયા ઝેર સાથે સરખાવી શકાય ?

એ જ રીતે અનાદિમુક્ત – મૂળઅક્ષર – યોગીવર્ય – યોગસમ્રાટ – સકળ ગુણનિધિ સદ્‌ગુરુવર્ય ગોપાળાનંદ સ્વામીને પણ કોની ઉપમા આપવી ? કોની સાથે સરખાવવા ? ભગવાન જેવા તો એક ભગવાન જ છે, એમને કોઈ સાથે સરખાવી ન શકાય – એમ ગોપાળાનંદ સ્વામી જેવા તો એક સ્વામી જ છે, એને કોઈ સાથે સરખાવી

ન શકાય ? સમુદ્રના જળનું માપ લઈ શકાય, પૃથ્વીની ઊંડાઈનું માપ લઈ શકાય, આકાશની ઉંચાઈનું માપ લઈ શકાય, સૂર્યના પ્રકાશનું માપ લઈ શકાય, ચંદ્રની શીતળતાનું માપ લઈ શકાય; પરંતુ ગોપાળાનંદ સ્વામીના ઐશ્વર્ય–સામર્થીનું માપ ન લઈ શકાય !

હે ભક્તો ! અક્ષરધામમાં સદાયને માટે બિરાજમાન એવા કિશોરવયના આદિનારાયણ મહાપ્રભુની સાનિધ્યમાં સદૈવ તેમની મૂર્તિનું અખંડ તેલધારાવત્ દિવ્યસુખ માણી રહેલા અનાદિમુક્તો – મહામુક્તો અને અક્ષરમુક્તોની માળાના મેર એટલે સદ્‌ગુરુવર્ય ગોપાળાનંદ સ્વામી સ્વયં ! આ પ્રમાણે કહેવું એ જરા પણ અતિશયોક્તિ નથી.

## ગોપાળાનંદ સ્વામીની મોટાઈ

હે ભક્તો ! સ્વામિનારાયણ ભગવાને જ્યારે ધામમાં જવાનો સ્વેચ્છાથી સંકલ્પ કરી લીધો અને એટલા માટે જ મંદવાડ ગ્રહણ કરી લીધો હતો એ સમયે મુક્તાનંદ સ્વામીને બોલાવીને શ્રીહરિજી કહેવા લાગ્યા: ‘‘સ્વામી ! અત્યાર સુધી મેં તમને ગુરુ તરીકે માન્યા છે અને મર્યાદા પણ રાખી છે, પરંતુ હવે અમારા દેહનો કોઈ નિરધાર નથી. હવે અમે અમારા ધામમાં જવા માગીએ છીએ – એ તો તમે પણ જાણી ગયા છો. એટલે જ મારે તમને એક ખાનગી–રહસ્યમયી અને સૌ કોઈ મુમુક્ષુઓના હિતની એવી એક કલ્યાણકારી વાત કહેવી છે, એ વાત તમે માનશો ?’’

શ્રીજી મહાપ્રભુનાં આવાં વચન સાંભળી મુક્તાનંદ સ્વામી થોડા ગળગળા થઈ ગયા અને બોલ્યા: ‘‘અરે ! મહારાજ ! આ તમે શું બોલ્યા ? આપને તો મને આજ્ઞા કરવાની હોય, વિનંતીના શબ્દો ન કહેવાના હોય. તમે સંપ્રદાયના સંવાહક બન્યા પછી જે જે આજ્ઞાઓ કરેલ છે, એમાંથી એક પણ આજ્ઞાનો લોપ અત્યાર સુધીમાં મેં ક્યારેય કર્યો છે ખરો ? એકવાર પણ મેં આપની આજ્ઞાનો અનાદર કર્યો હોય તો બોલો.’’

મુક્તાનંદ સ્વામીએ આવો સવાલ કર્યો, એટલે શ્રીજી મહારાજ બોલી ઊઠ્યા: ‘‘હ...હ સ્વામી ! તમે મારી આજ્ઞાનો અનાદર કર્યો છે, એવું તો હું સ્વપ્નમાં પણ વિચારી ન શકું, તો પછી જાગ્રતની તો શું વાત કરવી ?

મારો આશય કંઈક બીજું કહેવાનો હતો અને તમે બીજું સમજી લીધું, માટે હવે સ્પષ્ટ શબ્દોમાં કહી જ દઉં છું એ તમે એકાગ્રતાથી સાંભળો.’’

હે ભક્તો ! આ સમય હતો સંવત્ ૧૮૮૬ ના જેઠ મહિનાના શરુઆતના દિવસોનો. સ્થાન હતું ગઢપુરની અક્ષરઓરડી. એ સમયે સાક્ષી તરીકે હાજર હતા માત્ર શુકાનંદ સ્વામી. વક્તા તરીકે હતા સ્વયં શ્રીહરિજી અને શ્રોતા તરીકે હતા સત્સંગ સમાજની મા મુક્તાનંદ સ્વામી !

એ સમયે સ્વયં નારાયણ મહામુક્તને કહેવા લાગ્યાઃ ‘‘સ્વામી ! આજે મારે તમને યોગીવર્ય ગોપાળાનંદ સ્વામીનો મહિમા કહેવો છે, તે સાંભળો. ગોપાળાનંદ સ્વામી અમારા અનાદિમુક્ત છે. અમને અને અનંતકોટિ મુક્તોને અક્ષરધામરૂપે તેઓ ધારી રહ્યા છે. એક રૂપે કરીને ધામના સર્વે મુક્તોને અમારો પુરુષોત્તમનો મહિમા કહી રહ્યા છે અને એક રૂપે અહીં પૃથ્વી પર ગોપાળાનંદ નામથી આપણી ભેગા રહ્યા છે અને એક સ્વરૂપે અક્ષરધામસ્થ મારી મૂર્તિની સેવામાં અખંડ રહ્યા છે, એવા જે ગોપાળાનંદ સ્વામી તેમની આજ્ઞામાં તમે રહેજો.’’

શ્રીજી મહારાજની અમૃત સમાન વાણી સાંભળીને મહામુક્ત મુક્તાનંદ સ્વામી કહેવા લાગ્યાઃ ‘‘હે મહારાજ! ગોપાળાનંદ સ્વામી આટલા મોટા છે, એ વાત તમે આજે જ કેમ કહી ? સભામાં આ વાત કરો તો બધા સંતો–ભક્તોને સ્વામીનો વિશેષ મહિમા સમજાયને ?’’

હે ભક્તો ! સ્વામીનું કહેવું સાંભળી શ્રીજી મહારાજ બોલ્યાઃ ‘‘હે મુક્તમુનિ ! તમે જે કહ્યું તે સાચું જ કહ્યું છે, પરંતુ તમારી જેમ બધા સંતો–ભક્તોને આ વાત ન મનાય, કેટલાક જૂના સંતો–ભક્તો આ વાત માને એવા નથી, તે માટે જ તમને એકલાને ગોપાળાનંદ સ્વામીનો યથાર્થ મહિમા કહ્યો છે; કારણ કે તમને મારાં વચનમાં વિશ્વાસ છે, તેથી તમને કહ્યું છે અને તરત જ તમે માની પણ લીધું છે, તેથી અમો તમારા ઉપર ખૂબ રાજી થયા છીએ.’’

રાજરાજેશ્વરનો રાજીપો જોઈને મુક્તાનંદ સ્વામી બોલ્યાઃ ‘‘હે મહારાજ ! તમે તો ગોપાળાનંદ સ્વામીની આજ્ઞામાં રહેવાનું કહ્યું છે, પરંતુ આપે જો એક નાનામાં નાના સાધુની આજ્ઞામાં રહેવાનું મને કહ્યું હોત અથવા એક નાના એવા હરિભક્તની આજ્ઞામાં રહેવાનું મને કહ્યું હોત તો પણ આપની આજ્ઞાનું પાલન હું પ્રેમથી કરત એ સિવાય પણ મને બીજું કાંઈ કહેવું હોય તો નિધડકપણે કહેજો, કારણ કે આપ તો અમારા જીવનપ્રાણ છો અને આપની આજ્ઞામાં રહેવું એ અમારી પરમ ફરજમાં આવે છે.’’

હે ભક્તો ! શ્રીહરિચરિત્રામૃતસાગના ૨૯માં પૂરના ૯૧માં તરંગમાં શ્રીહરિજી કહે છે કે, ‘‘અક્ષરધામમાં અમે જેવા છીએ, તેવા જ નિરંતર બધી જ ક્રિયાઓમાં ગોપાળાનંદ સ્વામી અમને દેખે છે. જેમ ફાનસમાં દીવો પ્રગટે તેને બધા લોકો જુએ છે – તે જ રીતે બધા જીવાત્માઓને અને તેમાં રહેલા પુરુષોત્તમ નારાયણને ગોપાળાનંદ સ્વામી પ્રત્યક્ષ દેખે છે. છતાં પણ તેઓ પોતાના મુખે પોતાનાં વખાણ ક્યારેય કરતા નથી.’’

હે ભક્તો ! શ્રીહરિચરિત્રચિંતામણિના પ્રથમ ભાગની ૧૮૩મી વાતમાં શ્રીહરિજી સ્વયં બોલ્યા છે કે, ‘‘ગોપાળાનંદ સ્વામી જેવા પાંચસો પરમહંસમાં કોઈ નથી. તે મહા સમર્થ છે ને સાક્ષાત્ અક્ષરમૂર્તિ છે. જેવો અમારો પ્રતાપ છે તેવો જ તેમનો પ્રતાપ છે.’’ આવાં વચન સાંભળીને મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામી વગેરે સંતો બોલ્યા કે, ‘‘હે મહારાજ ! જેમ આપ કહો છો, તેવા જ તે સમરથ છે. એમનાં ઘણાં ઐશ્વર્ય અમારા દીઠામાં આવેલા છે.’’

## ગોપાળાનંદ સ્વામી એટલે કોણ ?

હે વહાલા સંતો-ભક્તો !
ગોપાળાનંદ સ્વામી એટલે શ્રીહરિજી સાથે અક્ષરધામથી આવેલા મૂળઅક્ષર મૂર્તિ !
ગોપાળાનંદ સ્વામી એટલે સ્વામિનારાયણ ભગવાનની અનુવૃત્તિમાં રહેનારા દાસ !
ગોપાળાનંદ સ્વામી એટલે શ્રીજી મહારાજે સ્વયં સંપ્રદાયની જવાબદારી સોંપેલ સંત !
ગોપાળાનંદ સ્વામી એટલે જન્મથી જ ઐશ્વર્યો બતાવનારા અનાદિ મુક્તરાજ !
ગોપાળાનંદ સ્વામી એટલે ટોડલા ગામમાં વાઘને પણ શાકાહારી બનાવનાર મહાપુરુષ !
ગોપાળાનંદ સ્વામી એટલે હાથ લંબાઈને સળગતા ઘરમાંથી બાળકને બચાવનાર મુક્ત !
ગોપાળાનંદ સ્વામી એટલે નાડીઓ અને પ્રાણ બંધ કરીને પણ કથા-વાર્તા કરતા સંત !
ગોપાળાનંદ સ્વામી એટલે અષ્ટાંગ યોગ સિદ્ધ કરેલ મહાન યોગીરાજ !
ગોપાળાનંદ સ્વામી એટલે ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળને જાણનાર ત્રિકાળજ્ઞ !
ગોપાળાનંદ સ્વામી એટલે પાપીઓને પણ યમદૂતો પાસેથી છોડાવનારા મહાપુરુષ !
ગોપાળાનંદ સ્વામી એટલે પરમાત્માની પેઠે સૌનાં અંતરની વાત જાણનારા અંતર્યામી સંત !
ગોપાળાનંદ સ્વામી એટલે નાનાં-નાનાં બાળકોને પણ સમાધિ કરાવનાર મહાપુરુષ !
ગોપાળાનંદ સ્વામી એટલે પાપીઓને યમપૂરી બતાવનારા અક્ષરધામના અનાદિમુક્ત !
ગોપાળાનંદ સ્વામી એટલે મુંગાઓ પાસે પણ વેદ બોલાવનારા સામર્થ્યવાન સંત !
ગોપાળાનંદ સ્વામી એટલે નિર્ધન ભક્તોને ધનવાન બનાવનારા દયાળુ મહાપુરુષ !
ગોપાળાનંદ સ્વામી એટલે એક સાથે ચાર રૂપ ધારણ કરીને રહેનારા અલૌકિક પુરુષ !

ગોપાળાનંદ સ્વામી એટલે ભક્તોની પ્રાર્થનાથી અનેકવાર વરસાદ વરસાવનારા સિદ્ધ પુરુષ !
ગોપાળાનંદ સ્વામી એટલે મુમુક્ષુઓને અંતઃશત્રુઓનાં પાશથી છોડાવનારા દિવ્ય પુરુષ !
ગોપાળાનંદ સ્વામી એટલે સત્સંગનું અહિત ઈચ્છનારાઓને શિક્ષા આપનારા મુક્ત પુરુષ !
ગોપાળાનંદ સ્વામી એટલે સંપ્રદાયનું વ્યવસ્થિત બંધારણ કરનારા પરમ હિતેચ્છુ સંત !
ગોપાળાનંદ સ્વામી એટલે સમગ્ર સંપ્રદાયના બન્ને ગાદીના અગ્રગણ્ય મહાન સદ્‌ગુરુ !
ગોપાળાનંદ સ્વામી એટલે હરિભક્તના જીવન માટે ચંદ્રગ્રહણની ગતિ બદલનારા કૃપાળુ સંત !
ગોપાળાનંદ સ્વામી એટલે સ્વયં શામળાજી ભગવાન પણ સખા માની રમવા જતા એવા ખુશાલ ભટ્ટ!
ગોપાળાનંદ સ્વામી એટલે ઐશ્વર્ય બતાવી બ્રાહ્મણોનો વટલોઈ વેરો બંધ કરાવનારા ખુશાલ ભટ્ટ !
ગોપાળાનંદ સ્વામી એટલે અનેક ભૂતોનો ઉદ્ધાર કરી અધોગતિથી મુકાવનારા મહાપુરુષ !
ગોપાળાનંદ સ્વામી એટલે મંદિરના રક્ષણ માટે નાગને ચોકીદાર બનાવનારા સમર્થ સંત !
ગોપાળાનંદ સ્વામી એટલે રાજકોટ શહેરમાં બોરડીને કાંટા વિનાની કરી દેનારા સિદ્ધપુરુષ !
ગોપાળાનંદ સ્વામી એટલે છ મહિના સુધી ૬૦ સ્વરૂપ ધારણ કરીને રહેનારા સિદ્ધરાજ સંત !
ગોપાળાનંદ સ્વામી એટલે વરદાન આપીને અક્ષરધામમાં લઈ જનારા ઐશ્વર્યનિધિ સદ્‌ગુરુ !
ગોપાળાનંદ સ્વામી એટલે સારંગપુરમાં કષ્ટભંજન દેવમાં વિશેષ ઐશ્વર્ય મૂકનારા દિવ્ય સંત !

## વચનામૃતમાં ગોપાળાનંદ સ્વામી

**હે વહાલા સંતો-ભક્તો ! સદ્‌ગુરુવર્ય ગોપાળાનંદ સ્વામી વચનામૃતના ચાર સંપાદક સંતોમાં એક હતા. તેઓ મહાસમર્થ પ્રતાપી યોગીવર્ય હતા. બચપણમાં સાક્ષાત્ શામળાજી ભગવાન તેમની સાથે ટોડલા ગામમાં રમવા આવતા હતા ! તેમના હસ્તે યજ્ઞમાં આહુતિ અપાતી ત્યારે યજ્ઞનારાયણ દર્શન દેતા હતા ? સ્વામી સ્વયં શક્તિથી ગ્રહોની**

ગતિ ફેરવી શકે તેવા સમર્થ હતા તેમજ મહા વિદ્વાન પણ હતા. તેમની વિદ્વત્તા–સાધુતા અને ચમત્કારોથી પ્રભાવિત થઈને મોટા મોટા લોકો પણ સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત બન્યા હતા.

હે ભક્તો ! સ્વયં સ્વામિનારાયણ ભગવાને ગોપાળાનંદ સ્વામીને સમગ્ર સંપ્રદાયના સૌથી મોટેરા નિયુક્ત કર્યા હતા. અતિ સમર્થ હોવા છતાં તે અત્યંત નમ્ર હતા. પોતાનું અપમાન કરનારાને પણ ઉદાર દિલે ક્ષમા આપતા હતા. સ્વામી વિશે હ.ચ. સાગરમાં લખાયું છે કે, 'તેઓ સત્સંગ વિના બ્રહ્માંડનાં મોટાં સુખ અંતે કાકવિષ્ટા સમાન દેખતા હતા. તેમનું અંતર જેવું શુદ્ધ હતું, તેને શ્રીહરિ યથાર્થ જાણતા હતા. તેઓમાં સંતનાં બધાં જ લક્ષણો સહેજે વર્તતાં હતાં, પણ તેનો લેશમાત્ર છક નહોતો.'

હે ભક્તો ! વચનામૃત ગ્રંથનો અભ્યાસ કરતાં સ્વામીની મોટપ સ્પષ્ટ થાય છે. વાંચો તેઓનાં કેટલાક પ્રમાણો :– ગઢડા પ્રથમનાં ૧૭માં શ્રીહરિને આજ્ઞાપાલન અને વર્તમાન ધર્મપાલનમાં કોઈ હિંમત વિનાની વાત ન કરે એવું નવું પ્રકરણ ચલાવવું હતું, ત્યારે મુક્તાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામી આદિક સંતોને તેડાવીને આ વાત કરી. કારણ કે મોટેરા જો આ વાત અપનાવી પ્રવર્તન કરે તો સર્વ સત્સંગ–સમાજ એને અનુસરે.

વળી લોયાનાં ૧૩માં વચનામૃતમાં શ્રીહરિએ આજ્ઞા કરી કે, 'મોટેરા મોટેરા પરમહંસ પરસ્પર પ્રશ્ન ઉત્તર કરો, ત્યારે ગોપાળાનંદ સ્વામીએ બ્રહ્માનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો. તથા ગઢડા અંત્યનાં ૨૪માં શ્રીહરિએ મોટેરા સંતોમાં સ્વામીને ગણ્યા છે. સ્વામીની મોટપ કેવળ વ્યવહારિક જ નહોતી, પરંતુ ગુણોની પણ હતી, જેનું પ્રમાણ સ્વયં શ્રીહરિએ ગઢડા મધ્યનાં ૬૨માં વચનામૃતમાં આપતા કહ્યું છે કે, '.....એવા દાસત્વ–ભક્તિવાળા તો આજ ગોપાળાનંદ સ્વામી છે.

હે ભક્તો ! ગઢડા અંત્યનાં ૩૩માં શ્રીહરિએ એમ વાર્તા કરી: ''ધન–દોલત, સ્ત્રી અને પુત્ર એ આદિક જે પદાર્થ તેણે કરીને જેની બુદ્ધિમાં ફેર પડે નહિ અને એને અર્થે કોઈને વિશે આસ્થા આવે નહિ, એવા તો આ સત્સંગમાં થોડાક ગણતરીના હરિભક્ત હોય પણ ઝાઝા હોય નહિ.'' એમ કહીને વળી બોલ્યા જે, 'એવા

તો આ મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી છે. એમને કોઈ બીજો ગમે તેવો હોય ને ચમત્કાર દેખાડે તો પણ તેનો કોઈ રીતે ભાર આવે જ નહિ.’’

હે ભક્તો ! ગઢડા મધ્યનાં ૫૬માં વચનામૃતમાં પણ શ્રીહરિ વાત કરે છે: ‘‘આ કીર્તન સાંભળ્યામાંથી તો અમારો આત્મા વિચારમાં જતો રહ્યો. પછી તેમાં એમ જણાયું જે, ‘ભગવાનને વિશે જે અતિશય પ્રીતિ એ ઘણી મોટી વાત છે.’ પછી તો ગોપાળાનંદ સ્વામી આદિક જે ભગવાનને વિશે પ્રીતિવાળા હરિભક્ત તે સર્વે સાંભરી આવ્યા...’’ આ રીતે ભગવાનને વિશે પ્રીતિવાળા ભક્તોમાં પણ શ્રીહરિને પ્રથમ ગોપાળાનંદ સ્વામી યાદ આવે છે; જે બતાવે છે કે શ્રીહરિને પણ સ્વામી કેટલાં વહાલાં હશે !

## સ્વામીના મુમુક્ષુતા જન્ય પ્રશ્નો

હે સંતો–ભક્તો ! યોગીરાજ ગોપાળાનંદ સ્વામીએ વચનામૃતમાં પૂછેલા પ્રશ્નો પર દૃષ્ટિ કરતાં જણાઈ આવે છે કે, તે પ્રશ્નો બુદ્ધિથી નહિ, પરંતુ હૃદયમાંથી જન્મેલા લાગે. અર્થાત્ મુમુક્ષુતામાંથી જન્મેલા લાગે. સ્વામીની સાધનાના પરિપાકરૂપે પૂછ્યા હોય તેમ અનુભવાય. જેમ કે ગઢડા પ્રથમનાં ૨૯માં વચનામૃતમાં સ્વામીએ પૂછ્યું છે કે, ‘ધર્મ, જ્ઞાન, વૈરાગ્યે સહિત જે ભક્તિ તેનું બળ વૃદ્ધિને કેમ પામે ?’

તથા લોયાનાં ૧૬માં શ્રીહરિએ વાસના કુંઠિત થઈ ન હોય, કુંઠિત થઈ હોય અને નિર્મૂળ થઈ હોય, તેનાં લક્ષણો કહ્યાં. ત્યારે સ્વામીએ પૂછ્યું: ‘‘વાસના કુંઠિત તો હોય પણ તે મૂળમાંથી ટળી નથી જતી તેનું શું કારણ છે ?’’ તેમજ કારિયાણીનાં ૧૦ માં વચનામૃતમાં મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીના પ્રશ્નોમાં જ્યારે શ્રીહરિએ ભગવાનના રાજીપા માટે તપ અને ત્યાગનું ભારપૂર્વક પ્રતિપાદન કર્યું, ત્યારે ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું: ‘‘હે મહારાજ ! ત્યાગનો ને તપ કરવાનો મનમાં ઈશક તો હોય અને ત્યાગ કે તપ કરતાં વચમાં કોઈક વિઘ્ન આવી પડે તો તેનું કેમ કરવું ?’ આ પ્રશ્નમાં જ સ્વામીનો ત્યાગ અને તપનો ઈશક છલકાય છે.

## જાણતા હોવા છતાં શ્રીજી મુખથી...

હે સંતો–ભક્તો ! સદ્‌ગુરુવર્ય ગોપાળાનંદ સ્વામી શ્રોત્રીય બ્રહ્મનિષ્ઠ સંત હતા. સર્વશાસ્ત્રના જ્ઞાતા હતા. છતાં પણ શ્રીહરિના મુખથી પ્રશ્નોના ઉત્તર સાંભળવાની સ્વામીની ઈચ્છા અનેક પ્રશ્નોત્તરીમાં પ્રગટ થઈ આવે છે, જે સ્વામીની મુમુક્ષુતાની દ્યોતક છે. અર્થાત્ સ્પષ્ટ કરનારી છે. જેમ કે વરતાલનાં ત્રીજાં વચનામૃતમાં શ્રીહરિએ પૂછ્યું કે, 'આપણા ઉદ્ધવ સંપ્રદાયમાં જ્ઞાન–વૈરાગ્ય–ધર્મ અને ભક્તિ એ ચાર વાનાં જેમાં હોય તે એકાંતિક ભક્ત કહેવાય અને આપણા સત્સંગમાં મોટો કરવા યોગ્ય પણ તે જ છે. અને એ ચાર સંપૂર્ણ ન હોય ને એક જ મુખ્યપણે કરીને હોય તો પણ ત્રણ જે બાકી રહ્યાં તે, તે એકના પેટામાં આવી જાય એવું એક કયું એ ચારમાં શ્રેષ્ઠ છે?' ત્યારે ગોપાળાનંદ સ્વામીએ તથા મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, 'હે મહારાજ ! એવો તો એક ધર્મ છે, તે ધર્મ હોય તો ત્રણે વાનાં તે પુરુષમાં આવે.'

હે ભક્તો ! આ વચનામૃત પહેલાં, ગઢડા મધ્યનાં ૧૦માં શ્રીહરિએ વાત કરી હતી કે જ્ઞાન, વૈરાગ્ય કરતાંય ભક્તિમાં અધિક દૈવત છે. તથા ગઢડા મધ્યનાં ૨૬માં પણ શ્રીહરિએ કહ્યું હતું કે, 'ભક્તિમાં અંતરાય કરતાં હોય તો જ્ઞાન, વૈરાગ્ય – આદિકને પણ પાછાં પાડવાં.' તેમજ ગઢડા મધ્યનાં ૩૨માં પણ શ્રીહરિએ જણાવ્યું હતું કે, 'આત્મનિષ્ઠા, વૈરાગ્ય ને ધર્મ તે તો ભગવાનની ભક્તિનાં સહાયરૂપ ઉપકરણ છે, પણ ભગવાનની ભક્તિ વિના એકલો વૈરાગ્ય તથા આત્મનિષ્ઠા તથા ધર્મ તે જીવને માયા તર્યાનું સાધન નથી.'

હે ભક્તો ! તો શું આ સદ્‌ગુરુઓ શ્રીહરિનો આટલો સ્પષ્ટ અભિપ્રાય ન જાણતા હોય ? જાણતા જ હોય, પણ શ્રીહરિના મુખે કંઈક વિશેષ જાણવા મળે તે હેતુસર તેમણે વરતાલનાં ત્રીજાં વચનામૃતમાં ધર્મને બીજા ત્રણેય કરતાં અધિક બતાવ્યો.

વળી, ગઢડા પ્રથમ પ્રકરણનાં ૪૫માં વચનામૃતમાં જે રીતે સ્વામીએ પ્રશ્ન પૂછ્યો એ જોતાં જ ખ્યાલ આવે કે સ્વામીને ઉત્તરની ખબર જ છે, છતાં પણ કંઈક નવું જાણવા મળે તે હેતુસર તેમણે પ્રશ્ન પૂછ્યો: ''હે મહારાજ

! કેટલાક વેદાંતી એમ કહે છે જે, 'ભગવાનને આકાર નથી' અને તેવા જ પ્રતિપાદનની શ્રુતિઓને ભણે છે અને કેટલાક જે નારદ, શુક, સનકાદિક સરખા ભગવાનના ભક્ત છે તે તો ભગવાનના સાકારપણાનું પ્રતિપાદન કરે છે, તે એ બેમાંથી કોણ સાચા છે ?''

હે ભક્તો ! પ્રશ્નની રજૂઆતમાં જ સ્વામીએ સાકારવાદી ભક્તો માટે નારદ, શુક, સનકાદિક સરખા એવા શબ્દ વાપર્યા છે, એ જ બતાવે છે કે એમનો પક્ષ જ સાચો છે. અર્થાત્ શ્રીહરિનો અભિપ્રાય પોતે જાણતા હતા, છતાં કંઈક વિશેષ જાણવા મળે તે હેતુથી આ પ્રશ્ન પૂછ્યો છે. તદુપરાંત એ પ્રશ્ન કદાચ સ્વામીએ બીજા માટે પણ પૂછ્યો હોઈ શકે, જેથી બીજાના મનનું પણ સમાધાન થાય.

## સ્વામીએ પરહિતાર્થે પૂછેલા પ્રશ્ન

હે ભક્તો ! વચનામૃત ગ્રંથમાં યોગીવર્ય ગોપાળાનંદ સ્વામીના પ્રશ્નોનું અવલોકન કરતાં, તેઓએ કેટલીક વાર અન્યના હિત માટે પણ પ્રશ્નો પૂછ્યા હોય તેમ સ્પષ્ટ જણાય છે. ગઢડા પ્રથમનાં ૪૫ માં જોયું એમ એ પ્રશ્નોના શબ્દો પરથી પ્રતીતિ થાય છે કે સ્વામી તો શ્રીહરિનો અભિપ્રાય જાણે છે, પણ બીજાને સ્પષ્ટતા થાય તે માટે પૂછી રહ્યા છે.

તેવો જ પ્રશ્ન સ્વામીએ વરતાલનાં ૧૧ માં વચનામૃતમાં પૂછ્યો છેઃ ''આ સંસારને વિશે જે પંડિત છે તે શાસ્ત્ર, પુરાણ સર્વે વાંચે છે, પણ તેને ભગવાનનો ને સંતનો જેમ છે તેમ મહિમા કેમ સમજાતો નથી ?''

હે ભક્તો ! આ વચનામૃતમાં આ પ્રશ્ન પછીનો જ પ્રશ્ન શ્રીહરિએ એ સમયના ગુજરાતના અગ્રગણ્ય પંડિત દીનાનાથ ભટ્ટને પૂછ્યો છે. એટલે દીનાનાથ ભટ્ટ જેવા પ્રખર પંડિત સભામાં હાજર છે અને સાંપ્રદાયિક ઇતિહાસમાં નજર કરતાં જણાય છે કે તેઓ ઘણા સમયથી શ્રીહરિના યોગમાં હતા, છતાં તેમને શ્રીહરિનો યથાર્થ મહિમા સમજાયો નહોતો. તેથી તેમને શ્રીહરિને વિશે મનુષ્યભાવ પણ આવ્યો હતો. તેથી તેમને અનુલક્ષીને ગોપાળાનંદ સ્વામી આ પ્રશ્ન પૂછી રહ્યા હોય તેમ લાગે છે.

હે ભક્તો ! તેવી જ રીતે ગઢડા અંત્ય પ્રકરણનાં ૧૪ માં વચનામૃતમાં પણ ગોપાળાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો છે કે, ‘જેને બાળ અવસ્થા હોય અથવા યૌવન અવસ્થા હોય, તેને કેવા પુરુષનો સંગ કરવો ?’ આ પ્રશ્ન જ્યારે પૂછાયો ત્યારે સ્વામી ૪૭ વર્ષમાં પહોંચી ગયા હતા. અર્થાત્ સ્વામી યૌવન વટાવીને આધેડ વયમાં – પ્રૌઢાવસ્થામાં પહોંચી ગયા હતા. તેથી સ્પષ્ટ થાય છે કે આ પ્રશ્ન તેઓએ બીજાઓના હિત માટે જ પૂછ્યો હતો.

## તાર્કિક, વિદ્વાન અને શાસ્ત્રજ્ઞ સ્વામી

હે ભક્તો ! વચનામૃતમાં સદ્‌ગુરુવર્ય ગોપાળાનંદ સ્વામીએ પૂછેલા પ્રશ્નો કેવળ એક શ્રદ્ધાળુ મુમુક્ષુના નહિ, પરંતુ તાર્કિક અને શાસ્ત્રજ્ઞ વિદ્વાનના પ્રશ્નો છે. મુક્તાનંદ સ્વામીની જેમ જ ગોપાળાનંદ સ્વામીના પ્રશ્નોનો અભ્યાસ કરતાં દેખાઈ આવે છે કે, સ્વામી પણ અદ્વિતીય વિદ્વાન હતા. સાધુતા અને વિદ્વત્તા બન્નેનો સુભગ સમન્વય સ્વામીના જીવનમાં સ્પષ્ટ જોવા–જાણવા મળે છે. સ્વામી ખરેખર કોણ હતા અને કેવા હતા એ તો આ પુસ્તકમાં સ્વામીના જીવન પ્રસંગો વાંચશો ત્યારે જ યથાર્થ ખ્યાલ આવશે. જો કે શ્રીહરિ અને ગોપાળાનંદ સ્વામીનો યથાર્થ મહિમા સમજવામાં આપણી સર્વેની બુદ્ધિ વામણી સાબીત થાય તેમ છે, તો પણ મહિમાની ઝલક તો જરૂર જાણી શકીશું.

હે ભક્તો ! પૂજ્યપાદ સ્વામીજીએ જીવનલક્ષી પ્રશ્નોની સાથે તાત્ત્વિક પ્રશ્નો પણ શ્રીહરિજી સમક્ષ ઉપસ્થિત કર્યા છે. જેમ કે કારિયાણીનાં ચોથાં વચનામૃતમાં શ્રીહરિએ આજ્ઞા કરી હતી કે, ‘માંહોમાંહી પ્રશ્નોત્તર કરો.’ ત્યારે ગોપાળાનંદ સ્વામીએ ભજનાનંદ સ્વામીને પૂછ્યુંઃ ‘આ દેહને વિશે જીવનું જાણપણું કેટલું છે ને સાક્ષીનું જાણપણું કેટલું છે ?’ તેમજ ગઢડા પ્રથમનાં ૪૫ માં પણ સ્વામીની શાસ્ત્રજ્ઞતા તથા વિદ્વત્તાનાં દર્શન થાય છે. એ સિવાય ગઢડા પ્રથમનાં ૭૩ માં વચનામૃતમાં સ્વામીએ કરેલા પ્રતિપ્રશ્નોનું અવલોકન કરતાં તેમનું તર્કશીલ અને વિદ્વત્તા–સભર વ્યક્તિત્વ ઊપસી આવે છે. યાદ રાખો વચનામૃતમાં ગોપાળાનંદ સ્વામીના અગ્યાર પ્રશ્નો છે.

## અનાદિ મુક્તનું અવતરણ

''અનુપ ઈડર દેશમાં, ધન્ય ધન્ય ટોડલા ગામ;
ધન્ય ધન્ય દ્વિજની જાતિને, જ્યાં ઊપન્યા ભક્ત અકામ.
યોગી પૂર્વ જન્મના, જેને વા'લા સંગે અતિ વા'લ;
પ્રભુ સંગાથે પ્રકટ્યા, ખરા ભક્ત નામ ખુશાલ.''

– ભક્ત ચિંતામણિ : પ્ર-૧૪૨

હે ભક્તો ! સ્વયં પરમાત્મા, તેઓના અવતાર કે તેમના મુક્ત, પૃથ્વી લોકમાં જન્મ ધારણ કરે છે, તે ઘર–ગામ–પ્રદેશ અને દેશ બધું જ પવિત્ર મનાય છે, તેથી તો ભારતદેશ અધ્યાત્મ માર્ગમાં દુનિયાનો સૌથી મહાન દેશ મનાય છે. ઉપરોક્ત પંક્તિમાં નિષ્કુળાનંદ સ્વામી પ્રથમ ઇડર દેશને અનુપ કહે છે ! અત્યારે પણ ગુજરાતની સરહદ પર આવેલ ઇડર પ્રાંત પથ્થરીઓ પ્રદેશ છે, તો ૨૦૦ વર્ષ પહેલાં તો એની શું સ્થિતિ હશે ? છતાં પણ સ્વામી લખે છે કે, 'ઇડર દેશને કોઈની ઉપમાં ન આપી શકાય એવો એ મહાન દેશ છે !'

હે ભક્તો ! આ લખવા પાછળનું કારણ એટલું જ છે કે, એ પ્રદેશના એક નાના એવા ગામમાં પૂર્વ જન્મના યોગી (મુક્ત) પ્રગટ થયા છે ! તેથી જ તે પ્રદેશને, તે ગામને અને તે જ્ઞાતિને સ્વામી ધન્યવાદ આપે છે. વળી સ્વામી લખે છે કે, 'પ્રભુ સંગાથે પ્રગટ્યા !' અર્થાત્ ઉત્તર પ્રદેશના નાના એવા છપૈયા ગામમાં પૂર્ણ પુરુષોત્તમ નારાયણ મનુષ્યરૂપે પ્રગટ થયા – એ જ રીતે મૂળઅક્ષર મૂર્તિ પણ એ ઋતુમાં જ સાબરકાંઠા જીલ્લાના ભીલોડા તાલુકાના (એ સમયના ઇડર રાજ્યના) ટોરડા (ટોડલા) ગામમાં મનુષ્યરૂપે પ્રગટ થયા અર્થાત્ જન્મ ધારણ કર્યો.

હે ભક્તો ! સંવત્ ૧૮૩૭ ના મહાસુદ આઠમ ને સોમવારની સવારે જેમને મહાપ્રભુ શ્રીહરિજી સાથે અપાર હેત છે, એવા અક્ષરધામના અનાદિ મુક્તે બાળક સ્વરૂપે જન્મ ધારણ કર્યો. તેમનાં માતાનું નામ કુશળાદેવી ઉર્ફે

જીવીબા હતું. તેમજ પિતાનું નામ મોતીરામ શર્મા હતું. તેઓ બ્રાહ્મણ હતા. પુત્રના જન્મની ખુશાલીને કારણે બાળકનું નામ ખુશાલ રાખવામાં આવ્યું.

## મુક્ત અને મહારાજ કોને ત્યાં પ્રગટે ?

હે ભક્તો ! સ્વયં પરમાત્મા કે તેમના મુક્ત પોતાને ત્યાં પુત્રરૂપે પ્રગટ થાય, એવી સૌ કોઈ નર–નારીઓને ઈચ્છા તો હોય જ છે, પરંતુ ગમે તેને ત્યાં પ્રભુ કે મુક્ત જન્મ ધારણ કરતા નથી. કાં તો એ દંપત્તિનું ગતજન્મનું સુકૃત જોઈએ અને કાં તો આ જન્મમાં સાધના કરેલી જોઈએ, તો જ તેમને ત્યાં ભગવાન કે મહાપુરુષ જન્મ ધારણ કરતા હોય છે. એ ન્યાયે મોતીરામ અને જીવીબાની સાધનાની થોડી વાત કરું.

હે ભક્તો ! ષડપદી ઠાકર એમની શાખા હોવાથી લોકો તેમને મોતીરામ ઠાકર કહેતા હતા. બન્ને પતિ–પત્ની એકવાર શામળાજી પધાર્યા. ત્યાં શામળાજીનાં દર્શન કરી તે મંદિરની નજીક આવેલ નાગધરા ઉપર મોટું મહાદેવજીનું મંદિર હતું. તેની બાજુમાં આવેલ રણછોડરાયનાં મંદિરમાં મોતીરામ ઠાકર અને તેમનાં ધર્મપત્ની જીવીબાએ અનુષ્ઠાનનો આરંભ કર્યો. બન્નેએ દોઢ વર્ષ સુધી માત્ર કંદમૂળનો આહાર કરી ત્રિપદા ગાયત્રી મંત્રનું અનુષ્ઠાન કર્યું.

અનુષ્ઠાન અને સતત દોઢ વર્ષની તપશ્ચર્યા પૂર્ણ કરી બન્ને ટોડલા ગામ આવ્યાં. ત્યાં અચલેશ્વર મહાદેવના પવિત્ર આંગણામાં વાંસની કુટીર બનાવી રહેવાં લાગ્યાં. પછી એ ઝૂંપડીમાં મોતીરામ ઠાકરે ઉગ્ર તપ સાથે ગાયત્રી મંત્રનું અનુષ્ઠાન ફરીને શરુ કર્યું ! ચોવીશ લાખ ગાયત્રી મંત્રનું પુરશ્ચરણ ચાર વર્ષ સુધી સતત કરીને પછી અતિરૂદ્ર યજ્ઞનું અનુષ્ઠાન શરુ કર્યું. તે પૂર્ણ થયું એટલે મહાવિષ્ણુયાગનો શુભારંભ કર્યો ! આ પ્રમાણે તેમણે સતત બાર વર્ષ, પાંચ માસ અને તેર દિવસ સુધી તપ સાથે, ભક્તિ સાથે મોટાં મોટાં અનુષ્ઠાનો કર્યા !!

હે ભક્તો ! આ મોતીરામ ઠાકોર મોટા વિદ્વાન હતા તેમજ જ્યોતિષ શાસ્ત્ર પણ જાણતા હતા, પરંતુ તેમણે પોતાની અમૂલ્ય જિંદગીનો સમય સભાઓ જીતવામાં કે કોઈની હાથની રેખાઓ જોવામાં ન કાઢ્યો, પણ મોટા મોટા પુરશ્ચરણો કરીને પોતાના જીવનાં કલ્યાણ માટે કાઢ્યો હતો !

બાર વર્ષની સાધના પૂરી થતાં મોતીરામ ઠાકરને સંન્યાસી થઈ જવાની ઈચ્છા થઈ. તે વાત તેમણે પોતાનાં પત્ની જીવીબા અને આગેવાન બ્રાહ્મણોને કહી. પરંતુ જેને ત્યાં સ્વયં અનાદિ મુક્તે પ્રગટ થવાનું નક્કી કરી લીધું હતું, એવા પવિત્ર બ્રાહ્મણને સંન્યાસી કેમ થવા દેવાય ? તેથી એ જ રાત્રીએ વેદમાતા ગાયત્રીએ દર્શન આપીને સંન્યાસી બનવાની ના કહી. પછી થોડો સમય જતા તેમને ત્યાં એક દિવ્ય પુત્રનો જન્મ થયો એ જ આપણા યોગીરાજ ગોપાળાનંદ સ્વામી !

હે ભક્તો ! ગાયત્રીમાતાએ સંન્યાસી બનવાની ના કહી, એટલે પછી તે કુટીર છોડીને એક સારું મકાન બનાવી બન્ને પતિ–પત્ની તે ઘરમાં રહેવાં માટે ગયાં. ત્યાં રહીને શાંતિપૂર્વક ભજન–ભક્તિ કરવાં લાગ્યાં અને ગૃહસ્થ ધર્મનું પાલન કરવાં લાગ્યાં; તેના કારણે તેમને ત્યાં અક્ષરમુક્ત બાળકરૂપે અવતર્યા. સાંભળ્યુંને ભક્તો! ભગવાન કે મુક્તને પોતાને ત્યાં પ્રગટ કરવા માટે કેટલી સાધના કરવી પડે છે ?

## હાથ લાંબો કરી ગોળ ખવડાવ્યો !

હે ભક્તો ! બાળ મુક્ત ખુશાલ બરાબર બે મહિના અને ઉપર એક દિવસના થયા તે દિવસે ચૈત્ર સુદ નવમી હતી. ખુશાલને પારણીયામાં સુવડાવી જીવીમા શ્રીરામ ભગવાનનો બપોરે બાર વાગ્યે જન્મ હોવાથી મંદિરે જન્મોત્સવની આરતીનાં દર્શન કરવા ગયાં. એ સમયે વાંદરાંઓ ખુશાલના ઘેર આવી દીવાલ ઉપર ખાવાની ઈચ્છાએ બેઠાં. એ સમયે ફક્ત બે મહિનાના બાળક ખુશાલે પોતાનો જમણો હાથ ઘોડીયામાં સૂતા–સૂતા જ લાંબો કર્યો અને જવા દીધો ગોળની કોઠી બાજુ ! એ સમયે જ શેરીનાં છોકરાંઓ પણ રમતાં–રમતાં ખુશાલના ઘેર આવ્યાં.

નાનાં-નાનાં પાંચ-સાત વર્ષનાં બાળકોને જોઈ બે મહિનાનો ખુશાલ બોલ્યો: ''આવો મિત્ર ! ગોળ ખાઓ.'' આ પ્રમાણે કહી કોઠીમાંથી ગોળ કાઢીને ગોળના ગાંગડાઓ છોકરાંઓનાં હાથમાં આપવા લાગ્યો ! છોકરાં તો ખુશાલનો લાંબો હાથ જોઈને તેમજ બોલતા જોઈને આભા જ બની ગયાં. ત્યારે ખુશાલ કહે: ''બાળ મિત્રો ! આજની પવિત્ર રાત્રીએ રાતની દશ ઘડી વીતશે ત્યારે સ્વયં સર્વોપરી પ્રભુ કૌશળ દેશના છપૈયા ગામમાં પ્રગટ થવાના છે, માટે એની ખુશાલીમાં આ ખુશાલના હાથનો ગોળ જમો.''

આ પ્રમાણે ખુશાલ બોલવા લાગ્યો, એટલે ગોળ ખાતાં-ખાતાં બાળકો રામ મંદિરે ગયાં અને જીવીમાને કહ્યું કે, ''તમારો ખુશાલ તો બોલતા શીખી ગયો છે. તેમણે ઘોડીયામાં સૂતા-સૂતા જ લાંબો હાથ કરીને તમારી ગોળની કોઠીમાંથી ગોળ કાઢીને અમને બધાને આપીને કહ્યું: ''મિત્રો ! લ્યો ગોળ ખાઓ. અત્યારે બપોરે બાર વાગ્યે રામ પ્રગટ્યા છે અને આજે રાત્રે દશ વાગ્યા પછી ઘનશ્યામ પ્રગટવાના છે, માટે ગોળ ખાવ.'' આ પ્રમાણે કહીને તે વાંદરાંઓને ગોળ ખવડાવવા લાગ્યો હતો.''

હે ભક્તો ! છોકરાંઓનું કહેવું સાંભળી મંદિરે આવેલ સ્ત્રીઓને નવાઈ લાગી. તેથી બધી સ્ત્રીઓ જીવીબા સાથે એને ઘેર આવી. આવીને જોયું ત્યાંતો ઘોડિયામાં સૂતેલો ખુશાલ પોતાનો હાથ લાંબો કરીને દીવાલ ઉપર બેઠેલા વાંદરાંને ગોળ ખવડાવતો હતો ! માતાને આવતાં જોઈ ખુશાલે ૧૫ કે ૨૦ ફૂટ લાંબો કરેલ હાથ સંકેલી લીધો અને સામાન્ય બાળકની જેમ સૂઈ ગયો !

આવું જોઈ સૌ બહેનો જીવીબાને કહેવા લાગી: ''આ તમારો ખુશાલ તો કોઈ પૂર્વજન્મનો યોગી લાગે છે. એ વિના આટલો લાંબો હાથ કોઈ બાળક કરી શકે ખરો ? બે મહિનાનો બાળક છોકરાંઓ સાથે વાતો કરી શકે ખરો ? માટે તમે તો જીવીબા ! બહુ ભાગ્યશાળી છો કે તમારા ઘેર આવો ચમત્કારી છોકરો આવ્યો અને એની માતા બનવાનું તમને સૌભાગ્ય સાંપડ્યું !

## ગાયત્રીમાતાની ભવિષ્ય-વાણી

હે ભક્તો ! બાળક ખુશાલ ધીરે ધીરે કરતા મોટા થવા લાગ્યા. તેઓ ૧૦ મહિનાના થયા ત્યારે એક ઘટના તેમના ઘરમાં બની એ આપની આગળ રજૂ કરી રહ્યો છું. એકવાર ભાદરવા મહિનામાં વરસાદની હેલી ચડી અને મેઘરાજા મન મૂકીને એકધારા વરસવા લાગ્યા. તેના કારણે સૂર્યનારાયણનાં દર્શન પણ બંધ થઈ ગયા. દસ દિવસ સુધી વરસાદ શરુ રહ્યો !'

એવા સમયમાં એક રાત્રીના સમયે ટોડલા ગામનાં સૌ નરનારી આબાલવૃદ્ધ નિરાંતે નિંદર માણી રહ્યાં હતાં. કૂતરાંઓ પણ ટુંટિયાં વાળીને સૂઈ ગયાં હતાં. ત્યારે ચોર લોકો મોતીરામ ઠાકરને ત્યાં ચોરી કરવા આવ્યા. ઘરની પાછળની બારી કાઢીને ભીલ લોકોએ ઘરમાં પ્રવેશ કર્યો ! તે વખતે જ ઘરમાં મોટો અવાજ થયો. એના કારણે ઘરના લોકો અને ગામના લોકો પણ જાગી ગયા !

હે ભક્તો ! અવાજ સાંભળીને પડોશમાંથી બે-ચાર લોકો મોતીરામના ઘરમાં ઉતાવળા ઉતાવળા આવ્યા. આવીને જોયું ત્યાંતો ૧૦ મહિનાનો બાળક ખુશાલ સૂતેલો હતો, પણ તેના મુખમાંથી સૂર્યનાં તેજ જેવું તેજ નીકળ્યું ! આવો પ્રકાશ જોઈને ચોરી કરવા આવેલ ભીલ લોકો ભાગી ગયા અને ગામના માણસો તેમજ ઘરના લોકો તેજ જોઈને આશ્ચર્ય પામી ગયા !

એ સમયે જ ગામના માણસો આગળ મોતીરામ કહેવા લાગ્યા: ''સર્વે ગામવાસીઓ સાંભળો. મારા બાળકના મુખમાંથી પ્રકાશ નીકળ્યો એનું કારણ તમને કહું છું. અમે બાર વર્ષ અગાઉ શામળાજી પાસે અચલેશ્વર મહાદેવની બાજુમાં રણછોડરાય મંદિરમાં ગાયત્રી માતાનું પુરશ્ચરણ કરતાં હતાં ત્યારે ગાયત્રી માતાએ મારા સ્વપ્નમાં આવીને કહ્યું હતું કે, ''મોતીરામ ! તમારે ત્યાં મોટા યોગેશ્વરનો જન્મ થવાનો છે અને તેઓ ખૂબ ચમત્કારો બતાવશે.'' માતાજીની એ ભવિષ્યવાણી આજે સાચી થઈ. આ કોઈ સામાન્ય બાળક નથી. યોગીરાજ છે, માટે એમનાં દર્શન કરો.''

હે ભક્તો ! આવું સાંભળી સૌ ગામવાસીઓ મહિમાથી – ભાવથી અને શ્રદ્ધાથી બાળક ખુશાલનાં દર્શન કરવા લાગ્યાં. પછી સૌ પોતપોતાનાં ઘેર ગયાં અને ખુશાલના ગુણગાન કરતા કરતા સૂઈ ગયાં. પછી યોગમાયાના કારણે ખુશાલ પ્રત્યે પુત્રભાવ પ્રગટ થયો તેથી વહાલ કરવા લાગ્યા.

રામાવતારમાં બાળપ્રભુ રામનું દિવ્યરૂપ જોઈને કૌશલ્યા માતાને ભગવાનનો ભાવ જાગ્યો હતો. કૃષ્ણાવતારમાં બાલકૃષ્ણે પોતાનાં મુખમાં બ્રહ્માંડ દેખાડ્યું, ત્યારે યશોદા માતાને પરમાત્મા મનાવા લાગ્યા હતા અને બાલપ્રભુ ઘનશ્યામે પણ પારણીયામાં પોતાનાં અનેક રૂપો બતાવ્યાં, ત્યારે ભક્તિમાતાને પણ ભગવાન મનાઈ ગયા હતા, પરંતુ રામ–શ્યામ અને ઘનશ્યામને બાળલીલા કરવી હતી, તેથી યોગમાયાનું આવરણ મૂકી દીધું હતું, તેના કારણે પોતાને બાળક માની કૌશલ્યા–યશોદા અને ભક્તિ આ ત્રણેય માતાઓ વહાલ કરવા લાગ્યાં હતાં.

## શેષનાગ ખુશાલને રમાડવા આવ્યા !

હે ભક્તો ! એક વખત માતા જીવીબા બાળ ખુશાલને પારણીયામાં સૂવડાવીને તે પારણીયું ફળિયામાં મૂકીને કુબેર સોનીને ખુશાલનું ધ્યાન રાખવાનું કહી પાણીનું બેડું લઈને પાણી ભરવા ગયાં. કુબેર તો એની મસ્તીમાં હાલરડાં ગાતો ગાતો ખુશાલને હીંચકો નાખતો હતો. એ સમયે એક મોટો નાગ આવ્યો અને ઘોડિયા ઉપર ચડીને વચ્ચેના લાકડા સાથે વીંટાઈને ખુશાલના મુખ પર ફેણ રાખી છત્રની જેમ છાયો કરવા લાગ્યો !

એ સમયે કુબેર સોનીની નજર સર્પ ઉપર પડી, તેથી રાડ ફાટી ગઈ ઓય મા ! કહીને તે દોટ મૂકીને ભાગ્યો. પનઘટના માર્ગે જીવીબાને કહેવા માટે દોટ મૂકી, ત્યાંતો જીવીબા સામે આવતા દેખાયાં. તુરંત તેમને હાફતાં હૈયે બધી વાત કરી. એટલે ઉતાવળાં ઉતાવળાં જીવીબા ઘેર આવ્યાં અને સાથોસાથ શેરીની બહેનો પણ આવી. આવીને જોયું ત્યાંતો ઘોડિયામાં ખુશાલ સૂતેલો અને એના ગળામાં વીંટળાઈને સાપ ફેણ ઉચી કરીને ખુશાલને ખુશ કરી રહ્યો હતો અને ખુશાલ પણ ખુશ થઈને કાળા કોબ્રા સાથે રમી રહ્યો હતો !

હે ભક્તો ! આવું દશ્ય જીવીબાએ જ્યાં જોયું ત્યાંતો બાનાં માથેથી પાણીનું ભરેલું બેડું નીચે પડી ગયું ! અને જોરથી બૂમ પડી ગઈ : ''દોડો દોડો, મારા ખુશાલને નાગે કરડી ખાધો.'' બૂમ સાંભળીને અન્ય લોકો પણ દોડી આવ્યા. સૌ આવીને જોવા લાગ્યા, ત્યાંતો નાગ એની મસ્તીથી ખુશાલ સામે મુખ રાખીને ડોલી રહ્યો હતો ! કાળ પાસે કોણ જાય ? સૌ ચિંતામગ્ન થઈ નાગને ખસેડવાના મનસુબા કરી રહ્યા હતા.

સૌને ચિંતા કરતા જોઈને તેમજ માતુશ્રીને રૂદન કરતાં જોઈને બાળમુક્ત ખુશાલે નાગને એની ભાષામાં જાણે કે આજ્ઞા કરી હોય ને શું ? એમ તુરંત અદશ્ય થઈ ગયો ! આવું જોઈને જીવીબાએ દોડીને ખુશાલને તેડી લીધો અને જોવાં લાગ્યાં કે, કઈ જગ્યાએ સર્પે ખુશાલને ડંખ માર્યો છે. પરંતુ ખુશાલ તો ખુશખુશાલ હતો, તેથી બા ને એવું લાગ્યું કે સાપ કરડ્યો નથી.

હે ભક્તો ! ટોડલા ગામનાં સૌ નરનારીઓની હાજરીમાં જ મોટો નાગ ખુશાલના ગળામાં હતો અને તે અચાનક અલોપ થઈ ગયો, તે જોઈને બધાને અતિ આશ્ચર્ય થયું ! એટલે અરસ-પરસ આંખે દેખ્યો અહેવાલ બીજા લોકોને કહેવા લાગ્યા: ''આ ખુશાલ કોઈ અલૌકિક બાળક છે. અમને તો લાગે છે કે સ્વયં શેષ નાગ જ પાતાળમાંથી ખુશાલનાં દર્શન કરવાં અને ખુશાલને રમાડવા આવ્યા હતા ! આપણે બધા ખૂબ ભાગ્યશાળી છીએ કે આપણા ટોડલા ગામમાં આ દિવ્ય બાળકનો જન્મ થયો અને એનાં આપણને દરરોજ દર્શન થાય છે.''

## શામળાજી મંદિરનો ઇતિહાસ

હે ભક્તો ! સાબરકાંઠા જિલ્લામાં શામળાજીનું પુરાતન મંદિર આવેલ છે. તેની ચારે તરફ ડુંગરાઓની હારમાળા શોભી રહી છે. નજીકમાં જ અરવલ્લી પહાડ જાણે કે સોડ તાણીને સૂતો હોય એવું જણાય છે. નાનું જંગલ અને મેશ્વો નદીનું સૌંદર્ય શામળાજીને સાંપડ્યું છે. આ મંદિર આશરે ૧૫૦૦ વર્ષ પૂર્વે બંધાયેલ છે, એવું પુરાતત્ત્વ વિભાગનું કહેવું છે. આ ભવ્ય મંદિરમાં ભગવાન શ્રીકૃષ્ણ-વાસુદેવની ગદા ધારણ કરેલી શ્યામસ્વરૂપની મૂર્તિ બિરાજમાન છે. આથી આ સ્થળ 'ગદાધરપુરી' તરીકે પણ ઓળખાય છે.

હે ભક્તો ! મંદિરના બાંધકામમાં પ્રાચીન ચૌલુક્ય શૈલી જળવાયેલી છે. શિલ્પ–સૌંદર્યની દૃષ્ટિએ આ સ્થળ અસાધારણ અવલોકનીય છે. અહીં દર વરસે કાર્તિક પૂર્ણિમાએ મેળો ભરાય છે. જે મુખ્યત્વે આદિવાસીઓનો મેળો છે. શામળાજી મંદિરની આસપાસ અનેક મંદિરો અને આશ્રમો આવેલાં છે. મંદિરમાં બિરાજતા પ્રભુ શામળાજીની મૂર્તિ કદાવર છે અને મનમોહિત પણ છે. ગુજરાતનાં મોટાં યાત્રાધામોમાં શામળાજીનો સમાવેશ થયેલ છે.

આ ભવ્ય મંદિર પંદરસો વર્ષ પુરાણું છે. પરંતુ ઈ.સ. ૧૭૨૮ માં તેના ઉપર વિધર્મી બાદશાહનો હૂમલો થયો. ઇડરના રાજા અને અન્ય રજવાડાઓના ઠાકોર સમાજ પોતપોતાનાં સૈન્ય સહિત શામળાજીમાં આવ્યા અને બાદશાહનાં સૈન્ય સાથે ભયંકર યુદ્ધ થયું. તેમાં બન્ને પક્ષે અનેક સૈનિકો મરાયા. બાદશાહનું સૈન્ય વિશાળ હોવાથી શામળાજીના મંદિરને બચાવવા આવેલા ક્ષત્રિયો અને આદિવાસીઓએ પીછેહઠ કરવી પડી. પરિણામે પવિત્ર બ્રાહ્મણોએ મંદિરમાંથી શામળાજીની મૂર્તિનું વેદોક્ત મંત્ર બોલી વિસર્જન કરી બાજુમાં આવેલ કરામ્બુજ તળાવમાં જળ–સમાધિ આપી દીધી ! પછી સૌ જતા રહ્યા.

હે ભક્તો ! બાદશાહનું સૈન્ય મેદાન મોકળું મળતા મંદિરમાં ઘૂસી ગયું અને અન્ય કલાત્મક મૂર્તિઓને તોડતા તોડતા ગરુડજીની મૂર્તિ ઉપર પ્રહાર કર્યો અને તેને ખંડિત કરી નાખી ! પરંતુ એ સમયે જ ગરુડજીના નાકમાંથી લાખોની સંખ્યામાં મોટા ભમરાઓ નીકળવા લાગ્યા અને વિધર્મી સૈન્યને કરડવા લાગ્યા ! તેના કારણે બૂમાબૂમ કરતું સૈન્ય ત્યાંથી નાસી ગયું.

ત્યારબાદ વર્ષો જતાં કરામ્બુજ તળાવ માટીથી ધીરે દીરે બુરાઈ ગયું અને તેના ઉપર ખેતી કરતા એક આદિવાસીના હળ સાથે શામળાજીની મૂર્તિ અથડાઈ, તેથી તેને બહાર કાઢી. પછી ત્યાંના કલ્યાણજી શેઠને ખ્યાલ આવતા તેમણે શામળાજીને જૂના મંદિરમાં રાખી સેવા–પૂજા શરુ કરાવી. પછી ઇડરના રાજાને ખ્યાલ આવતા એમણે એના એ જ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવી ઈ.સ. ૧૮૬૦ પુનઃપ્રતિષ્ઠા કરાવી. ત્યારથી આજ પર્યંત સેવા–પૂજા અને દર્શન શરુ જ છે.

## ખુશાલ સાથે રમવા આવતા શામળાજી

હે ભક્તો ! આવા ઐતિહાસિક મંદિરનો મેં ઇતિહાસ કહ્યો. એમાં એક બીજા ઇતિહાસનો ઉમેરો કરવો છે. એ સાંભળીને ઘણા મુમુક્ષુઓને ભગવાનના અને મુક્તના સ્નેહનાં દર્શન થશે. ઘણા બુભુક્ષુઓને આ પ્રસંગ શંકાસ્પદ જણાશે અને ઘણા દુર્જનોને આ વાત હાસ્યાસ્પદ લાગશે. પરંતુ આ વાત કોઈ કપોળ–કલ્પીત નથી, વાસ્તવિક છે. ભગવાન તો ભક્તવત્સલ છે – મુક્તવત્સલ છે. એ પોતાના ભક્ત માટે કે મુક્ત માટે ગમે તેમ કરી શકે અને ગમે તેવું રૂપ પણ ધારણ કરી શકે !

હે ભક્તો ! આસો મહિનો ચાલી રહ્યો છે. તેમાં શરદ–પૂનમ આવી છે. ટોડલા ગામમાં મોતીરામ ભક્તને ત્યાં ખુશાલ હવે મોટા થઈ ગયા છે. ઘરમાં અને શેરીમાં બાળકો સાથે બાળ–રમતો પણ રમે છે. હવે તો ખુશાલ પાંચ વર્ષનાં થઈ ગયા છે. એવા સમયે એક અદ્‌ભૂત ઘટના બની, એના કારણે એની નોંધ ઇતિહાસ તરીકે લેવાવા લાગી.

એક દિવસ શામળાજીના મંદિરમાં મંગળા આરતી શરુ થઈ અને પૂજારીએ જ્યાં ટેરો એકબાજુ કર્યો, ત્યાંતો શામળાજીની મૂર્તિ કેવળ એક ધોતી પહરેલી જોઈ ! તેથી પૂજારી સહિત સૌને નવાઈ લાગી. આરતી પૂરી કરી પૂજારી  શામળાજીની આસપાસ ઘરેણાં વગેરે શોધવા લાગ્યા. પણ કાંઈ મળ્યું જ નહિ ! ત્યાંતો મંદિરના આગેવાનો ત્યાં આવ્યા ને પૂજારીની કડક પૂછપરછ શરુ કરી. ત્યારે પૂજારીએ કહ્યું: ''રાત્રે તો  મેં ઘરેણાં વગેરે પહેરાવેલ હતાં અને ચાવી પણ મારી પાસે જ હતી. સવારે મેં મારી જાતે જ તાળું ખોલ્યું હતું'' 'તો પછી ઘરેણાં ગૂમ કેમ થયા ?' આગેવાનોએ લાલ આંખ કરતા કહ્યું.

એ સમયે મૂર્તિમાંથી ગેબી અવાજ આવ્યો: ''ભક્તો ! પૂજારી નિર્દોષ છે. ઘરેણાં તો મારી ઉતાવળથી ભૂલાઈ ગયા છે. અમો અમારા બાળસખા ખુશાલ સાથે દરરોજ ટોડલા ગામમાં એમના ઘેર રમવા માટે જઈએ છીએ. આજે

વહેલાં અમે બન્ને રમતા હતા. તેથી મેં મારાં ઘરેણાં ખુશાલની ઘરની બારીએ કાઢીને મૂક્યા હતા. પરંતુ પૂજારીએ જલદી આરતી શરુ કરી દીધી, તેના કારણે અમે ઉતાવળા આવી ગયા, તેથી બધું પડી રહ્યું છે.

સાંભળો, બારીએ ઘરેણાં મૂક્યાં હતાં ! રૂપાની લાકડી નવેળીમાં મૂકી હતી. અમારી ઉપરણી અને શાલ બાગલીનાળમાં (ડુંગરની ખીણમાં) ઝાડને ડાળે ભરાઈ રહ્યાં છે અને મેશ્ચો નદીમાં નાગધરામાં ચાખડી પડી ગઈ છે, માટે તમે ટોડલા જઈ મોતીરામ ઠાકરને ત્યાંથી મારાં ઘરેણાં લઈ આવો.’’ શામળાજીની આવી દિવ્યવાણી સાંભળી સૌ અવાક્ બની ગયા ! અને પરસ્પર કહેવા લાગ્યા: ‘‘શું આ વાત સાચી હશે ?’’ પછી પૂજારી સહિત આગેવાન લોકો શામળાજીથી ટોડલા આવવા માટે ઉતાવળા ચાલવા લાગ્યા.

## પ્રમાણ તરીકે ઘરેણાં મળ્યાં !

હે ભક્તો ! ટોડલા ગામમાં ખુશાલની માતા જીવીબા સવારે વહેલાં પૂંજો વાળતા હતાં, ત્યારે બારીમાંથી અને નવેળીમાંથી ભગવાન શામળાજીના પગનાં ઝાંઝર, કાનનાં કુંડળ અને રૂપાની લાકડી મળી આવ્યાં ! એ જોઈને એમને આશ્ચર્ય થયું અને મોતીરામ ભક્ત પાસે જઈને તે ઘરેણાં બતાવ્યાં. પછી બન્ને સોનીની દુકાને ગયાં. દાગીના જોઈ તરત જ સોનીએ ઓળખી લીધા અને કહ્યું: ‘‘અરે ! આ દાગીના તો શામળાજી પ્રભુના છે. તમારી પાસે કેવી રીતે આવ્યા ?’’ પછી સર્વે વાત કરી તેથી સોનીએ કહ્યું: ‘‘હમણા તમારા ઘેર રાખો, પછી મંદિરવાળાને જણાવીશું.’’

આ પ્રમાણે સાંભળીને તેમને આશ્ચર્ય થયું અને મનોમન વિચાર કરવા લાગ્યા: ‘‘અહો ! શામળાજી ઠાકોરના ઘરેણાં આપણાં ઘરમાં કોણ લાવ્યું હશે ? ગામનાં કોઈ નરનારી પણ હમણા શામળાજી ગયાં નથી, તો પછી આ ઘરેણાં મારા ઘરમાં કોણ મૂકી ગયું હશે ?’’

હે ભક્તો ! આ રીતે જ્યાં પવિત્ર દંપત્તિ પરસ્પર કહેતા હતા, ત્યાંતો શામળાજી મંદિરના અગ્રગણ્ય લોકો પણ ઘર પૂછતા પૂછતા ત્યાં આવી ગયા. તેથી મોતીરામે આવવાનું કારણ પૂછ્યું. ત્યારે પૂજારીએ કહ્યું: ‘‘અમને

સ્વયં શામળાજીએ કહ્યું છે કે, 'મોતીરામ ઠાકરના પુત્ર ખુશાલ મારા મિત્ર છે, તેથી અમો દરરોજ તેમની સાથે રમવા જઈએ છીએ, અને આજે ઘરેણાં તેમના ઘેર ભૂલી ગયા છીએ.' તેથી અમો ભગવાનનાં ઘરેણાં લેવા આવ્યા છીએ.''

આવું સાંભળીને મોતીરામ અને જીવીબાને અતિ આશ્ચર્ય થયું અને તેમણે ખુશાલને પૂછ્યું. ત્યારે ખુશાલે પણ કાલી-ઘેલી ભાષામાં કહ્યું: ''હા, મારી સાથે રમવા મારા બાળ સખા શામળાજી દરરોજ આવે છે.'' આવું સાંભળીને સૌને આ વાત સત્ય મનાઈ અને સૌ કહેવા લાગ્યા: ''અરે ! સ્વયં ભગવાન શામળાજી પણ આ બાળક સાથે રમવા આવે છે, માટે આ કોઈ અસાધારણ આત્મા છે.'' પછી મોતીરામે શામળાજીનાં ઘરેણાં આપ્યાં. તે લઈને મેશ્વો નદીના નાગધરાએ આવ્યા, તો ત્યાં ચાખડીઓ પડેલી ! તે લીધી અને ઝાડ ઉપર જોયું તો ત્યાં ઉપરણું ને શાલ જોઈ ! તે બધું લઈને શામળાજી આવ્યા.

હે ભક્તો ! આ વાત વાયુવેગે ઇડર પંથકમાં ફેલાઈ ગઈ, તેથી ત્યાંના લોકો ટોડલા આવીને ખુશાલને દિવ્ય બાળક માની પ્રણામ કરવા લાગ્યા. આ પ્રસંગ હંમેશાં યાદ રહે અને શામળાજી ભગવાન હાજરા-હજૂર છે, એવું ભવિષ્યના લોકોને જણાવવા માટે 'ખુશાલ સાથે શામળાજી રમવા જતા' આવો પાકો લેખ લખી મંદિરના આગેવાનોએ તે લેખ મંદિરની તિજોરીમાં મુકાવી આ ઐતિહાસિક પ્રસંગને અમર બનાવી દીધો.

## મૂર્તિમાન થઈ ગણપતિ દાદા લાડુ જમ્યા

હે ભક્તો ! એકવાર ભાદરવા સુદ ચોથ આવી. ખુશાલ ભટ્ટ નાના હતા ત્યારનો આ પ્રસંગ છે. બાળકો સાથે રમીને ખુશાલે ઘેર આવી જીવીબાને કહ્યું: ''બા...બા.. આજે ગણેશ ચોથ છે. મને વધારે ઘી નાખી ગોળના લાડુ બનાવી આપો. મારે મંદિરે જઈને આજે ગણપતિ દાદાને મારા હાથે જમાડવા છે.''

પુત્રની ભાવભીની માગણી સાંભળીને જીવીબા બોલ્યાઃ ''બેટા ખુશાલ ! આજે તો બધા જ લોકો લાડુ બનાવીને ગણેશજીને જમાડે છે, માટે તું પણ જમાડજે, તેમજ વિશેષ પૂજન પણ કરજે, કારણ કે ગણપતિજી તો આપણા કુળદેવ છે.'' આ પ્રમાણે કહી બાએ પાંચ લાડુ એક થાળીમાં મૂકી ઉપર ધોયેલો રૂમાલ ઢાંકી ખુશાલના હાથમાં થાળી આપી.

હે ભક્તો ! લાડુની થાળી લઈ ખુશાલ ભગત તો ઉપડ્યા ગામની દક્ષિણ દિશામાં ડુંગરની તળેટીમાં આવેલ ભૂલેશ્વર મહાદેવનાં મંદિરે. પ્રથમ શિવ-પાર્વતીને પ્રણામ કરી પછી ગણેશ પ્રભુનું વિશેષ પૂજન કર્યું. છેલ્લે લાડુનું નૈવેદ્ય ધરાવીને બન્ને હાથ જોડી લાડુ જમવા પ્રાર્થના કરવા લાગ્યા.

બાળમુક્ત ખુશાલની પ્રાર્થના સાંભળી ગણપતિજીએ વિચાર કર્યોઃ ''ખુશાલના હાથની પ્રસાદી મળવી દેવોને પણ દુર્લભ છે. આજે તો સામે ચાલીને થાળ લઈને આવ્યા છે ને મને જમવા માટે પ્રાર્થના પણ કરે છે, માટે આવો લાભ કેમ જવા દેવાય ? આ મુક્ત તો શામળાજીના સખા પણ છે. એટલું જ નહિ, પરંતુ તેમની સાથે તો બાળક્રીડા કરવા સ્વયં શામળો ઠાકોર પણ આવે છે.''

હે ભક્તો ! મનોમન આવું વિચારીને વિઘ્નવિનાયક દેવ મૂર્તિમાંથી મૂર્તિમાન થઈ બહાર ન નીકળ્યા, પરંતુ મૂર્તિમાં જ મૂર્તિમંત થઈ ગયા ! આવું જોઈ ખુશાલ તો ખુશખુશાલ થઈને તાળી વાદન કરવા લાગ્યા. ત્યાંતો ગણેશજીએ પોતાની સૂંઢ લંબાવીને થાળમાંથી બે લાડુ લઈને પિતા શંકરજી આગળ મૂક્યો. તેથી શિવ પણ મૂર્તિમાન થયા અને લાડુ જમવા લાગ્યા. પછી ફરીને સૂંઢ લંબાવીને બે લાડુ માતા પાર્વતીજી સમક્ષ મુક્યા. તેથી તેઓ પણ સાક્ષાત્ પ્રગટ થઈને લાડુ જમવાં લાગ્યાં.

થાળમાં ફક્ત એક જ લાડુ વધ્યો. એ જોઈને દાદાને વિચાર આવ્યોઃ ''એક લાડુએ કાંય મારું પેટ ભરાશે નહિ, માટે નંદીને પ્રસાદી આપી દઉં.'' આવું વિચારી તે લાડુ સૂંઢમાં લઈ નંદીને આપ્યો. તે પણ પ્રગટ થઈને ખાવા લાગ્યા. પછી ગણેશજી તો હાથનો ખોબો વાળીને લાડુ માગવા લાગ્યા ! ત્યારે ખુશાલે કહ્યુંઃ ''તમો થોડી

વાર રાહ જુઓ. હું ઘેરથી લાડુ લઈને આવું છું.'' આ પ્રમાણે કહી ઘેર આવી જીવીબાને કહ્યું: ''બા ! તમે અને ઉગરીબેન તથા કંકુબેન ત્રણેય ગાય માટે ઘાસ લેવા તળેટીમાં જાવ, ત્યાં સરસ ઘાસ છે.'' તેથી ત્રણેય ઘાસ લેવાં ગયાં. પછી ખુશાલે પોતાના મિત્ર રામશંકર અને ધના ભટ્ટને બોલાવી ઘરમાં જેટલો લોટ–ઘી અને ગોળ હતો, તે બધાના લાડુ બનાવી થાળ ભરી ગણપતિ દાદાને જમાડવા ઉપડ્યા. પછી દાદાએ પાંચ લાડુ વધાર્યા, બાકીના સ્વાહા કરી ગયા !

## ઉપવીત-અભ્યાસ અને પદવીદાન

હે ભક્તો ! ખુશાલને યજ્ઞોપવીત આપવામાં આવી ત્યારે પણ મુટેડી (શેહેડાઈ) ગામના ભોળાનાથ શુક્લને સમાધિ કરાવી કૈલાસમાં મોકલ્યા હતા. આની પાછળનું કારણ એ હતું કે, જ્યારે બાળ ખુશાલને જનોઈ વિધિમાં મંત્ર બોલવાનું કહ્યું, ત્યારે ખુશાલ બીજો મંત્ર બોલ્યા: ''ઘનશ્યામ પ્રભુ પ્રીત્યર્થે યજ્ઞોપવીતં ધારયામિ'' આવું સાંભળી ભોળાનાથ શુક્લ ગુસ્સે થયા અને આ મંત્રનું અપમાન કર્યું.

એ સમયે જ ખુશાલે એના સામી દૃષ્ટિ કરી તેથી સમાધિ થઈને કૈલાસમાં ગયા. ત્યાં મહાદેવે કહ્યું: ''તમે ખુશાલને કોઈ વિધિ શીખવાડશો નહિ, એ તો વિધિને (બ્રહ્માને) પણ વિધિ શીખવાડે એવા મહાન છે. લ્યો આ બીલીપત્ર, તેને ખુશાલના મસ્તક ઉપર મારા તરફથી મૂકજો.''

હે ભક્તો ! ત્યાંતો શુક્લજીને સમાધિ ઉતરી અને સૌને સમાધિની વાત કરી. પેલું બીલીપત્ર ખુશાલના માથે મૂકી પ્રણામ કર્યા, પણ ખુશાલે ના કહી કે, 'તમે મારા ગુરુ છો, માટે મને વંદન ન કરતા.' પછી હરખાતા હૈયે શુક્લજીએ ગાયત્રીમંત્રનો ઉપદેશ આપ્યો અને ઉપવીત પહેરાવી પોતાના ધન્યભાગ્ય માન્યા. પછી સંવત્ ૧૮૪૫ ના વૈશાખ સુદ–૧૧ ના પવિત્ર દિવસે શાસ્ત્રાભ્યાસ ભોળાનાથ શુક્લ પાસે શરુ કર્યો.

હે ભક્તો ! બે વર્ષ ગુરુને ત્યાં શેહેડાઈ (મુટેડી) ગામમાં વિદ્યાભ્યાસ કરી ગુરુની રજા લઈ ઘેર આવ્યા.

એ સમયમાં બાળલગ્નનો રિવાજ હોવાથી સંવત ૧૮૪૮ વસંત-પંચમીએ ૧૧ વર્ષની ઉંમરે જ બાળ ખુશાલનાં લગ્ન ચિત્રોડા ગામના વ્યાસ પરિવારની સુપુત્રી કુશળા નામની સુકન્યા સાથે કરવામાં આવ્યું હતું. કારણ કે ખુશાલ ભટ્ટની માતાનું એક નામ પણ કુશળાબા હતું. સાસરે આવ્યા પછી તેમનું નામ આદિત્યબા પાડવામાં આવ્યું હતું. ખુશાલનાં લગ્ન થયાં એ વરસે જ સંવત્ ૧૮૪૮ માં એ પ્રદેશમાં ભયંકર દુષ્કાળ પડ્યો હતો. તેને કારણે ટોડલા ગામનાં અને ઇડર પ્રદેશનાં ગામડાંઓનાં નરનારીઓ સર્વે પહાડોમાં જઈને રહેવાં લાગ્યાં હતાં. એ સમયે ટોડલા ગામના સર્વે લોકો સાથે ખુશાલનો પરિવાર પણ ડુંગરોમાં રહેવા ગયો હતો.

હે ભક્તો ! પહાડોની કંદરાઓમાં રહીને લોકો જીવન ટકાવવા ત્યાં ઝાડનાં પાંદડાઓને અને મૂળીયા ખોદીને ખાતાં હતાં ! ખુશાલે પણ પહાડોમાં જઈ-ગુફાઓમાં જઈ દસ-બાર બાળમિત્રો સાથે જમીનમાંથી મોટાં-મોટાં કંદમૂળ શોધી કાઢ્યાં હતાં. તેને ખાવાથી અમૃત જેવો સ્વાદ આવતો અને ભૂખ પણ શાંત થઈ જતી હતી. આવાં કંદમૂળ શોધી કાઢવાથી સર્વે લોકો ખુશાલને ખૂબ ધન્યવાદ આપતા હતા. જો કે ઇડર પ્રદેશનાં હજારો નરનારીઓને જીવતાં રાખવાં માટે જ આ કંદમૂળ અને તેનો સ્વાદ આ બન્ને મુક્તરાજ ખુશાલે પોતાની યોગશક્તિ દ્વારા જ ઉત્પન્ન કરેલ હતાં !

આ રીતે દસ માસ સુધી હજારો નરનારીઓ એ કંદમૂળ ખાઈને પહાડોમાં રહ્યાં. ત્યાંતો ચોમાસુ આવ્યું અને વરસાદ સારો થયો એટલે સૌ લોકો પોતપોતાનાં ગામડાંઓમાં ખુશાલનાં વખાણ કરતાં કરતાં જતાં રહ્યાં અને ખુશાલ પણ પોતાના પરિવાર અને ગામના લોકો સાથે ટોડલા ગામમાં પરત આવીને રહેવા લાગ્યા. પછી વિશેષ અભ્યાસ માટે કાશીમાં ગયા. ત્યાં ૨૦ મહિના સુધી મણિકર્ણિકાના ઘાટે રહી વિદ્યાભ્યાસ કરી સૌને વિસ્મય પમાડતા થકા કાશી નરેશ દ્વારા 'વેદ-વેદાંત પારંગત્' અને 'વૈયાકરણ કેસરી' આ પદવીથી વિભૂષિત થઈ કાશીથી તીર્થાટન કરવા ગયા.

## બાળકોને સમાધિ કરાવી

''પોતે પંડ્યા થૈ માંડી નિશાળ, આવ્યાં ત્યાં ભણવા નાનાં બાળ;
તેને ભણાવે છે થોડું ઘણું, કરાવે ભજન હરિ તણું.''

– ભક્ત ચિંતામણિ : પ્ર. ૧૪૨

હે ભક્તો ! વિદ્યાભ્યાસ અને તીર્થાટનનાં સાત વર્ષ વ્યતીત થયાં પછી ખુશાલ ભક્ત ટોડલા ગામમાં પધાર્યા. ભણીને જ્ઞાનથી વૃદ્ધ થયેલાં ખુશાલ ભક્તે નાનાં–નાનાં બાળકોને ભણાવવાનું શરુ કર્યું. સંસ્કૃત વિદ્યાની સાથે બ્રહ્મવિદ્યા પણ ભણાવવાનું શરુ કર્યું. અલ્પ સમયમાં જ પોતાની સામર્થી વડે બાળકોને અલ્પજ્ઞમાંથી સર્વજ્ઞ બનાવી દીધા !

હે ભક્તો ! સમય જતા ખુશાલ યુવાન થયા અને તે સમયે તેમનાં ધર્મપત્ની આદિત્યબાનાં કૂખે એક પુત્રનો જન્મ થયો અને એનું નામ હરિશંકર રાખવામાં આવ્યું. એ પુત્ર પાંચ વર્ષનો થયો ત્યારે આદિત્યબાએ એક પુત્રીને જન્મ આપ્યો. તેનું નામ અનોપબા રાખવામાં આવ્યું. આ રીતે મહામુક્ત ખુશાલ ભક્ત ગૃહસ્થાશ્રમમાં રહીને પ્રગટ પ્રભુનું ધ્યાન–ભજન કરતા હતા.

હે ભક્તો ! હવે ખુશાલ ભક્ત વિદ્યાગુરુ બન્યા છે, તેથી આપણે હવે સંતની દીક્ષા જયાં સુધી નહિ લે, ત્યાં સુધી ખુશાલ ભટ્ટ કહીને ઉલ્લેખ કરીશું. ટોડલાની પાઠશાળામાં ગૌરીશંકર નામનો એક વિદ્યાર્થી મુમુક્ષુ હતો. તેને એના ઘરમાં જ સમાધિ કરાવી ક્ષીરસાગરમાં શેષશાયી ભગવાન વિષ્ણુ પાસે મોકલ્યો. ત્યાં તે વિષ્ણુ પ્રભુનાં દર્શનનું સુખ લેવા માંડ્યો.

હે ભક્તો ! ગૌરીશંકર ઘરમાં દેખાયો નહિ, એટલે તેનાં માતા–પિતા એને શોધવા લાગ્યા. ત્યાંતો ઘરની મોટી બારીએ ચત્તાપાટ સૂતેલો જોયો. અંદર જઈને જોયું અને જગાડવા બૂમો પાડી તો પણ જાગ્યો નહિ. તેથી

બન્ને ગભરાયાં અને રોકકળ કરવાં લાગ્યાં. તેના કારણે ગામના લોકો ભેગા થઈ ગયા. કોઈને સમજાયું નહિ કે શું થઈ ગયું છે ? લોકો અલગ–અલગ પ્રકારની અટકળો કરવા લાગ્યા.

એ સમયે કોઈએ કહ્યું: ''ખુશાલ ભટ્ટને બોલાવો.'' તુરંત તેઓ આવ્યા અને મધુર સ્વરે બોલ્યા: ''ગૌરીશંકર! કેમ ઊંઘી ગયો છે ?'' ભટ્ટજીનો અવાજ સાંભળી તુરંત જેમ ઊંઘમાંથી ઝબકીને ઊભો થાય – તેમ ઊભો થઈ સર્વેને કહેવા લાગ્યો: ''મને તો ભટ્ટજીએ સમાધિ કરાવી શેષશાયી પ્રભુ પાસે મોકલ્યો હતો. ત્યાં મને બહુ સુખ આવતું હતું. આ મારો રૂમાલ ક્ષીરસાગરમાં બોળ્યો છે. તેનું પાણી જોવો નીતરે છે, માટે તેને લોટામાં ભરી લો અને સર્વેને પ્રસાદીરૂપે આપો.''

હે ભક્તો ! પછી તે પાણી ત્યાં એકઠા થયેલા બધાને આચમની દ્વારા વહેંચી આપ્યું. જેણે જેણે એ પાણી પીધું, એને અમૃત જેવો સ્વાદ આવ્યો. એને કારણે એ લોકોને ઘણા દિવસો સુધી ટોડલા ગામનું પાણી ભાવ્યું ન હતું ! બાળકને સમાધિ કરાવનાર ખુશાલ ભટ્ટની સૌએ ખૂબ પ્રશંસા કરી અને મહાપુરુષ માની સૌ તેઓની મર્યાદા રાખવા લાગ્યા.

## બાળકોને મહાદેવનું વરદાન

હે ભક્તો ! એકવાર ખુશાલ ભટ્ટે પોતાની પાસે વિદ્યાભ્યાસ કરતા બ્રાહ્મણ બાળકોને સમાધિ કરાવી મહાદેવ પાસે કૈલાસમાં મોકલ્યા ! ત્યાં મહાદેવના ગળામાં સર્પોને વીંટળાયેલા જોઈને છોકરાંઓને કૌતુક થયું. તેથી ભોળાનાથને હાથ જોડી ભોળા ભાવે ભોળાં દિલનાં ભુલકાઓએ પૂછ્યું: ''શંકર દાદા ! તમને આ કાળોતરા કરડતા નથી ?'' બાળકોની નિર્દોષ વાણી સાંભળી ભોળાનાથ રાજી થઈ ગયા અને વરદાન આપતા બોલ્યા: ''હે ખુશાલ ભટ્ટના વિદ્યાર્થીઓ ! તમને સમાધિ કરીને મારી પાસે તમારા વિદ્યાગુરુ ખુશાલ ભટ્ટે મોકલ્યા છે, માટે હું તમોને વરદાન આપું છું કે, ''આજ પછી તમને ક્યારેય પણ સર્પ કે નાગ કોઈપણ પ્રકારનાં ઝેરી પ્રાણીઓ કરડશે નહિ.''

હે ભક્તો ! આ પ્રકારે પ્રસન્ન-વદને મહાદેવે વરદાન આપીને પોતે પહેરેલા નાગને સર્વે છોકરાંઓના ગળામાં પહેરાવી દીધા. પછી તેઓ સમાધિમાંથી જાગ્યા, ત્યાંતો પોતાના ગળામાં સાપ જોયા, તેથી પ્રેમથી રમાડવા લાગ્યા. પછી એ ચારે વિદ્યાર્થીઓને ખુશાલ ભટ્ટે આખા ગામમાં ફેરવ્યા ને પછી ભૂલેશ્વર મંદિરે લાવ્યા. એટલે ચારેય સર્પો ગળામાંથી ઉતરી શિવલીંગને વીટાઈ ગયા. પછી પેલા ચારેયને આખી જિંદગી કોઈ ઝેરી પ્રાણીઓ કરડ્યાં ન હતાં.

## બાળકને જીવનદાન-નાગને આશીર્વાદ

હે ભક્તો ! ટોડલા ગામની દક્ષિણ દિશાએ એક ડુંગર છે. તેની તળેટીમાં એક ભૂલેશ્વર મહાદેવનું મંદિર આવેલ છે. તે મંદિરની સામે એક પીપળાનું ઝાડ હતું. તે વૃક્ષના પોલાળમાં એક વિષધર ફણીધર નાગ રહેતો હતો. તે મહાદેવ બ્રાહ્મણોના મહાદેવ કહેવાતા, તેથી ત્યાં દર્શન પૂજન માટે વિશેષપણે બ્રાહ્મણો જ આવતા હતા.

એક દિવસ એક બ્રાહ્મણનો બાળક મહાદેવનાં દર્શન કરીને બહાર આવ્યો અને અચાનક એનો એક પગ પેલા નાગ ઉપર પડ્યો ! તેથી નાગે ગુસ્સે થઈ જોરથી પેલા બાળકને ડંખ માર્યો, એટલે પેલો કાળી ચીસ પાડીને પડી ગયો ! તેનો અવાજ સાંભળી બીજા ભૂદેવો દોડી આવ્યા. ત્યાંતો બાળકના શરીરમાં ઝેર ફેલાવા લાગ્યું હતું ! તુરંત સૌને ખુશાલ ભગત યાદ આવ્યા. તેથી બાળકને ઝોળીમાં સૂવડાવી ખુશાલ ભગત પાસે લાવ્યા.

હે ભક્તો ! હવે ખુશાલ ભક્ત યુવાન થઈ ગયા હતા. તેમણે જોયું તો શરીર લીલું પડવા લાગ્યું હતું. તરત તેઓ પોતાનાં માથાં ઉપરનું વસ્ત્ર ઉતારી એક છેડાને વળ દેવા લાગ્યા. ત્યાંતો પેલો નાગ છોકરાના શરીરમાં આવી બૂમાબૂમ કરતો ખુશાલ ભક્તના પગમાં પડી ગયો. પછી ખુશાલ ભક્તે પોતાની યોગશક્તિથી સર્પને પૂર્વજન્મનું જ્ઞાન આપ્યું. તેથી તે શાંત થઈ ગયો અને પોતાના પૂર્વજન્મની વાત કહેવા લાગ્યો.

હે ભક્તો ! બાળકના દેહમાં રહી બાળક દ્વારા તે બોલીને કહેવા લાગ્યો: ‘‘હું ગતજન્મમાં વણિક–પુત્ર હતો, પરંતુ મારા પિતા વણિક ન હતા; કારણ કે મારી માતાએ એક યવન સાથે વ્યભિચાર કરેલો, તેના થકી મારો જન્મ થયો હતો. હું સમજણો થયો ત્યારથી મારામાં પેલા યવનના દુર્ગુણો આવવા લાગ્યા ! હું મોટો થયો એટલે ચોરી, લૂંટફાટ–છળકપટ કરી પૈસા કમાવા લાગ્યો. યુવાનીના જોરમાં મેં બહુ પાપ કર્યાં હતાં. ચોરી–લૂંટનું મારી પાસે ખૂબ ધન ભેગું થયેલું તે મેં જમીનમાં દાટી દીધું. ‘કાલા કામકા કાલા નતીજા.’ એ ન્યાયે હું ભયંકર બીમારીનો ભોગ બન્યો અને રીબાઈ રીબાઈને મર્યો ! અનેક કુકુર્મોનાં કારણે મને યમદૂતો યમપુરીમાં લઈ ગયા. ત્યાં મેં ખૂબ યાતના ભોગવી. હવે હું સર્પ થઈને તમારે શરણે આવ્યો છું, માટે મારો ઉદ્ધાર કરો.’’

હે ભક્તો ! ત્યારે ખુશાલ ભક્ત બોલ્યા: ‘‘અત્યારે તું આ બ્રાહ્મણના દેહમાંથી નીકળી જા અને એક વર્ષ સુધી તું બ્રાહ્મણોનું જમેલું અન્ન–જળ જમીને તપ કર. ક્યારેય જીવજંતુ ખાતો નહિ. એક વર્ષ પછી તારો સર્પનો દેહ પડી જશે અને તને સત્સંગમાં જન્મ મળશે. પછી તને પ્રગટ ભગવાન પણ મળશે, આ મારો આશીર્વાદ છે.’’ પછી તે નાગ ઉતરી ગયો અને પીપળાના પોલાળમાં એક વર્ષ સુધી બ્રાહ્મણોનું જમેલ અન્ન ખાધું. પછી મૃત્યુ પામ્યો ને મનુષ્યદેહ પામી શ્રીહરિનો ભક્ત બન્યો.

## પાપ થકી અને યમદૂતો થકી રક્ષા

હે ભક્તો ! સંસારનો કંસાર માંડવામાં મીઠો લાગે છે, પણ સંસાર મંડાયા પછી તેની મીઠાશ ઝાંઝવાનાં જળ જેવી થઈ જાય છે. સુખનાં શમણાં ઝાંકળની જેમ ઊડી જાય છે અને દુ:ખનાં વાદળાં ઘેરાય છે. આશાનાં માટલાંને મજબૂરીના કાંકરા ફોડી નાખે છે. આ સંસારમાં માણસની અસંખ્ય ઈચ્છાઓ કમોતે મરે છે, પરંતુ આશા પાસે પુનર્જન્મ અને વંશવૃદ્ધિની જાદુઈ શક્તિ છે. આશાના તાંતણે બંધાયેલાં માણસો સંસારના રથને બળદની જેમ ખેંચ્યા કરે છે. વિતેષણા–પદેષણા–સત્તેષણા; આવા આવા તો કેટલાય એનાં રૂપ છે. આ સંસારનું દિગ્દર્શન જ જાણે તૃષ્ણા કરતી હોય એવું લાગે છે.

હે ભક્તો ! ૨૦૦ વર્ષ પહેલાંની આ વાત છે. ટોડલા ગામના એક બ્રાહ્મણના ઘરમાં એક નવવધુ પરણીને આવી. તેનું આગમન અન્ય સ્ત્રીઓને ન ગમ્યું, તેના કારણે નવવધુના આશાના માટલાને મેંણાના પથ્થર માર્યા. જેમ માટલું ફૂટે – તેમ તેના જીવનની આશા તૂટી ગઈ, ધીરજ ખૂટી ગઈ અને સુખની આશા પણ છૂટી ગઈ ! દરેકનાં જીવનમાં આશાનો ફરીને જન્મ થાય છે – પણ આ સ્ત્રીની આશા ફરી જન્મ લે તે પહેલાં જ તેણે આ જન્મ ટૂંકાવી દીધો ! કૂવામાં પડીને તેણે આત્મહત્યા કરી લીધી !

યાદ રાખો : આત્મહત્યા એટલે અધોગતિ તરફ જવાનો માર્ગ ખુલ્લો કર્યો ગણાય. અર્થાત્ 'આપઘાત એટલે અધોગતિને આમંત્રણ.' આત્મહત્યાથી અધોગતિ થાય છે, તેમાં કંઈ આશ્ચર્ય નથી. આશ્ચર્ય તો એ વાતનું છે કે, સામાન્ય કારણોથી આત્મહત્યાનો ગુનો કરવા છતાં આ બ્રાહ્મણ પરિણીતાને તેનું પાપ પણ સ્પર્શી શક્યું નહિ. એટલું જ નહિ પરંતુ તેની ઉર્ધ્વગતિમાં નિમિત્ત બની ગયું ! કારણ કે ખુશાલ ભટ્ટની સામર્થીનો અને તેમના સંકલ્પનો પ્રભાવ આ પ્રસંગમાં જાણવા મળશે.

હે ભક્તો ! તે સ્ત્રી કૂવામાં પડી એટલે આત્મહત્યાના અંજામ સ્વરૂપે તેને યમદૂત લેવા આવ્યા. મરનાર સ્ત્રીને ખુશાલ ભટ્ટના ચમત્કાર જોઈને તેઓ પ્રત્યે મહાપુરુષ તરીકે હેત થયેલું. તેના કારણે તેની સહાયે તેઓ આવ્યા. હાથમાં ઘાસની સળી લઈ ભગવાનનું સ્મરણ કરી ખુશાલ ભટ્ટે ફરમાન કર્યુંઃ ''યમદૂતો ! અહીંથી ચાલ્યા જાવ. આ સ્ત્રીના જીવને તમે નહિ લઈ જઈ શકો.'' આવું સાંભળી યમદૂતોને નવાઈ લાગીઃ ''અરે ! મનુષ્ય લોકનો માનવી આપણને પાછા જવાની આજ્ઞા કરે છે !'' આવું બોલી તેઓ સ્ત્રીના જીવને લેવા આગળ વધ્યા.

એ સમયે જ ખુશાલ ભટ્ટે હાથમાં લીધેલ સળી યમદૂતો તરફ ફેંકી. ત્યારે યમદૂતોને એવું લાગ્યું કે, 'અમને મારવા જાણે કે, ભગવાનનું બાણ આવે છે !' તુરંત તેઓ ભાગ્યા અને મોટા વડલા સાથે ભડકાયા. તેના કારણે તે વડલો મૂળમાંથી ઉખડી ગયો ! અવાજ સાંભળી ગામ લોકો ભેગા થઈ ગયા અને અફસોસ કરવા લાગ્યા.

હે ભક્તો ! ત્યાં એકઠા થયેલા સૌ કોઈ ખુશાલ ભટ્ટને કહેવા લાગ્યાઃ ''ભટ્ટજી ! આવડો મોટો વડલો મૂળમાંથી જ ઉખડી ગયો, હવે પશુઓને બેસવા ક્યાં છાયો મળશે ? ગામના લોકો પણ ઉનાળામાં બપોર વચ્ચે

આવીને વડલે વિસામો કરતા. તે પણ હવે ક્યાં જશે ?'' આવું સાંભળી ભટ્ટજીએ કહ્યું: ''આ વડલાને કાપી તેની ડાળીઓ દૂર દૂર ફેંકી દો અને એક ડાળખું આ પડી ગયેલ વડના ખાડામાં રોપી દો.''

ટોડલામાં તો ખુશાલ ભક્તનું વચન વેદવાક્ય ગણાતું, તેથી એ પ્રમાણે કરવામાં આવ્યું. પછી ખુશાલ ભક્તે આત્મહત્યા કરનારી સ્ત્રીના આત્માને તે ડાળમાં પ્રવેશ કરવાની આજ્ઞા કરી. પછી સ્વહસ્તે તેના પર પાણી રેડ્યું. મુક્તરાજના હાથનું પાણી તેના પર પડવાથી અને પીવાથી તે બ્રાહ્મણી પવિત્ર થઈ ગઈ !

હે ભક્તો ! 'અતિ મોટા પુરુષને આશરે રે, બળે પૂર્વ જન્મનાં પાપ' આ પંક્તિ હજુ દેવાનંદ સ્વામીની કલમે લખાઈ પણ ન હતી, ત્યારે ટોડલા ગામમાં આ ઇતિહાસ રચાઈ ગયો ! ખુશાલ ભટ્ટની દૈવી શક્તિના કારણે માત્ર ત્રણ જ રાત્રીમાં ત્યાં પૂર્વવત્ ઘેઘુર ઘટાદાર વટવૃક્ષ થઈ ગયું ! ગામના લોકોને તો ખ્યાલ જ હતો કે આ ચમત્કાર ખુશાલ ભટ્ટનો છે, તેથી તેઓએ તો થેંક્યુના રૂપમાં કેવળ નમસ્કાર કર્યા, કારણ કે એમના માટે ખુશાલજીના પરચા એ સહજ ઘટના બની ગઈ હતી.

સૌ કરતાં વિશેષ ફાયદો પેલી આત્મહત્યા કરનારી સ્ત્રીને થયો, કેમ કે કર્મના કાનુન પ્રમાણે થતી અધોગતિ અટકી. એનાથી મોટો ફાયદો એ થયો કે તે સ્ત્રી ઉપર ભટ્ટજીનો રાજીપો હતો. કારણ કે મોટા પુરુષ જેના જીવ ઉપર નજર કરે છે, તે ધન્ય થઈ જાય છે. ખુશાલ ભટ્ટની કૃપાથી પેલી સ્ત્રી વૃક્ષનો જન્મ પામી અને અમુક વર્ષો બાદ ફરીને મનુષ્ય જન્મ પામી અને સત્સંગનો યોગ થતાં ભગવાનનું ભજન કરીને અંતે અક્ષરધામને પામી ગઈ!

## જમના હાથમાંથી છોડાવી જગદીશને સોંપ્યા

હે ભક્તો ! સાબરકાંઠા જિલ્લામાં ઇડર પાસે વડોલી નામનું એક ગામ છે. ત્યાં કરશન સોની નામનો એક દુષ્ટ માણસ રહેતો હતો. નામ કરશન અને કરમ કંસ કરતાં પણ અધમ. કામ સોનીનું અને કરતુત

કસાઈના. કસાઈ પશુને મારવા કુહાડો ચલાવે અને કરસન સોની કોઈને મરવા મજબૂર કરવા કુહાડા જેવી જીભ ચલાવે. અધ્યાત્મ માર્ગમાં જોઈએ તો ભગવાનના આકારનું ખંડન કરે અને સાચા સંતોની નિંદા કરે ! જગતને મિથ્યા કરે અને સોનું ચોરવામાં પાછો ન પડે !

આવું કરવામાં તેની જિંદગી પૂરી થઈ ગઈ અને બંદગી અધુરી રહી ગઈ. જ્યારે અંતકાળ આવ્યો ત્યારે વિકરાળ જમ દેખાણા ! જમને જોઈ 'અહં બ્રહ્માસ્મિ'નો ભ્રમ તો છૂટી જ ગયો, પણ સાથે-સાથે ઝાડો પણ છૂટી ગયો !

હે ભક્તો ! યમદૂતો એના જીવને સુક્ષ્મ દેહ આપીને યમપૂરીમાં લઈ જતા હતા ત્યારે ટોડલા ઉપર થઈને ચાલ્યા. તે સમયે આપણાં વાલાના વહાલા મુક્તરાજ ખુશાલ ભટ્ટ બગીચામાંથી પ્રભુની પૂજા માટે તુલસી તોડતા હતા. તેને જોઈને યમદૂતો આકાશમાર્ગેથી પગે લાગ્યા.

યમદૂતોએ વંદન કર્યા તે જોઈને કરશન કુસંગીને વિચાર આવ્યો: ''આવા ભયંકર દૂતો જેને નમ્યા એ કાં તો ભગવાન હશે અથવા તો એના મહાપુરુષ હશે. મેં તો જિંદગી પર્યંત તેમનું ખંડન કર્યું છે, પણ પુકારવામાં ક્યાં પાપ થવાનું છે.'' આમ મનોમન વિચારીને બૂમ પાડી: ''એ મહાપુરુષ ! આ કાળથી મને છોડાવો; હું આપના શરણે આવું છું. મારી રક્ષા કરો.''

કરશનની કાકલુદી સાંભળી ખુશાલ ભટ્ટે ઉંચે જોયું અને યમદૂતોને સાન કરી એને છોડી દેવા કહ્યું. તુરંત જમડા ભાગી ગયા. તેથી કરશન યમપાશથી છૂટ્યો. તરત જ સુક્ષ્મદેહે તે ખુશાલ ભટ્ટ પાસે આવ્યો અને પસ્તાવા સાથે માફી માગવા લાગ્યો. તેમજ પોતાનો ઉદ્ધાર કરવા વિનંતી કરવા લાગ્યો.''

હે ભક્તો ! આવું સાંભળી ખુશાલ ભક્ત બોલ્યા: ''અપિ ચેત્સુદુરાચારો ભજતે મામનન્યભાક્ । સાધુરેવ સ મન્તવ્યો સમ્યગ્ વ્યવસિતો હિ સઃ ॥'' ગીતા શાસ્ત્રની આ ભગવાનની વાણી છે. તું પ્રગટ ભગવાન પાસે કાઠિયાવાડના ગઢપુર ગામે જા. ગમે તેવો પાપી હોય પણ ભગવાનને શરણે જાય અને પાપ છોડી દઈ પ્રભુનું

ભજન કરે તો તેને ભગવાન પોતાનો ભક્ત માની લે છે. માટે પ્રગટ પ્રભુને શરણે જઈ કાયમ તેમની સેવા કરી–ભજન કરજે.''

હે ભક્તો ! ખુશાલ ભટ્ટની આવી વાણી સાંભળી કરશન સોનીને કરેલાં પાપનો ખૂબ પસ્તાવો થવા લાગ્યો. પછી વારંવાર દંડવત પ્રણામ કરી પોતાના ગામ વડોલીમાં ગયો અને મરેલા પોતાના દેહમાં પ્રવેશ કર્યો ! ત્યાંતો દેહ સળવળ્યો ને જીવતો થયો ! પછી સર્વે લોકોને વાત કરી કે, ''મને તો યમદૂતો લેવા આવ્યા હતા, પરંતુ ટોડલા ગામના ખુશાલ ભટ્ટે આજે મને યમદૂતો થકી બચાવ્યો છે. તમારે પણ કાળ–કર્મ ને માયા થકી છૂટવું હોય તો એ ખુશાલ ભક્ત જેમ કહે તેમ કરજો. હવે હું કાઠિયાવાડમાં ભગવાન સ્વામિનારાયણ પાસે જઈને ભજન–ભક્તિ કરવાનો છું.''

આ પ્રમાણે કહીને કરશન સોની ટોડલાથી ગઢપુર આવ્યો અને શ્રીહરિને અતથી ઇતિ સુધી સર્વે વાત કરી. દયાળુ પ્રભુએ તેને વર્તમાન ધરાવી કંઠી પહેરાવી સત્સંગી કર્યો. પછી તો તેઓ કરશન ભગત બની ગયા. પાર્ષદ થઈને તેમણે સેવા કરી પ્રગટ પ્રભુનો રાજીપો પ્રાપ્ત કરી લીધો અને અંતે અક્ષરધામનું અવિનાશી પદ પણ મેળવી લીધું. આની પાછળનું કારણ કોણ ? ખુશાલ ભટ્ટ. અર્થાત્ જમના હાથમાંથી છોડાવી જગદીશને સોંપી એનું આત્યંતિક કલ્યાણ કરાવ્યું, એવા હતા આપણા યોગીવર્ય ગોપાળાનંદ સ્વામી.

## પૂર્વકર્મ મટે કેમ ભાવી ?

હે ભક્તો ! ટોડલાથી થોડે દૂર ઇડર પાસે બડોલી (બરોળી) નામનું ગામ છે. તે ગામમાં મૂળશંકર નામના પવિત્ર ભૂદેવ રહેતા હતા. તેઓ સારા વિદ્વાન અને સંતોષી હતા. તેમને ત્યાં રૂપવાન સુંદર બાળક જન્મ્યો, પરંતુ તે જન્મથી બોલતો જ ન હતો ! મૂંગા બાળકને જોઈ કર્મજ્ઞ મૂળશંકરે વિચાર્યું: ''મારાં ભાગ્યમાં પૂર્વજન્મનો લેણદાર લખેલ હશે, તેથી સેવા કરાવવા અને ઋણ લેવા આવ્યો છે.'' આમ સમજીને મન મનાવી લીધું.

'દુબળી ભેંશને બગાઈઓ ઝાઝી' 'ગરીબ માણસને બે જેઠ મહિના' એ કહેવત મુજબ જ મૂળશંકરના જીવનમાં થયું. મૂંગો દીકરો ગૌરીશંકર એકવાર ત્રીજા માળેથી નીચે પડી ગયો તેથી બન્ને પગ ભાંગી ગયા ! આ ઘટનાને કારણે પિતા મૂળશંકરને ચિંતા વધી ગઈ. અધુરામાં પૂરું તે પોતે વિધુર થયા ! તેઓનાં પત્નીનું મૃત્યુ થયું. જાણે કે મૂળશંકર પર આભ તૂટી પડ્યું. દીકરાની જવાબદારી પોતા ઉપર આવી ગઈ.

મૂળશંકર વિચારે ચડી ગયાઃ ''આ મૂંગો ને લૂલો બાળક બદનસીબ કે પછી હું કમનસીબ ? કંઈ સમજાતું નથી.'' વિધિના લેખ સમજાય કે ન સમજાય પણ ભોગવવા તો પડે જ છે ! સેવા કરતા કરતા બાળક પંદર વર્ષનો થયો, તો પણ તે ન હાલી–ચાલી શકે કે ન બોલી શકે. જડ પૂતળાની જેમ ઘરના એક ખૂણામાં પડ્યો રહે – કણસતો રહે – કર્મફળ ભોગવતો રહે.

હે ભક્તો ! હજુ તે બાળકને ગતજન્મોનાં દુ:ખો – કર્મો ભોગવવાનાં બાકી હતાં, તેના કારણે તેના જીવનની કઠણાઈનો નવો અધ્યાય લખવાનો શરુ થયો. દરરોજ ભિક્ષા માગી લાવીને – રસોઈ બનાવીને – વસ્ત્રો ધોઈ આપીને – મળમૂત્ર સાફ કરીને સેવા કરતા પિતા મૂળશંકર લાંબા ગામતરે ચાલ્યા ગયા. અર્થાત્ મૃત્યુ પામ્યા !

પિતાનું મૃત્યુ – માતાનું મૃત્યુ ! પરિવારમાં હવે કોઈ ન રહ્યું. ગૌરીશંકર ઉપર આભ તૂટીને પડ્યું એમ કહેવું યોગ્ય નહિ ગણાય, પરંતુ હવે તો તેની ઉપર આખું બ્રહ્માંડ પડ્યું એમ કહેવું બરાબર લાગશે. અબોલ–અબુધ–અપંગ–અસહાય અને અસમર્થ એના વિષે જેટલા નેગેટીવ વિશેષણો લખીએ એટલાં ઓછાં પડે એમ હતાં. પરંતુ મને લાગે છે કે, ગતજન્મનું થોડું પુણ્ય એનું ઉદય થવાનું બાકી રહ્યું હતું, એની શરુઆત ધીરેધીરે થવા લાગી.

પિતાનું અવસાન થતાં બડોલી ગામના લોકો એકઠા થયા અને સર્વેએ તેની જવાબદારી સ્વીકારી લીધી. વારા પ્રમાણે આવીને બાળકને નવડાવી જાય – ખવડાવી જાય અને વસ્ત્રો બદલાવી જાય – પરંતુ માબાપનો પ્રેમ કોણ આપી શકે ? માતા–પિતાની મમતા ક્યાં મળે ? ગૌરીશંકર બોલી તો શકતો નહિ, તેથી મનોમન દુખાગ્નિમાં બળતો રહેતો.

## મૂંગો વેદ પાઠી બન્યો

હે ભક્તો ! પાંખ વિનાના પંખીની જેમ તરફડતાં હૈયે મૂંગો ગૌરીશંકર મનોમન પ્રભુને પ્રાર્થના કર્યા કરે છે: ''હે કરુણાસાગર ! દયાનિધિ ! ગરીબ નવાઝ ! મને આ જીવતા નરકમાંથી છોડાવો–દેહમાંથી છૂટો કરો.'' એનો આર્તનાદ જાણે કે ભગવાને સાંભળી લીધો. તેના કારણે ગામના સજ્જન લોકોને દિવ્ય પ્રેરણા મળી. સૌનાં મનમાં થયું કે, 'આ નિરાધારને ટોડલા લઈ જઈએ.'

આવું વિચારી દયાળુ લોકોએ ગૌરીશંકરને ગાડામાં સૂવડાવી ટોડલા આવી ખુશાલ ભટ્ટને ઘેર ગાડું ઊભું રાખ્યું. પછી બડોલીના લોકોએ ગૌરીશંકરની અતથી ઇતિ સુધી વાત કરી. એવું સાંભળી ખુશાલ ભટ્ટે એ યુવાન પાસે જઈ તેનો હાથ પકડી ઊભો કર્યો અને ત્યાં રહેલ પીપળાને પ્રદક્ષિણા કરવાનું કહ્યું.

મહાપુરુષનો સ્પર્શ થતાં જ ગૌરીશંકરની અંદર કંઈક અનોખી ઉર્જાનો સંચાર થયો ! અને તેણે ધીરે ધીરે ડગલાં માંડવાનું શરુ કર્યું ! પછી તો સાજા માણસની જેમ જ પ્રદક્ષિણા કરવા લાગ્યો ! આવું જોઈને ત્યાં એકઠા થયેલા બધા લોકો આશ્ચર્ય પામ્યા ને ખુશાલ ભટ્ટની પ્રશંસા કરવા લાગ્યા.

હે ભક્તો ! પછી ખુશાલ ભટ્ટે ગૌરીશંકરને પોતાની પાસે બોલાવીને કહ્યું: ''તું યજુર્વેદી બ્રાહ્મણ છો, માટે યજુર્વેદ બોલ.'' એમ કહીને પોતે એક મંત્ર બોલ્યા. તે સાંભળીને 'જેમ ભગવાન વિષ્ણુએ શંખ અડાડ્યો અને ધ્રુવજીએ સ્તુતિ કરવા માંડી હતી, તેમ આટલાં વર્ષો વીત્યાં બાદ મૂંગા ગૌરીશંકરને મુક્તરાજ ખુશાલ ભટ્ટની કૃપાનો સ્પર્શ થયો, તેના કારણે તેણે સૌની હાજરીમાં જ યજુર્વેદ સંહિતાના એક પછી એક મંત્રો બોલવાનું શરુ કર્યું !

હે ભક્તો ! 'મુકં કરોતિ વાચાલમ્...' અર્થાત્ ભગવાનની કૃપાથી મૂંગો બોલતો થઈ જાય છે અને લૂલો પર્વત ઓળંગી જાય છે. આ શ્લોક તો ભગવાન માટે જ લખાયેલ છે, પરંતુ અનાદિ મુક્ત ખુશાલ ભટ્ટજીએ તો ગૌરીશંકરને ચાલતો કરીને અને બોલતો કરીને સૌને વિચાર કરતા કરી દીધા ! ત્યાં એકઠા થયેલા લોકો તો થોડીવાર ગૌરીશંકર સામે જૂવે અને થોડીવાર ખુશાલ ભટ્ટ સામે જોયા કરે.

સ્વર સહિત વેદપાઠ તો વર્ષો સુધી અભ્યાસ કરે ત્યારે માંડ આવડે, તે પણ આવા નહિ; ત્યારે ગૌરીશંકર તો ૪૦ અધ્યાયના ૧૯૭૫ મંત્રોનો અણનમ પાઠ કરી રહ્યો. ત્યારે ખુશાલ ભટ્ટે વિશેષ કરુણા કરીને કહ્યું: ''હે બ્રહ્મકુમાર ! હવે તમને નિત્ય મેવા–મીઠાઈ મળતા રહેશે. દ્રવ્ય પણ ખૂબ મળશે.'' ત્યાર પછી ગૌરીશંકર વારમવાર પ્રણામ કરી બડોલી ગામ ગયા અને ખૂબ સુખી થયા.

વર્ષો પછી સંવત્ ૧૮૭૮ માં શ્રીહરિએ જ્યારે અમદાવાદમાં નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરી ત્યારે મોટો યજ્ઞ કરેલો. તે યજ્ઞમાં ઘણા બ્રાહ્મણો આવેલા. તેમાં બડોલીથી ગૌરીશંકર પણ આવેલા હતા. તેઓ યજ્ઞમાં વિધિ કરાવતા હતા ત્યારે શ્રીજી મહારાજ તેમના તરફ આંગળી કરીને બોલ્યા હતા:

''મોટા પુરુષ તો જડને પણ ચેતન કરે અને પશુને પણ દેવ કરે છે; તે જુઓ આ બેઠા.'' ત્યારે ગૌરીશંકરે શ્રીજી મહારાજ પાસે આવીને દંડવત કરીને કહ્યું: ''હે મહાપ્રભુ ! આ ગોપાળાનંદ સ્વામી પૂર્વાશ્રમમાં હતા ત્યારે હું આ દેહે જમપૂરી જેવાં દુ:ખ ભોગવતો હતો. તે દુખમાંથી મને સ્વામીએ જ મુક્ત કર્યો છે અને તમારા ચરણકમળનો આશ્રિત બનાવ્યો છે, માટે હું સ્વામીને ભગવાન જેવા માનું છું.''

## ભક્તિની શક્તિ અને ભટ્ટજીની શક્તિ

હે ભક્તો ! એકવાર ઇડર નગરમાં એક પવિત્ર બ્રાહ્મણને ઘેર ચોરી થઈ. ૭૦૦ રૂપિયા, ઠાકોરજીનાં ઘરેણાં અને સ્વયં પંચધાતુના પંચદેવની મૂર્તિઓ પણ ચોર લોકો ચોરી ગયા ! બ્રાહ્મણે રાજાને ફરિયાદ કરતા ચારેબાજુ શોધવા માટે સૈનિકો મોકલ્યા, પણ ચોર પકડાયા નહિ. જેના ઘરમાં ચોરી થઈ હતી તે અંબાશંકરને ખુશાલ ભટ્ટ પ્રત્યે અતિ–આસ્થા હતી. તેથી તે ભૂદેવ ઇડરથી ટોડલા આવ્યા અને ભટ્ટજીને પ્રણામ કરીને કહ્યું: ''તમે મોટા પુરુષ છો, માટે મારા પર દયા કરો ને મારા પંચદેવ ક્યાં છે ? તે બતાવો. એના પૂજન કર્યા વિના હું અન્ન–જળ પણ લેતો નથી. પાણી વિના મારો કંઠ રૂંધાવા લાગ્યો છે, માટે કૃપા કરી બતાવો, મારા દેવ ક્યાં છે ?''

નિર્દોષ અને પૂર્ણ આસ્તિક એવા અંબાશંકરની વાત સાંભળી ખુશાલ ભટ્ટ બોલ્યાઃ ''તમારું ધન બાવળના ઝાડ નીચે દાટ્યું છે અને પંચદેવને ચોર લઈ જઈ શક્યો નથી. દેવતાઓએ વજન વધારી દીધું હોવાથી ચોર તળાવને કિનારે મૂકીને જતો હતો ત્યારે રસ્તામાં જ તે આંધળો થઈ ગયો છે ! તેમજ તમારા પંચદેવની પૂજા તમારા પિતા સોમેશ્વરજી કરી રહ્યા છે !''

હે ભક્તો ! આવું સાંભળી અંબાશંકર કહેવા લાગ્યાઃ ''ભટ્ટજી ! એ તો નાસ્તિક હતા. મને પણ શાંતિથી પૂજા કરવા દેતા ન હતા, તો પછી એ કેવી રીતે પૂજા કરે ?'' ત્યારે ભટ્ટજીએ તેને સમાધિ કરાવી. તેથી તેને પંચદેવની પૂજા કરતા પિતા સોમેશ્વર દેખાયા ! એ સમયે સોમેશ્વરે કહ્યુંઃ ''બેટા ! હું શાલિગ્રામ ભગવાનને પથ્થર માનતો હતો અને આ પંચદેવને ધાતુનાં પૂતળાં માનતો હતો. મારી કરમની કુંડળી તો તું જાણે છે ને ? ''અવશ્યમેવ ભોક્તવ્યં કૃતં કર્મ શુભાશુભમ્''

હે અંબાશંકર ! હું ભગવાનને ન માનતો હોવાથી મને મારાં કર્મ પ્રમાણે નરક મળ્યું હતું, પણ તમારી ભક્તિની શક્તિના કારણે નરકમાંથી મારો ઉદ્ધાર થયો. પછી મને સ્વર્ગ મળ્યું. તેં જ્યારે અમદાવાદમાં રામાનંદ સ્વામીનાં દર્શન કર્યા એના કારણે મારી પણ ઉર્ધ્વગતિ થઈ ! નરકમાંથી નીકળી મને સ્વર્ગમાં મૂક્યો. ત્યાર પછી તેં જ્યારે ખુશાલ ભટ્ટનાં દર્શન કરી તેમનો સમાગમ કર્યો ત્યારે હું દેવલોકમાંથી વિષ્ણુલોકને પામ્યો ! તારી ભક્તિ જોઈ હું તારા પંચદેવની પૂજા કરવા આવું છું, લે તારા પંચદેવ.''

હે ભક્તો ! અંબાશંકરને સમાધિ ઉતરી, પછી આંખો ખોલી જોયું તો પંચદેવ પોતાની પાસે હતા ! પછી ઊભા થઈ ભટ્ટજીને વારંવાર પ્રણામ કરવા લાગ્યા. પછી ભટ્ટજી અંબાશંકરને લઈને ગૌશાળામાં ગયા અને ગાયને છોડીને કહ્યુંઃ ''આ ગાય જ્યાં ઊભી રહે ને દૂધની ધારા વહાવે ત્યાં ખાડો ખોદો એટલે સ્વયંભૂ શિવલીંગ પ્રાપ્ત થશે અને તેનાથી થોડે દૂર પૈસા પણ મળશે.''

હે ભક્તો ! ભટ્ટજીના કહેવાથી અંબાશંકરે તે સ્થાને ખાડો ખોદવાનું શરુ કર્યું, તો ત્યાંથી શિવનું બાણ (લીંગ) નીકળ્યું અને રૂપિયાનો ચરુ પણ નીકળ્યો ! તે રૂપિયામાંથી તેણે ત્યાં મંદિર કરાવ્યું અને સદાવ્રત પણ શરુ કરાવ્યું. પછી આખી જિંદગી તેણે શાંતિથી સેવા–પૂજા કરી જીવન પૂર્ણ કર્યું.

રામાનંદ સ્વામી અને ખુશાલ ભટ્ટનાં અંબાશંકરને દર્શન થયાં હતાં, તેમજ જીવન–પર્યંત મહાદેવની સેવા–પૂજા કરી હતી એ પુણ્યનાં કારણે મૃત્યુ પછી બીજો જન્મ તેમને પ્રાંતિજ ગામ પાસેના પામેલ ગામમાં બ્રાહ્મણના ઘેર થયો. પછી તેમને મહાનુભાવાનંદ સ્વામીનો સમાગમ થતા જ સંસાર છોડી તે સાધુ બની ગયા અને ગૌરીશંકરમાંથી જ્ઞાનપ્રકાશાનંદ સ્વામી બની ગયા ! સમય જતા આ જ્ઞાનપ્રકાશાનંદ સ્વામી મધ્યપ્રદેશમાં આવેલ બુરાનપુર મંદિરમાં રહી વરસો સુધી શ્રીલક્ષ્મીનારાયણ દેવની સેવા કરીને અંતે અક્ષરધામમાં પધાર્યા હતા.

## ઝાડા પેશાબ બંધ કરી દીધા !

હે ભક્તો ! 'વટલોઈ વેરો' નામ સાંભળીને સૌ કોઈને એમ થાય કે આવું તે કોઈ કરતું હશે ? બ્રાહ્મણો લોટ માગીને આજીવિકા ચલાવે એમાં તે કોઈ વેરો લેતા હશે ? એમાં તો ભૂદેવોને મદદ કરવાની હોય. પરંતુ આ વાત સત્ય છે. કારણ કે લોભીને વિવેક હોતો નથી. 'લોભઃ પાપસ્ય કારણમ્.' અર્થાત્ લોભ છે તે પાપનું કારણ છે. પાપનો બાપ પણ લોભ છે ! થોભ શબ્દ લોભ આચરનારની ડિક્ષનરીમાં ક્યારેય આવતો નથી.

હે ભક્તો ! જ્યાં ત્યાંથી ધન મેળવવા લાલાચિત રહેતા લોભીને તો લીરામાં પણ લાભ દેખાતો હોય છે. કંઈક અંશે આવી મનોવૃત્તિ ધરાવતો ઇડરનો રાજા ગુમાનસિંહ નિર્બળ બ્રાહ્મણોને નીચોવવા બેઠો. એ સમયે ઇડર રાજ્યમાં બ્રાહ્મણોની વસ્તી વધારે હોવાથી મધુકરીમાં મળતા લોટ ઉપર જોટ મારી ! લોટ ઉઘરાવવા ઉપર કરવેરો નાખી કોમળ હૈયાંઓને ચોટ મારી. આ ભિક્ષામાં મળતા લોટ પર કર (ટેક્સ) એ જ વટલોઈ વેરો !

આના કારણે બ્રાહ્મણોએ રાજા પાસે જઈ વિનંતી કરીને સમજાવ્યા, પણ કંઈ ન વળ્યું. અન્નદાતા જ અન્નખાતા બને ત્યારે જવું ક્યા ? ત્યારે કોઈએ કહ્યું: ''અનાથના હાથ ખુશાલ ભટ્ટ ઝાલે છે, માટે ચાલો આપણે

ટોડલા જઈએ. પછી સૌ ભટ્ટજી પાસે આવ્યા. ભટ્ટજી પણ એ બ્રાહ્મણો સાથે ઇડરના રાજા પાસે ગયા અને વટલોઈ વેરો કાઢી નાખવા સમજાવ્યા. પરંતુ ગુમાન ભરેલા ગુમાનસિંહે (ગંભીરસિંહ) વાત ન માની. રાજા પોતાના નિર્ણયમાં મક્કમ રહ્યા. પછી ખુશાલ ભટ્ટ રાજાની સાનને ઠેકાણે લાવવા સૌને લઈ વાવ કાંઠેના વૃક્ષ નીચે બેસી ભજન–ધૂન કરવા લાગ્યા. એ સમયે રાજાના અને મોટા અધિકારીઓનાં ઝાડા–પેશાબ બંધ કરી દીધા. અથવા તો બંધ થઈ ગયા.

તુરંત ઘણા વૈદ્યોને તાત્કાલિક બોલાવવામાં આવ્યા, પરંતુ સારું ન થયું. અંતે નળને લીધે વળ ખાતા મંત્રીઓ રાજા સહિત ખુશાલ ભક્ત પાસે આવીને વાત કરીને પ્રણામ સહિત માફી માગી અને વટલોઈ વેરો કાઢી નાખ્યો. ત્યારે ઝાડા–પેશાબ થયા ! પછી રાજાએ ફરીને પ્રાર્થના કરી એટલે ખુશાલ ભક્તે એ સમયે દુકાળનો સુકાળ કરેલો.

હે ભક્તો ! ખોળાના ખૂંદનારને તલસતા રાજાએ ખુશાલ ભટ્ટને વિશેષ વિનંતી કરીને કહ્યું: ''તમે મને એક પુત્ર થાય એવા આશિષ આપો. હું તમને ઇડર રાજ્યના રાજગુરુ બનાવું. ત્યારે ભટ્ટજી કહે: ''અમે રાજગુરુ નહિ, પણ ગરીબ ગુરુ થઈશું. પરંતુ તમારે જો દીકરો જોઈતો હોય તો અમારી આજ્ઞા માનીને માણસાના રાજા ભારતસિંહ રાઓલ (ચાવડા)ની દીકરી ફૂલકુંવરબાને પરણો. તેના થકી તમને પુત્ર થશે.''

આ પ્રમાણે કહીને ભટ્ટજી ટોડલા જતા રહ્યા. પછી ઇડરના રાજા ગંભીરસિંહે માણસાની કુંવરી ફૂલકુવરબા સાથે લગ્ન કર્યાં. તેથી તેમને ત્યાં પુત્ર થયો અને તેનું નામ જુવાનસિંહ રાખવામાં આવ્યું. તે સારા સત્સંગી થયા હતા. તેમણે ઇડરમાં શિખરબદ્ધ મંદિર બંધાવ્યું હતું, જે આજે પણ છે.

## હાથ લંબાવી સળગતા ઘરમાંથી છોકરાની રક્ષા

હે ભક્તો ! મહારાજ અને મુક્તો આ ધરતી ઉપર પધારે છે, ત્યારે અનંત ઐશ્વર્યો સાથે પ્રગટે છે. 'ચમત્કાર ત્યાં નમસ્કાર' એ ન્યાયે નમસ્કાર કરાવવા માટે ચમત્કાર બતાવતા નથી, પણ પ્રભુનો સાક્ષાત્કાર કરાવવા પ્રભુની સાચી સમજ આપવા ઐશ્વર્યો બતાવતા હોય છે.

ખુશાલ ભટ્ટ એટલે ઐશ્વર્યનો ઘુઘવતો મહાસાગર. તેઓ ડગલે ને પગલે ઐશ્વર્યો સર્જતા હતા. એકવાર ખુશાલ ભટ્ટજી શાળામાં છોકરાંઓને ભણાવતા હતા. એ સમયે ગામમાં એક બ્રાહ્મણના ઘરમાં આગ લાગી ! અગ્નિનો તણખો ઘાસ ઉપર પડ્યો અને ઘાસની સાથે ઘર પણ સળગવા લાગ્યું. લોકોએ બૂમાબૂમ કરી મૂકી. સૌ કોઈ ભેગા થઈ ગયા. જેમ તેમ કરી ઘરના લોકો બહાર નીકળ્યાં, પણ ૧૫ વર્ષનો એક બાળક એ આગમાં સપડાઈ ગયો.

હે ભક્તો ! તે બાળક ઘરમાં રહીને બૂમો પાડવા લાગ્યો, પણ બહાર કોઈએ એની બૂમો ન સાંભળી. પરંતુ એ અવાજ સંભળાયો શાળામાં ભણાવતા ખુશાલ ભટ્ટને ! તરત જ તેમણે હાથ લાંબો કરી છોકરાને તેના ઉપર બેસાડી ખેંચી લીધો અને પછી શાંત કરી ઘેર જવા કહ્યું. ઘેર તો બધાને એમ હતું કે, છોકરો સળગી ગયો, તેથી ઘરના સૌ હૈયાંફાટ રૂદન કરી રહ્યાં હતાં. ત્યાં છોકરે આવીને સૌને તે વાત વિસ્તારથી કહી બતાવી. પછી સૌ શાળાએ ગયા અને ખુશાલ ભટ્ટને પ્રણામ કરી આભાર વ્યક્ત કરી આ ઐશ્વર્યનું ગાન કરવા લાગ્યા.

## એક રાતમાં તુલસી વન તૈયાર

હે ભક્તો ! ટોડલા ગામના હરિશંકર નામના એક બ્રાહ્મણે ખુશાલ ભટ્ટને કહ્યું: ‘‘દેવશયની એકાદશી આવે છે, તેથી મારે વિષ્ણુસહસ્ર નામથી ભગવાનને તુલસી ચડાવવાની ઈચ્છા હતી, પણ એટલા બધા તુલસી ક્યાંય મળે તેમ નથી, તો હું મંત્ર સાથે ચોખા ચડાવું ?’’ ત્યારે ભટ્ટજી કહે: ‘‘ભગવાન તો ભાવના ભૂખ્યા છે, અક્ષત પણ ચાલશે; પરંતુ તમારી ઈચ્છા તુલસીપત્ર ચઢાવવાની છે, તો હું જરૂર મદદ કરીશ. મારી પાસે તનસુખ માટે, ધનસુખ માટે અને મનસુખ માટે તો ઘણા આવે છે, પણ પ્રભુસુખ માટે તો તમારા જેવા કોઈક જ આવે છે. મારા ઘરમાં તુલસીના માંજર પડ્યા છે, તેને તમારા ઘર પાસેની ખાલી જગ્યામાં છાંટી (વેરી) દઈએ, એટલે વૃંદાવન ખડું થઈ જાય.’’

આ પ્રમાણે કહીને માંજર લઈને તે હરિશંકરની સાથે ગયા અને તેના ઘરની બાજુમાં વેરી દીધા અને ઉપર પાણી છાંટી દીધું. પછી હાથ જોડી તુલસીનું આહ્‌વાન કરી ઘેર આવતા રહ્યા. સવાર થયું ત્યાંતો ત્યાં તુલસીનું ઉપવન થઈ ગયું ! આ ઘટના વિજ્ઞાનની પહોંચની બહાર છે અને અનંત–અગોચર શક્તિના સાક્ષાત્કાર સમાન છે. સવારે ગામના લોકોએ જોયું તો સાંજે વેરેલ માંજર, સવારે આખું વૃંદાવન થઈ ગયું હતું !

હે ભક્તો ! આવું જોઈને વગર કહ્યે સૌને ખ્યાલ આવી ગયો કે, 'આ કામ કેવળ ખુશાલ ભટ્ટ જ કરી શકે; એના સિવાય કોઈની શક્તિ ન ચાલે.' તુવેરના છોડ જેવડા તુલસી થઈ ગયા હતા, એવું જોઈ હરિશંકર તો રાજીના રેડ થઈ ગયા અને એક હજાર તુલસી દ્વિદળ વડે દરરોજ તે વિષ્ણુસહસ્રનામ બોલીને વિષ્ણુ ભગવાનને ચડાવવા લાગ્યા. એવું જોઈને અન્ય ભૂદેવોને પણ ઈચ્છા થઈ એટલે તેઓ પણ દરરોજ એક હજાર તુલસીપત્ર ચુંટીને ભગવાનને ચડાવવા લાગ્યા.

## મુલ્લાઓને મેથીપાક !

હે ભક્તો ! તુલસીવન જોઈને બ્રાહ્મણો તો રાજી થયા; પણ ટોડલામાં રહેતા વિધર્મીઓને આ ન ગમ્યું. ચોમાસામાં દરેક છોડને કૂપળો આવે, પણ જવાસો કરમાય જાય ! એવું જ થયું મુસલમાન જ્ઞાતિના અમુક લોકોને. તેઓ ભેગા થઈને હરિશંકર પાસે આવીને કહેવા લાગ્યા: ''અહીં તો નાનો રસ્તો હતો, માટે આ તુલસી અમો કાઢી નાખીશું.'' બ્રાહ્મણોએ સમજાવ્યા કે, ''ભૂલેશ્વર મહાદેવની પાછળનો રસ્તો સારો છે, ત્યાં આપણે સૌ ગામના લોકો ચાલીશું.''

સૌએ સમજાવ્યા, પણ મુલ્લાઓ માન્યા જ નહિ. પછી બ્રાહ્મણોએ ખુશાલજી પાસે જઈને સર્વે વાત કરી. ત્યારે ભટ્ટજી કહે: ''તમે શાંતિથી સૂઈ જાઓ અથવા ભજન કરો, પણ ચિંતા કરશો નહિ. દુઃખીઓના બેલી એટલે ખુશાલ ભટ્ટ. એ દુઃખ લૌકિક હોય કે અલૌકિક. દરેક દુઃખિયા ભટ્ટજી પાસે આવે અને ખુશાલ ભટ્ટ પણ ખુશ થઈને દરેકનાં દુઃખ નીવારતાં.

હે ભક્તો ! રાત્રીનો અંધકાર શરુ થયો અને ચંદ્રમાનું અજવાળું થોડું થોડું થવા લાગ્યું, એ સમયે મુસલમાન મહોલ્લામાં એ લોકો ભેગા થયા અને નક્કી કરવામાં આવ્યું કે, ‘બધા જ તુલસી ખેંચી નાખવા. તુલસી ફેંદી નાખવા અને એ પણ આજની રાત્રીએ જ.’ ખુશાલ ભટ્ટની સામર્થીથી અજાણ મુલ્લાઓ પોતાનું જ નિકંદન કાઢવા રાત્રીના આછા અજવાળે તુલસી પાસે આવ્યા. દરેકના હાથમાં કડીયાળી ડાંગો અને લાકડીઓ હતી. તે લઈને માંડ્યા તુલસી ઉપર મારવા એટલે બધાં પાંદડાં ખરી જાય.

થાક્યા ત્યાં સુધી અંધારામાં લાકડીઓ તુલસી ઉપર મારી અને પછી ઘેર ગયા. ત્યાં જઈને જોયું તો પોતાનાં પરિવારનાં નરનારીઓ – આબાલવૃદ્ધો સૌ રડતાં હતાં ! સૌનાં વસ્ત્રો લોહીવાળાં હતાં ! નાનાં બાળકો તો બૂમાબૂમ કરતાં હતાં ! કોઈના હાથ ભાંગ્યા હતા તો કોઈનાં માથાં ફૂટ્યાં હતાં ! કોઈના પગ ભાંગ્યા હતા તો કોઈની કમર તૂટી હતી ! આવું દૃશ્ય જોઈને તેઓ જલદી પૂછવા લાગ્યાઃ ‘‘બોલો બોલો, તમારી આવી હાલત કોણે કરી ?’’

હે ભક્તો ! ત્યારે તેમના સગાંઓ કહેવા લાગ્યાઃ ‘‘મૂરખાઓ ! મારીને પછી પૂછો છો કે, કોણે માર્યા ? તમે જ અમને બધાને આ તમારા હાથમાં રહેલ લાકડીયોથી માર્યા છે ને પાછા ડાયાડમરા થઈને પૂછો છો કે કોણે માર્યા ?’’ આવું સાંભળી ખુશાલ ભટ્ટના સંકલ્પને કારણે એકબીજા ઉપર આરોપ મૂકીને પરસ્પર મારવા લાગ્યા અને મરણ–તુલ્ય થઈ ગયા ! પછી એની જ્ઞાતિના અમુક સજ્જન વડિલો હતા એમણે કહ્યુંઃ ‘‘તમે બ્રાહ્મણોને તુલસી કાઢવાનું કહેવા ગયા હતા અને એણે ઓલ્યા ચમત્કારી ખુશાલજી પાસે જઈને તમારી ફરિયાદ કરી હતી, તેથી જ તમારી આ દશા થઈ છે, માટે હવે ધ્યાન રાખજો, નહિતર ફરીને જીવતા પણ નહિ રહો.’’ પછી સૌ ચૂપ થઈ ગયા.

## ધ્યાનના કારણે શું થયું ?

હે ભક્તો ! આધ્યાત્મિક સુખ એટલે આત્માને સાંસારિક આકર્ષણોથી મુક્ત કરી પરમાત્માના ધ્યાન સાથે નાતો જોડવાની તાલાવેલીનું પરિણામ.

યાદ રાખજો : અંધકાર રવાના થવા તૈયાર જ હોય છે, પણ આપણે પ્રકાશને હાજર કરવા તૈયાર હોઈએ તો. ઝરણું પ્રગટ થવા તૈયાર જ હોય છે, પણ આપણે જો પથ્થર હટાવવા તૈયાર હોઈએ તો. રોગ રવાના થવા તૈયાર જ હોય છે, પણ આપણે જો દવા લેવા તૈયાર હોઈએ તો.

એ જ રીતે આપણાં જીવનમાં વ્યાપેલાં પાપો અને મનમાં ઘર કરી ગયેલા દોષો રવાના થવા તૈયાર જ હોય છે, પણ હૃદયમાં જો આપણે પરમાત્માનું ધ્યાન કરી પ્રભુને પ્રતિષ્ઠિત કરવા તૈયાર હોઈએ તો. આ ધ્યાન કરવા માટે મહામુક્ત ખુશાલજી બેઠા હતા. એ સમયે શરીરમાંથી અતિશય પ્રકાશ નીકળ્યો. તે તેજનો મહાપ્રકાશ આખી પૃથ્વી અને આખા બ્રહ્માંડમાં છવાઈ ગયો હતો. તે તેજમાંથી બ્રહ્માંડ ફાટી જાય તેવા ત્રણ કડાકા થયા હતા ! તેનો અવાજ બોતેર કિલોમીટર સુધી સંભળાયો હતો.

હે ભક્તો ! તે કડાકાનો અવાજ સાંભળી લોકોનાં મનમાં ભય ઉત્પન્ન થયો અને સૌને એવી બીક લાગી કે, 'આ સમયે પ્રલય થશે કે શું ? બચવું હોય તો ચાલો સૌ મળી ભટ્ટજી પાસે જઈએ.'' પછી સૌ મળીને ભટ્ટજી પાસે આવ્યા અને વિનંતી કરવા લાગ્યા. તેથી ખુશાલ ભટ્ટે વૃત્તિ સંકેલી લીધી, તેથી તેજ બધું પોતાના દેહમાં જ સમાઈ ગયું ! તે જોઈને સૌને આશ્ચર્ય પણ થયું અને આનંદ પણ થયો.

## ૫૦ વહોરા બ્રાહ્મણો બન્યા !

હે ભક્તો ! એકવાર ખુશાલ ભટ્ટ બ્રાહ્મણો સાથે સિદ્ધપુરની યાત્રા કરવા ગયા હતા. ત્યાં સુરતનો સંઘ પણ આવ્યો હતો. તે લોકો સરસ્વતી નદીમાં સ્નાન કરીને સાંજના સમયે પોતાના ઉતારે જતા હતા, ત્યારે એક બ્રાહ્મણના આઠ વર્ષનાં બે બાળકો સંઘમાંથી છૂટા પડી ગયાં અને અંતે ભૂલા પડી ગયાં. તેથી તે રસ્તાની એક બાજુ ઊભાં રહી રડતાં હતાં. તે સમયે બે વહોરા જ્ઞાતિના માણસો તેની પાસે આવ્યા અને કહેવા લાગ્યાઃ ''અમારી સાથે બન્ને ચાલો. તમને તમારાં માતા–પિતા શોધે છે, તેની પાસે મૂકી જઈએ.''

આ પ્રમાણે કહીને તે બન્ને વહોરા આ બન્ને છોકરાંને એક મસ્જિદમાં લઈ ગયા. ત્યાં ૫૦ મુસ્લિમો બેઠા હતા. તેઓ સૌ મળી આ બન્ને બાળકોને મુસલમાન બનવા સમજાવવા લાગ્યા અને મલીદો ખાવાનું કહ્યું. પરંતુ બન્નેએ જનોઈ પહેરેલ હતી અને બુદ્ધિશાળી હતા, તેથી માનતા ન હતા.

એ સમયે જ તેનાં માબાપ ખોળતાં-ખોળતાં અને છોકરાંનાં નામની બૂમો પાડતા ખુશાલ ભટ્ટ પાસે આવ્યા અને સર્વે વાત કહી. ત્યારે ભટ્ટજી અંતરદૃષ્ટિ કરીને બોલ્યા: ''છોકરાંને વહોરા લોકો મુસલમાન કરવા મસ્જિદમાં લઈ જઈને મનાવી રહ્યા છે. તમે અહીં બેસો હું તેઓને લઈને હમણા આવું છું.

હે ભક્તો ! પછી ભટ્ટજીએ બાજુના શિવ મંદિરમાં જઈ પૂજા કરીને કહ્યું: ''હે મહાદેવ ! ૩૦૦ વર્ષ પહેલાં મુસલમાન બાદશાહે અપાર બ્રાહ્મણોને બળજબરીથી વટલાવી મુસ્લિમ બનાવ્યા હતા. એ જ પરંપરાના આ વહોરા છે. તે લોકો આજે પણ બે બ્રાહ્મણ બાળકોને મુસ્લિમ બનાવવા મસ્જિદમાં લઈ ગયા છે અને તમે મુનિવ્રત ધારીને સમર્થ હોવા છતાં કેમ કાંઈ કરતા નથી ?''

એ જ સમયે મહાદેવ પ્રગટ થયા અને બ્રાહ્મણનું રૂપ ધારણ કરી ખુશાલજીને કહ્યું: ''ચાલો આપણે છોકરાંઓને છોડાવી લાવીએ.'' પછી બન્ને મસ્જિદે આવ્યા, ત્યાં તેનો દરવાજો બંધ હોવા છતાં આપમેળે ખૂલી ગયો ! તેથી બન્ને અંદર ગયા. આવું જોઈ મુસ્લિમો મૌન થઈ ગયા. પછી બન્ને બાળકોને લઈ એનાં માતાપિતાને સોંપી દીધા.

હે ભક્તો ! પછી વહોરાને સમાધિ કરાવી જમપૂરીમાં મોકલ્યા. તો ત્યાં સર્વેના પૂર્વજો અતિ દુ:ખી થઈને નરકની પીડા ભોગવી રહ્યા હતા. પછી સમાધિ ઉતરી એટલે તેમણે જોયું તો ખુશાલજીને વિષ્ણુરૂપે જોયા અને પેલા બ્રાહ્મણને શંકર રૂપે દેખ્યા ! તેના કારણે પ્રણામ કરીને કહેવા લાગ્યા: ''હવે અમને સર્વેને બ્રાહ્મણો બનાવો.''

વહોરા લોકોની વિનંતી સાંભળી એનું વહોરાનું અંત:કરણ ફેરવી બ્રાહ્મણનું કર્યું. તેથી બધાને મનાઈ ગયું કે, 'આપણે બ્રાહ્મણ છીએ.' પછી સર્વે વહોરાએ દાઢી કઢાવી ચોટલી રખાવી ? જનોઈ પહેરીને કંઠી પહેરી !

ત્યારબાદ તે ૫૦ વહોરા બ્રાહ્મણો પોતાની નાતનો ને પરિવારનો ત્યાગ કરી આજીવન સરસ્વતી કિનારે ધર્મશાળામાં રહી ભજન–ભક્તિ કરી જીવન સુધારી અંતે અક્ષરધામમાં પહોંચી ગયાં !

## વાઘને શાકાહારી બનાવ્યો

હે ભક્તો ! ઇડર પ્રદેશ એ ડુંગરાળ પ્રદેશ છે. અરવલ્લી પહાડની હારમાળાઓ ત્યાં જોવા મળે છે. ત્યાં એ સમયે અનેક પશુઓ પણ રહેતાં હતાં. તેમાંથી એક વાઘ ફરતો ફરતો ટોડલા ગામની ભાગોળે આવી ત્રાડો પાડવા લાગ્યો. ત્યાં તેણે એક બ્રાહ્મણ બાળકને પંજો મારી મારી નાખ્યો અને બે ગાયોને પણ મારી નાખી ! તેના ભયથી ગામના લોકો ઘરમાં છુપાઈ ગયા, પણ મૃત બાળકના પિતાએ તો પોતાના મરેલા બાળકને લેવા વાઘ તરફ ચાલવાનું શરુ કર્યું !

એ સમયે દયાળુ ખુશાલ ભટ્ટે તેને રોક્યો અને પોતે એકલા જ વાઘ પાસે ગયા અને વાઘને જોરથી લપડાક મારી ! તેથી વાઘ પડી ગયો અને મૂર્છિત થઈ ગયો ! ભાનમાં આવ્યા પછી તે વાઘ ભટ્ટજીને પ્રદક્ષિણા કરી પગે મસ્તક નમાવી પાળેલા કૂતરાની જેમ જવા લાગ્યો. ત્યારે ભટ્ટજીએ કહ્યું: ''મેં તને લપડાક મારી તારાં પાપ બાળી નાખ્યાં છે, માટે હવે તારે કોઈની હિંસા કરવી નહિ. જંગલમાં કંદમૂળ ખાજે અને ત્યાં ન મળે ત્યારે આ ગામમાં આવી લોકોને તારું પેટ બતાવજે એટલે બધા તને રોટલા વગેરે આપશે, એ ખાઈને તું રહેજે. આ રીતે ત્રણ વર્ષ પછી તું મૃત્યુ પામીશ અને પછી તને ઘોડાનો અવતાર આવશે. તે જન્મમાં તને પ્રગટ ભગવાન શ્રીહરિનાં નિત્ય દર્શન થશે અને તું ભગવાનના કામમાં પણ આવીશ, તેથી તારો મોક્ષ થશે.''

હે ભક્તો ! પછી તે વાઘ ભટ્ટજીને નમસ્કાર કરી વગડામાં જતો રહ્યો. ત્યાં તેણે જીવ હિંસા છોડી દીધી અને ભગત બની ફળ–ફૂલ ખાવા લાગ્યો ! બહુ ભૂખ લાગે ત્યારે ટોડલા ગામમાં આવે અને ઘેર ઘેર જઈ કૂતરાની જેમ આળોટીને પેટ બતાવે, તેથી ગામના લોકો તેને રોટલા વગેરે ખાવા આપે. વાઘનું આવું વર્તન જોઈ ગામનાં

છોકરાંને તો મજા પડી ગઈ. તેઓ તો વાઘની ઉપર બેસી સવારી કરતા, કાન ખેંચતા અને પૂછડું તાણતાં, પણ વાઘ તો ભટ્ટજીના આશીર્વાદથી ક્રૂર મટી ભગત બની ગયો હોવાથી કોઈને ઈજા કરતો નહિ.

બરાબર ત્રણ વર્ષ પૂરાં થયાં અને તે વાઘને ખુશાલજીએ કાનમાં જ્ઞાન આપ્યું હતું એ મહાદેવનાં મંદિર પાસે જ બેસીને પ્રાણ છોડી દીધા ! ભટ્ટજીના આશિષ મુજબ તે મરીને બીજા જન્મમાં ઘોડા તરીકે જન્મ્યો હતો. પછી આખી જિંદગી ભગવાનનાં તેમને દર્શન થયાં, તેથી નિર્મળ મન બની ગયું અને અંતે અક્ષરધામમાં પહોંચી ગયો !

હે ભક્તો ! વાઘે જે છોકરાને પંજાથી મારી નાખ્યો હતો, તેના કાનમાં ભટ્ટજી ભગવાનનું નામ બોલ્યા એટલે છોકરો જીવતો થયો ! અને વાઘે મારી નાખેલ ગાયોના કાનમાં જઈને પણ ભટ્ટજી મંત્ર બોલ્યા એટલે ગાયો પણ જીવતી થઈ ! આવી સામર્થી ભટ્ટજીની જોઈ ટોડલા ગામના લોકોને અતિ આશ્ચર્ય થયું તેથી તેઓ ભટ્ટજીને ભગવાન જેવા માનવા લાગ્યા !

## કાળા ઉનાળા જેવામાં મેહ

હે ભક્તો ! ૨૦૦ વર્ષ પહેલાંનો ઇતિહાસ જોઈએ તો અત્યારના દુષ્કાળ કરતાં એ સમયે દુષ્કાળ વધારે પડતા હતા. અત્યારે દુષ્કાળ પડે તો પણ એકબીજાં રાજ્યમાંથી કે વિદેશમાંથી અનાજ લાવીને લોકોને મરતા બચાવી લેવાય છે, પરંતુ શ્રીજી મહારાજના સમયના દુષ્કાળ જોઈએ તો અનેક પશુઓનાં તો મૃત્યુ થયાં જ હોય, પરંતુ અનેક મનુષ્યો પણ ખાધાં વિના ભૂખ્યાં-તરસ્યાં મોતને ભેટ્યાંના અનેક પ્રસંગો લખાયેલા છે. આષાઢી સંવત્ ૧૮૬૯ નો ઓગણોતેરો ભયંકર દુષ્કાળ એની સાક્ષી પૂરે છે.

આપણે જોઈ ગયા કે ખુશાલ ૧૦ વર્ષના હતા, ત્યારે પણ ભયંકર દુકાળને કારણે પોતાનું વતન છોડી પહાડોમાં જઈ કંદમૂળ ખાઈ વરસ પૂરું કરવું પડ્યું હતું. તો એ વખતે વરસાદને અભાવે વધારે દુકાળ પડતા હતા. ખુશાલભટ્ટ મોટા થયા પછી એક વરસ ભયંકર દુષ્કાળ પડ્યો હતો, પણ ભટ્ટજીની કૃપાથી વરસાદ થયેલો એનો પ્રસંગ સાંભળો.

એક વરસ ઇડર પ્રાંતમાં ચોમાસામાં વરસાદ ન થયો. તેને કારણે લોકોને અપાર ચિંતા થવા લાગી. પછી સૌએ મળીને વિચાર કર્યો કે, ''ટોડલા ગામના ખુશાલ ભટ્ટ બહુ સામર્થ્યવાળા છે, માટે તેમની પાસે જઈ વિનંતી કરીએ એટલે વરસાદ વરસાવે.'' આ પ્રમામે નક્કી કરી ઇડર રાજ્યનાં ગામડાંઓનાં મનુષ્યો ભેગા થઈને ટોડલા આવ્યા ને ભટ્ટજીને વરસાદ કરવા પ્રાર્થના કરવા લાગ્યા: ''ભટ્ટજી ! આ વરસે જો વરસાદ નહિ થાય તો સર્વે પશુઓ અને બાળકો સહિત અમે ભૂખ્યાં-તરસ્યાં મરી જઈશું, માટે દયા કરી વરસાદ કરો.''

અનેક લોકોની વિનંતી સાંભળી દયાળુ દિલના પરોપકારી ખુશાલ ભટ્ટના મનમાં કરુણા ઉત્પન્ન થઈ એટલે તેમણે ભગવાનની પ્રાર્થના કરી : ''હે મારા નાથ ! પાપીઓના કારણે જો વરસાદ ન થતો હોય તો તો સૂકાની સાથે લીલું પણ બળશે, માટે દયા કરો અને ભક્તો માટે - બાળકો માટે અને પશુઓ ઉપર દયા લાવીને પણ વરસાદ વરસાવો, આવી મારી અંતરની પ્રાર્થના છે.

હે ભક્તો ! ખુશાલ ભટ્ટની પ્રાર્થના અને પોતાની શક્તિ આ બન્ને ભેગા થયા એટલે વરસાદ શરુ થયો તે સતત ત્રણ દિવસ સુધી એક ધારો વરસાદ આખા ઇડર પ્રાંતમાં થયો. સૌ લોકો ભટ્ટજીનો આભાર માની પોતપોતાનાં ઘેર જવા લાગ્યા. આ દુષ્કાળની સદ્‌ગરુ નિષ્કુળાનંદ સ્વામી પણ નોંધ લેતા લખે છે કે....

''ત્યારે સર્વે આવી લાગ્યા પાય, કહે કરો વૃષ્ટિ દુ:ખ જાય;
મનુષ્ય પશુ પીડાય અત્યંત, આવ્યા અરજે અમે પીડાવંત.
માટે મોટા કરો તમે મહેર, કરો વર્ષાત તો જાયે ઘેર;
એવી સાંભળી લોકની વાણી, સમર્યા ખુશાલે સારંગપાણી.
કરે સ્તવન મનમાં દયાળ, આવ્યો વર્ષાત ત્યાં તતકાળ;''

— ભક્ત ચિંતામણિ : ૧૪૨

## અનેક પરચાઓ આપ્યા

હે ભક્તો ! ખુશાલ ભટ્ટ દરરોજ રાધાકૃષ્ણની પૂજા કરતા હતા. તેઓ સવારે પૂજા કરતા, ત્યારે રાધાકૃષ્ણની મૂર્તિયો પણ તેઓની આગળ આવીને પૂજામાં પોતાના સ્થાને બેસી જતી. આવું જોઈને સૌ કોઈને નવાઈ લાગતી હતી.

એકવાર ટોડલામાં વીરવિદ્યાવાળો જંત્રમંત્ર જાણનારો એક બ્રહ્મચારી આવ્યો. તે દંભી હતો, તેને કારણે તે જેને ઘેર જમવા જાય તેને ઘેર શાલિગ્રામ–વિષ્ણુ મૂકતો આવે અને કહેતો આવે કે, 'એને તમે પટારામાં પૂરી દો કે તિજોરીમાં મૂકી દો, પણ આ વિષ્ણુ મારી સેવાને વશ છે, એટલે રાત્રે મારી પાસે આવતા રહેશે.''

આ પ્રમાણે કહીને રાત્રે તાંત્રીક વિધિથી મહાવીરને બોલાવે અને શાલિગ્રામ વિષ્ણુને લઈ આવવાનું કહે, એટલે પેલો લઈ આવે. એવું કૌતુક જોઈને ટોડલા ગામના લોકો એને મોટા સિદ્ધ માની માનવા–પૂજવા લાગ્યા. આ વાતનો ખ્યાલ ભટ્ટજીને આવ્યો એટલે તેમણે પણ બ્રહ્મચારીને જમવાનું આમંત્રણ આપ્યું. પછી તે જમવા ગયો અને વિષ્ણુ ખુશાલ ભટ્ટને સોંપીને કહ્યું: ''મારી સેવાને વશ આ વિષ્ણુ રાત્રે મારી પાસે આવતા રહેશે.''

પછી રાત્રે તેણે જંત્ર–મંત્ર–તંત્રના જપ કરી વીરને વિષ્ણુ લેવા મોકલ્યો. તેણે આવીને જોયું તો વિષ્ણુ તો ખુશાલ ભટ્ટની પાસે હતા. તે નજીક આવ્યો તો બળવા લાગ્યો ! તેથી ખાલી હાથે જઈને બ્રહ્મચારીને કહ્યું: ''હું ભટ્ટજી પાસે જઈ શકતો નથી, એ તો મહાપુરુષ છે.'' પછી તે બ્રહ્મચારી સવારે વહેલો ઊઠીને કોઈ ન જાણે એમ ત્યાંથી ભાગી ગયો ! એવી રીતે એકવાર પોતાના ખેતરમાં રહેલા મહુડાને પણ ચરણ સ્પર્શ કરીને મીઠા કર્યા હતા.

હે ભક્તો ! જ્યારે જ્યારે ટોડલાથી ખુશાલ ભટ્ટ શામળાજી દર્શન કરવા જતા, ત્યારે ત્યારે શામળાજી ભગવાન સ્વયં મૂર્તિમાંથી બહાર નીકળી ભટ્ટજીને ભેટતા હતા ! આ દૃશ્ય શામળાજીના ભક્તો ઘણીવાર નજરો–નજર જોતા હતા ! અમદાવાદથી જ્યારે જ્યારે રામપ્રતાપજીભાઈ વડતાલ આવતા, ત્યારે ત્યારે શ્રીહરિકૃષ્ણ મહારાજ મૂર્તિમાંથી

બહાર નીકળીને મોટાભાઈને હાર પહેરાવતા ને ખબર અંતર પૂછતા; એવું જ ભટ્ટજી અને શામળાજીનું સ્નેહ મિલન હતું.

શામળાજી પાસે એક ત્રિવેણી નામની નદી છે. તેમાં ખુશાલ ભટ્ટ ઘણીવાર સ્નાન કરવા જતા હતા. એક સમયે તેઓ નદીમાં નાવા ઉતર્યા ત્યારે અનેક ભૂતો આવીને ભટ્ટજીની પ્રાર્થના કરવા લાગ્યાઃ ‘‘હે ભટ્ટજી ! અમારો મોક્ષ કરો. તમારી સ્પર્શ થયેલ આ નદી છે. તેનો અમને પણ સ્પર્શ થયેલ છે, માટે અમારો ઉદ્ધાર કરો.’’

હે ભક્તો ! ભૂતોની વિનંતી સાંભળી ભટ્ટજીએ તેના સામું કૃપાદષ્ટિ કરી સંકલ્પ કર્યો એટલે તેઓ બધા ભૂતયોનિમાંથી છૂટી દેવ બની દેવલોકમાં જતા રહ્યા ! અર્થાત્ તેમને ભટ્ટજીએ દેવલોકમાં મોકલ્યા. આવા આવા તો અનેક પરચાઓ ખુશાલ ભટ્ટે ભગવાન શ્રીહરિની મરજી જાણીને આપ્યા છે. એનો લખતા અંત આવે તેમ નથી.

## બ્રાહ્મણરૂપે ભટ્ટજીને તેડવા આવ્યા

‘શ્રીસ્વામિનારાયણ ચરિત્ર ચિંતામણિ’ ગ્રંથ મુજબ ખુશાલ ભટ્ટને પ્રથમવાર તેડવા માટે શ્રીહરિના ગુરુભાઈ રામદાસજી સ્વામી તથા સંતોને મોકલ્યા હતા. તેના કારણે ખુશાલ ભટ્ટ બ્રાહ્મણોને લઈ શ્રીહરિનાં દર્શન કરવાં ડભાણ ગામ પધાર્યા હતા; કારણ કે તે વખતે પ્રભુ ડભાણમાં રોકાયા હતા. થોડા દિવસ શ્રીહરિ સાથે રોકાઈને ભટ્ટજી પાછા ટોડલા જતા રહ્યા હતા. ટોડલા જઈને બાળકોને ભણાવવાનું શરુ કરી દીધું. ભટ્ટજીના સમાગમને કારણે અને કૃપાને કારણે બાળકો પણ ત્રિકાળજ્ઞ બની ગયા હતા ! એની નોંધ નિષ્કુળાનંદ સ્વામીએ ભક્ત ચિંતામણિમાં આ પ્રમાણે લીધેલ છે, તે જોઈએ તેઓના જ શબ્દોમાં...

‘‘ત્યારે બાળકે જોડિયા હાથ, તમને તેડવા આવે છે નાથ;
ધરી દ્વિજનું રૂપ મહારાજ, તે તો આવે છે તમારે કાજ.’’

– ભક્ત ચિંતામણિ પ્ર. ૧૪૨

હે ભક્તો ! સ્વામિનારાયણ ભગવાન બ્રાહ્મણનું રૂપ ધારણ કરી ટોડલામાં જે અચલેશ્વર મહાદેવનું મંદિર છે ત્યાં પધાર્યા અને એક વટેમાર્ગુને કહેવડાવ્યું કે, 'તમો જઈ ખુશાલ ભટ્ટને કહો કે મહાદેવે એક બ્રાહ્મણ તમારી રાહ જોવે છે.' પેલા માણસે આવી સમાચાર આપ્યા. પરંતુ ભટ્ટજીને સમાચારની ક્યાં જરૂર હતી ? એમને તો એમના વિદ્યાર્થીઓએ જ કહી દીધું હતું કે, 'તમને તેડવા ભગવાન બ્રાહ્મણ બનીને આવે છે.' અરે ! જેની કૃપાથી વિદ્યાર્થીને આવું જ્ઞાન થઈ ગયું હોય તો પછી જેમણે કૃપા કરી હતી એવા ખુશાલ ભટ્ટને ખ્યાલ ન હોય એવું બને ખરું ?

હે ભક્તો ! ખુશાલ ભટ્ટને એક હરિશંકર નામનો પુત્ર પણ હતો એવું 'સ્વામિનારાયણ ચરિત્ર ચિંતામણિ'ના પ્રથમ અધ્યાયમાં આવે છે. ત્યાર પછી એનો ઉલ્લેખ બીજે ક્યાંય મને વાંચવામાં આવ્યો નથી. હવે ભટ્ટજી ઘર છોડવા તૈયાર થયા છે, ત્યારે એમની દીકરીનો ઉલ્લેખ છે, પણ દીકરાનો નથી.

ઘર છોડતા પહેલાં ખુશાલ ભટ્ટે પોતાની દીકરી અનોપબા ઉપર હાથ મૂકી આશીર્વાદ આપીને કહ્યું: ''અનોપ! મારા તને આશિષ છે કે તારે વચને કરી લોકોને સમાધિ થશે તેમજ દરેક શાસ્ત્રોનું જ્ઞાન પણ થશે.'' આ વરદાન અનોપબાનાં જીવનમાં સત્ય થયું હતું. તેમણે પણ અનેક લોકોને સમાધિ કરાવી હતી ! પછી તેમને ઇડર તાલુકાના કુકડિયા ગામે ત્રિવેદી પરિવારમાં પરણાવ્યાં હતાં.

હે ભક્તો ! ત્યારબાદ ભટ્ટજી એમના પિતા મોતીરામ ઠાકર પાસે ગયા. તે સમયે એના આખા શરીરે ધાધર (દરાજ) થયેલ હતી. તેના ઉપર ભટ્ટજીએ હાથ ફેરવ્યો ત્યાંતો ધાધર ગાયબ થઈ ગઈ ! પછી પિતાને કહ્યું: ''તમે આજીવિકાની ચિંતા કરશો નહિ. તમને ઇડરના રાજા ગોરપદું આપશે.'' આ પ્રકારના એમને પણ આશિષ આપી અચલેશ્વર મહાદેવે રાહ જોઈને બેઠેલા બ્રાહ્મણના વેશમાં રહેલા મહારાજ સાથે તેઓ ૧૮૫૯ કારતક સુદ એકાદશીના પવિત્ર દિવસે ચાલતા થયા અને રસ્તામાં ટાંપાટુંપા (ટાકાટૂકા) ગામમાં પોતાના મિત્રને મળવા પધાર્યા.

## ક્યાં સુધી ઘરમાં રહેવું છે ?

હે ભક્તો ! ટાંકાટુંકા ગામમાં કાનાભાઈ પટેલને (ભગવાનદાસજીને) ખુશાલ ભટ્ટ સાથે અપાર સ્નેહ હતો. તેઓ ગામના પાદરમાં જ બેઠા હતા. ત્યાં બન્ને મિત્રો મળ્યા. ત્યારે ભટ્ટજીએ કહ્યું: ‘‘કાના પટેલ ! ક્યાં સુધી ઘરમાં  રહેશો ? ભગવાન મનુષ્યરૂપે પ્રગટ થયા છે, એ તમને ખબર છે ખરી ? (પ્રગટ ભગવાન તો બ્રાહ્મણના રૂપમાં સાથે જ હતા.) ત્યારે કાના પટેલ કહે: ‘‘ભટ્ટજી ! મને તો ખબર નથી, પણ તમને ખબર છે ને ? એ મારા માટે ખબર જ માની લેજો. ચાલો અત્યારે જ તમારી સાથે આવું છું.’’

આ પ્રમાણે કહીને ત્રણેય ચાલવા લાગ્યા. ત્યારે રસ્તામાં કાના પટેલે કહ્યું: ‘‘ભટ્ટજી ! મારે તો અફીણનું બંધાણ છે, પણ અફીણ તો ઘેર પડ્યું રહ્યું છે.’’ ત્યારે ભટ્ટજી કહે: ‘‘જ્યારે અફીણ લેવાનો સમય થાય ત્યારે મને કહેજો.’’ આ પ્રમાણે કહીને આગળ ચાલવા લાગ્યા. થોડા સમય બાદ કાના પટેલે કહ્યું: ‘‘ખુશાલભાઈ ! મારે અફીણ ઉતરી ગયું છે.’’ પછી ભટ્ટજીએ વનસ્પતિનાં બે પાંદડાં ચોળીને આપ્યાં અને ચાવી જવાનું કહ્યું. તેથી કાના પટેલ ચાવી ગયા. પણ ચમત્કાર એ થયો કે અફીણનું બંધાણ છૂટી ગયું ! કારણ કે ખુશાલ ભટ્ટે વ્યસન છોડાવવાનો સંકલ્પ કરીને જ પાંદડાં આપ્યાં હતાં. (પછી શ્રીહરિએ સાધુ કરીને કાનડાનંદ સ્વામી નામ પાડ્યું હતું.) સોરઠના એક મુમુક્ષુ સિંહના કાન પકડી તેના ઉપર બેઠા હતા. પછી તે સાધુ થયા ત્યારે શ્રીહરિએ તેમનું નામ પણ કાનડાનંદ સ્વામી પાડ્યું હતું.

## પ્રેતાત્માઓનો ઉદ્ધાર કર્યો

હે ભક્તો ! ચાલતા–ચાલતા સર્વે માણસા ગામ આવ્યા. ત્યાં નરસિંહરામ ભાઈને ત્યાં રાત રોકાયા. તેમના માતુશ્રી પાનબાઈએ ખીચડી અને કઢી બનાવી, તે સૌ જમ્યા. પછી સવારે વહેલાં ઊઠીને ચાલવા લાગ્યા અને જેતલપુર નજીક આવ્યું એટલે બ્રાહ્મણના વેશમાં રહેલા મહારાજ રસ્તો બતાવીને અદૃશ્ય થઈ ગયા !

‘‘આવ્યા જેતલપુર લગી સાથ, પછી અદ્રશ્ય થયા છે નાથ;
હતા જેતલપુરમાં સ્વામી, નીરખ્યા ખુશાલે અંતરજામી.’’

– ભક્ત ચિંતામણિ પ્ર. ૧૪૨

હે ભક્તો ! ખુશાલ ભટ્ટ તો એ અદશ્ય થયેલા ભૂદેવને ઓળખતા જ હતા. તેથી મંદમંદ હસી દેવસરોવર કિનારે આવ્યા. એ સમયે બોરસડીનાં મોટાં વૃક્ષ નીચે શ્રીહરિજી ગાદી–તકિયે વિરાજમાન હતા. ખુશાલ ભટ્ટે પ્રગટ પ્રભુને જોયા અને પ્રભુએ ખુશાલજીને જોયા; તેથી બન્ને એકબીજાને નિર્નિમેષ દૃષ્ટિએ જોઈ રહ્યા. જાણે કે ચંદ્ર–ચકોરનું મિલન થયું ! પછી ભટ્ટજી દંડવત કરવા લાગ્યા. ત્યારે શ્રીહરિ ઊભા થઈ તેમણે ભેટ્યા. એ સમયે મૂળજી બ્રહ્મચારી શ્રીહરિને જમવા બોલાવ્યા આવ્યા. ત્યારે મહારાજે પોતાના વહાલા ખુશાલ ભટ્ટને પણ પોતાની સાથે જમવા આવવાનું કહ્યું, એટલે સૌ ગંગામાને ત્યાં જમવા જવા ચાલવા લાગ્યા.

હે ભક્તો ! શ્રીહરિ, ખુશાલ ભટ્ટ અને મૂળજી બ્રહ્મચારી વગેરે તળાવને કિનારે ચાલતા હતા. એ સમયે તળાવના કાંઠે આવેલા બાદશાહી કૂવામાંથી ગેબી અવાજ આવવા લાગ્યોઃ ‘‘હે કૃપાનાથ ! અમારો ઉદ્ધાર કરો. આપની પાવન ચરણરજના પ્રતાપે અમને આપના સ્વરૂપનો નિશ્ચય થયો છે. અમે આ પ્રેતયોનિમાં પીડાઈએ છીએ, માટે અમારા ઉપર દયા કરો – કૃપા કરો.’’

પ્રેતાત્માઓની અરજીને ઉરમાં ધરી અધમ ઉદ્ધારણ – પતિત પાવન પ્રગટ પ્રભુ શ્રીહરિજીએ ખુશાલ ભટ્ટજીને કહ્યુંઃ ‘‘ભટ્ટજી ! આ રૂમાલ કૂવામાં દેખાડો.’’ એટલે ખુશાલજીએ કૂવા ઉપર રૂમાલ ઉછાળી સ્વામિનારાયણ નામનો ઉચ્ચાર કર્યો; ત્યાંતો ધૂમાડાનો મોટો ગોટો આકાશમાં ચડ્યો અને બાજુનાં બે ઝાડ સાથે અથડાયો. તેના કારણે બન્ને વૃક્ષો મૂળમાંથી જ ઉખડી તળાવમાં પડ્યાં, એટલે વૃક્ષ ઉપર જે જે વાગોળો હતી તેનો પણ ઉદ્ધાર થયો.

## આ જડને પણ ચેતન કરે એવા છે

હે ભક્તો ! ત્યાર પછી સૌ ગંગામાને ઘેર પધાર્યા. ત્યારે ગંગામાએ એક બાજોઠ ઢાળ્યો હતો એના ઉપર શ્રીહરિ બેઠા અને બીજો મોટો બાજોઠ મંગાવીને તેના ઉપર ખુશાલ ભટ્ટને જમવા બેસાડ્યા. બીજા સૌ સંતો–ભક્તો દર્શન કરવા માટે સામે બેઠા. આવું જોઈને ગંગામા બોલ્યાઃ ‘‘હે મહારાજ ! આ નવો બ્રાહ્મણ કોણ છે ? ક્યાંથી આવ્યો છે ? આ મોટા મોટા સંતો–ભક્તો હેઠા બેઠા છે અને આ તમારી જોડે બાજોઠ ઉપર બેસી ગયો છે ? એને કાંઈ વિવેક છે કે નહિ ? આ બ્રાહ્મણ તો જડ જેવો લાગે છે. એ તમારો મહિમા જાણ્યા વિના, તમારી બરોબર બેસી ગયો છે.’’

હે ભક્તો ! ગંગામાનાં આવાં વચન સાંભળી મંદમંદ હસતા મહારાજ બોલ્યાઃ ‘‘મા ! તમે એને ઓળખતા નથી એટલે જ આવું બોલ્યાં છો. જ્યારે તમને એની સાચી ઓળખાણ થશે ત્યારે તમને અત્યારે જે બોલ્યાં છો એનો પસ્તાવો થશે. તમે કહ્યું કે, ‘એ જડ જેવો છે.’ પણ અમે તમને કહીએ તે સાંભળો. આ ખુશાલજી તો જડ નથી, પરંતુ જડને ચૈતન્ય કરે એવા મહા ચૈતન્ય મૂર્તિ છે. તેમજ મૂઢ જેવા અનંત જીવને મુક્ત કરે એવા અતિ સમર્થ છે.’’

હે ભક્તો ! શ્રીજી મહારાજની આવી વાણી સાંભળી ગંગામા કશું ન બોલ્યાં. પછી મહારાજ આગળ થાળ મૂકી જમવા માટે પ્રાર્થના કરી. ત્યારે પ્રભુ બોલ્યા જે, ‘એક બીજો થાળ પણ આ ખુશલ ભટ્ટ માટે તૈયાર કરો.’’ પછી મને ક મને ગંગામાએ એવો જ બીજો થાળ તૈયાર કર્યો અને ભટ્ટજી આગળ મૂક્યો. પછી મહારાજે જમવાનું શરુ કર્યું, તેથી ખુશાલ ભટ્ટે પણ જમવાનું શરુ કર્યું. જમ્યા પછી મહારાજે ખુશાલ ભટ્ટનો ઉતારો પોતાની સાથે જ રખાવ્યો ! આવું જોઈને સંતો–ભક્તોને નવાઈ લાગી કે, ‘આ ભૂદેવને તો આપણે પહેલીવાર જ જોયા છે, માટે આ કોઈ મહાપુરુષ લાગે છે.’

## ભટ્ટજી સાથે ભગવાન જમવા પધારે

હે ભક્તો ! શ્રીજી મહારાજે ખુશાલ ભટ્ટને થોડા દિવસ પોતાની સાથે રાખ્યા પછી કહ્યું: ‘‘ભટ્ટજી ! તમે વડોદરા જાવ અને ત્યાં સત્સંગની પુષ્ટિ કરો અને નવા સત્સંગી કરો, તેમજ વિશેષ વિદ્યાભ્યાસ પણ કરજો.’’ પ્રભુની આજ્ઞા થતાં જ ભટ્ટજી વડોદરા માંડવીએ આવ્યા. (જ્યાં શ્રીહરિ વર્ણીવેશે પધાર્યા હતા.) એ સમયે આપણા સત્સંગી નાથ ભક્ત ત્યાં આવેલા. તેમની નજર ભટ્ટજી ઉપર પડી. મુખ પર અલૌકિક બ્રહ્મતેજનાં દર્શન થયાં. તેથી વિનંતી કરી પોતાને ઘેર તેડી ગયા અને અતિથિ સત્કાર કરી પોતાને ત્યાં રાખ્યા.

યોગીરાજ ખુશાલ ભટ્ટ તો મહારાજની મૂર્તિમાં જ મસ્ત રહેતા હતા. મીતાહારી અને મીતભાષી ભટ્ટજીને નાથભક્ત બીજા દિવસે મંદિરે દર્શન કરવા લઈ ગયા. એ સમયે મંદિરમાં સદાશિવભાઈ પાઠક પ્રેમથી રોમાંચિત ગાત્ર થઈને પૂજન કરી રહ્યા હતા. તે સમયે જ સાક્ષાત્ મહાદેવ પ્રગટ થયા અને ચાલવા લાગ્યા ! આવું જોઈ સદાશિવભાઈ પૂછવા લાગ્યા: ‘‘પ્રભુ ! મારી પૂજા ગ્રહણ કર્યા વિના ક્યાં જાવ છો ?’’ ત્યારે શિવ બોલ્યા: ‘‘બહાર યોગીરાજ આવ્યા છે, તેથી તેનાં દર્શન કરવા જાઉં છું.’’

આ પ્રમાણે જવાબ આપી ભોળાનાથ મંદિર બહાર આવ્યા. આવું સાંભળી સદાશિવભાઈ પણ ભોળાનાથ પાછળ ચાલ્યા. બહાર આવીને જોયું તો શિવ ખુશાલ ભટ્ટને વંદન કરી રહ્યા હતા. આવું જોઈને સદાશિવભાઈનું મન આ દૃશ્ય માનવા તૈયાર ન હતું. તેણે વિચાર્યું: ‘અરે ! આ સ્વપ્ન છે કે સાક્ષાત્ !’ પછી ઉતાવળા નજીક આવ્યા ત્યારે મહાદેવે કહ્યું: ‘‘સદાશિવ ! આજથી તમારે તમારા આત્યંતિક કલ્યાણ માટે આ ખુશાલ ભટ્ટજીની સેવા કરવી.’’ આવું કહીને શિવજી અદૃશ્ય થઈ ગયા. પછી સદાશિવભાઈએ ભોળાનાથે કહેલ વચન મુજબ ખુશાલ ભટ્ટને પ્રણામ કર્યા અને કહેવા લાગ્યા:

‘‘આવી નિત્ય જમો મારે ઘેર, મારે છે શ્રીમહારાજની મેર;
જિયાં લગી રહો તમે આંઈ, બીજે જમવા ન જાવું ક્યાંઈ.
પછી ખુશાલ જમવા ગયા, આવ્યા નાથ જમવાને તિયાં;
ત્યારે સદાશિવ લાગ્યો પાય, નીર્ખી નાથ તૃપત ન થાય.
પછી સુંદર કરાવ્યો થાળ, જમ્યા દયા કરીને દયાળ;
સદાશિવ વળી એની નાર, દેખે બીજા ન દેખે લગાર.
પણ જમતાં જાણે સહુ જન, થાય અર્ધું જે હોય ભોજન.’’

– ભક્ત ચિંતામણિ : પ્ર. ૧૪૨

હે ભટ્ટજી ! તમારે દરરોજ મારા ઘેર જમવા પધારવું. પછી તેનો ભાવ જોઈ દરરોજ ખુશાલ ભટ્ટ સદાશિવભાઈને ત્યાં જમવા આવવા લાગ્યા. ત્યારે દિવ્યરૂપે શ્રીહરિ પણ તેઓની સાથે જમવા આવવા લાગ્યા ! દરરોજ થાળ બનાવડાવી બાજોઠ પર મૂકે અને બીજા બે બાજોઠ ઢાળે. એક ઉપર ભટ્ટજી બેસે અને બીજા ઉપર દિવ્યદેહે મહારાજ બેસે. પછી બન્ને જમે. પ્રભુ જમતાં હોય ત્યારે સદાશિવ અને તેમનાં પત્ની આ બન્નેને મહારાજનાં જમતાં દર્શન થાય, પરંતુ લોકોને થાળમાં ઓછું થાય એ દેખાય, પણ મહારાજ તેમને દેખાતા નહિ.

હે ભક્તો ! કોઈપણ જ્ઞાતિના કે કોઈપણ ધર્મના મુમુક્ષુને ભગવાન મેળવવાની તીવ્ર લગની લાગે છે ત્યારે ભગવાન જ તેમને મોટા પુરુષોનો ભેટો કરાવી દે છે અને પછી પોતે પણ દર્શન આપે છે. આવું જ બન્યું સદાશિવભાઈના પરિવારનાં જીવનમાં. એ તો ભક્ત હતા જ પરંતુ તેમનાં પત્ની શ્યામકુંવરબાઈ અને પુત્રી ઉમૈયા પણ ઉત્તમ મુમુક્ષુ હતાં. એટલા માટે તો સ્વયં શ્રીહરિ એમને ત્યાં ખુશાલ ભટ્ટ સાથે દિવ્યરૂપે દરરોજ જમવા પધારતા હતા.

હે ભક્તો ! તેમની દીકરી ઉમૈયાની ઉંમર નાની હતી, પણ સમજણ બહુ મોટી હતી. તે પોતાની માતાને થાળ કરવામાં મદદ કરતી અને માતાની સાથે ખુશાલ ભટ્ટને અને મહારાજને પીરસતી હતી અને પ્રેમથી જમાડતી

હતી. તેનો નિર્દોષ સ્નેહ જોઈ ખુશાલ ભટ્ટ એના ઉપર રાજી થઈ ગયા અને તેને સમાધિનિષ્ઠ બનાવી દીધી હતી. તેમના પરચા ભક્ત ચિંતામણિના ૧૪૩માં પ્રકરણમાં સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ લખેલા છે, ત્યાંથી વિસ્તાર જાણી લેવો. આ રીતે એક મહિના સુધી ખુશાલ ભટ્ટ અને દિવ્યરૂપધારી શ્રીજી મહારાજ સદાશિવભાઈને ઘેર નિત્ય જમવા ગયા હતા.

## મહાભારત પુસ્તક ભટ્ટજી લાવ્યા

હે ભક્તો ! સંવત્ ૧૮૬૩ ની સાલની આ વાત છે. એ સમયે મુદ્રણ કળાઓ પ્રકાશમાં આવી નહોતી. પ્રેસની શરુઆત ગુજરાતમાં થઈ ન હતી. (વિશ્વના દેશોમાં થઈ ગઈ હતી. જર્મનીના વૈજ્ઞાનિક ગુટનબર્ગ એના શોધક હતા.) કલમ અને ખડિયાનો એ જમાનો હતો. લહિયાઓ હાથે લખીને પ્રતો તૈયાર કરતા અને વેચીને આજીવિકા ચલાવતા. એ સમયે કાઠિયાવાડમાં તો લહિયા મળવા પણ દુર્લભ હતા, પણ શ્રીજી મહારાજે અનેક સંતોને ભણાવીને વિદ્વાનો તૈયાર કર્યા હતા અને લહિયાઓ પણ તૈયાર કર્યા હતા.

હે ભક્તો ! સ્વામિનારાયણ ભગવાન શાસ્ત્ર શ્રવણના વ્યસની હતા ! તેમને અલગ-અલગ શાસ્ત્રોની કથા સાંભળ્યા વિના ગમતું જ નહિ. ઘણાં સત્શાસ્ત્રોનું શ્રવણ કરી લીધા પછી પ્રભુ બોલ્યાઃ ''અમારે મહાભારત ગ્રંથની કથા સાંભળવી છે, માટે તપાસ કરો કે કોની પાસે ગ્રંથ છે ?'' તપાસ કરતાં ખ્યાલ આવ્યો કે, ભાવનગરના કાશીરામ પાસે મહાભારતની પ્રત છે. તેથી વેચાતી લેવા કે નકલ ઉતારવા જે રીતે આપે તેમ લેવા માટે ગઢપુરથી શ્રીહરિએ લક્ષ્મીરામ દેરાસરી અને પ્રાગજી પુરાણીને મોકલ્યા.

બન્નેએ ભાવનગર આવીને કાશીરામને સર્વે વાત કરી. પણ તેણે આપવાની જ ના પાડી દીધી. એના કારણે તે બન્ને ગઢડા પાછા આવ્યા. એ સમયે જ વડોદરાથી ખુશાલ ભટ્ટ ગઢપુર આવ્યા. ત્યારે ખબર-અંતર પૂછીને મહારાજે ભટ્ટજીને કહ્યુંઃ ''અમોએ આ બન્નેને ભાવનગર મોકલ્યા હતા, પણ પુસ્તક આપ્યું નથી માટે તમે અને લક્ષ્મીરામ ભાવનગર જાવ.''

હે ભક્તો ! તે સમયે હાજર રહેલા સંતો–ભક્તો ખુશાલ ભટ્ટની ભક્તિમાં કેટલી શક્તિ રહેલી છે એ જાણતા હતા, એટલે આબાલ–વૃદ્ધ સર્વેનાં અંતરમાં આશાનું કિરણ દેખાવા લાગ્યું. ભાવનગર આવીને બન્ને કાશીરામ પાસે ગયા અને પ્રેમથી પુસ્તકની માગણી કરી: ‘કાં તો લખવા આપો અથવા વેચાતું આપો.’ પરંતુ કાશીરામે સ્પષ્ટપણે ના કહી દીધી અને અપમાન કરી જતું રહેવાનું કહ્યું.

હે ભક્તો ! એ સમયે એક આશ્ચર્ય થયું ! કાશીરામ લાલજીની પૂજા કરતા હતા. જ્યાં ખુશાલ ભટ્ટ દેખાયા તરત જ લાલજી પોતાનું મુખ ખુશાલજી સામે કરી ગયા ! ત્યારે કાશીરામે હાથથી પકડી લાલજીને પોતાની સામે કર્યા. પરંતુ લાલજી તો ફરીને ભટ્ટજી બાજુ ફરી ગયા ! આવો ચમત્કાર જોયો, છતાં કાશીરામે ખુશાલ ભટ્ટને પ્રેમથી નમસ્કાર પણ ન કર્યા.

પછી લખીરામ (ઉર્ફે લક્ષ્મીરામ) અને ખુશાલજી ઝીણાભાઈ શ્રીમાળીને ત્યાં ગયા અને સવારની રાહ જોઈ સૂઈ ગયા. એ રાત્રે યમદૂતોએ આવી કાશીરામને ખૂબ મેથીપાક આપ્યો ! ત્યારે મારવાનું કારણ પૂછતા યમદૂતો કહેવા લાગ્યા: ‘‘તેં ખુશાલ ભક્તનું અપમાન કર્યું છે. એ મહાપુરુષ છે. તેઓએ ઉછીનું પુસ્તક માગ્યું તો પણ તેં આપ્યું નથી, માટે અમો તારા હાડકાં ખોખરાં કરી નાખવાના છીએ.’’

આવું સાંભળી કાશીરામે વચન આપ્યું કે, ‘હું કાલે જ મહાભારતનું પુસ્તક લખવા માટે ખુશાલ ભટ્ટને બોલાવીને આપીશ, મને મારવાનું બંધ કરો.’’ ત્યારે યમદૂતો એને છોડી અદૃશ્ય થઈ ગયા ! પછી સવારે તે બ્રાહ્મણ ઝીણાભાઈનું ઘર શોધતો શોધતો આવ્યો અને ખુશાલ ભટ્ટની માફી માગી સર્વે વાત કરીને કહ્યું: ‘‘તમે સુખેથી પુસ્તક લઈ જાઓ, પણ મને યમદૂતો થકી બચાવજો.’’

પછી સૌ કાશીરામને ઘેર ગયા અને વિશાળકાય હસ્તપ્રત એક લાખ શ્લોકનું મહાભારત બળદ–ગાડામાં મૂકી ગઢપુર લાવ્યા. ત્યાં આવી શ્રીહરિને દંડવત પ્રણામ કરી બધી વાત કરી. એવું સાંભળી મહારાજ બહુ રાજી થયા ને ખુશાલ ભટ્ટને તથા લક્ષ્મીરામને પ્રસાદીના હાર પહેરાવી ભેટીને વિશેષ રાજીપો આપ્યો. તેમજ પોતાનું કીમતી

શેલું ખુશાલ ભટ્ટને ઓઢાડ્યું. ત્યારે તેઓ બોલ્યાઃ ‘‘ગાળો તો આ લક્ષ્મીરામે ખાધી છે, માટે રાજીપાના ખરા અધિકારી તો એ છે.’’ એમ કહીને તે શેલુ લક્ષ્મીરામને ઓઢાડી દીધું.

હે ભક્તો ! પછી શ્રીજી મહારાજે જેટલા સંતોને લખતા આવડતું હતું, એ સર્વેને અલગ અલગ પર્વો લખવા આપી દીધા અને મહાભારત ગ્રંથની એક મહિનામાં નકલ લખાવી લીધી. પછી તે કોપીને મહારાજે તપાસી જોઈ અને મૂળ ગ્રંથ પાછો આપવા માટે પણ ખુશાલ ભટ્ટને જ કહ્યું. તેથી તેઓ અને લક્ષ્મીરામ ફરીને ભાવનગર ગયા અને કાશીરામને એનો ગ્રંથ પાછો આપ્યો.

‘હે ભક્તો ! અક્ષરાનંદ સ્વામીની ૬૯૪ મી વાત પ્રમાણે કાશીરામે કહ્યુંઃ ‘‘હું પુસ્તક આપું પણ મને તેના જામીન આપો. અને તેના બદલામાં ૩૦૦ રૂપિયાનું ઘરેણું આપો.’’ પછી ઝીણાભાઈ શ્રીમાળીની ઘરવાળીનું ત્રણસો રૂપિયાનું ઘરાણું તેના ખોળામાં નાખ્યું અને એક માસમાં તેનું પુસ્તક પાછું આપવું, એવો ઠરાવ કર્યો. પછી પુસ્તકનો પોઠિયો ભરીને ખુશાલભાઈ ગઢપુર આવ્યા. પછી મહિના પછી પાછું આપીને ૩૦૦ રૂપિયાનાં ઘરેણાં પાછાં લઈ લીધાં.

## રાજપરિવારનાં બાળકોને સમાધિ

હે ભક્તો ! ખુશાલ ભટ્ટ એક વખત વડોદરા પધાર્યા હતા. ત્યાં અનેક મુમુક્ષુઓને સમાધિ કરાવતા હતા. આ વાતનો ખ્યાલ મહારાજા સયાજીરાવના કાકાને આવ્યો. તેઓ દૈવી જીવ હતા, તેથી ખુશાલ ભટ્ટનાં દર્શન કરવા માટે આવ્યા. સ્વામીને પ્રણામ કરીને કથા પણ સાંભળી, પછી ઘેર જવાની રજા માગી. એ વખતે ભટ્ટજીએ લાલજી મહારાજ આગળ મેવો ધરાવ્યો હતો. તે મેવાનો પડિયો સયાજીરાવના કાકાને આપ્યો.

ભગવાન જમેલા અને મહાસિદ્ધ ભટ્ટજીના હાથની પ્રસાદી મળેલી, તેથી તેમણે વિચાર્યું કે, ‘રાજમહેલમાં આ પ્રસાદ લઈ જાવ એટલે બધાને પ્રસાદી મળે.’ આવું વિચારી તે પડિયો સાથે લઈ ગયા અને મહેલમાં જઈ એક ટેબલ ઉપર મૂકયો. પછી તેઓ કોઈ કાર્ય પ્રસંગે બહાર જતા રહ્યા.

હે ભક્તો ! એ સમયે તેમનાં નાનાં-નાનાં બાળકો રમતાં રમતાં ત્યાં આવ્યાં. સૌની નજર મેવા ઉપર પડી એટલે બધો મેવો ખાઈ ગયા. એનાં કારણે બધાં જ ભૂલકાંઓને સમાધિ થઈ ગઈ ! તે સમયે કાકાજી કામમાંથી પરવારીને ત્યાં આવ્યા. જોયું તો સૌ સમાધિમાં ! ત્યાંતો પરિવારનાં બહેનો-ભાઈઓ સૌ ભેગાં થઈ ગયાં અને બહેનો તો રોકકળ કરવાં લાગ્યાં. ત્યારે રાજકાકાએ સૌને હકીકત જણાવી કે, 'આ પ્રસાદ ખુશાલ ભટ્ટે મને આપ્યો હતો. એ ખાવાથી જ છોકરાંઓને સમાધિ થઈ ગઈ છે, માટે રડો નહિ, હમણાં ભટ્ટજીને બોલાવીએ છીએ.''

આ પ્રમાણે કહી તાત્કાલિક ઘોડાગાડી ભટ્ટજીને લેવા મોકલી. તેથી તેમાં બેસીને ખુશાલ ભટ્ટ રાજમહેલમાં પધાર્યા. સયાજીરાવને ખ્યાલ આવતા તેઓ પણ ત્યાં આવી ગયા. સૌએ ભટ્ટજીને પ્રણામ કર્યા અને બાળકોને સમાધિમાંથી જગાડવા કહ્યું. તુરંત ખુશાલજીએ સંકલ્પ કરી તાળી વગાડી ત્યાંતો સર્વે બાળકો સમાધિમાંથી જાગ્યાં!

હે ભક્તો ! પછી સૌ સાંભળે એમ ભટ્ટજીએ દરેક બાળકોને પૂછ્યું: ''તમે બધાં ક્યાં ગયાં હતાં ? તે કહો.'' ત્યારે સૌ બાળકો કહેવા લાગ્યાં: ''અમે તો નિર્વિકલ્પ સમાધિમાં ગયાં હતાં. ત્યાં અમોએ અક્ષરધામ જોયું અને એક મોટાં સિંહાસન ઉપર સ્વામિનારાયણ ભગવાન બેઠા હતા. તેનાં અમોએ દર્શન કર્યાં અને તેઓની સાથે આ ભટ્ટજી પણ ત્યાં સેવામાં ઊભા હતા એવું અમોએ જોયું.

નિર્દોષ બાળકોની આવી વાત સાંભળી સૌને અચરજ થયું ! પછી સૌ ખુશાલ ભટ્ટને ધન્યવાદ આપવા લાગ્યા. મહારાજાએ ભટ્ટજીને વિનંતી કરી કે, ''આપ અમારા મહેલમાં પધાર્યા છો, માટે આખા મહેલમાં ફરી આપનાં પાવન પગલાંથી આખો મહેલ પ્રસાદીનો કરો.'' પછી હાથમાં જળનો લોટો લઈ બીજા હાથમાં એક ફૂલ લઈને તે ફૂલને પાણીમાં બોળીને શ્લોક બોલતા-બોલતા આખા મહેલમાં પાણી છાંટીને મહેલને પવિત્ર કર્યો. પછી પોતાના ઉતારે ઘોડાગાડીમાં બેસીને પધાર્યા.

## ભટ્ટજીને કારણે બે વણિકને ધામ

હે ભક્તો ! ખુશાલ ભટ્ટ અને લક્ષ્મીરામ જ્યારે ભાવનગર મહાભારતનું પુસ્તક લેવા ગયેલા ત્યારે રસ્તામાં સાંજ પડી એટલે રેવા ગામમાં એક સજ્જન વણિકને ત્યાં રાત્રી રોકાયા હતા. વણિકે ભટ્ટજીને ખૂબ ભાવથી સાચવેલા અને સવારે થાળ કરવા માટે સીધું પણ આપેલ. પછી લક્ષ્મીરામ દેરાસરીએ રસોઈ બનાવી. પછી ઠાકોરજી જમાડી બન્ને વરતેજ ગામ તરફ ચાલવા લાગ્યા.

હે ભક્તો ! મહાપુરુષને એક રાત રોકાવા દીધા અને એક વખત જમાડ્યા. આટલાં પુણ્યનાં કારણે એ વણિકની જ્યાકે આયુષ્ય પૂરી થઈ ત્યારે સ્વામિનારાયણ ભગવાન સ્વયં તેને તેડવા માટે પધાર્યા ! આવીને મહારાજ બોલ્યાઃ ''શેઠ ! અમારા અનાદિ મુક્ત ખુશાલ ભટ્ટને તમે પ્રેમથી એકવાર જમાડ્યા અને એક રાત તમારા ઘરે રહેવા દીધા, એને કારણે અમો તમને અક્ષરધામમાં લઈ જવા માટે આવ્યા છીએ, માટે ચાલો અમારી સાથે.'' આવું સાંભળી શેઠ તો રાજી રાજી થઈ ગયા અને ઘરનાં સૌને આ વાત કહીને મહારાજ સાથે ધામમાં ગયા !

હે ભક્તો ! ભટ્ટજી અને દેરાસરી બન્ને વરતેજ આવ્યા. ત્યાં બન્ને ચાલ્યા જતા હતા, ત્યારે એક શેઠ પોતાની મેડી ઉપર બેઠા હતા. તેની નજર ખુશાલજી ઉપર પડી. જોયું તો ભટ્ટજીનાં શરીરમાંથી તેજ નીકળતું તેમણે જોયું ! તેથી આશ્ચર્ય પામીને નોકર મોકલીને પોતાની હવેલીમાં બોલાવ્યા.

શેઠના કહેવાથી ખુશાલ ભટ્ટ અને લક્ષ્મીરામ બન્ને શેઠ પાસે આવ્યા. શેઠે પ્રણામ કર્યા અને વિનંતી કરીને કહ્યુંઃ ''આજની રાત્રી મારા ઘેર રહો. મારું ઘર પવિત્ર કરો. તમે મોટા પુરુષ છો, માટે મારે ત્યાં થાળ પણ બનાવો અને જમો.'' શેઠનો ભાવ જોઈ ભટ્ટજીએ તેમને થોડી કથા-વાર્તા કરી અને પછી સમાધિ કરાવી !

આવું જોઈને શેઠનાં સગાંઓ ગભરાઈ ગયાં અને પૂછવા લાગ્યાઃ ''અમારા પિતાને શું કરી નાખ્યું ? એને જલદી જગાડો. તમે કોઈ જાદુગર છો કે કામણ-ટુમણ કરનારા છો ? તમે કોણ છો ?'' આ પ્રમાણે બોલતાં બોલતાં રડવાં લાગ્યાં. ત્યારે ભટ્ટજી બોલ્યાઃ ''તમે ડરશો નહિ. અમે સ્વામિનારાયણ ભગવાનના આશ્રિતો છીએ.

તમારા શેઠને સમાધિ કરાવી અક્ષરધામમાં મોકલ્યા છે. અત્યારે તેઓ ધામનું અને ભગવાનની મૂર્તિનું સુખ લઈ રહ્યા છે.''

હે ભક્તો ! આ પ્રમાણે કહી ભટ્ટજીએ કૃપાદૃષ્ટિ કરી એટલે તરત જ શેઠ સમાધિમાંથી જાગ્યા અને ધામનું વર્ણન કરી બતાવ્યું. પછી ભટ્ટજીને વિનંતી કરીને થાળ જમવાનો આગ્રહ કર્યો. ત્યારે ભટ્ટજી કહે: ''મારે તો જમવાની ઈચ્છા નથી, પણ આ ભક્તને જમાડો.'' પછી શેઠે સીધું આપ્યું, એટલે લક્ષ્મીરામજી રસોઈ કરીને જમ્યા. પછી એ શેઠનો જ્યારે અંતકાળ આવ્યો ત્યારે શ્રીજી મહારાજ તેમને ધામમાં લઈ ગયા હતા.

## ગોપાળ વર્ણી - ગોપાળાનંદ સ્વામી બન્યા

હે ભક્તો ! 'શ્રીહરિચરિત્રામૃતસાગર'ના ૨૦ માં પૂરના ૩૨ માં તરંગમાં સદ્‌ગુરુ આધારાનંદ સ્વામીએ લખ્યું છે કે, ''ખુશાલ ભટ્ટના પિતા વગેરે દસ વખત આવીને તેમને દસવાર ઘેર લઈ ગયા હતા ! છતાં તેઓ ભણવાનું બહાનું કાઢી વડોદરા આવતા રહેતા.''

આ સિવાય ૨૦ માં પૂરના ૫૭ માં તરંગમાં એવું લખાયું છે કે, ''ખુશાલ ભટ્ટ ઘર સંસારનું બધું બંધન તોડીને આવ્યા. તેમના મનમાં ત્યાગી થવાનો ભાવ હતો. ભગવાન સિવાય બીજે કોઈ ઠેકાણે તેમનું મન લાગતું ન હતું.તેમણે ખાન-પાન ઈત્યાદિકમાં તલભાર પણ રાગ રાખ્યો ન હતો. તેમને ભગવાનમાં સ્વરૂપમાં જ બધો રસ દેખાતો હતો, એટલે તેમાં જ પ્રેમ કરતા હતા.

ત્યાગી થવા માટેનો જ ઉધ્યમ તેઓ સતત કરતા હતા. શ્રીહરિએ તેમનું ચિત્ત દેખ્યું, પછી તેમને 'ગોપાલ વર્ણી' બનાવ્યા ! શ્રીહરિએ જ્યારે તેમને વર્ણી બનાવ્યા ત્યારે તેમનાં ચિત્તમાં શાંતિ થઈ. બધો જ ઉદ્વેગ છોડી દીધો અને એમનાં મનમાં સત્સંગનો રંગ વધારે ચઢ્યો. પછી તેમણે પ્રસન્ન મનથી ભાગવત ભણવાની શરૂઆત કરી.''

હે ભક્તો ! જ્ઞાતિએ કરીને બ્રાહ્મણ હોય એ બ્રહ્મચારી બની શકે છે. આજે પણ સ્વામિનારાયણ સંપ્રદાયમાં બ્રહ્મચારીઓ છે. તેઓને નીચેની ધોતી સફેદ પહેરવાની હોય છે અને ઉપર ચાદર ભગવી ઓઢવાની હોય છે. શ્રીજી મહારાજના સમયથી જ બહુધા એવી પરંપરા ચાલી આવે છે કે, બ્રહ્મચારીઓ હોય તેમણે મોટાં મંદિરોમાં દેવની સેવા કરવાની. અર્થાત્ પૂજારી તરીકે રહેવાનું.

આ રિવાજ મુજબ જ્યારે ડભાણથી બ્રાહ્મણ જ્ઞાતિના જગન્નાથજી ગઢપુરમાં સાધુ થવા આવ્યા ત્યારે પણ શ્રીહરિએ તેમને પ્રથમ ગોવિંદાનંદ બ્રહ્મચારી બનાવ્યા હતા. પરંતુ એમને સાધુ બનવું હતું, તેથી શ્રીહરિએ સાધુ બનાવી શુકાનંદ સ્વામી નામ પાડ્યું હતું. ભાયાવદરના રામજીભાઈ જોશીની વાત કરું તો તેઓ બ્રાહ્મણ હોવાથી પ્રથમ તેને બ્રહ્મચારી બનાવી મહાપુરુષાનંદજી બનાવ્યા હતા; પરંતુ એમણે પણ ગોપાળાનંદ સ્વામીની સેવા કરવાની અતિ ઈચ્છા હોવાથી તેઓ પણ સાધુ બનવા માટે સ્વામીની તુંબડીનું પાણી પી ગયા હતા. પછી તેમને સાધુ બનાવી મહાપુરુષ સ્વામી નામ રાખ્યું હતું.

એ જ પ્રમાણે ખુશાલ ભટ્ટ બ્રાહ્મણ હોવાથી પ્રથમ તેમને પણ બ્રહ્મચારીની દીક્ષા આપી શ્રીહરિએ ગોપાલ વર્ણી નામ રાખ્યું હતું. જો કે બધા બ્રાહ્મણોને પ્રથમ બ્રહ્મચારી બનાવે એવો નિયમ નથી. નિત્યાનંદ સ્વામી વગેરેને પ્રથમથી જ સાધુ કર્યા હતા.

હે ભક્તો ! શ્રીજી મહારાજે ગોપાળ વર્ણીને પોતાની ઈચ્છાથી જ ગઢપુરમાં સંવત્ ૧૮૬૪ ના કારતક વદ આઠમને દિવસે સંતની ભાગવતી દીક્ષા આપી ગોપાળાનંદ સ્વામી નામ પાડ્યું હતું. જે ભવિષ્યમાં બન્ને દેશની ગાદીના સર્વેસર્વા થવાના હતા.

''ધર્યું નામ તે ગોપાળાનંદ, થયા યોગેશ્વર જગવંદ;
ફરે દયાળુ સરવે દેશ, આપે મુમુક્ષુને ઉપદેશ.
કર્યા મહારાજે મોટેરા બહુ, માને મોટા મુનિવર સહુ.''

– ભક્ત ચિંતામણિ : પ્ર. ૧૪૨

## ગાયકવાડ કચેરીમાં સ્વામી વિષે ચર્ચા

હે ભક્તો ! એકવાર ગાયકવાડ સરકાર શ્રીમંત સયાજીરાવની પાસે વડોદરાના અગ્રગણ્ય વિદ્વાનો, શ્રેષ્ઠીઓ અને અધિકારીઓ બેઠા હતા. તે સભામાં ગોપાળાનંદ સ્વામીની વાત નીકળી. તે સાંભળી શોભારામ શાસ્ત્રી, ભાઉ પુરાણી અને રામચંદ્ર વૈદ્ય બોલ્યાઃ ''આ કળિયુગમાં હજારો પાખંડ મત ચાલશે, એમ ઘણાં શાસ્ત્રોમાં લખેલ છે, માટે ધર્મિષ્ઠ રાજાએ આવા પાખંડ ધર્મનો અટકાવ કરવો જોઈએ; નહિ તો તે પાપ રાજાને પણ લાગે છે.''

આ ત્રણેય સજ્જનોની વાત સાંભળી પ્રભાશંકર શાસ્ત્રી બોલ્યાઃ ''ગોપાળાનંદ સ્વામી તો વેદ, ઉપનિષદ અને ભાગવત વગેરે સત્શાસ્ત્રોની જ વાત કરે છે.'' ત્યારે શોભારામ શાસ્ત્રીએ કહ્યુંઃ ''એ તો ઠીક છે, પણ તેઓ પોતાના ગુરુ સ્વામિનારાયણને ભગવાન કહે છે કે નહિ ? ભગવાન શું કળિયુગમાં અવતાર ધારણ કરે છે ? આવા કળિયુગમાં બૈરાં-છોકરાં અને શુદ્ર જાતિના લોકોને સમાધિ થાય ખરી ?'' ત્યારે પ્રભાશંકર શાસ્ત્રી કહેઃ ''તમારી વાત સાચી છે, એમાં હું સહમત છું.''

શોભારામ શાસ્ત્રીએ બોલવાનું શરુ જ રાખ્યુંઃ ''ગોપાળ બાવો ઢોંગી છે. તે ઇન્દ્રજાળ વિદ્યાથી લોકોને એવું તુત દેખાડે છે કે, તેથી ગામ-પરગામ અને શહેરના બધા લોકો વંટોળે ચઢ્યા છે. એ પાખંડી ગોપાળાનંદને ભગવાનની જેમ માને છે અને ગાંડાતુર થઈ એની પાછળ ભમ્યા કરે છે, માટે સરકારને કડક પગલાં લેવાં જોઈએ.''

હે ભક્તો ! સૌનો અભિપ્રાય લઈને સયાજીરાવે ત્યાં બેઠેલા તાંત્રિક વિદ્યાના આચાર્ય એવા ઢુંઢુબાને કહ્યુંઃ ''તમે વીર સાધનાવાળા છો, મંત્ર-તંત્રના શાસ્ત્રી છો અને વિચક્ષણ છો. તમારો ડંગોરો પણ જાગતો યોદ્ધો છે, માટે તમે ગોપાળાનંદ સ્વામી પાસે જઈને એની વિદ્યા કેવી છે તેમજ તેની સાધના કેવી છે, તેની તપાસ કરીને મને જાણ કરો.'' ત્યારે ઢુંઢુબા બોલ્યાઃ ''સરકાર ! મારો ડંગોરો એવો છે કે ઢોંગી હોય તેનું માથું ફોડી નાખે; હું કાલે જઈ એની તપાસ કરીશ.''

હે ભક્તો ! બીજે દિવસે ઢુંઢુબાએ શોધ શરુ કરી કે ગોપાળાનંદ સ્વામી ક્યાં છે ? ત્યારે કોઈએ કહ્યું: ''અત્યારે જ એ સ્વામી અડાણીઆના મેદાનમાં પીપળાનાં ઝાડ નીચે બેસીને કથા કરે છે અને હજારો લોકો એ સાંભળે છે.'' તુરંત ઢુંઢુંબા ત્યાં આવ્યો અને ઉંધા પગ વાળીને સ્વામી આગળ બેસી ગયો.

ઢુંઢુબાને જોઈ સભામાં બેઠેલા ઘણા લોકો ડરી ગયા અને એકબીજાને કહેવા લાગ્યા: ''સાંભળ્યું છે કે આ તાંત્રિકનો જે ડંગોરો છે, તે ભલભલા સિદ્ધોના પણ માથાં ફોડી નાખે એવો ચમત્કારી છે. આજે ગોપાળાનંદ સ્વામીનું શું થશે ?'' ત્યાંતો ઢુંઢુબા બોલ્યો: ''એય ગોપાળ બાવા ! તમે કોના અખાડાના સાધુ છો ? કયા દ્વારાના છો ? અને કોનું ભજન કરો છો ?'' એનો સવાલ સાંભળી નિધડક થઈને સ્વામી બોલ્યા: ''અમો સ્વામિનારાયણ ભગવાનના સાધુ છીએ અને એમનું જ ભજન કરીએ છીએ.''

## એના જ ડંગોરે એનું જ માથું ફોડ્યું !

હે ભક્તો ! સ્વામીનો નિર્ભયપણે જવાબ સાંભળીને ઢુંઢુબા બોલ્યો: ''આ મારો ડંગોરો કેવો સમર્થ છે તે તમને ખબર છે ? તમારા જેવા પાખંડી અને મિથ્યા ગુરુ થઈને ભોળા લોકોને ભરમાવે છે, એવાને પોતાની મેળે ઉછળીને મારીને હાડકાં ભાંગી નાખે છે. જો તમારે મારા આ ડંગોરાથી (તાંત્રિક મંત્રો વડે સિદ્ધ કરેલ લાકડીથી) બચવું હોય તો પાખંડ છોડી આજે જ આ વડોદરા છોડી ગાયકવાડની હદ બહાર જતા રહો.''

હે ભક્તો ! એના આવેશભર્યા શબ્દો સાંભળી ગોપાળાનંદ સ્વામી શાંતિથી બોલ્યા: ''આજે જ ને અત્યારે જ તમારા ડંગોરાને અમારી ખબર લેવા મોકલો. પછી જુઓ કે એ કોનું માથું ફોડે છે ?''

સ્વામીની આવી મર્મભેદક વાણી સાંભળી એકદમ ગુસ્સે થઈને ડંગોરાને સભા વચ્ચે જ સ્વામીની સામે લાંબો કરીને મૂક્યો. પણ મહારાજ અને સ્વામીની ઈચ્છાથી ઢુંઢુબા મતિભ્રમ થઈ ગયો અને આંખે અંધારા આવવાથી સ્વામીની સામે મુઠ રાખવાને બદલે પોતાની સામે મૂકી ઠેસ દબાવી છોડી દીધો ! પરંતુ તે સ્વામીને વાગવાને બદલે

એના જ કપાળમાં ધડાક ધડાક અવાજ સાથે ત્રણ વખત જોરથી વાગ્યો ! તેના કારણે કપાળમાંથી લોહી નીકળવા લાગ્યું !

''પરંતુ ભૂંડુ ઈચ્છતા, પોતાનું જ ભૂંડુ થાય;
અંજની સુતને બાળતા, લંકા સળગી જાય.''

આ નિયમ મુજબ સ્વામીનુ માથું ફોડવા ગયો, ત્યાં પોતાનું જ માથું ફૂટી ગયું ! આવું જોઈને ઢુંઢુબા ગભરાઈ ગયો અને ઘર તરફ ચાલવા લાગ્યો, પરંતુ રસ્તામાં તમ્મર ચઢી જવાથી બેભાન થઈને જમીન ઉપર પડ્યો, તેથી મોઢામાં ધૂળ પણ ભરાઈ ગઈ ! પછી તમ્મર ઉતરી ત્યારે જલદી જલદી ઘેર જતો રહ્યો. અને બીજે દિવસે મહારાજ સયાજીરાવને સમાચાર મોકલ્યા કે, ''ગોપાળ બાવાને કાઢી મૂકવા એકાંતમાં બેસી બે માસનું મંત્ર અનુષ્ઠાન કરું છું, તેથી મારાથી આપની પાસે નહિ આવી શકાય.''

હે ભક્તો ! સૌની વચ્ચે જ સભામાં પોતાના જ ડંગોરે પોતાનું જ માથું ફોડી નાખ્યું; તે નજરે જોનારા મહારાજાના અંગત લોકોએ જઈ સયાજીરાવને વાત કરી. ત્યારે તેમનાં મનમાં એવા વિચારો આવ્યા: ''સ્વામિનારાયણ પણ સાચા ભગવાન છે અને એના સાધુ ગોપાળાનંદજી પણ સત્પુરુષ છે. જો એ પાખંડી હોત તો ડંગોરે એનું માથું ફોડી નાખ્યું હોત, માટે પાખંડી તો ઢુંઢુબા લાગે છે, એટલે તો એના જ ડંગોરે એનું માથું ફોડી નાખ્યું !

આ વાત વાયુવેગે વડોદરા શહેરમાં ફેલાઈ ગઈ કે, સ્વામિનારાયણના સાધુ ગોપાળાનંદજીને મારવા આવેલ મહાતાંત્રિક ઢુંઢુબાનો ડંગોરો સ્વામીને કશું ન કરી શક્યો, પણ એના જ માલિક ઢુંઢુબાનું માથું ફોડી નાખ્યું છે, માટે એ પાખંડી છે અને ગોપાળાનંદ સ્વામી સત્પુરુષ છે.''

## દીકરીએ બાપને સત્સંગી થવા કહ્યું

હે ભક્તો ! જ્યારે ઢુંઢુબા સ્વામી પાસે આવેલો, ત્યારે એના ઘરનો પડોશી એક પાંચ વર્ષનો બ્રાહ્મણ બાળક પણ તેના મામાની સાથે કૌતુહલપૂર્વક ત્યાં આવેલો. એ પણ એક બાજુ બેસી બધું જોઈ રહ્યો હતો. સ્વામીની નજર

એ ડાયા છોકરા ઉપર પડી અને સ્વામીએ સંકલ્પ કર્યો, તેથી તરત જ તે છોકરાને સમાધિ થઈ ગઈ અને અક્ષરધામમાં ગયો ! ત્યાં શ્રીહરિએ તેનાં માથાં ઉપર હાથ ફેરવ્યો ને એક પેંડો હાથમાં આપ્યો.

ત્યારબાદ તે બાળક સમાધિમાંથી જાગ્યો. તો હાથમાં પેંડો હતો ! તેથી તેણે ખાવાની તૈયારી કરી. ત્યારે તેના મામાએ કહ્યું: ''ભાણા ! આ પેંડો તું ખાઈશ નહિ. આ પેંડો તો આ ગોપાળ બાવાએ તારા ઉપર જાદુ કરી તને ભુરકી નાખવા આપેલ છે, માટે ખાઈશ નહિ. ચાલ અહીંથી જતા રહીએ, બીજા કોઈને આપી દઈશું.''

આ પ્રમાણે કહીને મામો-ભાણેજને લઈને ઘેર જતો રહ્યો. ત્યાં તેણે જોયું તો ઢુંઢુબાની એક નાની દીકરી મથુરાબાઈ એના ઘરના ઓટલે બેઠી હતી. તેને તે પેંડો આપીને કહ્યું: ''મથુરા ! લે પેંડો, આ સ્વામિનારાયણનો પ્રસાદ છે, તે તું ખાઈ જા.'' આવું સાંભળી મથુરાબાઈ રાજી થઈ અને પ્રસાદ માની તે પેંડો ખાઈ ગઈ. એની ઉંમર પણ પાંચ વર્ષની જ હતી. પેંડો ખાધો એટલે એને પણ સમાધિ થઈ ગઈ તેથી દિવ્યતેજમાં શ્રીહરિનાં દિવ્ય દર્શન થયાં તેમજ અપાર ઐશ્વર્ય જોયાં !

હે ભક્તો ! સમાધિમાંથી જાગીને મથુરાબાઈએ સૌને કહ્યું કે, ''મેં અક્ષરધામ જોયું. તેમાં સ્વામિનારાયણ ભગવાન રહે છે, તેનો પણ મને અનુભવ થયો.'' પછી તો મહારાજ અને સ્વામીની કૃપાથી મથુરાને દરરોજ સમાધિ થવા લાગી. જ્યારે તેમની ઈચ્છા થાય ત્યારે સમાધિમાં બેસી ધામમાં જાય અને અલૌકિક દર્શન કરે - અલૌકિક ઐશ્વર્ય જુએ અને સમાધિ ઉતરે એટલે ધામનું આબેહૂબ વર્ણન કરી બતાવે !

દરરોજની સમાધિ અને પ્રભુનાં દિવ્ય દર્શનના કારણે મોટા યોગેશ્વરો જેવું જ એને જ્ઞાન પ્રાપ્ત થયું ! તેથી તે પોતાના પિતા ઢુંઢુબાને સદ્‌બોધ આપવા લાગી: ''પિતાજી ! તમે શ્રીહરિની કૃપાથી આ કર્મભૂમિ ભારતમાં બ્રાહ્મણનો ઉત્તમ જન્મ પામ્યા અને આ સમયમાં જ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ કૃપા કરીને અનેક જીવોના મોક્ષ કરવા આ પૃથ્વી પર પ્રગટ થઈ હાલ કાઠિયાવાડ-ચરોતર અને કાનમ વગેરે પ્રદેશમાં વિચરણ કરી રહ્યા છે.

એના અનાદિ મુક્ત શ્રી ગોપાળાનંદ સ્વામી અત્યારે વડોદરામાં છે. તેનો તમોએ બહુ અપરાધ કર્યો છે, માટે પશ્ચાતાપ કરી એની ક્ષમા માગો અને પ્રગટ ભગવાન શ્રીહરિના આશ્રિત થઈ સત્સંગી થાઓ. આ કપટી ડંગોરાથી ઘણા નિર્દોષ લોકોનાં પણ માથાં ફૂટ્યાં છે, તેને હવે બાળી દઈને ભૂત–ભૈરવનું તુત છોડી દઈ–આ ઢોંગીનો વેશ છોડી દઈ બ્રાહ્મણના નિયમ પ્રમાણે વર્તો અને સ્વામિનારાયણ ભગવાનનો નિશ્ચય કરી તેમનાં નામનું ભજન કરો, એટલે તમારું આત્યંતિક કલ્યાણ થશે.''

## મથુરાબાઈની સામર્થી

હે ભક્તો ! આ પ્રકારનું ગાઢ અજ્ઞાનને ગાળી નાખે એવું, વેદ શાસ્ત્રના સિદ્ધાંતરૂપ મહાજ્ઞાન પોતાની પાંચ વર્ષની નાની બાળકીના મુખથી સાંભળીને ઢુંઢુબા અતિ આશ્ચર્ય પામ્યા ! અને તરત જ બધો દંભ–પાખંડ છોડી દઈ ગોપાળનંદ સ્વામી પાસે ગયા અને ક્ષમા માગી વર્તમાન ધરાવવા વિનંતી કરી. તેથી સ્વામીએ હાથમાં પાણી લઈ શરણ મંત્ર બોલાવી કંઠી પહેરાવી શ્રીહરિના આશ્રિત બનાવ્યા.

ઢુંઢુબા સત્સંગી થયાના સમાચાર સાંભળીને વડોદરાના નરનારીઓને અતિ આશ્ચર્ય થયું અને પરસ્પર કહેવાં લાગ્યાં: ''અરે ! વાલિયો લૂંટારો વાલ્મિકી બનવા તૈયાર થયો ? તેને તો ધન્યવાદ છે જ, પણ એની દીકરીને પણ લાખ લાખ ધન્યવાદ છે કે, પોતાના પિતાને અધોગતિના માર્ગેથી પાછા વાળી મોક્ષના માર્ગે ચલાવ્યા. અને એના કરતાં યોગીરાજ ગોપાળાનંદ સ્વામીને કોટિ કોટિ ધન્યવાદ છે કે, પેંડાના પ્રસાદને માધ્યમ બનાવી બાપ–દીકરી બન્નેને ભગવાન સ્વામિનારાયણનો નિશ્ચય કરાવ્યો.''

હે ભક્તો ! પછી જ્યારે જ્યારે મથુરાબાઈ સમાધિ કરીને ધામમાં જાય કે સ્વર્ગમાં જાય કે દેવતાના કોઈ પણ લોકમાં જાય અને ત્યાં ત્યાં જે જે જોતાં તે સમાધિ ઉતર્યા પછી બધું જ કહેતા. એટલું જ નહિ પણ તેઓને ભૂત–ભવિષ્યનું પણ જ્ઞાન પ્રાપ્ત થયું હતું, તે પણ જે જે લોકો પૂછતા, એમને કહી બતાવતાં ! શ્રીહરિની એનાં

ઉપર એટલી બધી કૃપા થઈ હતી કે, તેઓ બીજી સ્ત્રીઓને અને બાળકોને સમાધિ કરાવીને ધામમાં મોકલતાં હતાં !

પાંચ વર્ષની નાની બાળકીની સામર્થીની વાત સયાજીરાવ મહારાજા પાસે પહોંચી, તેથી પોતાના વિશ્વાસુ લોકોને મથુરા પાસે મોકલી ખરી ખાત્રી કરવા જણાવ્યું. તેથી બુદ્ધિશાળી લોકો મથુરા પાસે આવ્યા. ત્યારે તે સૌને મથુરાબાઈએ પોતાની સામે બેસાડી સર્વેનાં મનના સંકલ્પ કહી દીધા ! તે સાંભળીને તે બધા મહારાજા પાસે ગયા અને કહ્યું: ''મથુરા ભલે બાળકી દેખાય, પણ એ કોઈ દેવીનો અવતાર લાગે છે; અથવા તો ગોપાળાનંદ સ્વામી કે સ્વામિનારાયણ ભગવાન એનામાં રહીને બોલે છે. નહિ તો નાની બાળકીમાં મોટા સિદ્ધ જેવું જ્ઞાન અને સામર્થ્ય ક્યાંથી હોય ?''

હે ભક્તો ! મથુરાબાઈની સમાધિ દિવસે દિવસે વધવા લાગી હતી. વધતા વધતા બે મહિના સુધી સમાધિમાં રહેતાં હતાં. તેઓ ચોવીશ વર્ષનાં થયાં, ત્યારે એક દિવસ પિતાને કહ્યું: ''પરમ દિવસે બપોરે હું દેહ છોડી ધામમાં જઈશ.'' તે દિવસે મધ્યાહને પદ્માસન વાળીને ભજન કરવાં લાગ્યાં. ત્યારે શ્રીહરિ હજારો મુક્તોને લઈ તેડવા પધાર્યા ત્યારે મથુરાબાઈ બોલ્યાં: ''મહારાજ સાથે હું ધામમાં જાવ છું.'' એ સમયે ત્યાં હાજર રહેલા બધાને ભગવાનનાં દર્શન થયાં હતાં.

## વડોદરા રાજ્યમાં સંતોને માટે બંધી

હે ભક્તો ! વડોદરામાં ગોપાળાનંદ સ્વામી એક દિવસ નાથ ભક્તના ઘેર પીપળા નીચે ગાદી ઉપર બેસીને મહારાજના મહિમાની વાતો કરતા હતા. કથા પૂરી થયા પછી નાથ ભક્તે કહ્યું: ''સ્વામી ! આપણા સત્સંગી કાયસ્થ મીસ્ત્રીલાલ બહુ માંદા છે, માટે એમને દર્શન આપવા ચાલો.'' ત્યારે સ્વામી ગાડીમાં બેસી સંતો સાથે મીસ્ત્રીલાલના ઘેર ગયા. ત્યાં જઈ ઠાકોરજીનાં દર્શન કરાવ્યાં. આરતી ઉતારી અને લાલજીને જળ ધરાવી મીસ્ત્રીલાલને પાયું અને બોલ્યા: ''ભગત ! તમને બે દિવસ પછી શ્રીહરિજી ધામમાં તેડી જશે, માટે તૈયાર રહેજો.''

આ પ્રમાણે કહીને સ્વામી બળદ-ગાડીમાં બેસીને ઉતારે આવતા હતા. રસ્તામાં સંતો-ભક્તો કીર્તન બોલતા હતા. ત્યારે રસ્તામાં આવતી વાડી ચબુત્રા જેલ પાસેથી સ્વામીની ગાડી નીકળી. ત્યારે જેલના કેદીઓ જાળી પાસે આવીને સ્વામીનાં દર્શન કરીને પ્રાર્થના કરવા લાગ્યા: ''હે ગોપાળ સ્વામી ! તમે તો મહા સમર્થ છો. અમારા પર કૃપા કરી આ કેદખાનામાંથી છોડાવો.'' ત્યારે દયાળુ સ્વામી બોલ્યા: ''આ નાથ ભક્ત કાલે તમારી સાથે કેદી બનીને રહેશે અને તમને છોડાવશે. તેમજ જન્મ-મરણ વગેરે કાળનાં પાશમાંથી પણ છોડાવશે. તમે સ્વામિનારાયણ ભગવાનનું ભજન શરુ કરી દો.''

હે ભક્તો ! આ પ્રમાણે કહી મંદિરે આવ્યા. ત્યાં સંતો-ભક્તોએ સ્વામીને પ્રશ્ન પૂછ્યો: ''સ્વામી ! નાથભક્ત તો મોટા ભક્તરાજ છે, છતાં જેલમાં કેમ જવું પડશે ? તમે જે કેદીઓને કહ્યું એનો અર્થ એ થયો કે નાથભક્તને કેદ થશે.'' ત્યારે મંદમંદ હસતા સ્વામી બોલ્યા: ''તમે કોઈ ચિંતા કરશો નહિ. કુંભકર્ણે જેમ વાનરો ગળવા માંડ્યા, ત્યારે તેમને એ રાક્ષસની જઠરનાં બંધનમાંથી છોડાવી બહાર કાઢવા હનુમાનજી તેનાં પેટમાં પ્રવેશ કરી ગયા હતા; પછી બધા વાનરો જીવતા બહાર નીકળ્યા હતા – તેમ નાથભક્ત પણ કેદ થશે, પણ પછી બધા કેદીઓને પણ છોડાવશે.''

હે ભક્તો ! ગોપાળાનંદ સ્વામી તો ત્રિકાળજ્ઞ હતા. તેથી તેઓ જેવું બોલ્યા હતા તેવું જ થવાનું હતું એ બધા જાણતા હતા. પણ નાથભક્ત કયાં ગુનામાં જેલમાં જવાના છે, એ સ્વામી સિવાય કોઈ જાણતું ન હતું. ત્યાંતો એની ઇંતેજારીનો અંત આવી ગયો. એ દિવસે જ બાબાસાહેબે અને ગાયકવાડ સરકારે ફરમાન બહાર પાડ્યું કે, ''મારાં રાજ્યના વહિવટદારોને જણાવવાનું કે, 'સ્વામિનારાયણ તેમજ તેમના સાધુઓને મારા રાજ્યની સરહદમાં રહેવા દેશો નહિ ! ફરવા દેશો નહિ અને આવવા દેશો નહિ. જો કોઈ મુંડિયા દેખાય તો એને કાઢી મૂકજો. તેમ છતાં જો તે ન જાય તો તેને કેદ કરી લેજો.''

આવું સાંભળી મોટા દીવાનજી (બાબા સાહેબ) બોલ્યાઃ ‘‘સરકાર ! ગામડાંઓમાં તો હુકમો લખાવ્યા, પણ આપણાં શહેરમાં જ સ્વામિનારાયણના સાધુ ગોપાળાનંદ રહે છે. તેમણે આપણાં શહેરના તથા બીજાં ગામડાંઓના લોકોને ઇન્દ્રજાળ વડે ભૂરકી નાખીને ભૂત જેવાં બનાવી દીધા છે, તેથી લોકો એમને ખૂબ માને–પૂજે છે. એટલે એ ગોપાળ બાવાને વડોદરા શહેરમાંથી કાઢી મુકાવો અથવા કેદ કરાવો તો શહેરમાં થતી આ બધી ઉપાધિ શમી જાય.’’

હે ભક્તો ! દીવાનની વાત સાંભળી સરકારે ત્યાં કચેરીમાં બેઠેલા પાંઢરા બાળુબાને કહ્યુંઃ ‘‘તમે સવારે જઈને સ્વામિનારાયણના સાધુઓને આપણાં શહેરમાંથી કાઢી મૂકજો. જો તેઓ ન માને તો સર્વે સાધુને જેલમાં પૂરી દેજો ! આપણાં રાજ્યમાં સ્વામિનારાયણ ધર્મનો પ્રવેશ થવા દેવો નથી અને જે કોઈ છે, એ બધાને પણ એનો ધર્મ મૂકાવી દેવો છે, માટે સવારે જલદી જજો.’’

## ગાયકવાડી રાજાઓની થોડી માહિતી

હે ભક્તો ! આ પ્રસંગ વાંચીને કે સાંભળીને તમને સહજપણે એવી શંકા થશે કે, ‘સયાજીરાવ મહારાજા તો સજ્જન હતા. દરેક સંપ્રદાયો પ્રત્યે સારો ભાવ રાખતા હતા, તો પછી સંતોને કાઢી મૂકવાનો હુકમ કેમ આપી દીધો ! આ પ્રશ્નનો જવાબ એટલો જ છે કે, એ હુકમ સયાજીરાવે આપ્યો જ નથી, કારણ કે આ હુકમ અપાયો એ એના પહેલાના મહારાજા આનંદરાવે આપેલ હતો.

વડોદરાના ઇતિહાસમાં થોડી નજર કરીએ તો જાણવા મળે છે કે, ‘‘સંવત્ ૧૮૫૬ માં મહારાજા ગોવિંદરાવ ગાયકવાડનું અવસાન થયું. એટલે એની ગાદીએ આનંદરાવને બેસાડવામાં આવ્યા. પરંતુ તે તો અતિ વિલાસી હોવાથી હંમેશાં સ્વરૂપવાન સ્ત્રીઓનાં ટોળાંમાં અને વેશ્યાઓની સાથે જ સમય બગાડતો હતો, તેથી ગાયકવાડ રાજ્યનો વહીવટ તેના નાના ભાઈ ફતેસિંહ (બીજા) અને દીવાન બાબા સાહેબ કરતા હતા.

હે ભક્તો ! આનંદરાવ, ફતેસિંહ અને બાબા સાહેબ આ ત્રણેય સ્વામિનારાયણ સંપ્રદાયના વિરોધી હતા. એ સમયે સંપ્રદાયનો સૂરજ ધીરે ધીરે આગળ વધી રહ્યો હતો, એ આ ત્રણેયને આંખની કણાંની માફક ખટકતો હતો. એવામાં સંવત્ ૧૮૭૪ માં તેનું મૃત્યુ થયું એટલે ૧૯ વર્ષની યુવાનવયે સયાજીરાવ વડોદરાના મહારાજા બન્યા હતા. એના સમયમાં સંતોને સત્સંગ પ્રચાર ઉપર કોઈ કાયદો ન હતો. એના સમયમાં સંતો સાથે શાસ્ત્રાર્થ થયા હતા. તો વડોદરા રાજ્યમાં પણ કોઈ સ્વામિનારાયણના સાધુને આવવા ન દેવા એનો હુકમ આનદરાવ વતી ફતેસિંહ અને બાબા સાહેબે આપ્યો હતો.

હે ભક્તો ! બીજે દિવસે સવારે નાથભક્તના વિશાળ ચોકમાં પીપળા નીચે સ્વામી કથા–વાર્તા કરી રહ્યા હતા. ત્યાં બાળુબા આવ્યો અને સ્વામીને કહેવા લાગ્યોઃ ''ઓ બાવાજી ! તમે તમારા સાધુઓને લઈને અત્યારે જ આ શહેર છોડીને જતા રહો. જો નહિ જાઓ તો સરકારનો હુકમ છે કે તમને અને તમારા સાધુઓને કેદ કરી જેલમાં પૂરી દેવા.''

## કેદીઓને છોડાવવા નાથભક્ત જેલમાં

હે ભક્તો ! સૈન્ય–અધિકારી બાળુબાની આજ્ઞા સાંભળી ગોપાળાનંદ સ્વામી કહેવા લાગ્યાઃ ''સાહેબ ! અમને તો આ નાથભક્ત વારંવાર અહીં તેડી લાવે છે, તેથી આવીએ છીએ, માટે પહેલાં નાથભક્તને કેદ કરો.'' સ્વામીનું કહેવું સાંભળી બાળુબા બોલ્યાઃ ''આ વાત તમારી બરાબર છે. હું ગાયકવાડ સરકારને આ બાબત વાત કરું છું.'' આવું કહીને તે સરકાર પાસે ગયા.

હે ભક્તો ! કોઈ પણ વાંક વિના સ્વામીએ નાથ ભક્તને કેદ કરવાનું કહ્યું, છતાં પણ તેઓ એક શબ્દ પણ બોલ્યા નહિ. સ્વામીને એના દ્વારા કેદીઓને છોડાવવા હતા, તો જેલમાં જવા પણ તૈયાર થઈ ગયા ! આ ઉપરથી ખ્યાલ આવે કે નાથભક્તને ગોપાળાનંદ સ્વામી સાથે કેટલી આત્મીયતા હશે ? હવે જોઈએ ચાલુ પ્રસંગ.

બાળુબા ફરીને સરકાર પાસે આવીને કહેવા લાગ્યા: ''નાથ ભક્ત વારંવાર સાધુને તેડાવીને પોતાના ઘેર રાખે છે, માટે એને જેલમાં પૂરવાની જરૂર છે. એને જો કેદમાં પૂરી દેશું તો સાધુઓ આવતા બંધ થઈ જશે.'' ત્યારે રાજાએ હા કહી. પછી નાગર બ્રાહ્મણ ભગુજી કોટવાળ હતા, તેને બોલાવીને નાથ ભક્તને કેદ કરવા હુકમ આપ્યો. તુરંત તેઓ નાથ ભક્તના ઘેર ગયા અને ભગતને લઈ જઈ વાડીના ચબુત્રામાં કેદ કર્યા ! પછી સ્વામીને પણ જતું રહેવાનું કહ્યું.

હે ભક્તો ! એ સમયે કલાલી ગામના હરિભક્તો ત્યાં સ્વામીનાં દર્શન કરવા આવ્યા હતા. તે ગાડી લઈને આવ્યા અને સ્વામીને કલાલી આવવા વિનંતી કરવા લાગ્યા. એ સમયે વડોદરાના સદાશીવભાઈ વગેરે વડોદરાના ભક્તો કહેવા લાગ્યા: ''સ્વામી ! નાથ ભક્તને કેદમાં પૂર્યા અને તમે હવે ગામડામાં જતા રહેશો; પછી અમને શ્રીજી મહારાજનાં ચરિત્રો કોણ કહેશે ? માટે અમને પણ તમારી સાથે ગામડે લઈ જાઓ કાં તો નાથ ભક્ત સાથે બંદિખાને નંખાવો, એટલે ત્યાં નાથ ભક્તનો યોગ રહે અને મહારાજની વાતો સાંભળવાનો લાભ મળે.''

વડોદરાના ભાવિક ભક્તોની વાત સાંભળી સ્વામી રાજી થઈને બોલ્યા: ''ભક્તો ! તમને શ્રીહરિનાં ચરિત્રો સાંભળવામાં અપાર હેત છે. શ્રીહરિમાં અનન્ય નિષ્ઠા છે અને અચળ ભક્તિ છે, તેનાં કારણે શ્રીહરિ તમારાથી એક ક્ષણ પણ વેગળા નથી. તેમજ અમો અને નાથ ભક્ત પણ તમારાથી દૂર નથી. નાથ ભક્ત કેદ થયા અને અમને અહીંથી કાઢી મૂકે છે, તેને વિષે બીજા કોઈનું કર્તવ્ય નથી, પણ આ બધું કર્તવ્ય શ્રીહરિનું જ છે.

જે રીતે પોતાના ભક્તને સમાસ થાય અને અપાર જીવનાં કલ્યાણ થાય તે રીતે શ્રીહરિ કરે છે. નાથ ભક્ત કેદી થવાથી ત્યાં જેલમાં રહેલા કેટલાક લોકો સત્સંગી થશે અને બંદિખાનેથી પણ છૂટશે અને અમે બીજાં ગામોમાં જઈને ત્યાંના માણસોને મહારાજની વાતો કરીશું તેથી તેઓ સત્સંગી થશે.'' આ પ્રમાણે કહીને ધીરજ દઈને સૌને જય શ્રી સ્વામિનારાયણ કહીને ગાડીમાં બેસીને સંતો સાથે અને કલાલીના ભક્તો સાથે વડોદરાથી (વાડી મંદિરથી) ત્રણ ગાઉં દૂર આવેલ કલાલી ગામમાં સ્વામી પધાર્યા.

હે ભક્તો ! નાથ ભક્તને જેલમાં પૂરવામાં આવ્યા, તેથી તેઓ જેલમાં રહેલા સાઠ કેદીયો આગળ સ્વામિનારાયણ ભગવાનના મહિમાની વાતો કરી તેઓને સત્સંગ કરાવવા લાગ્યા. તેના કારણે કેદીઓની બુદ્ધિ પવિત્ર થવા લાગી. તેના કારણે સર્વ કેદીઓને સરકાર તરફથી ખાવા માટે દરરોજ બે રોટલા મળતા, તે લેવાના બંધ કરી નાથ ભક્તની સાથે ભૂખ્યા રહીને ભજન કરવા લાગ્યા ! આ રીતે ભૂખ્યા ને તરસ્યા બે દિવસ અને બે રાત્રી ઉપવાસ કરીને અખંડ ભજન કર્યું, તેથી ત્રીજે દિવસે શ્રીહરિજીએ દિવ્યરૂપે આવી નાથ ભક્તને દર્શન આપ્યાં.

## હું પૂજા કર્યા વિના નહિ જમું

હે ભક્તો ! મહારાજનાં દર્શન થતાં તો નાથ ભક્ત ભાવવિભોર બની ગયા. ત્યારે પ્રભુ બોલ્યા: ''નાથ ભક્ત ! તમે બે દિવસથી ભૂખ્યા–તરસ્યા છો, તે માટે અમારી પ્રસાદીનો થાળ તમારા માટે લઈને આ મૂળજી બ્રહ્મચારી આવ્યા છે તે તમે જમો.'' ત્યારે નાથ ભક્તે હાથ જોડીને કહ્યું: ''હે કૃપાનાથ ! આ બંદિખાનામાં અશુદ્ધ–ગંદુ પાણી હોવાથી હું બે દિવસથી નાયો નથી તેમજ તમારી પ્રસાદીની મૂર્તિઓની પૂજા પણ આ પરાધીન–અવસ્થામાં કરી શક્યો નથી, પરંતુ તમારી પાંચ વખત માનસી–પૂજા સમય પ્રમાણે કરું છું; તો પણ તમારી પ્રત્યક્ષ પૂજા કર્યા સિવાય મારાથી જમી શકાય નહિ, માટે રાજી રહેજો. હું મારી પૂજા કર્યા સિવાય તમારો પ્રસાદીનો થાળ નહિ જમી શકું.''

હે ભક્તો ! નાથ ભક્તની આવી દૃઢતા જોઈને શ્રીહરિ રાજી થયા અને બોલ્યા: ''આ મૂળજી બ્રહ્મચારી પાસે પૂજાનો થાળ છે, તેમાંથી લઈને અમારી પૂજા કરી લો.'' ત્યારે નાથ ભક્ત કહે: ''મહારાજ ! અહીં ચોખ્ખું પાણી નથી, મારે કેવી રીતે સ્નાન કરવું ?'' આવું સાંભળી શ્રીહરિ બોલ્યા: ''અમારા ડાબા ચરણની છેલ્લી આંગળીમાં અનંત તીર્થ સહિત ગંગાજીનો નિવાસ છે, તેથી તેના જળથી સ્નાન કરી લો.''

આ રીતે કહીને પ્રગટ પ્રભુએ પોતાનો ચરણ ઉંચો કર્યો, તુરંત જ ગંગાજીનો પ્રવાહ આંગળીમાંથી ખળખળ અવાજ કરતો નીકળ્યો ! તે જોઈને નાથ ભક્ત અતિશય રાજી થયા અને તે ધાર નીચે બેસીને સ્નાન કર્યું; તેમજ હાથના ખોબામાં લઈ તે ગંગાજળ ૬૦ કેદીઓ ઉપર પણ છાંટ્યું. તેના કારણે તે સર્વે કેદીઓનાં પાપ નાશ પામ્યા. પછી બ્રહ્મચારીએ લાવેલા પૂજાપાત્રમાંથી શ્રીહરિનું પૂજન કર્યું.

પછી શ્રીહરિએ કહ્યું: ''નાથ ભક્ત ! હવે જમી લો.'' ત્યારે તેઓ બોલ્યા: ''હે મહારાજ ! આ તો મેં તમારી પ્રત્યક્ષ પૂજા કરી, પણ તેથી મારી નિત્યપૂજા થોડી થઈ ગણાય ? એ પૂજા કરવાની તો હજુ બાકી છે, તે કર્યા વિના હું જમી શકું નહિ. ત્યારે હસતા-હસતા હરિજી બોલ્યા: ''તમે અમારી પ્રત્યક્ષ પૂજા કરી એટલે તમારી પૂજા થઈ ગઈ ગણાય. અમે અને અમારા આપેલ બાલકૃષ્ણની મૂર્તિ એક જ છે, માટે જમી લો. તમારો આજે ત્રીજો ઉપવાસ છે, માટે મારી આજ્ઞાથી જમી લો. ત્યારે સવિનય નાથ ભક્તે હાથ જોડીને કહ્યું: ''પ્રભુ ! તમારી વાત સાચી છે કે, તમારી પૂજા કરી એ મારા ઠાકોરજીની પૂજા થઈ ગઈ ગણાય, પણ મારો નિત્ય નિયમ થયો ન ગણાય.''

હે ભક્તો ! નાથ ભક્તની આવી અતિશય દૃઢતા જોઈને શ્રીહરિ બોલ્યા: ''ભગત ! તમારા જેવી દૃઢતા સત્સંગમાં કોઈની નથી, માટે અમારે વિશે દૃઢતાવાળા અમારા કેટલાક ભક્ત છે, તે સર્વમાં અમે તમને અગ્રણી ગણીએ છીએ.''

પછી મૂળજી બ્રહ્મચારીને કહ્યું: ''તમે દિવ્યદેહે વીજળી વેગે નાથ ભક્તના ઘેર જાઓ અને તેમની પૂજા લઈ આવો.'' આજ્ઞા થતાં જ તરત બ્રહ્મચારી ગયા અને પૂજા લઈને આવી ગયા. પછી નાથ ભક્તે તે પૂજાનો કરંડીયો ઉઘાડ્યો તો લાલજીની પૂજા થયેલી જોઈ. પ્રત્યક્ષ પ્રભુની પૂજા જે જે ઉપચારોએ કરી હતી, તે તે પૂજા સામગ્રી ચંદન-તુલસી અને પુષ્પહાર વગેરે તાજાં હતાં !

આવું જોઈને શ્રીહરિ બોલ્યા: ''જુઓ નાથ ભક્ત ! અમે તમને કહ્યું હતું તે પ્રમાણે આ બાલકૃષ્ણની પૂજા થઈ છે કે નહિ ? છતાંય પણ તમારી દૃઢતા જોઈને અમે ખૂબ રાજી થયા છીએ. તમારા જેવી દૃઢતાવાળા સંતો-

ભક્તો તો અમને અમારા આત્મા કરતાંય પણ પ્રિય છે.'' ત્યારબાદ નાથ ભક્તે કંડિયામાંથી લાલજીને બહાર લાવી સ્નાન કરાવ્યું અને પૂજા કરી. પછી મહારાજે જમવાનું કહ્યું ત્યારે તેમણે કહ્યું:''પ્રભુ ! આ સાઠ કેદીઓ પણ બે દિવસથી જમ્યા નથી, માટે તેઓને તમારાં પ્રત્યક્ષ દર્શન આપો અને પ્રસાદ પણ આપો.''

હે ભક્તો ! નાથ ભક્તના કહેવાથી સર્વે કેદીઓને દર્શન આપીને જમાડ્યા. પછી નાથ ભક્તને જમાડ્યા અને સૌને હાર પહેરાવ્યા. પછી અંતર્ધ્યાન થઈ ગયા ! ત્યારે સૌ ધૂન બોલવા લાગ્યા. તે સાંભળીને બહારથી સૈનિકો અંદર આવ્યા. જોયું તો સુગંધીદાર તાજાં ફૂલના હાર બધા જ કેદીઓએ પહેરેલા જોયા ! પછી કોટવાળે આવીને જોયું. તેણે સરકારને કહ્યું. તેમણે બાળુબાને નાથ ભક્તને ઘેર જોવા મોકલ્યા. તેમણે આવીને જોયું તો પીપળા નીચે ગોપાળાનંદ સ્વામી કથા કરતા હતા અને ૬૦ કેદીઓ તથા નાથ ભક્ત કથા સાંભળતા હતા !

આવું જોઈ ઘોડો દોડાવી બાળુબા જેલમાં જોવા ગયા. તો ત્યાં પણ ૬૦ કેદી અને નાથ ભક્તને ભજન કરતા જોયા ! ત્યાંથી સરકાર પાસે જઈ સર્વે વાત કરી. પછી બે સવારોને કલાલી ગામ જોવા મોકલ્યા. તો ત્યાં પણ ગોપાળાનંદ સ્વામીને સેંકડો લોકોની હાજરીમાં કથા કરતા જોયા ! તે જોઈને તેઓ અતિ આશ્ચર્ય પામ્યા. પછી જેલમાંથી ૬૦ કેદીઓ અને નાથ ભક્તને સરકારે મહેલમાં બોલાવ્યા અને શું બન્યું હતું તે કહેવા કહ્યું. પછી વિસ્તારથી નાથ ભક્તે બધું કહી સંભળાવ્યું.

હે ભક્તો ! સરકાર અને દીવાનના કહેવાથી નાથ ભક્તે ત્યાં ચાર અભણ બ્રાહ્મણો પાસે વેદ બોલાવ્યા. તેથી સરકાર રૂપિયાનો થાળ ભરી નાથ ભક્તને ભેટ આપવા લાગ્યા, પરંતુ તે લીધો નહિ. પછી બધાને જેલમાંથી છોડી મૂક્યા. તેથી પેલા ૬૦ કેદીઓ સત્સંગી થયા અને ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કરી એકાંતિક ભક્ત બની ગયા અને દેહની આયુષ્ય પૂરી થતાં અક્ષરધામમાં પહોંચી ગયા ! સાંભળ્યું ભક્તો ! ગોપાળાનંદ સ્વામીએ કેદીઓને કહેલું કે, 'તમને આ નાથ ભક્ત છોડાવશે.' એ વચન સત્ય કરી બતાવ્યું.

## દેવ બનેલ ભાણેજને અક્ષરધામ

હે ભક્તો ! ભગવાનના એક સદ્‌ગુણી સંતને જમાડવાથી આખા બ્રહ્માંડના જીવોને જમાડવાનું પુણ્ય થાય છે, એવું હિન્દુ ધર્મના અનેક ગ્રંથોમાં લખેલ છે. એ ગ્રંથ-અનુસાર બનેલ એક પ્રસંગ સાંભળો. વાત એમ બનેલી કે મચ્છુકાંઠાનાં મોરબી-વાંકાનેરનાં ગામોમાં એકવાર આપણા સંતો સત્સંગ પ્રચાર માટે વિચરણ કરી રહ્યા હતા. એવામાં એક દિવસ બપોરના સમયે સંતો એક વાડીએ આવ્યા. ભૂખ્યા-તરસ્યા થયેલા સંતો એક વૃક્ષની છાંયે બેસી ગયા. તે સમયે વાડીના માલિકે આવીને સંતોને જમવા માટે વિનંતી કરી એટલે સંતો જમ્યા. એ સમયે સંતોને તૈયાર જમવાની છૂટી હતી, તેથી દાળ-રોટલા જમ્યાં.

હે સંતો-ભક્તો ! જમ્યા પછી સંતો બીજાં ગામડાંઓમાં ગયા. સમય જતા તે પટેલની આયુષ્ય પૂરી થઈ ગઈ એટલે તેમને યમદૂતો યમપૂરીમાં લઈ ગયા. પછી ચિત્રગુપ્તે તેની ફાઈલ જોઈ તો તેમણે પ્રગટ પ્રભુના બે સંતોને જમાડ્યા હતા, એટલું પુણ્ય નીકળ્યું. પછી યમરાજે પોતાના સેવકોને કહ્યું કે, 'તેમણે જીવનમાં એક જ વાર ભગવાન શ્રીહરિના પ્યારા સાચા સંતોને જમાડ્યા છે અને એનું ફળ સ્વર્ગ છે, માટે એને સ્વર્ગમાં મૂકી આવો.'' આજ્ઞા થતાં દૂતો સ્વર્ગમાં મૂકીને આવતા રહ્યા. પછી ત્યાં તેઓ મોટા દેવ થયા અને અનેક પ્રકારના વૈભવો ભોગવવા લાગ્યા.

થોડો સમય ગયા બાદ એક દિવસ દેવ થયેલ પેલો ખેડૂત સ્વર્ગના નંદનવનમાં ફરી રહ્યો હતો. એ સમયે એક વિમાન સ્વર્ગને ઉલ્લંઘી ઉપર ગયું. તે જોઈને પેલા દેવે બીજા દેવને પૂછ્યુ: ''આ વિમાન ક્યાં જાય છે ?'' ત્યારે બીજા દેવે કહ્યું: ''એ તો સ્વામિનારાયણ ભગવાન હતા અને તેઓ તેમના ભક્તને લઈને અક્ષરધામમાં જાય છે.'' આવું સાંભળીને આ દેવે પૂછ્યું: ''સ્વર્ગ કરતાં પણ ત્યાં વધારે સુખ છે ?'' ત્યારે બીજા દેવે કહ્યું: ''અરે! અક્ષરધામનાં સુખ આગળ તો આ સ્વર્ગના સુખ પાયખાનાં જેવાં ગણાય છે. અહીંયાં તો પુણ્ય ખૂટે તો પૃથ્વી ઉપર પાછું જવું પડે છે અને ધામમાંથી તો ક્યારેય પણ પાછું આવવું પડતું નથી.''

હે ભક્તો ! ત્યારે પેલા દેવે પૂછ્યું: ''મારે ત્યાં જવું હોય તો શું કરવું પડે ?'' ત્યારે બીજા દેવે કહ્યું તમારા મામા સ્વામિનારાયણ ભગવાનના સાધુ છે અને તેમનું નામ વિજ્ઞાનદાસ સ્વામી છે. તેઓ હાલમાં ધોલેરા મંદિરમાં રહે છે; તો તમે ત્યાં જાઓ. તેઓ જો કૃપા કરશે તો તમને અક્ષરધામમાં મોકલી દેશે.'' આવું સાંભળીને તે દેવે વિમાન લઈ રાત્રીએ ધોલેરા સંતોની ધર્મશાળા પાસે આવીને વિમાનમાં બેઠા બેઠા બૂમ પાડી: ''રત્ના મામા ! એ રત્ના મામા !'' અવાજ સાંભળી સ્વામી જાગી ગયા, પણ બહાર ન આવ્યા. પછી તો પેલો દેવ દરરોજ રાત્રે આવે અને રત્નામામા નામની બૂમ પાડે, પણ સ્વામી કોઈ જવાબ આપે નહિ. આમ કરતાં કરતાં છ મહિના વીતી ગયા, પણ પેલા દેવે આવવાનું બંધ ન કર્યું.

હે ભક્તો ! એ સમયે વડતાલથી યોગીવર્ય ગોપાળાનંદ સ્વામી ધોલેરા પધાર્યા. એટલે વિજ્ઞાનદાસ સ્વામીએ બધી વાત કરી. ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું: ''એ દેવ તમારા પૂર્વાશ્રમનો ભાણો છે. તેમણે આપણા સંતોને એકવાર જમાડ્યા હતા, તે પુણ્ય વડે તે દેવ થયો છે, પણ હવે તેમને ધામમાં જવું છે, તેથી તમારી પાસે આવે છે, માટે આજે રાત્રે આવે ત્યારે તેને નીચે બોલાવીને વર્તમાન ધરાવી કંઠી પહેરાવી સ્વામિનારાયણ ભગવાનનો નિશ્ચય કરાવજો એટલે મહારાજ તેમને ધામમાં લઈ જશે.'' પછી વિજ્ઞાનદાસ સ્વામીએ એ પ્રમાણે કર્યું, એટલે શ્રીહરિ તેમને ધામમાં લઈ ગયા.

## ઠાકોરજીની સેવાનો મહિમા

હે ભક્તો ! બોટાદમાં એક સમયે ગોપાળાનંદ સ્વામીએ લાલજી (ઠાકોરજી) માટે એક પાણીનું બેડું ભરીને લાવે તેને કેટલું પુણ્ય થાય છે, એ માટે બે શેઠની વાત કરી હતી તે સાંભળો. એક શહેરમાં બે ધનવાન વૈષ્ણવ વણિકો રહેતા હતા. બન્ને લાલજીની સેવા પૂજા કરતા હતા.

એક દિવસ એકને ત્યાં તેમના સાસુ–સસરા વગેરે આવ્યા. ત્યારે શેઠ–શેઠાણી ઠાકોરજીની સેવા–પૂજા કરતા જોઈને શેઠાણીની બા બોલી: ''તને મોટા ઘેર આપી પણ તું તો નવાં વસ્ત્રો પહેરીને કે નવાં ઘરેણાં પહેરીને ક્યાંય

ફરવા જતી નથી કે કોઈ સંબંધીને ઘેર જતી નથી. આખો દિવસ તું અને તારો પતિ લાલજીની સેવા–પૂજામાં જ સમય કાઢો છો. રાત–દિવસ સોળામાં (પવિત્ર રહેવા માટે સ્નાન કર્યા પછી ધોઈને સૂકવેલાં વસ્ત્રો પહેરી કોઈને અડે નહિ તેને સોળે કહેવાય.) જ રહો છો અને તારી બેન તો સારાં સારાં લુગડાં ને દાગીના પહેરીને મજા કરે છે.''

હે ભક્તો ! શેઠાણીની મા કુસંગી હતી, તેથી તેને ઠાકોરજીનો મહિમા ન હતો, તેથી આવું બોલી; તેની અસર શેઠાણીના મનમાં થઈ. આ પ્રમાણે શબ્દો કહીને એ એમના ઘેર જતી રહી. પછી શેઠાણીએ શેઠને કહ્યું: ''આપણે બન્ને આખો દિવસ લાલજી લાલજી કર્યા કરીએ છીએ, પણ ક્યાંય ફરવા જતા નથી, સારાં ઘરેણાં ને વસ્ત્રો પહેરી મોજ કરતા નથી. તેથી આ કરોડ રૂપિયા આપણી પાસે છે તે શું કામમાં આવવાના છે ?''

આવું સાંભળી શેઠે કહ્યું: ''આપણા લાલજીનું પાણી ભરવાનું સોનાનું બેડું છે. તેમાં પાણી ભરી સામેની હવેલીમાં શેઠ લાલજીની સેવા કરે છે, તેને આપી આવો અને પાણીના બદલામાં જે આપે તે લેતા આવો. પછી તમારા માટે ઘરેણાં કરાવાં આપીશું.'' પછી શેઠાણીએ પાણીની હેલ ભરીને શેઠ પાસે જઈને કહ્યું: ''તમારા લાલજીને નવડાવવા માટે અને પાણી પાવા માટે હું પાણીનું બેડું ભરીને લાવી છું, તેની કિંમત જે થતી હોય તે આપો.'' આવું સાંભળી શેઠ બોલ્યા: ''તમે મારા લાલજી માટે પાણી ભરીને લાવ્યાં, એનું મૂલ્ય તો મારાથી થઈ જ ન શકે. આ મારી તમામ સંપત્તિ તમારા માણસો આવીને સવારથી સાંજ સુધી લઈ જાય તો પણ તમે મારા ઠાકોરજી માટે પાણી ભરીને લાવ્યાં છો, એની તુલ્યે થાય જ નહિ.''

હે ભક્તો ! આવું સાંભળી શેઠાણીની આંખો ખુલી ગઈ ! અર્થાત્ એ સમજી ગયાં કે, ''લાલજીની સેવા–પૂજા કરવાની કોઈ કિંમત થઈ શકે નહિ. એ તો મોટા ભાગ્યશાળી હોય તેને જ સેવા કરવાનો લાભ મળે છે. મારાં મોટાં ભાગ્ય છે કે મને દરરોજ મારા પતિ સાથે સેવા–પૂજા કરવાનો લાભ મળે છે. હવે હું ક્યારેય મોજ–

શોખ માટે કે ફરવા જવા માટે સમય બગાડીશ નહિ. જિંદગી પર્યંત લાલજીની સેવા જ કર્યા કરીશ. આ નાશવંત દેહને સારાં સારાં વસ્ત્રો અને આભૂષણો પહેરાવીને મને શું ફાયદો થવાનો છે ? એના કરતાં એ રૂપિયામાંથી મારા લાલજી માટે કીમતી વાઘા કરાવીશ અને સરસ ઘરેણાં કરાવી મારા લાલાને પહેરાવી તેમને રાજી કરીશ.''

હે ભક્તો ! એ સમયે શેઠ બોલ્યાઃ ''બોલો શેઠાણી ! પ્રભુ માટે પાણી લાવ્યા એની બદલે મારી સંપત્તિ લેવા તમારા નોકરોને ક્યારે મોકલો છો ? તમારા માણસોને ટાઈમ ન મળે એમ હોય તો હું મારા નોકરોને તમારા ઘેર મારી સંપત્તિ મૂકવા મોકલું.'' ત્યારે મોઢું બગાડીને શેઠાણી બોલ્યાઃ ''કશું જ મોકલતા નહિ, મારે કાંઈ પણ જોઈતું નથી. લાલજી પ્રત્યે તમારો ભાવ જોઈને મને પણ લાલજીની સેવાનો મહિમા સમજાઈ ગયો છે, માટે હવે હું પણ તમારી જેમ જ લાલાને સુવાડી–જગાડી–નવડાવી–વાઘા ધરાવી–શણગાર કરી–જમાડી–રમાડીને જ આખો દિવસ પૂરો કરીશ.''

આ પ્રમાણે કહીને પાણીનું ખાલી બેડું લઈને પોતાના ઘેર પાછા આવ્યાં. ત્યારે તેના પતિએ ચાર સોનીને બોલાવી રાખ્યા હતા. તેથી તેમણે કહ્યુંઃ ''શેઠાણી ! લાલજી માટે તમે પાણીનું બેડું ભરીને સામેની હવેલીમાં લઈ ગયા હતા, એની બદલીમાં શેઠે તમને જે મૂલ્ય આપ્યું હોય તે લાવો. તમારાં માટે ઘરેણાં બનાવવાં આ ચાર સોનીને બોલાવ્યા છે. બોલો તમારે શું શું બનાવવું છે ?'' ત્યારે શેઠાણી બોલ્યાઃ ''એ શેઠે તો મને એમ કહ્યું હતું કે, 'મારા લાલજી માટે તમે પાણીનું બેડું ભરીને લાવ્યાં છો, એના બદલામાં મારી બધી સંપત્તિ આપી દઉં તો પણ ઓછી ગણાય.' આટલો બધો મહિમા એ શેઠ ઠાકોરજીની સેવાનો માને છે, માટે મારે પણ ઠાકોરજીની સેવા–પૂજા કરીને જિંદગી પૂરી કરવી છે, પણ વસ્ત્રો પહેરીને કે ઘરેણાં પહેરીને જિંદગીનો અમૂલ્ય સમય વેડફવો નથી.''

હે ભક્તો ! બોટાદ શહેરમાં આપણાં મંદિરમાં સદ્ગુરુવર્ય ગોપાળાનંદ સ્વામીએ આ શેઠ–શેઠાણીનું દૃષ્ટાંત આપીને સૌ સંતો અને ભક્તોને કહ્યુંઃ ''ઠાકોરજીને પીવા માટે એકવાર પાણીનું બેડું જે કોઈ ભરીને લાવે છે, એને આટલું બધું પુણ્ય થાય છે, તો પછી જે સંતો–ભક્તો મહિમા સમજી લાલજી મહારાજની સેવા કરે તેનાં પુણ્યની

તો શું વાત કરવી ? પરંતુ આપણે તો લાલજીની સેવા કરવી અથવા લાલજી માટે વસ્તુ-પદાર્થ લઈ જવા એ કેવળ મહારાજના રાજીપા માટે જ કરવું. જો પ્રભુની પ્રસન્નતા માટે જ કરીશું, તો પ્રભુ આપણું યોગ અને ક્ષેમ બન્નેનો ખ્યાલ રાખશે જ.

## ગોપાળાનંદ સ્વામીએ સંગ વિષે પૂછ્યું

હે ભક્તો ! સંગમાં બહુ શક્તિ રહેલી છે. સંગે કરીને મુમુક્ષુ હોય તે પણ કુસંગી થઈ જાય છે અને કુસંગી હોય તે મુમુક્ષુ થઈ જાય છે. ગોપાળાનંદ સ્વામી તો ત્યાં સુધી કહી ગયા છે કે, ‘અક્ષરધામના મુક્ત આ પૃથ્વી ઉપર આવ્યા હોય, પરંતુ તે જો કુસંગ કરે તો ઉતરતામાં ઉતરતો થઈ જાય ! તો બીજાની શી વાત કરવી ?’’ તેથી શ્રીજી મહારાજ તથા નંદ સંતો તેમજ અત્યારના સંતો પણ સારાનો સંગ કરવાનું કહેતા હતા અને કહે છે.

શ્રીજી મહારાજે એકવાર મહાન ભક્તરાજ દાદાખાચરને પૂછેલું: ‘દાદા ! તું કોનો સમાગમ કરે છે ?’ ત્યારે દાદાખાચરે કહેલું: ‘હું ભજનાનંદ સ્વામીનો સમાગમ કરું છું.’ એવું સાંભળીને મહારાજ બોલેલા: ‘દાદાખાચર પોતે સારા ભક્ત છે, પણ સંગ કરતા આવડ્યો નહિ.’ પછી ઉપદેશના રૂપમાં કહ્યું: ‘‘આ મુક્તાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામીને છોડીને ઓલ્યા હિન્દુસ્તાનમાં લઈ જાય એવા છે, એનો સંગ કેમ કરે છે ?’ પછી દાદાખાચર મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કરવા લાગ્યા, તેથી મહારાજ બહુ રાજી થયા.

હે ભક્તો ! આ પ્રસંગમાં પણ ગોપાળાનંદ સ્વામીએ સંગ અને હેત વિષે જ પ્રશ્ન પૂછેલો છે. વાત એમ બનેલી કે એકવાર ગોપાળાનંદ સ્વામી ગઢડામાં હતા. ત્યારે લખુ કંદોઈના દીકરા કલ્યાણભાઈ સ્વામીનાં દર્શન કરવાં આવ્યા. તે સમયે જ તેનાં લગ્ન થયેલાં હતાં એટલે વરરાજાનાં વસ્ત્રો પહેરીને આવ્યા હતા. આવીને તેમણે સ્વામીને દંડવત-પ્રણામ કર્યા અને સ્વામી આગળ બેઠા. ત્યારે ત્યાં સભામાં બેઠેલા ગઢપુરના સંતો અને હરિભક્તોએ સ્વામીને કહ્યું: ‘‘સ્વામી ! આ કલ્યાણભાઈ લખુ કંદોઈના દીકરા છે અને બહુ સારા સત્સંગી છે, માટે એને આશીર્વાદ આપો.’’

એ સમયે ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું: ''તેને કોની સાથે હેત છે ? તે કોનો સમાગમ કરે છે ?'' ત્યારે સૌ બોલ્યા: ''સ્વામી ! કલ્યાણભાઈને કરશનજી દવે સાથે હેત છે અને તેથી તેઓ તેમનો સમાગમ કરે છે.'' ત્યારે સ્વામીએ ફરીને પૂછ્યું: ''કરશન દવેને કોની સાથે હેત છે ? અને તે કોનો સમાગમ કરે છે ?'' ત્યારે સૌ સંતો-ભક્તોએ કહ્યું: ''સ્વામી ! કરશનજી દવેને વિદ્યાત્રાનંદ સ્વામી સાથે હેત છે, તેથી તેઓ તેમનો સમાગમ કરે છે.''

હે ભક્તો ! આવું સાંભળીને સ્વામી રાજી થયા અને બોલ્યા: ''હેત અને સંગ તો બહુ સારાનો કરે છે, માટે એનું કલ્યાણ પણ સારું થશે; કારણ કે સંગના કારણે જ પામર હોય તે વધી જાય છે અને મુમુક્ષુ હોય છે તે ઘટી જાય છે.'' વળી આ પ્રસંગને પુષ્ટ કરી આપતા શ્રીજી મહારાજ ગઢડા પ્રથમના ૨૯માં વચનામૃતમાં કહે છે કે, ''સંગ પણ પ્રભુના ભક્ત અને પંચ વર્તમાને યુક્ત એવા જે બ્રહ્મવેત્તા સાધુ તેનો કરવો, તો હરિભક્તને પરમેશ્વરની જે ભક્તિ તેનું બળ અતિશય વૃદ્ધિ પામે.''

## સ્વામીએ હરજી ઠક્કરને બચાવ્યા

હે ભક્તો ! ભગવાન કે સંતોનો સ્વભાવ દયાળુ હોય છે. પોતાના આશ્રિત હોય કે હેતવાળા હોય અને તેઓ આજ્ઞાનો લોપ કરી એવું કાર્ય કરતા હોય કે સત્સંગની નિંદા થાય અને પોતાની પણ નિંદા થાય; આવું કરવા છતાંય પ્રભુ કે પરમહંસ પોતાના દયાળુ સ્વભાવ પ્રમાણે એ ભક્તનો દોષ જોયા વિના તેમની મદદ કરે છે અને એમને લોકલાજ કે સરકારના ગુનામાંથી બચાવી લે છે, એ વિષેનો એક પ્રસંગ સાંભળો.

ગઢપુરમાં હરજી ઠક્કર સારા સત્સંગી હતા. તેઓ બહુ બુદ્ધિશાળી હોવાથી તેમને શ્રીજી મહારાજે દાદાખાચરનો બધો વહીવટ સોંપી દીધેલો. અર્થાત્ તેઓ દાદાખાચરના કારભારી હતા. મહારાજ પ્રત્યે નિષ્ઠા અને મહિમા અપાર હતો. દરરોજ શ્રીહરિના મુખકમળથી અને સંતોના મુખથી કથા-વાર્તા પણ સાંભળતા હતા, પરંતુ લોભના કારણે

ગુપ્ત રીતે અફીણનો ધંધો કરવા લાગ્યા ! કારણ કે અફીણના વેપારમાં એને સારી કમાણી થતી હતી, તેથી ખાનગી રીતે અફીણ લાવીને વેચતા ને પૈસા કમાતા હતા.

હે ભક્તો ! હરજી ઠક્કરના આ ગુપ્ત વેપારની ખબર તેમના પિત્રાઈ પ્રેમજી ઠક્કરને હોવાથી તેમણે સરકારમાં અરજી કરી કે, 'હરજી ઠક્કર અફીણનો છાનો (ખાનગી) વેપાર કરે છે.' એના કારણે અંગ્રેજ સરકાર તરફથી હરજી ઠક્કર ઉપર ધરપકડનું વોરંટ આવ્યું. હરજી ઠક્કર તો આ વાતથી સાવ અજાણ્યા હતા, તેથી શાંતિથી સૂતા હતા. એ સમયે અકારણ દયા લાવીને યોગીરાજ ગોપાળાનંદ સ્વામી દિવ્યરૂપે આવ્યા અને હરજી ઠક્કરને જગાડીને કહ્યુંઃ ''શું સૂતો છે ? તારા પિત્રાઈએ સરકારમાં અરજી કરી છે કે, 'તું અફીણનો વેપાર કરે છે, તેના કારણે તારા ઉપર વોરંટ (ધરપકડ કરવાનો સરકારી પરવાનો) આવે છે, માટે અફીણને આઘુંપાછું સંતાડી દે !''

આ પ્રમાણે દિવ્ય દર્શન દઈ વોરંટની વાત કરી ગોપાળાનંદ સ્વામી અદૃશ્ય થઈ ગયા ! પછી તો હરજી ઠક્કરે તાત્કાલિક અફીણના જથ્થાને બીજા ઘરમાં છાણાંના મોઢવામાં (છાણાં મૂકવાના મેડામાં) છાણાં સાથે સંતાડી દીધું. પછી વોરંટ લઈ પોલીસ આવી. તેમણે બધા જ ઓરડાઓમાં તપાસ કરી, પણ કોઈ જગ્યાએ અફીણ જોયું નહિ, તેથી તેઓ જતા રહ્યા. આ રીતે ગોપાળાનંદ સ્વામીએ ભગવાનના ભક્તની રક્ષા કરી તેમને જેલ જાતા બચાવી લીધા.

એકવાર ગોપાળાનંદ સ્વામીનાં દર્શન કરાવવા માટે દાદાખાચર પોતાના નાના પુત્ર અમરા ખાચરને લાવ્યા. આવીને દંડવત કરીને છોકરાને સ્વામી આગળ બેસાડ્યો. ત્યારે સ્વામી એમના સામું દૃષ્ટિ માંડીને જોઈ રહ્યા. પછી બોલ્યા કે, 'આ તો સાક્ષાત્ અંબરીષ રાજા ફરીને આવ્યા છે. આ મહાન ભક્ત થશે.'' પછી તો સ્વામી વડતાલ જતા રહ્યા. પરંતુ સ્વામીના આશીર્વાદના કારણે અમરાખાચર મોટા થઈને મહાન ભક્ત થયા હતા અને અંબરીષ રાજાની જેમ જ ઠાકોરજીની સેવા સ્વયં કરતા હતા.

## આ સાધુને ત્રણ જન્મ લેવા પડશે !

હે ભક્તો ! શ્રીજી મહારાજ ધામમાં પધાર્યા પછી રઘુવીરજી મહારાજ અને ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને શુકાનંદ સ્વામી વગેરે ઘણા સંતો-પાર્ષદો વડતાલ રહેવા માટે આવી ગયા હતા. સત્સંગનું કોઈ કામ હોય ત્યારે ગઢપુરમાં આવતા હતા અને પાછા વડતાલ જતા રહેતા હતા. અર્થાત્ આચાર્યશ્રીએ તથા મોટા મોટા સદ્‌ગુરુઓએ વડતાલધામને પોતાની કર્મભૂમિ બનાવી હતી. એ સમયનો એક પ્રસંગ લખી રહ્યો છું.

એ સમયમાં જૂનાગઢ જિલ્લામાં આવેલ ઉના ગામના સત્સંગીઓના આમંત્રણને કારણે વડતાલથી આ. રઘુવીરજી મહારાજ અને યોગીવર્ય ગોપાળાનંદ સ્વામી વગેરે સંતો ઉના જવા માટે નીકળ્યા તેથી ગઢપુર પધાર્યા. ત્યાં ગોપીનાથજી મહારાજનાં દર્શન કરી સૌ સંતો-ભક્તોને મળી ક્ષેમકુશળ પૂછી એક રાત રોકાયા.

હે ભક્તો ! ત્યારે ગઢડામાં એક સંતને મહારોગ થયેલ હતો, તેના કારણે તેનું શરીર મહાદુર્ગંધ મારતું હતું. શરીરની ગંધ અને પીડાને કારણે તે સંત ત્રાસી ગયા હતા. તેમને ખબર પડી કે, 'વડતાલથી ગોપાળાનંદ સ્વામી પધાર્યા છે.' તુરંત તેમણે પોતાના સેવકને કહ્યુઃ ''તું ગોપાળાનંદ સ્વામી પાસે જઈને કહેજે કે, 'મારો દેહ ત્યાગ કરાવીને પછી ઉના જાય, નહિ તો હું આત્મઘાત કરીને દેહ પાડીશ !' આવું સાંભળી તેમના સેવક સાધુ ઉતાવળા ચાલીને સ્વામીના ઉતારે ગયા અને સર્વે વાત કરીને કહ્યુંઃ ''સ્વામીજી ! તમે જતા રહેશો તો મારા ગુરુ આત્મહત્યા કરશે.''

આવું સાંભળીને તુરંત ગોપાળાનંદ સ્વામી તે બીમાર સાધુ પાસે ગયા અને ધીરજ આપીને કહ્યુંઃ ''તમારું પ્રારબ્ધ બહુ કઠણ છે, માટે ત્રણ વરસ સહન કરો એટલે તમારા ત્રણ જન્મની કસર ટળી જશે.'' ત્યારે પેલા સ્વામી કહેઃ ''સ્વામી ! મારું આખું શરીર અતિ ભયંકર દુર્ગંધ મારે છે, એમાં મારે ત્રણ વર્ષ કેવી રીતે રહેવું? મને તો એક દિવસ પણ એક કલ્પ જેવડો લાંબો લાગે છે. ત્યારે સ્વામી કૃપા કરીને બોલ્યાઃ ''મારાં વચને છ

મહિના દેહની પીડા ભોગવી લ્યો, એટલે તમારા ત્રણ જન્મની કસર ટળી જશે; જો મારું આટલું માનશો તો તમારે ત્રણ જન્મ લેવા નહિ પડે.''

હે ભક્તો ! તો પણ પેલા સ્વામી માન્યા નહિ. તેથી ગોપાળાનંદ સ્વામીએ તેનો દેહ ત્યાગ કરાવ્યો. પછી સભા કરીને સ્વામીએ સદ્‌બોધ આપતા કહ્યું: ''આ સાધુએ મારું માની છ મહિના સહન કર્યું હોત તો ધામમાં જતા રહેવાના હતા, પરંતુ હઠ કરીને પરાણે દેહ છોડાવ્યો, એટલે એના પ્રારબ્ધ પ્રમાણે હજુ ત્રણ જન્મ લેવા પડશે.'' આ પ્રસંગ સાધુ–સંતો માટે પ્રેરણા લેવા જેવો છે. ઘણા તો એવું માની બેઠા છે કે, 'ભગવાં વસ્ત્રો પહેર્યાં એટલે કલ્યાણ થઈ ગયું. અનંત જન્મોનાં કર્મો બળી ગયાં.' આ જો સાચું હોય તો ગોપાળાનંદ સ્વામીએ કહેલ વાત ખોટી માનવી પડશે. સત્ય વાત તો એ છે કે સાધુ હોય કે ગૃહસ્થ જેને જેને જે જે નિયમો પાળવાનું કહ્યું છે, એ પ્રમાણે વર્તવામાં આવે તો કર્મો બળી જાય અને મોક્ષ થઈ જાય.

## દવાથી ન મટ્યું તે દુવાથી મટ્યું

હે ભક્તો ! વડોદરા શહેરનો સત્સંગ એટલે ગોપાળાનંદ સ્વામીની કથા–વાર્તા સાંભળીને પોષણ પામેલો સત્સંગ. સ્વામી વડોદરામાં બહુવાર જતા અને ઘણા દિવસ સુધી રોકાતા હતા. તેના કારણે વડોદરાનો સત્સંગ બહુ વધ્યો હતો. એકવાર હરિભક્તોના ભાવને કારણે સ્વામી વડોદરા પધાર્યા હતા. કથા–વાર્તાના માધ્યમે સ્વામી શ્રીજી મહારાજનો મહિમા અને સત્સંગના નિયમો દૃઢપણે પાળવા વિષે વાતો કરી ભક્તોના અધ્યાત્મમાર્ગનું પોષણ કરી રહ્યા હતા, તેથી ભક્તો બહુ રાજી થતા હતા.

એ વડોદરા શહેરમાં મેરાવભાઈના ભાઈ રાવસાહેબ ગોપાળજી રહેતા હતા. તેઓને સ્વામીનો બહુ મહિમા હતો. વ્યવહારમાં તેઓ મોટા માણસ હતા. આર્થિક રીતે પણ બહુ સુખી હતા, પરંતુ દેહમાં એવો મહારોગ હતો કે કાંઈ ખાઈ શકતા નહિ તેમજ રાત્રે નિદ્રા પણ આવતી નહિ ! મોટા મોટા વૈદ્યો–હકીમો પાસે જઈને ખૂબ દવા

કરાવી પણ બેમાંથી એક રોગ પણ મટ્યો નહિ. પછી ગોપાળાનંદ સ્વામી પાસે આવીને વાત કરી: ''સ્વામીજી! અનિદ્રાનો રોગ છે અને કાંઈ જમી શકાતું નથી, માટે કૃપા કરો તો સારું થાય તેમ છે; દવા તો બહુ કરાવી છે, પણ કાંઈ ફેર પડતો નથી, માટે આપની પાસે દુવા લેવા આવ્યો છું.''

હે ભક્તો ! મહાસમર્થ યોગીવર્ય ગોપાળાનંદ સ્વામી કૃપામય દૃષ્ટિ કરીને રાવ સાહેબ સામે જોઈ રહ્યા અને પછી બોલ્યા: ''રાવ સાહેબ ! હવે પછી શ્રીજી મહારાજની ભક્તિ વધારે કરજો. સત્સંગમાં દૃઢતા રાખીને નિયમ–નિશ્ચય અને પક્ષ રાખજો. આજથી તમને ઊંઘ પણ સારી આવશે અને જમવાનું પણ ભાવશે, આવા અમો આશીર્વાદ આપીએ છીએ.'' એ દિવસથી જ રાવ સાહેબને નિદ્રા પણ સમયસર આવવા લાગી અને જમવાનું પણ ભાવવા લાગ્યું.

હે ભક્તો ! ગઢડામાં વણિકોની સંખ્યા શ્રીજી મહારાજના સમયે બહુ હતી. તેમાં એક વાણિયાને ભૂત વળગ્યું હતું. ભૂતને કાઢવા માટે ઘણા ભૂવા વગેરેને બોલાવી દોરા–ધાગા કરાવ્યા, પણ ભૂત ગયું નહિ. એ સમયે સદ્‌ગુરુવર્ય ગોપાળાનંદ સ્વામી વડતાલથી ગઢપુર પધાર્યા. એ વાતનો ખ્યાલ પેલા વાણિયાના સંબંધીઓને આવ્યો એટલે ભૂતવાળા વણિકને લઈ સ્વામી પાસે આવી ભૂત કાઢવા વિનંતી કરી. તેથી સ્વામીએ દયા કરી એની સામે દૃષ્ટિ કરી એટલે ભૂત નીકળીને ભાગી ગયું ! પછી તે વણિકને સ્વામીનો બહુ ગુણ આવ્યો એટલે વર્તમાન ધરાવી સત્સંગી થયો. થોડા મહિના સત્સંગ કર્યા પછી તે સાધુ થયા અને સમાધિ પણ થવા લાગી ! પરંતુ સ્વામી વડતાલ રહેતા હોવાથી તે ગઢડામાં સંતો સાથે રહેતા હતા, તેથી સમજણ દૃઢ થઈ નહિ; એના કારણે ભગવાં છોડીને પાછા ઘેર જતા રહ્યા ! સંસારી બની ગયા !

## લક્ષ્મીજીએ સયાજીરાવને હાર પહેરાવ્યો

હે ભક્તો ! ગુજરાતમાં સૌથી મોટું રાજ્ય ગાયકવાડ સરકારનું હતું. તેમાં પણ શ્રીજી મહારાજના સમકાલીન મહારાજા સયાજીરાવ (બીજા) બહુ ધાર્મિક હતા. તેઓને મુક્તાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામીના સમાગમને

કારણે શ્રીજી મહારાજ પ્રત્યે ભગવાનપણાનો નિશ્ચય થયો હતો. તેથી વડતાલથી શ્રીહરિજીને વડોદરા બોલાવીને રાજ સન્માન કરી વાજતે–ગાજતે રાજમહેલમાં પધરામણી કરાવી હતી. ત્યારબાદ પણ તેમણે ગોપાળનંદ સ્વામીનો સમાગમ કરવાનું શરુ રાખ્યું હતું.

એકવાર યોગીવર્ય ગોપાળાનંદ સ્વામી વડોદરા વાડી મંદિરમાં પધારી ઘણા દિવસ સુધી રોકાયા હતા. તેનો ખ્યાલ આવતા સયાજીરાવ (બીજા) મહારાજા સ્વામીનાં દર્શન કરવાં આવ્યા. ત્યારે સ્વામીએ કહ્યું: ''સરકાર! તમે પ્રથમ શ્રીલક્ષ્મીનારાયણદેવનાં દર્શન કરીને પછી અહીં આવો.'' સ્વામીના કહેવાથી મહારાજા અને એના માણસો બધા દર્શન કરવાં મંદિર ઉપર ગયા. ત્યારે મહા સમર્થ સ્વામીએ લક્ષ્મીજીને વૃત્તિ દ્વારા કહી દીધું: ''માતાજી ! તમારી પાસે રાજા આવે છે, તેથી તમારી પ્રસાદીનો હાર એને તમે પહેરાવજો.''

હે ભક્તો ! વડોદરા વાડી મંદિરમાં શ્રીલક્ષ્મીનારાયણદેવની આગળ જઈને જ્યાં સયાજીરાવ ઊભા રહ્યા, ત્યાં તો સાક્ષાત્ લક્ષ્મીજીએ પોતાની ડોકમાંથી હાર કાઢીને સયાજીરાવને પહેરાવ્યો ! તે જોઈને સ્વયં સયાજીરાવ અને તેના માણસો આશ્ચર્ય પામી ગયા ! પછી સૌ સભામાં આવ્યા. ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું: ''સરકાર ! લક્ષ્મીજી તમારા ઉપર ઘણા પ્રસન્ન છે, માટે પ્રજાનું પુત્રવત્ પાલન કરીને શ્રીજી મહારાજનો રાજીપો પ્રાપ્ત કરી લેજો.'

## રતીરામ શાસ્ત્રીનું દારિદ્ર ટાળ્યું

હે ભક્તો ! એકવાર ગોપાળાનંદ સ્વામી વડોદરા વાડી મંદિરે સભામાં બેઠા હતા. ત્યારે રતીરામ શાસ્ત્રીએ આવીને કીર્તન ગાયું: 'સંત પારસ ચંદન બાવના...' એ પદ સાંભળીને સ્વામી બોલ્યા: ''સંતનું વચન એ પારસમણિ છે અને રાજા છે તે પ્રત્યક્ષ પારસમણિ કહેવાય.'' તે સમયે સયાજીરાવ સભામાં બેઠા હતા. તેમને સ્વામીએ કહ્યું: ''આ શાસ્ત્રીને રાજી કરો. તમે પારસમણિ છો અને શાસ્ત્રી લોઢા જેવા છે.'' પછી સ્વામીએ શાસ્ત્રીને કહ્યું:

''લોખંડની લોઢી લઈ આવો અને તે સયાજીરાવને અડાડો.'' પછી એમ કર્યું. ત્યારે સ્વામીએ કહ્યું: ''સરકાર! તમે આ લોખંડની લોઢી જેટલું સોનું આ શાસ્ત્રીને આપો.'' તે લોઢી ૧૦ શેરની હતી એટલે સયાજીરાવે દશ શેર સોનાની લોઢી કરાવીને રતીરામ શાસ્ત્રીને આપી. તે જોઈને સ્વામી રાજી થયા. આ પ્રમાણે સોનું અપાવીને સ્વામીએ રતીરામનું દારિદ્ર કાપ્યું.

## મોટા આગળ માન રાખવાનું પરિણામ

હે ભક્તો ! યોગીવર્ય ગોપાળાનંદ સ્વામી એક સમયે વડોદરામાં ઘણું રોકાયા હતા. ત્યારે સ્વામી પાસે મંગળ નામનો બ્રાહ્મણ યુવાન સારસ્વત અને પંચકાવ્ય વગેરે સંસ્કૃતના પુસ્તકો તેમજ ભાગવત ભણ્યો હતો. જ્યારે જ્યારે સ્વામી વડોદરા પધારતા ત્યારે ત્યારે મંગળ કાંઈ ને કાંઈ સંસ્કૃતના ગ્રંથો ભણતો અને દોડી દોડીને સ્વામીની અને મંદિરની સેવા કર્યા કરતો. તેથી સ્વામી તેના ઉપર રાજી થયા અને સુખી થવાના આશીર્વાદ આપ્યા; તેના કારણે તે સયાજીરાવના મોટા અધિકારી બની ગયા.

હવે તો મંગળજી સાહેબ બની ગયા હતા. સ્વામીના સમાગમના કારણે સત્સંગી થયા હતા એટલે દરરોજ વાડી મંદિરે દર્શન કરવા આવતા હતા. એવામાં એક દિવસ વડતાલથી સદ્ગુરુવર્ય ગોપાળાનંદ સ્વામી વડોદરા પધાર્યા. તે વાતનો ખ્યાલ આવતા સયાજીરાવ ગાયકવાડ પણ સ્વામીનાં દર્શન કરવાં આવ્યા. સૌની આગળ સ્વામી કથા-વાર્તા કરી રહ્યા હતા, એ સમયે તે સભામાં મંગળજી સાહેબ આવ્યા. આવીને સ્વામીને પ્રણામ કર્યા, ત્યારે સ્વામીએ વહાલથી કહ્યું: ''આવ મંગળિયા આવ, તું તો મોટો સા'બ થઈ ગયો છે ને ? આ મહારાજા સયાજીરાવ પણ તારી ઉપર બહુ રાજી છે ને ? દરરોજ મંદિરે આવે છે ને ?''

હે ભક્તો ! મોટી સભામાં અને એમાંય પણ સયાજીરાવ ગાયકવાડની હાજરીમાં પોતાને મંગળિયો કહીને બોલાવ્યો, તેથી એમને બહુ ખોટું લાગ્યું. પછી સ્વામીના શિષ્ય પુરુષાનંદ સ્વામી પાસે જઈને મંગળ સાહેબે કહ્યું:

‘‘સ્વામી ! ગોપાળાનંદ સ્વામી મોટા તો બહુ છે, પણ બોલવાનો વિવેક નથી. હું મોટો અધિકારી છું, તેથી લોકો મને મંગળજી સાહેબ કહીને બોલાવે છે અને આજે સયાજીરાવની હાજરીમાં મને સ્વામીએ મંગળિયો કહીને બોલાવ્યો; માટે સ્વામીને કહેજો, મને વિવેકથી બોલાવે.’’ ત્યારે પુરુષાનંદ સ્વામીએ કહ્યું: ‘‘સાહેબ ! હું સ્વામીને કહીશ એટલે તેઓ તમને સારી રીતે બોલાવશે.’’

હે ભક્તો ! સભા પૂર્ણ થયા પછી ગોપાળાનંદ સ્વામી પોતાના આસને ગયા. ત્યારે પુરુષાનંદ સ્વામીએ કહ્યું: ‘‘મંગળજીભાઈને ખોટું લાગ્યું છે, માટે તમે મંગળિયો કહેતા નહિ.’’ પછી બીજા દિવસે તે સભામાં આવ્યા. ત્યારે સ્વામી કહે: ‘‘આવો મંગળજીભાઈ મજામાં છો ને ?’’ આવું સાંભળી તે રાજી થઈ ગયા. પછી સ્વામીએ બેસાડીને પૂછ્યું: ‘‘હું તમારો વિદ્યાગુરુ ખરો કે નહિ ? હું તમારા કરતાં વિદ્યાએ કરીને, જ્ઞાને કરીને, સમજણે કરીને તેમજ ત્યાગાશ્રમે કરીને મોટો કે નહિ ?’’ ત્યારે મંગળજી કહે: ‘‘હા સ્વામી.’’ પછી સ્વામી બોલ્યા: ‘‘હું મારી મોટ્યપ સામે જોઉંને તો તને મંગળિયો પણ ન કહુ. મારી કૃપાથી તને અધિકાર મળ્યો છે ને મારી પાસે માનની ઈચ્છા રાખેછે ? મારો અવગુણ લઈને તારું કલ્યાણ બગડે એવી તને મોટાઈ અપાવી એ મારી ભૂલ થઈ ગઈ, એ ભૂલને હું હવે સુધારી લઈશ.’’ આમ કહીને સ્વામી પોતાના આસને જતા રહ્યા. પછી થોડા દિવસમાં જ તેનો અધિકાર જતો રહ્યો અને સામાન્ય મંગળિયો બની ગયો !

## ગોપાળાનંદ સ્વામીના ચમત્કારો

હે ભક્તો ! વડોદરાના દીવાન બાબાસાહેબને સ્વામિનારાયણ ભગવાન સાથે અને આખા સંપ્રદાય પ્રત્યે દ્વેષ હતો. સયાજીરાવ મહારાજાએ પણ તેને સમજાવેલ; તો પણ સમજ્યો નહોતો. તેને જ્યારે તક મળતી ત્યારે દ્રોહ કર્યા કરતો હતો. એક સમયે તેણે વડોદરામાં પોતાને ઘેર મોટા યજ્ઞનું આયોજન કર્યું. તેમાં મોટા મોટા અધિકારી અને મોટા મોટા વિદ્વાનોને બોલાવ્યા હતા.

યજ્ઞ પૂરો થયો અને પૂર્ણાહુતિનો સમય થયો ત્યારે ઐશ્વર્યનિધિ ગોપાળાનંદ સ્વામીએ સંકલ્પ કર્યો જે, ''આ દીવાન, મહારાજનો અને સંતો–ભક્તોનો દ્રોહી છે, તેથી તેનો યજ્ઞ પૂરો થાય એ સારું નહિ; માટે વરસાદ વરસાવું એટલે યજ્ઞકુંડનો અગ્નિ બુઝાઈ જાય, એટલે યજ્ઞમાં વિઘ્ન આવ્યું કહેવાય.'' આવો સંકલ્પ કર્યો, ત્યાંતો ધોધમાર વરસાદ અચાનક તૂટી પડ્યો ! તેના કારણે યજ્ઞની અગ્નિ બુઝાઈ ગઈ અને યજ્ઞ અધૂરો રહી ગયો !

હે ભક્તો ! એક દિવસ યોગનિધિ ગોપાળાનંદ સ્વામી પૂનમની રાત્રીએ ચંદ્રમાનું મંડળ જોઈને તેમજ તેમની શીતળતા જોઈને તે મંડળમાં પ્રગટ પ્રભુ શ્રીહરિજીની મૂર્તિ ધારીને પ્રતિલોમવૃત્તિ કરીને મહારાજની મૂર્તિ સહિત જ ચંદ્રમંડળ ખેંચ્યું ! તરત જ બાર હજાર જોજન દૂર રહેલ ચંદ્રમંડળ તત્કાળ સ્વામી પાસે ખેંચાઈ આવ્યું !

તે ચંદ્રમંડળમાંથી શ્રીજી મહારાજ બહાર નીકળીને સ્વામી પાસે આવીને તરત જ બોલ્યા: ''હે ગોપાળાનંદ મુનિ ! તમારે શું અજાણ્યું છે તે આ ચંદ્રમાનું મંડળ ખેંચ્યુ ? માટે એને પાછું મોકલીને સ્થિર રહેવા દ્યો.'' મહારાજની આજ્ઞા થતાં જ સ્વામીએ પોતાની વૃત્તિ પાછી ખેંચી એટલે તત્કાળ ચંદ્રમંડળ પોતાના સ્થાને જતું રહ્યું.

## સ્વામીની કૃપાના કારણે...

હે ભક્તો ! એકવાર ગોપાળાનંદ સ્વામી વડોદરા હતા. તે સમયે મેરાલ ભાઉ મંદિરે આવ્યા અને સ્વામીને પ્રાર્થના કરતા કહ્યું: ''સ્વામીજી ! મને બાર વરસથી નિદ્રા આવતી નથી ! તેથી મારા ઉપર દયા કરો તો ઊંઘ આવવા લાગે. ત્યારે સ્વામીએ કહ્યું જે, ''આ કૃષ્ણરામ શાસ્ત્રી તમારું વૈદ્યું કરશે, તેથી તમને ગાઢ ઊંઘ આવવા લાગશે.''

સ્વામીએ આ પ્રમાણે કહ્યું, એટલે તરત જ કૃષ્ણરામે સ્વામી પાસે જઈને કહ્યું: ''સ્વામી ! હું ક્યાં વૈદું ભણ્યો છું ? તો પછી મને કેમ વૈદું કરવાનું કહો છો ?''

ત્યારે સ્વામી બોલ્યા: ''તારે ભણ્યાનું શું કામ છે ? હું જે આપું તે ખવડાવજો એટલે તેનો રોગ નાશ પામશે અને તમારી આજીવિકા પણ ચાલશે.'' એમ કહીને સ્વામીએ અઢી (સાડા બે) તુલસીપાન અને અઢી મરી આપીને

કહ્યું: ''તું સ્વામિનારાયણ નામ લઈને તેને ખવડાવજે એટલે સારું થઈ જશે.'' પછી તે પડીકી કૃષ્ણરામે ભાઉને ખવડાવી, એથી તેને તુરંત ઊંઘ આવી ગઈ ! પછી તે સાંજના ચાર વાગે ઊઠ્યા ! પછી મેરાલ ભાઉએ બીજા દિવસે કૃષ્ણરામ શાસ્ત્રીને બોલાવી આજીવિકા બાંધી આપી.

## સંતોને પ્રારબ્ધનો અનુભવ કરાવ્યો

હે ભક્તો ! સાધુ–સંતો માટે આ પ્રસંગ બહુ પ્રેરણાદાયી છે. જે સાધુ–સંતો એમ કહેતા હોય કે, 'આના વિના મારે ચાલશે જ નહિ, મારે તો આ વસ્તુ જ જોઈશે, આના વિના બીજું મને ફાવે જ નહિ. જમવા માટે તો આવું જ બનાવજો વગેરે ખાવા–પીવાની કે મોજ–શોખની વસ્તુઓ માટે જે લાડકાઈ કરતા હોય છે, એવા માટે ગોપાળાનંદ સ્વામીનો પ્રસંગ સાંભળવા જેવો અને જીવનમાં ઉતારવા જેવો છે.

એકવાર યોગીરાજ વડોદરા પધાર્યા હતા. સાથે સાઠ સંતો હતા. ત્યાં ત્રણ મહિના સુધી રોકાઈને કથા–વાર્તાનું સુખ આપતા હતા. વડોદરામાં સ્વામીના મહિમા વાળા બહુ સત્સંગીઓ હતા, તેથી નિરંતર પાકી રસોઈઓ ચાલતી હતી. સારા સંતો જાણીને હરિભક્તો પોતાના ઘેર સ્વામીને જમવા બોલાવતા. સ્વામી પણ ભક્તોને રાજી કરવા ઘોડાગાડીમાં બેસી દરરોજ જુદા જુદા ભક્તોનાં ઘેર જઈ જમતા હતા. આ રીતે ત્રણ મહિના સુધી સ્વામીએ સાઠ સંતોને પાકી રસોઈ જમાડી વડતાલ આવવા માટે વડોદરાથી ચાલતા નીકળ્યા તે ચાલતા કલાલી ગામ આવીને ધર્મશાળામાં ઉતારો કર્યો.

પછી સવારે પૂજા–પાઠ કરીને પરવાર્યા એટલે સ્વામીએ સાઠ સંતોની સભા કરી થોડીવાર કથા કરીને બોલ્યા: ''હે વહાલા સંતો ! આપણે વડોદરામાં ત્રણ માસ સુધી નિયમિત પાકી રસોઈઓ જમ્યા છીએ તથા નિત્ય ઘોડાગાડીમાં બેસીને જમવા જતા હતા, તે તો શ્રીજી મહારાજનો પ્રતાપ અને તેઓની કૃપાનું ફળ હતું. આપણે

તો દરરોજ શ્રીજી મહારાજનાં પ્રારબ્ધે જમતા હતા, પરંતુ આજે આપણાં પ્રારબ્ધનું જમીએ. આજે સૌ સંકલ્પ કરો કે, ‘આજે અમારાં પ્રારબ્ધમાં હોય તે મળે.’’

આ પ્રમાણે કહીને સંકલ્પ કરીને ચાર સંતોને કલાલી ગામમાં ઝોળી માગવા મોકલ્યા. તે સંતોએ આખા ગામમાં ભિક્ષા માગી ત્યારે ખોરીજારનો દશ શેર લોટ મળ્યો. તે લાવીને ચાર સંતોએ સ્વામીને આપ્યો. ત્યારે ફરીને સાઠ સંતોને બોલાવીને કહ્યું: ‘‘આપણા નસીબમાં તો ખોરી જાર છે. હવે સૌ સ્વામિનારાયણ નામની ધૂન કરીને ભજનમાં બેસો. હવે જો મહારાજનાં પ્રારબ્ધમાં હોય તે આપણને મળે.’’ આ પ્રમાણે કહીને સૌને ધૂન–ભજન કરવા બેસાડ્યા.

હે ભક્તો ! એ સમયે આણંદ શહેરથી પાટીદાર બાવાજીભાઈ કલાલી ગામ આવ્યા. તેણે ભાગોળે રમતાં બાળકોને પૂછ્યું: ‘‘આ ધર્મશાળામાં કોણ છે ?’’ ત્યારે છોકરાંઓએ કહ્યું: ‘‘ગઈ કાલે સાંજે સ્વામિનારાયણના સંતો આવ્યા છે.’’ આવું સાંભળી બાવાજીભાઈ ધર્મશાળાએ આવ્યા. ત્યાંતો ગોપાળાનંદ સ્વામીને જોઈ તુરંત ઘોડીયેથી નીચે ઉતરી સ્વામીને દંડવત કરી પૂછ્યું: ‘‘સ્વામી ! ઠાકોરજીના થાળ માટે શી વ્યવસ્થા છે ?’’ ત્યારે સ્વામીએ ઝોળીમાં આવેલ લોટ બતાવ્યો.

લોટ જોઈને બાવાજીભાઈ બોલ્યાઃ ‘‘ખોરી જારનો લોટ સંતો માટે હોય નહિ, હમણાં જ હું સીધાંની વ્યવસ્થા કરું છું.’’ આ પ્રમાણે વાત કરતા હતા, તે સમયે જ તેમના વેવાઈ કલાલીમાં જ રહેતા હતા તેઓ ત્યાં આવ્યા અને બાવાજીભાઈને પોતાના ઘેર જમવા આવવા બહુ આગ્રહ કરવા લાગ્યા. ત્યારે બાવાજીભાઈ બોલ્યા: ‘‘મારા ગુરુદેવ ગોપાળાનંદ સ્વામી અને આ સાઠ સંતો જમે પછી જ મારાથી જમી શકાશે.’’

આવું સાંભળી તેમના વેવાઈએ પૂછ્યું: ‘‘તમારા સંતોને તમારે જે જમાડવું હોય તે મને કહો, હમણાં જ લઈ આવું.’’ ત્યારે બાવાજીભાઈ બોલ્યાઃ ‘‘સાઠ સંતો છે, તેથી એક મણ આટો (લોટ) અને તે પ્રમાણે સાકર, ઘી, દાળ, ચોખા વગેરે સામાન મંગાવો તેમજ બે રસોયા પવિત્ર બ્રાહ્મણને રસોઈ કરવા બોલાવો.’’ ત્યારે તેમના સંબંધી

બોલ્યા જે, 'સંત તો અમારા મહેમાન કહેવાય, એટલે અમારા તરફથી સંતોને રસોઈ આપશું.'

હે ભક્તો ! આ પ્રમાણે કહીને તુરંત પવિત્ર બ્રાહ્મણોને બોલાવી રસોઈ કરાવી સર્વે સંતોને જમવા બોલાવ્યા. ત્યારે સંતોએ જઈ પ્રથમ તો ઠાકોરજીને થાળ ધરાવ્યો અને ત્યારબાદ સ્વામી અને સંતો જમ્યા. સંતોએ જમી લીધું એટલે વધેલી પ્રસાદી બાવાજીભાઈ અને તેમના વેવાઈ વગેરે ઘરના સર્વે લોકો જમ્યા. પછી ગોપાળાનંદ સ્વામીએ સર્વે સંતોને કહ્યું: ''જોયુંને સંતો ! આપણાં પ્રારબ્ધમાં તો પહેલાં લોટ આવ્યો હતો તે છે; પણ જ્યારે મહારાજની કૃપારૂપી પ્રારબ્ધ આવ્યું ત્યારે આપણે સૌ પાકી રસોઈ જમી શક્યા, માટે મહારાજના પ્રતાપથી આપણે સુખી છીએ; તે માટે મહારાજની આજ્ઞા પ્રમાણે રહી, તેઓનો મહિમા સમજી ખૂબ ભજન-ભક્તિ કરવી.''

## સ્વામીના આશીર્વાદથી બે પુત્રો થયા

હે ભક્તો ! એકવાર યોગીરાજ ગોપાળાનંદ સ્વામી વડતાલથી આણંદની બાજુમાં આવેલ નાપા ગામ પધાર્યા. ત્યાં થોડા દિવસ રોકાઈને કથા-વાર્તાનું સુખ આપ્યું, તેમજ હરિભક્તોનાં ઘેર ઘેર પધરામણીઓ કરી ભક્તોને રાજી કરી દીધા. પછી વડતાલધામ આવવાને તૈયાર થયા ત્યારે ગામના સૌ હરિભક્તો ભાગોળ સુધી વળાવવા આવ્યા. પછી સ્વામીએ સૌને ઊભા રાખી ઘેર જવાનું કહ્યું.

ત્યારે તે ભક્તોમાં બે ભાઈ બારોટ હતા, તેમણે વિનંતી કરતા સ્વામીને કહ્યું: ''હે સ્વામીજી ! અમારે બે ભાઈઓમાંથી એકને પણ પુત્ર નથી, માટે તમે કૃપા કરો તો ઘેર ઘોડિયું બંધાય.'' આવું સાંભળીને ગોપાળાનંદ સ્વામી ખેતરમાંથી એક તાંદળજાનું ડાળખું તોડીને બોલ્યા: ''લે, આ તારો પુત્ર ! અર્થાત્ તારી ઘરવાળીને એક દીકરો થશે.'' ત્યારે તે હરિભક્ત બોલ્યા જે, 'સ્વામીજી ! આ તો બે ડાળખાં છે.'' ત્યારે સ્વામી કહે: ''તો તારે બે પુત્ર થશે !'' પછી સમય જતાં તે બારોટ ભક્તના ધર્મ-પત્નીને સ્વામીના આશીર્વાદથી બે પુત્ર થયા ! અને બન્ને એકાંતિક ભક્ત બન્યા હતા.

હે ભક્તો ! એકવાર સ્વામી સારંગપુર પધાર્યા હતા. ત્યારે જીવાખાચરના દીકરા વાઘાખાચરે ગોપાળાનંદ સ્વામીને પ્રાર્થના કરીને કહ્યું: ''સ્વામીજી ! વ્યવહારમાં સુખી થતા નથી.'' ત્યારે સ્વામીએ કહ્યું: ''જ્યાં સુધી તમારી જમીન તમે જાતે નહિ વાવો, ત્યાં સુધી દુ:ખી થશો. માટે આજથી ઘરખેડ કરો તો વ્યવહારે સુખિયા થશો.'' પછી વાઘાખાચરે બીજાઓને ભાગીદારીમાં વાવવા આપેલ હતું, તે જાતે વાવવા લાગ્યા. પછી સ્વામીના આશીર્વાદથી ખેતરમાં સારું પાકવા લાગ્યું, તેના કારણે વ્યવહારે સુખી થયા.

## સ્વામીને હઠાગ્રહ કરી મુળી લઈ ગયા

હે ભક્તો ! સ્વામિનારાયણ ભગવાન અક્ષરધામમાં પધાર્યા પહેલાં તેઓ સદ્‌ગુરુ સખા બ્રહ્માનંદ સ્વામીને કહેતા ગયેલા કે, 'તમે મુળીધામમાં મોટું મંદિર કરાવજો.' પછી તો મહારાજ ધામમાં જતા રહ્યા. ત્યારબાદ બ્રહ્માનંદ સ્વામી મુળીધામ પધાર્યા અને ટૂંક સમયમાં જ વિશાળ મંદિર તૈયાર કરાવી દીધું અને સંવત્ ૧૮૮૮ના મહાસુદ પાંચમ અર્થાત્ વસંત પંચમીનું પ્રતિષ્ઠાનું મુહૂર્ત આવ્યું. પછી સૌ સંતો અને હરિભક્તો તેમજ આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ સર્વેની સભા થઈ. તેમાં સર્વાનુમતે નક્કી થયું કે, 'વડતાલ દેશથી સદ્‌ગુરુવર્ય ગોપાળાનંદ સ્વામીને બોલાવવા અને તેના દ્વારા મુળી મંદિરમાં મૂર્તિઓ પધરાવવી !'

પછી આચાર્યશ્રી તથા બ્રહ્માનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામીને તેડવા માટે સદ્‌ગુરુ મહાનુભાવાનંદ સ્વામી અને સંતોને ગઢપુર મોકલ્યા. તેઓએ જઈને સ્વામીને દંડવત પ્રણામ કરી આચાર્ય અયોધ્યાપ્રસાદ મહારાજનો પત્ર તથા બ્રહ્માનંદ સ્વામીનો પત્ર સ્વામીને આપ્યો. તે વાંચીને ગોપાળાનંદ સ્વામીએ સવિનય કહ્યું: ''સ્વામી ! મારે તો ધોલેરા જવાનું નક્કી થઈ ગયું છે. ધોલેરા ધામમાં પણ વસંતપંચમીના દિવસે જ શ્રીહરિકૃષ્ણ મહારાજ પધરાવવાનું મુહૂર્ત આવ્યું છે, માટે મારાથી મુળી અવાશે નહિ, તેથી તમો બ્રહ્માનંદ સ્વામીને કહેજો કે, તેઓ દેવો પધરાવે.''

હે ભક્તો ! આ પ્રમાણે કહીને ગોપાળાનંદ સ્વામીએ પત્ર લખી આપ્યો. પછી સંતોએ મુળી જઈ તે પત્ર બ્રહ્માનંદ સ્વામીને આપ્યો. પત્ર વાંચીને તુરંત બ્રહ્માનંદ સ્વામી બળદ-ગાડી જોડાવીને ઉતાવળે ચલાવીને મુળીથી

ગઢપુર આવ્યા. આવીને તેઓ ગોપાળાનંદ સ્વામીને મળ્યા. અને બન્ને સદ્‌ગુરુ એકબીજાને ભેટી રાજી થયા. પછી બ્રહ્મમુનિ બોલ્યાઃ ''સ્વામીજી ! મારી તમને પ્રાર્થના છે કે આપ મુળી પધારો અને દેવો પધરાવો. ગમે તેમ થાય, પણ તમારે મુળી તો આવવું જ પડશે. તમારા વિના હું દેવોની પ્રતિષ્ઠા કરીશ નહિ.''

બ્રહ્માનંદ સ્વામીનો હઠાગ્રહ જોઈને ગોપાળાનંદ સ્વામી તેમને સમજાવવા લાગ્યાઃ ''સ્વામી ! ધોલેરા જવાની મેં અગાઉ હા કહી દીધી છે, તેથી હું ત્યાં નહિ જાવ તો ત્યાંના સંતો–ભક્તોને દુ:ખ લાગશે; માટે તમે મારું ધર્મસંકટ જાણીને દુરાગ્રહ ન કરો.'' ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યુંઃ ''તમે એક રાત માટે પણ મુળી પધારો. પછી હું ડાક ચોકી કરીને એક રાતમાં તમોને ધોલેરા પહોંચતા કરી દઈશ.'' (ડાક ચોકી એટલે એક ગામથી ગાડામાં બેસી બીજાં ગામમાં જવાનું. ત્યાં બીજું ગાડું તૈયાર હોય, તેમાં બેસીને ત્રીજાં ગામમાં જવાનું, ત્યાં પણ બળદ–ગાડું તૈયાર ઊભું હોય; આ રીતે ગાડાંઓની સાંકળ કરીને ઝડપથી પહોંચાડવા એને ડાક ચોકી કહેવાય છે.) પછી ગોપાળાનંદ સ્વામી ગઢપુરથી ઘણા સંતોને લઈ બ્રહ્માનંદ સ્વામી સાથે મુળીધામ પધાર્યા.

## સ્વામીએ મુળીધામમાં લાડુ ખૂટવા ન દીધા

હે ભક્તો ! યોગીરાજ ગોપાળાનંદ સ્વામી મુળી પધાર્યા એ સમાચાર સાંભળી આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ અને મુળી પ્રદેશના સંતો–ભક્તો બહુ રાજી થયા. મુળી પહોંચીને ગોપાળાનંદ સ્વામીએ બ્રહ્માનંદ સ્વામીને પૂછ્યુંઃ ''સ્વામી ! પક્વાનનું કેમ છે ?'' ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યુંઃ ''મોતિયા લાડુ કર્યા છે.'' ત્યારે સ્વામીએ કહ્યુંઃ ''માનભોગ (શીરો) જો કર્યો હોત તો સારું થાત, કેમ જે તરત તાવડા ચાલતા કરાય.'' ત્યારે સૌ સંતો બોલ્યા જે, ''સ્વામીજી ! લાડુનો આખો ઓરડો ભર્યો છે.''

હે ભક્તો ! પછી જમવાનો સમય થયો એટલે સૌને જમવા માટે બોલાવ્યા. તે સમયે ઝાલાવાડી પ્રદેશના દરેક ગામના બ્રાહ્મણો અને સત્સંગીઓ પ્રતિષ્ઠા–ઉત્સવના તેમજ વસંત–પંચમીના સમૈયાનાં દર્શન કરવાં આવેલા. તેમાંય

વળી વડતાલદેશથી યોગીવર્ય ગોપાળાનંદ સ્વામી પધારેલા અને અમદાવાદથી આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ પધારેલા એટલે તે બન્નેનાં દર્શન કરવાં માટે પણ ઘણા હરિભક્તો આવેલા. તેથી જ્યાં જૂવે ત્યાં જાણે કે માણસોનું કીડીયારું ઊભરાણું હોયને શું ? તેમ માણસો દેખાતા હતા.

હે ભક્તો ! પ્રથમ પંક્તિમાં દરેક બ્રાહ્મણો અને હરિભક્તો જમવા લાગ્યા. એક પંક્તિ જમી રહી ત્યાંતો લાડુનો ભરેલો ઓરડો ખાલી થવા આવ્યો ! તુરંત મહાનુભાવાનંદ સ્વામી અને સંતો બ્રહ્માનંદ સ્વામી પાસે ગયા અને સર્વે વાત કરી. ત્યારે તેઓ બોલ્યાઃ ''આ તો યોગીનું (ગોપાળાનંદ સ્વામીનું) કામ છે. પછી બ્રહ્માનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામી પાસે જઈને સર્વે વાત કરી. તેથી બન્ને સંતો જે ઓરડામાં લાડુ રાખ્યા હતા ત્યાં આવ્યા. ત્યાં જોયું તો આશરે વીશ મણ જેટલા જ લાડુ વધ્યા હતા અને જમવામાં તો હજુ એક પંક્તિ જ જમી હતી.

પછી ગોપાળાનંદ સ્વામી બોલ્યાઃ ''લાડુ ઢાંકી દો અને આપણા લાલજી લાવો. પછી સ્વામીના લાલજી લાવ્યા. તેઓને ખુરશી ઉપર પધરાવ્યા અને સ્વામી ઢોલણી (નાની પાટ કે ખાટલી) નાંખીને ત્યાં જ બેઠા. પછી સ્વામીએ આજ્ઞા કરી જે, ''હવે તમે સૌ પીરસવા મંડો, કોઈપણને ભૂખ્યા જવા દેશો નહિ.'' પછી રાત્રીના બાર વાગ્યા સુધી સૌને જમાડીને લાડુને ઢાંકેલું વસ્ત્ર લઈને જોયું ત્યાંતો પ્રથમ લાડુનો ઢગલો જોયો હતો, એટલો જ ૨૦ મણ લાડુનો ઢગલો સૌએ જોયો ! પછી સૌ સ્વામીના પગમાં પડીને બોલ્યાઃ ''સ્વામીજી ! તમે જો પધાર્યા ન હોત તો આજ લાજ રહેત નહિ.''

હે ભક્તો ! પછી બીજા દિવસે સવારે અયોધ્યાપ્રસાદજી મહારાજ સાથે રહીને સ્વામીએ રાધાકૃષ્ણદેવની આરતી ઉતારી. ત્યાર પછી ગોપાળાનંદ સ્વામી ધોલેરા જવા તૈયાર થયા, ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ હાથ જોડીને કહ્યુંઃ ''સ્વામી ! તમે દેવ તો પધરાવ્યા, પણ આ ખાર ભૂમિમાં કાંઈ ફળ-ફૂલ થાય નહિ, માટે દેવ માટે મેવો થાય એવી કૃપા કરો.'' ત્યારે ગોપાળાનંદ સ્વામી બોલ્યાઃ ''આ વાડીમાં દાડમ વાવજો, તે બહુ સારાં થશે. પરંતુ યાદ રાખજો. એ દાડમ દેવને જ જમાડજો, પરંતુ કોઈને આપશો નહિ.'' પછી તો સ્વામીના કહેવાથી દાડમ વાવ્યાં.

તેથી એક એક શેરનાં એક એક દાડમ થવાં લાગ્યાં. તેથી તે સર્વે દાડમો શ્રીરાધાકૃષ્ણદેવ વગેરે દેવોના મેવામાં ધરાવવા લાગ્યા.

## પૂજાવિધિમાં પ્રત્યક્ષ દેવો આવે છે

હે ભક્તો ! સદ્ગુરુવર્ય ગોપાળાનંદ સ્વામી મુળીધામમાં આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ સાથે રહીને પ્રતિષ્ઠાની આરતી ઉતારીને તેમજ દેવના મેવા માટે દાડમ થવાનું વરદાન આપીને તુરંત ડાક્ચોકી દ્વારા ધોલેરા પહોંચી ગયા. તે વખતે ત્યાં પૂજાવિધિમાં સૌ દેવતાઓનાં સ્થાપન કર્યાં હતાં. ત્યારે ભાલ પ્રદેશમાં આવેલ રોજકા ગામના શિવશંકર ભટ્ટે સ્વામીને કહ્યું જે, ‘‘સ્વામી ! આ સ્થાપન ઉપર સૌ દેવ આવેલાં હશે ?’’ ત્યારે સ્વામીએ કહ્યું: ‘‘હા, સૌ દેવો આવી ગયાં છે.’’ ત્યારે શિવશંકર ભટ્ટ કહે: ‘‘તેની શી પરીક્ષા થાય ?’’ પછી ગોપાળાનંદ સ્વામીએ વિજ્ઞાનદાસ સ્વામીને કહ્યું: ‘‘તમે સમાધિ કરીને સૌ દેવનાં દર્શન કરીને પાછા આવો ! તેઓ સૌ સૌનાં સ્થાનકે આવ્યા છે કે નહિ ? તે જોતા આવજો.’’

સ્વામીની આજ્ઞા થતાં જ વિજ્ઞાનદાસ સ્વામી સમાધિ કરીને સૌ દેવતૌઓનાં દર્શન કરીને પછી પાછા આવ્યા અને સભામાં બેઠેલા સ્વામીને વાત કરી કે, ‘‘સૌ દેવ પોતાપોતાનાં સ્થાનકે બેઠાં છે.’’ ત્યારે સ્વામીએ કહ્યું: ‘‘શંકર આવ્યા છે ?’’ ત્યારે વિજ્ઞાન સ્વામીએ કહ્યું: ‘‘હા, આવ્યા છે.’’ ત્યારે સ્વામીએ ફરીને પૂછ્યું: ‘‘તેમણે કેવાં વસ્ત્રો પહેર્યાં છે ?’’ ત્યારે વિજ્ઞાનદાસ સ્વામીએ કહ્યું: ‘‘શંકરે શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં છે અને ડોકમાં તુલસીની કંઠી પહેરી છે. તિલક કરેલ છે, જનોઈ પહેરેલ છે, મસ્તકે શિખા છે અને હાથમાં શંખ–ચક્ર–ગદા અને પદ્મની છાપો છે.

આવું સાંભળી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું: ‘‘સમાધિ કરીને મહાદેવને પૂછી આવો કે, તમોએ ક્યારે ભાગવતી દીક્ષા લીધી છે ?’’ તેથી સ્વામીએ સમાધિ કરીને મહાદેવ પાસે જઈને આ સવાલ પૂછ્યો. ત્યારે શિવજીએ જવાબ

આપ્યો: ''સ્વામી ! સ્વામિનારાયણ ભગવાન જ્યારે નાની ઉંમરે વનમાં વિચરણ કરી રહ્યા હતા, ત્યારે અમે વનમાં જઈ મીઠું અને સાથવો આપ્યો હતો, એ સમયે ભાગવતી દીક્ષા લીધી છે.'' પછી સ્વામીની સમાધિ ઉતરી એટલે સભામાં સૌ સાંભળે એ રીતે તેમણે ગોપાળાનંદ સ્વામીને સર્વે વાત કરી.

હે ભક્તો ! વિજ્ઞાનદાસ સ્વામીએ સર્વે વાત કરી એ સાંભળીને ભૂદેવ શિવશંકરે ગોપાળાનંદ સ્વામીને પ્રશ્ન પૂછતા કહ્યું: ''સ્વામીજી ! વનમાં વર્ણી પ્રભુએ ઘણા દિવસે જમવાનો સંકલ્પ કર્યો, ત્યારે શંકરને મીઠું અને સાથવો જ મળ્યાં ? (અર્થાત્ સારાં સારાં ભોજન જમાડવા જોઈએને ?) ત્યારે સ્વામીએ કહ્યું: ''એ સમયે મહારાજે તપ કરીને દેહને સૂકવી નાખ્યો હતો. વર્ણીપ્રભુની ઈચ્છા જ તપ કરવાની હતી, તેથી તપસ્વીને અનુરૂપ સાત્વિક અન્ન સાથવો અને મીઠું મહાદેવ લાવ્યા હતા.

## સ્વામીએ ઘેલા નદીનો મહિમા કહ્યો

હે ભક્તો ! જ્યારે ગઢડામાં સદ્‌ગુરુવર્ય ગોપાળાનંદ સ્વામી રહેતા હતા ત્યારે દરરોજ સવારે ચાર વાગે મંદિરથી ચાલીને ઘેલા નદીમાં સ્નાન કરવા માટે જતા હતા. પછી તો શ્રીજી મહારાજ ધામમાં પધાર્યા. ત્યારબાદ ગોપાળાનંદ સ્વામીએ કર્મભૂમિ વડતાલને બનાવી દીધી હતી; તો પણ ઘણીવાર મહાપ્રસાદીનું સ્થાન જાણીને સ્વામી ગઢપુરમાં રહેવા જતા હતા. એ સમયે સ્વામીની ઉંમર થઈ ગઈ હતી, છતાં પણ પ્રસાદીની નદી જાણીને સવારે ચાર વાગ્યે જાગીને સ્વામી હાથમાં લાકડી રાખીને ઘેલામાં દરરોજ સ્નાન કરવા જતા હતા. સાથે પોતાના શિષ્ય સેવક તરીકે પુરુષાનંદ સ્વામી પણ જતા.

એક દિવસ પુરુષાનંદ સ્વામીએ કહ્યુ: ''ગુરુદેવ ! તમને વિનંતી કરીને કહું છું કે તમે હવે ઘેલા નદીએ ચાલીને સ્નાન કરવા આવવાનું બંધ કરો અને મંદિરમાં નાવાનું રાખો; કારણ કે તમે હવે વૃદ્ધ થયા છો, તેના કારણે ક્યારેક ચાલતા ચાલતા જો પડી જશો તો વાગી જશે. હું જાણું છું કે તમારે ઘેલાના પાણીથી નાવાનો મહિમા

છે, તેથી હું દરરોજ ઘેલા નદીનું જળ ભરીને મંદિરમાં લાવીશ અને ગરમ કરીને પછી તે જળથી તમને નવડાવીશ, માટે ઘેલાએ ચાલીને જવાનું બંધ કરો તો સારું.''

હે ભક્તો ! પોતાના શિષ્યનો પવિત્ર ભાવ જોઈને ગોપાળાનંદ સ્વામીએ કહ્યું: ''પુરુષાનંદ ! તમે જે વાત કરી તે સાચી છે, પરંતુ ઘેલા નદીના ખળખળિયા ઘાટે તો દરરોજ અનેક ધામોના મુક્તો નાવા માટે આવે છે, તે માટે હું પણ તે ઘાટે નાવા જાઉં છું. અનેક ધામના મુક્તો મહારાજનો મહિમા સમજી આટલા બધા દૂરથી જો સ્નાન કરવા આવતા હોય, તો પછી મારે તો મંદિરેથી અહીંયાં નાવા આવવું જ પડેને ? માટે શરીર સાથ આપે છે અને ચાલી શકાય છે, ત્યાં સુધી ઘેલા નદીએ જઈને જ નાવું આવી મારી ઈચ્છા છે.

હે ભક્તો ! ગોપાળાનંદ સ્વામીએ કહેલું કે, 'અનેક ધામોના મુક્તો દરરોજ સ્નાન કરવા ખળખળિયે આવે છે.' આ વાત પુરુષાનંદ સ્વામીને બરાબર મનાણી નહિ. પછી બીજા દિવસે સવારે ચાર વાગે તેઓ ઘેલામાં નાવા ગયા. ત્યારે તેમણે ત્યાં દિવ્યમુક્તોને સ્નાન કરીને જતા જોયા ! તેથી પૂછ્યું: ''તમે કોણ છો ?'' ત્યારે તેઓએ કહ્યું: ''અમો શ્વેતદ્વીપના મુક્તો છીએ. અમો દરરોજ સ્નાન કરવા આવીએ છીએ અને અહીંનું પ્રસાદીનું જળ કમંડળ ભરી જઈને ત્યાં વાસુદેવ નારાયણને અભિષેક કરીએ છીએ; કારણ કે આ જળમાં સર્વોપરી પુરુષોત્તમ નારાયણે અનંતવાર સ્નાન કરેલ છે.''

આવું સાંભળીને પુરુષાનંદ સ્વામીને અતિ આશ્ચર્ય થયું ! પછી તેઓ સ્નાન કરીને મંદિરે આવ્યા. ત્યારે અંતર્યામીપણે ગોપાળાનંદ સ્વામીએ કહી દીધું: ''પુરુષાનંદ ! આજે શ્વેતદ્વીપના મુક્તોનાં દર્શન થયાંને ?'' ત્યારે સ્વામીએ હા કહી. પછી તો તેમને પણ ઘેલા નદીનો મહિમા વિશેષ સમજાઈ ગયો. તેથી તેઓ પણ સંતો-ભક્તોને ઘેલામાં સ્નાન કરવા માટે સમજાવવા લાગ્યા.

## સ્વામીની કૃપાથી હરજી ઠક્કરને લઘુશંકા થઈ

હે ભક્તો ! એકવાર યોગેશ્વર ગોપાળાનંદ સ્વામી ગઢપુરમાં હતા. તે સમયે દાદાખાચરના કારભારી હરજી ઠક્કરને લઘુશંકા (પેશાબ) બંધ થઈ ગઈ ! તેના કારણે પીડા થવા લાગી. તુરંત તેમના દીકરા મનજી ઠક્કર વૈદને બોલાવી લાવ્યા. તેમણે પણ દવા આપીને મહેનત કરી, પરંતુ પેશાબ શરુ થયો નહિ. ત્યારે પથારીમાં સૂતા સૂતા હરજી ઠક્કર બોલ્યાઃ ''મનજી બેટા ! બીજે જ્યાં-ત્યાં જવાનું રહેદા દે અને ગોપાળાનંદ સ્વામી પાસે જા. સ્વામીને મારા વતી પ્રાર્થના કરીને કહેજે.''

પિતાની વાત સાંભળી મનજી ઠક્કર તુરંત ગોપાળાનંદ સ્વામી પાસે આવ્યા અને દંડવત કરીને રડતા રડતા કહ્યુંઃ ''સ્વામીજી ! મારા પિતાને બહુ પીડા થાય છે, માટે કૃપા કરીને રોગમુક્ત કરો. તેમને પેશાબ બંધ થઈ ગયો છે, તેથી મૃત્યુ પણ થઈ શકે તેમ છે, માટે તેઓને જલદી સારું થઈ જાય એવી કૃપા કરો.''

આવું સાંભળીને દયાળુ સ્વામી બોલ્યાઃ ''મગની ફાડ જેટલી ફટકડી અને મગની ફાડ જેટલી ખાંડ, એ બન્ને ભેગાં કરીને ખવડાવી દેજો, એટલે લઘુશંકા ઊતરશે.'' તુરંત મનજી ઠક્કર ઘેર ગયા અને સ્વામીનાં વચનમાં વિશ્વાસ રાખી એક નાનો ટુકડો ફટકડીનો અને બીજો નાનો ટુકડો ખાંડનો હરજી ઠક્કરને ખવડાવ્યો. ત્યાંતો આશ્ચર્ય થયું, તરત જ પેશાબ થવા લાગ્યો !

## સ્વામીનાં વચને ત્રણ પુત્રો થયા

હે ભક્તો ! એક વખત યોગીવર્ય ગોપાળાનંદ સ્વામી વડતાલથી અમદાવાદ પધાર્યા હતા. ત્યાં નરનારાયણદેવ આગળ છપ્પન-ભોગ ધરાવવામાં આવ્યો હોવાથી અનેક સંતો-ભક્તો બન્ને દેશમાંથી આવ્યા હતા. તે સમયે કાઠિયાવાડમાં આવેલ વેજળકા ગામના હરિભક્ત બ્રાહ્મણ ભીમભાઈ પંડ્યા પણ અમદાવાદ દર્શન કરવા આવ્યા હતા. ત્યાં આવીને નરનારાયણદેવનાં દર્શન કર્યા પછી ગોપાળાનંદ સ્વામી પાસે ગયા અને દંડવત કરીને ગળગળા

થઈને વાત કરી : ''સ્વામીજી ! અમારું વેજળકા ગામ સીમાડાનું ગામ છે. ગઢપુરદેશનાં છેલ્લાં ગામડાંઓમાં અને અમદાવાદ દેશનાં પણ છેલ્લાં ગામડાઓમાં અમારું છેલ્લું ગામ છે, તેથી હું ગોપીનાથજી મહારાજને ધર્માદો આપું છું.

એક દિવસ અમારા ગામમાં અમદાવાદથી દેવાનંદ સ્વામી (દેવાનંદ નામના ચાર સંતો હતા !) નામ–ધર્માદો લેવા આવ્યા. ત્યારે મેં કહ્યું: ''સ્વામી ! અમો તો ગઢપુર ધર્માદો આપીએ છીએ અને ત્યાંજ આપીશું, પણ અમદાવાદ નહિ આપીએ.'' આવું મેં કહ્યું તરત તેઓ ક્રોધે ભરાયા અને મને શાપ આપ્યો: 'જા, તારો વંશ જશે.'' આવું સાંભળી ગોપાળાનંદ સ્વામીએ આશીર્વાદ આપતા કહ્યું: ''ભીમ પંડ્યા ! સુખેથી મહારાજનું ભજન–ભક્તિ કરજો, તમારા ઘેર ત્રણ દીકરા થશે.'' પછી સ્વામીની કૃપાથી સમયાંતરે એક પછી એક એમ ત્રણ દીકરા થયા !

## તારું કલ્યાણ ગોપાળાનંદ સ્વામી કરશે

હે ભક્તો ! ભાલ પ્રદેશમાં ધંધુકા નજીક ખરડ નામનું ગામ આવેલ છે. તે ગામમાં ગોવિંદજી દવે પવિત્ર બ્રાહ્મણ રહેતા હતા. તેઓ જગન્નાથ ભગવાનના ભક્ત હોવાથી ચાલીને ત્રણ વાર જગન્નાથપુરીમાં ભગવાનનાં દર્શન કરવાં ગયા હતા ! તેઓ જ્યારે ત્રીજી વખત પુરી ગયા ત્યારે જગન્નાથજીનાં મંદિર ઉપર અગાશીમાં જઈને બેસી ગયા અને મનોમન નક્કી કર્યું: ''મારું કલ્યાણ થશે કે નહિ થાય ? એ પરીક્ષા માટે હું ખાવા–પીવાનું બંધ કરીને અહીં બેસી જાવ.'' આ પ્રમાણે વિચાર કરીને અનશનવ્રત લઈને ભૂખ્યા–તરસ્યા ધાબા ઉપર બેસીને જગન્નાથજીનું ભજન કરવા લાગ્યા.

એક દિવસ અન્ન–જળ વિનાનો પૂરો થયો અને બીજો દિવસ શરુ થયો, ત્યારે જગન્નાથ પ્રભુએ બીજા દિવસની રાત્રીએ બ્રાહ્મણનું રૂપ ધારણ કરી ગોવિંદજી ભગતને દર્શન દઈને કહ્યું: ''તારે કલ્યાણ કરવું હોય તો તું તારા પ્રદેશની બાજુમાં આવેલ કાઠિયાવાડ પ્રદેશમાં સ્વામિનારાયણ ભગવાનના સંત ગોપાળાનંદ સ્વામી પાસે જા,

એ તારું કલ્યાણ કરશે.'' આ પ્રમાણે ભૂદેવે કહ્યું. ત્યારે દવેએ પૂછ્યું: ''તમે કોણ છો ?'' ત્યારે પ્રભુએ કહ્યું: ''હું જગન્નાથ ભગવાન પોતે છું. હું એ આ કાષ્ઠની મૂર્તિમાં પ્રવેશ કરું તો તું જાણજે કે, હું જગન્નાથજી છું. વળી, તમે ગોપાળાનંદ સ્વામી પાસે જાવ ત્યારે તેઓ એમ કહે જે, ''આવો ગોવિંદજી ! તમારું જગન્નાથજીએ કલ્યાણ ન કર્યું તે મારી પાસે આવ્યા છો ?''

હે ભક્તો ! પછી તો ગોવિંદજી દવે ઠેઠ પુરી (ઓરિસ્સા)થી પગે ચાલીને પોતાનાં ગામમા આવ્યાં. ત્યાં તેમણે સત્સંગીઓને પૂછ્યું: ''તમારામાં કોઈ માણસ ગોપાળાનંદ સ્વામી છે ?'' ત્યારે હરિભક્તોએ કહ્યું: ''એ તો મોટાપુરુષ છે. અહીં આવશે એટલે તમને જણાવીશું.'' પછી થોડા દિવસ પછી ગોપાળાનંદ સ્વામી ગઢપુરથી વડતાલ આવતા હતા, ત્યારે ખરડ ગામના પાદરમાં ઊભા રહ્યા. તે વાતનો સર્વે ભક્તોને ખ્યાલ આવતાં તેઓ પાદરમાં આવ્યા. પછી સ્વામી ગાડીમાં બેસીને સૌ ભક્તોને પાછા વાળીને ગાડી ચલાવવા કહ્યું. એ સમયે ગોવિંદજી દવેને ખ્યાલ આવતા, પોતાના ભત્રીજા, બેચર દવે તથા દામોદર દવેના હાથ પકડી ઉતાવળા દોડીને બૂમો પાડીને ગાડું ઊભું રાખવા કહ્યું.

એ સમયે સ્વામી સાથે ગાડામાં બોટાદના ભગા દોશી બેઠા હતા. તેમણે કહ્યું: ''સ્વામી ! કોઈ ડોસો બૂમ પાડે છે.'' પછી આગળ જઈને ગાડી ઊભી રખાવી. ત્યારે ત્યાં આવીને સ્વામીના પગ પકડ્યા ! ત્યારે સ્વામી બોલ્યા: ''ગોવિંદજી દવે ! જગન્નાથજી પ્રભુએ તમારું કલ્યાણ ન કર્યું ? કલ્યાણ માટે મારી પાસે મોકલ્યા ?'' ત્યારે દવે કહે: ''તમે ને જગન્નાથ જુદા નથી.'' ત્યારે સ્વામી કહે: ''હું તો એનો દાસ છું.'' પછી એમ કહી વર્તમાન ધરાવી દવેને દરરોજ પાંચ માળા કરવાનું નિયમ આપ્યું. પરંતુ ગોવિંદજી ભગતને સ્વામીનો મહિમા બહુ હોવાથી તે સ્વામીને સંભાર્યા કરતા. પછી તેમનો અંતકાળ આવ્યો ત્યારે બોલ્યા: ''ગોપાળાનંદ સ્વામી મને તેડવા આવ્યા છે ને હું ભગવાનના ધામમાં જાઉં છું.'' આ રીતે કહીને દેહ છોડી સ્વામી સાથે ધામમાં ગયા.

## વાસનાને કારણે સંત પુત્રરૂપે જન્મ્યા !

હે ભક્તો ! સ્વામિનારાયણ ભગવાને અંત્ય પ્રકરણનાં ૧૯માં વચનામૃતમાં સંતોને સાવધાન કરતા કહ્યું છે કે, ''સંતોએ પોતાનાં સગાં–સંબંધીઓ સાથે હેત ન રાખવું. તેમજ પોતાની સેવા કરતા હોય એવા જે સત્સંગી હોય તેમની સાથે પણ પોતાના નિજ સ્વાર્થ માટે હેત ન રાખવું. શા માટે જે, પોતાના જીવને એ થકી બંધન થાય છે. અને જેમ ભગવાનનું ચિંતવન થાય, તેમ જ જેમાં પોતાનો સ્વાર્થ હોય તેનું પણ ચિંતવન થવા માંડે, એ જ એને ભગવાનના ભજનમાં વિઘ્ન કહેવાય.''

હે ભક્તો ! ઉપરોક્ત વચનામૃતમાં શ્રીજી મહારાજે કહ્યું છે કે, 'નિજ સ્વાર્થ માટે હેત રાખનારાને બંધન થાય છે.' તો તે વિષેના એક સત્ય પ્રસંગનું અવલોકન કરીને સાવધાન બની જઈએ. વાત જાણે એમ બનેલી કે એકવાર આચાર્ય રઘુવીરજી મહારાજ અને યોગીવર્ય ગોપાળાનંદ સ્વામી વગેરે સંતો ભાલ પ્રદેશમાં આવેલા રોજકા ગામમાં પધાર્યા હતા. ત્યાં હરિભક્તોને ઘેર પધરામણી કરીને સંતો મંદિરમાં આવ્યા. તે સમયે એક બ્રાહ્મણનો પુત્ર બીમાર હોવાથી તે બ્રાહ્મણે આવી ગોપાળાનંદ સ્વામીને પોતાના ઘેર આવવાની વિનંતી કરી, તેથી સ્વામી સંતોને લઈ તેમને ઘેર ગયા.

પ્રથમ તો સ્વામી બીમાર બાળક પાસે ગયા. તેને ખાટલામાં સૂવડાવ્યો હતો. ત્યાં જઈને સ્વામીએ તેની સામે દૃષ્ટિ કરી ત્યાં તો સ્વામીનો ચહેરો બદલવા લાગ્યો. બાળક સામું જોઈને સ્વામી આશ્ચર્ય પામી ગયા ! અને પોતાનું માથું હલાવવા લાગ્યા. આવું જોઈ સાથે આવેલા સંતો–ભક્તો પણ સ્વામી સામે જોઈ રહ્યા. પછી સ્વામીએ ઠાકોરજીનું પ્રસાદીનું પાણી કરીને સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલીને બાળક ઉપર છાંટ્યુ. પછી સ્વામી મંદિરમાં આવી ગાદી–તકિયે બેઠા.

હે ભક્તો ! ત્યારબાદ વડતાલ આવવા સ્વામી વગેરે તૈયાર થયા ત્યારે પેલા બીમાર બાળકના પિતા બ્રાહ્મણે ગોપાળાનંદ સ્વામીને પૂછ્યું: ''સ્વામીજી ! મારા ઘેર આપશ્રી મારા પુત્રને જોવા આવ્યા હતા, ત્યારે એની સામું

જોઈને તમોએ માથું શા માટે ધુણાવ્યું હતું ? તે મને કહો.'' ત્યારે સ્વામીએ કહ્યું: ''તમારા ઘેર કોઈ સંત રહેતા હતા ?'' ત્યારે ભૂદેવે હા કહી.'' ત્યારે સ્વામીએ કહ્યું: ''તમે એ સંતની ખૂબ સેવા કરતા હતા એટલે તેમને તમારી સાથે અતિશય હેત થઈ ગયું હતું.

હે ભૂદેવ ! એક દિવસ તમે બહારગામ ગયા હતા. એ સમયે એની આયુષ્ય પૂરી થઈ ગઈ. તેનો અંતકાળ આવી ગયો હતો, પરંતુ તમો હાજર ન હતા, તેથી તમારું ચિંતન કરતાં કરતાં તમારામાં વાસના રહી ગઈ, તેના કારણે તે સાધુ તમારા ઘેર તમારો બાળક થઈને જન્મ્યો છે. અમે અહીંથી ગામના સીમાડે પહોંચશું, ત્યારે તે મૃત્યુ પામશે; માટે તેનો શોક ન કરતા, તેમજ ઘરનાં બૈરાંઓને પણ કહેજો કે એની પાછળ રોકકળ ન કરે.'' આ રીતે કહીને સ્વામી વડતાલ પધાર્યા.

## તને આઠ જમ લેવા આવશે !

હે ભક્તો ! એક વાર યોગેશ્વર ગોપાળાનંદ સ્વામી ભાલ પ્રદેશના ભોળાદ ગામમાં પધાર્યા હતા. સ્વામીને આવેલા જોઈને ગામના સૌ હરિભક્તો રાજી રાજી થઈ ગયા અને મંદિરમાં સભાનું આયોજન કરવામાં આવ્યું. તેથી ગામના મુખી પટેલ જે જ્ઞાતિએ કરીને રજપૂત હતો, તેમને પણ આગેવાન જાણીને આમંત્રણ આપેલું તેથી તે પણ સભામાં આવીને બેઠો હતો; પરંતુ મનમાં તો એ સત્સંગનો દ્વેષ રાખતો હતો.

ભોળાદ ગામમાં એક પવિત્ર બ્રાહ્મણ હતા. તેઓ ભણેલા હોવાથી કથા-પારાયણ કરતા હતા. પછી તેઓ સંતોના સમાગમને કારણે સત્સંગી થયા, એટલે વર્તમાન ધારણ કરી કંઠી પહેરી. પછી તો તેઓ તિલક-ચાંદલો કરી કથા કરવા લાગ્યા. આ વાતનો ખ્યાલ ગામના મુખીને આવ્યો, એટલે તેમણે કહ્યું: ''ભૂદેવ ! તમારે કથા કરવી હોય તો કંઠી તોડી નાખો. સ્વામિનારાયણની કંઠી કાઢીને એનો સત્સંગ છોડી દ્યો તો કથા કરવા દઈએ, નહિતર કથા કરવા નહિ દઈએ.''

આવું સાંભળી સત્સંગી થયેલા બ્રાહ્મણે શૂરવીર થઈને જવાબ આપ્યો: ‘‘મુખી પટેલ ! સ્વામિનારાયણની કંઠી તો મારા માથાં સાટે છે. પેટ નહિ ભરાય, તો હું ફોડી નાખીશ, પણ આજીવિકા માટે કંઠી નહિ તોડું.’’ આ પ્રમાણે બોલીને પોથી બાંધી શ્રોતાઓને જય સ્વામિનારાયણ કહીને ઘેર જતા રહ્યા. હવે વાત કરું છું મૂળ પ્રસંગની. સ્વામી સભામાં બેઠા હતા, એ સમયે એક સત્સંગીએ આવી ધીરે રહીને સ્વામીને કાનમાં કહ્યું: ‘‘સ્વામીજી ! તમારી આગળ બેઠો છે, એ ગામનો મુખી પટેલ છે અને સત્સંગનો વેરી છે, તેમણે જ આપણા સત્સંગીને કંઠી તોડીને કથા કરવાનું કહ્યું હતું, પરંતુ તે ભૂદેવે કંઠી ન કાઢી, એટલે કથા કરવા દેતો નથી.

હે ભક્તો ! આવું સાંભળી ગોપાળાનંદ સ્વામીએ સામે બેઠેલા મુખી પટેલને કહ્યું: ‘‘મુખી, કથા કરનાર તો વ્યાસજી કહેવાય, તમે તેનું અપમાન કર્યું છે, માટે તેની માફી માગો, નહિતર તમને લેવા એક જમ આવશે.’’ ત્યારે તે અહંકારથી બોલ્યો: ‘‘એક જમ આવે તો એને હું મારીશ અને બે આવશે તો મારો ભાઈ એકને પહોંચી વળશે.’’ ત્યારે સ્વામી કહે: ‘‘ચાર જમ આવશે.’’ ત્યારે પેલો કહે: ‘‘બેને હું મારીશ અને બેને મારો ભાઈ મારશે.’’ આવું સાંભળી સૌ કહેવા લાગ્યા: ‘‘મુખી ! મૂરખ ન થા. સ્વામી જેટલા બોલશે, એટલા આવશે.’’

પછી સ્વામી બોલ્યા: ‘‘મુખી ! જા, તને આઠ યમદૂત લેવા આવશે, તારામાં તાકાત હોય તો રોકી લેજે.’’ પછી તે સભા છોડીને જતો રહ્યો. પછી થોડા દિવસ ગયા એટલે આઠ યમદૂતો તેને લેવા આવ્યા ! તેમને ગામના કૂવે પાણી ભરતી પનિહારીઓએ જોયા, એટલે માથેથી પાણીનાં બેડાં પડી ગયાં ! અને બધી બેભાન બની ગઈ ! પછી યમદૂતોએ જઈને મુખીને કહ્યું: ‘‘અમે તને યમપૂરીમાં લઈ જવા આવ્યા છીએ, અમને મારવાનું સ્વામીને કહેતો હતોને ? આવ, માર અમને.’’ એમ કહીને યમદૂતોએ એના દેહને પકડીને એક ગાઉં સુધી જમીન ઉપર ઢસડ્યો, એ ભોળાદ ગામનાં સર્વે નરનારીઓએ નજરોનજર જોયું ! ત્યારબાદ તેના જીવને દેહમાંથી કાઢીને મારતા મારતા યમપૂરીમાં લઈ ગયા !

## પાપી ધુંધળી મલ્લ બાળક રૂપે જન્મ્યો

હે ભક્તો ! એક વખત સદ્‌ગુરુવર્ય ગોપાળાનંદ સ્વામી વારણા ગામ પધાર્યા હતા. ત્યાં સ્વામીએ મંદિરમાં ઉતારો કર્યો. એ ખ્યાલ આવતા ગામના દરેક હરિભક્તો સ્વામીનાં દર્શન કરવાં માટે આવવા લાગ્યા. તેમાં એક પ્રશ્નોરા બ્રાહ્મણ પણ દર્શન કરવા આવ્યા. પરંતુ તેમણે પોતાના મોઢે મોહરિયું બાંધેલ હતું, તે જોઈને સ્વામીએ પૂછ્યુંઃ ''ભૂદેવ ! દાઢ દુઃખે છે કે બીજું કાંઈ થયું છે ? મોઢે મોહરિયું કેમ બાંધ્યું છે ?''

સ્વામીનો પ્રશ્ન સાંભળી તે પ્રશ્નોરા બ્રાહ્મણે કહ્યુંઃ ''સ્વામીજી ! મારે ત્યાં એક છોકરો છે. તે હજુ નાનો હોવાથી હેત કરવા માટે હું તેને ગાલે ચૂમી (બક્કી) કરવા ગયો, ત્યાં તો તેમણે ઘોડિયામાં સૂતાં સૂતાં જ ઠોંટ (લાત) મારી, એટલે મોઢું ફૂલી ગયું છે ! મને એ વાતની નવાઈ લાગે છે કે નાના એવા છોકરાના પગની લાત મને એટલી બધી લાગી છે કે, કોઈ મોટા પહેલવાન માણસે મારી હોય એવું વસમું લાગ્યું છે, તેથી મારું મોં સૂજી ગયું છે, માટે મને તો એ બાળકના રૂપમાં બીજું કોઈ લાગે છે, માટે આપ કૃપા કરીને મારા ઘેર આવીને જુઓ કે એ બાળક છે કે કોણ છે ?''

હે ભક્તો ! આવું સાંભળીને સ્વામીને પણ શંકા ગઈ એટલે તરત જ તેઓ પેલા બ્રાહ્મણના ઘેર આવ્યા. આવીને ઘોડિયામાં સૂતેલા બાળક સામે જોઈને સ્વામી તુરંત બોલ્યાઃ ''અરે ! આ તો ઓલ્યો ધુંધળી મલ્લ છે.'' પછી છોકરા સામે જોઈને સ્વામી તેને કહેવા લાગ્યાઃ ''ઓ પાપી ! 'ડટણ સો પટણ' કરીને તે કેટલાંય નિર્દોષ બાળકો અને નર-નારીઓ સર્વેને મારી નાખ્યાં છે. હવે તું અહીંયાં હરિભક્તને ઘેર કેમ આવ્યો છે ? ચાલ્યો જા અહીંથી, નહિતર તારી ખેર નથી.'' આ પ્રમાણે કહીને સ્વામીએ પેલા સત્સંગી બ્રાહ્મણને કહ્યુંઃ ''અમો અહીંથી જશું, એટલે આ ધુંધળી મલ્લ મૃત્યુ પામશે.'' આ રીતે કહીને સ્વામી ચાલતા થયા અને જ્યાં પાદરમાં પહોંચ્યા ત્યાં તો પેલો બાળક મૃત્યુ પામ્યો ! અર્થાત્ પાપી ધુંધળી મલ્લ સ્વામીના કહેવાથી જતો રહ્યો !

## સ્વામીએ અંતર્યામીપણે ઓળખીને બોલાવ્યા

હે ભક્તો ! ઉત્તર ગુજરાતમાં માણસા નામનું ગામ છે. ત્યાં નરસિંહભાઈ નામના સારા સત્સંગી હતા. તેઓ અમદાવાદમાં હેમાભાઈ હઠીભાઈને ત્યાં મુનીમ હતા. તેઓ એકવાર અમદાવાદથી વડતાલ દર્શન કરવા માટે આવતા હતા. ત્યારે તેમણે મનોમન વિચાર કર્યો: ''વડતાલમાં મને કોઈ ઓળખશે નહિ, માટે રજોગુણી વસ્ત્રો પહેરીને જાઉ.'' આમ વિચારીને સારાં કપડાં પહેર્યાં, સોનાનાં ઘરેણાં પહેર્યાં અને માથા ઉપર અમદાવાદી પાઘડી બાંધી તેમજ સાથે બે માણસો લઈ તેમના હાથમાં એક એક સાકરના ત્રાસ મૂકી વડતાલ આવ્યા. આવીને શ્રીહરિકૃષ્ણ મહારાજ અને શ્રીલક્ષ્મીનારાયણદેવનાં દર્શન કરી સભામાં આવ્યા.

સભામાં આવી સૌ પ્રથમ તેમણે દંડવત પ્રણામ કર્યા. ત્યારબાદ સાકરનો એક તાંસ રઘુવીરજી મહારાજની ગાદી આગળ મૂક્યો અને બીજા તાંસમાંથી મોટા પડિયા ભરીને મોટા મોટા સદ્‌ગુરુઓ આગળ મૂક્યા. તેમાં પ્રથમ એક મોટો પડિયો સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી પાસે મૂક્યો. ત્યારે સ્વામીએ એના સામું જોઈને કહ્યું: ''કોણ એ નરસિંહરામ કે ? પાનબાઈનો દીકરો ? અમે જ્યારે પૂર્વાશ્રમમાંથી ઘરનો ત્યાગ કરીને નીકળ્યા હતા ત્યારે તારે ઘેર રાત રોકાયા હતા અને તારી માયે તો મને ખીચડીને કઢી કરી જમાડ્યા હતા.''

આવું સાંભળી નરસિંહભાઈએ વિચાર કર્યો: ''અહો ! ગોપાળાનંદ સ્વામી તો મને ઓળખે છે અને મારી માતાને પણ ઓળખે છે. હું તો સ્વામીને ક્યારેય પણ મળ્યો નથી, છતાં પણ મારું નામ લઈને મને બોલાવ્યો ! માટે સ્વામી તો અંતર્યામી મહાપુરુષ છે.'' ત્યારે સ્વામી કહેવા લાગ્યા: ''નરસિંહરામ ! સભા પછી મારા આસને આવજે.'' પછી સાકરના પડા સૌ સદ્‌ગુરુઓને વહેંચી દીધા. એ સમયે શ્રીલક્ષ્મીનારાયણદેવની આરતી થઈ એટલે સૌ દર્શન કરવા ગયા.

હે ભક્તો ! ત્યાર પછી નરસિંહભાઈ ગોપાળાનંદ સ્વામીના આસને ધર્મશાળામાં ગયા. ત્યાં જઈ સ્વામીને દંડવત કરીને પગે લાગીને સામે બેઠા. ત્યારે સ્વામી બોલ્યા: ''નરસિંહરામ ? તારાં લગ્ન થયાં છે કે શું ? આવાં

સારાં રજોગુણી કપડાં પહેરીને આવ્યો છે તેમજ સારાં સારાં ઘરેણાં પણ પહેર્યાં છે, એટલા માટે પૂછ્યું.'' આવું સાંભળી તેમણે કહ્યું: ''ના સ્વામી, એ તો શોખ માટે પહેરવાં લીધાં છે.'' ત્યારે સ્વામી કહે: ''સીનાળવેડા (ચારિત્ર્યને ડાઘ લાગે તેવાં) લૂગડાં શા માટે પહેરે છે ?''

હે ભક્તો ! ગોપાળાનંદ સ્વામીનાં આવાં વચનો સાંભળી નરસિંહરામ ઊભા થઈ સ્વામીને પગે લાગી તરત જ પોતાના ઉતારે ગયા અને રજોગુણી વસ્ત્રો તથા અલંકારો કાઢી નાખી સાદાં વસ્ત્રો પહેરીને સ્વામી પાસે આવીને બેસી ગયા. ત્યારે સ્વામીએ કહ્યું: ''આવું કેમ કર્યું ?'' ત્યારે નરસિંહરામે બે હાથ જોડીને કહ્યું: ''સ્વામીજી ! આપની કૃપાથી રજોગુણ કાઢી નાખ્યો. હવે પછી વિકારવાન વસ્ત્રો ક્યારેય નહિ પહેરું.''

આવું સાંભળી અતિશય રાજી થઈને સ્વામીએ આશીર્વાદ આપતા કહ્યું કે, ''નરસિંહરામ ! તે – મારું માન્યું તેથી તને આશીર્વાદ આપું છું કે, તને કોઈ પણ દોષ પરાભવ નહિ કરી શકે.'' આવા શબ્દો સાંભળતાં જ નહરસિંહભાઈનું અંતઃકરણ વિકાર વિનાનું થઈ ગયું ! પછી સ્વામીનો આભાર માની તેઓ પોતાના ગામ માણસા ગયા અને પોતાના ખર્ચે ત્યાં મંદિર કરાવ્યું તથા પોતાની સર્વસ્વ મિલકત દેવને અર્પણ કરીને એકાંતિક થઈને અક્ષરધામમાં પહોંચી ગયા. મોટા પુરુષની કૃપાથી રજોગુણી માણસ પરમ ભક્તરાજ બની જાય છે, એ આ પ્રસંગમાંથી જાણવા મળે છે.

## વડતાલના મહંતનો મોહ ટાળ્યો

હે ભક્તો ! જામનગર જિલ્લાના મોડા ગામના રણમલસિંહ જાડેજાને સાધુ બનાવીને અક્ષરાનંદ સ્વામી નામ રાખીને તરત વડતાલધામના પ્રથમ મહંત તરીકે સ્વયં સ્વામિનારાયણ ભગવાને નિમણૂક કરી મહંતાઈનો હાર જાહેર સભામાં પહેરાવીને બહુ મોટું સન્માન આપ્યું. પછી તો મહારાજ ધામમાં પધાર્યા અને અક્ષરાનંદ સ્વામી મહંત તરીકે વડતાલધામનો વહીવટ કરવા લાગ્યા. એ સમયે યોગીરાજ ગોપાળાનંદ સ્વામી પણ વડતાલમાં જ રહેતા હતા. ત્યારે એક પ્રસંગ બની ગયો એ વહાલા વાચકો આગળ રજૂ કરું છું.

એકવાર આચાર્ય રઘુવીરજી મહારાજે મહંત અક્ષરાનંદ સ્વામીને બોલાવીને કહ્યું: ''સ્વામી ! અમારે એક સિગરામ (ઘોડાગાડી જેવું બળદગાડું) જોઈએ છીએ.'' ત્યારે અક્ષરાનંદ સ્વામીએ તરત જ કહી દીધું: ''હમણા બળદ નવરા નથી.'' આ પ્રમાણે કહીને પોતાના આસને જતા રહ્યા ! પછી આચાર્યશ્રીએ ગોપાળાનંદ સ્વામીને વાત કરી જે, ''સ્વામીજી ! અક્ષરાનંદ સ્વામીએ મને આ રીતે જવાબ આપ્યો.''

હે ભક્તો ! એ સમયે ગોપાળાનંદ સ્વામી શ્રીજી મહારાજને વચન આપ્યા પ્રમાણે દરવર્ષની જેમ ગુણાતીતાનંદ સ્વામીને કથા-વાર્તાનું સુખ આપવા માટે જૂનાગઢ જવાની તૈયારી કરી રહ્યા હતા; તેથી તેમણે અક્ષરાનંદ સ્વામીને બોલાવીને કહ્યું: ''મહંત સ્વામી ! તમે મારી સાથે જૂનાગઢ ચાલો.'' ત્યારે કેફમાં બોલ્યા: ''મારે મંદિરનું કામ છે, તેથી એક ઘડીની પણ નવરાઈ નથી, માટે હું નહિ આવી શકું.'' આવું સાંભળી સ્વામીએ કહ્યું: ''મંદિરનું કામ એક મહિના માટે બીજા સંતોને સોંપી દો, મારી સાથે તમારે આવ્યા વિના છૂટકો જ નથી. તમારી ઈચ્છા હોય કે ન હોય, પરંતુ તમારે આવવું જ પડશે.''

હે ભક્તો ! અક્ષરાનંદ સ્વામીના મનમાં એવું હતું કે, ''આ મંદિરનો રણીધણી (કર્તાહર્તા-માલિક) હું છું અને આચાર્ય અને સંતો તે તો મારી આગળ શી ગણતીમાં ? મને તો શ્રીજી મહારાજે મહંતાઈ આપી છે.'' પરંતુ ગોપાળાનંદ સ્વામીની સત્તાવાહી આજ્ઞા થઈ એટલે મને કમને સ્વામી સાથે જૂનાગઢ ગયા. પછી તો સ્વામીએ જૂનાગઢના સભામંડપમાં ત્યાગીઓના ધર્મોની વાતો કરીને, સદબોધની સરવાણીઓ વહાવીને એવી કથા-વાર્તા કરી કે, તે સાંભળીને વડતાલના મહંત અક્ષરાનંદ સ્વામીના મનમાં જે અહંપણુ આવી ગયેલું એ મોહ સર્વે ટાળી નાંખ્યો ! અને પરમ એકાંતિક કર્યા !

હે ભક્તો ! જૂનાગઢમાં એક મહિનો કથા કરીને સ્વામી અને સંતો વડતાલ આવતા હતા, ત્યારે રસ્તામાં પોલારપર ગામમાં રાત્રી રોકાયા. ત્યારે સવારે અક્ષરાનંદ સ્વામી પૂજા કરીને સદ્‌ગુરુવર્ય ગોપાળાનંદ સ્વામીનાં દર્શન કરવાં ગયા ત્યારે સ્વામીને દંડવત કરીને કહ્યું: ''હે સ્વામીજી ! હું આજ સત્સંગી થયો; કેમ કે તમે જો

ન મળ્યા હોત તો મારામાં કસર માત્ર રહી જાત.'' આ પ્રસંગ એ સમજાવે છે કે કથાવાર્તા કર્યા વિના કે સાંભળ્યા વિના મોટા મોટા મહંતોને પણ મોહ ટળતો નથી.

## અમદાવાદથી મહંતાઈ છોડી વડતાલમાં

હે ભક્તો ! પૂર્વાશ્રમમાં કચ્છ પ્રદેશના માનકુવા ગામના મૂળજી અને કૃષ્ણની વાત શ્રીહરિજીએ લોયાનાં ત્રીજાં વચનામૃતમાં કહેલ છે. તે કૃષ્ણજીને સાધુ કરીને સર્વજ્ઞાનંદ સ્વામી નામ પાડેલ. પછી તેઓ અમદાવાદ મંદિરના મહંત તરીકે ઘણાં વર્ષો સુધી મહંતપદે રહ્યા હતા. તેઓ ૫૦ થી ૬૦ સંતોના ગુરુ હતા. તેઓ વિચરણ કરવા જતા ત્યારે દશ પાર્ષદો તો તેઓની સાથે રહેતા. કાળુપુર મંદિરમાં તેઓની સૌ કોઈ આમન્યા રાખતા હતા., આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ પણ તેમને પૂછીને જ સત્સંગનાં કાર્યો કરતાં. આવા વ્યવહારકુશળ હતા.

એકવાર તે સર્વજ્ઞાનંદ સ્વામીએ મનોમન વિચાર્યું: ''અમદાવાદ મંદિરની મહંતાઈ છે, સાઠ શિષ્યો છે અને સત્સંગનાં કાર્યો પણ મને પૂછીને જ કરવામાં આવે છે, પરંતુ જ્યાં સુદી વડતાલ જઈ યોગીવર્ય ગોપાળાનંદ સ્વામીનો સમાગમ નહિ કરું ત્યાં સુધી મારા કારણ શરીરમાં રહેલ કચાશ ટળશે નહિ; માટે હું મહંતાઈ અને શિષ્યો વગેરે સર્વે છોડી વડતાલ જઈ ગોપાળાનંદ સ્વામીના શિષ્ય તરીકે રહી તેમનો સમાગમ કરી સમજણ દૃઢ કરી કારણ શરીરની કસર કાઢી નાખું.''

હે ભક્તો ! આવું વિચારીને સર્વજ્ઞાનંદ સ્વામી રજા લેવા માટે યોગીવર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ પાસે ગયા અને હાથ જોડીને બોલ્યા: ''મહારાજશ્રી ! મને રાજીખુશીથી રજા આપો, મારે ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કરવા વડતાલ જવું છે.'' ત્યારે આચાર્યશ્રીએ કહ્યું: ''સ્વામી ! તમારામાં શું ન્યૂનતા છે ? તે તમારે વડતાલ જવું છે ?'' ત્યારે સ્વામીએ કહ્યું: ''જ્યાં સુધી ગોપાળાનંદ સ્વામીનો સમાગમ નથી કર્યો, ત્યાં સુધી શ્રીજી મહારાજની ઉપાસના, સત્સંગથી પ્રથા અને દૃઢતા થાય નહિ, માટે મને સ્વામીનો સમાગમ કરવા જવાની રજા આપો.''

આ પ્રમાણે કહી પોતાની પાસે સાઠ જોડ ચરણારવિંદ હતાં તેમજ ઘણી પ્રસાદીની વસ્તુઓ હતી, તે બધું જ અયોધ્યાપ્રસાદજી મહારાજને અર્પણ કર્યું ! ત્યારે આચાર્યશ્રીએ કહ્યું: ''તમોએ જવાનું નક્કી કરી નાખ્યું છે, તો પછી હું પ્રેમથી રજા આપું છું, પરંતુ આ પ્રસાદીની બધી વસ્તુઓ તમારા શિષ્યોને જેમ ઘટે તેમ વહેંચી આપો.'' પછી સર્વજ્ઞાનંદ સ્વામીએ દરેક શિષ્યોને થોડી થોડી પ્રસાદીની ચીજો આપી અને બાકીની અયોધ્યાપ્રસાદજી મહારાજને કૃષ્ણાર્પણ કરી દીધી ! પછી પોતે જોડમાં એક સેવકને લઈ વડતાલધામ આવ્યા અને ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કરીને સ્વામીને રાજી કરી, સમજણ દઢ કરીને અક્ષરધામના અધિકારી બની ગયા.

હે ભક્તો ! સર્વજ્ઞાનંદ સ્વામીની જેમ મોટી મહંતાઈ અને ૬૦ શિષ્યોની મોટાઈ છોડીને મોટા સંતનો સમાગમ કરવા જતું રહેવું, એ અત્યારે કોઈથી થઈ શકે કે કેમ એ કહેવું મુશ્કેલ છે. (નોંધ : અક્ષરાનંદ સ્વામીની ૭૫૬ મી વાતમાં સર્વનિવાસાનંદ સ્વામીનો પણ આવો જ પ્રસંગ લખાયેલો છે.)

## આ છોકરો એનું ઋણ લેવા આવ્યો છે

હે ભક્તો ! સારંગપુર ગામની ઓળખાણ આપવી પડે તેમ નથી, એ તો દાદાની કૃપાથી જાણીતું બની ગયેલ છે. ત્યાં સદ્‌ગુરુવર્ય ગોપાળાનંદ સ્વામી અનેક વખત પધાર્યા છે; તે ક્રમ મુજબ ફરી એકવાર સ્વામીજી સાળંગપુર પધાર્યા હતા. ત્યાં રોકાઈને સ્વામી કથા-વાર્તાનું સુખ આપી રહ્યા હતા. ત્યારે રાઠોડ ધાધલ નામના એક સત્સંગીએ આવી સ્વામીને દંડવત પ્રણામ કરીને કહ્યું: ''સ્વામીજી ! વીશ વરસનો યુવાન દીકરો થયો છે, પરંતુ વ્યવહારકાર્યમાં મદદ તો કરતો નથી, ઉલટાનું નુકસાન કરે છે. ગાયનાં વાછરડાં ધવડાવી દે અને ઘરમાં પણ તોડફોડ કરી રંજાડ કરે છે. એનું મારે શું કરવું ?''

રાઠોડ ધાધલની વાત સાંભળી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું: ''તમે તમારા દીકરાને મારી પાસે લઈને આવો.'' પછી તે છોકરાને સ્વામી પાસે લાવ્યા. ત્યારે સ્વામી તે યુવાનની સામે જોઈ રહ્યા અને બોલ્યા: ''રાઠોડ

ભગત ! આ છોકરો તો તમારો પૂર્વજન્મનો સાથી છે ! (સાથી એટલે એક વરસ સુધી માલિકને ઘેર રહી ખેતીવાડીનું કામ કરવાનું અને એની બદલીમાં અમુક રકમ આપવાની.) તેને તમોએ પૂરતો પગાર આપેલ નહિ, તેથી તે તેનો પગાર લેવા આવ્યો છે ? હવે થોડા સમયમાં પગાર પૂરો થઈ જશે, એટલે તે થોડા દિવસમાં મૃત્યુ પામશે !

હે ભક્તો ! કર્મનો કાયદો કોઈને છોડતો નથી, એટલા માટે તો શ્રીજી મહારાજે શિક્ષાપત્રીના ૧૫૨ માં શ્લોકમાં કહ્યું છે કે, ‘‘મજૂરને કહ્યા મુજબ જ આપવું, પણ ઓછું ન આપવું.’’ કારણ કે ઓછું આપવામાં આવે અથવા દાદાગીરીથી કામ કરાવીને પછી કાંઈ પણ આપવામાં ન આવે એટલે એનું ૠણ ચડે, તેના કારણે બીજા જન્મમાં તે પુત્ર બનીને કે કોઈપણ પ્રકારે લેવા માટે આવે જ છે, માટે કામ કરવા મજૂરોને બોલાવ્યા હોય અથવા તો પોતાના ધંધામાં માણસો રાખ્યા હોય અને પછી પગાર દેવાનો થાય ત્યારે ઓછો પગાર આપવામાં આવે તો તેનું ૠણ અવશ્ય ચૂકવવું જ પડે છે, આ શાસ્ત્રનો ન્યાય છે.

હે ભક્તો ! હાલમાં પણ ઘણી જગ્યાએ શ્રમિકોનું શોષણ કરવામાં આવી રહ્યું છે. યાદ રાખો : કહ્યા પ્રમાણે આપવું તે ધર્મ કહેવાય છે અને વચન પ્રમાણે પગાર કે મજૂરી ન આપવી એ વિશ્વાસઘાત જ કહેવાય છે. રાઠોડ ધાધલે પણ એની યુવાનીમાં જ્યારે તેમને સત્સંગ ન હતો ત્યારે પોતાના ખેતીકામ માટે એક માણસ રાખેલો. વરસ પૂરું થાય ત્યારે પેલો સાથી પૈસા માગે એટલે ધમકી આપીને કહે: ‘‘ગોલકુના ! ખાવા દઉં છું ને બાર મહિને બે જોડ લુગડાં પણ દઉં છું, હવે પૈસાને શું કરવા છે ?’’ ત્યારે પેલો ઘેર જવા તૈયાર થાય ત્યારે પણ ધમકી આપતા કહે કે, ‘‘જો ઘેર જઈશ તો ટાંટિયા તોડી નાખીશ.’’ આવી રીતે પોતાના સાથીનું શોષણ કરેલું; તેથી તે પુત્ર બનીને ૠણ  વસુલ કરવા આવેલો. પછી તો તેનું ૠણ વીશ વર્ષે પૂર્ણ થયું એટલે તેનું મૃત્યુ થયું ! માટે સાવધાન, મજૂરી પૂરેપૂરી આપવી.

## મુળીમાં દાડમનો બગીચો સૂકાઈ ગયો !

હે ભક્તો ! પાછલા પ્રસંગોમાં આપણે વાંચી ગયા કે, યોગેશ્વર ગોપાળાનંદ સ્વામીએ મુળીમાં પ્રતિષ્ઠા સમયે બ્રહ્માનંદ સ્વામીના કહેવાથી આશીર્વાદ આપીને કહેલું કે, ''દેવના મેવા માટે દાડમ વાવજો. દાડમ બહુ સારા થશે, પરંતુ દાડમનો ભગવાન માટે જ મેવો કરજો, એ સિવાય કોઈને આપશો નહિ અને વેચશો પણ નહિ. આ મારી આજ્ઞા પાળશો તો કાયમ દાડમ આવ્યા કરશે.''

આ પ્રમાણે આશીર્વાદ આપ્યા એટલે દાડમના છોડ રોપ્યા. પછી તો તેને એક એક શેરના એક એક દાડમ આવવાં લાગ્યાં ! અર્થાત્ ૫૦૦ ગ્રામનું એક દાડમ થવા લાગ્યું. તેથી તેનો સર્વે દેવોને મેવો ધરાવવા લાગ્યા. આ પ્રમાણે ઘણા સમય સુધી દાડમનો મેવો શ્રીહરિકૃષ્ણ મહારાજ અને રાધાકૃષ્ણદેવ તેમજ રણછોડરાય અને ત્રિકમરાય, ધર્મદેવ–ભક્તિમાતા, ગણપતિજી તેમજ હનુમાનજી દેવો ખૂબ જમ્યા હતા. પરંતુ એકવાર લખમણરાય પુરબિયા સારાં સારાં દાડમનો એક મોટો ટોપલો ભરીને વડોદરાના મહારાજા સયાજીરાવને આપવા માટે તેઓ મુળીથી ઘોડો લઈને ચાલ્યા તે વડતાલ આવ્યા.

હે ભક્તો ! એ સમયે ધર્મકુળના બદ્રીનાથજી બીમાર હતા, તેથી તેમણે કહ્યું કે, ''મારે ખાવા માટે દાડમ જોઈએ છે.'' એ વાત કોઈએ ગોપાળાનંદ સ્વામીને કરી તેથી તેમણે ગામમાં તપાસ કરાવી, પણ દાડમ મળ્યાં નહિ. ત્યારે સ્વામીને ખબર મળ્યા કે, ''લખમણરાય મુળીથી દાડમનો ટોપલો લઈ સયાજીરાવ મહારાજાને ભેટ આપવા માટે જાય છે. પછી સ્વામીએ એક હરિભક્તને બે દાડમ લેવા મોકલ્યા. તેમણે આવીને કહ્યું: ''લખમણરાય ! ગોપાળાનંદ સ્વામીએ બે દાડમ મંગાવ્યાં છે; કારણ કે બદ્રીનાથજી મહારાજ બીમાર છે, તેથી તેમને દાડમ ખાવાની ઈચ્છા થઈ છે.''

આવું સાંભળી લખમણરાય બોલ્યા: ''આ દાડમ કાંઈ બદ્રીનાથ માટે નથી લાવ્યો, આ તો સયાજીરાવ ગાયકવાડ માટે લાવ્યો છું. વડોદરા જઈને એને મારે ભેટ આપવાં છે, માટે બે દાડમ નહિ મળે.'' પછી હરિભક્તે

આવીને ગોપાળાનંદ સ્વામીને સર્વે વાત કરી. તે સાંભળી ગોપાળાનંદ સ્વામી બોલ્યાઃ ''દેવોના મેવા માટે મેં આશીર્વાદ આપ્યા હતા અને છતાંય તેને લઈને વડોદરા ભેટ દેવા જાય છે. તેમ છતાં અમોએ ના નથી કીધી. છતાં પણ બદ્રીનાથજી માટે બે દાડમ આપવાની પણ ના કહી દીધી ? માટે હવે ભલે સૌ દાડમ ખાય ! દેવને છોડીને પોતાના સ્વાર્થ માટે દાડમનો ઉપયોગ કરવા લાગ્યા છે, તેથી અમો અમારી કૃપા પાછી લઈ લઈએ છીએ.'' સ્વામીજી કુરાજી થઈને આવું બોલ્યા, એટલે મુળીમાં લીલોછમ દાડમનો બગીચો હતો તે સુકાઈ ગયો !

## સ્વામીની કૃપાથી ઠોઠમાંથી મોટા વિદ્વાન

હે ભક્તો ! એકવાર ગોપાળાનંદ સ્વામી વડોદરામાં હતા. તે સમયે વડોદરામાં મહારાષ્ટ્રીયન દક્ષણી બ્રાહ્મણ આપા શાસ્ત્રી બ્રાહ્મણોને સંસ્કૃત ભણાવતા હતા. તેમની પાસે ઘણા વિદ્યાર્થીઓ ભણતા હતા, તેમાં ત્ર્યંબકનાથ નામનો વિદ્યાર્થી ઠોઠ હતો. તેમની ભણવામાં બુદ્ધિ ચાલતી નહિ, તેથી આપા શાસ્ત્રી તેમનો તિરસ્કાર કરીને વારંવાર અપમાન કર્યા કરતા હતા, તેથી તે ઉદાસ રહેતો હતો.

એક દિવસ તે સવારમાં વાડી મંદિરે દર્શન કરવા આવ્યો. દર્શન કર્યા પછી તેણે સભામાં બેસી કથા–વાર્તા સાંભળી. પછી દેવની આરતી થઈ. ત્યારબાદ ગોપાળાનંદ સ્વામીએ તેમને પૂછ્યુંઃ ''ત્ર્યંબકનાથ ! સુખી છો ને ? ઉદાસ કેમ છો ?'' ત્યારે તેણે કહ્યુંઃ ''સ્વામીજી ! હું સંસ્કૃત ભણવામાં બહુ મહેનત કરું છું, છતાં પણ મને વિદ્યા આવડતી નથી; તેના કારણે ગુરુજી આપા શાસ્ત્રી મારો બહુ તિરસ્કાર કર્યા કરે છે, તેના કારણે હું દુઃખી છું.''

હે ભક્તો ! તેમની વાત સાંભળીને સ્વામી ત્ર્યંબકનાથ સામે કૃપામય દૃષ્ટિ કરીને બોલ્યાઃ ''તમને વિદ્યા આવડે તો બન્ને આચાર્યનો પક્ષ રાખશો ?'' ત્યારે ત્ર્યંબકનાથ બોલ્યાઃ ''સ્વામીજી ! 'અખા તીહી તડાગે ચ' અર્થાત્ ખોદ્યા વિનાનું તળાવ તેમાં મઘરે પ્રવેશ કર્યો ! અને દીકરો જન્મ્યો નથી ને નામ પાડ્યું ! તે ક્યાંથી બને ?'' ત્ર્યંબકનાથ એવું કહેવા માગે છે કે, મારું પોતાનુંય હું ધ્યાન રાખી શકું તેમ નથી અને તમે આચાર્યનો પક્ષ રાખવાનું

કહો છો ? પરંતુ જો હું તમારી કૃપાથી મોટો વિદ્વાન બની શકું તો ચોક્કસ તમારી આજ્ઞાનું પાલન કરીશ.’’

પછી સ્વામીએ આશિષ આપતા કહ્યું: ‘‘ત્રંબકનાથ ! તમે તમારા ગુરુ પાસે જઈને એને કહો કે, ‘‘મારી પરીક્ષા લ્યો. તમારે સંસ્કૃત ભાષામાં કોઈ પણ સવાલ કરવો હોય તે કરો; હું તમારા દરેક સવાલના જવાબ આપીશ.’’ સ્વામીની આવી વાણી સાંભળી તે ભૂદેવ રાજી થઈ ગયા અને સ્વામીનાં વચનમાં વિશ્વાસ લાવી પાઠશાળામાં આવીને આપા શાસ્ત્રીને કહ્યું: ‘‘ગુરુજી ! મારી પરીક્ષા લ્યો. તમારે મને જે સવાલ પૂછવા હોય તે પૂછો.’’

હે ભક્તો ! ઠોઠ નિશાળિયાનો પાવર જોઈને આપા શાસ્ત્રીએ પાંચમી માઘકાવ્યમાંથી એક શ્લોક પૂછ્યો. ત્યારે વગર ભણ્યે ત્રંબકનાથે અન્વય તથા પદચ્છેદ કહીને તે શ્લોકના પાંચ અર્થ કરી આપ્યા !’’ તે સાંભળીને તરત જ આપા શાસ્ત્રી બોલ્યા: ‘‘ત્રંબકનાથ ! તને યોગીવર્ય ગોપાળાનંદ સ્વામીએ આશીર્વાદ આપ્યા છે ?’’ ત્યારે તેમણે હા કહી. તેથી આપા શાસ્ત્રી બોલ્યા : ‘‘ત્રંબકનાથ ! હવે તું ઠોઠ મટીને વિદ્વાન બની ગયો. હવે તમે જગતજીત પંડિત થઈ ગયા ! હવે તમે મને પણ ભણાવો એવા વિદ્વાન બની ગયા છો. ગોપાળાનંદ સ્વામી જેના ઉપર કૃપા કરે તેને પછી શું ભણવાનું હોય ?’’ પછી તો ત્રંબકનાથ મોટા પંડિત બની ગયા હતા અને સ્વામીની આજ્ઞા મુજબ ગાદીવાળા તથા આચાર્ય મહારાજનો પક્ષ રાખતા હતા.

## સ્વામીએ બ્રહ્મરાક્ષસને કાઢ્યો

હે ભક્તો ! અગાઉના પ્રસંગમાં આપ વાંચી ગયા હશો કે, વડોદરાના રાવ સાહેબને બાર વર્ષથી ઊંઘ આવતી ન હતી, તે ગોપાળાનંદ સ્વામીની કૃપાથી આવવા લાગી હતી. એ રાવ સાહેબનો બીજો એક પ્રસંગ આપની માટે લખી રહ્યો છું, તેથી પ્રેમથી અને મહિમાથી વાંચજો. આ રાવ સાહેબ દક્ષિણી (મહારાષ્ટ્રના) બ્રાહ્મણ હતા. તેમને બ્રહ્મરાક્ષસ વળગ્યો હતો. તેને કાઢવા માટે બહુ પ્રયત્નો કર્યા, પણ નીકળ્યો નહિ; તેથી તેઓ કાશી વગેરે તીર્થોમાં

ગયા અને ત્યાં ત્યાં મહાન પુરુષો કહેવાતા હતા એમના પણ આશીર્વાદ લીધા, પણ બ્રહ્મરાક્ષસ નીકળ્યો જ નહિ, તેથી તેઓ નિરાશ થઈને વડોદરામાં પાછા આવ્યા.

પછી તેઓ મહારાજા સયાજીરાવ પાસે ગયા અને સર્વે વાત કરી. ત્યારે સયાજીરાવે કહ્યું: ''રાવ સાહેબ! અહીંયાં સ્વામિનારાયણ ભગવાનના સંત મહાસમર્થ ગોપાળાનંદ સ્વામી પધાર્યા છે, માટે તમે એમની પાસે જાઓ અને વિનંતી કરો કે, તમને વળગેલ બ્રહ્મરાક્ષસ (બ્રાહ્મણ મરીને ભૂત થયેલ હોય તેને બ્રહ્મરાક્ષસ કહેવાય છે.) કાઢે. પછી રાવ સાહેબ વાડી મંદિરે સ્વામી પાસે આવ્યા અને સર્વે બિના કહી સંભળાવી. ત્યારે સ્વામીએ કહ્યું કે, 'સાંજે પાંચ વાગ્યે આવજો.''

હે ભક્તો ! પછી રાવ સાહેબ ઘેર ગયા અને સાંજે પાંચ વાગ્યે નાહીને ધોયેલાં પવિત્ર વસ્ત્રો પહેરી સ્વામી પાસે આવીને સભામાં બેઠા. એ સમયે સયાજીરાવ ગાયકવાડ પણ દર્શન કરવા આવ્યા હતા, તેથી તેઓ પણ સભામાં સ્વામી પાસે બેઠા. ત્યારે સ્વામીએ રાવ સાહેબને કહ્યું: ''તમે તમારી દૃષ્ટિ મારી દૃષ્ટિ સાથે મેળવો.'' ત્યારે તેમણે એ રીતે કર્યું. પછી સ્વામી બોલ્યા: ''બ્રહ્મરાક્ષસ બહુ જ હઠીલો છે.'' પછી ફરીને યોગેશ્વર ગોપાળાનંદ સ્વામી દૃષ્ટિ કરીને ટ્રાટક વૃત્તિથી રાવ સાહેબ સામું જોઈ રહ્યા, ત્યાં તો તેની અંદર રહેલા બ્રહ્મરાક્ષસે કાળી ચીસ પાડી અને ભાગ્યો !

તેના કારણે રાવ સાહેબના કાનમાંથી તથા આંખોમાંથી અને નાકમાંથી ધુમાડાના ગોટે ગોટા નીકળ્યા ! એ ધુમાડા સભામાં બેઠેલા સયાજીરાવ મહારાજા સહિત સૌએ જોયા, તેથી સૌ નવાઈ પામ્યા. પેલો બ્રહ્મરાક્ષસ શરીરમાંથી નીકળીને ભાગ્યો, એટલે એક ઝાડની ડાળ સાથે અદૃશ્યરૂપે ભટકાયો, તેથી તે ડાળ ભાંગી ગઈ ! તે જોઈને બધા આશ્ચર્ય પામ્યા. પછી તે દક્ષિણી બ્રાહ્મણ રાવ સાહેબ મંદિર ઉપર લક્ષ્મીનારાયણદેવનાં દર્શન કરવાં ગયા.

હે ભક્તો ! એ સમયે એક હાર લક્ષ્મીજીના હાથમાં અને એક હાર નારાયણના હાથમાં હતો. ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું: ''રાવ સાહેબ ! જાવ, નજીક જઈને દર્શન કરો.'' તેથી તેઓ લક્ષ્મીનારાયણદેવની

નજીક ગયા. એ સમયે સ્વામીની ઈચ્છા જાણી નારાયણ ભગવાનની મૂર્તિના હાથમાં જે હાર હતો તે નારાયણે રાવ સાહેબને પહેરાવ્યો ! આવું જોઈ સૌ કોઈ અતિ આશ્ચર્ય પામ્યા !

## પરમ ચૈતન્યાનંદ સ્વામીની કસર ટળી

હે ભક્તો ! વડતાલધામમાં સંતોની ધર્મશાળામાં સદ્‌ગુરુવર્ય ગોપાળાનંદ સ્વામી પોતાના આસને દરરોજ કથા–વાર્તા કરતા હતા. તેથી અનેક સંતો અને ભક્તો સ્વામી પાસે કથા–વાર્તા સાંભળવા આવતા હતા. તે સંતોમાં પરમ ચૈતન્યાનંદ સ્વામીના શિષ્ય બાલમુકુંદાનંદ સ્વામી પણ દરરોજ રાત્રે કથા સાંભળવા આવતા હતા, તેથી પોતાના આસને જવામાં મોડું થતું હતું. તેના કારણે એક દિવસ તેમના ગુરુ પરમ ચૈતન્યાનંદ સ્વામીએ એક દિવસ પૂછ્યું: ‘‘બાલમુકુંદાનંદ ! તમે રાત્રીએ દરરોજ સૂવા માટે મોડા કેમ આવો છો ? દરરોજ ક્યાં જાવ છો ?’’

ગુરુનો પ્રશ્ન સાંભળી બાલમુકુંદાનંદ સ્વામીએ જવાબ આપ્યો : ‘‘સ્વામીજી ! હું દરરોજ શયન આરતી પછી ગોપાળાનંદ સ્વામીના આસને કથા સાંભળવા માટે જાઉં છું. સ્વામી વચનામૃત રહસ્યની તેમજ શ્રીજી મહારાજની વાતો બહુ સરસ કરે છે. મહારાજના મહિમાની અને નિષ્ઠાની વાતો સાંભળવા માટે ઘણા મોટા મોટા સદ્‌ગુરુ સંતો પણ આવે છે; માટે તમે પણ જો એક વખત સ્વામીની વાતો સાંભળવા આવો તો તમને પણ વારંવાર આવવાની ઈચ્છા થાય.’’ ત્યારે પરમ ચૈતન્યાનંદ સ્વામી બોલ્યા: ‘‘મારાથી ત્યાં અવાય નહિ.’’

હે ભક્તો ! સ્વામી એવું કહેવા માગે છે કે, ‘ગોપાળાનંદ સ્વામી સદ્‌ગુરુ છે એ જ રીતે હું પણ સદ્‌ગુરુ છું. સ્વામી વિદ્વાન છે, એજ રીતે હું પણ વિદ્વાન છું, તેથી મારે ત્યાં સ્વામી પાસે કથા સાંભળવા આવવાની જરૂર નથી.’ આ પ્રમાણે તેમણે કહ્યું. ત્યારબાદ ઘણા દિવસ વ્યતીત થઈ ગયા. પછી એક દિવસ પરમ ચૈતન્યાનંદ સ્વામીએ પોતાના શિષ્ય બાલમુકુંદાનંદ સ્વામીને કહ્યું, ‘‘ચાલો, આજે તો હું પણ ગોપાળાનંદ સ્વામીની વાતો સાંભળવા આવું, જોઈએ કે સ્વામી કેવીક કથા–વાર્તા કરે છે ?’’

આવું સાંભળી બાલમુકુંદાનંદ સ્વામી બહુ રાજી થયા અને એક હરિભક્તને મોકલી ગોપાળાનંદ સ્વામીને કહેવડાવ્યું કે, 'ચૈતન્યાનંદ સ્વામી તમારે આસને વાતો સાંભળવા આવે છે.'' તુરંત સ્વામીએ એક મોટો ગાદી–તકિયો મૂકાવી તૈયાર કર્યો. ત્યારે પરમ ચૈતન્યાનંદ સ્વામી ત્યાં આવ્યા અને પ્રણામ કરી સ્વામીને જય સ્વામિનારાયણ કહ્યા. પછી સ્વામીએ તેમને મોટા ગાદી–તકિયે બેસાડ્યા. પછી ગોપાળાનંદ સ્વામીએ સૌ સંતો–ભક્તો આગળ શ્રીજી મહારાજના સર્વોપરી મહિમાની અને વચનામૃતનાં રહસ્યોની વાતો કરી. તે સાંભળીને પરમ ચૈતન્યાનંદ સ્વામી બહુ રાજી થયા અને દરરોજ આવવા લાગ્યા.

હે ભક્તો ! પછી એક દિવસ તેઓએ ગોપાળાનંદ સ્વામીને હાથ જોડીને કહ્યું: ''સ્વામીજી ! તમે મને મળ્યા ન હોત તો તથા મેં તમારો સમાગમ કર્યો ન હોત તો મારામાં બહુ કસર રહી જાત.'' પછી તો પોતાનો સૂવાનો ઢોલિયો હતો તે કાઢી નાખ્યો અને સૌ સંતો સાથે પથારી કરીને સૂવા લાગ્યા ! પોતાના માટે જુદી રસોઈ બનાવડાવતા તે બંધ કરીને સૌ સંતો સાથે પંક્તિમાં બેસી જમવા લાગ્યા ! તેઓ યોગીવર્ય ગોપાળાનંદ સ્વામીના સમાગમના કારણે એટલા બધા નિર્માની થઈ ગયા કે એકવાર સંતોની સભામાં સૌની વચ્ચે એવું બોલ્યા: ''બાર વરસ ગુરુ રહ્યો, બાર વરસ સદ્‌ગુરુ રહ્યો, પરંતુ સાધુ તો હવે થયો ! ગોપાળાનંદ સ્વામીનો સમાગમ ન કર્યો હોત તો સદ્‌ગુરુના ગુમાનમાં, વિદ્વત્તાની આંટીમાં અને રજોગુણી જીવન જીવવામાં મારી જિંદગી પૂરી થઈ જાત, માટે સ્વામીનો સમાગમ સૌ જરૂર કરજો.''

## ચમત્કાર બતાવી સત્સંગી કર્યો

હે ભક્તો ! ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના માઢીયા ગામમાં એક વખત આચાર્ય રઘુવીરજી મહારાજ તથા યોગીરાજ ગોપાળાનંદ સ્વામી વગેરે સંતો પધાર્યા હતા. તે સમયે માઢીયા ગામના અને પઢિયારકા ગામના હરિભક્તોએ ગોપાળાનંદ સ્વામી પાસે આવી દંડવત કરીને કહ્યું: ''સ્વામીજી ! બાજુમાં પટવા નામનું ગામ આવેલ છે. ત્યાં એક બ્રાહ્મણ વૈદ રહે છે. તે સત્સંગનો ખૂબ દ્વેષ કરે છે અને અમને સૌને હેરાન કરે છે, તેથી આપ

જો કાંઈ ચમત્કાર બતાવો તો અમને સુખ થાય અને હેરાન કરતો બંધ થાય. જો તમે એને ઐશ્વર્ય નહિ બતાવો તો તે અમને સત્સંગીઓને હેરાન કર્યા કરશે, માટે કૃપા કરો.’’

ગરીબ હરિભક્તોની વાત સાંભળી ગોપાળાનંદ સ્વામી બોલ્યા: ‘‘તમે પટવા ગામ જઈ તે બ્રાહ્મણને કહો કે, ‘‘અમારા સ્વામી બીમાર છે, માટે તેમની નાડી જોવા આવો.’’ પછી આગેવાન હરિભક્તે તે ગામમાં જઈને કહ્યું: ‘‘વૈદજી ! વડતાલથી અમારા મોટા સ્વામી પધાર્યા છે. તેઓ માંદા પડી ગયા છે, માટે તમે તેઓની નાડી જોવા આવો.’’ ત્યારે તે બ્રાહ્મણ મોઢું બગાડીને કહેવા લાગ્યો: ‘‘અમુક રૂપિયા મારી ફી છે, તે આપો તો હું આવું.’’ ત્યારે હરિભક્તે હા કહી. તેથી તે પટવા ગામથી માઢીયા ગામ આવ્યો.

હે ભક્તો ! પછી સત્સંગીઓ તેને ગોપાળાનંદ સ્વામી પાસે લાવ્યા. ત્યારે સ્વામીએ તેમને કહ્યું: ‘‘વૈદરાજ ! મારા શરીરે બહુ કસર રહ્યા કરે છે, તેથી મારી નાડી જોઈને કહો કે શું રોગ છે ?’’ પછી તે બ્રાહ્મણ વૈદે પૂજ્યપાદ સ્વામીનો હાથ ઝાલીને નાડી–પરીક્ષા કરી, પણ ક્યાંય નાડી હાથમાં આવી નહિ ! પછી તો આખા શરીરમાં જે જે નાડીનાં સ્થાનો હતાં, તે તે સ્થાનકોએ તપાસ કરીને જોયું, પણ નાડી ક્યાંય હાથમાં આવી જ નહિ, તેથી તે આશ્ચર્ય પામી ગયો !

પછી તે સત્સંગના દ્વેષી બ્રાહ્મણે બે હાથ જોડી સ્વામીને પગે લાગીને કહ્યું: ‘‘સ્વામીજી ! શરીરની એક પણ નાડી ચાલતી નથી અને છતાંય તમે તો મારી સાથે વાતો કરો છો, માટે તમે તો કોઈ મહાપુરુષ છો; કારણ કે શરીરની નાડીઓ બંધ થઈ જાય એટલે માણસનું મૃત્યુ થઈ જાય. તેમજ માણસનું જ્યારે મૃત્યુ થાય ત્યારે જ નાડીયું ચાલતી બંધ થઈ જાય. તેથી હું ચોક્કસપણે કહી શકું કે તમે મોટા સિદ્ધયોગી છો. તેથી હું તમારી પાસે માફી માગું છું. કેમ કે મેં તમારા સત્સંગીઓને બહુ હેરાન કર્યા છે, માટે મારી ભૂલને માફ કરી મને તમારો આશ્રિત બનાવો.’’ પછી ગોપાળાનંદ સ્વામીએ તેને વર્તમાન ધરાવી કંઠી પહેરાવી હરિભક્ત કર્યો ! તેથી કાયમ માટે હરિભક્તોની હેરાન ગતિ મટી ગઈ.

## પાંચ વખત કથા-વાર્તાનું બંધારણ કર્યું

હે ભક્તો ! સ્વામિનારાયણ ભગવાન ધામમાં પધાર્યા પછી આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ અને ગોપાળાનંદ સ્વામી તેમજ નિત્યાનંદ સ્વામી વગેરે સંતો કાયમ રહેવા માટે વડતાલધામમાં આવી ગયા હતા. પછી થોડા દિવસો ગયા બાદ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામીને બોલાવીને કહ્યું: ''સ્વામી ! આપણે કથાવાર્તાના નિયમોનું બંધારણ કરીએ, કારણ કે હવે શ્રીહરિજી મહારાજ ધામમાં પધારી ગયા છે, તેથી મને વિચાર આવે છે કે, નિયમ ઘડીએ. કેમ કે પ્રભુ જ્યારે પૃથ્વી ઉપર હતા ત્યારે તો તેઓ તેમની મરજી મુજબ સવારે, બપોરે, સાંજે કે રાત્રીએ સર્વે સંતોને બોલાવીને કથાવાર્તા કરતા; પણ હવે તેઓ આપણને બોલાવીને કથાવાર્તા કરવાના નથી. તેથી આપણે જો નિયમ બાંધશું તો મુક્ત–મુમુક્ષુ–વિષયી અને પામર એ આદિક કથાવાર્તા કરશે તો તેમનું અંગ વૃદ્ધિ પામશે.''

હે ભક્તો ! આવી રીતે યોગીવર્યે કહ્યું, તે સાંભળીને નિત્યાનંદ સ્વામી બોલ્યા: ''સ્વામીજી ! શ્રીજી મહારાજે જે નિયમ બાંધ્યા નથી તે કામ આપણે કરવાની મને જરૂર લાગતી નથી. જેને કલ્યાણનો ખપ હશે તે તો પોતાની મેળે મહારાજનું ભજન કરશે.'' આ પ્રમાણે કહીને નિત્યાનંદ સ્વામી પોતાના આસને ગયા. પછી બીજા દિવસે ગોપાળાનંદ સ્વામીએ પોતાના શિષ્ય પુરુષાનંદ સ્વામીને કહ્યું: ''વચનામૃતનો ચોપડો લઈ તમો વચનામૃત વાંચો. આપણે બે ઘડી (૪૮ મિનિટ) મહારાજનું ભજન કરીએ.''

આ પ્રમાણે કહીને સ્વામી સ્વયં શ્રોતા બન્યા અને પુરુષાનંદ સ્વામી વાંચવા લાગ્યા. પછી ગોપાળાનંદ સ્વામીએ વચનામૃત ઉપર શ્રીજી મહારાજના રહસ્ય–જ્ઞાનની વાર્તાઓ કરવા માંડી. તે સમયે પરમ ચૈતન્યાનંદ સ્વામીના શિષ્ય બાલમુકુંદાનંદ સ્વામી દર્શન કરીને ગોપાળાનંદ સ્વામીના આસને ગયા. તો ત્યાં સ્વામી વચનામૃત રહસ્યની વાતો સમજાવતા હતા. તેથી તેમણે તેમના ગુરુને વાત કરી. પછી પરમ ચૈતન્યાનંદ સ્વામી પણ આવવા લાગ્યા અને તેઓ પણ ગોપાળાનંદ સ્વામીને વચનામૃતોના સવાલો પૂછીને રહસ્ય સમજવા લાગ્યા !

હે ભક્તો ! પછી એક દિવસ પરમ ચૈતન્યાનંદ સ્વામી નિત્યાનંદ સ્વામી પાસે ગયા અને કહેવા લાગ્યા: ''ગોપાળાનંદ સ્વામી વચનામૃતનાં રહસ્યો સમજાવે છે, એવાં તો મને પણ સમજાવતાં આવડતાં નથી.'' આવું સાંભળીને નિત્યાનંદ સ્વામી પણ બીજા દિવસે કથાના સમયે સ્વામીના આસને ગયા. તેથી સ્વામીએ ગાદી-તકિયો મૂકાવી નિત્યાનંદ સ્વામીને પોતાની પાસે બેસાડી વચનામૃત વંચાવીને કહ્યું: ''સ્વામી ! આ વચનામૃતનું રહસ્ય સમજાવો.'' પછી નિત્યાનંદ સ્વામીએ ઘણા પ્રકારે સમાધાન કર્યું, પણ સમાધાન થયું નહિ.

હે ભક્તો ! ત્યારબાદ નિત્યાનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામીને કહ્યું: ''સ્વામીજી ! આ વચનામૃતનું રહસ્ય તમે જ સમજાવો.'' પછી સ્વામીએ વચનામૃત રહસ્યની વાર્તા કરીને સમજાવ્યા. તે સાંભળીને નિત્યાનંદ સ્વામી બહુ રાજી થયા. પછી ગોપાળાનંદ સ્વામીને કહેવા લાગ્યા: ''સ્વામીજી ! તમે એક વખત કથા-વાર્તા કરો છો, પણ મારી તમને વિનંતી છે કે, હવેથી તમે બે વાર આવી કથા-વાર્તા કરી વચનામૃતનાં રહસ્યો સમજાવો. હું દરરોજ કથા સાંભળવા આવીશ.''

નિત્યાનંદ સ્વામીની આવી માગણી સાંભળી ગોપાળાનંદ સ્વામી ખૂબ રાજી થયા અને દરરોજ બે વખત કથા કરવા લાગ્યા. તેના કારણે અનેક સંતો કથા સાંભળવા આવવા લાગ્યા. પછી બન્ને સદ્ગુરુઓએ ભેગા મળીને વિચાર કર્યો: ''આપણે સંતોના અધ્યાત્મમાર્ગના પોષણ માટે પાંચ વખત કથાવાર્તા કરવાનો નિયમ કરીએ, જેથી સંતોને ઘણો સમાસ થશે. તેમજ ભવિષ્યના મુમુક્ષુઓનું પણ કથાવાર્તાથી શ્રેય થશે અને અંતે શ્રીજી મહારાજના અક્ષરધામને પામશે.''

## દરરોજ ચેષ્ટા બોલવાની આજ્ઞા કરી

હે ભક્તો ! આ પ્રમાણે નક્કી કરીને નિત્યાનંદ સ્વામી પોતાને આસને ગયા. પછી ગોપાળાનંદ સ્વામીએ પ્રેમાનંદ સ્વામીને બોલાવીને કહ્યું: ''હે સ્વામી ! શ્રીહરિજીનાં સમગ્ર ચરિત્રો તથા સ્વાભાવિક ચરિત્રો તમોએ જોયેલાં

છે. વળી તમે કવિ પણ છો, તેથી તે ચરિત્રોનાં પદ બનાવીને લાવો.'' સ્વામીની આજ્ઞા થતાં જ પ્રેમાનંદ સ્વામી ચેષ્ટાનાં પદો અને અન્ય પદો બનાવીને લાવ્યાં. પછી તે સર્વે પદો ગાઈને ગોપાળાનંદ સ્વામીને સંભળાવ્યાં. પછી નિત્યાનંદ સ્વામીને બોલાવીને વાંચી સંભળાવ્યાં અને કહ્યું: ''સ્વામી ! આ પદોમાં કોઈ ફેરફાર કરવો હોય તો કરો. પછી આપણે શ્રીહરિનાં ચરિત્રો સર્વેને કંઠે કરાવીએ.''

પછી નિત્યાનંદ સ્વામીએ સંશોધન કર્યા બાદ મુક્તાનંદ સ્વામીનાં અને નિષ્કુળાનંદ સ્વામીનાં પદો ઉમેરવાં કહ્યું, તેથી બન્ને સદ્‌ગુરુ સંતોનાં પદ ઉમેરીને સર્વે પદો ભેગાં કર્યાં. પછી દરરોજના નિયમ મુજબ રાત્રીની કથા સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી કરી રહ્યા, ત્યારે સૌ સંતો સભામાંથી ઊઠીને પોતાના આસને જવા લાગ્યા. ત્યારે સ્વામીએ સર્વે સંતો–પાર્ષદોને પાછા બેસાડ્યા અને કહેવા લાગ્યા : ''સંતો ! સાંભળો. આપણે હવેથી દરરોજ પાંચ વાર કથા–વાર્તા કરવાની છે અને સાંભળવાની છે. તેમજ રાત્રીની છેલ્લી કથા પૂરી થાય ત્યાર પછી પ્રેમાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી અને નિષ્કુળાનંદ સ્વામીનાં બનાવેલાં શ્રીજી મહારાજનાં ચરિત્રોનાં પદો પણ બોલવાનું શરુ કરવાનું છે, તેથી આ સર્વે પદ દરેક સંતોએ કંઠે કરીને દરરોજ રાત્રીએ બોલ્યા પછી જ સૂવું, એવો સર્વે સંતોએ નિયમ રાખવાનો છે.''

હે સંતો ! આ દરેક પદ મોટાં મંદિરોમાં હોઈએ કે હરિ મંદિરોમાં હોઈએ પરંતુ દરેક સ્થાનોમાં ફરજીયાત બોલવાનાં છે. બોલ્યા વિના ક્યારેય સૂવું નહિ. તથા આ સર્વે પદ સમગ્ર સત્સંગીઓને પણ શીખવાડવાં અને દરરોજ બોલવાનું કહેવું. આ પદ દરરોજ રાત્રીએ બોલવાથી અને સાંભળવાથી સર્વે સંતો તેમજ સર્વે હરિભક્તોને ચાર વેદ, છ શાસ્ત્રો, અઢાર પુરાણ અને મહાભારત સાંભળવાનું જેટલું ફળ મળે છે, તેટલું ફળ આ પદો (ચેષ્ટા) બોલવાથી મળશે ?'' આ પ્રમાણે કહીને સંતોને ચેષ્ટાનાં પદ શીખવા માટે ખરડાઓ લખાવી આપ્યા.

હે ભક્તો ! ઐશ્વર્યમૂર્તિ – યોગીરાજ સદ્‌ગુરુવર્ય ગોપાળાનંદ સ્વામીએ આજ્ઞા કરી અને વરદાન પણ આપ્યું છે, માટે આળસ–પ્રમાદ છોડી સ્વામીની આજ્ઞાનું પાલન કરી દરરોજ ચેષ્ટા બોલી સ્વામીનો રાજીપો મેળવી લેવો.

સ્વામીએ દરરોજ પાંચ વખત કથા કરવાનું અને દરરોજ રાત્રે ચેષ્ટા કરવાનું જે બંધારણ કર્યું છે, તેનું આજે પણ સંપ્રદાયનાં અનેક નાનાં-મોટાં મંદિરોમાં પાલન થઈ રહ્યું છે. જો કે ઘણા સંતો-ભક્તોમાં ચેષ્ટા ન બોલવાની ગાફલાઈ આવી ગઈ છે; પરંતુ જેમને શ્રીહરિ તથા ગોપાળાનંદ સ્વામીનો વિશેષ રાજીપો મેળવવો છે, એવા સંતો-ભક્તો દરરોજ ચેષ્ટા બોલે છે તેમજ ઘણા સંતો દરરોજ પાંચવાર કથા પણ કરે છે, કારણ કે પાંચ વખત કથા કરવા - સાંભળવાની આજ્ઞા કેવળ ત્યાગીઓ માટે જ છે, પણ ગૃહસ્થો માટે નથી, તો પણ અમુક ભક્તો કથાવાર્તાનાં અંગવાળા હોય છે તેઓ પાંચ વખત કથાવાર્તા કરી મહારાજ અને સ્વામીનો વિશેષ રાજીપો મેળવી રહ્યા છે.

## નરસિંહ દવે ઉપર કૃપા

હે ભક્તો ! એકવાર ગોપાળાનંદ સ્વામી સોરઠ પ્રદેશમાં આવેલ પીપલાણા પધાર્યા હતા. તે સમયે બાજુમાં આવેલ આખા નામના ગામના નરસિંહ દવે તથા મકન અને કાનજી આ બન્ને તેમના દીકરા પણ તેમની સાથે પીપલાણા આવ્યા હતા. ત્યાં તેમણે ગોપાળાનંદ સ્વામીને વિનંતી કરીને આખા ગામમાં પધારવા કહ્યું; તેથી સ્વામીએ હા કહી. પછી સૌ પીપલાણાથી આખા જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં શેરડીનો વાઢ આવ્યો.

એ સમયે નરસિંહ દવેએ સ્વામીને કહ્યું:, ''સ્વામીજી ! પાણી વિના આ વાઢ સુકાઈ રહ્યો છે. જો વરસાદ નહિ થાય તો વાઢ સુકાઈ જશે; પરંતુ તમે જો કૃપા કરીને વરસાદ વરસાવો તો વાઢ સારો થાય અને ગોળ વધારે પાકે, તેથી ગોળને વેચી અમારું કરજ ભરી શકાય, માટે કૃપા કરો તો દેવું નીકળી જાય.'' પછી નરસિંહ દવેની વિનંતી સાંભળી ગોપાળાનંદ સ્વામીએ ધ્યાન કરીને વાદળાં સામું જોયું, ત્યાંતો મેઘ ગર્જવા લાગ્યો અને વરસાદ વરસવા લાગ્યો ! તેના કારણે વાઢના ક્યારા પાણીથી છલકાઈ ગયા અને નદીમાં પૂર આવ્યું. પછી શેરડી સારી પાકી તેથી ગોળ પણ ખૂબ પાક્યો, તેથી નરસિંહ દવેનું દેવું પણ ભરાઈ ગયું. આવી કૃપા ગોપાળાનંદ સ્વામીએ કરી હતી.

## લક્ષ્મીજીએ ફરીને સયાજીરાવને હાર પહેરાવ્યો

હે ભક્તો ! યોગીરાજ ગોપાળાનંદ સ્વામી એક વાર વડોદરા પધાર્યા હતા. એનો ખ્યાલ શ્રીમંત ગાયકવાડ સયાજીરાવ મહારાજને આવ્યો. તેથી તેઓ વાડી મંદિરે ગોપાળાનંદ સ્વામીનાં દર્શન કરવાં પધાર્યા. સ્વામીને વંદન કરીને બેઠા ત્યારે સ્વામીએ કહ્યું: ''તમે મંદિર ઉપર જઈને દેવોનાં દર્શન કરીને પછી સભામંડપમાં આવો. કેમ જે મંદિરે જઈએ ત્યારે પ્રથમ મંદિરમાં બિરાજતાં દેવનાં દર્શન કરવાં જોઈએ, ત્યારબાદ સંતો પાસે જવું જોઈએ.''

પૂજ્યપાદ સ્વામીની મીઠી ટકોર સાંભળી સયાજીરાવ મંદિર ઉપર લક્ષ્મીનારાયણદેવનાં દર્શન કરવાં માટે ગયા. એ સમયે પૂજારી બ્રહ્મચારીએ લક્ષ્મીજીના હાથમાં ગુલાબનો હાર રાખેલ હતો, તે હાર સાક્ષાત્ લક્ષ્મીમાતાએ સયાજીરાવને પહેરાવ્યો ! તેથી મહારાજા અને સાથે આવેલા માણસો આશ્ચર્ય પામી ગયા ! પછી તેઓ સ્વામી પાસે આવીને બેઠા. ત્યારે સ્વામીજીએ કહ્યું: ''સરકાર ! લક્ષ્મીજીએ તમને હાર પહેરાવ્યો કે નહિ ?'' ત્યારે તેમણે કહ્યું: ''હા સ્વામી.''

ત્યારે ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું: ''સરકાર ! આવા પ્રત્યક્ષ દેવ ક્યાંય છે ? કોઈ દેવ કે માતાજીએ તમને આ રીતે હાર પહેરાવ્યો છે ?'' આવું સાંભળી સયાજીરાવ બોલ્યા: ''સ્વામીજી ! મારા રાજ્યમાં કે બીજાં કોઈ સ્થાનમાં મેં આવા ચમત્કારી દેવ જોયાં નથી. મને મંદિરોના મહંતો હાર પહેરાવે છે, પણ લક્ષ્મીજીની જેમ કોઈ દેવ-દેવીએ હજુ સુધી મને હાર પહેરાવ્યો નથી. અહીંના દેવ તો પ્રગટ છે - પ્રત્યક્ષ છે.''

ત્યારે સ્વામીએ કહ્યું: ''સરકાર ! આવા દેવની સેવા કાયમ માટે તમારા તરફથી થાય એવો ઉપાય તમે કરો.'' ત્યારે સયાજીરાવે કહ્યું: ''સ્વામીજી ! દર વર્ષે દેવની આજીવિકા માટે ૬૦૦ રૂપિયાની (એ સમયના છસો રૂપિયા) સેવા હું કરીશ.'' આવું સાંભળી સ્વામી રાજી થયા.

હે ભક્તો ! એ સમયે ત્યાં મહીરાવભાઈએ કહ્યું: ''હું મકરાણ દેશમાંથી ઉત્તમ પ્રકારનો આરસ મંગાવીને સારા કારીગર પાસે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીની આરસની મૂર્તિ કરાવીશ.'' આવું સાંભળી સ્વામીએ કહ્યું:

''મહીરાવભાઈ ! મારી મૂર્તિ હોય નહિ; મૂર્તિ તો સ્વામિનારાયણ ભગવાનની પધરાવાય, મારી નહિ; માટે આરસ મંગાવતા નહિ.''

## તમારો બાપ, દીકરો બનીને આવ્યો છે !

હે ભક્તો ! અતિ હેતને કારણે જન્મ આવતો હોય છે અથવા તો ભૂત-પ્રેત થવું પડતું હોય છે, એવા અનેક પ્રસંગો સંપ્રદાયના અનેક ગ્રંથોમાં વાંચવા મળે છે. તેમાંથી એક પ્રસંગ આપની જાણ માટે લખી રહ્યો છું. આ પ્રસંગ સાંભળીને ભગવાન અને ભગવાનના સંતો-ભક્તો સિવાય અતિ હેત બીજે ક્યાંય ન રાખવું જોઈએ એવો સદ્‌બોધ પ્રાપ્ત થશે. સગાં-સંબંધીઓ કે ભાઈબંધ-મિત્રો સાથે વ્યવહારની રીત મુજબ હળીમળીને રહેવું જોઈએ તથા મીઠી વાણીથી સૌનો આદર સત્કાર કરવો જોઈએ, પરંતુ દિલથી હેત તો ભગવાન અને સંતો-ભક્તો સિવાય બીજા કોઈ પણ સાથે કરવું ન જોઈએ. શાસ્ત્રકારોએ અને સંતોએ આ પ્રમાણે કહ્યું છે અને છતાંય જો આસક્તિપૂર્વક પરિવારના કોઈ વ્યક્તિ સાથે ગાઢ હેત કર્યું તો શું થયું એ આ પ્રેરણાદાયી પ્રસંગમાંથી જાણવા મળશે.

હે ભક્તો ! એક વખત યોગીવર્ય ગોપાળાનંદ સ્વામી હરિભક્તોને દર્શન દેવા માટે સોરઠ પ્રદેશમાં આવેલ ગોંડલ પધાર્યા હતા. સત્સંગીઓને ખ્યાલ આવતા તેઓ સ્વામીનાં દર્શન કરવા માટે આવવા લાગ્યા. તે સર્વેની સાથે ગોંડલનો એક લુહાર પણ પોતાના નાના બાળકને તેડીને સ્વામી પાસે આવ્યો અને સ્વામીને કહેવા લાગ્યો: ''સ્વામીજી ! આપ મોટા પુરુષ છો, તેથી ભગવાનની જેમ બધું જ જાણો છો, માટે મારા પુત્ર પર દયા લાવીને મારા પ્રશ્નનો જવાબ આપો.''

લુહારની વાત સાંભળી સ્વામીએ કહ્યું: ''બોલો, તમારે શું પૂછવું છે ? જે પૂછવું હોય તે પૂછો, તમને જરૂર જવાબ આપીશું.'' ત્યારે લુહારે પૂછ્યું: ''સ્વામીજી ! આ મારો બાળક છે. તેમને કોઈ પ્રકારનો રોગ નથી, છતાં પણ તે તેની માતાને ધાવતો નથી. હજુ તો મારો છોકરો અનાજ ખાવા પણ શીખ્યો નથી અને સ્તનપાન પણ કરતો નથી; માટે આપ બતાવો કે આ ધાવતો કેમ નથી ?''

હે ભક્તો ! લુહારની વાત સાંભળી ઐશ્વર્યમૂર્તિ ગોપાળાનંદ સ્વામી તે બાળક સામી દૃષ્ટિ કરીને જોઈ રહ્યા. પછી બોલ્યાઃ ‘‘આ તમારા પિતા છે ! તે બાપ મટીને દીકરો થયા છે ! એમને તમારાં પ્રત્યે બહુ હેત હતું, તેથી તમારો દીકરો બનીને આવેલ છે. તમારા બાપને અંતકાળે એવો સંકલ્પ રહ્યો હતો કે, ‘‘મારા દીકરાની વહુએ મારી બહુ સેવા કરી છે તેમજ મારા દીકરાએ પણ મને બહુ સાચવ્યો છે, પણ એમને કોઈ સંતાન નથી.’’ આ દૃઢ સંકલ્પને કારણે જ એ તમારે ત્યાં પુત્ર તરીકે જન્મેલ છે, તેથી ધાવતો નથી, કારણ કે ગયા જન્મનું એમને જ્ઞાન થઈ ગયું છે; પરંતુ હવે તે થોડા દિવસમાં મૃત્યુ પામશે.’’ પછી સ્વામીના કહ્યા મુજબ તે બાળક મૃત્યુ પામ્યો! આ પ્રસંગ સૌને સાવધાન કરે છે.

## ધોળકામાં પંડિત બ્રહ્મરાક્ષસ થયો

હે વહાલા સંતો-ભક્તો ! અમદાવાદ જિલ્લામાં ધોળકા નામનો તાલુકો છે. આ ધોળકા પાંડવો વખતમાં વિરાટ નગર તરીકે પ્રસિદ્ધ હતું. ત્યાં કાશીનાથ નામના મોટા પંડિત રહેતા હતા. તેમની પાસે ભણવા માટે ભારતભરના યુવાનો ઈચ્છા રાખતા હતા. કાશીનાથ ધોળકા નગરીના મંડનમિશ્ર ગણાતા હતા. તેમનાં ધર્મપત્ની પણ સંસ્કૃત ભાષાનાં વિદ્વાન હતાં. તેઓને એક પુંડરિક નામનો પુત્ર હતો. બન્નેને પોતાનો પુત્ર પ્રાણ કરતાં પણ વધારે વહાલો હતો.

તે કાશીનાથ ધોળકામાં ‘સરસ્વતી મંદિર’ નામની મોટી પાઠશાળા પણ ચલાવતા હતા. તેથી તેમની પાસે ઠેઠ દક્ષિણ ભારતમાંથી પણ બ્રાહ્મણ યુવાનો સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરવા માટે આવેલ હતા. કોઈ શ્રેષ્ઠ ગુરૂકુળ જેવી તેની પાઠશાળા શોભતી હતી તેમજ કોઈ મહાન ઋષિના આશ્રમ જેવું તેના ઘરમાં પવિત્ર વાતાવરણ હતું.

હે ભક્તો ! આ કાશીનાથ પંડિતનો ગૃહસંસાર સુખપૂર્વક ચાલતો હતો. તેવા સમયમાં એક દિવસની એક અભાગી ક્ષણે તે પંડિતનો નાનો બાળક પુંડરિક તેલની ભરેલી લોઢાની કોઠીમાં બાળક સ્વભાવ મુજબ ડોકાવા

જતાં–જોવાં જતાં પોતાના જ પગ પૃથ્વીથી જ ઉંચા થઈ ગયા અને તેના કારણે તે તેલની કોઠીમાં પડી ગયો ! તેથી થોડીવારમાં જ મૃત્યુ પામ્યો !

થોડીવાર પોતાના પુત્રને ન જોયો એટલે તે બાળકની માતા પંડિત–પત્ની તેને શોધવા લાગી. ત્યાં તો તેલની કોઠીમાં પોતાના પુત્રને મરેલો જોયો ! તે જોઈ તે આક્રંદ કરવા લાગી અને પુત્રમોહમાં બંધાયેલી તે માતા પણ તે જ કોઠીમાં પડીને મૃત્યુ પામી ! પછી બપોરના સમયે વિદ્યાલયમાંથી કાશીનાથ ઘેર આવ્યા. આવીને તેમણે ઘરમાં પત્ની અને પુત્રને જોયાં નહિ, તેથી તપાસ કરવી શરુ કરી. તપાસ કરતાં તેમને તેલની કોઠીમાં પુત્ર અને માતાને મરેલાં જોયાં !

હે ભક્તો ! પુત્ર અને પત્નીનું અકાળ મૃત્યુ જોઈ તેઓ બન્નેનો વિયોગ સહન ન કરી શક્યા, તેથી તેમણે પણ એ જ કોઠીમાં પડી આત્મહત્યા કરી લીધી ! આ પ્રમાણે આપઘાત કરવાને કારણે તેમજ ઘરની વાસના રહી જવાના કારણે તે પંડિત કાશીનાથ બ્રહ્મરાક્ષસ થઈ પોતાના ઘરમાં રહેવા લાગ્યો. પછી તો કોઈ પણ વ્યક્તિને પોતાના ઘરમાં રહેવા દે નહિ તેમજ ત્યાં ઉતરવા પણ દે નહિ. જો કોઈ રાત્રીએ ત્યાં રોકાય તો સવારમાં જીવતો જાય નહિ. આવી સ્થિતિ થતાં તે મકાનનું નામ ધોળકા ગામમાં નરનારીઓએ 'ભૂતિયું મકાન' પાડ્યું.

## બ્રહ્મરાક્ષસે બ્રાહ્મણને ભણાવ્યો

હે ભક્તો ! કાશીનાથ પંડિતની ખ્યાતિ કાશીમાં અને દક્ષિણ ભારતમાં પણ ફેલાયેલી હોવાથી ત્યાંથી એક બ્રાહ્મણ કુમાર ચાલતો – ચાલતો ભણવા માટે ધોળકા આવ્યો. આવીને કાશીનાથના ઘરનું સરનામું પૂછ્યું. એટલે આસુરીવૃત્તિના લોકોએ હાથ લાંબો કરીને ભૂતિયું ઘર બતાવી દીધું ! તેથી તે યુવાન બ્રાહ્મણ પંડિતના ઘેર આવ્યો.

એ સમયે બ્રહ્મરાક્ષસ બનેલા પંડિતનાં દિલમાં દયા આવી, એટલે બીજાં ભૂતોને બોલાવીને કહ્યું: ''તમે સર્વે વિદ્યાર્થી બની જાવ અને મારી પાસે ભણવા બેસી જાઓ. પેલો યુવાન આવે છે તે વાસ્તવિક્તાને જાણતો નથી,

એટલે મારી પાસે ભણવા આવ્યો છે, તેથી હું તેમને વિદ્યા ભણાવીશ. વળી સૌ સાંભળો. તેને કોઈ બીવડાવશો નહિ, તેમજ મારશો પણ નહિ.''

હે ભક્તો ! પછી તે બ્રહ્મરાક્ષસ બ્રાહ્મણ પંડિતનાં વસ્ત્રો પરિધાન કરી ગાદી–તકીયે બેસી બાળકો બનેલાં ભૂતોને ભણાવવા લાગ્યો. ત્યારે પેલા વિદ્યાર્થી બ્રાહ્મણે આવીને જોયું ત્યાંતો વેદની ઘોષણાઓ સંભળાઈ ! ઉપનિષદ તથા વેદની ઋચાઓ વિદ્યાર્થીઓનાં ગળામાં ગાજતી જોઈ ! પાણિનીનાં સૂત્રો અને પતંજલિ ભાષ્યની પ્રક્રિયાઓ રેલમછેલ થતી જોઈ !

આવું સંસ્કૃતમય વાતાવરણ જોઈને તે વિદ્યાર્થી બ્રાહ્મણ તો રાજી થઈને મનોમન બોલવા લાગ્યો: ''અરે ! આવું વિદ્યાપીઠ આખા ગુજરાતમાં ક્યાંય નથી. હું અહીં આવી કૃતાર્થ થયો. મને આવા વિદ્યાશીલ ગુરુ મળ્યા તેને હું મારાં મોટાં ભાગ્ય માનું છું.'' આવું વિચારતો–વિચારતો આચાર્યના રૂપે બેઠેલા બ્રહ્મરાક્ષસ પાસે જઈ પ્રણામ કરી ચરણસ્પર્શ કર્યો.

ત્યારે તે કાશીનાથ પંડિતે પણ તેમનો સત્કાર કરી કુશળતા પૂછી. પછી આવવાનું કારણ પૂછતા તેમણે વિદ્યાદાન આપવા વિનંતી કરી. ત્યારે કાશીનાથે કહ્યું: ''કુમાર ! અમારી આ વિદ્યાપીઠના નિયમો પાળવા બહુ કઠણ છે. તારે મારી પાસે ભણવું હોય તો આ મકાન બહાર જવાશે નહિ. અમારું નામ–ઠામ વગેરે પુછાશે નહિ. ભણવા સિવાય અમારી સાથે કોઈ પ્રકારની વાતો કરાશે નહિ. અમારા સર્વે વિદ્યાર્થીઓને અંદર જ ખાવા–પીવાનું હોય છે. તેમજ વસ્ત્રદાન અને પુસ્તકદાન પણ અંદર જ અપાય છે, તેથી બહાર જવાની જરૂર જ નથી પડતી. આટલી શરત તને મંજુર હોય તો તને અહીંયાં રહેવાની તથા ભણાવવાની હા કહું.''

હે ભક્તો ! આવું સાંભળી અતિ પ્રેમથી તે બ્રાહ્મણ કુમાર કહેવા લાગ્યો: ''ગુરૂદેવ ! મને આપની તમામ શરતો મંજુર છે. હું આપની વિદ્યાપીઠના દરેક કઠણ નિયમોનું અવશ્ય પાલન કરીશ. બસ, મને આપને શરણે લઈ વિદ્યાદાન આપો.'' પછી તો તેમને દરેક સગવડ કરી આપીને કાશીનાથ ભણાવવા લાગ્યા ! તેથી ટુંક સમયમાં

જ તે બ્રાહ્મણ યુવાન મહાનિષ્ણાત બની ગયો ! આ રીતે તે ભૂતો ભેગો ત્રણ વર્ષ સુધી ભણીને ઘેર જવા તૈયાર થયો.

## બ્રાહ્મણ કુમારનું મોત

હે ભક્તો ! એક દિવસ તે બ્રાહ્મણ કુમારે ઘેર જવા માટે વિદ્યાગુરુ કાશીનાથ પાસે રજા માગી. ત્યારે આશીર્વાદ આપતા તેઓ બોલ્યા: ''કુમાર ! તારી વિદ્યા ફળીભૂત થજો અને દિગ્મંડળોમાં તારી પ્રસિદ્ધિ ખૂબ વધજો. તું સુખી થા એવા મારા આશિષ છે, પરંતુ હવે પછી આ સ્થળે ફરીથી તું ક્યારેય આવતો નહિ. તેમજ તને કોઈ પૂછે તો પણ આ ગુપ્ત વિદ્યાપીઠ કોઈને બતાવીશ નહિ. હવે તું તારા ઘેર જા.''

આ પ્રમાણે કહી વિદાય કર્યો. ત્યારે એક હેતવાળો વિદ્યાર્થી દરવાજા સુધી વળાવવા આવ્યો. પછી જેવો કુમાર બહાર નીકળ્યો, તુરંત તે દ્વાર બંધ થઈ ગયું. પછી કુમાર બજારે ચાલવા લાગ્યો, ત્યારે તેને જોઈને એક જણ બોલ્યો: ''અલ્યા મિત્ર ! આ તો પેલો બ્રાહ્મણનો છોકરો છે ! જેને આપણે ત્રણ વર્ષ પહેલાં ભૂતિયા મકાનમાં મોકલ્યો હતો તે.'' આ પ્રમાણે કહી કુમારને પાસે બોલાવીને પૂછવા લાગ્યો: ''અલ્યા ભામણ ! તમે ક્યાંથી આવો છો ?'' ત્યારે તેમણે કહ્યું: ''તમારા ગામની ગુપ્ત પીઠમાંથી. તમે તો મને એ બતાવી હતી. હું તમારો આભાર માનું છું, કારણ કે મને વિદ્યા પ્રાપ્ત કરવામાં તમે સહાયકારી થયા.''

હે ભક્તો ! આવું સાંભળી પેલા લોકો એકબીજા સામું જોઈ રહ્યા. ત્યારે એક માણસ બોલ્યો: ''આ ભામણની ડગળી તો ખસી ગઈ નથી ને ?'' ત્યારે બીજાએ કહ્યું: ''મરનારો બ્રાહ્મણ મહાવિદ્વાન હતો, તેથી આ બ્રાહ્મણને એણે જરૂર વિદ્યા ભણાવી હશે.'' એમ કહીને પૂછવા લાગ્યા: ''કુમાર ! તમારા વિદ્યાગુરુનું નામ શું છે ? તમને કોઈ પૂછશે ત્યારે તમે શું ઉત્તર આપશો ?'' ત્યારે કુમારે કહ્યું: ''મને એ બાબત પૂછવાની ના કહી છે, છતાં પણ તમે કહો છો તો પાછો વળીને પૂછી આવું, પછી તમને નામ કહીશ.''

હે ભક્તો ! પાછા વળીને કુમારે દરવાજો ખખડાવ્યો, એટલે કાશીનાથ બ્રહ્મરાક્ષસે ફરીને સૌ ભૂતોને વિદ્યાર્થી બનાવી ભણાવવાનું શરુ કર્યું. પછી એક વિદ્યાર્થી જઈને દરવાજો ખોલી આવ્યો. તેથી કુમારે આવી વિદ્યાગુરુને પ્રણામ કરીને નામ અને જ્ઞાતિ વિષે પૂછ્યું. ત્યારે તેઓએ ગુસ્સે થઈને કહ્યું: ''તારે નામ કે ગોત્ર સાથે શું કામ છે ? તને વિદ્યા ભણાવી છે, તેનો વિસ્તાર કરી સુખપૂર્વક રહે; તું જેવો આવ્યો છે, તેવો જ પાછો જતો રહે.'' પરંતુ કુમારે હઠ પકડીને કહ્યું: ''તમે નામ કે ગોત્ર નહિ કહો ત્યાં સુધી હું અહીંથી નહિ જાઉં.' એવું સાંભળી પેલા વિદ્યાગુરુએ સૌ વિદ્યાર્થીઓને કહ્યું: ''તમારું સૌનું અસલી કુળ ને ગોત્ર જે હોય તે કહો.'' તુરંત સર્વે વિદ્યાર્થી ભૂત બની ગયા અને ગુરુ બ્રહ્મરાક્ષસ બની ગયા ! આવું ભયંકર દૃશ્ય જોઈ પેલો ગભરાઈ ગયો ને ડોળા બહાર નીકળી ગયા ! પછી પેલા ભૂતાવળે તેને ભરખી લીધો ! તે જોઈ કાશીનાથ બ્રહ્મરાક્ષસને બહુ દુ:ખ થયું.

## સ્વામી અને બ્રહ્મરાક્ષસનો સંવાદ

હે ભક્તો ! એ સમય શિયાળાનો હતો. તે સમયે ધોળકાની શેરીમાં બે–ચાર માણસો તાપણું કરીને તાપી રહ્યા હતા. ત્યારે એક સંતે આવીને પૂછ્યું: ''અમો ગઢપુરથી આવીએ છીએ અને અમારા મોટા સંતનું નામ ગોપાળાનંદ સ્વામી છે. અમારે રાત રોકાવી છે, તેથી કોઈ મંદિર કે ધર્મશાળા હોય તો બતાવો.'' ત્યારે પેલા લોકોએ કહ્યું: ''બહાર ડેલાવાળું મકાન છે, તેમાં જઈને રાત્રી રહો.''

પછી પેલા સંતે જઈને સ્વામીને વાત કરી એટલે સૌ તે મોટા મકાનમાં આવ્યા. અંદર જોઈને ગોપાળાનંદ સ્વામી પ્રસન્ન થઈને બોલ્યા: ''આપણે જેવી જગ્યા જોઈતી હતી, તેવી જ એકાંત સ્થાનવાળી જગ્યા છે, તેથી સાફ કરીને ધૂન કરી થોડી વાર ભજન કરીએ.'' પછી સૌ સાફ કરી ધૂન કરવા લાગ્યા. પછી રાત્રે સ્વામી ભણનારા સંતોને પાઠ આપી રહ્યા હતા, ત્યાં તો મૂર્તિમાન બ્રહ્મરાક્ષસ કાશીનાથ પ્રગટ થયો અને સહુના દેખતાં જ સંસ્કૃત શ્લોકો બોલવા લાગ્યો !

હે ભક્તો ! તે બ્રહ્મરાક્ષસને જોઈ નાના સંતો બીકના માર્યા ધ્રુજવા લાગ્યા. તેથી યોગીવર્ય સ્વામી એ સૌ સંતોને પોતાની પાછળ બેસાડી બ્રહ્મરાક્ષસ સાથે સંવાદ કરવા લાગ્યા. બન્નેનો શાસ્ત્રાર્થ સવાર સુધી ચાલ્યો. પછી બ્રહ્મરાક્ષસ અદૃશ્ય થઈ ગયો ! સવારે સર્વે સંતોને જીવતા જોયા, તેથી ગામના સર્વે લોકોને ગુણ આવ્યો. પછી સ્વામી પાસે જઈ રસોઈ લેવા વિનંતી કરી. પછી થાળ બનાવી ઠાકોરજીને ધરાવી સ્વામી અને ૫૦ સંતો જમ્યા.

પછી સાંજનો સમય થયો એટલે સંતો ત્યાંથી ચાલવા તૈયાર થયા. ત્યારે ગોપાળાનંદ સ્વામી બોલ્યાઃ ‘‘સંતો ! બ્રહ્મરાક્ષસનો ઉદ્ધાર કર્યા વિના આપણાથી ન જવાય. આજે એની એ દેહમાંથી મુક્તિ કરાવી કાલે સવારે જતા રહેશું. સંતોનું વિચરણ તો અધમ લોકોના ઉદ્ધાર માટે હોય છે.’’

હે ભક્તો ! પછી રાત્રી થઈ એટલે ભયંકર ગેબી અવાજ થયો અને પેલા બ્રહ્મહરાક્ષસે આવી એક ઝાડની નાની ડાળ સ્વામી ઉપર ફેંકી ! તુરંત સ્વામીએ પોતાના યોગબળે ફેંકેલ ડાળને અધર લટકાવી રાખી ! અને હાક મારીને કહ્યુંઃ ‘‘હે પાપી ! તેં કૈંક નિર્દોષોના પ્રાણ હર્યા છે. ધીક્કાર છે તને. મહાપાપને કારણે તું આવી અધોગતિને પામ્યો છે. નિર્દોષ વિદ્યાર્થી બ્રાહ્મણને પણ તેં ભરખી જઈ બ્રહ્મહત્યાનું પાપ કર્યું છે તેમજ આ ઝાડની ડાળ ફેંકીને તેં સારા સંતોનો પણ દ્રોહ કર્યો છે. ઉત્તમ બ્રાહ્મણ કુળમાં જન્મીને તેં શું કમાણી કરી ? હજુ તારે આ ભૂતયોનિમાં ભટકવું છે કે ઊગરવું છે ? તારી વિદ્યા ને બ્રહ્મજ્ઞાન તારા મોક્ષના કામમાં ન આવ્યા તો તે વિદ્યાથી શું થવાનું ?’’

યોગીવર્ય સ્વામીની આવી હિતકારી વાણી સાંભળીને તે કાશીનાથ નાનો બાળક રડે એ રીતે મોટેથી સાદ કાઢી રડતાં-રડતાં કહેવા લાગ્યોઃ ‘‘હે મહાપુરુષ ! સાંભળો, મારી પત્ની અને પુત્ર આ સામેની તેલની કોઠીમાં પડીને મરી ગયાં, તેથી મોહ વશ થઈ મેં પણ તેની પાછળ કોઠીમાં પડીને આત્મહત્યા કરી લીધી; તેના કારણે મારી આ દશા થઈ છે. હું આ ભૂતયોનિમાં બહુ રીબાઉં છું, માટે મારો ઉદ્ધાર કરો.’’

## ગઢપુર મંદિરના પાયા પુરાવ્યાથી...

હે ભક્તો ! બ્રહ્મરાક્ષસની વાત સાંભળી સ્વામી બોલ્યાઃ ''જેટલી જેને જેની પ્રત્યે આસક્તિ હોય એટલું તેને વધારે દુઃખ આવે છે. હોલી અને હોલીનાં બચ્ચામાં અતિ સ્નેહ રાખવાથી હોલો પણ પારધીની જાળમાં બંધાણો હતો, એ શું તું પંડિત થઈને ભૂલી ગયો ? તથા અવધૂત ગીતા અને એકાદશ સ્કંધ આચરણમાં જરા પણ ન મૂકી શક્યો ? તને તારા આ મકાનમાં વાસના છે ?''

સ્વામીનાં વચન સાંભળી કાશીનાથ બ્રહ્મરાક્ષસ કહેવા લાગ્યોઃ ''હે મહામુનિ ! આ મકાન મેં જાતે ચણાવ્યાં છે, તેથી મારે એમાં આસક્તિ રહી ગઈ છે. તેમજ આ ઠેકાણે મેં પોતે જમીનમાં ઘણું દ્રવ્ય દાટેલ છે, તેથી તેં ધનનો તમે ગમે ત્યાં સદુપયોગ કરજો. હવે તમે મારા પર દયા લાવી મારો ઉદ્ધાર કરો અને મારા ગુના પણ માફ કરો.''

હે ભક્તો ! ત્યારે સ્વામીએ પૂછ્યુંઃ ''તું એકલો છો કે તારી સાથે કોઈ છે ?'' ત્યારે તે બોલ્યોઃ ''મારી સાથે ત્રણસો ભૂતોની સેના છે. એ સર્વે ભૂતોનો હું રાજા છું ?'' આવું સાંભળી સ્વામીએ કહ્યુંઃ ''તું ૩૦૦ ભૂતોને લઈ ગઢડા જા. ત્યાં તને એક સ્વામી મળશે, તેને તું કહેજે કે, મને ગોપાળાનંદ મુનિએ તમારી પાસે મોકલ્યો છે, એટલે એ તારો ઉદ્ધાર કરશે.''

ત્યારે તે બ્રહ્મરાક્ષસે કહ્યુંઃ ''હે દયાળુ ! દેવદૂતોની ચોકી આડી આવે છે, તેથી મારાથી ત્યાં કેમ જવાશે ?'' આવું સાંભળી સ્વામીએ કહ્યુંઃ ''અમારી આજ્ઞાથી દેવના દૂતો તને ગઢપુર જતા અટકાવશે નહિ, આ મારું વચન છે, માટે તું જા.' આ પ્રમાણે કહીને સ્વામી અને સંતોએ વડતાલ જવા પ્રયાણ કર્યું અને બ્રહ્મરાક્ષસ તેના ૩૦૦ ભૂતો સાથે સ્વામિનારાયણ નામનું ઉચ્ચારણ કરતો કરતો ગઢડા આવ્યો.

એ સમયે ગોપીનાથજી મહારાજના મંદિરના પાયાનું કામ ચાલતું હતું, તેથી તે સર્વે ભૂતો સેવા કરવા લાગ્યા. તેવામાં એક વૃદ્ધ સંત ત્યાંથી ચાલીને વાસુદેવ નારાયણ ઓરડામાં ગયા, તેથી પેલો બ્રહ્મરાક્ષસ પણ ત્યાં ગયો અને તે સંતને પ્રણામ કરીને પોતાની સર્વે વાત કરીને પોતાને ગોપાળાનંદ સ્વામીએ મોકલ્યો છે એમ કહ્યું.

હે ભક્તો ! યતિવર ગોપાળાનંદ સ્વામીનું નામ સાંભળી તે સ્વામી રાજી થયા અને મનોમન વિચાર્યું કે, ''સ્વામી તો યોગીવર્ય છે, તે તો આશીર્વાદ આપીને પણ મોક્ષ આપી શકે એવા છે, તો પણ મારી પાસે આ ભૂતોને મોકલ્યા છે, તેથી સ્વામીનો હેતુ બીજો કાંઈ હશે. આ મંદિરના મોટા પાયા પૂરવાના છે, તે આ ભૂત વિના જલ્દી પુરાય તેમ નથી, સ્વામીએ આ સેવા માટે અહીં મોકલ્યા હશે.''

આવું વિચારીને તે સ્વામી બોલ્યાઃ ''અત્યારે સેવાધર્મ સ્વીકારો અને સાથે સ્વામિનારાયણ નામની સ્મરણ ભક્તિ કરો. ઘેલા નદીએથી પથ્થરો લાવી આ પાયામાં પૂરો.'' સ્વામીની આજ્ઞા થતાં કાશીનાથ બ્રહ્મરાક્ષસ અને ૩૦૦ ભૂતો ઘેલા કાંઠેથી પથ્થરો લાવીને પાયામાં ગોઠવવા લાગ્યા. હે ભક્તો, ગોપીનાથજીના મંદિરના પાયા બહુધા આ ભૂતોએ પૂરેલા છે. આ સેવાના કારણે તથા ગોપાળાનંદ સ્વામીના આશિષને કારણે સર્વે ભૂતોને સદ્‌ગતિ મળી હતી.

## સ્વામીએ કમિયાળામાં હનુમાનજી પધરાવ્યા

હે વહાલા સંતો-ભક્તો ! સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ સારંગપુરમાં હનુમાનજી મહારાજ પધરાવ્યા છે, એ જ રીતે તેમણે અનેક ગામડાંઓમાં પણ પધરાવેલ છે; તે આપની જાણ ખાતર આપને જણાવી રહ્યો છું.

સંવત્ ૧૮૯૫ માં સમગ્ર ગુજરાતમાં ભયંકર કાળ પડ્યો હતો. આ કાળને પંચાણવો કાળ કહેવાતો હતો. લોકો અન્ન-જળ વિના ખૂબ પીડાઈ રહ્યા હતા તેમજ ઘાસચારાના અભાવે અનેક નિર્દોષ અબોલ પ્રાણીઓ પણ મરી રહ્યા હતા. તેમાં વળી કાળનો વિશેષ પ્રકોપ થયો કે સર્વત્ર મરકીનો રોગ ફાટી નીકળ્યો ! આ મરકીના રોગમાં અનેક મનુષ્યો અકાળ મૃત્યુ પામ્યા. અમદાવાદ શહેરથી શરૂ થયેલ આ મરકીનો રોગ ધીરે ધીરે સમગ્ર ગુજરાતમાં ફેલાવા લાગ્યો.

હે ભક્તો ! આ રોગની અસર ભાલ પ્રદેશમાં આવેલ ધોલેરા તાલુકાના કમિયાળા ગામમાં પણ થઈ. મરકીનો રોગ ત્યાં વ્યાપક બની ગયો, તેથી દરરોજ એક–બે કે ત્રણ માણસો મરવા લાગ્યા ! તેના કારણે ગામ લોકો ગભરાઈ ગયા. એ સમયે યોગીરાજ સદ્‌ગુરુવર્ય ગોપાળાનંદ સ્વામી સંતો સાથે કમિયાળા આવીને રોકાયા.

હે ભક્તો ! ત્યારે કમિયાળા ગામના હઠીભાઈ, મોડાભાઈ, વસ્તાભાઈ, અજાભાઈ, વાઘાભાઈ, નથુભાઈ ગઢવી વગેરે હરિભક્તોએ સ્વામી પાસે આવીને દંડવત–પ્રણામ કર્યા. પછી ઉદાસ થકા બેઠા. તેથી સ્વામીએ ઉદાસીનું કારણ પૂછ્યું. ત્યારે હરિભક્તોએ કહ્યું: ‘‘સ્વામીજી ! આ વર્ષ દુષ્કાળનું છે, તેમજ મરકીનો રોગ પણ વ્યાપક બનતો જાય છે, તેના કારણે કમિયાળામાં દરરોજ બે–ત્રણ લોકો મૃત્યુ પામે છે; જો આપ કૃપા કરો તો અમે આ દુ:ખમાંથી ઉગરીએ.’’

સત્સંગીઓની વિનંતી સાંભળી ગોપાળાનંદ સ્વામી બોલ્યા જે, ‘‘ભક્તો ! તમે સૌ અત્યારે પાંચ પાંચ માળા સ્વામિનારાયણ નામની કરો. સવારે આપણે મરકીના રોગનો ઈલાજ કરીશું.’’ પછી ભક્તોએ તેમજ સ્વામીએ અને સંતોએ સહુએ શ્રીહરિની મૂર્તિમાં વૃત્તિ રાખીને પાંચ પાંચ માળા ફેરવી. પછી સૌ સૂઈ ગયા.

હે ભક્તો ! સવારે વહેલાં જાગીને સ્વામી નિત્યવિધિ કરીને કમિયાળા ગામના પાદરમાં ગયા. ત્યાં એક પુરાતની હનુમાનજીની મૂર્તિ હતી. તેને જોઈ સ્વામીએ કહ્યું: ‘‘ભક્તો ! મરકી વગેરે રોગની રક્ષા કરવા માટે અમો આજે આ ગામમાં હનુમાનજીની સ્થાપના કરીએ છીએ, માટે ગામમાંથી સિંદુર લઈ આવો.’’

સ્વામીના કહેવાથી તરત જ એક હરિભક્ત સિંદુર લઈ આવ્યા. પછી સ્વામીએ તેનાથી હનુમાનજીને લેપન કર્યું. પછી પૂજન કરી આરતી ઉતારી શ્રીફળ વધેરી સાકર ને શેષ હનુમાનજીને ધરાવીને કહ્યું: ‘‘હે હનુમાનજી! તમે સૌનું રોગથી તથા ભૂતપ્રેત વગેરેથી રક્ષણ કરજો.’’ પછી સૌ ભક્તોને કહેવા લાગ્યા: ‘‘આજથી આ હનુમાનજીનું નામ કષ્ટભંજનદેવ રાખીએ છીએ. તમે સૌ આ દેવનું પૂજન કરજો. ગામના કે બહારગામના જે

કોઈ લોકો આ દેવની માનતા માનશે કે શ્રીફળ વધેરી પૂજન વગેરે કરશે તેમની આ કષ્ટભંજનદેવ કષ્ટથી રક્ષા કરશે.’’

આ પ્રમાણે વરદાન આપીને સ્વામીએ ત્યાં એકઠા થયેલા સૌને કહ્યું: ‘‘જેનાં જેનાં ઘરમાં મરકીનો રોગ હોય તે લોકો હનુમાનજીને પાંચ પાંચ નાળિયેર વધેરો, તેથી મરકીના રોગથી આ દાદા રક્ષા કરશે તેમજ જેનાં ઘરમાં મરકીનો રોગ ન હોય તે પણ એક એક શ્રીફળ વધેરજો, તેના કારણે તેનાં ઘરમાં રોગ નહિ આવે.’’

હે ભક્તો ! વચનસિદ્ધ યોગીવર્ય ગોપાળાનંદ સ્વામીનાં વચનમાં વિશ્વાસ રાખી સૌએ એ પ્રમાણે કર્યું, એટલે જેનાં ઘરમાં મરકી રોગના રોગીઓ હતા એ દરેકને સારું થઈ ગયું ! આ રીતે સંવત્ ૧૮૯૫ ચૈત્ર માસમાં કમિયાળામાં હનુમાનજી મહારાજ પધરાવી ભક્તોનાં દુ:ખ દૂર કરી સ્વામીજી વડતાલ પધાર્યા. બીજા મત પ્રમાણે સંવત ૧૮૯૧ કારતક મહિનામાં હનુમાનજી પધરાવેલ છે.

હે ભક્તો ! હાલમાં કમિયાળા ગામમાં શ્રીકષ્ટભંજનદેવનું મોટું મંદિર તૈયાર થઈ રહ્યું છે અને અનેક લોકો માનતા રાખીને દર્શન કરવાં પણ જાય છે. આ સિવાય ઐશ્વર્યમૂર્તિ ગોપાળાનંદ સ્વામીએ જ્યાં જ્યાં હનુમાનજી પધરાવ્યા છે, ત્યાં ત્યાં તે તે મૂર્તિમાં પોતાનું દૈવત મૂક્યું છે, જેથી દેશ–પરદેશથી હજારો ભાવિકજનો તેમનાં દર્શન કરવાં આવે છે. તેના કારણે તેમનાં જીવનમાં આવેલાં દુ:ખો હનુમાનજી દૂર કરે છે.

હે ભક્તો ! મહાપ્રસાદીભૂત ભુજમાં પ્રસાદીના જૂના મંદિરના ફળિયામાં પણ યોગીવર્ય ગોપાળાનંદ સ્વામીએ હનુમાનજી પધરાવ્યા છે. ત્યાં પણ માનતાઓ ચાલે છે. તેમજ રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના જામગુંદાળા ગામમાં પણ સ્વામીએ સંવત્ ૧૯૦૨ માં કષ્ટભંજનદેવની સ્થાપના કરી હતી. આ હનુમાનજી પણ અતિ પ્રતાપી છે અને અનેક લોકોના મનોરથ પુરા કરે છે. ત્યાં પણ ઘણા લોકો દર્શન કરવા જાય છે.

## સ્વામીએ ભોયકામાં હનુમાનજી પધરાવ્યા

હે ભક્તો ! સુરેન્દ્રનગર જિલ્લામાં લીંબડી તાલુકામાં ભોંયકા નામનું ગામ આવેલ છે. તે લીંબડીથી ૧૦ કિલોમીટર દૂર આવેલ છે. આશરે ૧૫૦ વર્ષ પહેલાં યોગીવર્ય ગોપાળાનંદ સ્વામી આ ભોયકા ગામ પધાર્યા હતા. તે ગામમાં માલજીભાઈ સોની સારા સત્સંગી રહેતા હતા. તેમને ત્યાં ગોપાળાનંદ સ્વામી સંવત્ ૧૮૯૪ માં પધાર્યા હતા. તેમની સાથે પાંચ સંતો અને પાર્ષદો હતા. સ્વામીને જોઈ સુદામા સમ માલજી ભક્ત તો ભાવવિભોર બની ગયા !

સ્વામીને બેસવા માટે નવું ગોદડું પણ ન હોવાથી ઘાસની બનાવેલ ચટાઈ ઉપર સર્વે સંતોને બેસાડી દંડવત–પ્રણામ કરીને સ્વામી સામે ઉદાસ થઈ બેસી રહ્યા. સ્વામીએ અંતર્યામીપણે જાણી લીધું કે, ‘માલજી ભક્તને અમને જમાડવા છે, પણ ઘરમાં લોટ વગેરે કશું જ નથી. સુદામા જેવી સ્થિતિ હતી. રોજનું કમાઈને રોજ લોટ લાવે ત્યારે રોટલા ખાવા મળતા હતા, તેથી કાંઈ બોલી શકતા નથી.’

હે ભક્તો ! માલજી ભક્તનો ભાવ જોઈ સ્વામી બોલ્યા: ‘‘ભગત ! કબાટમાં ટાઢો રોટલો અને થોડું દહીં પડ્યું છે તે લાવો, અમો જમીએ.’’ એવું સાંભળી માલજી સોની તો રાજી રાજી થઈ ગયા. પછી અંદર જઈ ટાઢો રોટલો ને દહીં લાવી હરખભેર સ્વામી આગળ મૂકીને બોલ્યા: ‘‘હે મારા વહાલા સ્વામીજી ! આરોગો.’’

પછી તે ઠાકોરજીને ધરાવી સ્વામી જમ્યા. પછી સ્વામીને અંતર્યામી અને મહાપુરુષ જાણી વર્તમાન ધરાવી ફરીને કંઠી પહેરી ગુરુ બનાવ્યા. ત્યાર બાદ સ્વામી ગામડાંઓમાં વિચરણ કરવા વિદાય થયા એટલે માલજી સોની પણ સ્વામી સાથે વિચરણમાં જોડાઈ ગયા. પછી થોડા દિવસ બાદ સ્વામીએ તેમને સમજાવીને ઘેર મોકલતા કહ્યું: ‘‘તમે ઘેર જાવ અને સંસારની જવાબદારી સંભાળો.’’ પણ તેમને તો સ્વામીનો સમાગમ છોડવો જ નહોતો.

હે ભક્તો ! પછી સ્વામીએ કહ્યું: ‘‘માલજી ભગત ! હું તમને વચન આપું છું કે તમારા ભોયકા ગામમાં અમે શ્રીહરિનું મંદિર બંધાવશું અને તેમાં અતિ પ્રતાપી હનુમાનજીની મૂર્તિ પધરાવી તેમાં દૈવત મૂકીશું, તેથી સેંકડો લોકો

દર્શન કરવા આવશે. જે લોકો હનુમાનજીનાં દર્શન કરી શ્રીહરિની ભક્તિ કરશે તેમને અમે અંતકાળે આવી અક્ષરધામમાં તેડી જઈશું, માટે તમે ઘેર જાઓ અને ત્યાં રહી મહારાજનું ભજન કરો.''

હે ભક્તો ! સમય જતાં સદ્ગુરુવર્ય ગોપાળાનંદ સ્વામીએ સંતોને ભોયકા ગામમાં મંદિર કરવા મોકલ્યા. મંદિર તૈયાર થતાં જ સ્વામીએ ત્યાં આવી શ્રીહરિની ચિત્રપ્રતિમા પધરાવી આરતી ઉતારી તથા માલજી ભક્તને આપેલ વચન મુજબ શ્રીસ્વામિનારાયણ મંદિરમાં જ હનુમાનજીને પધરાવી સંવત્ ૧૮૯૮ ના ચૈત્ર સુદ પૂનમને દિવસે પ્રાણ–પ્રતિષ્ઠા કરાવી દૈવત મૂક્યું !

પછી મંદિરમાં એકઠા થયેલા સૌ લોકોને સ્વામી કહેવા લાગ્યા ! ''આજથી અમે માલજી ભક્તને મંદિરની સેવા–પૂજા કરવાની તેમજ હનુમાનજીની સેવા–પૂજા કરવાની જવાબદારી સોંપીએ છીએ. આ હનુમાનજી ચમત્કારી છે, તેથી આ મૂર્તિ સામે ઊભા રહી સાચી શ્રદ્ધાથી–વિશ્વાસથી મનમાં કોઈ સંકલ્પ કરશે, તેનાં સર્વે કાર્યો હનુમાનજી મહારાજ પૂર્ણ કરશે.''

હે ભક્તો ! આ રીતે સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામીએ અતિ પ્રતાપી આ હનુમાનજી મહારાજની મૂર્તિ પધરાવી તેમાં પોતાનું દૈવત મૂકી ભોયકાથી વિદાય થયા અને મુમુક્ષુઓને ઉપદેશ દેવા માટે ગામડાંઓમાં વિચરણ કરવા લાગ્યા. આ બાજુ માલજી ભગત સ્વામીની આજ્ઞાથી મહિમા–પૂર્વક હનુમાનજીની સેવા–પૂજા કરવા લાગ્યા, તેના કારણે હનુમાનજી સાક્ષાત્ પ્રગટ થઈ તેમને દર્શન દેવાં લાગ્યા તેમજ માલજી ભક્ત સાથે વાતો કરવા લાગ્યા !! તેમજ તેમની જોડે ગેડી દડે પણ રમવા લાગ્યા !!!

આજના દિવસોમાં પણ સેંકડો ને હજારો લોકો ભોયકા ગામમાં દર્શન કરવા જાય છે. અનેક લોકો વડોદરા, અમદાવાદ તથા રાજસ્થાનથી પણ પગપાળા ચાલીને દાદાનાં દર્શન કરવાં જાય છે. નાનું એવું ભોયકા ગામ યોગીરાજ ગોપાળાનંદ સ્વામીના હસ્તે પધરાવેલ હનુમાનજીના પ્રતાપથી તીર્થ બની ગયું છે. દર વર્ષે ચૈત્રી પૂનમે (હનુમાન–જયંતીએ) ત્યાં મોટો સમૈયો થાય છે.

## સ્વામીએ સુરતમાં હનુમાનજી પધરાવ્યા

હે ભક્તો ! ગુજરાતની ધરતીમાં સ્વામિનારાયણ સંપ્રદાયની શરુઆત થઈ ત્યારથી સુરતમાં સત્સંગ સારો છે. તે સુરતના હરિપુરા વિસ્તારમાં ગુજ્જર ફળિયામાં સુરજરામ બ્રાહ્મણ રહેતા હતા. ત્યાં ગુજ્જર વણિકો ઘણા રહેતા હોવાથી તેઓનું ગોરપદુ સુરજરામ રાવળ કરતા હતા. તેઓ આપણા સંતોનો સમાગમ કરીને સ્વામિનારાયણ ભગવાનની કંઠી પહેરી સત્સંગી થયા. તેના કારણે ગુજ્જર વણિકોએ પંચ બોલાવી સુરજરામને કહ્યું: ''ગોર ! તમે સ્વામિનારાયણની કંઠી કાઢી નાખો, નહિતર તમારું ગોરપદુ જાશે.''

આવું સાંભળી સુરજરામ મુંઝાયા. પછી નિર્ણય કરવા થોડા દિવસો માગ્યા. તે સમયે સુરતમાં યોગીરાજ ગોપાળાનંદ સ્વામી પધાર્યા. આ વાત સાંભળીને સુરજરામના અંતરમાં શાંતિ થઈ. પછી તેઓ સ્વામી પાસે ગયા, ત્યારે સ્વામી સભામાં કથાવાર્તા કરતા હતા. તેથી કથા સાંભળી ઘેર જતા રહ્યા. આ રીતે ઘણા દિવસ સુધી સુરજરામ દરરોજ કથા સાંભળવા આવે, પણ મનમાં વિચાર આવે કે, 'આવા મોટા પુરુષને મારું દુ:ખ કહેવું કે ન કહેવું?'

હે ભક્તો ! આ વર્ષ હતું સંવત્ ૧૯૦૬ નું. રોજના ક્રમ પ્રમાણે સુરજરામ સ્વામીનાં દર્શને આવે. સ્વામીને દંડવત કરી કથા સાંભળી ઘેર જતા રહે. પછી એક દિવસ સ્વામીએ સભામાં વાત કરી કે, ''આ લોકમાં આપણે ભગવાન ભજવા આવ્યા છીએ. દેહનાં સુખ માટે ભગવાન પાસે કશી જ માગણી ન કરવી જોઈએ. ભગવાન તો બધું જ જાણે છે, તેથી કેવળ જીવના કલ્યાણ માટે જ ભજન-ભક્તિ કરવી જોઈએ. ધર્મ નિયમોનું પાલન કરવું જોઈએ.''

થોડા દિવસો સુરતમાં કથા-વાર્તાનું તેમજ દર્શનનું સુખ આપી સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી બીજે જવા તૈયાર થયા. ત્યારે સુરતના ઘણા ભક્તો અને સુરજરામ પણ સ્વામીને વળાવવા માટે હરિપુરા રોડ પુરો થતા દિલ્હી ગેટના રસ્તે ચાલવા લાગ્યા. ત્યારે સ્વામીએ કહ્યું: ''ભક્તો ! હવે તમે પાછા વળો અને તમારાં કામ-ધંધે જાઓ.'' તેથી

સૌ હરિભક્તો પાછા વળી ગયા, પરંતુ સુરજરામ સ્વામી સાથે થોડું ચાલીને બોલ્યાઃ ''સ્વામીજી ! મારું ઘર આ શેરીમાં જ છે, તેથી આપ અને સંતો ત્યાં પધરામણી કરવા પધારો.''

હે ભક્તો ! ત્યારે સ્વામીએ કહ્યું: ''અત્યારે નહિ આવીએ, પણ ફરીને સુરત આવીશું ત્યારે જરૂર તમારા ઘેર પધરામણી કરીશું.'' એવું સાંભળી સુરજરામે કહ્યું: ''સ્વામીજી ! મારે ધર્મસંકટ જેવું આવ્યું છે. એક બાજું સત્સંગ રાખવાનો છે અને બીજી બાજુ આજીવિકા ટળે એમ છે, તો મારે શું કરવું એ આપ કહો.'' આમ કહીને ગુજ્જર વણિકોએ કહેલ સર્વે વાત કહી સંભળાવી.

આવું સાંભળી સ્વામી બોલ્યાઃ ''સુરજરામ ! તમે જઈ એ લોકોને કહો કે, 'તમારું ગોરપદુ હું છોડું છું, પણ સત્સંગ નહિ છોડું તેમજ કંઠી પણ નહિ તોડું.' ત્યારે સુરજરામે કહ્યું: ''તો પછી મારી આજીવિકા કેમ ચલાવીશ ?'' ત્યારે સ્વામીએ કહ્યું: ''તમે તેલ અને સિંદુર લઈ આવો, હું તમને એક બળવાન ને શક્તિમાન યજમાન આપું છું, એ તમારી આજીવિકા પુરી કરશે.''

સ્વામીની આજ્ઞા થતાં જ સુરજરામ તેલ ને સિંદુર લઈ આવ્યા. તેથી ત્યાં નજીકમાં જ એક મોટો પથ્થર પડ્યો હતો, જેના ઉપર કંસારા લોકો વાસણ ઘડતા હતા. તે પથ્થરને યોગીવર્ય ગોપાળાનંદ સ્વામીએ તેલ અને સિંદુર જાતે જ ચોપડ્યા અને બોલ્યાઃ ''સુરજરામ ! આ પથ્થરમાં કષ્ટભંજનદેવની સ્થાપના થઈ ગઈ, હવેથી તમે તેમની સેવા-પૂજા કરજો. પૈસા આવે તેનું મંદિર કરજો. આ દેવ તાત્કાલિક પધરાવ્યા છે, તેથી અમે તેનું નામ તરતીયા હનુમાનજી રાખીએ છીએ. જે લોકો બાધા રાખશે તેને તરત ફળશે, તેથી તમારી આજીવિકા સુખેથી ચાલશે.'' હાલમાં પણ ત્યાં હનુમાનજીનું મંદિર છે. તે શેરીનું નામ 'તરતીયા હનુમાનજી શેરી' છે.

## સ્વામીએ નવાગામમાં હનુમાનજી પધરાવ્યા

હે ભક્તો ! સંવત્ ૧૯૦૨ માં ભાવનગર જિલ્લાના વલ્લભીપુર તાલુકાના કંથારીયા ગામના લોકો ગઢડા ગોપીનાથજી મહારાજનાં દર્શન કરવાં ગયા હતા. દર્શન કરીને સૌ બહાર નીકળ્યા ત્યારે યોગીવર્ય ગોપાળાનંદ

સ્વામી ચોકમાં સભા કરીને કથા કરતા હતા, તેથી ત્યાં જઈને બેઠા. પછી સ્વામીએ તે કંથારીયાના લોકોને કુશળતા પૂછીને કહ્યું: ''તમે સર્વે કયા સંપ્રદાયના અનુયાયીઓ છો ? તમે કોનો ધર્મ પાળો છો ?''

ત્યારે તે લોકોએ કહ્યું: ''સ્વામીજી ! અમે વૈષ્ણવ સંપ્રદાયના છીએ અને દરરોજ હવેલીમાં દર્શન કરવાં જઈએ છીએ.'' આ રીતે કહીને પોતે પહેરેલી કંઠીઓ બતાવી. પરંતુ તે સંઘમાં ગોવિંદભાઈ સવાણી પણ આવેલા હતા, પણ તેના ગળામાં કંઠી નહોતી, તે જોઈને સ્વામીએ તેમને કહ્યું: ''ગોવિંદભાઈ ! તમે સ્વામિનારાયણ ભગવાનની કંઠી પહેરો તો સુખિયા થશો.'' ત્યારે તેમણે કહ્યું: ''તો આપ જ પહેરાવો સ્વામી !''

હે ભક્તો ! ત્યારે ગોપાળાનંદ સ્વામી તેમને કંઠી પહેરાવીને બોલ્યાઃ ''ગોવિંદભાઈ ! કોઈ પણ સંજોગમાં હવે આ કંઠી કાઢતા નહિ.'' ત્યારે તેમણે કહ્યું: ''હે સ્વામી ! અમારું કંથારીયા આખું ગામ વૈષ્ણવોનું છે અને હું એક સ્વામિનારાયણનો ભક્ત થાઉં છું, પરંતુ તે લોકો મને ભગત નહિ રહેવા દે, પરેશાન કરશે.''

આવું સાંભળી સ્વામી બોલ્યાઃ ''તમને હવે કોઈ દુ:ખી નહિ કરે, છતાં પણ એ લોકો તમને કંઠી કાઢવાનું કહે તો તમે ગામ છોડીને બીજે ગામ રહેવા જતા રહેજો. જ્યારે તમે ગામ છોડીને જાવ ત્યારે જે ગામમાં પહોંચતા તમારા ગાડાનું વિલ (પૈડું) ખૂંતી જાય ત્યાં તમે રહેજો, તેથી ખૂબ સુખી થશો, શ્રીહરિ તમારી સાથે રહેશે.''

પછી ગઢડાથી સંઘ સાથે ગોવિંદભાઈ સવાણી પોતાના કંથારીયા ગામ આવ્યા. ત્યારે ગામના આગેવાનોએ કહ્યું: આપણે સૌ વૈષ્ણવ ધર્મી છીએ, તેથી તું સ્વામિનારાયણની કંઠી કાઢી નાખ.'' ત્યારે ગોવિંદભાઈએ કહ્યું: ''આ કંઠી તો મોટા સંત ગોપાળાનંદ સ્વામીએ પહેરાવી છે, તેથી નહિ કાઢું, આ તો મારા શીર સાટે છે.''

આવું સાંભળી ગામના આગેવાનોએ કહ્યું: ''તારે કંઠી ન કાઢવી હોય તો ગામ છોડીને જતો રહે.'' તેથી ગોવિંદભાઈ ઘર–સામાન ગાડામાં ભરી પરિવાર સાથે કંથારીયા ગામ છોડી બીજે ગામ જવા ગાડું ચલાવવા લાગ્યા. ત્યારે રસ્તામાં નવાગામ (લોલીયાણા) પહોંચ્યા ત્યાંતો ગાડાનું પૈડું ત્યાં ખૂંતી ગયું ! તેથી ગોપાળાનંદ સ્વામીનાં વચનમાં વિશ્વાસ રાખી તે ગામમાં જ રહેવાનું ગોવિંદભાઈએ નક્કી કર્યું અને ત્યાંજ રહ્યા !

હે ભક્તો ! ગોવિંદભાઈએ પોતાના વતનનું મૂળ ગામ છોડી દીધું, પણ કંઠી ન તોડી. અર્થાત્ સત્સંગ રાખવા માટે બહારગામ જતા રહ્યા. આ સમાચાર ગોપાળાનંદ સ્વામીને મળ્યા ત્યારે સ્વામી તેમના ઉપર અતિશય રાજી થઈને તેમને દર્શન દેવાં માટે – મળવા માટે નવાગામ પધાર્યા અને ગોવિંદભાઈને ભાવથી ભેટીને રાજીપો આપ્યો!

પછી સ્વામી રાજી થઈને બોલ્યા: ''ગોવિંદભાઈ ! હવે અમે તમારી મદદમાં હંમેશાં રહે એવા દેવ સ્થાપી દઈએ છીએ.'' આ પ્રમાણે કહીને સંવત્ ૧૯૦૩ માં કારતક સુદ ત્રીજના દિવસે નવાગામ (લોલિયાણા)માં હનુમાનજી મહારાજની સ્થાપના કરી કષ્ટભંજનદેવ નામાભિધાન કરી બોલ્યા: ''ગોવિંદભાઈ ! આજથી આ હનુમાનજી તમારા કુળદેવ છે. તે તમારા બધાં કષ્ટ દૂર કરશે.''

હે ભક્તો ! આ પ્રમાણે વરદાન આપીને સ્વામીએ ગોવિંદભાઈ ઉપર રાજીપો દર્શાવ્યો. ત્યારથી આજુબાજુનાં ગામના લોકો પણ ત્યાં દાદાનાં દર્શન કરવાં આવવા લાગ્યા. હાલમાં તે સ્થાન ઉપર સિદ્ધાનંદ સ્વામીએ બંધાવેલ જૂનું મંદિર છે. ત્યાં દર વર્ષે ગોવિંદભાઈના વંશજ સવાણી પરિવાર કારતક સુદ ત્રીજના દિવસે હવન (યજ્ઞ) કરાવે છે. આ સિવાય પૂજ્ય સ્વામીએ આણંદમાં અને ભૂરખીયામાં પણ હનુમાનજીમાં ઐશ્વર્ય મૂકેલ છે.

## સ્વામીએ અમદાવાદમાં હનુમાનજી પધરાવ્યા

હે ભક્તો ! એકવાર યોગીરાજ સદ્ગુરુવર્ય ગોપાળાનંદ સ્વામી સંતો સાથે અમદાવાદ પધાર્યા હતા. ત્યાં તેઓએ સંવત્ ૧૯૦૬ માં કારતક સુદ પાંચમના પવિત્ર દિવસે કાંકરીયા સરોવરને કિનારે બાળસ્વરૂપ હનુમાનજીની પ્રતિષ્ઠા કરીને આશીર્વાદ આપતા કહ્યું હતું કે, 'આ બાળ સ્વરૂપ હનુમાનજી છે, તે સારંગપુરના કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજના નાના ભાઈ સમાન છે.

સમય જતાં આદિ આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજે આ સ્થળે શ્રીહરિનાં ચરણારવિંદ પધરાવ્યાં છે. આજે પણ દર વર્ષે કારતક સુદ લાભ–પાંચમને દિવસે કાંકરીયા સરોવરના કિનારે આ હનુમાનજીના મંદિરે મોટો સમૈયો થાય છે અને હજારો લોકો ત્યાં દર્શન કરવાં આવી પોતાની મનોકામના પૂર્ણ કરે છે.

## કલાલીના લાલજી મહારાજ

હે વહાલા ભક્તો ! સ્વામિનારાયણ ભગવાનનાં પાવન પગલાંથી પવિત્ર બનેલ કલાલી ગામ વડોદરાની બાજુમાં આવેલ છે. એ સમયે તે કરાળી નામથી ઓળખાતું હતું. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ પણ આ કલાલી ગામમાં અનેક વખત પધારીને સત્સંગીઓને ખૂબ સુખ આપેલ છે. સ્વામી દ્વારા જ કલાલી ગામમાં સત્સંગના શ્રીગણેશ થયેલા છે. ત્યાર પછી સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી પણ કલાલીમાં જઈ કથા–વાર્તા કરી ત્યાંના સત્સંગીઓનો સત્સંગ દૃઢ કરાવતા હતા. આ બન્ને મોટા સંતોના કારણે જ કલાલી ગામ વાકળ પ્રદેશમાં પ્રખ્યાત થયેલ છે.

હે ભક્તો ! કલાલી ગામમાં શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજીને હજારો નરનારીઓના મનોરથ પૂર્ણ કરતા લાલજી મહારાજનો ઇતિહાસ આપની આગળ ટૂંકમાં જણાવી રહ્યો છું. કલાલી ગામના પરંપરા પ્રમાણેનો ઇતિહાસ એવો જાણવા મળે છે કે, ‘કલાલી ગામમાં ચોરા જેવું ગામાત મંદિર હતું. આખા ગામનું એ મંદિર હોવાથી તેમાં દરેક લોકો દર્શન કરવા આવતા હતા. તે મંદિરમાં માખણીયા સ્વરૂપ બાલકૃષ્ણલાલની મૂર્તિ હતી. તેઓની સેવા એક બાવાજી કરતા હતા, તેથી તેમની આજીવિકાની સેવા ગામના લોકો કરતા હતા.

આ રીતે સેવા કરતા કરતા એક દિવસ તે પૂજારી બાવાજી રાત્રીએ કોઈ ન જોઈ શકે એ રીતે, કોઈપણને કહ્યા વિના કોઈ કારણવશાત ચાલ્યા ગયા ! તેથી લાલજી મહારાજની સમય–સમય પ્રમાણે સેવા કરવી – થાળ ધરાવવા, જગાડવા–પોઢાડવા વગેરે સેવા કરવા કોઈ તૈયાર થયું નહિ; તેથી કલાલી ગામના સત્સંગીઓએ નક્કી કર્યું કે, ‘‘આપણે લાલજી મહારાજને વડતાલ મૂકી આવીએ, ત્યાં બ્રહ્મચારીઓ અને સંતો સેવા કરશે.’’ આ રીતે ગોઠવણ કરી એક ટોપલામાં લાલજી મહારાજ, શાલીગ્રામ તેમજ એક નાના લાલજીની મૂર્તિ મૂકીને એક બ્રાહ્મણના માથે ઉપડાવી સંઘ લઈ સત્સંગીઓ વડતાલ આવવા લાગ્યા.

હે ભક્તો ! એ સમયે વડતાલમાં બિરાજતા શ્રીજી મહારાજે અંતર્યામીપણે આ વાત જાણી, તેથી સંતો–ભક્તોને કહ્યું: ‘‘કલાલી ગામથી હરિભક્તોનો સંઘ આવે છે, તેથી તેમના માટે મોટાં મોટાં તપેલાંમાં પાણી ભરી ગરમ કરવા

મૂકી દ્યો; કારણ કે તેઓ કલાલીથી આરામ કર્યા સિવાય સતત ચાલતા આવે છે, તેથી ભૂખ્યા પણ થયા છે, માટે તેમના માટે રસોઈ કરીને પણ તૈયાર રાખો.’’ આ પ્રમાણે કહીને શ્રીહરિ લક્ષ્મીનારાયણદેવના ચોકમાં સભા કરીને કથા–વાર્તા કરવા લાગ્યા. એ સમયે કલાલીનો સંઘ આવ્યો. સૌએ શ્રીહરિને દંડવત–પ્રણામ કર્યા અને લાલજી મહારાજનો ટોપલો મહારાજને આપીને સર્વે વાત કરી.

## શ્રીહરિ અને સ્વામીના આશીર્વાદ

હે ભક્તો ! પછી શ્રીહરિજીએ દેવોના પૂજારી બ્રહ્મચારીને બોલાવીને કહ્યું: ‘‘તમે આ બન્ને લાલજી અને શાલિગ્રામને લઈ જાઓ અને દેવોની સાથે થાળ જમાડી ત્યાંજ પોઢાડી દેજો.’’ ત્યાર પછી સર્વે સંઘવાળા ભક્તોએ ગરમ પાણીથી સ્નાન કરી થાળનો પ્રસાદ જમી આરામ કર્યો. પછી સાંજના સમયે શ્રીહરિ સભામાં પધાર્યા. ત્યારે કલાલીના ભક્તો પણ સભામાં આવીને બેઠા, ત્યારે તેઓની આગળ મહારાજે કથા–વાર્તા કરી.

ત્યારબાદ શ્રીહરિએ બ્રહ્મચારીને કહ્યું કે, ‘તમો શ્રીલક્ષ્મીનારાયણદેવ આગળ પધરાવેલ લાલજી મહારાજને લઈ આવો.’ તેથી તેઓ લઈ આવ્યા. પછી તે માખણીયા લાલજી મહારાજને હાથમાં લઈ શ્રીહરિએ દૂધપાન કરાવ્યું. પછી હાથમાં રાખી રમાડવા લાગ્યા. તેથી લાલજી મહારાજ પણ આનંદમાં આવી ગયા અને ધીરે ધીરે કૂદવા લાગ્યા ! તે જોઈ શ્રીહરિ બોલ્યા: ‘‘હવે કૂદવાનું બંધ કરો, થાકી જશો. હવે તમારે કલાલીના ભક્તોને આનંદ આપવાનો છે.’’ આમ કહ્યું એટલે લાલજી સ્થિર થઈ ગયા !

હે ભક્તો ! સભામાં બેઠેલા કલાલીના સત્સંગીઓને શ્રીજી મહારાજ કહેવા લાગ્યા: ‘‘ભક્તો ! આ લાલજી ખૂબ દૈવતવાળા છે, માટે તમો એને પાછા લઈ જાઓ.’’ ત્યારે ભક્તોએ કહ્યું કે, ‘તેમની સેવા કરવા કોઈ તૈયાર નથી થતું તેમજ તેમને દરરોજ થાળ કરવાની પણ તકલીફ છે.’’ ત્યારે શ્રીહરિએ કહ્યું કે, ‘તમે અહીંથી એક સંતનું મંડળ લઈ જાઓ, એ સેવા કરશે અને થાળ કરશે.’ ત્યારે ભક્તોએ કહ્યું: ‘‘હે મહારાજ ! લાલજી મહારાજ

માટે થાળ કરવાની પણ તકલીફ છે અને તમે તો સંતોને લઈ જવાનું કહો છો; ત્યાં અમારે સંતોનું કેવી રીતે પોષણ કરવું ?''

કલાલીના ભક્તોની આવી વાત સાંભળી શ્રીજી મહારાજ રાજી થઈને આશીર્વાદ આપતા બોલ્યા: ''આ લાલજી મહારાજ તો બહુ બળીયા છે. તે લાડવા ખાશે અને મંદિરમાં સેવા કરનારા સહુને લાડવા ખવડાવશે, માટે ચિંતા કર્યા વગર કલાલી લઈ જાઓ.'' પ્રગટ પ્રભુની આજ્ઞા થતાં જ કલાલીના ભક્તો લાલજી મહારાજ, નાના લાલજી અને શાલીગ્રામને ટોપલામાં બેસાડી પાછા કલાલી લાવ્યા. એ સમયે યોગીરાજ ગોપાળાનંદ સ્વામી કલાલીમાં હોવાથી સ્વામીએ તે લાલજી મહારાજને પૂર્વવત્ મંદિરમાં પધરાવી આરતી ઉતારી અને સાથે આવેલ સંતમંડળને સેવા રીતી સમજાવી આશીર્વાદ આપ્યા. હે ભક્તો ! શ્રીહરિ તથા ગોપાળાનંદ સ્વામીના આશીર્વાદને કારણે આજે કલાલીના લાલજી મહારાજની માનતાઓ ચાલે છે અને દર મહિનાની હરિ જયંતી (સુદ નવમી)ના દિવસે સેંકડો અને હજારોની સંખ્યામાં નરનારીઓ કલાલીમાં દર્શન કરવાં આવે છે.

હે ભક્તો ! 'અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો'માં ૧૩૨મી વાતમાં સ્વામીએ લખ્યું છે કે, 'કલાલીના અમીન રણછોડભાઈ ગઢપુર ગયા હતા, ત્યારે શ્રીજી મહારાજે તેમને પ્રસાદીના લાલજી મહારાજ સેવા–પૂજા માટે આપ્યા હતા. તેથી તે લાલજી મહારાજની મૂર્તિ લઈને કલાલી આવ્યા.

## સ્વામી પાણી ઉપર ચાલ્યા !

હે ભક્તો ! ઐશ્વર્યમૂર્તિ ગોપાળાનંદ સ્વામીના ચમત્કારોનો અંત આવે એમ નથી, એટલા બધા ચમત્કારો અને પરચાઓ સ્વામીએ આપેલા છે. તેમાં એકનો વધારો કરીને વાચકોને જણાવી રહ્યો છું. તે વાંચીને–વંચાવીને કે સાંભળીને પૂજ્યપાદ સ્વામીનો મહિમા વધારે સમજાશે.

એકવાર સ્વામીજી કલાલી પધાર્યા હતા. ત્યાંના હરિભક્તોના આગ્રહને કારણે સ્વામી શ્રાવણ મહિનો રોકાઈને કથા–વાર્તા કરી તેમજ ઘેર ઘેર પધરામણીઓ કરી હરિભક્તોને રાજી કર્યા. ત્યારબાદ સંતમંડળ લઈ સ્વામી વડોદરા

આવવા તૈયાર થયા. તેથી કલાલી ગામના હરિભક્તો સ્વામીને વળાવવા માટે વિશ્વામિત્રી નદીના કિનારા સુધી સાથે આવ્યા. ત્યાં આવીને સૌએ જોયું ત્યાં તો નદીમાં પાણીની રેલ આવેલી.

બે કાંઠે વહેતી નદી જોઈને સત્સંગીઓએ સ્વામીને કહ્યું: ''સ્વામીજી ! પાણીની રેલ આવેલ હોવાથી નદી ઉતરાશે નહિ, માટે પાણી ઉતરી જાય પછી જજો.'' આ રીતે ભક્તો વાત કરી રહ્યા છે, ત્યાં તો યોગ-સમ્રાટ ગોપાળાનંદ સ્વામીએ યોગની ધારણા કરીને શ્રીહરિજી મહારાજનું સ્મરણ કરતાં કરતાં નદીમાં પગ મૂક્યો અને પાણીની ઉપર ચાલતા-ચાલતા સામે કિનારે પહોંચી ગયા ! પરંતુ સાથે રહેલા સંતો આ કિનારે હોવાથી સ્વામીએ મોટા અવાજે કહ્યું: ''સંતો તમે પણ શ્રીહરિનું સ્મરણ કરતાં કરતાં પાણી ઉપર ચાલીને આવતા રહો.''

હે ભક્તો ! સ્વામીનાં વચનમાં વિશ્વાસ રાખીને સંતો પણ સ્વામિનારાયણ મહામંત્ર બોલતા-બોલતા પાણી ઉપર ચાલીને સામા કાંઠે પહોંચી ગયા ! આ દૃશ્ય જોઈને આ કિનારે ઊભેલા હરિભક્તો આવું આશ્ચર્ય જોઈને ભાવવિભોર બની ગયા અને સ્વામીના ઐશ્વર્યપ્રતાપની વાતો કરતાં-કરતાં ઘેર ગયા અને ઘરના સર્વે નરનારીઓને બધી વાત કહી, તેથી તેઓ પણ સ્વામીનો વિશેષ મહિમા સમજવા લાગ્યા.

## વરસાદ વરસાવ્યો અને બંધ કરાવ્યો

હે વહાલા ભક્તો ! એક વખત વડતાલથી સદ્‌ગુરુવર્ય ગોપાળાનંદ સ્વામી સંતોનું મંડળ લઈને ભરૂચ શહેરમાં પધાર્યા. તે સમયે ત્યાં આપણાં મંદિરનું બાંધકામ શરુ કરવાનું હતું. પછી વૈશાખ સુદ ચૌદશ નૃસિંહ જયંતીના પવિત્ર દિવસે મંદિરનું બાંધકામ શરુ કરાવ્યું. થોડા દિવસ કામ ચાલ્યું ત્યારે રામજી ભગતે કહ્યું: ''સ્વામીજી ! જો થોડોક વરસાદ થાય તો આપણા કૂવામાં પાણી થાય, તેથી કારખાનાનું (બાંધકામનું) કામ થાય, માટે તમે કૃપા કરી વરસાદ વરસાવો.''

રામજી ભગતની વિનંતી સાંભળી ગોપાળાનંદ સ્વામી બોલ્યા: ‘‘ભગત ! વરસાદ જો થાય તો મંદિરના તાક (ઘુંમટ) ફાટી જાય.’’ ત્યારે રામજી ભગતે કહ્યું: ‘‘સ્વામીજી ! જો થોડોક વરસાદ થાય તો તે ઘુંમટ ન ફાટે.’’ પછી સ્વામી ધ્યાનમાં બેસીને અંતરવૃત્તિ કરી એક પ્રહર (ત્રણ કલાક) સુધી ધ્યાનમાં બેસી રહ્યા. તે દરમ્યાન વરસાદ વરસવા લાગ્યો. પછી તો વરસાદ વધવા લાગ્યો, તેથી એક સંતે આકળા થઈને સ્વામીને કહ્યું: ‘‘હે સ્વામી! વરસાદ બંધ કરો, નહિતર હમણા જ મંદિરના ઘુંમટને વિઘ્ન થશે અથવા ફાટી જશે.’’

હે ભક્તો ! ત્યારે રામજી ભગતે પણ કહ્યું: ‘‘સ્વામીજી ! વરસાદ ઘણો થયો છે અને કૂવો પણ પાણીથી ભરાયો છે, માટે હવે વરસાદ બંધ કરો.’’ તેથી સ્વામી આકાશ સામું જોઈને બોલ્યા: ‘‘હવે પાણીની જરૂર નથી, એટલે વરસાદ બંધ કરો.’’ ત્યાંતો વરસાદ બંધ થઈ ગયો ! ‘વળી વળી શું વર્ણવું, પરચાનો નહિ પાર.’

## સ્વામી સુરત પધાર્યા અને શ્રીહરિ...

હે ભક્તો ! યોગીવર્ય ગોપાળાનંદ સ્વામી ભરૂચથી સુરત જવા માટે સંતો સાથે ચાલવા લાગ્યા. તે સમયે સ્વામીએ આકાશ સામે જોઈને કહ્યું: ‘‘હવે તું અમારા ઉપર વરસજે.’’ ત્યાં તો મેઘ વરસવા લાગ્યો ! તેથી ચાલુ વરસાદમાં પલળતા-પલળતા સ્વામી અને સંતો અંકલેશ્વર જઈને રાત રોકાયા. ત્યારે એક મુમુક્ષુ વણિકે સવારે આવીને સ્વામીને કહ્યું: ‘‘સ્વામીજી ! મારે તમને જમાડવા છે.’’ એવું સાંભળી સ્વામીએ કહ્યું: ‘‘અમારે સુરત જવાની ઉતાવળ હોવાથી રોકાશું નહિ, પરંતુ તમારે અમો સર્વે સંતોને જમાડવા હોય તો દાળિયા (શેકેલા ખારા ચણા) લાવો.’’

સ્વામીએ ચણા લાવવાનું કહ્યું એટલે વણિક બહુ રાજી થયો. પછી દુકાને જઈ દાળિયા લાવીને સ્વામી આગળ ઢગલો કર્યો ! તેથી સ્વામીએ સૌ સંતોને એક એક શેર (૫૦૦ ગ્રામ) દાળિયા પોતાના હાથે વહેંચી આપ્યા. પછી સૌ સંતો ચાલવા લાગ્યા એટલે માર્ગમાં એક તલાવડી આવી, તેથી તેમાં સૌએ સ્નાન કર્યું અને નિત્યવિધિ કરીને તે દાળિયા શ્રીહરિની મૂર્તિને ધરાવીને સ્વામી તથા સંતો જમ્યા.

હે ભક્તો ! પછી સ્વામીએ સર્વે સંતોને કહ્યું: ‘‘તમે સર્વે સંતો એમ બોલો કે, ‘આ વાણિયાનું કલ્યાણ થાય. તેમજ આપણે સાત ગાઉ ચાલશું, ત્યાં સુધી વરસાદ વરસશે; કારણ કે અમે ભરૂચમાં મેઘરાજા સાથે વદાડ કર્યો છે જે, ‘અમે ચાલીએ ત્યારે વરસજે, તેથી તે જરૂર વરસશે, માટે સર્વે પુસ્તક વગેરેને મીણિયાં બાંધીને ચાલજો.’’ પછી સૌ ચાલવા લાગ્યા. ત્યારે વરસાદ પણ શરુ થઈ ગયો. પછી સાત ગાઉં ચાલ્યા ત્યાં સુધી વરસાદ શરુ રહ્યો ને પછી બંધ થયો.

હે ભક્તો ! પછી સ્વામી અને સંતો ચાલતા–ચાલતા સુરત શહેરમાં પહોંચ્યા અને ઉતારા કરી કથા કરવા લાગ્યા. ત્યારે રામજી ભગત આવ્યા અને સ્વામીને પગે લાગીને બેઠા. પછી સ્વામીએ કહ્યું: ‘‘આ સુરત શહેરમાં એક વણિક ભક્ત સારા સત્સંગી છે. તેના કાકાને અત્યારે અક્ષરધામમાંથી શ્રીજી મહારાજ અને સંતો તેડવા આવ્યા છે, પણ તે વણિક મહારાજને એમ કહે છે કે, ‘મારે મારા દીકરાને પરણાવવો છે, માટે હમણાં મારે ધામમાં નથી આવવું.’ પરંતુ શ્રીજી મહારાજ એમને પરાણે તેડી જશે.’’

હે ભક્તો ! અંતર્યામીપણે ઐશ્વર્યમૂર્તિ ગોપાળાનંદ સ્વામીએ આ પ્રકારે કહ્યું. પછી થોડીવાર થઈ ત્યાંતો તેના ઘરમાંથી રડવાનો અવાજ સંભળાયો, ત્યારે સ્વામી બોલ્યા: ‘‘શ્રીજી મહારાજ પરાણે પેલા વાણિયાને ધામમાં તેડી ગયા છે, તેથી તેનાં ઘરમાં પોકરાણ પડ્યું છે.’’ અર્થાત્ વણિકનું મૃત્યુ થયું છે, તેથી તેમનાં સગાં–વહાલાં રડવાં લાગ્યાં છે.

## સ્વામી ધામમાં જવા માટે તૈયાર થયા, પરંતુ...

હે ભક્તો ! જન્મ ધારણ કરવો અને દેહ ત્યાગ કરવો આ બન્નેમાં, જેમ ભગવાન સ્વતંત્ર હોય છે – એ જ રીતે મોટા સંતો–ભક્તો પણ સ્વતંત્ર હોય છે. એ રીત મુજબ યોગીરાજ ગોપાળાનંદ સ્વામીને પણ ધામમાં જવાની ઈચ્છા થઈ એટલે મંદવાડ ગ્રહણ કર્યો. વડતાલમાં સ્વામી બીમાર થયા અને એકવીશ દિવસ સુધી કાંઈ જમ્યા નહિ!

એ સમયે આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ સ્વામીની ખબર કાઢવા આવ્યા. અર્થાત્ જોવા આવ્યા. તેથી સ્વામીએ પોતાના ખાટલાની બાજુએ એક ખુરશી મુકાવી મહારાજશ્રીને બેસાડ્યા. સ્વામીના ૨૧ ઉપવાસના કારણે શરીર બહુ દુર્બળ થઈ ગયું હતું, તે જોઈને રઘુવીરજી મહારાજ દિલગીર થઈ ગયા, તેના કારણે નેત્રમાંથી જળ (આંસું) વહેવાં લાગ્યું ! અર્થાત્ રઘુવીરજી મહારાજ સ્વામીની બીમારી જોઈ રડવા લાગ્યા !

હે ભક્તો ! થોડીવાર બેસીને આચાર્યશ્રી સ્વામીને પ્રણામ કરીને પોતાના ઉતારે ગયા. પછી શ્રીજી મહારાજે દિવ્યરૂપે પ્રગટ થઈને ગોપાળાનંદ સ્વામીને કહ્યું: ''સ્વામી ! તમોએ ૨૧ લાંઘણ કરીને રામચંદ્રને (રઘુવીરજીને) દુ:ખવ્યા છે, તેથી હમણાં તમને નહિ તેડી જઈએ, જ્યારે રામચંદ્ર રાજી થઈને કહેશે, ત્યારે તેડી જશું !'' આમ કહીને શ્રીહરિ અંતર્ધાન થઈ ગયા. પછી સ્વામીએ પોતાના શિષ્ય જીષ્ણુદાસ સ્વામીને કહ્યું: ''મહારાજનો ઠબકો મળ્યો છે, માટે સાકરની રાબ કરો, હવે ઉપવાસ નથી કરવા.'' પછી સાકરની રાબ જમ્યા અને સાજા થઈ ગયા !

## ગોપાળાનંદ સ્વામીનું ધામગમન

હે ભક્તો ! યોગીવર્ય ગોપાળાનંદ સ્વામીએ અગાઉ પણ અક્ષરધામમાં જવા માટે સંવત્ ૧૯૦૬ ની સાલમાં વડતાલમાં અતિ માંદગી ગ્રહણ કરી સત્તાવીશ દિવસ સુધી જમ્યા ન હતા. તે સમયે નિત્યાનંદ સ્વામીએ વડોદરાથી ઉપેન્દ્રાનંદ સ્વામી સાથે ગોપાળાનંદ સ્વામીને કહેવડાવ્યું હતું કે, ''૨૭ ઉપવાસ ધામમાં જવા સારું તમે કર્યા છે, તેની પૂર્ણાહુતિ કરીને અનાજ જમવાનું શરુ કરજો. તથા રઘુવીરવાડીમાં ભાવાનંદ સ્વામી અને ધામાનંદ સ્વામીએ તમારા અગ્નિ-સંસ્કાર માટે સુકાયેલા તુલસી અને સુકાયેલા ચંદનનાં લાકડાં રાખી મૂક્યાં છે, તે તમારે કામમાં નહિ આવે, પણ મારા અગ્નિ-સંસ્કાર કરવામાં કામ આવશે; કારણ કે તમારા પહેલાં હું ધામમાં જવાનો છું, તેથી એ કાષ્ઠથી મારો અગ્નિ-સંસ્કાર કરજો.''

એ સમયે નિત્યાનંદ સ્વામીનો સંદેશો સાંભળીને ગોપાળાનંદ સ્વામીએ પોતાના શિષ્ય પુરુષાનંદ સ્વામીને કહ્યું હતું કે, ''અમારે ધામમાં જવું હતું, પણ નિત્યાનંદ સ્વામીને અમારા કરતાં પહેલાં ધામમાં જવું છે, માટે હવે અમે ઉપવાસ છોડીને જમવાનું શરુ કરીશું, તેથી રાબ બનાવીને લાવો.'' ત્યારે પણ સ્વામીએ ધામમાં જવાનું બંધ રાખી નિત્યાનંદ સ્વામીને ધામમાં જવા દીધા હતા.

હે ભક્તો ! એકવાર સદ્‌ગુરુવર્ય ગોપાળાનંદ સ્વામી અને રઘુવીરજી મહારાજ વગેરે ઉમરેઠમાં હતા અને ત્યાં સ્વામીને તાવ આવ્યો. અર્થાત્ સ્વામીએ તાવ ગ્રહણ કર્યો. પછી સ્વામીએ આચાર્યશ્રીને કહ્યું: ''મહારાજશ્રી ! આપણે સૌ વડતાલ જઈએ.'' તેથી સૌ વડતાલ આવ્યા. ત્યારે સ્વામીએ રઘુવીરજી મહારાજને કહ્યું: ''મહારાજશ્રી ! મને હવે ધામમાં જવાની રાજી થઈને રજા આપો.'' સ્વામીની ધામમાં જવાની ઈચ્છા જાણી આચાર્યશ્રીએ હા કહી.

હે ભક્તો ! સંવત્ ૧૯૦૮ ના વૈશાખ વદ પાંચમના દિવસે યોગીરાજ ગોપાળાનંદ સ્વામીએ સૌ સંતો–પાર્ષદો અને હાજર હતા એ સર્વે સત્સંગીઓને કહ્યું: ''તમે સૌ જમીને અમારી પાસે આવો.'' પછી બધા જમીને સ્વામી પાસે આવીને સભાના રૂપમાં બેસી ગયા. ત્યારે સ્વામી સૌ સામે કરૂણા દૃષ્ટિ કરી સત્સંગની ભલામણ કરીને બોલ્યા: ''શ્રીજી મહારાજ અનંત મુક્તો લઈને અમને તેડવા પધાર્યા છે, માટે અમે હવે અક્ષરધામમાં મહારાજ સાથે જઈએ છીએ. સૌને જય શ્રી સ્વામિનારાયણ.''

હે ભક્તો ! આ રીતે સૌને કહીને સ્વામીએ અનેક શ્રુતિઓના શ્લોક બોલી શ્રીહરિજીની સ્તુતિ કરી અને આંખો બંધ કરી અંતર્વૃત્તિ કહી મહારાજની મૂર્તિમાં વૃત્તિ જોડી પંચભૌતિક દેહ છોડી દિવ્યતનુ ધારણ કરી શ્રીહરિજીની બાજુમાં દિવ્ય વિમાનમાં બેસી ધામમાં જતા રહ્યા ! આ લોકમાં ૭૧ વર્ષ, ૩ માસ અને ૧૨ દિવસ સુધી સ્વામી રહ્યા. પછી સ્વામીના દેહને પાલખીમાં પધરાવી કીર્તન–ધૂન બોલતા–બોલતા સૌ સંતો–ભક્તો જ્ઞાનબાગમાં લઈ ગયા અને ત્યાં અગ્નિ–સંસ્કાર કર્યો. હાલમાં ત્યાં છત્રી કરાવી ચરણારવિંદ પધરાવેલ છે.

''કોટિ કોટિ વંદન મૂળ અક્ષર મૂર્તિ સદ્‌ગુરુવર્ય ગોપાળાનંદ સ્વામીને.''



श्रीसहजानंदस्वामी
श्रीभक्तिमाता
श्रीधर्मपिता



## સદ્‌ગુરુવર્ય નિત્યાનંદ સ્વામી એટલે.....

હે વહાલા સંતો અને ભક્તો !
નિત્યાનંદ સ્વામી એટલે શ્રીજી મહારાજના કૃપાપાત્ર અક્ષરધામના મુક્ત !
નિત્યાનંદ સ્વામી એટલે મદયપ્રદેશના દંતિયા ગામમાં પ્રગટ થયેલ મુક્ત !.
નિત્યાનંદ સ્વામી એટલે લખનૌ રાજ્યના રાજ્યગુરુ વિષ્ણુશર્મા અને વિરજાદેવીના પુત્ર !
નિત્યાનંદ સ્વામી એટલે ટૂંક સમયમાં જ સમગ્ર શાસ્ત્રોનું અદયયન કરનાર દિનમણિ શર્મા !
નિત્યાનંદ સ્વામી એટલે પ્રગટ પ્રભુની પ્રાપ્તિ માટે ચારધામમાં વિચરણ કરનાર ઉત્તમ મુમુક્ષુ !
નિત્યાનંદ સ્વામી એટલે શ્રીહરિજીનાં દાંત જોઈને ભગવાન તરીકે નિશ્ચય કરનાર તીવ્ર બુદ્ધિમાન !
નિત્યાનંદ સ્વામી એટલે પ્રગટ પ્રભુ શ્રીહરિ દ્વારા વરદાન પ્રાપ્ત કરનાર પ્રભુના કૃપાપાત્ર ઉત્તમ સંત !
નિત્યાનંદ સ્વામી એટલે શાસ્ત્રાર્થમાં પંડિતોનો પરાજય કરનારા પ્રતિભા સંપન્ન પંડિતવર્ય !
નિત્યાનંદ સ્વામી એટલે સ્વામિનારાયણ મહાપ્રભુની સર્વોપરી ઉપાસનાના પ્રખર હિમાયતી !
નિત્યાનંદ સ્વામી એટલે પ્રતિવાદીઓ સાથે સૌથી વધારે શાસ્ત્રાર્થ કરવા ગયેલા પંડિત અગ્રગણ્ય !
નિત્યાનંદ સ્વામી એટલે આદરજ ગામમાં મોટેરા કરેલા ચાર સદ્‌ગુરુઓમાં એક સદ્‌ગુરુ સંત !
નિત્યાનંદ સ્વામી એટલે શ્રીજી મહારાજની પરાવાણી વચનામૃત સંપાદક સંતો માંહિલા એક સંત !
નિત્યાનંદ સ્વામી એટલે દેશ વિભાગ પછી શ્રીહરિએ કરેલા વડતાલ દેશના આગેવાન સદ્‌ગુરુ !
નિત્યાનંદ સ્વામી એટલે ગોપાળાનંદ સ્વામી સાથે અતિશય સ્નેહ રાખતા આત્મીય મહાપુરુષ !
નિત્યાનંદ સ્વામી એટલે ગઢપુર લક્ષ્મીવાડીમાં શ્રીહરિ દેહોત્સર્ગ સ્થાને મંદિર કરનારા સંતવર્ય !
નિત્યાનંદ સ્વામી એટલે ગોપાળાનંદ સ્વામીને પ્રેમાગ્રહથી રોકી એનાં પહેલાં ધામમાં જનાર મુક્ત !
નિત્યાનંદ સ્વામી એટલે ધામમાંથી દિવ્યરૂપે આવી છપૈયામાં શ્રીહરિનું જન્મસ્થાન બતાવનાર મુક્તરાજ!

## વચનામૃતમાં નિત્યાનંદ સ્વામી

હે વહાલા સંતો–ભક્તો ! વચનામૃત ગ્રંથનો અભ્યાસ કરતાં તેમજ સંપ્રદાયના ગ્રંથોનો અભ્યાસ કરતા એવું કહી શકાય કે સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામી પ્રથમ હરોળના સદ્‌ગુરુઓની સાથે બેસનારા સંત હતા. મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી જેવા સદ્‌ગુરુઓની પંક્તિમાં નિત્યાનંદ સ્વામીનો પણ સમાવેશ થતો જોવા મળે છે. ગઢડા મધ્ય પ્રકરણના ૬૬ માં વચનામૃતમાં જે જે સદ્‌ગુરુઓને શ્રીહરિએ પ્રશ્નો પૂછ્યા છે, એમાના એક નિત્યાનંદ સ્વામી પણ છે. તેમની આ મોટપનું રહસ્ય પણ વચનામૃતમાં શ્રીહરિ સાથે તેમની પ્રશ્નોત્તરીમાં ઊભરી આવે છે.

## ''સ્વામીની અજોડ વિદ્વત્તા''

હે ભક્તો ! સાંપ્રદાયિક ઇતિહાસનું અવલોકન કરતાં નિત્યાનંદ સ્વામી સંપ્રદાયના અજોડ વિદ્વાન હતા એનો ખ્યાલ આવી જાય છે. એ સર્વવિદિત છે. એક વાર શ્રીહરિએ જ મોટા મોટા સદ્‌ગુરુઓને પોતપોતાની વિશેષતા જણાવવા કહ્યું. ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું કે, 'ભારતભરના શ્રેષ્ઠ વિદ્વાનો શાસ્ત્રાર્થમાં મને જીતી શકે નહિ.'

પછી તો સ્વામીએ એ પ્રમાણે કરી પણ બતાવ્યું. અનેક સ્થાનોએ શાસ્ત્રાર્થ કરવા આવેલા પ્રતિવાદીઓને પરાજીત કરી સ્વામીએ સ્વામિનારાયણ સંપ્રદાયની પ્રતિષ્ઠા વધારી છે, એ પ્રસંગો આ પુસ્તકમાં વાંચવા મળશે. સ્વામીની અજોડ વિદ્વત્તા વચનામૃત ગ્રંથમાં પણ ચોમેર પથરાયેલી છે.

પંચાળાનાં બીજાં વચનામૃતમાં શ્રીહરિએ શુકમુનિ પાસે મોક્ષધર્મનું પુસ્તક મંગાવ્યું અને પછી નિત્યાનંદ સ્વામીએ તેમાંથી કથા વાંચનનો આરંભ કર્યો. તેમજ પંચાળાનાં સાતમાં વચનામૃતમાં શ્રીહરિએ નિત્યાનંદ સ્વામી પાસે શ્રીમદ્ ભાગવત પ્રથમ સ્કંધની કથા કરાવી છે. એ બતાવે છે કે તેઓ સંસ્કૃત ભાષાના મોટા વિદ્વાન હતા તેમજ સારા કથાકાર વક્તા પણ હતા.

એ જમાનો મુદ્રિત ગ્રંથોનો નહોતો તેમજ ભાષાંતર થયેલ પ્રતોનો પણ ન હતો. તેથી કથાકારે હસ્ત–લિખિત સંસ્કૃત ગ્રંથોના શ્લોકો વાંચી તત્કાળ તેનું ગુજરાતી ભાષામાં ભાષાંતર કરવાનું થતું. અને તે ભાષાંતર પણ એવા લખાણનું કરવાનું કે જેમાં બે શબ્દો વચ્ચે આધુનિક મુદ્રણમાં જેમ ખાલી જગ્યા રાખવામાં આવે છે, તેવી ખાલી જગ્યા ન હોય; એટલે સળંગ લખાણમાં શબ્દને ક્યાં તોડવો એ પણ તત્કાળ નિર્ણય લઈને, જેમ યોગ્ય અર્થ નિષ્પન્ન થાય, તેમ વાંચન કરવું પડતું. તેથી જે પંડિત અને વક્તા હોય તેની એ રીતે કથા વાંચનની જવાબદારી બની રહેતી કે જેથી કથા પ્રવાહ તૂટે નહિ.

હે ભક્તો ! એ દાયિત્વ સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામી બખૂબી નિભાવતા હતા. એટલે જ પ્રેમાનંદ સ્વામીએ પણ એમના એક કીર્તનમાં પોતાના અવલોકનનું દસ્તાવેજીકરણ કર્યું છે.

''નિત્ય કથા થાય સભા ગાવણાં રે, કરે કથા નિત્યાનંદ નિત્ય, પુસ્તક લઈ રળિયામણાં.
ધન્ય ધન્ય નિત્યાનંદ નામને, વાંચી રાજી કર્યા ભગવાન, ધર્મતનય શ્યામને.''

## વિદ્વાનોને વિચારતા કરી મૂકે એવા પ્રશ્નો

હે ભક્તો ! કથા વાંચન ઉપરાંત નિત્યાનંદ સ્વામીની વિદ્વત્તા ઝળકી ઊઠી છે તેમના તાત્ત્વિક અને તાર્કિક પ્રશ્નોમાં..... જેમ કે કારિયાણીનાં ચોથાંમાં સ્વામીએ પ્રશ્ન પૂછ્યો: ''હે મહારાજ ! આ જીવને વિશે સાક્ષી રહ્યા છે તે સાક્ષી જે હોય તે તો મૂર્તિમાન હોય ને જે મૂર્તિમાન હોય તે વ્યાપક કેમ હોય ?''

સ્વામીના તાર્કિકપણાનું વધુ એક સાક્ષી છે ગઢડા પ્રથમ પ્રકરણનું તેરમું વચનામૃત. જેમાં સ્વામીએ પ્રશ્ન પૂછ્યો: ''દેહ દેહ પ્રત્યે જીવ એક છે કે અનેક છે ? અને જો એક કહેશો તો વડ, પીપર આદિક જે વૃક્ષ છે તેની ડાળખીઓ કાપીને બીજે ઠેકાણે રોપે છે ત્યારે તેવું ને તેવું જ વૃક્ષ થાય છે, એ તે એક જીવ બે પ્રકારે થયો કે બીજે જીવે પ્રવેશ કર્યો ? અને કહેશો જે 'એ તો એનો એ જીવ છે' તો જીવ તો અખંડ છે અને અચ્યુત છે તે કપાણો કેમ ?''

હે ભક્તો ! ભલભલાને વિચારતા કરી મૂકે તેવા પ્રશ્નો નિત્યાનંદ સ્વામીએ વચનામૃતમાં પૂછ્યા છે. જેમકે સારંગપુરનાં છઠ્ઠાં વચનામૃતમાં સ્વામીએ પ્રશ્ન પૂછ્યો છે: 'એક એક અવસ્થાને વિશે બીજી બે બે અવસ્થાઓ કેમ રહી છે ?' વળી લોયાનાં ૧૬ માં વચનામૃતમાં પણ સ્વામીએ પૂછ્યું છે કે, 'સર્વે મુક્તોને ગુણનો સંબંધ ન હોય ને... અક્ષરધામને વિશે રહ્યા હોય અને નારાયણ પણ ત્યાં તેવી જ રીતે રહ્યા હોય, તે વારે એ સર્વે ચૈતન્યમય છે ને નિર્ગુણ છે ને 'મમ સાધર્મ્ય માગતા:' એવી રીતે નારાયણના સાધર્મ્યપણાને પામ્યા છે, એવા જે મુક્ત અને નારાયણને વિશે ભેદ કેમ સમજવો ?'

હે ભક્તો ! આ પ્રશ્નો ઉપરથી સ્વામીની તર્કપૂર્ણ અને શાસ્ત્રજ્ઞતા સભર વિદ્વત્તા અભિવ્યક્ત થાય છે. તદુપરાંત તેમણે પૂછેલા અન્ય તાત્ત્વિક પ્રશ્નોમાં પણ તેમની વિદ્વત્તા ઊડીને આંખે વળગે છે. જેમ કે ગઢડા પ્રથમ પ્રકરણનાં ૬૩માં વચનામૃતમાં શ્રીહરિએ ઉત્પત્તિ સર્ગની વાત કરીને, ભગવાન પોતે મનુષ્ય તન ધારીને પૃથ્વી પર અવતરે છે તે વાત કરી; ત્યારે નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, 'એવી રીતે અનુક્રમે કરીને ભગવાન મનુષ્યાકૃતિ ધરે છે કે અનુક્રમ વિના પણ મનુષ્યાકૃતિ ધરે છે ?' વળી સારંગપુરનાં છઠ્ઠાંમાં પણ પ્રશ્ન પૂછ્યો કે, 'પરા, પશ્યંતિ, મધ્યમા અને વૈખરી એ ચાર પ્રકારની વાણી કેમ સમજવી ?'

હે ભક્તો ! સ્વામીએ પૂછેલા પ્રશ્નો ઉપરાંત તેમના પ્રતિપ્રશ્નોમાં પણ તેમની સતર્કતા દૃષ્ટિગોચર થાય છે. જેમ કે કારિયાણીનાં પ્રથમ વચનામૃતમાં શ્રીહરિની આજ્ઞાથી ભૂધરાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, ભગવાનનો નિશ્ચય અંત:કરણમાં થાય છે કે જીવમાં થાય છે ?' ત્યારે તેનો ઉત્તર શિવાનંદ સ્વામીથી ન થતાં શ્રીહરિએ વિસ્તારથી બુદ્ધિ અને જીવનું નિરૂપણ કર્યું. પણ તેમાં આ પ્રશ્નનો કોઈ ઉત્તર થતો ન જણાતાં સજાગ રહેલા નિત્યાનંદ સ્વામીએ તરત જ પ્રતિપ્રશ્ન કર્યો: 'હે મહારાજ ! એમાં તે શું ઉત્તર થયો ?'

વળી, એ જ વચનામૃતમાં સ્વામીના અન્ય બે પ્રશ્નો પણ તેમની વિદ્વત્તા પર મહોર મારી દે છે. આવી રીતે લોયાનાં ૧૫માં વચનામૃતમાં જ્યારે શ્રીહરિએ કહ્યું કે, 'આ જીવ સર્વ દેહમાં નખશિખા પર્યંત વ્યાપીને રહ્યો છે...

ત્યારે પણ નિત્યાનંદ સ્વામીનું સતર્કપણું જણાઈ આવ્યું છે. તેમણે તરત જ આશંકા કરી જે, 'હે મહારાજ ! ત્યારે એમ કહેવાય છે જે, જીવ જે તે સામાન્યપણે સર્વ દેહમાં વ્યાપીને વિશેષપણે હૃદયાકાશમાં રહ્યો છે, ત્યારે સર્વ ઠેકાણે સરખું જાણપણું નથી જણાતું, તેનું કેમ સમજવું ?'

હે ભક્તો ! લોયાનાં સાતમાં વચનામૃતમાં મુક્તાનંદ સ્વામીએ શ્રુતિઓનું પ્રમાણ આપીને પ્રશ્ન પૂછ્યો. ત્યારે શ્રીહરિએ એનો ઉત્તર આપ્યો; ત્યારે ત્યાં પણ નિત્યાનંદ સ્વામીની તેજસ્વિતા તેમના પ્રતિપ્રશ્નમાં પ્રકાશી હતી. તેમની વિદ્વત્તાના ફળસ્વરૂપે તેમની સંપ્રદાયને એક અનુપમ ભેટ એટલે વચનામૃત ગ્રંથ ! વચનામૃત ગ્રંથના ચાર સંપાદકોમાં સ્વામી પણ હતા. લોયાનાં સાતમાં વચનામૃતના આરંભે વચનામૃતનું પુસ્તક નિત્યાનંદ સ્વામીએ જ્યારે શ્રીહરિને આપ્યું ત્યારે તેને જોઈને શ્રીહરિ બહુ રાજી થયા હતા.

હે ભક્તો ! જેમ મુક્તાનંદ સ્વામી માટે 'સત્સંગની મા' ઉપમા અપાય છે, ગોપાળાનંદ સ્વામી માટે 'યોગીરાજ' ઉપમા અપાય છે, નિષ્કુળાનંદ સ્વામી માટે 'વૈરાગ્યમૂર્તિ' ઉપમા અપાય છે – એ જ રીતે પંડિતવર્ય નિત્યાનંદ સ્વામી માટે પણ 'વિદ્યાવારિધિ' ઉપમા પણ સાર્થક છે. સ્વામીના વચનામૃત ગ્રંથમાં ૨૫ પ્રશ્નો છે.

હે ભક્તો ! ઘણાં વચનામૃતોમાં નિત્યાનંદ સ્વામીના પ્રશ્નોમાં પણ મુક્તાનંદ સ્વામીની જેમ મુમુક્ષુતા છલકાતી અનુભવાય છે. નિત્યાનંદ સ્વામી વિશે શ્રીહરિએ ગઢડા અંત્યનાં ૨૪ માં વચનામૃતમાં કહ્યું છે કે, 'અમારી પ્રસન્નતા કરવી એ નિત્યાનંદ સ્વામીનું અંગ છે.' આમ, વચનામૃત ગ્રંથમાં સમાયેલું નિત્યાનંદ સ્વામીનું વિરલ વ્યક્તિત્વ સર્વને અનેકવિધ પ્રેરણાઓ આપતું રહેશે.

## પંડિતવર્ય નિત્યાનંદ સ્વામી

''નિત્યાનંદ મુનીન્દ્ર ચંદ્ર પ્રણામું જે શાસ્ત્ર સર્વજ્ઞ છે,
જેણે શ્રીહરિ પાસ શાસ્ત્ર ઉચર્યા સર્વોપરી સુજ્ઞ છે;

''જેની ભક્તિ અભંગ અંગ ગણિને રીઝ્યા મહારાજ છે,
ટીકાઓ કરી શ્રેષ્ઠ શાસ્ત્ર ઉપરી પ્રખ્યાત એ આજ છે.''
– શ્રીહરિલીલામૃત : ૧/૧/૩૭

હે ભક્તો ! સ્વામિનારાયણ ભગવાનના સમકાલીન સમયમાં પ્રથમ પંક્તિના આગેવાન સંતોના વિશેષ સદ્ગુણોના કારણે તેઓનાં નામ આગળ વિશેષણના રૂપમાં એક વાક્ય અથવા એક શબ્દ લખવામાં આવે છે. મહાપૂજા વિધિમાં બ્રહ્મચારી અખંડાનંદ વર્ણીએ ઘણા સંતોનાં નામ આગળ તેમનો એક વિશેષ ગુણ લખ્યો છે – એ જ રીતે સદ્ગુરુવર્ય નિત્યાનંદ સ્વામીનાં નામ આગળ પંડિતવર્ય – પંડિત અગ્રગણ્ય લખવામાં આવે છે.

અંધારીયામાં નવલાખ તારા ટમટમતા હોય છે, પણ જ્યારે અંજવાળીયું આવે અને ચંદ્ર ઉદય થાય, એના કારણે આપમેળે જ તારાઓનું તેજ ઝાંખું થઈ જાય છે – એ જ પ્રમાણે ત્યાં સુધી જ પોથી–પંડિતોરૂપ તારાઓ અજ્ઞાનીઓની સભામાં ઝગમગતા હોય છે, જ્યાં સુધી – ચંદ્રમારૂપ નિત્યાનંદ સ્વામીની ત્યાં હાજરી ન હોય ! પરંતુ સ્વામીની હાજરીમાત્રથી તારાઓ રૂપ પંડિતો–ઝાંખાઓ થઈ જાય છે. આવા મહા વિદ્વાન હતા આપણા નિત્યાનંદ સ્વામી.

હે ભક્તો ! દેવતાઓના ગુરુ બૃહસ્પતિ સમાન પ્રતિભા–સંપન્ન એવા સ્વામી જ્યારે શાસ્ત્રાર્થ કરવા જતા ત્યારે એક ગાડામાં શાસ્ત્રો અને એક ગાડામાં સ્વામી પોતે બેસતા હતા, આવું હૃષ્ટપૃષ્ટ ને કદાવર સ્વામીનું શરીર હતું. એકવાર એક દ્વેષી માણસ બોલ્યો કે, ''જુઓને આ સ્વામિનારાયણના સાધુ ખાઈ–ખાઈને કેવા જાડા થયા છે !'' ત્યારે સ્વામીએ કહ્યું: 'આ દેહને તો ભિક્ષામાં જે અન્ન મળે છે તેના ગોળા વાળીને જ આપીએ છીએ, અમારાં રોમ–રોમમાં તો ભગવાન સ્વામિનારાયણનો મહિમા તથા તેમની સર્વોપરી નિષ્ઠાની ખુમારી ભરી છે, તેથી આ શરીર પુષ્ટ છે, પણ ખાઈ ખાઈને નથી થયું !

હે ભક્તો ! નિત્યાનંદ સ્વામીએ ઘણાં સ્થાનોમાં પંડિતો સાથે શાસ્ત્રાર્થ કરીને તેઓને પરાજીત કરેલાં છે. મોટા મોટા દિગ્ગજો પણ સ્વામી આગળ પરાસ્ત થઈને જતા રહેલા છે. સ્વામીનું વ્યક્તિત્વ જ એટલું આકર્ષિત

હતું કે અમુક વિદ્વાનો તો સ્વામીને જોઈને જ હાર કબૂલ કરી લેતા હતા. જૂનાગઢ–વડોદરા–અમદાવાદ–ઉમરેઠ–જામનગર અને નડિયાદ જેવા નાનાં–મોટાં શહેરોમાં નિત્યાનંદ સ્વામીએ શાસ્ત્રાર્થ કરીને વિજય મેળવેલ છે; એના કારણે સ્વામિનારાયણ સંપ્રદાયનો દિગંતમાં ડંકો વાગી રહ્યો છે.

## જન્મ અને અભ્યાસ

હે ભક્તો ! જેના રોમ રોમમાં સ્વામિનારાયણ ભગવાનનો મહિમા અને તેઓની સર્વોપરી નિષ્ઠાની ખુમારી ભરી છે, એવા અક્ષરધામના મહામુક્ત પંડિતવર્ય સદ્‌ગુરુવર્ય શ્રી નિત્યાનંદ સ્વામીનો જન્મ સંવત્ ૧૮૩૭ કારતક સુદ પાંચમને ગુરુવારે મધ્યપ્રદેશમાં ઝાંસી પાસે દંતિયા નામના ગામમાં થયો હતો. આ ગામ ભારત દેશ સ્વતંત્ર થયો એ પહેલાં લખનૌ (લખનઉં) પરગણાંમાં હતું. તેમના પિતાનું નામ વિષ્ણુ શર્મા હતું અને માતાનું નામ વિરજાદેવી હતું.

સ્વામીનો જન્મ પવિત્ર બ્રાહ્મણ જ્ઞાતિમાં થયો હોવાને કારણે ઘરનું વાતાવરણ પવિત્ર હતું, તેના કારણે ગર્ભ–સંસ્કારથી લઈને સીમંત સંસ્કાર શાસ્ત્ર પ્રમાણે કરવામાં આવ્યા હતા. પછી આવ્યો જન્મ સંસ્કાર. પિતા વિષ્ણુ શર્મા વિદ્વાન અને લખનૌ રાજ્યના રાજગુરુ હતા. તેમણે પોતાના પુત્રનું નામ દિનમણિ રાખ્યું.

હે ભક્તો ! દિનમણિનો ચહેરો નાનપણથી જ બીજાં બાળકો કરતાં અલગ હતો. તેઓના પિતા ખૂબ ધનવાન હતા, પરંતુ યોગભ્રષ્ટ આત્માની જેમ તેઓ વૈભવમાં લોભાયા ન હતા. 'પુત્રનાં લક્ષણ પારણાંમાં' એ કહેવત મુજબ દિનમણિ નાનપણથી જ પ્રતિભા–સંપન્ન હતા. સોનાની થાળી–વાટકામાં જમવા છતાં, ધનવાનોનાં બાળકો જેવી આછડકાઈ ન હતી. ધીર–ગંભીર, વિનય–વિવેકી વગેરે અનેક સદ્‌ગુણો તેઓમાં પ્રથમથી હતા.

દિનમણિ હવે આઠ વર્ષના થયા એટલે પિતાએ ઉપવીત–સંસ્કાર નિમિત્તે સગાં–સંબંધીઓને તેડાવી ખૂબ ધામધૂમથી યજ્ઞ વગેરે કરાવી પોતાના પ્યારા પુત્રને જનોઈ પહેરાવી. યજ્ઞોપવીત સંસ્કાર પૂર્ણ કરી પુત્રને સંસ્કૃત

વિદ્યા ભણાવવાની શરુ કરી. ભણવામાં તો એવા હોશિયાર કે પિતાજી પાસે થોડા સમયમાં ઘણું શિક્ષણ લઈ લીધું. પછી વિશેષ અભ્યાસ કરવા કાશી જવાની ઈચ્છા બતાવી.

હે ભક્તો ! વિદ્વાન પિતાને પોતાનો પુત્ર વિદ્વાન થાય એવી જ ઈચ્છા હોય છે, તેથી રાજી થઈને ઘરના સૌએ કાશીએ જવાની હા કહી. પછી દિનમણિ શર્મા કાશીએ પહોંચી ગયા અને જગજીત પંડિત પાસે રહીને વિશેષ અભ્યાસ શરુ કર્યો. દિનમણિની જેમ જેમ ઉંમર વધતી ગઈ, તેમ તેમ યાદશક્તિ પણ વધતી ગઈ ! વિદ્યાગુરુ એક વાર શ્લોક બોલે અને દિનમણિ શર્મા એકવાર સાંભળે એટલે તે યાદ રહી જાય. આવું જોઈને સહપાઠીઓને અને ગુરુજીને આશ્ચર્ય થવા લાગ્યું. પછી તો શાસ્ત્રોમાં રહસ્યો આપમેળે સમજવા લાગ્યાં અને પંડિતોને સમજાવવાં લાગ્યાં ! દિનમણિ શર્માએ ટૂંક સમયમાં જ વ્યાકરણ, સાહિત્ય, પુરાણ અને ભાગવત વગેરે શાસ્ત્રોનો અભ્યાસ કરી લીધો.

## પ્રગટ પ્રભુ દેખાડે એવા સંતોની શોધમાં

હે ભક્તો ! વિદ્યા તો સંસારી લોકો પણ ભણે છે અને સંતો પણ ભણે છે, પરંતુ સંસારી લોકો ભણીને સારી નોકરી-ધંધો, પૈસા કે પ્રતિષ્ઠાને જ વિદ્યાનું ફળ માને છે, જ્યારે સંતો પોતાની તમામ વિદ્યા, કળા, ગુણ અને બુદ્ધિનું ફળ ભગવાન મળે અને મોટા પુરુષો રાજી થાય એ માનતા હોય છે. દિનમણિ શર્માએ શાસ્ત્રોનો ગહન અભ્યાસ પૂરો કર્યો અને સંસાર અસાર જણાતા એવા સત્પુરુષની શોધમાં નીકળી ગયા કે જે પ્રગટ પ્રભુનાં દર્શન કરાવી શકે.

દિનમણિ શર્માએ વિચાર્યું કે, 'ભારત તો સંતોની ભૂમિ છે, તીર્થોની ભૂમિ છે; માટે કોઈક સ્થાનમાં તો સત્પુરુષ મળી જ જશે.' કારણ કે તેઓ તીર્થોની ક્ષમતા અને તીર્થોને જન્માવનાર સત્પુરુષોની મહત્તા સારી પેઠે સમજતા હતા. તેઓએ શાસ્ત્રોનાં રહસ્યને બરાબર જાણી લીધાં હતાં કે, 'તીર્થો જીવને પાવન કરી શકે છે, પરંતુ જીવન બદલી ન શકે; જીવન પરિવર્તન તો સાચા સંતો જ કરી શકે. તીર્થો કરવાથી પુણ્ય જરૂર થાય, પણ તીર્થો વ્યક્તિના

સંશય નાશ કરી શકે નહિ; એતો સત્પુરુષો જ કરી શકે. વળી તીર્થો શ્રદ્ધા પ્રમાણે ફળ આપી શકે, પરંતુ પ્રારબ્ધ બદલી ન શકે. પ્રારબ્ધ બદલવાની શક્તિ તો કોઈ સાચા સંતો પાસે જ હોય છે.'

હે ભક્તો ! દિનમણિ શર્માનું લક્ષ્ય પ્રગટ પ્રભુની પ્રાપ્તિ કરવી એ છે, પણ એ સત્પુરુષ દ્વારા મેળવવા ઈચ્છે છે, તેથી એવા સત્પુરુષની શોધમાં કોઈ સંઘ સાથે તેઓ બદરીનાથ–જગન્નાથપુરી–રામેશ્વર વગેરે મોટાં તીર્થોમાં ગયા અને કહેવાતા મોટા સંતોનો સમાગમ કર્યો, પરંતુ પ્રભુ પ્રાપ્તિ કરાવી શકે, એવું કોઈ જણાયું નહિ, તેથી દ્વારિકાની યાત્રા કરવાનું નક્કી કરીને ચાલતા ચાલતા ઉત્તર ગુજરાતમાં આવેલ વીસનગર આવ્યા. ત્યાં તેમણે સાંભળ્યું કે, 'સ્વામિનારાયણ નામના ભગવાન મનુષ્યરૂપે પ્રગટ થઈને કાઠિયાવાડ પ્રદેશમાં રહે છે. વળી તેમના પવિત્ર સંતો પણ ભગવાન ભેટાડે એવા સમર્થ છે.'

આવું સાંભળી તેમનાં અંતરમાં શાંતિ થઈ ગઈ. પછી પ્રગટ પ્રભુ સ્વામિનારાયણ મહાપ્રભુને મળવા માટે અનેક તીર્થોમાં વિચરણ કરતા કરતા દ્વારિકા આવ્યા. ત્યાં કોઈક મુમુક્ષુને પૂછતા તેમણે કહ્યું કે, 'એ પ્રગટ પ્રભુના સંતો સોરઠ પ્રદેશના ફરેણી ગામમાં છે.' તુરંત દિનમણિ શર્મા ફરેણી ગામમાં પહોંચી ગયા. ત્યાં તેમને પ્રભુતાનંદ સ્વામીનાં દર્શન થયાં. તે સ્વામીને જ્ઞાની–ધ્યાની–શીલવાન–નિરાભિમાની અને અપરિગ્રહ આદિક અનેક શુભગુણે યુક્ત જોઈને રાજી થયા. પછી તેઓનો સમાગમ કરીને દિનમણિ શર્માની અંદર પ્રગટ પ્રભુ પ્રત્યે પ્રેમ ઉદય થયો અને પ્રભુનાં પ્રત્યક્ષ દર્શન માટે અંતર અતિ આતુર બન્યું.

## પ્રગટ પ્રભુ સાથે પ્રથમ મિલન

હે ભક્તો ! દિનમણિ શર્માને પ્રત્યક્ષ પ્રભુનાં દર્શનની હવે તાલાવેલી લાગી હતી તેથી તેમણે પ્રભુતાનંદ સ્વામી આગળ પોતના અંતરની ઊર્મિ વ્યક્ત કરી. ત્યારે સ્વામીએ કહ્યું ''શર્માજી ! શ્રીહરિજી હાલમાં સિદ્ધપુર પધાર્યા છે અને ગામડાંઓમાં વિચરણ કરવા ગયેલા સંતોને તેઓ ઊંઝા ગામમાં દર્શન દેવા પધારવાના છે, માટે તમારે જલદી દર્શન કરવા હોય તો ઊંઝા જવું પડશે.''

પ્રભુતાનંદ સ્વામીની વાત સાંભળી દિનમણિ શર્મા તુરંત ફરેણીથી નીકળી ચાલતા ચાલતા ઉત્તર ગુજરાતના ઊંઝા શહેરમાં આવ્યા. એ સમયે અક્ષરધામાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ સ્વયં તારાઓની વચ્ચે જેમ પૂર્ણિમાનો ચંદ્ર શોભે – તેમ ઊંઝાના તળાવના ઉત્તર કિનારે પરમહંસ સંતોની સભામાં શોભતા હતા. પ્રભુનાં સાક્ષાત્ દર્શન થયાં એટલે ભાવવિભોર થતાં થોડીવાર સુધી દેહની વિસ્મૃતિ થઈ ગઈ. તેમણે શાસ્ત્રોનાં અધ્યયન દ્વારા જે જે વાંચ્યું હતું – વિચાર્યું હતું, તે સઘળું તેમણે પ્રગટ પ્રભુની મનુષ્ય–મૂર્તિમાં જણાણું.

હે ભક્તો ! પ્રભુનાં પ્રત્યક્ષ દર્શનથી અંતરમાં અતિ સુખ પામ્યાં. મંદમંદ મુસ્કાન કરી રહેલા શ્રીહરિજીની દંતપંક્તિઓ જોઈને જ તેમના અંતઃકરણમાં દૃઢ નિશ્ચય થઈ ગયો કે, આ સ્વયં ભગવાન આદિનારાયણ છે. કેવા હતા એ પ્રગટ પ્રભુના દાંત ! તેની શોભાને લખતા નિષ્કામાનંદ વર્ણી લખે છે કે, ''કુન્દ મુકુલ સમ હાસં દધાનં.'' 'મોગરાની કલી સમાન દાંતને ધારણ કરતા એવા.' પ્રભુ પાસે જઈ દંડવત કરવા લાગ્યા. ત્યારે પ્રભુએ તેમના તરફ અમૃતભરી નજર કરી.

હે ભક્તો ! જેમ ચુંબકનો યોગ થતાં લોખંડ ખેંચાય – તેમ ભગવાન અને દિનમણિ શર્માની વૃત્તિઓ એકતાર જોડાઈ ગઈ. થોડીવાર તો કોઈનાં નેત્ર ખસી શક્યાં જ નહિ. પછી શ્રીહરિએ તેમને બોલાવ્યા એટલે સ્નેહથી ગદ્ગદ્ કંઠે ચરણમાં ઢળી પડ્યા ! પછી પ્રભુ તેમને ઊભા કરીને પ્રેમથી ભેટ્યા અને પોતાની સમક્ષ બેસાડ્યા. એ સમયે દિનમણિ શર્મા શ્રીહરિની મનોહર મૂર્તિ સામે જોઈ રહ્યા. તેથી દેહભાન ભૂલાઈ ગયું અને સમાધિ થઈ ગઈ ! સમાધિમાં દિવ્ય અને અલૌકિક એવા અક્ષરધામમાં ગયા.

હે વાચકો ! ત્યાં તેમને દિવ્ય સિંહાસન ઉપર બિરાજમાન મહાતેજોમય સ્વરૂપે શ્રીહરિજીનાં દર્શન થયાં. વળી ત્યાં અનંત મુક્તો, વિભૂતિઓ અને શક્તિઓ જેવા ધામમાં છે, એવા જ ઊંઝામાં સામે બેઠેલા પ્રત્યક્ષ શ્રીહરિમાં દર્શન થયાં ! પછી સમાધિમાંથી જાગ્રત થયા ને અંતરમાં દૃઢ ગાંઠ વાળી દીધી કે, 'અક્ષરધામમાં જે પુરુષોત્તમ નારાયણ છે – એ જ આ શ્રીસ્વામિનારાયણ ભગવાન પોતે છે. તેઓ હાલમાં કરોડો મુમુક્ષુનાં કલ્યાણ કરવાં પૃથ્વી ઉપર પ્રગટ થયા છે.' આ રીતે દિનમણિ શર્માને પ્રગટ પ્રભુનો નિશ્ચય થઈ ગયો.

## દિનમણિ શર્મા - નિત્યાનંદ સ્વામી બન્યા

હે ભક્તો ! દિનમણિ શર્માને પૂર્વના મહામુક્ત અને મહાસમર્થ સિદ્ધપુરુષ જાણીને મહાપ્રભુ શ્રીહરિએ પોતાની સાથે રાખ્યા. ત્યાર પછી શ્રીહરિ અનેક સંતો-ભક્તો સાથે વિચરણ કરતા કરતા અનેક ગામડાંઓમાં પોતાના પ્રેમી ભક્તોને દર્શન દેતાં દેતાં સોરઠ પ્રદેશમાં આવેલ મેઘપુર નામના ગામમાં પધાર્યા. ત્યાં રામાનંદ સ્વામી સમયના સત્સંગી નારાયણભાઈ સોની હતા, તેમના ઘેર ઉતારો કર્યો. (હાલમાં ત્યાં મંદિર છે.) તેમના ઘેર ફળીયામાં એક પીપળો હતો. તેની નીચે શ્રીજી મહારાજ સભા કરીને બિરાજમાન થયા.

હે ભક્તો ! એ સમયે દિનમણિ શર્માએ આવીને પ્રભુને પગે લાગીને કહ્યું: ''હે મહારાજ ! મારે હવે ઘેર જવું નથી, માટે મને આપ સાધુની દીક્ષા આપો.'' આવું સાંભળી શ્રીહરિ રાજી થયા અને સંવત્ ૧૮૬૦ ની સાલમાં વિધિવત્ દીક્ષા આપી સાધુનાં વસ્ત્રો પહેરાવી દિનમણિ શર્મા નામ બદલીને નિત્યાનંદ સ્વામી નામ પાડવામાં આવ્યું. ત્યાર બાદ તે નિમિત્તે નારાયણ સોનીએ પવિત્ર બ્રાહ્મણો પાસે રસોઈ કરાવી અને જમવા માટે પ્રભુને તેડવા આવ્યા. પ્રગટ પ્રભુજી નિત્યાનંદ સ્વામીને સાથે લઈ નારાયણ સોનીને ત્યાં જમવા પધાર્યા. જમી રહ્યા પછી શ્રીહરિએ થાળની પ્રસાદી નવા બનેલા પરમહંસ નિત્યાનંદ સ્વામીને આપી.

હે ભક્તો ! નિત્યાનંદ સ્વામીનાં શારીરિક ચિહ્‌નો અદ્‌ભૂત હતાં. તેમનું વિશાળ લલાટ બ્રહ્મતેજથી વિલસતું હતું. તેમની તેજસ્વી મુખાકૃતિ સહુના ચિત્તને ખેંચી લેતી હતી. વિશાળ લોચનનું તેજ સામાન્ય મનુષ્યથી જીરવી ન શકાય તેવું હતું. તેમના હાથ જાનુ (ગોઠણ) પર્યંત લાંબા હતા. શરીર ગૌર રૂપવાન હતું અને એટલું બધું પ્રચંડ જાડું હતું કે, એક બળદ-ગાડીમાં પોતે એકલા જ બેસી શકતા હતા ! તેમજ એમની મધુર અને ગંભીર વાણી સાંભળતા જ ભલભલા પંડિતો દબાઈ જતા હતા !

હે ભક્તો ! સ્વામિનારાયણ ભગવાન એકવાર સભામાં બોલેલા કે, ''હે સંતો ! આ નિત્યાનંદ સ્વામીનું પ્રારબ્ધ તો ચક્રવર્તી સમ્રાટના જેવું છે, છતાં પણ તેઓ તમારી સર્વેની સાથે રહીને ભિક્ષાનું અન્ન જમે છે, તમને

ભણાવે છે અને આનંદ આપે છે, તે તમારું અહોભાગ્ય છે એમ માનજો.'' જેમ ભગવાન શ્રીકૃષ્ણનો મહિમા તથા ગુણ ગાવા માટે સ્વયં વ્યાસ પ્રભુ જન્મ્યા હતા – તેમ જ સર્વાવતારી શ્રીહરિજીના ગુણો તથા મહિમા ગાવા માટે અક્ષરધામના અનાદિ મુક્ત અવતર્યા હતા. આ લોકમાં ભગવાન વેદવ્યાસજી તથા દેવગુરુ બૃહસ્પતિ સર્વોત્તમ જ્ઞાની ગણાય છે, એટલા માટે શ્રીહરિજી નિત્યાનંદ સ્વામીને તેઓની ઉપમા આપતા હતા; તેથી તો મંજુકેશાનંદ સ્વામીએ લખ્યું છે કે –

''નિત્યાનંદ સ્વામી મોટા જ્ઞાનવાન, જેને હરિભક્તિ કર્યાનું તાન;
હરિની આજ્ઞા વિષે દ્રઢ રહ્યા, જેને હરિએ વ્યાસમુનિ સમ કહ્યા.''

– (નંદમાળા)

## લોયાધામમાં નિત્યાનંદ સ્વામીને આશીર્વાદ

હે ભક્તો ! નિત્યાનંદ સ્વામી કાશીએ વિદ્યા ભણીને જ આવ્યા હતા, પરંતુ વિશેષ અભ્યાસ કરવા માટે શ્રીજી મહારાજે તેમને નાંદોલના પુરુષોત્તમ ભટ્ટ પાસે મોકલ્યા. તેઓ પાસે વેદાંત–ન્યાય અને સાંખ્યાદિક શાસ્ત્રોનો ગહન અભ્યાસ કર્યો. સ્વામીની બુદ્ધિ–પ્રતિભા જોઈને પુરુષોત્તમ ભટ્ટને મનોમન થયું કે, 'આ કોઈ માનવીય બુદ્ધિ નથી. ગહનમાં ગહન શાસ્ત્રોનાં કઠિન રહસ્યોનો ઉકેલ આ હસતા મોઢે કરે છે, માટે આ અલૌકિક પુરુષ છે; આમની પાસે તો મારે ભણવાનું હોય.'' પછી તો સ્વામીના યોગમાં આવતાં વિદ્યાગુરુ પણ સત્સંગી થઈ ગયા. સમય જતા નિત્યાનંદ સ્વામીએ અભ્યાસ પૂર્ણ કર્યો અને શ્રીહરિ પાસે કાઠિયાવાડમાં આવેલ લોયાધામ આવ્યા.

હે ભક્તો ! લોયાધામના દરબાર સુરાખાચરના ઘેર શ્રીહરિ બિરાજમાન હતા. ત્યાં આવીને નિત્યાનંદ સ્વામી અને બીજા ભણનારા સંતોએ દંડવત પ્રણામ કર્યા. પછી શ્રીજી મહારાજે જમીને સૌ સંતોને પોતાની થાળની પ્રસાદી આપીને ખૂબ જમાડ્યા. ત્યારબાદ સભા થઈ ત્યારે નિત્યાનંદ સ્વામી બોલ્યા: ''હે ગરીબનિવાજ શ્રીહરિ ! આપની

કૃપાથી હું તમામ શાસ્ત્રો ભણ્યો છું, મેં ભણવામાં કોઈ પ્રકારની ખામી રાખી નથી.'' આ પ્રકારે કહીને જે જે ભણ્યા હતા તે કહી બતાવ્યું.

પછી શ્રીજી મહારાજે પૂછ્યું: ''ભાગવતજીનો તત્ત્વસિદ્ધાંત જણાવશો ?'' ત્યારે નિત્યાનંદ સ્વામી કહેવા લાગ્યા: ''ભગવાન મનુષ્યરૂપે પૃથ્વી ઉપર આવે અને ગમે તેનો સંગ કરે કે ગમે તેવી લીલા કરે છતાં તેને માયા બંધન ન કરે. અને બીજા મુક્ત ધામમાંથી આવ્યા હોય છતાં તે માયાનો અતિશય યોગ રાખે તો તેને માયા જરૂર બંધન કરે; એટલો મુક્ત અને ભગવાનમાં ફેર છે.

બીજું કે માણસ ગમે તેવો મહાન હોય, મુક્ત હોય કે યોગી હોય, પણ માયા તેને બંધન કરે છે, પરંતુ જો ધર્મ સહિત ભગવાનની ભક્તિ કરે અને સાચા સંતોનો મન-કર્મ-વચને સંગ રાખે તો તેને માયા બંધન કરી શકતી નથી. આ મોક્ષનું પરમ રહસ્ય છે અને આ જ ભાગવતનો તત્ત્વસિદ્ધાંત છે.''

નિત્યાનંદ સ્વામીની વાત સાંભળી શ્રીહરિ બહુ રાજી થયા અને બોલ્યા: ''સ્વામી ! તમોએ જે આ ભાગવતનો સિદ્ધાંત કહ્યો તે મોક્ષ માટે આખી પૃથ્વીમાં પ્રસિદ્ધ થશે; પરંતુ હવે એક બાજુ તમે અને બીજી બાજુ સંતો સામસામી સભા કરી પરસ્પર શાસ્ત્રાર્થ કરો.'' આ રીતે કહીને શ્રીહરિ અધ્યક્ષપદે બેઠા. પછી તો સંતોએ પરસ્પર શાસ્ત્રાર્થ કર્યો હતો. પછી નિત્યાનંદ સ્વામીનું જ્ઞાન જોઈ સહુ સંતો-ભક્તોએ તેમનું બહુમાન કર્યું. ત્યારબાદ શ્રીહરિએ માથે હાથ મૂકીને કહ્યું: ''સ્વામી ! તમો જ્યાં જ્યાં શાસ્ત્રાર્થ કરવા જશો, ત્યાં ત્યાં તમારી જ જીત થશે. મોટા મોટા વિદ્વાનોની સભાઓમાં પણ તમે દિગ્વિજય કરશો, એવા મારા આશીર્વાદ છે.''

## લોયામાં સ્વામીએ ભાગવતની કથા કરી

હે ભક્તો ! શ્રીહરિજીએ આશીર્વાદ આપ્યા એટલે નિત્યાનંદ સ્વામી બોલ્યા: ''હે મહારાજ ! ચિત્રકેતુ રાજા સાધના કરીને સિદ્ધ બન્યા હતા. પછી તેમને એનુ અભિમાન આવ્યું હતું, એ જ રીતે મને પણ અભિમાન આવશે

**તો મારું બહુ અહિત થશે.'' આવું સાંભળી શ્રીહરિ મંદ મંદ હસીને બોલ્યા: ''સ્વામી ! અમે તમને બીજું વરદાન આપીએ છીએ કે તમે ગમે તેટલી સભાઓ જીતશો તો પણ તમને કદી અભિમાન નહિ આવે.''**

**હે પ્રિય વાચકો ! ત્યાર પછી સુરાખાચરના દરબારગઢમાં સભામાં બેઠેલા સંતો-ભક્તોને શ્રીહરિ કહેવા લાગ્યા: ''સૌ સાંભળો. આ નિત્યાનંદ સ્વામી તો અમારા ઉદ્ધવ સંપ્રદાયના સર્વે વિરોધી કે વાદીજનોને પરાસ્ત કરશે. તેમજ સંપ્રદાયનો સર્વત્ર દિગ્વિજય કરશે, એવા આ સમર્થ સંત છે.'' આ પ્રમાણે આશિષ આપીને પછી મહાપ્રભુ શ્રીહરિએ બૃહસ્પતિના જેવી વક્તૃત્વકળા અને સર્વે યોગસિદ્ધિ આપી. પછી સ્વામીને પરમહંસોની પ્રથમ હરોળમાં સ્થાન આપ્યું, તેથી તમામ સંતોને નિત્યાનંદ સ્વામી પ્રત્યે આદરભાવ અને પૂજ્યભાવ રહેવા લાગ્યો.**

**હે ભક્તો ! એકવાર ઓગણોતેરા (સંવત્ ૧૮૬૯) કાળના સમયમાં શ્રીહરિ લોયામાં સભા કરીને બિરાજમાન હતા. એ સમયે સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામી સંતમંડળ સાથે લોયા આવ્યા અને શ્રીહરિજીને દંડવત પ્રણામ કરીને સભામાં બેઠા. ત્યારે શ્રીહરિ કહેવા લાગ્યા: ''હે સ્વામી ! આ વરસે વિશ્વ ઉપર કાળ કોપ્યો છે, તેથી તમે ભાગવતની કથા કરો તો કાળ શાંત થાય:**

''ભાગવતની કથા તમે કરો, કાળ શાંત થશે તેથી ખરો;
સુણી સ્વામી બોલ્યા તતકાળ, તમે છો પ્રભુ કાળના કાળ.
કાળ લોપે ન આજ્ઞા તમારી, રહે આજ્ઞામાં બ્રહ્માંડકારી;
ઈન્દ્ર બ્રહ્મા ને શેષ મહેશ, આજ્ઞા આપની લોપે ન લેશ.
ચેષ્ટા માણસ કેરી કરો છો, એવા બા'નાથી ઉપદેશ ધો છો;
નિત્યાનંદે પછી રૂડી રીતે, ભાગવતની કથા કરી પ્રીતે.''

– (હ.મૃત : ક.૭ વિ.૩૧)

**હે ભક્તો ! શ્રીહરિની આજ્ઞાથી લોયાધામમાં પંડિતવર્ય નિત્યાનંદ સ્વામીએ શ્રીમદ્ ભાગવતની કથા કરી અને મહારાજનો રાજીપો મેળવ્યો. કથાની પૂર્ણાહુતિ વખતે સ્વયં શ્રીહરિએ વ્યાસરૂપ વક્તા નિત્યાનંદ સ્વામીનું પૂજન કર્યું**

અને આરતી ઉતારી. તે દિવસે લોયા ગામધણી સુરાખાચરે પાકી રસોઈ આપી. પૂર્ણાહુતિ નિમિત્તે શ્રીહરિએ સંતો અને બ્રાહ્મણોને ખૂબ જમાડ્યા. કથાના વક્તા નિત્યાનંદ સ્વામીને ખૂબ ભાવથી ભેટ્યા અને જમ્યા પછી થાળની પ્રસાદી પણ સ્વામીને આપી વિશેષ રાજીપો દર્શાવ્યો.

## શ્રીહરિજીનું સ્વામીને ફરીને વરદાન

હે ભક્તો ! ગઢપુરમાં એક વખત દાદાખાચરના દરબારગઢમાં લીલુડા લીમડા નીચે મહાપ્રભુ શ્રીહરિજી મહારાજ સભામાં કથા-વાર્તા કરી રહ્યા હતા. મહારાજ મનુષ્ય ભાવમાં મસ્તીથી બોલી રહ્યા હતા. તેમાં શાસ્ત્રનું પ્રમાણ આપતા એક સંસ્કૃત શ્લોકનું ઉચ્ચારણ અશુદ્ધ કર્યું ! માનવ સહજ પ્રકૃતિ એવી છે કે, ગણિતના પ્રોફેસર બેઠા હોય ને કોઈ દાખલો ખોટો ગણાવી દે એ એમને ન ગમે. સંગીતના જાણકાર સભામાં બેઠા હોય અને કોઈ સંગીતકાર બેસુરુ વગાડે તો તેના જાણકારને પણ ન ગમે, કોઈક શાસ્ત્રીય રાગના જાણકાર બેઠા હોય અને એની હાજરીમાં કોઈ સૂર વિનાનું ગાય એ એને પણ ન ગમે.

એ જ રીતે સંસ્કૃત ભાષાના જાણકાર વિદ્વાનો સભામાં બેઠા હોય અને એની હાજરીમાં કોઈ અશુદ્ધ શ્લોક બોલે તો એને પણ અણગમો થાય - એ જ પ્રમાણે શ્રીહરિ શ્લોક બોલ્યા, પણ અશુદ્ધ બોલાયો, એનો ખ્યાલ પંડિતવર્ય નિત્યાનંદ સ્વામીને આવી ગયો, એટલે સ્વામીને અણગમો ન આવ્યો, પરંતુ સ્વામીને વિચાર આવ્યો કે, ‘મહારાજે અશુદ્ધ શ્લોકનું ઉચ્ચારણ કર્યું છે, તેનો સભામાં બીજા લોકો બેઠા છે એને ખ્યાલ આવી જશે તો મહારાજની ટીકા કરશે, માટે મહારાજને પૂરો ખ્યાલ ન હોય એવા શ્લોક બોલવા ન જોઈએ.’

હે ભક્તો ! શ્રીજી મહારાજનો વાણી-પ્રવાહ ચાલુ જ હતો. તેને સાંભળતાં સાંભળતાં નિત્યાનંદ સ્વામીને બીજો વિચાર આવ્યો: ‘‘અરે ! શ્રીહરિજી તો બધું જ એક સાથે હંમેશાં સાવ સહજ રીતે જાણે છે.

‘यो वेत्ति युगपत् सर्वं प्रत्यक्षेण सदा स्वतः’

પ્રભુ કદાચ આ મનુષ્ય-લીલાના સહજ સ્વભાવે આવું બોલ્યા હશે, અથવા મારી કે બીજાની પરીક્ષા કરવા માટે અશુદ્ધ શ્લોક બોલ્યા હશે. જો મારી પરીક્ષા કરવા બોલ્યા હશે તો તો હું નાપાસ થયો, મને જે મહારાજમાં ભૂલ દેખાણી તે તો ખરેખર મારી જ મોટી ભૂલ છે.'' આવું જ્ઞાન થતાં જ સ્વામીને અંતરમાં પશ્ચાત્તાપનો અગ્નિ સળગવા લાગ્યો. અંતર અકળાવા લાગ્યું.

હે ભક્તો ! થોડીવાર પછી સભા પૂરી થઈ એટલે શ્રીહરિ અક્ષર ઓરડીમાં પધાર્યા. તેથી સ્વામી પણ ત્યાં જઈને મહારાજનાં ચરણ પકડી રડવા લાગ્યા. પછી મહારાજે કારણ પૂછતા રડતા રડતા સ્વામી કહેવા લાગ્યા: ''હે પ્રભુ ! મને આપનામાં ભૂલ દેખાણી, માટે મને સાવ અબુધ કરી ધો કાં તો આપનો ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય આપો.'' શ્રીહરિ સ્વામીની આવી દૃઢતા જોઈ અતિ રાજી થયા અને આશીર્વાદ આપ્યો: ''સ્વામી ! હવે પછી ક્યારેય અમારાં કોઈ પણ ચરિત્રમાં મનુષ્યભાવ નહિ આવે.'' ત્યાર પછી નિત્યાનંદ સ્વામીને જિંદગી પર્યંત ક્યારેય પણ શ્રીજી મહારાજની કોઈ પણ મનુષ્ય ચરિત્રમાં શંકા થઈ ન હતી.

## સ્વામીને સર્વોપરી નિશ્ચય થયો

હે ભક્તો ! ગઢપુર એટલે પૃથ્વી પરનું અક્ષરધામ અને શ્રીજી મહારાજનું ઘર ! ત્યાં એકવાર મહારાજે નિત્યાનંદ સ્વામી પાસે શ્રીમદ્ ભાગવતનું પારાયણ કરાવ્યું હતું. કથાની પૂર્ણાહુતિ થઈ ત્યારે શ્રીજી મહારાજે ગ્રંથની તથા વક્તાશ્રી સ્વામીની ચંદન અને પુષ્પના હારથી પૂજા કરી હતી. પછી શ્રીહરિ માણકીએ અસ્વાર થયા અને બીજા ઘોડા ઉપર નિત્યાનંદ સ્વામીને બેસાડ્યા. ત્યારબાદ વાજતે-ગાજતે ઘેલા નદીના ઘાટે ખીજડિયા આરે સ્નાન કરવા પધાર્યા.

ત્યાં ઘણીવાર પ્રભુએ જળક્રીડા કર્યા પછી એક મોટી શીલા ઉપર ગાદી-તકિયા નંખાવ્યાં. પછી તે ઉપર વક્તાશ્રી નિત્યાનંદ સ્વામીને બેસાડ્યા અને ફરીને પૂજન કરવાની શ્રીહરિ તૈયારી કરવા લાગ્યા ! તે સમયે અનેક

અવતારોએ આવી શ્રીહરિનું પૂજન-અર્ચન કરી પુષ્પના હાર પહેરાવ્યા અને દંડવત-પ્રણામ કર્યા; એવાં દર્શન નિત્યાનંદ સ્વામીને થયાં. તુરંત સ્વામી ગાદી-તકિયેથી નીચે ઊતરી ગયા અને મહારાજને ત્યાં બેસાર્યા.

પછી સ્વામીએ શ્રીહરિની પૂજા કરી આરતી ઉતારી દંડવત-પ્રણામ કરીને સ્તુતિ કરતા કહ્યું: ‘‘હે મહારાજ! આપ સર્વે અવતારના અવતારી છો, સર્વે કારણના પણ કારણ છો, સર્વોપરી પુરુષોત્તમ નારાયણ છો. સર્વે અવતારો આપની સેવા-પૂજા કરતા તેવાં મને પ્રત્યક્ષ દર્શન થયાં છે, તેથી આજ મને આપનો સર્વોપરી નિશ્ચય થયો છે. તેમાં હવે કદી ફેર પડે નહિ એવી કૃપા કરજો.’’

હે ભક્તો ! સ્વામીની પ્રાર્થના સાંભળી શ્રીજી મહારાજે એવું વરદાન આપ્યું. પછી સૌ વાજાં વગાડતાં અને ધૂન કરતા કરતા દાદાખાચરના દરબારમાં આવ્યા. તે સમયે અનંત દેવતાઓએ આવીને પુષ્પની વૃષ્ટિ કરી અને દુંદુભિના નાદ કર્યા. તેનો અવાજ ચારે દિશાઓમાં સંભળાયો તેથી સૌ સંતો-ભક્તો રાજી થયા.

## શ્રીહરિ દ્વારા સ્વામીના ગુણોની પ્રશંસા

‘‘હમ જો બાત કરત હૈં જેતા, તાકો રહસ્ય કહાવત તેતા;
હૃદે મેં લિખ લેવત હે તેઉં, ભૂલત નહીં કબહુ સો એઉં.’’

– હ.ચ.સા. ૯/૪૭

હે ભક્તો ! ગઢપુરમાં એકવાર શ્રીજી મહારાજે કહેલું કે, ‘અમારા રહસ્યને તો આ નિત્યાનંદ સ્વામી જાણે છે. અમે જે વાત કરીએ છીએ તેનું જે રહસ્ય હોય તે બધું તેમના હૃદયમાં લખાઈ જાય છે. પછી તે ક્યારેય ભૂલતા નથી. એવું તેમનું અંતર સહજ સ્વભાવે છે. બુદ્ધિ તો એટલી તીવ્ર છે કે બ્રહ્મા પણ તેમની બુદ્ધિનો પાર પામતા નથી, એવી તેમાં અગાધ બુદ્ધિ છે, છતાં પણ તેમને ક્યારેય તે બાબતનો ગર્વ નથી. તથા તેમને દંભ તો કોઈ બાબતનો ગમતો જ નથી. દંભીને તો તેઓ લબાડ જાણે છે.

હે ભક્તો ! એકવાર અમુક સંતો-ભક્તોના સ્વભાવને કારણે શ્રીહરિ નારાજ થયા હતા. પછી શ્રીહરિએ નિત્યાનંદ સ્વામી પાસે વર્તન સંબંધી પત્ર લખાવ્યો. ત્યારબાદ થાળ જમી તે પ્રસાદી નિત્યાનંદ સ્વામીને આપી. પછી મૂળજી બ્રહ્મચારીને કહ્યું: ''સાંજ-સવાર અમે થાળ જમીએ છીએ તે બન્ને વખતની પ્રસાદી દરરોજ નિત્યાનંદ સ્વામીને બોલાવીને આપજો, એમાં ફેર પડવા દેતા નહિ. જ્યાં સુધી અમે તેમને પાસે રાખીએ ત્યાં સુધી તમારે ઘણા ઉત્સાહ અને રાજીપાથી તેમને થાળ આપવો.'' આ પ્રમાણે કહીને સ્વામીની ખૂબ પ્રશંસા કરી હતી.

હે ભક્તો ! શ્રીહરિજી નિત્યાનંદ સ્વામીને કહેતા કે, ''અક્ષર જેવા મોટા હોય તે પણ જો અનંત જન્મ લે તો પણ શ્રીહરિની વાતનો પાર લઈ શકતા નથી. સહુથી ઊંચી સમજણ એ છે કે ભગવાન સમાન અન્ય કોઈ થઈ શકતું નથી. ભગવાન મનુષ્ય દેહે વિચરતા હોય તો પણ તેઓ તેવા ને તેવા જ દિવ્ય દેખાય છે. ધર્મ-ભક્તિ-વૈરાગ્ય અને જ્ઞાન એ ચાર ઉપર જેને નિત્ય તાન હોય તેમજ ઉપર કહી તેવી સમજણ જેને દૃઢ હોય તેને શુદ્ધ સંપ્રદાયનું જ્ઞાન સમજવું.''

હે ભક્તો ! શ્રીહરિ નિત્યાનંદ સ્વામીની વિશેષતા વર્ણવતાં કહે છે કે, ''અત્યારે સત્સંગમાં જે જે શ્રેષ્ઠ વાતો થાય છે તેને સાંભળીને તેના રહસ્યને મહાન બુદ્ધિશાળી નિત્યાનંદ સ્વામી પોતાના અંતઃકરણમાં પરોવી દે છે. વાતોમાં જે સારમાં સાર રહસ્ય હોય તેનું પણ તે તત્ત્વ કાઢીને લઈ લે છે અને સત્સંગમાં જેનાં દૃઢ મૂળ હોય તેને તે વાતો કહે છે. કોઈક કપટી મનુષ્ય સત્સંગની વાતો કપટ કરીને જાણવા આવે તો તેને તે તરત ઓળખી જાય છે અને તેને મૂર્તિમાન કાળ જેવો દેખે છે.

જે નિષ્કપટપણે સત્સંગનો પક્ષ રાખે છે તેનું હિત કરવા માટે તેને તે મહિમા સહિત રહસ્યની વાતો કહે છે. સત્સંગમાં જે યોગ્ય અધિકારી થાય તો તેના ઉપર હેત રાખીને તેને બધું જ જ્ઞાન બતાવે છે, પણ જો સાંભળનારો વિશ્વાસઘાત કરે તો તેને ફરીવાર તેનું રહસ્યજ્ઞાન કહેતા નથી.

હે ભક્તો ! શ્રીહરિચરિત્રામૃતસાગરના બારમાં પૂરનાં પહેલાં-બીજાં તરંગમાં શ્રીહરિએ કહ્યું છે કે, ''આ નિત્યાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામી બન્ને અત્યંત સમર્થ છે. તે બે સદ્‌ગુરુઓ જ્યાં સુધી પૃથ્વી ઉપર હોય

ત્યાં સુધી કોઈ ગ્રંથની જરૂર નથી. તેમાં પણ નિત્યાનંદ સ્વામી તો સાક્ષાત્ વ્યાસનો અવતાર છે. તેથી તેઓ બધી બાબતને જાણે છે.'' સ્વામી પોતાના મનમાં જે કાંઈ ચિંતવતા તે તેમને સાક્ષાત્ દેખાતું હતું, છતાં પણ તેનો તેઓમાં ક્યારેય ગર્વ દેખાતો નહિ. સ્વામીજી તો પોતાની સમજણથી સદા પ્રસન્ન રહેતા હતા.

## સ્વામીને વસ્ત્રો-ઘરેણાં પહેરવાં કહ્યું

હે ભક્તો ! એકવાર ગઢડામાં વાસુદેવ નારાયણને ઓરડે શ્રીજી મહારાજ સંતો સહિત વિરાજમાન હતા. તે સમયે બોટાદથી ભગા દોશી આવ્યા. આવીને તેમણે મહારાજને દંડવત–પ્રણામ કરીને ચંદન અને પુષ્પના હાર પહેરાવી પૂજન કર્યું. ત્યારપછી તેઓ કહેવા લાગ્યા: ''મહારાજ ! આપ સર્વના કારણ છો. આપનો સર્વોપરી નિશ્ચય મને આ નિત્યાનંદ સ્વામીએ કરાવ્યો છે. મને આપના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થયું એ આ નિત્યાનંદ સ્વામીની કૃપાનું ફળ છે.''

આવું સાંભળી શ્રીહરિ કહેવા લાગ્યા: ''હે ભગા દોશી ! મારો હૃદગત ભાવ છે તે નિત્યાનંદ સ્વામી યથાર્થ જાણે છે. મારા સ્વરૂપનું જ્ઞાન જેવું તમને આપ્યું છે, એવું જ જ્ઞાન એ બીજા ભક્તોને પણ આપે છે, તેથી તેઓ ઉત્તમ સંત છે અને મને વહાલા છે. તમને તેઓનો સમાગમ મળ્યો છે તે તમારાં મોટાં ભાગ્ય જાણજો.''

હે ભક્તો ! શ્રીહરિએ નિત્યાનંદ સ્વામીની પ્રશંસા કરી એટલે સ્વામી સાથે ઇર્ષ્યા રાખનાર નિર્વિકલ્પાનંદ સ્વામીથી સ્વામીની પ્રશંસા સહન ન થઈ એટલે તે અદેખાઈથી બોલ્યા: ''હું પણ તેમના જેવો જ શ્રેષ્ઠ છું, વિદ્વાન છું; છતાં પણ શ્રીજી મહારાજ પક્ષપાતે કરી તેમની જ પ્રશંસા કર્યા કરે છે.'' આમ માન અને ઇર્ષ્યાને કારણે પ્રવેશેલા અધર્મસર્ગથી તેની સદ્બુદ્ધિ નાશ પામી, તેથી નખશિખ નિર્દોષમૂર્તિ એવા પ્રગટ શ્રીહરિ અને મોટા સંતમાં માયિકપણું આરોપ્યું.

હે ભક્તો ! આ વાતનો શ્રીજી મહારાજને તરત ખ્યાલ આવી ગયો. એટલે નિર્વિકલ્પાનંદને પાછા પાડવા પ્રભુએ નિત્યાનંદ સ્વામીને બોલાવ્યા અને કહ્યું: ''સ્વામી ! આજે તમે અમારાં સોનેરી વસ્ત્રો અને આભૂષણો પહેરો.'' ત્યારે સ્વામીએ સંકોચ સાથે કહ્યું: ''હે પ્રભુ ! હું તો સાધુ છું, મારાથી તમારાં શણગાર કેમ ધારણ કરાય ?'' ત્યારે મહારાજ કહે: ''સ્વામી ! થોડીવાર માટે જ અમારી આજ્ઞાથી પહેરો.'' એટલે મહારાજની મરજી જોઈને સ્વામીએ મહારાજનાં વસ્ત્રો–આભૂષણો ધારણ કર્યાં !

પછી શ્રીજી મહારાજે નિત્યાનંદ સ્વામીને રોઝા ઘોડા ઉપર બેસાર્યા અને છત્ર ચામર વગેરે જેટલાં રાજચિહ્‌નો પોતે રાખતા હતા તે બધાં જ સ્વામીને આપ્યાં અને વાજતે–ગાજતે ગઢપુર ગામમાં ફરવા મોકલ્યા ! તેથી આખા ગઢડામાં વિચરણ કરીને દરબારગઢમાં પાછા આવ્યા. ત્યારે સ્વયં મહારાજે સ્વામીને ઢોલિયે બેસાડીને ચંદન–પુષ્પાદિકે કરીને પૂજા કરી તેમજ સભામાં બેઠેલા સૌ સંતો–ભક્તોને પણ પૂજ્ય સ્વામીની પૂજા કરવાની આજ્ઞા કરતા સૌએ પણ પૂજન કર્યું.

## સદ્‌બોધ અને સંત મહિમા

હે ભક્તો ! લીલુડા લીમતરુ નીચે ઢોલિયા ઉપર બિરાજીને શ્રીહરિ સૌ સંતો–ભક્તોને કહેવા લાગ્યા: ''સૌ સાંભળો. ભગવાનના સંતો–ભક્તોમાં થોડું પણ માન ન રાખવું જોઈએ. અમે નિર્માની ઉપર જેવા રાજી થઈએ છીએ, તેવા માની ઉપર થતા નથી. આ નિત્યાનંદ સ્વામી નિર્માનીતા વગેરે સર્વ ગુણથી સંપન્ન અને મહાસમર્થ છે, તેથી અમે તેમના ઉપર બહુ જ રાજી છીએ; માટે તેમની સાથે કોઈએ ઇર્ષ્યા રાખવી નહિ. આ સ્વામી તો અદ્વિતીય મહાપુરુષ છે અને અમારા જમણા હાથ સમાન છે. માટે સ્વામી અમારે તૂલ્ય માનવા–પૂજવા યોગ્ય છે.''

હે ભક્તો ! શ્રીહરિજીએ આવી રીતે સ્વામીના ખૂબ ગુણ ગાયા, એટલે નિર્વિકલ્પાનંદ સ્વામીને મનમાં ખ્યાલ આવી ગયો કે, 'મહારાજે મને ઉદ્દેશીને જ આ બધી લીલા કરી છે.' તે સમયે જ શ્રીહરિએ કરુણા કરી

નિર્વિકલ્પાનંદ સ્વામીને સમાધિ કરાવી. એટલે સમાધિમાં તેમણે નિત્યાનંદ સ્વામી તથા શ્રીહરિને દિવ્યરૂપે જોયા ! તેથી શ્રીહરિની કૃપાથી તેનો ઇર્ષ્યાભાવ તેમજ આસુરીભાવ નાશ પામ્યો એટલે સારા વિચારો આવ્યા. તેથી તેઓ નિત્યાનંદ સ્વામીના પગમાં પડી રડી પડ્યા. પછી સ્વામીએ તેને માફ કરી રાજી કર્યા.

ત્યારબાદ મહાપ્રભુ શ્રીહરિ કહેવા લાગ્યા: ‘‘સૌ સંતો–ભક્તોએ સહુના ગુણ લેવા. સંતોની મોટાઈને હૈયામાં ધારવી. મારા સંતને કોઈ રાજા–મહારાજા સારી ભેટ આપે, ઉત્તમ પ્રકારની પૂજા કરે, સારી રસોઈ કરાવીને જમાડે અને શ્રેષ્ઠ વાહનોમાં બેસાડે; છતાં પણ જેના મનમાં બાળકની જેમ માન ન આવે એવા સંતો મને હૃદય જેવા ઘણા જ વહાલા લાગે છે. એવા સંત અનેક બ્રહ્માંડોને પણ તારી દે એવા સમર્થ છે.

મળની જેમ સગાં–સંબંધીઓનો ત્યાગ કરીને આવેલા આ સંતોનું હું સદા હિત કરું છું. આખા બ્રહ્માંડમાં કે જગતમાં સંતો જેવું મને કોઈ વહાલું નથી. આ નિત્યાનંદ સ્વામી એવા નિર્માની છે, તેથી મને બહુ જ વહાલા છે.’’ મહારાજની આવી વાત સાંભળી સહુ અતિ પ્રસન્ન થયા. પછી વાજીંત્રો સહિત કીર્તનો ગાતાં ગાતાં સૌ ઘેલાએ ના’વા પધાર્યા. ત્યાં સ્વામીને સાથે લઈ શ્રીહરિએ સ્નાન કર્યું, તેથી તે ઘાટને આજે પણ નિત્યાનંદ ઘાટ કહેવાય છે.

હે ભક્તો ! એકવાર શ્રીહરિએ નિત્યાનંદ સ્વામીને કહ્યું: ‘‘સ્વામી ! તમારામાં જેવું સામર્થ્ય હોય તે કહો.’’ ત્યારે સ્વામી બોલ્યા જે, ‘હે મહારાજ ! ભારતના ચાર ખૂણે ચારધામ કહેવાય છે. તેમાં રહેલા કોઈક વિદ્વાન આવીને મને શાસ્ત્રાર્થમાં જીતી જશે એવો ડર મને નથી. બૃહસ્પતિ પણ મને જીતી ન શકે. સર્વની આગળ હું તમારું સર્વોપરીપણું સાબિત કરી બતાવું; એવી વિદ્વત્તાનો ગુણ મને મારામાં જણાય છે.’’ આવું સાંભળી શ્રીહરિ તેઓ ઉપર પ્રસન્ન થયા.

હે ભક્તો ! એક વખત શ્રીજી મહારાજ ગઢપુરમાં રાધાવાડીએ પધાર્યા હતા. ત્યાં રાધાવાવમાં સંતો–ભક્તો સાથે ધૂબકા મારીને મહારાજ ખૂબ નાહ્યા. ત્યારે સંતોએ કહ્યું: ‘‘મહારાજ ! નિત્યાનંદ સ્વામીને તરવાની વિદ્યા

એવી આવડે છે કે, પાણીનાં તળિયે અડધી કલાક ધ્યાન કરી બહાર નીકળે છે.'' આવું સાંભળી મહારાજે નિત્યાનંદ સ્વામીને કહ્યું: ''સ્વામી ! અમો વાવના કાંઠે બેઠા છીએ, તમે તરવાની વિદ્યા અમને બતાવો.''

મહારાજની આજ્ઞા થતાં જ પ્રગટ પ્રભુને રાજી કરવા માટે સ્થૂળ દેહ હોવા છતાંય સ્વામી રાધાવાવના કિનારે રહેલ મોટી પીપર ઉપર ચઢીને વાવમાં છલાંગ લગાવીને તળિયે જઈ અડધો કલાક સુધી ધ્યાનમાં બેસી રહ્યા ! પછી બહાર આવી મહારાજને પ્રણામ કર્યા. આવી સ્વામીની તરવાની કળા તથા યોગકળા જોઈને મહારાજ બહુ પ્રસન્ન થયા, એના કારણે એ સમયના બે હજાર રૂપિયાની કિંમતવાળો ધોળી શાલનો જોટો એક ભક્તે મહારાજને ભેટ આપ્યો હતો તે સ્વામીને ઓઢાડી દઈને રાજીપો દર્શાવ્યો હતો.

## લોયાધામમાં ચંદ્રકાંત મણિનું દ્રષ્ટાંત

હે ભક્તો ! એકવાર લોયાધામમાં શ્રીજી મહારાજ ભક્તરાજ સુરાખાચરના દરબારમાં સભા કરીને બેઠા હતા. ત્યારે નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું: ''હે અક્ષરાધિપતિ ! આપના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થવું ઘણું કઠિન છે. આ બાબતમાં વિદ્વાનો પણ પરસ્પર વિવાદ કરે છે. મનુષ્ય સ્વરૂપે વિરાજમાન આપના સ્વરૂપનો યથારથ નિશ્ચય કોઈકને થાય છે અને કોઈકને નથી થતો, માટે સર્વાવતારી એવા આપના આશરે રહેલા એવા અમને આપના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થવાનું કારણ કહો.''

સ્વામીનો પ્રશ્ન સાંભળી અતિ આનંદપૂર્વક શ્રીહરિજી કહેવા લાગ્યા: ''હે નિત્યાનંદમુનિ ! અમારા સ્વરૂપને યથાર્થ જાણનારા જે સંતો છે, તેનો સમાગમ જેને જેટલો હોય તેને મારા સ્વરૂપનો તેટલો દૃઢ નિશ્ચય થાય છે. તે સમજાવવા માટે એક દૃષ્ટાંત કહું છું, તે સાંભળો; કારણ કે દૃષ્ટાંત વિના સિદ્ધાંત બરાબર સમજાતો નથી.

હે સ્વામી ! માનસરોવરમાં રહેનાર એક હંસ એકવાર ફરતો ફરતો એક વાડીમાં આવ્યો. ત્યાં તેમણે વેલામાં રહેલી દૂધી કોચીને તેની અંદર ચંદ્રકાંત મણિ સંતાડ્યો. પછી તે મણિ એક ભરવાડને મળ્યો. ભરવાડે તેને ચળકતો

ટુકડો માની બકરીની ડોકે બાંધ્યો. એ સમયે જેને મણિનું થોડું જ્ઞાન હતું, તેણે મણિ સહિત બકરી ડબ્બલ કિંમત આપી ખરીદી લીધી. પછી તેની પાસેથી મણિની થોડી વધારે કિંમત જાણનારે તે મણિ ૧૦૦ રૂપિયામાં ખરીદી લીધો. તેથી વધારે જાણનારાએ ૧૦૦૦ રૂપિયામાં તે મણિ ખરીદ્યો. તેની પાસેથી બીજા વેપારીએ ૧૦ હજારમાં લીધો. તેની પાસેથી એક શેઠે લાખ રૂપિયામાં લીધો.

હે સ્વામી ! ચંદ્રકાંતમણિની કિંમત પોતાની બુદ્ધિ પ્રમાણે જાણનારા શાહુકારો વધારે વધારે કિંમત આપતા દસ અબજે તેની કિંમત પહોંચી ! પછી તે મણિને એક મોટા ઝવેરીના બુદ્ધિમાન યુવાન પુત્રે જોયો, તેથી તેણે તે વેપારીને કહ્યું: ''સવારથી સાંજ સુધી મારા ખજાનામાંથી જેટલું લેવાય તેટલું ધન લઈ જવું.'' એ શરતે મણિ ખરીદ્યો. આ વાત સાંભળીને ઘણા લોકો પરસ્પર કહેવા લાગ્યા કે, 'બાપ પરદેશ ગયો છે ને છોકરાએ તેનો ખજાનો લૂંટાવી દીધો.

પછી જ્યારે તેના પિતા ઘેર આવ્યા ત્યારે પુત્રે મણિ બતાવ્યો. તે મણિ જોઈને તેના પિતા કહે: 'હે પુત્ર ! તેં આ મણિ વેચનારા પાસેથી છેતરીને પડાવી લીધો છે. તેને એક દિવસની કમાણી પણ આપી નથી.' પછી જ્યારે પૂનમ આવી ત્યારે ચંદ્રકાંતમણિનું પૂજન કરીને રાત્રીએ અગાશી ઉપર મૂક્યો. જ્યાં ચંદ્રનું અને મણિનું તેજ ભેગું થયું એટલે સોનાનો વરસાદ થયો. અર્થાત્ ચંદ્રનાં કિરણો દ્વારા મણિ ઉપર આખી રાત સોનાનો વરસાદ થયો! તેથી એક રાતમાં જ ખજાનો ભરાઈ ગયો ! આવું જોઈ સૌ આ આશ્ચર્ય પામ્યા !

## શ્રીહરિજીએ પોતાના સ્વરૂપનો મહિમા કહ્યો

હે ભક્તો ! શ્રીજી મહારાજ ચંદ્રકાંતમણિનું દૃષ્ટાંત આપીને એનો સિદ્ધાંત કહેવા લાગ્યા. શ્રીહરિ કહે: ''હે નિત્યાનંદ સ્વામી ! એ મણિ તો એક જ હતો, પરંતુ જેને જેટલો મહિમા હતો તેટલું તેને વિશેષ ફળ મળ્યું – તેમ આ આપણા સંપ્રદાયમાં અસંખ્ય ભક્તો છે, તેમાંથી કેટલાક મારો યથાર્થ મહિમા સમજે છે અને કેટલાક તમારી

જેવા સંતનો સમાગમ કરીને સમજશે. તેઓને પછી જેમ જેમ અમારા પ્રત્યક્ષ સ્વરૂપનું મહિમાએ સહિત જ્ઞાન થતું જશે – તેમ તેમ તેને બહુ મોટી પ્રાપ્તિ થશે. તમે તો મારા મહિમાને યથાર્થ રીતે સમજો છો, છતાં સહુને સમજાય એટલે આ વાત કરી. હવે અમે અમારો મહિમા ટૂંકમાં કહીએ છીએ.

હે સ્વામી ! અમે અક્ષરધામમાં સદા બિરાજમાન છીએ. અમે જ બ્રહ્મપુર વગેરે સર્વે ધામના ધામી છીએ. તે તે ધામોમાં ત્યાંના ભક્તોને સુખ આપવા હું જ એક રૂપ થકા અનેકરૂપે રહ્યો છું. વળી રામકૃષ્ણાદિક સર્વે અવતારોનું કારણ હું જ છું. અનંતકોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય મારા સંકલ્પથી જ થાય છે. કાર્ય અને કારણભાવથી રહેલા તમામ જીવો, બ્રહ્માદિક દેવો અને વિરાટ તથા પ્રધાન–પુરુષ આદિક ઇશ્વરોને યથાર્થપણે કર્મના ફળરૂપ સુખ–દુ:ખાદિક હું જ અંતર્યામીપણે રહ્યો થકો આપું છું. જે ભક્ત મારાં જેટલાં ગુણ, પ્રતાપ અને ઐશ્વર્યાદિક મહિમાને સમજે છે તથા ભક્તિ વડે મને રાજી કરે છે તેને તેટલાં ગુણ, ઐશ્વર્ય અને પ્રતાપ આદિક હું જ આપું છું.

હે સ્વામી ! સદ્‌ગુણ, પ્રતાપ અને ઐશ્વર્યની દૃષ્ટિએ કોઈ મારાથી પર નથી. હું જ સર્વથી પર છું. સર્વોપરી છું. કાળ અને માયાદિક સર્વે મારા આંખના ઈશારાથી કંપે છે. વિરાટ પુરુષ આદિક અગણિત ઇશ્વરોએ દેવોના પચાસ વર્ષ સુધી મારી પ્રાર્થના કરી ત્યારે મારા સ્વરૂપના સુખને પામવા ઇચ્છતા ભક્તોને સર્વોત્તમ સુખ આપવા માટે હું મનુષ્યરૂપે પ્રગટ થયો છું. આ લોકમાં જે મનુષ્યો મારા સંબંધને પામશે તથા મારા આશ્રિત એવા તમારા સહુના સંબંધને પામશે તે સહુ ભક્તોને હું મારા અક્ષરધામમાં લઈ જઈશ.

હે નિત્યાનંદ સ્વામી ! મેં જે જે વસ્તુ–પદાર્થ સ્વીકાર્યું છે તે બધું દિવ્ય છે. મારી સર્વ ક્રિયાઓ પણ દિવ્ય છે. મારી દિવ્ય ધામની મૂર્તિમાં અને મનુષ્યરૂપ મૂર્તિમાં કોઈ જ ભેદ નથી. હું દિવ્ય મૂર્તિ હોવા છતાં લોકોને મનુષ્યરૂપે દેખાઉં છું અને જીવોનાં કલ્યાણ માટે મનુષ્યરૂપે દેખાતો હોવા છતાં પણ હું અનંત દિવ્ય ગુણોથી યુક્ત છું અને અનંત શક્તિઓ, ગુણો અને ઐશ્વર્યાદિકથી સેવાયેલો છું. હે સ્વામી ! મારા સ્વરૂપનો તમને આ રીતે યથાર્થ નિશ્ચય

છે, છતાં તમે બીજાઓની શંકાઓ ટાળવા માટે પૂછ્યું, તેથી મેં મારા સ્વરૂપનું માહાત્મ્ય સંક્ષેપમાં તમને કહ્યું છે.''

(શ્રીહરિ ચરિત્ર : પરિચ્છે : ૩|૪૦)

## જામનગરમાં સ્વામી શાસ્ત્રાર્થ જીત્યા

હે ભક્તો ! સ્વામિનારાયણ ભગવાન એકવાર નિત્યાનંદ સ્વામી વગેરે સંતો અને ભક્તોને લઈ હાલાર પ્રદેશનાં ગામડાંઓમાં હરિભક્તોને દર્શન આપતાં આપતાં જામનગર પધાર્યા. તેથી ત્યાંના રાજા સત્સંગી હોવાથી શ્રીહરિનું ભવ્ય સ્વાગત કરીને ભવ્ય સવારી રાજમાર્ગમાં કાઢીને રાજબાગમાં ઉતારો આપ્યો. પછી સાંજે મોટી સભાનું આયોજન કરવામાં આવ્યું. તેમાં શ્રીહરિએ કથા-વાર્તા કરી સંતો-ભક્તોને સુખ આપ્યું. પછી અનેક લોકોને સમાધિ કરાવી ! દિવ્ય ધામોનાં દર્શન કરાવી, દિવ્ય અનુભવ કરાવ્યો.

આના કારણે જામનગરનાં નરનારીઓ સ્વામિનારાયણ ભગવાનની તથા સંતોની ખૂબ પ્રશંસા કરવા લાગ્યા. તે સાંભળી મતવાદીઓ તથા વૈષ્ણવાચાર્ય ઇર્ષ્યાથી બળી ઊઠ્યા. પછી તેમણે પંડિતોને પુષ્કળ પૈસા આપીને બીજે દિવસે શ્રીહરિ સાથે શાસ્ત્રાર્થ કરવા મોકલ્યા. તે સૌને શ્રીહરિએ સન્માન કરી બેસાડ્યા. પછી જાહેર સભાનું શાસ્ત્રાર્થ માટે આયોજન કરવામાં આવ્યું. ત્યારે શ્રીહરિજી કહે: ''હે વિદ્વાનો ! તમારે જે જે પ્રશ્નો પૂછવા હોય તે નિ:સંકોચપણે પૂછો. તમારા દરેક પ્રશ્નોના જવાબ અમારા સંત નિત્યાનંદ સ્વામી આપશે.''

આવું સાંભળી પંડિતોએ સ્વામીને પૂછ્યુ: ''સત્-અસત્ કોને કહેવાય ? જે શારીરિક સૂત્ર ઉપર ભાષ્ય રચી કાશીમાં પંડિતોને પરાજય કરે તે આચાર્ય કહેવાય; તમારા સ્વામિનારાયણે એવું કર્યું છે ? તમે સ્વામિનારાયણને ભગવાન શાથી કહો છો ?'' આવા પ્રશ્નો સાંભળી, તેના ઉત્તર આપતાં નિત્યાનંદ સ્વામી બોલ્યા: ''પંડિતો ! આત્મા અને પરમાત્મા સત્ય છે. તેનું જે જ્ઞાન-વિજ્ઞાન આપે અને જગતના નાશવંત સુખથી વૈરાગ્ય કરાવે એ જ સાચા ગુરુ છે. ભાષ્યો તો પંડિતો પણ રચે છે, પણ તેથી શું ? જે પોતે ધર્મનું આચરણ કરે અને બીજાને

કરાવે તથા શાસ્ત્રાર્થના અર્થને સારી રીતે સમજી જે પોતે ધર્મનું આચરણ કરે અને બીજાને કરાવે તથા શાસ્ત્રના અર્થને સારી રીતે સમજી જીવનમાં ઉતારે અને બીજા લોકોમાં પણ તે ધર્મ પ્રવર્તાવે તે સાચા આચાર્ય કહેવાય છે.

શિષ્યોમાં રહેલા કામ, ક્રોધ, લોભ, મોહ અને માનાદિક દોષોને કાઢે એ જ સાચા ગુરુ કહેવાય છે. સ્વામિનારાયણ ભગવાને પોતાના આશ્રિત એવા હજારો સંતો-ભક્તોને કામ ક્રોધાદિક દોષથી મુક્ત કર્યા છે. આવા ઘોર કળિયુગમાં સત્‌યુગ જેવું વાતાવરણ સ્થાપ્યું છે. તેમના અનુયાયીઓ ધર્મવાન, બ્રહ્મચર્યવાન અને સદાચારનિષ્ઠ છે. વળી તેમણે વિના સાધને અનંત જીવોને સિદ્ધદશા આપી છે. સમાધિ કરાવી હજારો લોકોને ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ અને અક્ષરધામનો અનુભવ કરાવ્યો છે; માટે અમે તેને ભગવાન માનીએ છીએ અને તેઓનું ભજન કરીએ છીએ. પંડિતો, અજ્ઞાની લોકોને સંસારના મોહ પાશમાંથી છોડાવીને મોક્ષ આપવો તથા કામ ક્રોધાદિક દોષો જીતાડવા તે ભગવાનનું કામ છે. આ કામ મોટા મોટા દેવતાઓ કે ઋષિઓથી પણ થયું નથી.

હે વિદ્વાનો ! સામુદ્રીક શાસ્ત્રોમાં કહ્યું છે કે, 'જેનાં ચરણમાં સોળ ચિહ્‌નો હોય તેને ભગવાન કહેવાય' તે ચિહ્‌નો અમારા ઇષ્ટદેવ શ્રીહરિજીનાં ચરણોમાં છે, માટે અમે તેમને ભગવાન માનીએ છીએ. તેમજ અંતકાળે પોતાના આશ્રિત ભક્ત નરનારીઓને સ્વયં પ્રભુ શ્રીહરિ દિવ્ય વાહનો લઈને તેડવા પધારે છે; તેને સત્સંગી-કુસંગી ઘણીવાર પ્રત્યક્ષ દેખે પણ છે, આવું અપાર સામર્થ્ય શ્રીહરિ બતાવે છે, એટલે અમે તેઓને ભગવાન માનીએ છીએ.''

નિત્યાનંદ સ્વામીની આવી સચોટ વાણી સાંભળી અને શાસ્ત્રોક્ત ઉત્તરો સાંભળી પંડિતો દિગ્મૂઢ થઈ ગયા ને સ્વામીને પ્રણામ કરીને કહ્યું: ''હે પંડિતવર્ય ! તમે જે જે વચનો કહ્યાં, તેમને અમે માન્ય કરીએ છીએ. સ્વામિનારાયણ એ સાક્ષાત્ ભગવાન છે, એવું અમે કબૂલ કરીએ છીએ.'' ભક્તો, આ રીતે નિત્યાનંદ સ્વામીએ જામનગર રાજ્યસભામાં મતવાદી પંડિતો આગળ શ્રીહરિનું પુરુષોત્તમપણું સ્થાપિત કર્યું અને સ્વામિનારાયણ સંપ્રદાયનો જયજયકાર કર્યો !

## સ્વામી જૂનાગઢમાં સભા જીત્યા

હે ભક્તો ! એકવાર શ્રીહરિ રામનવમીનો સમૈયો કરવા જૂનાગઢ પધાર્યા હતા. ત્યારે ત્યાંના નવાબ હામદખાને શ્રીહરિની પોતાના મહેલમાં પધરામણી કરાવી, એ સમયે સંતો–હરિભક્તોએ શ્રીહરિની ભવ્ય શોભાયાત્રા કાઢી હતી. તે જોઈને કેટલાક દ્વેષી નાગર બ્રાહ્મણો અને પંડિતો, વગર લાકડાંએ મનોમન સળગવાં લાગ્યા. તેથી સત્સંગનું હલકુ દેખાડવા નવાબને ચડાવી કચેરીમાં શાસ્ત્રાર્થ ગોઠવ્યો. પછી મહારાજે પોતાનાં સ્થાને પ્રતિનિધિ તરીકે નિત્યાનંદ સ્વામીને મોકલ્યા.

એ સમયે સામા પક્ષના પ્રતિવાદીઓએ પણ એક વાચાળ બ્રાહ્મણ નરસિંહ પંડ્યાને મોકલ્યો. તેણે ભગવાન સંબંધી આડા–અવળા પ્રશ્નો પૂછીને પછી કહ્યું જે, 'શાસ્ત્રોમાં ભગવાનનાં ચરણને જ શા માટે વંદન કરવાનું કહ્યું છે ?'' ત્યારે સ્વામીએ કહ્યું કે, 'દાસત્વપણું દઢ થાય એટલા માટે કહ્યું છે.' ત્યારે તે કહે : ''ના, તમારી વાત ખોટી છે. સાચું તો એ છે કે, 'ભગવાનનાં ચરણારવિંદ પવિત્ર છે અને બીજાં અંગ અપવિત્ર છે, તેથી જ ચરણને વંદન કરવાનું કહ્યું છે.''

આવું સાંભળી જૂનાગઢના નવાબે નિત્યાનંદ સ્વામીને પૂછ્યું: ''સ્વામીજી ! નરસિંહ પંડ્યા શું કહે છે ?'' ત્યારે સ્વામીએ કહ્યું: ''પંડ્યા એવું કહે છે કે, 'ખુદાનાં કદમ પાક છે અને બીજાં બધાં અંગ નાપાક છે.' ત્યારે નવાબ કહે : ''પંડ્યા તો મુર્ખ છે. ખુદાનાં તો સર્વે અંગ પાક છે.'' આવું સાંભળી પંડ્યાને ખૂબ શરમ આવી અને મોઢુ ચડાવી સભામાંથી જતો રહ્યો. પછી નવાબે નિત્યાનંદ સ્વામીનું સન્માન કરી વિદાય આપી. આવું જોઈ દ્વેષીઓનાં મુખ ચીમળાંઈ ગયાં.

## અમદાવાદમાં શાસ્ત્રાર્થનું કાવતરું

હે ભક્તો ! સ્વામિનારાયણ સંપ્રદાય ટૂંક સમયમાં જ ચારેબાજુ ફેલાઈ ગયો હતો. સંપ્રદાયની કીર્તિ ચોતરફ પ્રસરી હતી. સંપ્રદાયનો આવો સર્વોપરી વિકાસ જોઈને અન્ય મત–મતાંતરોમાં મોટા ખળભળાટો મચી ગયા હતા.

ભલભલા ધર્માચાર્યો તથા તેમના અનુયાયીઓ ઈર્ષ્યાને કારણે બળવા લાગ્યા હતા, પરંતુ સ્વામિનારાયણ ભગવાન સામે કોઈ અવાજ ઉઠાવી શક્તું ન હતું; હિંમત કરીને જેણે જેણે અવાજ ઉઠાવ્યો હતો, તેમને શાસ્ત્રાર્થમાં હરાવી દીધા હતા, તેથી સૌ મનોમન ધુંધવાયા કરતા હતા.

હે ભક્તો ! સંપ્રદાયની સ્થાપના થઈ ગઈ અને શ્રીહરિનો ઉદ્દેશ પણ પૂરો થઈ ગયો એટલે શ્રીહરિ મોક્ષનો માર્ગ શરુ રાખીને સ્વેચ્છાથી સંવત્ ૧૮૮૬ જેઠ સુદ દશમને દિવસે સ્વધામમાં જતા રહ્યા. પછી થોડાં વર્ષ સંપ્રદાય માટે શાંતિ રહી, પરંતુ સંવત્ ૧૮૯૬ માં અમદાવાદમાં એક મોટો ઉપદ્રવ્ય ઉત્પન્ન થયો ! એક વૈષ્ણવાચાર્યને તો સ્વામિનારાયણ સંપ્રદાયને શાસ્ત્રાર્થમાં હરાવી મૂળમાંથી ઉખાડી નાખવાનો મનસુબો જાગ્યો. તેથી તેમણે આગેવાની લઈ બીજા ગંજેરી–ભંગેરી, આશ્રમવાળાઓ, મઠવાળાઓ સર્વેને ભેગા કરી આગેવાની લઈને કહ્યું: ‘‘હવે તો સ્વામિનારાયણ દેહ મૂકી ગયા છે, માટે હવે આપણે સૌ સાથે મળી એમના સંપ્રદાયને તોડી પાડીએ. વિખેરી નાખીએ, એટલે આપણા શિષ્યો એમના અનુયાયી થયા છે તે બધા ફરીને આપણા શિષ્યો બની જાય અને આપણી અન્ન–વસ્ત્ર અને ધનથી સેવા કરે.’’

હે ભક્તો ! આવો પ્લાન કરીને છપ્પનભોગના નિમિત્તે કાશી–જામનગર–જૂનાગઢ અને સુરત વગેરે અનેક જગ્યાએથી ખાનગીમાં પોતાની રુચિવાળા પંડિતોને અમદાવાદ બોલાવ્યા. એ સમયે નિત્યાનંદ સ્વામી વડોદરામાં હતા. ત્યારે વડોદરાના પંડિતો પણ અમદાવાદ જવા તૈયાર થઈને સયાજીરાવ મહારાજા પાસે રજા લેવા આવ્યા. તે સમયે સરકારે કહ્યું: ‘‘તમે તમારી વિદ્વત્તાને બગાડવા જઈ રહ્યા છો, કારણ કે અમદાવાદના શાસ્ત્રાર્થની અંદર સ્વામિનારાયણ સંપ્રદાય સામે દ્વેષ ભરેલો છે. તેમજ નિત્યાનંદ સ્વામી અમદાવાદ શાસ્ત્રાર્થ કરવા જવાના છે; એને તમે જીતી શકવાના છો ? એ તમારાથી તો શું, પણ વિશ્વના વિદ્વાનોથી પણ જીતાય એવા નથી. છતાંય તમારે જવું હોય તો જાવ, પણ જો હારીને આવશો તો રાજ્ય તરફથી તમને વર્ષાસન આપવામાં આવે છે તે બંધ કરી દઈશ.’’

હે ભક્તો ! અમદાવાદમાં વૈષ્ણવાચાર્યે કાવતરુ કર્યું છે અને મોટા મોટા પંડિતોને શાસ્ત્રાર્થ કરવા બોલાવી લીધા છે, એ વાતની વડતાલમાં આચાર્ય રઘુવીરજી મહારાજને ખબર પડતા તેમણે ઉપેન્દ્રાનંદ સ્વામી, સંપૂર્ણાનંદ સ્વામી, શ્રીકૃષ્ણદાસજી સ્વામી અને ધર્મપ્રસાદદાસજી સ્વામી આ ચારેય સંતોને નિત્યાનંદ સ્વામીને તેડવા વડોદરા મોકલ્યા. પછી સંતો સાથે સ્વામી વડતાલ આવ્યા. પછી રઘુવીરજી મહારાજ, ગોપાળાનંદ સ્વામી અને શુકાનંદ સ્વામી વગેરે આગેવાન સંતોની સભા થઈ.

## સ્વામીને જોઈને ગોસાઈજી ગભરાયા

હે ભક્તો ! સભાના અધ્યક્ષ સ્થાનેથી આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ બોલ્યાઃ ''હે નિત્યાનંદ સ્વામી ! અમદાવાદમાં આપણા સંપ્રદાયનું નીચું દેખાડવા માટે ત્યાંના વૈષ્ણવાચાર્યે શાસ્ત્રાર્થ ગોઠવેલ છે, માટે તમારે ત્યાં શાસ્ત્રાર્થ કરવા જવાનું છે.'' એવું સાંભળી નિત્યાનંદ સ્વામીએ કહ્યુંઃ ''મારી સાથે ગોપાળાનંદ સ્વામી અને શુકાનંદ સ્વામી બન્નેને મોકલો.'' ત્યારે ગોપાળાનંદ સ્વામી કહેવા લાગ્યાઃ ''સ્વામી ! અમારે ત્યાં આવવાની જરૂર નથી. તમને તો મહારાજે વરદાન આપેલ છે, તેથી શાસ્ત્રાર્થમાં તમને ત્યાં કોઈ જીતી શકે તેમ નથી. વળી રઘુવીરજી મહારાજને પણ શ્રીહરિએ દર્શન દઈને તમને ત્યાં મોકલવાનું કહ્યું છે, માટે તમે સુખેથી જાવ; વિજય તમારો જ થશે.''

સ્વામીનાં વચન સાંભળી નિત્યાનંદ સ્વામીએ હા કહી. પછી સૌ કથા–વાર્તા કરી રાત્રે સૂઈ ગયા. બીજે દિવસે સવારે નિત્યાનંદ સ્વામી શ્રીહરિનું ધ્યાન કરીને ભગવદાનંદ સ્વામી જેવા વિદ્વાન સંતોની સાથે અમદાવાદ જવા નીકળ્યા. એક બળદ–ગાડીમાં સ્વામી બેઠા અને બે ગાડાંમાં ગ્રંથો ભરીને ચાલીશ સંતો સાથે સ્વામી અમદાવાદ પહોંચ્યા ! લોકોને ખ્યાલ આવતા તેઓ કહેવા લાગ્યાઃ ''અરે ! આ સ્વામી તો સાક્ષાત્ વ્યાસજી લાગે છે. આ સ્વામી આગળ તો સૂર્યની પ્રતિભા આગળ દીવડાનાં તેજ જેવા બીજા પંડિતો લાગે છે.

હે ભક્તો ! અમદાવાદ ગાદીના આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે સ્વામીના સ્વાગત માટે સામૈયું મોકલ્યું અને વાજતે–ગાજતે શહેરમાં તેડી લાવ્યા. તે સામૈયું શાસ્ત્રાર્થ ગોઠવેલ ગોસાઈજીની હવેલી પાસેથી જ પસાર થયું. તેથી તેણે બારીમાંથી નિત્યાનંદ સ્વામીને જોયા. સ્વામીની પ્રતિભા જોઈને ગોસાઈને પરસેવો વળી ગયો ને ગભરાઈ ગયા ! ‘અરે ! આ મહાપુરુષને શાસ્ત્રાર્થમાં જીતવાની આશા રાખવી એતો ધુમાડાને બચકાં ભરવાં જેવું છે:’ આવું મનોમંથન એમના મનમાં શરુ થઈ ગયું.

હે ભક્તો ! નિત્યાનંદ સ્વામી શાસ્ત્રાર્થ કરવા અમદાવાદમાં આવી ગયા છે, એવા સમાચાર સાંભળીને ત્યાંના સંતોમાં અને સત્સંગીઓમાં અતિ ઉત્સાહ આવી ગયો. શહેરના લોકોએ સ્વામીને જોયા એટલે તેઓ પણ પરસ્પર કહેવા લાગ્યા: ‘‘પતંગિયા દીવાને બુઝાવવા એકઠાં થયા છે. સૂર્યને ઊગતો અટકાવવા ઘુવડની જમાત ભેળી થઈ છે. તેમના સ્વામિનારાયણ તો સાક્ષાત્ ભગવાન જ છે. એમના સંપ્રદાયને ઉખેડનાર કોણ જન્મ્યો છે ?’’

હે ભક્તો ! નિત્યાનંદ સ્વામી અમદાવાદમાં આપણી સાથે શાસ્ત્રાર્થ કરવા આવ્યા છે, એવા સમાચાર વિદ્વાનોને મળ્યા એટલે તેઓ મુંઝાયા. તેમને ચિંતા થવા લાગી કે, ‘આવા મહાપુરુષને કેમ જીતવા ? પરંતુ ભાગી જશું તો હાંસીને પાત્ર બનીશું, માટે શાસ્ત્રાર્થ તો કરીશું, કેમ કે આપણે તો ઘણા છીએ.’’

## નિત્યાનંદ સ્વામીનો શાસ્ત્રાર્થમાં વિજય

હે ભક્તો ! શાસ્ત્રાર્થ કરવા માટે નક્કી કરેલા દિવસે અમદાવાદ સ્વામિનારાયણ મંદિર (કાળુપુર)ના ચોકમાં વિશાળ સભાનું આયોજન કરવામાં આવ્યું. તેમાં એક બાજુ ગોસાઈજી સહિત અનેક પ્રદેશોના પંડિત બેઠા અને સામેની બાજુ નિત્યાનંદ સ્વામી વગેરે થોડા સંતો બેઠા. સ્વામીની પ્રતિભા જોતાં જ ગોખીને આવેલા પંડિતોને પોતાના પ્રશ્નો જ ભૂલાઈ ગયા !

હે ભક્તો ! થોડીવાર સામા પક્ષના પ્રશ્નોની રાહ જોઈ સ્વામી કંઈ બોલ્યા નહિ, પરંતુ પંડિતોએ કોઈ પ્રશ્ન પૂછવાની શરુઆત જ ન કરી એટલે નિત્યાનંદ સ્વામી બોલ્યા: ‘‘હે ગોસાઈજી અને પંડિતો સાંભળો. સ્વામિનારાયણ

પોતે પૂર્ણ પુરુષોત્તમ જગન્નિયંતા સર્વેશ્વર પરમાત્મા છે અને તેઓનો આ સંપ્રદાય સર્વશાસ્ત્ર તથા વેદ પ્રમાણ છે; એ સાબિત કરી બતાવવા અમે આવ્યા છીએ, તો જેને જેને શંકા હોય તે તે પૂછો, અમે શાસ્ત્ર પ્રમાણે ઉત્તર આપીશું.’’

પછી પંડિતોએ ‘સ્વામિનારાયણ સંપ્રદાય’ અવૈદિક છે અને ‘સહજાનંદ સ્વામી’ ભગવાન નથી, એ બન્ને બાબતો ઉપર ખૂબ વિવાદ ચલાવ્યો. પરંતુ સર્વોપરી શ્રીહરિજીના પરમ ઉપાસક, બ્રહ્મચર્યના તેજથી પ્રતિભા સંપન્ન, શ્રોત્રીય બ્રહ્મનિષ્ઠ એવા નિત્યાનંદ સ્વામીએ પોતાની ચોટદાર શૈલીમાં તમામ પ્રશ્નોના સચોટ ઉત્તરો આપ્યા. તેથી તે શાસ્ત્રાર્થમાં સ્વામીની જીત થઈ.

હે ભક્તો ! પછી સ્વામીએ જ પ્રતિસ્પર્ધીઓ પાસે સ્વીકાર કરાવ્યું કે, ‘આ સ્વામિનારાયણ સંપ્રદાય વેદશાસ્ત્ર પ્રમાણ છે અને સ્વામિનારાયણ પોતે ભગવાન છે.’ આવું સાંભળી શાસ્ત્રાર્થ સાંભળવા આવેલા હરિભક્તો અને સજ્જનો ઉંચા અવાજે વારંવાર સ્વામિનારાયણ ભગવાનની જય બોલાવવા લાગ્યા. તે સાંભળીને ઇર્ષ્યાળુનાં અંતરમાં દાવાનળ સળગવા લાગ્યો ! અને સંપ્રદાયના અનુયાયીઓ સામે આંખ ઊંચી કરવા જેટલી પણ હિંમત રહી નહિ. ગોસાઈજી તથા પંડિતો નીચું મોં કરીને જતા રહ્યા. આ રીતે સ્વામીએ અમદાવાદમાં શાસ્ત્રાર્થ કરી જીત મેળવી, તેના કારણે સ્વામિનારાયણ સંપ્રદાયનો દિગંતમાં ડંકો વાગ્યો.

હે ભક્તો ! આવી જ રીતે સ્વામીએ વડોદરામાં ગાયકવાડી રાજપંડિતોને જીતી અનેકને સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત કર્યા હતા. ઉમરેઠમાં પણ શંકરાચાર્ય અને તેમની સાથે આવેલા અનેક પંડિતોને જીતી સંપ્રદાયનો વિજયધ્વજ લહેરાવ્યો હતો. તેમજ વડતાલમાં આવેલા વેદાંતી સામે શાસ્ત્રાર્થ કરી, તેનો પણ સ્વામીએ પરાજય કર્યો હતો. જેનું વિસ્તારથી વર્ણન અખંડાનંદ સ્વામી કૃત ‘શ્રીહરિચરિત્ર’ ગ્રંથના ત્રીજા પરિચ્છેદમાં નવમા અધ્યાયમાં કરવામાં આવેલ છે, તેને એકાગ્ર મનથી સાંભળજો અથવા એકાગ્રતાથી વાંચજો.

## સ્વામીએ ચારવેદનાં મહાવાક્યના અર્થો કર્યા

હે ભક્તો ! એકવાર સ્વામિનારાયણ ભગવાન વડતાલધામમાં બિરાજમાન હતા. તે સમયે દક્ષિણ ભારતમાંથી એક ઘમંડી પંડિત હરિહરાચાર્ય નામનો વેદાંતાચાર્ય ગુજરાતમાં આવ્યો. પછી શ્રીહરિએ તેમને બોલાવી શાસ્ત્રચર્ચા કરી તેમનું સન્માન કર્યું અને ઘણી ભેટ પણ આપી હતી. પછી તે શુષ્કવેદાંતી આચાર્યે ગર્વથી શ્રીહરિને કહ્યું: ''તમારે મને જે પ્રશ્ન પૂછવા હોય તે પૂછો, હું તમારા દરેક પ્રશ્નોના ઉત્તર શાસ્ત્ર પ્રમાણે આપીશ.''

ગર્વિષ્ઠ વેદાંતાચાર્યની વાણી સાંભળી શ્રીહરિજીએ સવાલ કર્યો: ''પ્રજ્ઞાનમાનન્દં બ્રહ્મ'' ''અહં બ્રહ્માડસ્મિ'' ''તત્ત્વમસિ'' ''અયમાત્મા બ્રહ્મ'' આ મહાવાક્યો ચોક્કસ બાર (પદવાળા) છે. તેના અર્થો શ્રુતિ તથા સ્મૃતિના પ્રમાણ આપીને સ્પષ્ટ રીતે કહો.'' મહારાજનો આવો તત્ત્વસભર પ્રશ્ન સાંભળીને હરિહરાચાર્યે ગરબડ ગોટા વાળીને જવાબ આપ્યા. પછી શ્રીજી મહારાજે તે વેદાંતાચાર્યને કહ્યું: ''હવે તમે અમારા પ્રશ્નના ઉત્તરો અમારા આ નિત્યાનંદ સ્વામી દ્વારા સાંભળો.'' એમ કહીને શ્રીહરિએ સ્વામીને ઉત્તર કરવા કહ્યું.

હે ભક્તો ! મહારાજની આજ્ઞા થતાં જ નિત્યાનંદ સ્વામી કહેવા લાગ્યા: ''હે પંડિતજી ! સાંભળો. ઉપનિષદોના ઉપર દર્શાવેલા મહાવાક્યો પરમાત્મા પરબ્રહ્મ શ્રીહરિના માહાત્મ્ય સમજાવનારા છે. સહુના સાક્ષી શ્રીહરિની કૃપાથી શ્રીમદ્ ઉદ્ધવાચાર્ય અને શ્રીરામાનુજાચાર્ય વગેરેના સિદ્ધાંતને અનુસરીને તે પ્રશ્નોના ઉત્તર હું સંક્ષેપથી કહું છું.

'તત્ ત્વમસિ' આ વાક્ય સામવેદનું છે. પહેલા તેનો અર્થ શ્રીભાષ્યને આધારે સ્પષ્ટ કરું છું. જે સત્ય સંકલ્પ છે, જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનું કારણ છે, સમસ્ત કલ્યાણકારી સદ્‌ગુણોના ખજાના છે, જેમાં કોઈ પણ જાતનો દોષ નથી અને જે સર્વે આત્માઓના અંતર્યામી છે; આવા પરમાત્મા પરબ્રહ્મ છે, તેમ વેદ આદિક શાસ્ત્રો કહે છે – તે જ ભગવાન પુરુષોત્તમને આ મહાવાક્યમાં 'તત્' પદથી કહ્યા છે. બદ્ધ, મુક્ત અને નિત્યમુક્ત

વગેરે બધો જ જીવ સમુહ જેનું શરીર છે તે પરમાત્માને આ પ્રકરણમાં 'ત્વમ્' પદથી કહ્યા છે. જડ રૂપ માયા પણ જેનું શરીર છે એવા પરમાત્માને આ પ્રકરણમાં 'અસિ' પદથી કહ્યા છે.

હે આચાર્ય ! 'ભિન્ન પ્રવૃત્તિ નિમિત્તાનાં શબ્દાનામેકસ્મિન્નર્થે વૃત્તિઃ સામાનાધિકરણ્યમ્' અર્થાત્ પ્રવૃત્તિનું નિમિત્ત અલગ હોવા છતાં એક સરખી વિભક્તિવાળા શબ્દો વિશેષણ વિશેષ્યભાવથી એક જ અર્થને સમજાવે છે. વિદ્વાનોના આ સિદ્ધાંત પ્રમાણે ચેતન જીવ અને અચેતન માયા બન્ને પરમાત્માના વિશેષણ છે અને તે પરમાત્મા બન્નેના વિશેષ્ય છે. વિશેષણરૂપ ચેતન (જીવાત્મા) તથા અચેતન (માયા)ના આશ્રય વિશેષ્ય રૂપ પરમાત્મા એક જ છે, એટલે મેં કહેલો 'તત્ત્વમસિ' મહાવાક્યનો અર્થ શાસ્ત્ર સંમત છે.''

હે ભક્તો ! વિદ્વત્તવર્ય નિત્યાનંદ સ્વામીએ હરિહરાચાર્યને સામવેદના મહાવાક્ય 'તત્ત્વમસિ'નો અર્થ વિસ્તારથી સમજાવ્યો. હવે આગળ ઋગ્વેદના મહાવાક્યનો અર્થ સમજાવતા સ્વામી કહે છે કે, ''હે પંડિતજી ! 'વિજ્ઞાનમાનન્દં બ્રહ્મ' આ મહાવાક્ય ઋગ્વેદનું છે. હવે તેનો અર્થ શ્રુતિ વાક્યોને આધારે ટૂંકમાં કહું છું તે સાંભળો. વિજ્ઞાન શબ્દથી કહેવાતો જીવ, આનંદ જેમનો સ્વરૂપભૂત ગુણ છે એવા પરબ્રહ્મ પુરુષોત્તમનું શરીર છે. 'વિજ્ઞાનં યજ્ઞં તનુતે' ઇત્યાદિ શ્રુતિઓમાં વિજ્ઞાન શબ્દ જીવનો વાચક છે. અર્થાત્, વિજ્ઞાન શબ્દથી જીવ કહેવાય છે.

પરમાત્મા આનંદ માત્ર જ તેમનું સ્વરૂપ છે એવા નથી, પરંતુ આનંદ ગુણનો આશ્રય છે, પરમાત્મા આનંદી છે. આનંદ ગુણવાળા છે. ''આનંદ બ્રહ્મણો વિદ્વાન્'' આ શ્રુતિમાં આનંદી પરમાત્માને અને તેના ગુણ આનંદને અલગ રીતે દર્શાવ્યા છે. અથવા 'વિશિષ્ટમ્ સર્વોત્તમ જ્ઞાનમ્' જ્ઞાન જેની મૂર્તિમાં અખંડિત છે તે વિજ્ઞાન સ્વરૂપ તથા ભક્તોને આનંદ આપનારા આનંદ સ્વરૂપ નિત્ય નિર્દોષ અને વિશાળ અનેક મહાન ગુણ યુક્ત પરબ્રહ્મ છે. તેઓ શ્રેષ્ઠ આનંદ આદિક સદ્‌ગુણોથી અને સ્વસ્વરૂપ સામર્થ્ય આદિકથી જે ક્યારેય ચ્યુત ન થાય, નિર્વિકાર રહે તે 'વિજ્ઞાનમાનન્દં બ્રહ્મ' આ બીજા મહાવાક્યનો અર્થ છે.

હે આચાર્ય ! 'અહં બ્રહ્માડસ્મિ' આ વાક્ય યજુર્વેદમાં છે એમ તમે જાણો. હવે આ મહાવાક્યનો અર્થ ટૂંકમાં કહું છું : ' યસ્યાત્મા શરીરમ્' આ શ્રુતિને આધારે અહીં અહં શબ્દ પરમાત્માના શરીરરૂપ જીવનો વાચક છે તથા 'યસ્ય પ્રકૃતિઃ શરીરમ્' આ શ્રુતિને અનુસારે 'અસ્મિ' શબ્દ પરમાત્માના શરીરરૂપ માયાનો વાચક છે. તો તે જીવ અને માયાના શરીરી – આત્માના રૂપમાં પ્રસિદ્ધ બ્રહ્મ–પરબ્રહ્મ પરમાત્માં છે, ચિદ્ (જીવ) અચિદ્ (માયા) માયા વૃંદથી પર સ્વરૂપ સ્વભાવ ગુણ ઐશ્વર્ય–આદિકથી ઉત્કૃષ્ટ બ્રહ્મ પરમાત્મા કહ્યા છે, પણ મુક્તાવસ્થાને પામેલો કોઈ જીવ કહ્યો નથી.

'અયમાત્મા બ્રહ્મ' આ શ્રેષ્ઠ મહાવાક્ય અથર્વવેદનું છે. હવે તેનો અર્થ સંક્ષેપમાં કહું છું. 'જીવ અને ઇશ્વર આદિકના ઉપાસ્યના રૂપમાં જે સદા રહ્યા છે.' આવો અયં પદનો તાત્ત્વિક અર્થ છે એમ તમે સમજો. જીવ, માયા, ઇશ્વર અને અક્ષર પર્યંત સર્વમાં જે અંતર્યામી સ્વરૂપે જે રહ્યા છે. આવો 'આત્મા' શબ્દનો અર્થ આ મહાવાક્યમાં ચોક્કસપણે કહ્યો છે. જે જીવ, ઇશ્વર અને અક્ષરાદિકના ઉપાસ્ય છે તથા અંતર્યામી છે તે પરમાત્મા જ આ 'અયમાત્મા બ્રહ્મ' મહાવાક્યમાં બ્રહ્મ શબ્દથી કહ્યા છે. આનો વિસ્તાર તે તે વાક્યના ભાષ્યોમાં છે.'' ત્યાર પછી સ્વામીએ વેદોની ઉત્પત્તિ પણ કહી બતાવી. પછી તે હરિહરાચાર્ય વડતાલથી નડિયાદ ગયો અને ત્યાંથી વડોદરા જઈ સંપ્રદાયનું અહિત કરવા વિચારવા લાગ્યો.

## નિત્યાનંદ સ્વામીની સર્વોપરી ઉપાસના

હે ભક્તો ! એકવાર ગઢપુરમાં સત્સંગિજીવન ગ્રંથના લખાણનું કામ ચાલતું હતું. એ સમયે ગ્રંથના લેખક શતાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને પૂછ્યુંઃ ''હે મહારાજ ! આ ગ્રંથમાં આપને કેવા લખવા ?'' પછી મહારાજે તે વાત સભામાં કરી. ત્યારે ગોપાળાનંદ સ્વામી વગેરે મોટા સંતોએ કહ્યુંઃ ''હે મહારાજ ! આપ જેવા છો તેવા સર્વ અવતારોના અવતારીપણે લખીએ તે જ બરાબર જણાય છે.'' ત્યારે મહારાજ કહેઃ ''અનંત જીવોના ભલા માટે અમને શાસ્ત્રની રીતે શ્રીકૃષ્ણ જેવા લખો, એમ અમારી મરજી છે.''

હે ભક્તો ! શ્રીહરિની આગ્રહભરી મરજી જોઈ કોઈ કાંઈ બોલ્યા નહિ, પરંતુ નિત્યાનંદ સ્વામીએ મહારાજની વાતનો ઇન્કાર કર્યો અને કહ્યું: ‘‘મહારાજ, આપને તો સર્વોપરી સર્વ અવતારના અવતારીપણે લખવા જોઈએ. જો એમ ન લખાય તો આપનો સર્વોપરી મહિમા સામાન્ય વ્યક્તિ કેવી રીતે સમજી શકે ? માટે હું તો બીજા અવતાર જેવા લખવાની ના પાડું છું.’’

આવું સાંભળી શ્રીહરિ કહેવા લાગ્યા: ‘‘આ નિત્યાનંદ સ્વામી અમારું ગમતું નથી સમજતા અને અમારાં વેણ ઉપર વેણ લાવી રહ્યાં છે; માટે એને સમજાવો.’’ એ સમયે સભામાંથી કોઈ બોલ્યું નહિ; કારણ કે એક બાજુ નિત્યાનંદ સ્વામીની પરમ સત્ય સર્વોપરી નિષ્ઠા હતી અને બીજી બાજુ પ્રાણપ્રિય પ્રગટ પ્રભુની આજ્ઞા હતી. તેમાં કોનો પક્ષ લેવો ? તે વિચારમાં કોઈ કાંઈ બોલ્યા જ નહિ.

હે ભક્તો ! બીજા દિવસે પણ નિત્યાનંદ સ્વામીને સમજાવ્યા, પણ માન્યા નહિ. આ રીતે સાત દિવસ પસાર થઈ ગયા, પણ સ્વામી પોતાના નિશ્ચયમાંથી ડગ્યા નહિ. એટલે ગુસ્સે થઈ શ્રીહરિએ ભગુજીને કહ્યું: ‘‘નિત્યાનંદ સ્વામી અમારું માનતા નથી, માટે એમને વનમાં મૂકી આવો. અત્યારે જ અમારી આજ્ઞાનું પાલન થવું જોઈએ.’’ ત્યારે ઉદાસ મનથી ભગુજી તૈયાર થયા. એ સમયે સુરાખાચર બોલ્યા: ‘‘આવાં કામ પાર્ષદોને ન સોંપાય, એ તો અમારા ચોકીદાર મૂકી આવશે.’’

પછી સુરાખાચરના માણસો નિત્યાનંદ સ્વામીને લઈ ગયા અને સુરાબાપુના કહ્યા મુજબ એક અજાણ્યા ઘેર સ્વામીને રાખી પ્રણામ કરી ફરીને લેવા ન આવીએ ત્યાં સુધી ત્યાં જ રહેવાનું કહી મોડી સાંજે પાછા દરબારગઢમાં આવ્યા અને કહ્યું: ‘‘અમો સ્વામીને ગાઢ જંગલમાં મુકી આવ્યા છીએ.’’

પછી બીજા દિવસે સભા ભરાઈ. સભામાં બધા ઉદાસ બેઠા હતા. ત્યારે શ્રીહરિએ પૂછ્યું: ‘‘કેમ કોઈ બોલતા નથી.’’ ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા: ‘‘સભાની શોભા સમ હતા તેને તો તમે વનમાં કાઢી મૂક્યા, તેથી બધા દુ:ખી છે.’’ તેથી મહારાજે કહ્યું: ‘‘જાવ સ્વામીને લઈ આવો. એ નહિ આવે ત્યાં સુધી અમે નહિ જમીએ.’’ પછી

સુરાખાચરના કહેવાથી એના પસાયતા સ્વામીને લઈ આવ્યા. ત્યારે મહારાજ સ્વામીને ભેટી પડ્યા અને બોલ્યાઃ ‘‘ઉપાસક તો આવા હોવા જોઈએ. અમારી પરીક્ષામાં પાસ થઈ ગયા.’’ પછી સ્વામીનું પૂજન કરી સભામાં ખૂબ પ્રશંસા કરી. પરંતુ સ્વામીને સમજાવીને શાસ્ત્રની રીત પ્રમાણે સત્સંગિજીવનમાં શ્રીકૃષ્ણ જેવા જ લખવા કહ્યું.

## નિત્યાનંદ સ્વામીએ શોભારામ શાસ્ત્રીને કહ્યુંઃ

હે ભક્તો ! એકવાર ગોપાળાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી વગેરે સંતો વડોદરા પધાર્યા. સંતોને આવેલા જાણી શોભારામ શાસ્ત્રી દર્શન કરવા મંદિરે આવ્યા. મહારાજનાં દર્શન કરીને ગોપાળાનંદ સ્વામીનાં દર્શન કર્યાં અને ત્યારબાદ નિત્યાનંદ સ્વામીનાં દર્શન કરવાં ગયા ત્યારે સ્વામી ઢોલિયા ઉપર બેસીને સંતોને સંસ્કૃત ભણાવતા હતા. પછી દર્શન કરીને ઘેર જતાં રસ્તામાં સંકલ્પ થવા લાગ્યો કે, ‘‘નિત્યાનંદ સ્વામી ઢોલિયા ઉપર બેસે છે અને બધો ઠાઠ રાખે છે, તેથી શ્રીજી મહારાજ તેમને ધામમાં લઈ જશે ?’’

આ રીતે સંકલ્પ કરતા ઘેર ગયા અને રાત્રે સૂઈ ગયા. ત્યારે શ્રીહરિ ઘરમાં પ્રગટ થયા અને ફૂમકાવાળી સોટી મારીને શોભારામને જગાડ્યા ! પછી ઠપકો (હિતમાં વચનો) આપીને કહ્યુંઃ ‘‘શોભારામ ! નિત્યાનંદ સ્વામી તો બ્રહ્મભાવે રહી અખંડ અમને ધારી રહ્યા છે, માટે તેં મોટી ભૂલ કરી છે. હવે આ તારો અપરાધ ક્ષમા કરાવવા સ્વામી પાસે જઈ, નિષ્કપટ થઈને માફી માગજે.’’ આ રીતે કહીને પ્રભુ અદૃશ્ય થઈ ગયા, પણ સોટી મારેલી તેનું ફૂમકું તૂટીને પથારીમાં પડ્યું હતું ! અથવા તો મહારાજે રહેવા દીધું.

હે ભક્તો ! સાક્ષાત્ પરમાત્માએ આવીને પોતાની ભૂલ બતાવી એટલે શોભારામ શાસ્ત્રીને અતિ પસ્તાવો થવા લાગ્યો. તેના કારણે રાત્રીએ નિદ્રા પણ આવી નહિ. પછી સવારે વહેલાં પૂજા–પાઠ કરીને મંદિરે જઈ દર્શન કરી ગોપાળાનંદ સ્વામી પાસે જઈ દંડવત પ્રણામ કરીને રાત્રીએ બનેલી હકીકત જણાવી રડી પડ્યા. ત્યારબાદ સ્વામી શોભારામની સાથે નિત્યાનંદ સ્વામી પાસે આવ્યા અને ઘટેલી ઘટના કહી. પછી શાસ્ત્રીએ નિત્યાનંદ સ્વામીને હાર પહેરાવી દંડવત કરી પગ પકડીને માફી માગી.

આવી વાત સાંભળી નિત્યાનંદ સ્વામી બોલ્યા: ''શોભારામજી ! તમને મારા કલ્યાણનો સંશય થયો ? અરે! આ મારો આખો દેહ શ્રીજીની સાક્ષાત્ પ્રસાદીનો છે. આ દેહને કોઈ જીવ-જંતુ અડે કે ભાવથી દર્શન કરે એનુંય કલ્યાણ થશે; કારણ કે મારામાં મહારાજ અખંડ બિરાજે છે, તેથી મારા કલ્યાણમાં શો સંશય ?'' સ્વામીએ આવી નિષ્ઠાની ખુમારીભરી વાતો કરી શોભારામ શાસ્ત્રીને સંશય રહિત કરી દીધા.

હે ભક્તો ! નિત્યાનંદ સ્વામીને આવો કેફ બોલવામાં જ નહોતો, પરંતુ તેમના અંતરના અનુભવનો નાદ હતો. એકવાર તેઓ કાઠિયાવાડના આંબા ગામમાં ગયેલા. ત્યાં તેઓ બીમાર થયા. તેથી વૈદ્યજીએ બકરીનું દૂધ દવા સાથે લેવાનું કહ્યું. ત્યારે દેવશી ભગતે બકરીના દૂધની વ્યવસ્થા કરી આપી. સ્વામીને દૂધ માફક આવ્યું, તેથી બકરીનું ભાગ્ય ઉદય થયું. તેના અંતકાળે સ્વયં શ્રીહરિજી દિવ્ય વિમાન લઈને આવ્યા અને બકરીના જીવને દિવ્ય મુક્ત બનાવી પોતાની સાથે વિમાનમાં બેસાડી અક્ષરધામમાં લઈ ગયા ! કારણ ફક્ત એટલું જ કે, તેનું દૂધ સ્વામીના ઉપયોગમાં આવ્યું હતું.

## સ્વામીના વિદ્યાગુરુ બ્રહ્મરાક્ષસ થયા !

હે ભક્તો ! સહજાનંદ મહાપ્રભુએ શિક્ષાપત્રીના ૧૧૪ માં શ્લોકમાં કહ્યું છે કે,

''ગુણિનાં ગુણવતાયા જ્ઞેયં હ્યેતત્ પરં ફલમ્;
કૃષ્ણે ભક્તિશ્ચ સત્સંગોઽન્યથા યાન્તિ વિદોઽપ્યધઃ''

(અર્થ)

'ગુણવાન પુરુષોના ગુણનું ફળ તો સત્સંગ અને ભગવાનને વિષે ભક્તિ થાય એ બે જ છે. તે વિના તો વિદ્વાન હોય તો પણ અધોગતિને પામે છે !'

નિત્યાનંદ સ્વામીને પૂર્વાશ્રમમાં જેમણે કાશીમાં ભણાવેલા એવા જગજીત પંડિત એવા મોટા વિદ્વાન હતા કે બાવન ટીકા સાથે કૌમુદી સ્વામીને ભણાવી હતી ! તેમજ અન્ય ગ્રંથો પણ ભણાવેલા હતા. પરંતુ વિદ્યાના અભિમાનને કારણે તેમજ જ્ઞાતિના ગર્વને કારણે તેઓ કોઈને પ્રણામ કરતા નહિ. સાધુ-સંતોને તો નમસ્કાર ન કરતા, પરંતુ ભગવાનને પણ પ્રેમથી પૂજતા નહિ, તેમજ ધર્મ-નિયમોનું પણ પાલન કરતા નહિ. આખો દિવસ સંસ્કૃતના ગ્રંથો વાંચ્યા કરે અને ભણાવ્યા કરે, આ એમનો દૈનિક ક્રમ હતો. વિદ્યાના અભિમાનને કારણે કોઈ સદ્‌ગુણી સંત કથા કરતા હોય ત્યાં જઈ ક્યારેય કથા પણ સાંભળતા નહિ. તથા સાધુ-સંતો કે ભગવાન કોઈને માનતા-પૂજતા પણ નહિ.

હે ભક્તો ! શિક્ષાપત્રીમાં કહ્યા મુજબ જ તે જગજીત પંડિતની મૃત્યુ પછી અધોગતિ થઈ ! તે મરીને બ્રાહ્મણ હોવાથી બ્રહ્મરાક્ષસ થયો ! એટલું જ નહિ, પરંતુ તે જ્યાં ભણાવતા ત્યાં તેનું નામ સાંભળીને અજાણી વ્યક્તિ આવે, તેને પણ ભરખી જતો ! આ રીતે નિર્દોષ લોકોને મારી મારીને બાવીશ ભૂતોનું મોટું ટોળું કર્યું !! પછી તો એ બ્રહ્મરાક્ષસની ગલીમાં (શેરીમાં) જવાનું જ લોકોએ બંધ કરી દીધું !

એકવાર સદ્‌ગુરુવર્ય નિત્યાનંદ સ્વામી એ બાજુના મુમુક્ષુઓને ઉપદેશ આપતા આપતા કાશી નગરીમાં પહોંચી ગયા. ત્યારે સ્વામીને પોતાના વિદ્યાગુરુ યાદ આવતા લોકોને પૂછતા તેમણે કહ્યું: ''એ તો મરીને ભૂત (બ્રહ્મરાક્ષસ) થયા છે અને એમને ત્યાં કોઈ જાય છે, એને પણ એ મારી નાખીને અધોગતિ પમાડે છે, માટે જીવતા રહેવું હોય તો તમે ત્યાં જતા નહિ; નહિતર તમારા મોતના જવાબદાર તમે પોતે થશો.''

હે ભક્તો ! પોતાના વિદ્યાગુરુની અધોગતિ સાંભળીને સ્વામીને દુઃખ થયું અને વિચાર્યું: ''અરે ! જેની પાસે હું વિદ્યા ભણ્યો એની આવી દુર્દશા ! હે મહારાજ ! એનું સારું કરો - ભૂતયોનિમાંથી એનો છૂટકારો કરો.'' આવી પ્રાર્થના કરી હાથમાં ગંગાજળ લઈ ત્રણવાર સ્વામિનારાયણ મહામંત્ર બોલી તેનું પુણ્ય બ્રહ્મરાક્ષસને આપ્યું. તરત જ શ્રીહરિ વિમાન લઈને આવ્યા અને બાવીશ ભૂતોને વિમાનમાં બેસાડી ધામમાં લઈ ગયા !

## સંતોની કૃપાદ્રષ્ટિથી મેથાણ સત્સંગી થયું

હે ભક્તો ! નિત્યાનંદ સ્વામી અને મહાનુભાવાનંદ સ્વામી ઝાલાવાડ પ્રદેશમાં ગામડાંઓમાં જઈને મુમુક્ષુઓને સ્વામિનારાયણ ભગવાનનો નિશ્ચય કરાવી પ્રગટ પ્રભુના આશ્રિત બનાવતા હતા. પછી વિચરણ કરતા કરતા મેથાણ ગામની સીમમાં (ખેતરમાં) એક જગ્યાએ બેસી ધ્યાન કરતા હતા. એ સમયે એક સિંહ ત્યાં આવ્યો ! પરંતુ મહારાજે જ તેમની સાત્ત્વિક બુદ્ધિ કરી દીધી હશે, તેના કારણે તે સિંહ સંતો પાસે ગયો અને સ્વામીને ત્રણ પ્રદક્ષિણા કરીને નમસ્કાર કરી ચાલવા લાગ્યો !

એ સમયે જ નિત્યાનંદ સ્વામી ધ્યાનમાંથી જાગ્યા અને જોયું તો સિંહને જતો જોયો, તેથી બોલ્યા: ''મહાનુભાવાનંદ સ્વામી ! મહારાજે સાવજથી આપણી રક્ષા કરી, નહિતર તે આજે આપણને ખાઈ જાત. હવે આપણે ઓલ્યા ખેતરમાં બાજરાના ઘાસના ઓઘા છે, તેમાં બેસી ધ્યાન કરીએ.'' પછી બન્ને ઓઘામાં (ઘાસના પૂળાનો ગોઠવેલ મોટો જથ્થો) જઈને ધ્યાન કરવા લાગ્યા અને ઊંઘી ગયા. પછી જાગીને ત્યાં બેઠા બેઠા ભજન કરવા લાગ્યા. એ સમયે મેથાણ ગામથી તે ખેતરના માલિક તે ઘાસ ભરવા બળદ-ગાડું લઈને ત્યાં આવ્યા. ત્યાં જોયું તો ઘાસના પૂળા થોડા થોડા હલતા જોયા અને અંદર સ્વામિનારાયણ સ્વામિનારાયણ મંત્રનું ઉચ્ચારણ કરી સંતો ભજન કરતા હતા, તેનો અવાજ પણ બહાર સંભળાયો.

આવું સાંભળીને ખેડૂતોને એમ લાગ્યું કે, 'અંદર સાવજ બેઠો હોવો જોઈએ.' ત્યારે બીજાએ કહ્યું: 'કોદાળીનો ઘા કરો, તેથી જે હશે તે ભાગી જશે.' પછી જ્યાં કોદાળીનો ઘા કરવાને ગયા, ત્યાંતો અંદરથી નિત્યાનંદ સ્વામી અને મહાનુભાવાનંદ સ્વામી ભજન કરતાં કરતાં બહાર આવ્યા. જ્યાં સંતને જોયા ત્યાંતો ખેડૂતોને અંતરમાં શાંતિ થઈ ગઈ, એટલે બન્ને સંતોને પગે લાગીને કહ્યું: ''મોટાં પાપથી તમે અમને બચાવી લીધાં, નહિતર હમણાં અમે તમારું માથું ફાડી નાખત; હવે તમે અમારી પાસે રોટલા છે તે જમો અને અમને આશીર્વાદ આપો.''

ત્યારે સ્વામી કહે ! ''અમારે તો હજી દાંતણ કરવું અને નાવું વગેરે દૈહિક ક્રિયા કરવાની બાકી છે.'' ત્યારે ખેડૂતે કહ્યું: ''સંતો ! અમારી પાસે પાણીના બે ભંભા ભરેલા છે, તેનાથી નાહિ લ્યો.'' તેથી સંતો દાંતણ કરી અડધા અડધા ભંભાથી નાહ્યા. પછી નિત્યક્રિયા કરીને રોટલા વગેરે જમ્યા. પછી મેથાણ ગામ સામે દૃષ્ટિ કરીને બોલ્યા: ''આ ગામમાં મુમુક્ષુઓ બહુ જ રહે છે, એટલે સૌને સત્સંગ થશે અને સૌ કોઈ પ્રગટ ભગવાનના ભક્ત બની ભજન-ભક્તિ કરશે.''

હે ભક્તો ! બન્ને સંતોના આશીર્વાદના કારણે મેથાણ ગામ સત્સંગી થયું હતું અને તે ગામમાં કાકાભાઈ અજા પટેલ, દેવશંકરજી, કૃષ્ણજી, અમરબાઈ, પુંજાભાઈ અને જીજીબા વગેરે અનેક એકાંતિક નરનારી ભક્તો થયાં છે અને હાલમાં પણ મેથાણનો સત્સંગ ઝાલાવાડ (સુરેન્દ્રનગર અને મૂળી વિસ્તાર)માં પ્રખ્યાત છે. જો કે અમદાવાદ દેશમાં આખો ઝાલાવાડ પ્રદેશ સત્સંગના રંગે રંગાયેલો છે.

## સ્વામીએ અનેક સંતોને વિદ્યાભ્યાસ કરાવ્યો

હે ભક્તો ! જેમ સત્સંગની શરૂઆતના દિવસોમાં શ્રીજી મહારાજે સદ્‌ગુરુવર્ય મુક્તાનંદ સ્વામીને અમદાવાદ જઈ દરિયાખાંનના ઘુંમટમાં રહેવાની આજ્ઞા કરી હતી, તેથી સ્વામી ૫૦ સંતો સાથે તેમાં રહીને ભણવું-ભણાવવું-ભજન કરવું અને સત્સંગ કરાવવો વગેરે કરતા હતા - એ જ પ્રમાણે નિત્યાનંદ સ્વામી પણ અમુક સમય માટે ૧૦૦ સંતોને લઈને અમદાવાદ જઈ દરિયાખાંનના ઘુમટમાં રહી સંતોને ભણાવતા અને શહેરમાંથી જે કંઈ ભિક્ષા મળે તેને શુદ્ધ કરી કાચા-પાકા અન્નના ગોળા વાળીને ખાતા.

હે ભક્તો ! મોટા રાજાના જેવી સ્વામીને ઘેર દોમદોમ સાહેબી હતી, સોનાની થાળીમાં તો પોતે નાના હતા, ત્યારે જમતા હતા, છતાં પણ શ્રીજી મહારાજને રાજી કરવા કબરમાં સૂતા અને કાચા લોટના ગોળા પલાળીને ખાતા હતા. તેમજ વિદ્યાર્થી સંતોને દરરોજ સંસ્કૃત વિદ્યાનો અભ્યાસ કરાવતા હતા. પછી જ્યારે ગઢપુરના ગામધણી એભલખાચર ધામમાં ગયા પછી શ્રીહરિજી ત્યાંના દરબારગઢમાં વિશેષ રહેતા હતા. એ સમયે નિત્યાનંદ સ્વામી

વગેરે સદ્‌ગુરુઓ લક્ષ્મીવાડીના મકાનમાં રહેતા હતા. તથા બીજા સંતો ઘેલા નદીને દક્ષિણ કિનારે તથા ભક્તિબાગે તેમજ ઝાડવા નીચે પણ રહેતા હતા.

હે ભક્તો ! ''એ સમયમાં અનેક સાધુ-સંતોને નિત્યાનંદ સ્વામીએ ભણાવીને વિદ્વાન બનાવ્યા હતા. તેમાં મુખ્ય વિદ્વાનોમાં નાના આત્માનંદ સ્વામી, યોગાનંદ સ્વામી (જેમણે કાઠિયાવાડમાં શેત્રુંજી નદીના કાંઠાના ગામોમાં સત્સંગ કરાવ્યો હતો), બ્રહ્મચારી વાસુદેવાનંદ સ્વામી (અમદાવાદ) (જેમણે સત્સંગિભૂષણ નામનો ગ્રંથ લખ્યો હતો.) શિવાનંદ સ્વામી, ભગવદાનંદ સ્વામી, પુરાણી ભૂમાનંદ સ્વામી, પ્રસાદાનંદ સ્વામી - (જેમણે સ્વામિનારાયણ વિચરણ લીલામૃત ગ્રંથ લખ્યો હતો.) પવિત્રાનંદ સ્વામી, શૂન્યાતીતાનંદ સ્વામી, શ્રીધરાનંદ સ્વામી, પુરાણી કૃષ્ણજીવનદાસજી સ્વામી - (જેમણે શ્રીહરિદિગ્વિજય ઉપર વિજયાર્થ પ્રકાશિકા નામે ટીકા લખી હતી.) બ્રહ્મચારી અનંતાનંદ વર્ણી, સાધુ બલરામદાસ અને મોટા પ્રજ્ઞાનંદ સ્વામી વગેરે ઘણા સંતોને સ્વામીએ વિદ્યાભ્યાસ કરાવી શ્રીહરિના કૃપાપાત્ર બનાવ્યા હતા.

હે ભક્તો ! આ સંતોમાંથી ઘણા સંતોએ તો સંપ્રદાયના અણમોલ ગ્રંથો ઉપર ટીકાઓ કે ગ્રંથો રચ્યાં છે. શ્રીજી મહારાજ જ્યાં જ્યાં કથા-વાર્તા કરતા એ પરાવાણીનો સંગ્રહ નિત્યાનંદ સ્વામી ખંતપૂર્વક કરતા હતા અને એ સંગ્રહ એટલે આપણાં વચનામૃતોનો એક ભાગ. લોયાનાં સાતમાં વચનામૃત મુજબ કહું તો: ''અને એ સમયમાં વચનામૃતનું પુસ્તક નિત્યાનંદ સ્વામીએ લાવીને શ્રીજી મહારાજને આપ્યું; પછી તે પુસ્તકને જોઈને મહારાજ બહુ રાજી થયા.'' આ રીતે નિત્યાનંદ સ્વામી વચનામૃત સંપાદક ચાર સદ્‌ગુરુઓમાં એક સદ્‌ગુરુ હતા.

## આદરજમાં ચાર સદ્‌ગુરુઓ કર્યા

હે ભક્તો ! સંવત્ ૧૮૭૬ માં શ્રીહરિએ દંઢાવ્ય દેશના (ઉત્તર ગુજરાત) આદરજ ગામમાં ભવ્ય અન્નકૂટ ઉત્સવ કર્યો હતો. ત્યાં અનેક ગામડાંઓમાંથી સત્સંગીઓ આવ્યા હતા. ઉત્સવ પૂરો થયા પછી દરેક ગામના મુખ્ય

મુખ્ય ભક્તોને રોકીને મહારાજે સભા કરી સૌને કહ્યું: ‘‘સત્સંગનો વ્યવહાર અમારે એકના ઉપર છે; માટે સદ્‌ગુરુ સ્થાપો. પછી તેઓ કહે તેમ કરવા સૌ તૈયાર હો તો અમે સત્સંગમાં રહીએ.’’

મહારાજની વાણી સાંભળી સૌ વતી મુક્તાનંદ સ્વામીએ કહ્યું: ‘‘હે મહારાજ ! તમે જેને મોટાઈ આપો તેને, તમે જેમ કહો તેમ અમે માનીશું. અમારે તો એક તમને જ પ્રસન્ન કરવાનું તાન છે. તમારા રાજીપા સિવાય અમારે બીજી કોઈ ઈચ્છા જ નથી.’’ આ રીતે કહીને શ્રીજી મહારાજની મરજીમાં સહુ કોઈ સહમત થયા. પછી મહારાજે રાજી થઈને મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને શામળિયા ચૈતન્યાનંદ સ્વામી, આ ચારને સદ્‌ગુરુની પદવી આપીને પોતાના પલંગ ઉપર બેસાડ્યા. પછી શ્રીહરિએ તેઓની આરતી ઉતારી.

હે ભક્તો ! ત્યાર પછી શ્રીહરિએ હરિભક્તોને કહ્યું: ‘‘આજથી સર્વે સત્સંગની જવાબદારી આ ચાર સદ્‌ગુરુઓને અમે સોંપીએ છીએ; માટે અમારી પેઠે ચારેય સદ્‌ગુરુઓને તમારે સર્વેએ માનવા. આ સદ્‌ગુરુઓ સત્સંગના સ્તંભ સમાન છે, માટે તેમની આજ્ઞામાં સહુ વર્તજો. તમે જેમ અમારી પૂજા કરો છો, તેમ તેમની પણ પૂજા કરજો અને અમારી સેવા કરો છો, તેમ તેઓની પણ સેવા કરજો. આ સંતો ભવસાગર તરવાના વહાણરૂપ છે. અનંતકોટી બ્રહ્માંડમાં આવા કોઈ સંત નથી.’’

આ પ્રમાણે કહીને સ્વામિનારાયણ મહાપ્રભુએ ચારેય સદ્‌ગુરુઓને રેશમી કોરની ધોતી ઓઢાડી, ભાલમાં ચંદનની અર્ચા કરી ચાંદલો કર્યો. ફૂલના હાર, બાજુબંધ તથા ફૂલની પોંચી પહેરાવ્યાં. શ્રીફળ અને સાકરના થાળ અર્પણ કર્યા. તેમજ સ્વયં શ્રીહરિજી દંડવત કરીને પગે લાગ્યા ! ત્યારબાદ સહુ સંતો અને હરિભક્તો પાસે પણ એ પ્રમાણે જ પૂજા કરાવી. પછી બધા ઉપર બહુ રાજી થયા. – હ.ચ.સા. ૧૮/૩૦–૩૨

હે ભક્તો ! આપની જાણ માટે જણાવું છું કે, શ્રીહરિચરિત્રામૃતસાગરમાં આધારાનંદ સ્વામીએ ચાર સદ્‌ગુરુઓમાં એક શામળીયા ચૈતન્યાનંદ સ્વામીનો ઉલ્લેખ કર્યો છે. એ સિવાય શ્રીહરિલીલામૃતમાં સાતમાં કળશના ૭૪ માં વિશ્રામની ૩૪ મી કડીમાં પરમ ચૈતન્યાનંદ સ્વામીનો ઉલ્લેખ છે:

''સુણીને શ્રીહરિ બોલિયા, જે છે પરમ ચૈતન્યાનંદ;
તેને મોટા કરી સ્થાપશું, અમે અંતરે ધરી આનંદ.
પછી સભા સાંજે ભરી, મુખ્ય ચાર સ્થાપ્યા મુનિચંદ;
મુક્તમુનિ ને બ્રહ્મમુનિ, ચૈતન્યાનંદ નિત્યાનંદ.''

## નિત્યાનંદ સ્વામીની સમય-સંજોગ અનુરૂપ વાત

હે ભક્તો ! મોટા પુરુષો સામાન્ય મુમુક્ષુઓના હિત માટે પોતે પાત્ર બનીને પણ સામાન્ય વ્યક્તિ જેવા પ્રશ્નો પૂછતા હોય છે. એવા મહાપુરુષોમાં એક નામ છે મહામુક્ત મુક્તાનંદ સ્વામીનું. વચનામૃતમાં સૌથી વધારે બાણું સવાલ સ્વામીના છે. તેમાં અમુક સવાલ તો સાવ સામાન્ય વ્યક્તિને પણ એના જવાબનો ખ્યાલ આવી જાય, એવા પૂછેલા છે ! તો શું સ્વામીને એનો ખ્યાલ ન હોય એવું બને ખરું ! છતાં પણ એવા પ્રશ્નો સ્વામીએ પૂછીને નવા મુમુક્ષુને ઉપયોગી નીવડે એ માટે પૂછેલા છે. એવો જ એક પ્રશ્ન મુક્તાનંદ સ્વામીએ પૂછેલ છે, તે જોઈએ તેઓના જ શિષ્ય આધારાનંદ સ્વામીની કલમે લખાયેલ શ્રીહરિચરિત્રામૃત સાગર ગ્રંથના પંદરમાં પૂરના પંચાવન–છપ્પન તરંગના આધારે.

એકવાર શ્રીજી મહારાજ ગઢપુરમાં દાદાખાચરના દરબારમાં રાત્રીએ મુક્તાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી સાથે બેઠા હતા. ત્યારે મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો: ''હે મહારાજ ! અંતરમાં અશાંતિ થાય નહિ ને મનમાં અપાર શાંતિ રહે તેવો ઉપાય કહો.'' સ્વામીનો આવો પ્રશ્ન સાંભળી શ્રીહરિજી ઉદાસ થઈ ગયા. કેમ જે મુક્તમુનિ સમાન સત્સંગમાં કોઈની સમજણ ન હતી. આવા સમજુ સંતના અંતરમાં અશાંતિ જોઈને મહારાજે વિચાર્યું, 'અમારો શ્રમ વ્યર્થ ગયો. કેમ જે ધ્યાન, ધારણા, સમાધિ જેવા અપાર ઐશ્વર્ય સહુને શાંતિ કરવા માટે દેખાડ્યાં હતા... છતાં મુક્તમુનિને શાંતિ ન થઈ.''

શ્રીહરિની ઉદાસી જોઈને નિત્યાનંદ સ્વામી વાત ફેરવીને બોલ્યાઃ ''હે મહારાજ ! મુક્તમુનિની આગળ અમે બાળક છીએ. તેમની સમજણ અપાર છે. તેમણે વાત સારી કહી છે, પણ તમારા ધ્યાનમાં ઊલટી આવી છે; તે હું મારી સમજણ પ્રમાણે કહું છું. મુક્તાનંદ સ્વામી એમ કહે છે કે, 'આપની વાતે કરીને અપાર શાંતિ થાય છે, તે અખંડ કેમ રહે ? તે કહો. વળી બીજી વાતોથી અશાંતિ થાય છે, માટે દેહપર્યંત બીજી વાતમાં અરુચિ થાય તો અખંડ શાંતિ રહે અને આપ અખંડ પ્રસન્ન થાઓ તેવું પૂછે છે.''

હે ભક્તો ! આવું સાંભળી શ્રીહરિ કહેવા લાગ્યાઃ ''હે નિત્યાનંદ સ્વામી ! જો તમે અત્યારે ન બોલ્યા હોત તો અમે તમારો ત્યાગ કરીને બદરીવનમાં ચાલ્યા જાત, પણ તમે બોલ્યા તેથી હવે જીવમાં સ્થિરતા થઈ અને ઉદાસી જતી રહી. હવે અમે તમારી પાસે નિરંતર રહીશું. સત્સંગમાં કાંઈ વિપરીત વાત આવે ત્યારે ઉદાસ થઈએ છીએ. તે ઊલટી વાતને સુલટી કરી દે, એવો તમારા જેવો પ્રવિણ બીજો કોઈ નથી.'' એમ કહીને શ્રીહરિએ પ્રસન્ન થઈને પોતાનાં અપાર ચરિત્રો કહ્યાં. પછી મહારાજના કહેવાથી નિત્યાનંદ સ્વામીએ પણ કહ્યું.'' મુક્તાનંદ સ્વામીને શ્રીહરિનાં ચરિત્રો કહ્યાં. પછી મુક્તાનંદ સ્વામીના દિલમાં શ્રીહરિનાં ચરિત્રો સંભારતા અપાર શાંતિ થઈ.

## નિત્યાનંદ સ્વામીનો સચોટ ઉત્તર

હે ભક્તો ! એક વખત સ્વામિનારાયણ ભગવાન પોતાના ભક્તોને પ્રત્યક્ષ દર્શન દેવાં માટે મહેમદાવાદ (મધ્ય ગુજરાત) પધાર્યા હતા. ત્યાં ગામના પાદરમાં જ વિશાળ વડલાની છાયામાં ત્યાંના પ્રેમીભક્તોએ વડલાની ડાળીએ જ પલંગનો હિંડોળો બાંધીને પ્રભુને તેના ઉપર બેસાડી પૂજન કર્યું અને છાતીમાં ચરણારવિંદ લીધાં. પછી સૌ સભામાં બેઠા. તે સમયે હિંડોળે ધીરે ધીરે ઝૂલતા ઝૂલતા જ શ્રીહરિએ સૌ સંતોને પ્રશ્ન પૂછ્યોઃ

હે સંતો ! અત્યારે તમે અમારાં ધ્યાન, ભજન અને પૂજનથી મોક્ષ માનો છો તથા અમારાં વચન અને અમારા સંબંધવાળી વસ્તુઓ મોક્ષકારી માનો છો, પરંતુ અમે ન હોઈએ ત્યારે આ મુક્તમુનિનું ધ્યાન કરે તો મોક્ષ થાય

કે ન થાય ? તે મંડળના મુખ્ય સંતો હોય તે વિચારીને કહો.'' ત્યારે સંતો કહે, 'હે મહારાજ ! તેનો ઉત્તર અમને સૂઝતો નથી.'

આવું સાંભળી મહારાજ બોલ્યાઃ ''એક સંતથી આ પ્રશ્નનો ઉત્તર થાય તેમ નથી, માટે બ્રહ્માનંદ સ્વામી, આત્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી, ચૈતન્યાનંદ સ્વામી, સ્વયંપ્રકાશાનંદ સ્વામી, પરમ ચૈતન્યાનંદ સ્વામી, પરમાનંદ સ્વામી, મોટા અખંડાનંદ સ્વામી, નૃસિંહાનંદ સ્વામી અને કૃષ્ણાનંદ સ્વામી વગેરે સહુ ભેળા મળી વિચારો તો સુગમ ઉત્તર થાય. વ્યવહારિક બુદ્ધિને પણ સંતો મોક્ષકારી બનાવી દે છે. તમને બધાને પણ સંત મળ્યા, ત્યારે અમારો નિશ્ચય થયો છે, માટે સમજીને ઉત્તર કરજો.''

હે ભક્તો ! મહારાજનું કહેવું સાંભળી મોટેરા સંતો એક બાજુ જઈ પરસ્પર વિચાર કરી નિશ્ચય કરીને સભામાં આવ્યા. તેમાં કૃષ્ણાનંદ સ્વામી શૂરવીર અને ઉતાવળા હતા, તેથી પ્રશ્નનો મર્મ સમજ્યા વિના તરત બોલ્યાઃ ''હે મહારાજ ! તમારા વિના બીજાનું ધ્યાન કરે તેની વ્યભિચારી ભક્તિ કહેવાય.'' એવું સાંભળીને બીજા સંતો પણ એમ બોલ્યા, પણ કોઈ પ્રશ્નનો મર્મ સમજી શક્યા નહિ. કેમ જે જેને પ્રગટ ભગવાન નથી મળ્યા એવા સંતો–ભક્તોએ કેમ સમજવું ? એવો પ્રશ્ન પૂછ્યો હતો.

હે ભક્તો ! ભણનારા સંતોમાં એક નિત્યાનંદ સ્વામી જ યથાર્થ ઉત્તર સમજ્યા હતા, તેથી શ્રીહરિ બોલ્યાઃ ''અમારો પ્રશ્ન તથા ઉત્તર નિત્યાનંદ સ્વામી યથાર્થ સમજે છે, માટે તે ઉત્તર કરે.'' ત્યારે સ્વામીએ કહ્યુંઃ ''હે મહારાજ ! મોટા સંતનાં વચનથી મોક્ષ થાય છે. મોટા સંતો ભગવાનનાં વચનને મોક્ષરૂપ માનીને વર્તે છે. પ્રગટ ભગવાનનું ધ્યાન–સ્મરણ કરે છે અને જન્મથી આરંભી અંતર્ધાન થાય ત્યાં સુધી પ્રગટનાં ચરિત્રો ગાતા રહે છે. આવા સંતને જે જેવા માને તેવો મોક્ષ થાય છે. શુકદેવજીનાં વચનથી પરીક્ષિત તરી ગયા. નારદના વચનથી પ્રહલાદ, ધ્રુવ, પ્રિયવ્રત, દક્ષના દસ હજાર પુત્રો અને ચિત્રકેતુ વગેરે તરી ગયા.

હે મહારાજ ! નારદ પણ દાસી પુત્ર હતા. તે સંતોની સેવા અને વચનથી તરી ગયા. સંતો દ્વારા અનંત જીવનો ઉદ્ધાર થયો છે, એમ તમામ શાસ્ત્રોમાં કહ્યું છે. ગોપ–ગોપીઓ શ્રીકૃષ્ણમાં પ્રેમ કરીને તરી ગયાં, પુતના

વગેરે વૈરભાવથી તર્યાં; પરંતુ સંતમાં વૈરભાવ રાખીને કોઈ તર્યો નથી. જેને શ્રેષ્ઠ ગુણોનું પણ અભિમાન ન હોય એવા સંતની માહાત્મ્ય અને શ્રદ્ધાથી સેવા કરવી ને તેમનાં વચનમાં વિશ્વાસ રાખવો તે મોક્ષની પ્રગટ રીતિ છે, કલ્યાણનો યથાર્થ માર્ગ છે; પરંતુ સંતનું ધ્યાન કરવું એ મોક્ષની રીતિ નથી.''

હે ભક્તો ! નિત્યાનંદ સ્વામીની વાત સાંભળી શ્રીહરિ બોલ્યાઃ ''યથાર્થ ઉત્તર થયો.'' આ રીતે કહી મહેમદાવાદના હરિભક્તો ઘણા હાર લાવ્યા હતા, તેમાંથી શ્રીહરિએ સૌ પ્રથમ નિત્યાનંદ સ્વામીને હાર પહેરાવ્યા અને ત્યારબાદ બીજા સંતોને પહેરાવ્યા.

## વડતાલ દેશમાં મોટેરા

હે ભક્તો ! સંવત્ ૧૮૮૨ માં કાર્તિક સુદ એકાદશીના પવિત્ર દિવસે વડતાલધામમાં શ્રીહરિએ જ્યારે સંપ્રદાયમાં બે આચાર્યોની સ્થાપના કરી હતી, ત્યારે વડતાલની ગાદી માટે આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ પાસે નિત્યાનંદ સ્વામીને મુખ્ય રાખીને આચાર્યની બીજી પદવીના અધિકારી સ્વામીને બનાવ્યા હતા, એ રીતે 'આચાર્યોદય' ગ્રંથમાં વિહારીલાલજી મહારાજે કહ્યું છેઃ–

''આચારજ પછીનો અધિકાર, આપ્યો શ્રીજીયે આણીને પ્યાર''

હે ભક્તો ! એ સમયે સભાને સંબોધતાં શ્રીહરિએ કહ્યું હતું કે, ''આ નિત્યાનંદ સ્વામી તે રઘુવીરજી મહારાજની જીભ છે અને અખંડાનંદ સ્વામી તથા સ્વયંપ્રકાશાનંદ સ્વામી તે તેમની ભૂજાઓ છે. પછી સ્વામી વગેરે સંતોએ જ સત્સંગીઓને આચાર્યનું પૂજન–સેવા કેમ કરવી તે બધું શીખવ્યું હતું. જેમ અમદાવાદ દેશમાં બ્રહ્માનંદ સ્વામીએ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની જીભ બની, તે દેશમાં બહુ સેવા કરાવી હતી – એ જ પ્રમાણે વડતાલ દેશમાં પણ નિત્યાનંદ સ્વામીએ રઘુવીરજી મહારાજની જીભ બનીને બહુ સેવા કરાવી હતી.

હે ભક્તો ! એ સમયે અમદાવાદ દેશમાં સારા વિદ્વાનોની જરૂર પડી ત્યારે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના કહેવાથી નિત્યાનંદ સ્વામીએ પોતાના જ મંડળના વિદ્વાન અને તેજસ્વી એવા પ્રસાદાનંદ સ્વામી તથા ભગવદાનંદ સ્વામી જેવા સંતોને સંતમંડળ સાથે અમદાવાદ દેશના સત્સંગની વૃદ્ધિ માટે મોકલ્યા હતા. આ સંતોની પરંપરા હાલ પણ અમદાવાદ દેશમાં હયાત છે. તે સ્વામીની ઉદારતા અને વિશાળ ભાવનાના પ્રત્યક્ષ પુરાવા છે. સ્વામી વડતાલ દેશના હોવા છતાં અમદાવાદ દેશમાં પણ ઉદાર દિલ રાખી જ્યારે જ્યારે જરૂર પડતી ત્યારે ત્યારે જતા અને આચાર્યશ્રી–સંતો અને સત્સંગીઓનો રાજીપો મેળવતા હતા.

## સ્વામીએ શ્રીહરિજીનો મહિમા કહ્યો

હે ભક્તો ! સંવત્ ૧૯૦૬ ના કાર્તિક સમૈયા પછી રઘુવીરજી મહારાજે અમદાવાદથી અયોધ્યાપ્રસાદજી મહારાજને સંતો સહિત વડતાલ તેડાવ્યા. એટલે ધનુર્માસના પ્રારંભના ૨૦ દિવસ સુધી વડતાલમાં બન્ને દેશના આચાર્યો અને બન્ને દેશના સંતો ભેગા થયા હતા. ત્યારે સભાની અંદર ગોપાળાનંદ સ્વામી શ્રીજી મહારાજના સર્વોપરીપણાની તેમજ મહિમાની વાતો કરતા હતા. તે વાતો સાંભળીને નિર્ગુણદાસ સ્વામીએ કહ્યું: ‘‘હે સ્વામી ! નિત્યાનંદ સ્વામી મહારાજની આ રીતે કેમ વાતો કરતા નથી ?’’ ત્યારે સ્વામીએ કહ્યું: ‘‘અમે અને નિત્યાનંદ સ્વામી સરખું જ સમજીએ છીએ, પણ તેઓ પાત્ર પ્રમાણે વાતો કરે છે.’’

પછી બીજા દિવસે સંતો નિત્યાનંદ સ્વામીના આસને ગયા. ત્યાં સૌ સ્વામીને યથાયોગ્ય દંડવત પ્રણામ કરીને બેઠા. તે સભામાં મહાનુભાવાનંદ સ્વામી વગેરે સંતો અમદાવાદથી આવ્યા હતા અને બીજા વડતાલના સંતો, બ્રહ્મચારીઓ અને હરિભક્તો પણ બેઠા હતા. તે સૌ આગળ નિત્યાનંદ સ્વામી મહારાજના સર્વોપરી મહિમાની વાતો કરવા લાગ્યા. ત્યારે જ્ઞાનપ્રકાશાનંદ સ્વામી ભાગવતના દશમ સ્કંધના ઉત્તરાર્ધના ૮૯ માં અધ્યાયના ૬૧ માં શ્લોકની શુકમુનિએ કરેલી ટીકાનો ખરડો લાવ્યા. તે નિત્યાનંદ સ્વામીને બતાવીને કહ્યું કે, ‘‘શુકમુનિએ આ પ્રમાણે ટીકા લખી છે અને મહારાજનો અતિ મહિમા કહ્યો છે, તેથી શાસ્ત્રોમાં બાધ ન આવે ?’’

હે ભક્તો ! જ્ઞાનપ્રકાશાનંદ સ્વામીની વાત સાંભળી નિત્યાનંદ સ્વામીને ગુસ્સો ચઢ્યો. તેથી તેઓ ખીજાઈને બોલ્યાઃ ‘‘શુકમુનિને સમજાણું તે પ્રમાણે લખ્યું છે. અને જે દિવસે શ્રીજી મહારાજ પોતાનું સ્વરૂપ સમજાવતા હતા તે દિવસે તો તમે બ્રહ્માનંદ સ્વામીની પાટ નીચે માથું રાખીને સૂતા હતા અને હમણાં બે અક્ષર ભણીને પંડિત થયા છો; તે શાસ્ત્રમાં તમે સમજો એટલું શુકમુનિ શું નહિ સમજતા હોય ?’’

હે ભક્તો ! પછી નિત્યાનંદ સ્વામીએ મહાનુભાવાનંદ સ્વામીને કહ્યું: ‘‘સ્વામી ! શ્રીજી મહારાજે આપણને એમનું સ્વરૂપ સર્વોપરી સમજાવ્યું છે, એવું જ સમજવું, એમાં લેશમાત્ર ફેર પાડવો નહિ. જીવને પરોક્ષ ગ્રંથોમાં, પરોક્ષ ભગવાનમાં અને પરોક્ષ સંતમાં જેવી પ્રતીતિ છે, તેવી પ્રગટમાં નથી. વ્યાસ ભગવાનના ગ્રંથોમાં જેવો વિશ્વાસ છે, તેવો વ્યાસજી જેવા અનેક અવતારોના અવતારી શ્રીજી મહારાજ તથા તેમના મોટા પરમહંસોની વાતોમાં વિશ્વાસ નથી. સ્વામી ! અમે તો સાચું સમજીએ જ છીએ, પણ સહુનું ભલું થાય એમ વાત કરીએ છીએ; પરંતુ જીવનું આત્યંતિક કલ્યાણ તો સ્વામિનારાયણ ભગવાન જેવા છે, તેવા સમજવાથી જ થાય છે.’’

## સ્વામીની ધર્મ-મર્યાદામાં દ્રઢતા

હે ભક્તો ! એકવાર આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ સોરઠ પ્રદેશમાં આવેલ ઉના ગામમાં જતા હતા. સાથે નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી અને અન્ય સંતો પણ હતા. ઉના જતા રસ્તામાં રાત્રીએ ડુંગર ગામના પાદરમાં મુકામ કર્યો. એ સમયે નિત્યાનંદ સ્વામીએ રઘુવીરજી મહારાજ પાસે જઈને કહ્યું: ‘‘મહારાજશ્રી ! ગાદીવાળા, સાંખ્યયોગી બાઈઓ અને સંતો બધા એક સાથે સંઘમાં ચાલે છે, એ ત્યાગીઓ માટે સારું ન કહેવાય, તેમાં એકબીજાની ધર્મ–મર્યાદા રહે નહિ; માટે અમો તમારી સાથે ઉના નહિ આવીએ.’’

આ પ્રમાણે કહીને નિત્યાનંદ સ્વામી પોતાના તંબુમાં જતા રહ્યા. પછી રઘુવીરજી મહારાજે ગોપાળાનંદ સ્વામીને બોલાવીને સર્વે વાત કરતા કહ્યું: ‘‘સ્વામી ! નિત્યાનંદ સ્વામી હમણા આવીને અમને કહી ગયા કે, ‘‘તમારી સાથે ગાદીવાળા અને સાંખ્યયોગી સ્ત્રીઓ છે, માટે અમો તમારી સાથે ઉના નહિ આવીએ.’’ હવે અમારે શું કરવું ?’’

ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું: ''તમે અત્યારે સૂઈ જાઓ, શ્રીજી મહારાજ સર્વે સારું જ કરશે.'' આ રીતે કહીને સ્વામી પણ પોતાના તંબુમાં જઈ સૂઈ ગયા.

હે ભક્તો ! પછી નિત્યાનંદ સ્વામી રાત્રીએ બે વાગ્યે જાગ્યા અને સૌ સંતોને જગાડીને કહ્યું: ''આપણે સ્ત્રીઓ સાથે ચાલીએ તે સારું ન કહેવાય, માટે ગાદીવાળા આગળ જાય અને તેઓની રક્ષામાં દસ પાર્ષદો સાથે જાય. પછી સૌની પાછળ એક ગાઉં દૂર સંતોને ચાલવું એટલે મર્યાદા રહે.'' પછી પ્રથમ ગાદીવાળા અને સાંખ્યયોગી બહેનોને ચાલવાનું કહેવડાવ્યું અને તેમની રક્ષામાં હથિયારબંધ દશ પાર્ષદો મોકલ્યા. પછી એક કોસ દૂર તેઓ પહોંચ્યાં, ત્યારે સંતોએ ચાલવાનું શરુ કર્યું.

હે ભક્તો ! આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ તો સંતો સાથે જ રહ્યા હતા. તેમણે રસ્તામાં ગોપાળાનંદ સ્વામીને કહ્યું: ''સ્વામી ! તમે ન હોત તો અમારે બહુ મુશ્કેલી પડત – અત્યારે શું થાત ? કારણ કે નિત્યાનંદ સ્વામીની વાત સાચી હતી તેથી તેમને કોઈથી કાંઈ કહી શકાય તેમ હતું નહિ.'' ત્યારે ગોપાળાનંદ સ્વામી બોલ્યા: ''મહારાજશ્રી ! નિત્યાનંદ સ્વામી તો બહુ સમર્થ છે, તેના કારણે તેઓમાં રહીને શ્રીજી મહારાજે આપણને સહુને ધર્મ–મર્યાદાની દૃઢતા રાખવાની પ્રેરણા કરી તે બહુ સારું થયું.''

## બન્ને સદ્ગુરુની અજોડ આત્મીયતા

હે ભક્તો ! એકવાર સંવત્ ૧૯૦૨માં સુરતના હરિભક્તોના આગ્રહને કારણે વડતાલથી આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ, સદ્ગુરુવર્ય ગોપાળાનંદ સ્વામી તથા સદ્ગુરુ નિત્યાનંદ સ્વામી વગેરે સંતો પધાર્યા હતા. સૌ હરિભક્તોને ઘેર પધરામણીઓ કરી સૌને રાજી કરીને પાછા વડતાલ આવી રહ્યા હતા. ત્યારે રસ્તામાં વડોદરાના હરિભક્તોએ રઘુવીરજી મહારાજને કહ્યું: ''આપ નિત્યાનંદ સ્વામીને વડોદરા કથા–વાર્તાનો લાભ દેવા અને દર્શનનો લાભ દેવા માટે મોકલો.'' એ સમયે ઉમરેઠના હરિભક્તોએ પણ આવીને મહારાજશ્રીને વિનંતી કરતા કહ્યું કે, ''ગોપાળાનંદ સ્વામીને આપ ઉમરેઠમાં દર્શન દેવાં અને કથા–વાર્તાનો લાભ દેવા મોકલો.''

હે ભક્તો ! વડોદરામાં સૌથી વિશેષ ગોપાળાનંદ સ્વામીને માનનારા હરિભક્તો હતા અને સ્વામી દ્વારા ત્યાં વિશેષ સત્સંગ કરાવવામાં આવ્યો હતો. છતાં પણ ભક્તોએ નિત્યાનંદ સ્વામીને વડોદરા મોકલવાની વિનંતી કરેલી;– કારણ કે જ્યારે વડોદરામાં ગોપાળાનંદ સ્વામી કથા કરતા ત્યારે નિત્યાનંદ સ્વામીનો હરિભક્તો આગળ ખૂબ મહિમા કહેતા હતા, તેના કારણે વડોદરાના ભક્તોએ નિત્યાનંદ સ્વામીને મોકલવાની વિનંતી કરી હતી.

એ જ રીતે ઉમરેઠમાં નિત્યાનંદ સ્વામી ખૂબ રોકાતા હતા અને તેમના દ્વારા પણ ઉમરેઠમાં સત્સંગ વધેલો. પરંતુ તેઓ જ્યારે હરિભક્તો આગળ કથા વાર્તા કરતા ત્યારે ગોપાળાનંદ સ્વામીનો ખૂબ મહિમા કહેતા હતા, તેથી ઉમરેઠના ભક્તોએ ગોપાળાનંદ સ્વામીની માગણી કરી હતી. જો કે ઉમરેઠમાં ગોપાળાનંદ સ્વામી પણ ઘણુ રોકાતા હતા. પરંતુ આ પ્રસંગમાં એ જણાવવાનું છે કે, બન્ને સંતો પોતાની કથામાં એકબીજાનો મહિમા ખૂબ કહેતા હતા, તેને કારણે એકબીજાના ગૃહસ્થ શિષ્યો એકબીજાના ગુરુને પોતાને ત્યાં કથાવાર્તા કરવા અને પધરામણી કરાવવાનો આગ્રહ રાખતા હતા. આની પાછળનું મુખ્ય કારણ એ હતું કે, ગોપાળાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામીને પરસ્પર આત્મીયતા ખૂબ હતી.

હે ભક્તો ! બન્ને ગામના ભક્તોએ રઘુવીરજી મહારાજને વિનંતી કરી, પણ મહારાજશ્રી તો આ બન્ને મોટેરા સંતોને પૂછ્યા વિના સત્સંગનાં કોઈ કાર્યો કરતા જ ન હતા. તેઓ બન્ને સંતોને પોતાના આદર્શ માનીને સત્સંગનાં કામ કરતાં; તેથી કોઈ નિર્ણય ન આપ્યો. આ વાત અંતર્યામીપણે બન્ને સદ્‌ગુરુઓએ જાણી, તેથી સાંજની સભામાં પૂછ્યા વિના જ ગોપાળાનંદ સ્વામીએ રઘુવીરજી મહારાજને કહ્યું: ''મહારાજશ્રી ! હું ઉમરેઠ જઈશ અને નિત્યાનંદ સ્વામી વડોદરા જશે. અમારા બન્નેનો એક મત છે.'' હે ભક્તો ! મહારાજ ધામમાં ગયા પછી સંપ્રદાયનાં વર્તમાન બંધારણો ગોપાળાનંદ સ્વામીએ બાંધેલાં, તેમાં નિત્યાનંદ સ્વામીનો પણ સહયોગ હતો. ખંભાતનું મંદિર નિત્યાનંદ સ્વામીએ બાંધ્યું હતું, પણ પ્રતિષ્ઠા કરાવવાનું કામ ગોપાળાનંદ સ્વામીને સોંપ્યું હતું !

હે ભક્તો ! જ્યારે અદ્‌ભૂતાનંદ સ્વામી ધોલેરાથી વડતાલ રહેવા આવ્યા, ત્યારે નિત્યાનંદ સ્વામીએ પોતાના શિષ્ય એવા વડતાલના મહંત અક્ષરાનંદ સ્વામી તેમજ ઉપેન્દ્રાનંદ સ્વામીને ગોપાળાનંદ સ્વામીના મંડળના સંતો સાથે

રહેવા મોકલ્યા હતા અને બુરજ નીચે તેમની રૂમ હતી તે અદ્ભૂતાનંદ સ્વામીને ખાલી કરીને રહેવા માટે આપી હતી. આ રીતે બન્ને સદ્ગુરુઓએ પોતાના શિષ્યોમાં પણ એકબીજાનો મહિમા અને દિવ્ય ભાવની દૃઢતા કરાવેલી હતી.

## સ્વામી સંતોનો મહિમા બહુ સમજતા

હે ભક્તો ! સંવત્ ૧૮૮૭ માં જ્યારે બ્રહ્માનંદ સ્વામી મુળીધામમાં બીમાર થયેલા, તે વાતની વડતાલમાં નિત્યાનંદ સ્વામીને જ્યારે ખબર પડી ત્યારે સ્વામી સંતોની મોટી સભામાં એવું બોલ્યા હતા કે, ''આ બ્રહ્માંડમાં બ્રહ્માનંદ સ્વામી જેવા મહાયતિ કોઈ પુરુષ થયા નથી. તેમના જેવી ભગવાનમાં પરાભક્તિ થવી અતિશય દુર્લભ છે. આમ નિત્યાનંદ સ્વામી સહુ સંતોનો ખૂબ મહિમા સમજતા અને સમજાવતા.

એકવાર સંવત્ ૧૯૦૭ ની સાલમાં વડતાલમાં ગોપાળાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી બન્ને સદ્ગુરુઓ સાત મહિના સુધી ધર્મશાળામાં સાથે રહ્યા હતા. એ સમયે ચાતુર્માસ આવ્યો. ત્યારે અષાઢ સુદ નિમી એકાદશીએ સહુ સંતો નિયમ લેવા માંડ્યા. ત્યારે નિત્યાનંદ સ્વામીએ એવું નિયમ લીધું કે, ''સંતો જમવા બેસે ત્યારે દરરોજ મારે પંક્તિમાં સંતોને પીરસવું. ચાર મહિના સુધી મારે આ નિયમ પાળવું.''

હે ભક્તો ! નિત્યાનંદ સ્વામીએ ચાર મહિના સુધી સંતોને પીરસવાનું નિયમ લીધું, એ સમયે સભામાં બોટાદ ગામના ભગા દોશી તથા બીજા પાટીદારો પણ બેઠા હતા. તેમણે પરસ્પર નક્કી કર્યું કે, 'સ્વામી ચાતુર્માસ પર્યંત સંતોને જમાડવાના છે, તેથી આપણે પણ સંતોને ચાર મહિના સુધી વારાફરતી પાકી રસોઈઓ આપવી.'' પછી તો સ્વામી દરરોજ પીરસવા જતા અને હરિભક્તો દરરોજ નવી નવી રસોઈ આપતા હતા.

હે ભક્તો ! નિત્યાનંદ સ્વામીની ૭૦ વર્ષની ઉંમર થઈ ગયેલી હોવાથી જ્યારે સંતોને પીરસવા આવે ત્યારે બીજા સંતો લાડુ વગેરે મીઠાઈનો થ્રાંસ લઈને આગળ ચાલતા અને સ્વામી તેમાંથી મીઠાઈ લઈને સંતોને અતિ હેતથી

પીરસતા હતા. આવી રીતે ચાર માસ પર્યંત સંતોને પીરસી સહુ સંતોને રાજી કર્યા હતા. હે ભક્તો, નિત્યાનંદ સ્વામી તો મહાપુરુષ હતા અને મહા વિદ્વાન હતા તથા મહા પુષ્ટ પણ હતા, પરંતુ સંતોનો મહિમા સમજીને સંતોની લાંબી લાંબી પંક્તિઓમાં ખૂબ ભાવથી પીરસતા હતા.

## શ્રીહરિદિગ્વિજય જોઈ શ્રીહરિએ રાજીપો આપ્યો

હે ભક્તો ! શ્રીહરિચરિત્રામૃતસાગરના બારમાં પૂરનાં બીજાં તરંગમાં આધારાનંદ સ્વામી લખે છે કે, ''શ્રીહરિજીએ અક્ષરધામમાં મુક્તાનંદ સ્વામીને જે જે વાત કરી હતી તે સર્વે વાત સમાધિવાળા સચ્ચિદાનંદ સ્વામીએ દેખી હતી, તે વાત તેમણે સૌને કહી હતી. મહારાજે ધામમાં મુક્તાનંદ સ્વામીને કહ્યું: ''સ્વામી ! અમે ચારે ધામમાં ફરીને જે રીતે દિગ્વિજય કર્યો હતો તે બધી વાત નિત્યાનંદ સ્વામી જાણે છે. તેઓ સાક્ષાત્ વ્યાસજીનો અવતાર છે. તેઓ 'શ્રીહરિદિગ્વિજય' નામનો ગ્રંથ કરશે અને તે પછી તેઓ તરત ભૂમિ ઉપરથી પાછા ધામમાં આવશે.'' બીજા મત પ્રમામે આ ગ્રંથ શ્રીહરિની સમીપે રહીને લખ્યો હતો, એવો પણ ઉલ્લેખ જોવા મળે છે.

હે ભક્તો ! શ્રીહરિજીના કહ્યા મુજબ નિત્યાનંદ સ્વામીએ ગઢપુરમાં રહીને 'શ્રીહરિદિગ્વિજય' નામનો મહાન ગ્રંથ સંસ્કૃત ભાષામાં લખ્યો હતો. પછી પૂર્ણ કરીને શ્રીહરિને સમર્પિત કર્યો. તે જોઈને પ્રભુ ખૂબ રાજી થયા અને પોતે પહેરેલ પુષ્પનો હાર સ્વામીને પહેરાવી વિશેષ પ્રસન્ન થયા. તેમજ સ્વામીના મસ્તક ઉપર પોતાના બન્ને હાથ મૂક્યા. પછી શ્રીકૃષ્ણ ભગવાને જેમ ઉદ્ધવજીને પોતાની પાદુકા આપી હતી – તેમ નિત્યાનંદ સ્વામીને પણ શ્રીહરિએ પોતાની એક જોડ પાદુકાઓ પૂજવા માટે આપીને અતિ રાજીપો દર્શાવ્યો.

એટલાથી શ્રીહરિને સંતોષ ન થયો એટલે બીજી એક જોડ પાદુકા (ચાખડી) સ્વામીને પહેરવા માટે પણ આપી ! તેમજ એક શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિ પણ આપી. તે જોઈને સ્વામી કહે: ''હે નાથ ! હું તો સર્વાવતારી, સર્વનું કારણ એવા આપનો ઉપાસક છું, માટે તમારે મને રાજી કરવો હોય તો તમારી મૂર્તિ આપો. કેમ જે, તમારી

મૂર્તિની સેવાથી જ મને અંતરમાં શાંતિ થશે.'' પછી પ્રભુએ અતિ પ્રસન્ન થઈને નિત્યાનંદ સ્વામીને પૂજવા માટે પોતાની મૂર્તિ આપી.

ત્યારે નિત્યાનંદ સ્વામીએ પ્રાર્થના કરીને શ્રીહરિને કહ્યું: ''હે મહાપ્રભુ ! મારી વાણીમાં અખંડ આપના ગુણગાન ગવાય, મારા ચિત્તમાં અખંડ આપ નિવાસ કરીને રહો. આપની પ્રસન્નતા મારા ઉપર અખંડ રહો. મારે ચાર પ્રકારનો મોક્ષ નથી જોઈતો, ફક્ત આપનો રાજીપો જોઈએ છીએ, એ જ મારી ભક્તિ છે અને એ જ મારો આનંદ છે.'' આવી પ્રાર્થના સાંભળીને શ્રીહરિ સ્વામી ઉપર અત્યંત પ્રસન્ન થયા હતા.

હે ભક્તો ! શ્રીહરિએ નિત્યાનંદ સ્વામીને જે શ્રીકૃષ્ણચંદ્રની અને પોતાની મૂર્તિ આપેલી તેની માંગણી ઘણાં વર્ષો પછી ગુણાતીતાનંદ સ્વામીએ નિત્યાનંદ સ્વામી પાસે કરેલી તેથી સ્વામીએ તે બન્ને મૂર્તિઓ આપી હતી. તેના હાલ જૂનાગઢ મંદિરમાં મધ્યખંડમાં દર્શન થાય છે. તેમજ સ્વામીને પહેરવા શ્રીહરિએ જે પાદુકા આપેલી તેના હાલમાં વડતાલ સંતોની ધર્મશાળામાં નિત્યાનંદ સ્વામીનાં આસને સહુને દર્શન થાય છે.

## નિત્યાનંદ સ્વામીની સાહિત્ય સેવા

હે ભક્તો ! સ્વામિનારાયણ સંપ્રદાયમાં મહામુક્ત મુક્તાનંદ સ્વામીએ, મૂળ અક્ષરમૂર્તિ ગોપાળાનંદ સ્વામીએ અને વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ સ્વામી વગેરેએ સાહિત્યક્ષેત્રે જેટલું યોગદાન આપેલું છે, તેટલું પંડિતવર્ય નિત્યાનંદ સ્વામીએ પણ યોગદાન આપેલ છે. પૂજ્ય સ્વામીએ અગાધ પાંડિત્ય તથા અચલ નિષ્કામ ભક્તિ વડે સંપ્રદાયની સર્વ પ્રકારે સેવા કરી છે. તેમાં સાહિત્ય ક્ષેત્રે સ્વામીનું મોટું યોગદાન છે.

હે ભક્તો ! નિત્યાનંદ સ્વામીએ સૌ પ્રથમવાર શિક્ષાપત્રીની ગુજરાતી ટીકા (ભાષાંતર) કરેલ છે. જે ટીકા મૂળ શિક્ષાપત્રી જેટલી જ સંપ્રદાયમાં આજ દિન સુધી પ્રમાણભૂત ગણાય છે.

'શ્રીહરિદિગ્વિજય' : આ મહાગ્રંથમાં શ્રીહરિના સંપૂર્ણ મહિમા સાથે સૈદ્ધાંતિક તત્ત્વનિર્ણયમાં ઉપયોગી અનેક વિષયો ઉપર વર્ણન કરેલું છે. ૪૨૨૫ શ્લોકમાં રચાયેલા આ ગ્રંથમાં શ્રીહરિજીનો દિગ્વિજય પણ યથાર્થ રીતે વર્ણન કર્યો છે, એ સ્વામીની વિદ્વત્તાનો અજોડ નમૂનો છે.

'શાંડિલ્યસૂત્ર ભાષ્ય' : જેમાં સ્વામીએ શ્રીજી માન્ય ભક્તિમાર્ગના તત્ત્વનો યથાર્થ નિર્ણય કર્યો છે. ભક્તિમાર્ગ જ સર્વ દર્શન-શાસ્ત્રો પૈકી વેદાંત-ઉપનિષદોને માન્ય સર્વોપરી સિદ્ધાંત છે; એમ તાત્ત્વિક રીતે પ્રતિપાદન કર્યું છે.

'હનુમત્કવચ' : આ કૃતિ ભગવાનના પરમ ભક્ત શ્રીહનુમાનજી મહારાજની પ્રાર્થનારૂપ અને સકામ ભક્તો માટે પરમ સાત્ત્વિક સાધનારૂપ છે.

'ભાગવતના બે સ્કંધની ટીકા' : શ્રીમદ્ ભાગવત પંચમ સ્કંધ તથા દશમ સ્કંધની ગુજરાતી ટીકા સંપ્રદાય સિદ્ધાંત પ્રમાણે વ્યાસજીના અભિપ્રાયને અનુસરીને નિત્યાનંદ સ્વામીએ રચેલી છે.

'વિદુરનીતિનો ગુજરાતી અનુવાદ' : મહાભારતમાં ધૃતરાષ્ટ્ર રાજાને પરમ શાંતિના ઉપાયરૂપે વિદુરજીએ કહેલી આ નીતિ સર્વેને અતિ ઉપયોગી છે. તેની ગુજરાતી ટીકા સ્વામીએ વર્તમાનકાળે અતિ ઉપયોગી થાય એ રીતે કરી છે.

'શ્રીમદ્ ભગવદ્ ગીતા' : મહાભારત ગ્રંથમાં સ્વયં ભગવાન શ્રીકૃષ્ણે પોતાના પરમ સખા અર્જુનને તત્ત્વજ્ઞાનના અખૂટ ભંડારરૂપ આ મહાગ્રંથનો ઉપદેશ કરેલો છે. તેનો ગુજરાતી ભાષામાં સ્વામીએ સરસ અને સરળ અનુવાદ કરેલ છે.

'કપિલ ગીતા' : ભગવાનના તૃતીય સ્કંધમાં કપિલ ભગવાને પોતાની માતા દેવહૂતિને કરેલ સદુપદેશરૂપ આ ગીતાનું સ્વામીએ સંસ્કૃતમાં સરળ ભાષ્ય કરેલ છે.

'ગુણ વિભાગ' : ભાગવતના એકાદશ (૧૧) સ્કંધમાં શ્રીકૃષ્ણ પ્રભુએ પોતાના ભક્ત અને સખા ઉદ્ધવજીને કહેલ સર્વને ઉપયોગી આ ઉપદેશનું સ્વામીએ સંસ્કૃતમાં ભાષ્ય તથા ગુજરાતીમાં અનુવાદ કરેલ છે.

'વૈકુંઠ દર્શન' : ભગવાનના ધામની પ્રાપ્તિનો માર્ગ બતાવતો આ લેખ સારો છે.

અવતાર ચરિત્ર : રામ-કૃષ્ણાદિક અવતારોએ કરેલાં અનેક દિવ્ય ચરિત્રોના સંગ્રહનો આ ગ્રંથ છે.

નિષ્કામ શુદ્ધિ : સત્સંગિજીવનના ત્રીજા પ્રકરણમાં બ્રહ્માનંદ સ્વામીના પૂછવાથી શ્રીહરિએ નિષ્કામી વર્તમાનનો સુંદર ઉપદેશ આપેલ છે. બ્રહ્મચર્યની દૃઢતા માટે આ ગ્રંથ આશીર્વાદરૂપ છે. એક અધ્યાયના નાનકડા આ ગ્રંથનો સ્વામીએ ગુજરાતીમાં અનુવાદ કર્યો છે.

આ ઉપરાંત સ્વામીએ સંસ્કૃત ભાષામાં શ્રીહરિના મહિમા સભર રુચિરાષ્ટક અને વિશ્વમંગલ સ્તોત્ર વગેરે અનેક છૂટક સ્તોત્રો પણ રચેલાં છે. તેમાં પણ 'શ્રીહરિકવચ' સ્તોત્ર બહુ પ્રખ્યાતીને પામ્યું છે. સત્સંગમાં ઘણાં નરનારીઓ તેનો નિયમિત પાઠ પણ કરે છે. મુક્તાનંદ સ્વામીને વચન આપેલ હોવાથી તેમનો અધૂરો રહેલો 'ધર્માખ્યાન' ગ્રંથ નિત્યાનંદ સ્વામીએ પૂરો કર્યો હતો અથવા કરાવ્યો હતો. આવી રીતે સ્વામીએ સાહિત્યક્ષેત્રે સંપ્રદાયને મોટું યોગદાન આપેલ છે.

## સ્વામીએ લક્ષ્મીવાડીમાં નિશાની મૂકાવી

હે ભક્તો ! હાલમાં ગઢપુર લક્ષ્મીવાડીમાં જે સ્મૃતિ મંદિર છે. એ સ્થાને શ્રીજી મહારાજ માણકી લઈને આવતા ત્યારે માણકી ત્યાં થોડીવાર ઊભી રહેતી. પછી તે સ્થાને શ્રીહરિ પગે લાગે એટલે માણકી આગળ ચાલે. આવી રીતે ઘણીવાર શ્રીહરિને ત્યાં પ્રણામ કરતા જોયા, તેથી નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન કર્યો: ''હે મહારાજ ! તમો ત્યાં નમસ્કાર કેમ કરો છો ?'' ત્યારે પ્રભુએ કહ્યું: ''આ જગ્યાએ એક વડનું વૃક્ષ હતું. ત્યાં મારા અવતારો વિશ્રાંતિ માટે બેઠા હતા. તે સ્થાનનું માહાત્મ્ય વધારવા માટે અમો તેને પ્રણામ કરીએ છીએ.''

શ્રીહરિએ આ રીતે કહ્યું, એટલે નિત્યાનંદ સ્વામીએ શુકાનંદ સ્વામીને કહ્યું: ''સ્વામી ! તે સ્થાને એક ખીલો ખોડી રાખો. ક્યારેક આ સ્થાન આપણને ઉપયોગમાં આવશે.'' પછી ત્યાં તુલસી ક્યારો પણ કરાવ્યો. પછી જ્યારે

શ્રીજી મહારાજ સ્વધામમાં પધાર્યા ત્યારે મહારાજના પાર્થિવ દેહનું વિમાન (પાલખી) લક્ષ્મીવાડીમાં વિદ્યાત્રાનંદ સ્વામીની ઓરડી પાસે ઉતારીને ત્યાં અગ્નિ–સંસ્કાર કરવાનું નક્કી કર્યું.

એ સમયે નિત્યાનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામીને કહ્યું: ‘‘સ્વામી ! શ્રીજી મહારાજે બેઠકે વાતો કરી હતી તે સાંભરે છે કે નહિ ? શ્રીહરિએ શ્રીમુખે જે સ્થાનની પ્રશંસા કરી હતી તે સ્થાને જો મહારાજનો અગ્નિ–સંસ્કાર કરો તો તે સ્થાન ઉપર હું મંદિર કરાવીશ; કારણ કે શ્રીગોપીનાથજી મહારાજનું મંદિર કર્યું ત્યારે તમોએ સેવાનો લાભ લીધો હતો. એ સમયે મને ભણવા મોકલ્યો હોવાથી સેવાનો લાભ મને મળ્યો નથી, માટે હું આ સ્થાને મંદિર કરીને સેવાનો લાભ લઈશ.’’

હે ભક્તો ! નિત્યાનંદ સ્વામીની વાત સાંભળી ગોપાળાનંદ સ્વામીએ મહારાજનું વિમાન ત્યાંથી ઉપડાવી જ્યાં નિત્યાનંદ સ્વામીએ ખીલો નંખાવી તુલસી ક્યારો કર્યો હતો ત્યાં લાવ્યા. તેથી સ્વામીએ તે તુલસી ક્યારો કાઢીને ત્યાં સૂકા તુલસી, સુખડ–ચંદન અને પીપળાનાં લાકડાંની ચિતા (ચેહ) ગોઠવાવી તેના ઉપર મહારાજના દેહને સૂવડાવી આચાર્ય રઘુવીરજી મહારાજે – અયોધ્યાપ્રસાદજી મહારાજે – ગોપાળાનંદ સ્વામીએ અને નિત્યાનંદ સ્વામીએ છેલ્લી વારની આરતી ઉતારી.

## સ્વામીએ લક્ષ્મીવાડીમાં મંદિર કરાવ્યું

હે ભક્તો ! પછી શ્રીજી મહારાજનો ત્યાં અગ્નિ–સંસ્કાર કરવામાં આવ્યો. ત્યાર બાદ સંવત્ ૧૮૯૩ ની સાલમાં નિત્યાનંદ સ્વામીએ ત્યાં મંદિર કરાવી ચરણારવિંદ પધરાવ્યાં. પછી તે મંદિરમાં આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે સંવત્ ૧૯૪૯ ની સાલમાં ફાગણ વદ પડવાને દિવસે શ્રીસહજાનંદ સ્વામી, ઈચ્છારામભાઈ અને રઘુવીરજી મહારાજ આ ત્રણેયની મૂર્તિઓ પધરાવી હતી; એના હાલમાં દર્શન થાય છે. (સહજાનંદ સ્વામી ચરિત્ર : ૯)

હે ભક્તો ! હવે શ્રીહરિલીલામૃત ગ્રંથના દસમાં કળશના આઠમા વિશ્રામ પ્રમાણે આપને જણાવી રહ્યો છું.

શ્રીજી મહારાજ ધામમાં પધાર્યા પછી વ્યવહારિક વિધિઓ કરી આચાર્ય રઘુવીરજી મહારાજ વડતાલ જવા તૈયાર થયા ત્યારે નિત્યાનંદ સ્વામીએ તેઓને કહ્યું: ''મહારાજશ્રી ! શ્રીજી મહારાજે મને લક્ષ્મીવાડીમાં સ્થાપવા માટે પાદુકા (ચાંખડી) આપેલ છે, માટે ત્યાં એક મંદિર કરવું પડશે; એટલા માટે મારી ઈચ્છા છે કે મારા મંડળના શૂન્યાતીતાનંદ સ્વામીને ત્યાં મંદિરનું કામ શરુ કરવાની રજા આપો.''

નિત્યાનંદ સ્વામીની વાત સાંભળી રઘુવીરજી મહારાજ રાજી થયા અને સંતોને મંદિરનું કામ શરુ કરવાનું કહ્યું. એ સમયમાં મુક્તાનંદ સ્વામી ધામમાં જવા તૈયાર થયા. ત્યારે નિત્યાનંદ સ્વામીએ રઘુવીરજી મહારાજને કહ્યું: ''મુક્તાનંદ સ્વામી હવે ધામમાં જવાની તૈયારીમાં છે, માટે તમો વડતાલ જવાનું બંધ રાખો અને ગઢડા રોકાવ.'' તેથી તેઓ રોકાઈ ગયા. પછી મુક્તાનંદ સ્વામી ધામમાં ગયા, તેથી તેમનો બધો વિધિ કરાવી રઘુવીરજી મહારાજ અને નિત્યાનંદ સ્વામી વડતાલ આવ્યા.

હે ભક્તો ! વડતાલમાં ઘણા મહિના વિત્યા પછી એક દિવસ નિત્યાનંદ સ્વામીએ રઘુવીરજી મહારાજને કહ્યું: ''હું મારા મંડળને લઈ ગઢપુર જાવ તો લક્ષ્મીવાડીમાં મારા મંડળના શૂન્યાતીતાનંદ સ્વામી મંદિર કરાવે છે, તેને વિશેષ સાથ મળે, તેથી મંદિર ઝડપથી તૈયાર થઈ જાય, માટે આજ્ઞા આપો.'' તુરંત તેઓએ હા કહી એટલે નિત્યાનંદ સ્વામી પોતાના સંતોને સાથે લઈને ગઢપુર ગયા અને મંદિરનું કામ ઉતાવળથી શરુ કરાવ્યું.

હે ભક્તો ! ગઢપુર જઈ સ્વામીએ જામનગરથી જેઠાભાઈ શિલ્પકારને બોલાવી મંદિરનું ચિત્ર બનાવડાવી એ પ્રમાણે મંદિર ચણવાનું શરુ કરાવ્યું, તેથી થોડા સમયમાં મંદિર તૈયાર થઈ ગયું. પછી વડતાલથી રઘુવીરજી મહારાજને તેડાવી (સંવત્ ૧૮૮૮ મહા સુદ ત્રીજના દિવસે) વેદોક્ત વિધિથી પ્રતિષ્ઠા કરી આરતી ઉતારી. એ સમયે સૌ સંતો-ભક્તોને શ્રીજી મહારાજે મનુષ્યરૂપે જે જે સુખો આપ્યાં હતાં તે સાંભરી આવતા સૌને વિરહાગ્નિ વધવા લાગ્યો, તેથી આંખોમાં આંસુઓ આવવાં લાગ્યાં, પણ અટકાવી દીધાં !

એ સમયે એક આશ્ચર્ય થયું ! ત્યાં એક તેજનો સમૂહ પ્રગટ થયો અને તેમાં સૌ કોઈ સંતો–ભક્તોને પ્રત્યક્ષ શ્રીહરિજી મહારાજનાં દર્શન થયાં ! તેમજ પ્રભુ સાથે અનંત મુક્તોનાં પણ સૌને દર્શન થયાં. આવાં દિવ્ય દર્શન થવાથી સૌનાં નેણમાં નેહનાં આંસુ ચાલવાં લાગ્યાં અને સૌ દંડવત પ્રણામ કરીને પ્રગટ પ્રભુની સ્તુતિ કરવા લાગ્યા. પછી મહાપ્રભુ શ્રીહરિ કહેવા લાગ્યા: ''તમે અમને અદૃશ્ય થઈ ગયેલા ન જાણતા, અમે ગોપીનાથરૂપે સૌને દર્શન દઈએ છીએ તથા તેમના દ્વારા તમારી સેવા અંગીકાર કરીએ છીએ.

વડતાલમાં પણ અમે શ્રીહરિકૃષ્ણ મહારાજરૂપે રહીને સૌને દર્શન દઈ સૌની સેવા ગ્રહણ કરીએ છીએ. ભક્તોનો ભાવ તો અમે ગમે ત્યાં પ્રગટ થઈને પૂરો કરીએ છીએ. અમને સત્સંગમાં પ્રત્યક્ષ માનીને જ ભજન–ભક્તિ કરજો.'' આ પ્રમાણે કહી શ્રીહરિજી અંતર્ધાન થઈ ગયા. ત્યારબાદ તે સભામાં મંદિર તૈયાર કરાવનાર સદ્‌ગુરુવર્ય નિત્યાનંદ સ્વામીનું સન્માન કરવામાં આવ્યું. પછી યોગીવર્ય ગોપાળાનંદ સ્વામીએ તે સ્થાનનો મહિમા કહ્યો. આ રીતે લક્ષ્મીવાડીમાં નવનિર્માણ મંદિર તૈયાર થયું અને ત્યાં ચરણ–પાદુકા પધરાવી ઉત્સવની પૂર્ણાહુતિ કરી રઘુવીરજી મહારાજ, ગોપાળાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી વગેરે પાછા વડતાલ આવ્યા.

## સ્વામીના આશીર્વાદથી સંતાનની પ્રાપ્તિ

હે ભક્તો ! સમય જતા એકવાર મુક્તરાજ નિત્યાનંદ સ્વામી બોટાદ પધાર્યા. ત્યાં મંદિરમાં ઉતારો કરી સ્વામી ગાદી–તકિયે બિરાજમાન થયા. તે સમયે હરિભક્તોને ખ્યાલ આવતા ભગા દોશી, રામજીભાઈ પારેખ અને મૂળચંદભાઈ પારેખ વગેરે ભક્તો આવી સ્વામીને દંડવત કરીને બેઠા. પછી એકબીજાના કુશળ–મંગળ પૂછ્યા. પછી ભગા દોશી સીધું લયાવ્યાં અને સંતોએ થાળ બનાવ્યો.

પછી સાંજના સમયે મોટી સભા થઈ, તેમાં નિત્યાનંદ સ્વામીએ કથા–વાર્તા કરી શ્રીહરિનો ખૂબ મહિમા કહ્યો. ત્યારબાદ ગિરધરભાઈ વડોદરિયાએ સ્વામીને પૂછ્યું: ''સ્વામી ! મને કાંઈક સેવા બતાવો. તમે જેમ કહેશો અને

જ્યાં કહેશો ત્યાં હું સેવા કરીશ.'' ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું: ''ગિરધરભાઈ ! ગઢપુરમાં શ્રીહરિના અંતિમ–સંસ્કાર કર્યા હતા, તે સ્થાને અમે મંદિર કરાવ્યું છે, તે હવે છોવરાવવું (પ્લાસ્ટર કરાવવું) છે. માટે તેની સેવા તમે કરો.''

હે ભક્તો ! સ્વામીની વાત સાંભળી તુરંત ગિરધરભાઈએ કહ્યુ: ''સ્વામી ! તમે ગઢપુર જઈ મંદિરમાં પ્લાસ્ટર–ચૂનો વગેરે જે કાંઈ કરાવવું હોય તે બધું જ કરાવો, જેટલો ખર્ચ થશે તે બધો હું આપીશ.'' આવું સાંભળી સ્વામી બહુ રાજી થયા અને બોટાદથી સંતમંડળ લઈ બીજા દિવસે ગઢપુર ગયા. ત્યાં જઈ ભાવનગરથી અને જામનગરથી કડિયા બોલાવીને મંદિર છોવરાવ્યું; તેના કારણે તે મંદિર ચાંદી જેમ ચમકવા લાગ્યું ! પછી બોટાદથી યજમાન ગિરધરભાઈ ગઢડા આવ્યા અને જે ખર્ચ થયેલો તે બધો જ ચૂકવી દીધો.

પછી ગિરધરભાઈએ સ્વામીને કહ્યું: ''મારી ઈચ્છા છે કે, 'અહીં લક્ષ્મીવાડીમાં રસોઈ કરાવી સર્વે સંતો–પાર્ષદો, બ્રહ્મચારીઓ અને કડિયાઓને જમાડો. એનો ખર્ચ પણ હું આપી દઈશ.'' સ્વામીએ તેમની ભાવના મુજબ બીજા દિવસે ત્યાં ઠાકોરજીનો થાળ બનાવડાવ્યો અને સ્વામીએ જાતે સૌને પીરસી ખૂબ રાજી કર્યા. ત્યારબાદ સૌ ''શ્રીજી મહારાજની બેઠક'' છે, ત્યાં છત્રીએ ગયા અને સભા કરી સ્વામી કથા કરવા લાગ્યા.

હે ભક્તો ! એ સમયે ગિરધરભાઈને નિત્યાનંદ સ્વામી કહેવા લાગ્યા: ''ભગત ! તમારી ઉંમર ૪૫ વર્ષની થઈ ગઈ છે, છતાં તમારે ત્યાં કોઈ સંતાન નથી થયું; પરંતુ તમોએ નિ:સ્વાર્થભાવે આ સેવા કરી છે, માટે અમો શ્રીહરિને પ્રાર્થના કરીને રાજી થઈને તમને આશીર્વાદ આપીએ છીએ કે, 'તમારે ત્યાં એક સંસ્કારી પુત્ર થશે. શ્રીજી મહારાજ તમને એક સારો પુત્ર આપશે અને તે મહારાજનો સારો ભક્ત થશે.''

આ પ્રમાણે રાજી થઈને સ્વામીએ આશીર્વાદ આપ્યા. પછી ગિરધરભાઈ બોટાદ ગયા. સમય જતાં તેમનાં પત્નીને કૂખે સ્વામીના આશિષથી એક ગુણિયલ સુપુત્રનો જન્મ થયો અને તેનું નામ મણીલાલ રાખવામાં આવ્યું હતું. તે મણીલાલ મોટા થયા પછી શ્રીજી મહારાજના ગુણિયલ અને એકાંતિક ભક્ત બન્યા હતા.

## પ્રસાદીની વસ્તુઓનો સંગ્રહ

હે ભક્તો ! નિત્યાનંદ સ્વામી શ્રીહરિ આગળ ઘણીવાર કથા વાંચતા હતા તેમજ શાસ્ત્રોના ગહન અર્થો ઉકેલતા હતા; તેના કારણે શ્રીહરિ તેમની ઉપર રાજી થઈને પોતાનાં ચરણારવિંદ, વસ્ત્રો, મોજડી, ચાખડી અને ટોપી વગેરે અવાર-નવાર પ્રસાદીની વસ્તુઓ આપતા હતા. તેને સ્વામી સાચવી રાખતા હતા. બીજા સંતો-ભક્તોને પણ પ્રગટ પ્રભુ પ્રસાદીની વસ્તુઓ આપતા હતા, પણ બધા રાખી મૂકતા નહિ. કીમતી વસ્તુ હોય તો બ્રાહ્મણ વગેરેને દાનમાં આપી દેતા અને જરૂરીયાત હોય તો પોતે પણ વાપરી નાખતા, પરંતુ પ્રસાદીનું જાણી સંગ્રહ કરવાની શરુઆત થઈ ન હતી.

હે ભક્તો ! એકવાર વડતાલમાં સંતોને ભણાવવા માટે એક રામાનુજ સંપ્રદાયના પંડિતને રાખેલા. તેમની પાસે તેના ગુરુનો કોપીનનો આડબંધ હતો. (કમરે વીટવાની જાડી દોરી અથવા માલકાંકમી વેલાની લાંબી ડાળી. જેને કમરે બાંધી શકાય છે.) તેને તે પંડિત સવારમાં પાણીમાં બોળીને તે પાણી દરરોજ પીતા. નિત્યાનંદ સ્વામીએ આ જોયું અને તેના વિષે માહિતી મેળવી.

આવું જોઈને સ્વામીને વિચાર આવ્યો : ''અરે ! આ પંડિતને એના ગુરુની પ્રસાદીની વસ્તુ પ્રત્યે આટલો બધો મહિમા અને આદર છે, તો પછી મને તો સર્વાવતારી-સર્વોપરી પુરુષોત્તમ નારાયણ પ્રત્યક્ષ મળ્યા છે. તેમની પ્રસાદીભૂત વસ્તુઓ વિશ્વમાં અજોડ, અદ્વિતીય અને અનેકનાં કલ્યાણ કરનારી છે, માટે તેનો સંગ્રહ તો કરવો જ જોઈએ.''

આ પ્રમાણે વિચાર કરીને પછી તેમણે મોટા મોટા સદ્ગુરુ સંતોને આ વાત કરીને શ્રીહરિની દરેક વસ્તુઓ પ્રસાદીની જાણી સંગ્રહ કરવાનું કહ્યું. પછી દરેક સંતોએ હરિભક્તોને પણ પ્રસાદીની વસ્તુઓ રાખી મૂકવાની પ્રેરણા કરી. પછી તો શ્રીહરિજી રાજી થઈને કોઈપણ નાની-મોટી વસ્તુ સંતો-ભક્તોને આપતા, એટલે તેઓ બહુમૂલ્ય મણીની જેમ રાખવા લાગ્યા.

હે ભક્તો ! સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામીની પ્રેરણા અને પ્રોત્સાહનના કારણે પછી તો આખા સંપ્રદાયમાં પ્રસાદીની વસ્તુઓનો સંગ્રહ થવા લાગ્યો. એના કારણે ગામડે ગામડે અને હરિભક્તોનાં ઘેર ઘેર પ્રસાદીની વસ્તુઓનાં દર્શન થતાં હતાં. પછી સમય જતા વડતાલ ગાદીના ત્રીજા આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે હરિભક્તોનાં ઘેર ઘેર પધરામણીઓ કરી પ્રસાદીની વસ્તુઓની માંગણી કરી, તેથી ઉદાર દિલ હરિભક્તોએ પોતાની પાસે રહેલ પ્રસાદીની વસ્તુઓ મહારાજશ્રીને ભેટ આપી. પછી તે બધી પ્રસાદીની વસ્તુઓનાં સર્વોને દર્શન થાય એ હેતુથી આચાર્ય મહારાજે વડતાલમાં અક્ષરભૂવન બનાવડાવ્યું અને તેમાં પ્રસાદીની દરેક વસ્તુઓ પધરાવવામાં આવી. આજે આપણને તેનાં દર્શન થાય છે.

હે ભક્તો ! જેમ વડતાલ ધામમાં વિહારીલાલજી મહારાજે પ્રસાદીનું સંગ્રહ–સ્થાન બનાવડાવ્યું – એ જ રીતે ગઢપુરમાં પણ પ્રસાદીનું સંગ્રહસ્થાન બનાવવામાં આવેલ છે. એ જ પ્રમાણે જૂનાગઢ–ધોલેરા–અમદાવાદ–ભુજ વગેરે મોટાં મોટાં મંદિરોમાં પણ શ્રીજી મહારાજની પ્રસાદીનાં દર્શન થાય છે. થોડાં વર્ષો પહેલાંની વાત કરું તો અમદાવાદ દેશના નિવૃત્ત આચાર્ય તેજેન્દ્રપ્રસાદજી મહારાજે પણ અમદાવાદમાં ''શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ''ની સ્થાપના કરી પ્રસાદીની વસ્તુઓ વ્યવસ્થિત ગોઠવાવી સૌને દર્શનનો લાભ મળે એ રીતે રાખેલ છે. હે ભક્તો, પ્રસાદીની વસ્તુઓનાં દર્શન કરવાથી ભગવાનનાં દર્શન તૂલ્ય ફળ મળે છે, માટે કોઈના ઘેર કે મંદિરે જ્યાં પણ પ્રસાદીની વસ્તુઓ દેખાય તુરંત મહિમાથી દર્શન કરજો.

## વડતાલમાં વિદ્વાને પૂછેલ પ્રશ્ન

હે ભક્તો ! વડોદરામાં મહામુક્તરાજ મુક્તાનંદ સ્વામીને પંડિતોએ જેવો પ્રશ્ન પૂછ્યો હતો, એવો જ પ્રશ્ન વડતાલની અંદર મુક્તરાજ નિત્યાનંદ સ્વામીને પણ પૂછ્યો હતો તે સાંભળો. એકવાર વડતાલધામમાં નિત્યાનંદ સ્વામી પાસે એક વિદ્વાન બ્રાહ્મણ આવ્યા. તેઓ દેવનાં દર્શન કરીને સંતોની ધર્મશાળામાં ગયા. ત્યાં જઈને જોયું

ત્યાંતો સેંકડોની સંખ્યામાં સંતોને જોયા ! તેથી તેમણે નિત્યાનંદ સ્વામીને પૂછ્યું: ‘‘તમારે કેટલા શિષ્યો છે ?’’ ત્યારે સ્વામીએ કહ્યું: ‘‘અમારા સંપ્રદાયમાં તો અલગ અલગ મોટા સદ્‌ગુરુઓના કુલ મળી ત્રણ હજાર ત્યાગીઓ છે ! જો તમે મારું પૂછતા હો તો મારે સાઠ શિષ્યો છે !

આવું સાંભળી તે વિદ્વાને ફરીને સવાલ કર્યો: ‘‘સ્વામીજી ! અમે મોટા મોટા ભાષણો કરીએ છીએ, પરંતુ કોઈને વૈરાગ્ય થતો નથી, પણ તમારી પાસે વાતો સાંભળવાથી મુમુક્ષુઓને વૈરાગ્ય ઉત્પન્ન થાય છે અને પછી તે ઘરબારનો ત્યાગ કરી ત્યાગી થઈ જાય છે તેનું શું કારણ છે ? એ મને સમજાવો.’’ પંડિતનો પ્રશ્ન સાંભળી નિત્યાનંદ સ્વામી કહેવા લાગ્યા: ‘‘પંડિતજી ! હું એક દૃષ્ટાંત આપીને સમજાવું છું તે તમે સાંભળો.

જ્યારે વરસાદ વરસે અને જમીન પલળી જાય, એ સમયે પલાળેલ બીજ જમીનમાં રોપવામાં આવે તો તુરંત તે બીજમાંથી અંકુર ઉત્પન્ન થાય અને થોડા દિવસ પછી તેનું છોડમાં રૂપાંતર થઈ જાય છે, પરંતુ તે બીજને શેકીને વાવવામાં આવે તો તે ઉગે નહિ. – તેમ તમે ભાષણ કરો છો – ઉપદેશ આપો છો, તે પૈસાની ઈચ્છાથી તેમજ લોકમાં પ્રસિદ્ધ થવા માટે કરો છો, તેથી તમારી કથા–વાર્તાની શ્રોતાઓ ઉપર કોઈ અસર થતી નથી. અને અમે જે કથા–વાર્તા કરીએ છીએ તે નિઃસ્વાર્થભાવે કેવળ જીવના કલ્યાણ માટે જ કરીએ છીએ, તેથી અમારી વાતોને સાંભળીને મુમુક્ષુઓને વૈરાગ્ય થાય છે.

## ગોપાળાનંદ સ્વામીને સંદેશ

હે ભક્તો ! વડતાલધામમાં સંવત્ ૧૯૦૬ ની સાલમાં યોગીરાજ ગોપાળાનંદ સ્વામીએ અતિ માંદગી ગ્રહણ કરી, તેના કારણે સત્તાવીશ ઉપવાસ થયા !! તે સમયે રૂંવાદ (કાનમ પ્રદેશ) ગામમાં ઉપેન્દ્રાનંદ સ્વામી સંતો સહિત કથા–વાર્તા કરવા ગયેલા. તેઓ સાંજે કથા–વાર્તા કરીને સૂતા હતા ત્યારે આકાશવાણી થઈ: ‘‘ઉપેન્દ્રાનંદ સ્વામી ! તમે વડતાલ જાઓ, ત્યાં ગોપાળાનંદ સ્વામી બીમાર છે.’’ આ અદૃશ્ય પ્રકાર ચાર વખત થયો ! તેથી સ્વામી દરવાજો ખોલી બહાર જોવા લાગ્યા, પરંતુ કોઈ દેખાયું નહિ. પછી ઉપેન્દ્રાનંદ સ્વામીએ મનોમન નક્કી કર્યું કે,

'શ્રીજી મહારાજે જ આકાશવાણી દ્વારા મને જણાવ્યું છે.' પછી પોતાનું સંતમંડળ લઈ રૂંવાદથી વડોદરા વાડી મંદિરમાં આવ્યા.

હે ભક્તો ! વડોદરા મંદિરે દેવોનાં દર્શન કરીને સૌ સંતો નિત્યાનંદ સ્વામીનાં દર્શન કરવા ગયા. સ્વામીને દંડવત પ્રણામ કરીને ઉપેન્દ્રાનંદ સ્વામીએ સર્વે વાત કરી. તે સાંભળીને નિત્યાનંદ સ્વામીના શિષ્યોએ કહ્યું: ''ગુરુદેવ ! ગોપાળાનંદ સ્વામી માંદા છે, તેથી અમારે પણ તેમને જોવા (ખબર કાઢવા) જવું છે, માટે જવાની રજા આપો.''

આવું સાંભળીને નિત્યાનંદ સ્વામીએ પોતાના શિષ્યોને કહ્યું: ''સંતો ! તમે મારા વતી વડતાલ સ્વામીનાં દર્શન કરી આવો. તથા મારો એક સંદેશો ગોપાળાનંદ સ્વામીને આપીને કહેજો કે, ''નિત્યાનંદ સ્વામીએ કહેવડાવ્યું છે કે, 'સત્તાવીશ ઉપવાસ કર્યા છે, તેની પૂર્ણાહુતિ કરીને અનાજ જમવાનું શરુ કરજો ! અને રઘુવીર વાડીમાં ભાવાનંદ સ્વામી તથા ધામાનંદ સ્વામીએ તમારા માટે સુકાયેલા તુલસી અને સુકાયેલાં ચંદનનાં લાકડાં રાખી મૂક્યાં છે, તે તમારે કામમાં નહિ આવે, પણ મારે કામમાં આવશે ! કારણ કે તમારા પહેલાં હું ધામમાં જવાનો છું, માટે એ કાષ્ટથી મારો અગ્નિસંસ્કાર કરજો. !''

હે ભક્તો ! પછી સ્વામીનો સંદેશો લઈને ઉપેન્દ્રાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામીના શિષ્યો વડોદરાથી વડતાલ આવ્યા. પ્રથમ દેવનાં દર્શન કરીને પછી સ્વામીના આસને જઈ ગોપાળાનંદ સ્વામીને સર્વે સંતોએ દંડવત કર્યા અને નિત્યાનંદ સ્વામીએ જે સંદેશ આપ્યો હતો તે કહી સંભળાવ્યો. સમાચાર સાંભળી ગોપાળાનંદ સ્વામી બોલ્યા: ''નિત્યાનંદ સ્વામીને મારા પહેલાં ધામમાં જવાની ઈચ્છા છે, તો ભલે જાય; અમો હમણાં ધામમાં જવાનું બંધ રાખીએ છીએ.''

આ પ્રમાણે કહીને સ્વામીએ પોતાના શિષ્ય સેવક પુરુષાનંદ સ્વામીને બોલાવીને કહ્યું: ''સાધુરામ ! રાબ કરીને લાવો, મારે પીવી છે.'' પોતાના ગુરુદેવ ૨૭ દિવસથી કાંઈ જમ્યા ન હતા અને સામે ચાલીને જમવાનું માગ્યું

એટલે પુરુષાનંદ સ્વામી અતિશય રાજી થયા અને તુરંત જ રાબ બનાવીને લાવ્યા. પછી સ્વામીએ પીધી અને જમવાનું પણ શરુ કરી દીધું ! અર્થાત્ ધામમાં જવા માટે મંદવાડ ગ્રહણ કર્યો હતો તેને સ્વેચ્છાથી છોડી દીધો!

હે ભક્તો ! આ પ્રસંગમાં બન્ને સંતોની અતિ આત્મીયતા જણાઈ આવે છે. ગોપાળાનંદ સ્વામીની સમર્થતા તો જગજાહેર છે જ, પણ આ પ્રસંગથી સ્પષ્ટ જણાય છે કે નિત્યાનંદ સ્વામીમાં પણ કેટલી શક્તિ હતી કે કોઈ પણ રોગ ન હોવા છતાંય તેમણે અગાઉથી કહી દીધું કે, 'મારે ગોપાળાનંદ સ્વામી પહેલાં ધામમાં જાવું છે.' અને એ પ્રમાણે કરી પણ બતાવ્યું; એ પ્રસંગ હું આપને જણાવું છું, તેને એકાગ્રતાથી સાંભળો અથવા વાંચો. મહાપુરુષો ભગવાનની જેમ જન્મ ધારણ કરવામાં સમર્થ હોય છે – એ જ પ્રમાણે ધામમાં જવા પણ સમર્થ હોય છે. ગોપાળાનંદ સ્વામીએ મૃત્યુને (કાળને) પાછું ધકેલ્યું, જ્યારે નિત્યાનંદ સ્વામીએ મૃત્યુને અગાઉ બોલાવી સ્વીકાર કર્યો !

## સ્વામીનો અંતિમ ઉપદેશ અને ધામગમન

હે ભક્તો ! મહામુક્ત નિત્યાનંદ સ્વામીને યોગીવર્ય ગોપાળાનંદ સ્વામી પહેલાં ધામમાં જવું હતું એટલે તેઓ વડોદરાથી વડતાલ પધાર્યા અને સંવત્ ૧૯૦૮ ના માગસર સુદ આઠમના રોજ માંદગી ગ્રહણ કરી ! અર્થાત્ ભૌતિક દેહનો ત્યાગ કરીને શ્રીહરિજી મહારાજની પાસે અક્ષરધામમાં જવાની તૈયારી કરી. તે સમયે ગોપાળાનંદ સ્વામી – શુકાનંદ સ્વામી – બ્રહ્મચારી અખંડાનંદજી – બ્ર. નારાયણાનંદજી – શૂન્યાતીતાનંદ સ્વામી – પવિત્રાનંદ સ્વામી – ભૂમાનંદ સ્વામી અને અક્ષરાનંદ સ્વામી વગેરે તમામ મોટા સંતો અને આચાર્ય રઘુવીરજી મહારાજ તથા પાર્ષદ શવાજી અને રતનજી આદિક પાર્ષદો તેમજ અનેક હરિભક્તો એ સહુ આવીને સ્વામી પાસે બેઠા.

હે ભક્તો ! નિત્યાનંદ સ્વામી જેવા સત્સંગના સ્તંભ હવે સત્સંગને છોડીને ધામમાં જવા તૈયાર થયા છે, એવું જાણીને સૌ સંતો–ભક્તો ઉદાસ થઈ ગયા. ત્યારે સ્વામીએ સૌને ધીરજ આપી. પછી આત્માનંદ સ્વામી પાસે સ્વામીએ સત્સંગિજીવનની કથા વંચાવી પ્રગટ પ્રભુનાં ચરિત્રોને હૈયામાં ધારવા લાગ્યા. પછી બીજા દિવસે પણ સૌ સંતો–

ભક્તો વગેરે આવીને નિત્યાનંદ સ્વામી પાસે બેઠા. તે સમયે કીર્તનો ગાતાં ગવૈયા સંતોને સ્વામી ઉપદેશનાં વચનો કહેવા લાગ્યાઃ ''હે સંતો ! આ મારો તમને છેલ્લો ઉપદેશ છે, તેથી તેને એકાગ્રતાથી સાંભળજો. તમે જ્યારે કીર્તનો બોલો ત્યારે શ્રીહરિની મૂર્તિ હૈયામાં ધારી સ્મૃતિ સાથે કીર્તન-ભક્તિ કરવી તે શ્રેષ્ઠ છે.''

નિત્યાનંદ સ્વામી કહે છે : ''હે સંતો ! રસિક કીર્તન ગાય અને મનમાં ભૂંડા સંકલ્પ થાય તો તેનું અતિશય પાપ લાગે છે; તેણે કરીને જન્મ-મરણ તથા લખચોરાશીનાં દુઃખ ભોગવવાં પડે છે, માટે બીજાને રીઝવવા રસિક કીર્તનો ગાવાં તે વેશ્યાના જેવી ભક્તિ કહેવાય છે. સંતો-ભક્તોની તે રીત નથી. સંતોએ તો શ્રીહરિનું ધ્યાન ધરી કીર્તનો ગાવવાં અને ઉપદેશ કરવો.''

હે ભક્તો ! સ્વામીએ આ રીતે સંતોને સદ્‌બોધ આપીને પછી આચાર્યશ્રી રઘુવીરજી મહારાજને કહ્યુંઃ ''મહારાજશ્રી ! મતવાદીઓ જે દ્વેષ કરતા હતા તે હવે શાંત થઈ ગયા છે. હવે કોઈ દ્વેષી લોકો સંપ્રદાયને તોડી પાડવા દ્વેષ નહિ કરે એવો અમે આશીર્વાદ આપીએ છીએ. આપણો સંપ્રદાય ધીરે ધીરે આખા વિશ્વમાં વૃદ્ધિ પામશે. તમને શ્રીજી મહારાજે આ સંપ્રદાય સોંપ્યો છે, માટે તમે ઉદારતા રાખજો. કોઈનો તિરસ્કાર ન કરશો. મોટું મન રાખી સંતો-ભક્તો રાજી થાય તેમ રહેજો. કોઈનો કાંઈ અપરાધ હોય તો તેનો ન્યાય-નિર્ણય સંતોના પંચ પાસે કરાવજો. મોટું વર્તમાન કોઈ ત્યાગીએ લોપ્યું હોય તો તેનો નિર્ણય મોટા પાંચ સંતો પાસે કરાવજો. પછી તે સંતો તે સાધુને ધોળાં વસ્ત્રો પહેરાવી દે કે બીજો દંડ આપે એ નિર્ણય તે સંતોને કરવા દેજો.

''સંત પંચ તે દંડ ઠરાવે, ધોળાં વસ્ત્રો ગમે તો ધરાવે;
એવો દંડ ન કરવો તમારે, અપ્રીતિ તમ ઉપરે ધારે.
દીન પર નહી રાખશો રોષ, ક્ષમા કરજો અલ્પ હોય દોષ;
બની તો સજી સેવા તમારી, હવે તો એવી ઈચ્છા છે મારી.''

– (આચાર્યોદય, પ્રભવ : ૩૧)

હે ભક્તો ! આ પ્રમાણે આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજને ભલામણ કરીને નિત્યાનંદ સ્વામીએ કહ્યું: ''હે મહારાજશ્રી ! હે ગોપાળાનંદ સ્વામી ! હવે મારે ધામમાં જવું છે, માટે મને રજા આપો.'' એ સમયે શુકાનંદ સ્વામીએ સત્સંગિજીવન ઉપર કરેલી હેતુસંજ્ઞાટીકાનો ગ્રંથ તથા ગોપાળાનંદ સ્વામીએ રચેલું વ્યાસસૂત્ર ભાષ્ય આ બન્ને ગ્રંથો સ્વામી પાસે લાવીને મૂક્યા. પછી સ્વામીએ બન્ને ગ્રંથની પૂજા કરીને બન્ને સંતોને ધન્યવાદ આપ્યા.

હે ભક્તો ! નિત્યાનંદ સ્વામી જે સમયની રાહ જોતા હતા તે સમય આવી ગયો. સંવત્ ૧૯૦૮ ના માગશર સુદ એકાદશી અને ગુરુવાર તા. ૪–૧૧–૧૮૫૧ ના રોજ બપોરે વડતાલધામમાં સંતોની ધર્મશાળામાં નિત્યાનંદ સ્વામી પોતાના આસને ધ્યાનમગ્ન થઈ શ્રીહરિજીની દિવ્યમૂર્તિને અંતરમાં ધારીને ધ્યાનસ્થ બેસી ગયા. એ સમયે અચાનક તમામ સંતો–ભક્તોએ શીતળ–શાંત મોટો તેજનો સમૂહ જોયો !

''આવ્યા પ્રત્યક્ષ શ્રીભગવાન, દીસે તે સાથે દિવ્ય વિમાન;
જય સ્વામિનારાયણ કહીને, તજ્યું તન દિવ્ય દેહ ગ્રહીને.
બેઠા દિવ્ય વિમાનમાં સ્વામી, સાથે લઈ ગયા અક્ષરધામી;
દેહોત્તાર ક્રિયા સંતોએ કીધી, જ્ઞાનબાગ વિષે યથાવિધિ.''

– આચાર્યોદય : પ્રભાવ : ૩૧

હે ભક્તો ! તેજના સમૂહમાં પ્રત્યક્ષ મહારાજનાં દર્શન થયાં ! તે સમયે પંડિતવર્ય સદ્ગુરુવર્ય નિત્યાનંદ સ્વામીએ સૌને કહ્યું: ''મહારાજ મુક્તો સાથે પધાર્યા છે, માટે હું તેઓની સાથે જાવ છું; જય સ્વામિનારાયણ.'' આટલું બોલી ભૌતિક દેહનો ત્યાગ કરી દિવ્યદેહ ધારણ કરી સ્વામી શ્રીહરિ સાથે દિવ્ય વિમાનમાં બેસી અક્ષરધામમાં પહોંચી ગયા ! ત્યાર પછી સ્વામીના પાર્થિવ દેહને પાલખીમાં પધરાવી વાજતે–ગાજતે જ્ઞાનબાગમાં લઈ ગયા ત્યારે ગોપાળાનંદ સ્વામીએ પોતાના અગ્નિ–સંસ્કાર માટે રાખેલા તુલસી અને ચંદનનાં લાકડાં ભાવાનંદસ્વામી અને ધામાનંદસ્વામી પાસે રઘુવીર વાડીમાંથી મંગાવી લીધા અને તેના વડે નિત્યાનંદ સ્વામીનો અગ્નિ–સંસ્કાર કર્યો ! હાલ તે સ્થાન ઉપર પૂજ્ય સ્વામીની સ્મૃતિ માટે ઓટો કરેલ છે.

## દિવ્યરૂપે છપૈયા જન્મ સ્થાન બતાવ્યું

હે ભક્તો ! મુક્તરાજ નિત્યાનંદ સ્વામી અક્ષરધામમાં ગયા પછીય પણ મહાપ્રભુ શ્રીહરિજી તેમને પોતાની સાથે પૃથ્વી ઉપર દિવ્યદેહે ઘણીવાર લાવેલા છે. તેના બે પ્રસંગો હું આપની સમક્ષ રજૂ કરું છું. તે સાંભળીને ખ્યાલ આવે કે પ્રભુને સ્વામી સાથે કેટલું બધું હેત હશે ? આ પ્રસંગ સાંભળીને બાલપ્રભુ શ્રીહરિનું ઓરિજનલ જન્મસ્થળ કેવી રીતે મળ્યું એનો પણ ખ્યાલ આવી જશે ! તેથી પ્રાગટ્ય સ્થળનો મહિમા પણ વધશે.

હે ભક્તો ! બનેલું એવું કે, સંવત્ ૧૯૨૦ માં ઝાલાવાડ પ્રદેશના મુળીધામના સમર્થ સંત સદ્‌ગુરુ હરિનારાયણદાસજી સ્વામી પ્રગટ પ્રભુની પ્રાગટ્ય ભૂમિનાં દર્શન કરવા માટે છપૈયા ગામ ગયા હતા. ત્યાં નાના એવા ગામમાં નાનાં-મોટાં અનેક મકાનો જોઈને સ્વામી શ્રીહરિના જન્મ-સ્થાન વિષે ત્યાના તિવારી પરિવારના લોકોને પૂછ્યું. ત્યારે ઘનશ્યામ મહારાજના મામાના વંશજોએ અલગ અલગ ઓરડાઓ બતાવ્યા. કોઈએ કહ્યું કે આ ઓરડામાં ઘનશ્યામ બાબુ જન્મ્યા હતા તો કોઈએ બીજા ઓરડા બતાવ્યા.

હે ભક્તો ! પાકું પ્રમાણ કોઈ આપી શકતું ન હતું, એનું કારણ એ હતું કે, 'પ્રભુ પ્રગટ થયા એને ૮૩ (ત્યાંશી) વર્ષો વીતી ગયા હતા એટલે એક પેઢી બદલી ગઈ હતી ! પ્રત્યક્ષ જોનારા ત્યાં રહ્યા ન હતા. અને બીજું કારણ એ હતું કે, ઘનશ્યામ ફક્ત ત્રણ વર્ષના હતા, ત્યારે જ પિતા ધર્મદેવ છપૈયાનો ત્યાગ કરી પરિવાર સહિત અયોધ્યામાં રહેવા જતા રહ્યા હતા. પછી તો મામાને ઘેર ઘનશ્યામ ભક્તિમાતા સાથે જતા ત્યારે થોડા દિવસ રોકાઈ બાળલીલા કરી પાછા અયોધ્યામાં આવતા રહેતા. તથા ત્રીજું કારણ એ હતું કે એ સમયે ઘનશ્યામ મહારાજને છપૈયામાં કોઈ ભગવાન માનતું ન હતું, તેથી પ્રાગટ્ય-ભૂમિની યાદગીરી રાખવાની જરૂર પડી ન હતી. જો કે ઘનશ્યામ કાંઈ ચમત્કાર બતાવતા ત્યારે ભગવાન માનવા લાગતા, પણ પછી બાળક ભાવ આવી જતો. અથવા તો બાળપ્રભુ જ તેના ઉપર માયાનું આવરણ નાખી દેતા.

હે ભક્તો ! આવા કારણોને લીધે હરિનારાયણ સ્વામીને સંકલ્પો થવા લાગ્યા કે, ‘ખરેખર શ્રીજી મહારાજનું સાચું જન્મસ્થળ ક્યાં હશે ?’ આવા વિચારો કરતા હતા. એ સમયે જ તેમને શ્રીહરિજી અને મુક્તોની દિવ્યસભાનાં દર્શન થયાં ! અર્થાત્ મહારાજે જ તેમને આ રીતે દર્શન દીધાં ! એટલે સ્વામી મહારાજને દંડવત કરવા લાગ્યા. ત્યારે નિત્યાનંદ સ્વામીએ આવીને કહ્યું: ‘‘સાધુરામ ! તમને એમ સંકલ્પ થાય છે ને કે, ‘શ્રીજી મહારાજનું જન્મ–સ્થાન ક્યાં હશે ?’ તો ચાલો મારી સાથે તમને શ્રીહરિની પ્રાગટ્ય–ભૂમિ બતાવું. અમને શ્રીહરિએ જ પોતાની પ્રાગટ્યભૂમિ તમને બતાવવા માટે જ તમારી પાસે મોકલ્યા છે.’’

આ પ્રમાણે કહીને દિવ્યરૂપધારી નિત્યાનંદ સ્વામી હરિનારાયણ સ્વામીનો હાથ પકડીને એક નાના ખેતરમાં લઈ ગયા કે જ્યાં મકાઈના છોડ વાવેલા હતા ! એ સ્થાને જઈને જોયું તો ત્યાં શીતળ–શાંત એવો તેજનો સમૂહ જોયો અને તેમાં નાનકડા એવા ઘનશ્યામનાં દિવ્ય દર્શન થયાં ! ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું: ‘‘આ નાના એવા બાલુડા પ્રભુ દર્શન આપે છે – એ જ આપણાં મહારાજની પ્રાગટ્ય–ભૂમિ !’’ પછી તેઓને વિશેષ પૂછવા માટે હરિનારાયણ સ્વામી, નિત્યાનંદ સ્વામીનો હાથ પકડવા ગયા, ત્યાંતો સ્વામી અને શ્રીજી મહારાજ અંતર્ધાન થઈ ગયા !

હે ભક્તો ! પોતાના અંતરમાં અસલી જન્મ–સ્થળ જોવાની ઈચ્છાને મહારાજે દિવ્યરૂપે આવીને નિત્યાનંદ સ્વામી દ્વારા પૂરી કરી એ જોઈને હરિનારાયણ સ્વામીના અંતરમાં અતિશય આનંદ થયો. તુરંત તેઓ જ્યાં તેજોમયરૂપે બાળપ્રભુનાં દર્શન થયાં હતાં ત્યા જઈને તે સ્થાનમાં વાવેલી મકાઈ વાઢી નાખી અને ત્યાં તાત્કાલિક એક ઇંટોનો ઓટો કરાવી લીધો. પછી સૌ સંતો–ભક્તોને કહેવા લાગ્યા: ‘‘આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનની અસલ પ્રાગટ્ય ભૂમિ આ સ્થાન છે, માટે આ સ્થળે આવી મહિમાથી દર્શન કરવા. પછી સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ–સંતો અને હરિભક્તોને ખ્યાલ આવતા, બધા લોકો ગુજરાતમાંથી ત્યાં દર્શન કરવા જવા લાગ્યા.

હે ભક્તો ! હરિનારાયણ સ્વામીએ જ્યાં જન્મ-સ્થાન ઉપર ઓટો કરાવ્યો હતો, તે સ્થળમાં અમદાવાદના સમર્થ સંત પુરાણી નંદકિશોરદાસજી સ્વામીએ ભવ્ય રંગમહોલનું નિર્માણ કરાવ્યું, તેમજ તે સ્થળ ઉપર ઘનશ્યામ મહારાજની મૂર્તિનું સ્થાપન કરાવ્યું. એ પરમ પૂનિત સ્થળમાં આજે આપણને ઘનશ્યામ મહાપ્રભુનું દર્શન થઈ રહ્યું છે. હાલમાં ત્યાં ભવ્ય મંદિરનું નિર્માણ થયેલ છે.

હે ભક્તો ! આ પ્રમાણે અક્ષરધામમાંથી આવી મુક્તરૂપે પ્રગટ થઈ પૂર્ણ પુરુષોત્તમની કૃપાથી સદ્ગુરુવર્ય નિત્યાનંદ સ્વામીએ જાતે આવી હરિનારાયણ સ્વામીને પ્રાગટ્ય-સ્થળ બતાવી સ્વામિનારાયણ સંપ્રદાયની બહુ મોટી સેવા કરી છે, એ આપણે ક્યારેય ભૂલવું ન જોઈએ.

હે ભક્તો ! આ પ્રમાણે સ્વામીને શ્રીજી મહારાજે અનેકવાર પૃથ્વી ઉપર લાવી સંતો-ભક્તોને દર્શન કરાવ્યાં છે. જ્યારે કાશીમાં તથા ગ્વાલિયરમાં ઉત્તમાનંદ સ્વામીને પંડિતો સાથે શાસ્ત્રાર્થ થયો હતો, ત્યારે પણ શ્રીહરિએ નિત્યાનંદ સ્વામીને સાથે લઈ ઉત્તમાનંદ સ્વામીને દર્શન આપેલા અને શાસ્ત્રાર્થ વિષે સમજાવેલ.

હે ભક્તો ! પરમહંસોના અગ્રણી એવા મુક્તરાજ નિત્યાનંદ સ્વામી જેવા સદ્ગુણો આપણામાં પણ આવે એવી શ્રીહરિજી અને નિત્યાનંદ સ્વામીનાં પાવન ચરણોમાં પ્રાર્થના. મહાપ્રતિભા સંપન્ન અને મહારાજની સર્વોપરી-ઉપાસના દૃઢ પાળનારા સદ્ગુરુવર્ય નિત્યાનંદ સ્વામીનાં ચરણ કમળમાં કોટિ કોટિ વંદન.





## સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી એટલે..... ?

હે વહાલા સંતો અને હરિભક્તો !

શુકાનંદ સ્વામી એટલે ચરોતર પ્રદેશના ડભાણ ગામમાં પ્રગટ થયેલા સિદ્ધયોગી શુકદેવજી !

શુકાનંદ સ્વામી એટલે પ્રભાશંકરજીનાં ધર્મપત્ની સદાબાની કૂખે જન્મેલ જગન્નાથ વિપ્ર !

શુકાનંદ સ્વામી એટલે સ્વયં શ્રીહરિ દ્વારા સામૈયું કરીને ગઢપુર આવનારા પવિત્ર ભૂદેવ !

શુકાનંદ સ્વામી એટલે પ્રગટ પ્રભુ શ્રીહરિ દ્વારા બ્રહ્મચારીની દીક્ષા લેનારા ગોવિંદાનંદ બ્રહ્મચારી !

શુકાનંદ સ્વામી એટલે શ્રીહરિ દ્વારા બ્રહ્મચારીમાંથી સંતની દીક્ષા લેનારા યુવાન શુકમુનિ !

શુકાનંદ સ્વામી એટલે વિનય-વિવેક અને નમ્રતા વગેરે સદ્‌ગુણોના મૂર્તિમાન સ્વરૂપ !

શુકાનંદ સ્વામી એટલે સ્વામિનારાયણ ભગવાનની મરજી મુજબ રહેનારા આદર્શ સંત !

શુકાનંદ સ્વામી એટલે રાત-દિન જોયા વિના લેખનકાર્યમાં વ્યસ્ત રહેનારા શ્રદ્ધાવાન લહિયા !

શુકાનંદ સ્વામી એટલે પ્રગટ પ્રભુના અંગુઠાના તેજમાં ત્રણ વાર પત્ર લખનારા પરમહંસ !

શુકાનંદ સ્વામી એટલે સ્વયં શ્રીજીએ પોતાના જમણા હાથની ઉપમા આપેલ ઉત્તમ લેખક !

શુકાનંદ સ્વામી એટલે ઠંડીના કારણે સ્વયં પ્રભુ દ્વારા તપાડેલા એવા પ્રભુના કૃપાપાત્ર સંત !

શુકાનંદ સ્વામી એટલે પૂજામાં દંડવત કરવા ભૂલી ગયા હોવાના કારણે બીજી વાર પૂજા કરનાર મહાપુરુષ!

શુકાનંદ સ્વામી એટલે મહારાજના આશીર્વાદથી ભાગવતના અઢાર હજાર શ્લોક કંઠસ્થ બોલનારા સંત!

શુકાનંદ સ્વામી એટલે આણંદના જેઠા શુક્લના પિતા કૃષ્ણ શુક્લને જીવતા કરનારા સમર્થ સંત !

શુકાનંદ સ્વામી એટલે ઠાસરાના રામ ભટ્ટને વચન આપીને અંતકાળે તેડવા આવનારા સંત !

શુકાનંદ સ્વામી એટલે ગોમતીજી કિનારે મેંગણીના માનભાને કથા સંભળાવનારા ઉત્તમ વક્તા !

શુકાનંદ સ્વામી એટલે વચનામૃત સંપાદક ચાર સદ્‌ગુરુઓ માહિલા એક સદ્‌ગુરુ સંત !

## ઉંમર કરતાં સદ્‌ગુણોને પ્રાધાન્ય

''સદા શ્રીજી પાસે રહિ રહિ રહસ્યો સુણિ લિધાં,
દયા આણી વાણી વદિ સુજનને જ્ઞાન જ દિધાં;
સદા શાંતાકારં મહત ગુણવંતં મુનિવરં,
શુકાનંદ સ્વામી પ્રણમું પ્રતિપન્નં પ્રિયકરં.''

– હ.મૃત : ક.૧ વિ.૧

હે વહાલા સંતો–ભક્તો ! શુકાનંદ સ્વામી શ્રીહરિના કૃપાપાત્ર સદ્‌ગુરુ સંત હતા. વચનામૃત સંપાદક ચાર સદ્‌ગુરુઓમાં તેઓ એક છે. શ્રીહરિએ તેમને મોટા સદ્‌ગુરુ સંતોમાં સ્થાન આપેલ હતું. કારિયાણીના ત્રીજાં વચનામૃતમાં શ્રીજી મહારાજ સ્વયં કહે છે કે, ''આ શુકમુનિ બહુ મોટા સાધુ છે અને જે દિવસથી અમારી પાસે રહ્યા છે, તે દિવસથી એનો ચડતો ને ચડતો રંગ છે, પણ મંદ તો પડતો જ નથી, માટે એ તો મુક્તાનંદ સ્વામી જેવા છે.''

હે ભક્તો ! શ્રીહરિએ શુકમુનિને મુક્તાનંદ સ્વામી સાથે સરખાવી દીધા એ એક આશ્ચર્ય લાગે છે, કારણ કે આ વચનામૃત સંવત્ ૧૮૭૭ નું છે અને એ સમયે શુકાનંદ સ્વામી એકદમ યુવાન વયના હતા. ત્યારે સ્વામીની ઉંમર ૨૨ કે ૨૫ વર્ષની જ હતી અને સંતની દીક્ષા લીધી એને પણ ફક્ત પાંચ વર્ષ જ થયા હતા, તો પણ પ્રગટ પ્રભુએ એમને ગુરુવર્ય મુક્તાનંદ સ્વામીની ઉપમા આપી દીધી ! એનો અર્થ એ થયો કે સદ્‌ગુણોને – સંતત્વને અને સમજણને ઉંમર સાથે કે દીક્ષા સાથે કોઈ સંબંધ નથી.

ખીઝડો પચાશ વર્ષનો પૂરાતની હોય અને આંબો દશ વર્ષનો હોય, પરંતુ ખીઝડાને કેરી ન આવે, ભલે તે ૫૦ વર્ષની વયનો હોય, જ્યારે આંબાની ઉંમર ભલે દશ વર્ષની જ હોય, તો પણ કેરીઓ તો તેને જ આવે – એ જ રીતે સાધુ સમાજમાં પણ ઘણી જગ્યાએ જોવા મળે છે કે, ઘણા મોટી ઉંમરના હોય અને દીક્ષા પણ

૫૦ વર્ષથી લીધી હોય, પણ સદ્‌ગુણોમાં – સંતત્વમાં અને સમજણમાં ઝીરો હોય – જ્યારે અમુક નાની ઉંમરના સંતો ગુણે કરીને હીરો હોય ! યુવાન ઉંમરના સંતના જીવનમાં પણ એવું જોવા મળે છે કે, ઉંમર નાની હોય, દીક્ષા લીધી હોય એનાં થોડાં જ વર્ષો થયાં હોય તો પણ એની સાધુતા, સદ્‌ગુણો અને સમજણ બહુ ઉંચી હોય. – આ ન્યાય પ્રમાણે શુકાનંદ સ્વામીની વય યુવાન હોવા છતાંય પણ તેઓની સાધુતા સદ્‌ગુણો અને સમજણ જોઈને જ મહારાજે મુક્તાનંદ સ્વામી સાથે સરખામણી કરી હતી એમ માનવું જોઈએ.

હે ભક્તો ! શુકાનંદ સ્વામીની ઉંમર ભલે નાની હતી, પણ તેઓ ગુણથી મોટા હતા. તેમને સેવામાં શ્રદ્ધા, પ્રગટ પ્રભુમાં નિષ્ઠા, વિશ્વાસ, સમર્પણભાવ અને ભજન–ભક્તિ આદિક સર્વનો રંગ ચડતો ને ચડતો હતો. સ્વામી શ્રીહરિને બહુ વહાલા હતા. મહારાજની મરજીનું મૂર્તિમંત સ્વરૂપ હતા. સ્વામીનું જીવન સંતોને સાચું સંતપણું પણ શીખવાડે છે. સ્વામીનું જીવન ગંગાજીના પ્રવાહની જેમ અતિ નિર્મળ હતું.

## વચનામૃતમાં શુકાનંદ સ્વામી

હે ભક્તો ! સ્વામિનારાયણ મહાપ્રભુ અનેકવાર કહેતા હતા કે, ''ડભાણિયો આંબો, ડભાણિયો બળદ અને ડભાણિયા શુકમુનિ અમને બહુ કામ આવ્યા છે. આ શુકમુનિ તો અમારા હાથ–પગ છે.'' સ્વામીના સુંદર અને સ્વચ્છ અક્ષરોને કારણે મહારાજ તેમની પાસે જ સર્વે પત્ર–વ્યવહાર લખાવતા હતા. જો કે તેમાં મુખ્ય કારણ તો શ્રીહરિની અનુવૃત્તિ જ હતી, તો પણ સ્વામીના સુલેખનને પ્રાથમિકતા આપવી જ પડે.

હે ભક્તો ! શુકાનંદ સ્વામીના ગુજરાતી અને સંસ્કૃત ગદ્ય–પદ્યના શુદ્ધ જ્ઞાનના કારણે સાહિત્ય–સંપાદનની તેઓએ ઘણી સેવાઓ કરી છે. વચનામૃત અને સત્સંગિજીવન વગેરે ગ્રંથોનાં મૂળ લખાણો તથા સાંપ્રદાયિક બંધારણના ઘણા ખરડાઓ તેમના હસ્તાક્ષરમાં તૈયાર થયેલા છે. સ્વામિનારાયણ મહાપ્રભુનો પત્રવ્યવહાર પણ સ્વામી જ સંભાળતા હતા. એવા શ્રીજી મહારાજના જમણા હાથ સમા શુકાનંદ સ્વામીનું સાધુગુણ સંપન્ન વ્યક્તિત્વ વચનામૃત ગ્રંથમાં પણ જોવા મળે છે.

હે ભક્તો ! ગઢડા મધ્ય પ્રકરણનું ૬૬ મું વચનામૃત, ગઢડા અંત્ય પ્રકરણનું ૧૩ મું વચનામૃત, ગઢડા અંત્ય પ્રકરણનું ત્રીજું વચનામૃત અને વડતાલનું ૧૭ મું વચનામૃત આ વચનામૃતો વાંચતા ખ્યાલ આવે કે શુકાનંદ સ્વામી ઉંમરમાં અને દીક્ષામાં નાના હોવા છતાંય અધ્યાત્મ ગુણો તેઓમાં અધિક હતા, એના કારણે શ્રીજી મહારાજે ઉપરોક્ત વચનામૃતોમાં એમની ગણના મોટા સદ્‌ગુરુઓ સાથે કરીને મોટેરા સંત તરીકે તેમને પ્રશ્નો પૂછેલા છે. એનો અર્થ એ થયો કે શ્રીહરિ ઉંમર અને દીક્ષા કરતાં સદ્‌ગુણોને પ્રાધાન્ય આપે છે.

હે ભક્તો ! ગઢડા મધ્ય પ્રકરણનું ૪૦ મું વચનામૃત વાંચતા આપણને ખ્યાલ આવે કે, પ્રગટ પ્રભુ શ્રીહરિની દૈનિક ક્રિયાનાં દર્શન કરવામાં શુકાનંદ સ્વામી કેટલા બધા સજાગ રહેતા હશે કે, દરરોજ કરતાં એક દંડવત વધારે કર્યો તુરંત સ્વામીને ખ્યાલ આવી ગયો ! અહીં સ્વામીની એકાગ્રતા પૂર્વકની શ્રીહરિનાં દર્શન કરવાની રીત જોવા મળે છે. દરરોજ એક ને એક ક્રિયાનાં દર્શન યંત્રવત્ થઈ જવાની પૂરેપૂરી સંભાવના રહે છે, છતાં તેમાં મહિમા સાથે આવી એકાગ્રતા સહિત દર્શન કરવાં એ વિરલ બાબત છે. આવી એકાગ્રતાપૂર્વક જે દર્શન કરે છે, તેના ઉપર સારંગપુરનાં બીજાં વચનામૃત મુજબ શ્રીહરિનો રાજીપો વરસે છે અને એ રાજીપો લેતા હતા સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી !

હે ભક્તો ! શ્રીજી મહારાજની પ્રસન્નતાનો વિચાર પણ સ્વામીના અંતરમાં સદાય પ્રજ્વલિત રહેતો હશે જ, તેથી જ તો અમદાવાદનાં ત્રીજાં વચનામૃતમાં તેમણે છેલ્લે પ્રશ્ન પૂછ્યો છે કે, ‘જેને વિવેક અને સમજણ ન હોય તે ધણીને કેમ રાજી કરે ?’ આ બધી બાબત જોતા જણાઈ આવે છે કે, ‘મહારાજ કેમ કરીને રાજી થાય’, એ એક જ ધ્યેય શુકાનંદ સ્વામીને હતો.

## સ્વામીની નિખાલસતા - વિશ્વાસતા અને વિદ્વત્તા

હે ભક્તો ! શુકાનંદ સ્વામી ઉપર શ્રીજી મહારાજનો અપાર રાજીપો રહેતો હતો એનું એક બીજું પણ કારણ એ હતું કે, સ્વામી શ્રીજી મહારાજ આગળ ક્યારેય કપટ રાખતા નહિ, હંમેશાં નિખાલસપણે જ વર્તતા હતા. તેના

પૂરાવારૂપે ગઢડા અંત્ય પ્રકરણના ૨૮માં વચનામૃતમાં શ્રીજી મહારાજે જાહેરમાં જ પ્રશ્ન પૂછ્યો હતો કે, ‘‘તમે જેણે કરીને પાછા પડી જાઓ એવો તમારામાં કયો અવગુણ છે ?’’ ત્યારે બ્રહ્માનંદ સ્વામી, સુરાખાચર અને શુકાનંદ સ્વામી આ ત્રણેયે સભામાં જ કબૂલાત કરી : ‘‘હે મહારાજ ! માનરૂપ દોષ છે, માટે કોઈક બરોબરિયા સંત અપમાન કરે તો કાંઈક મૂંઝવણ થાય.’’

હે ભક્તો ! અહીં શુકમુનિનો પ્રસંગ ચાલે છે એટલે આપણે બ્રહ્માનંદ સ્વામી કે સુરાખાચરની વાત નહિ કરીએ; કેવળ શુકમુનિની જ વાત કરીશું. શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથમાં પણ શ્રીહરિ કહે છે કે, ‘‘નિષ્કપટપણું એ અમૃત સમાન ગુણ છે.’’ જે શુકાનંદ સ્વામીમાં જોવા મળે છે. અને એટલે જ તેમણે શ્રીહરિનો વિશ્વાસ પણ સંપાદિત કરી લીધો હશે. જેથી જાહેરમાં જ શ્રીહરિ મહાપ્રભુ તેમની કડક શબ્દોમાં આલોચના કરી શકતા.

હે ભક્તો ! ગઢડા મધ્ય પ્રકરણના ૩૧માં વચનામૃતમાં છેલ્લો પ્રશ્ન શુકમુનિએ પૂછ્યો, ત્યારે એનો જવાબ આપીને મહારાજ થોડા ગુસ્સે થઈને ઠપકાના સ્વરમાં બોલ્યા છે કે, ‘‘એવી રીતે વાર્તા અમે ઘણીક વાર કરી છે, પણ એનું મનન કરીને સારી પેઠે પોતાના અંતરમાં ઘેડ બેસારતા નથી એટલે શાસ્ત્રના શબ્દને સાંભળીને સમજણમાં ઠા રહેતો નથી. ને ઠાવકી ઘેડ બેસારી હોય તો એની સમજણ કોઈ દિવસ તે શબ્દને સાંભળવે કરીને ફરે નહિ; માટે આ વાર્તાને સારી પેઠે વિચારજો ને લખજો.’’

હે ભક્તો ! શુકાનંદ સ્વામી કેવળ લહિયા જ નહોતા, મોટા વિદ્વાન પણ હતા. પાંચ ગ્રંથ સંસ્કૃતમાં રચ્યાં છે અને ત્રણ ગ્રંથની સંસ્કૃતમાં ટીકા કરી છે. તેમજ સાત ગ્રંથની ગુજરાતીમાં પણ ટીકા કરી છે; પરંતુ અત્રે આપણે તેમની વિદ્વત્તાનાં દર્શન વચનામૃતમાં કરીશું. ગઢડા મધ્યના ૩૧ નો પ્રશ્ન એ સંપૂર્ણ તાત્ત્વિક પ્રશ્ન છે. એના ઉપરથી સ્પષ્ટ થાય છે કે તત્ત્વજ્ઞાનમાં પણ સ્વામી નંબર વન હતા.

હે ભક્તો ! વરતાલનાં ત્રીજાં વચનામૃતમાં પણ સ્વામીએ તર્કયુક્ત શ્રીજી મહારાજના ઉત્તરમાં આશંકા પણ ઉઠાવી છે. શ્રીહરિએ એમ કહ્યું કે, ‘‘જો માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ હોય ને આત્મનિષ્ઠા, ધર્મ ને વૈરાગ્ય

એ સામાન્યપણે હોય તો પણ કોઈ દિવસ એ ધર્મમાંથી પડે નહિ.'' અહીં પણ શુકમુનિની તાર્કિકતા તેમના પ્રશ્નમાં છલકાઈ ઊઠી અને તેઓ બોલ્યાઃ ''જ્યારે એક માહાત્મ્યે સહિત ભક્તિએ કરીને સંપૂર્ણ થાય ત્યારે એક ભક્તિ જ કેમ ન કહી ને ચાર વાનાં શા સારું કહ્યાં ?''

## સ્વામીની વિદ્વત્તા સાથે મુમુક્ષુતા

હે વહાલા વાચકો ! વિદ્વત્તા અને મુમુક્ષુતા આ બન્ને એક વ્યક્તિમાં સાથે રહી શકે એ લગભગ અશક્ય લાગે છે; કારણ કે મોટા ભાગે એવું દેખાઈ આવે છે કે જણાઈ આવે છે કે પછી જાણવા મળે છે કે, 'પંડિત થઈ ગયો એ પરિપૂર્ણ થઈ ગયો. કાશીમાં, અયોધ્યામાં, વૃંદાવનમાં, ઋષિકેશમાં અને દક્ષિણ ભારતમાં બહુ પંડિતો જોવા મળે છે, પરંતુ એ પંડિતો પ્રેમથી ભગવાનની ભક્તિ કરતા હોય એવું તો કોઈક સ્થાનમાં જ જોવા મળે છે. તેઓ નિર્માની થઈને સદ્‌ગુણી સંતોનો સમાગમ કરતા હોય એવું તો કોઈક જ પંડિતમાં જોવા મળતું હોય છે. – ત્યારે શુકાનંદ સ્વામી તો વિદ્વાન પણ છે અને મુમુક્ષુ પણ છે. તેઓની વિદ્વત્તા પણ મુમુક્ષુતા મૂલક હતી, એ આપણને વચનામૃતમાં જણાઈ આવે છે.

હે ભક્તો ! ગઢડા પ્રથમના ૨૦ માં વચનામૃતમાં શ્રીહરિએ જ પ્રશ્ન પૂછીને પછી પ્રભુએ જ એનો ઉત્તર કર્યો ત્યારે શુકમુનિએ તર્કસંગત આશંકા કરી છે કે, 'પોતાનું સ્વરુપ જોવું તે શું પોતાના હાથમાં છે ?'' આવો જ મુમુક્ષુતા મૂલક તર્કબદ્ધ પ્રશ્ન સ્વામીએ ગઢડા અંત્ય પ્રકરણનાં ૨૯ માં વચનામૃતમાં પૂછ્યો છે. જ્યારે શ્રીહરિએ કહ્યું કે, 'મંદ વૈરાગ્યવાળાને ત્યાગ કરવો યોગ્ય નથી, તીવ્ર વૈરાગ્યવાળાનો જ ત્યાગ દેહપર્યંત નભે છે.' ત્યારે શુકમુનિએ આશંકા કરી જે, 'હે મહારાજ ! એ મંદ વૈરાગ્યવાળો ત્યાગી છે તે સંત થકી ભગવાનના માહાત્મ્યની વાત સાંભળે ને પછી પોતે મનમાં વિચાર કરે તો શું એને તીવ્ર વૈરાગ્ય ન આવે ?...''

હે ભક્તો ! શુકમુનિના આવા મુમુક્ષુતાજન્ય પ્રશ્નો ઘણાં વચનામૃતમાં જોવા મળે છે. જેમ કે ગઢડા પ્રથમનાં

૫૪માં વચનામૃતમાં તેમણે જ પ્રશ્ન પૂછ્યો કે, ‘ગમે તેવો આપત્કાળ પડે ને પોતાના ધર્મમાંથી ન ખસે તે કયે લક્ષણે ઓળખાય ?’ ગઢડા અંત્ય પ્રકરણનાં ૨૪માં વચનામૃતમાં પણ આવો જ પ્રશ્ન પૂછ્યો છે કે, ‘‘આપણા સર્વે સંત વર્તમાનમાં રહે છે, તથાપિ એમને વિષે એવું કયું લક્ષણ છે જે, જેણે કરીને એમ જાણીએ જે એને આપત્કાળ પડશે તો પણ એ ધર્મમાંથી નહિ ડગે ?’’

હે ભક્તો ! શુકાનંદ સ્વામીએ અમુક પ્રશ્નો એવા પણ પૂછ્યા છે કે જેના ઉપર ચિંતન કરતાં સ્પષ્ટ સમજાય જાય કે જે વ્યક્તિ પ્રામાણિકપણે સાધના કરતી હોય તેને જ આવા પ્રશ્નો પૂછવાની ઈચ્છા થાય. જેમ કે ગઢડા અંત્યનાં ૩૪માં વચનામૃતમાં, ગઢડા અંત્યનાં ૩૫માં વચનામૃતમાં, લોયાનાં પ્રથમ અને ૧૧માં વચનામૃતમાં ઉત્તમ મુમુક્ષુને ઉપયોગી બને એવા પ્રશ્નો સ્વામીએ મુમુક્ષુ બનીને પૂછેલા છે. આ રીતે વચનામૃત ગ્રંથ દ્વારા પ્રાપ્ત શુકાનંદ સ્વામીનું શબ્દચિત્ર અનેક મુમુક્ષુઓને પ્રેરણાદાયી બનતું રહેશે.

હે ભક્તો ! ઘણા હરિભક્તો આપણા સત્સંગમાં સેવા, ભજન, ભક્તિ, નિષ્ઠા અને વિશ્વાસ વગેરે દૃઢ કરે છે, પરંતુ તેમનો કાયમ માટે ચડતો રંગ રહેતો નથી. થોડું મન ધાર્યું ન થાય તેમજ સત્સંગમાં અપમાન જેવું થાય એટલે મનમાં મુંઝાવા લાગે છે. પછી નેગેટીવ વિચારોમાં ચડી જાય અથવા બીજાના અવગુણ લેવા મંડે, તેના કારણે સત્સંગમાંથી પાછા પડી જતા હોય છે અને અમુક તો સત્સંગ છોડીને ચાલ્યા જઈ પોતાનો મોક્ષ બગાડી નાખતા હોય છે. આ રીતે જેના રંગ ચડ–ઉતર થતા હોય એવા તો સત્સંગમાં ઘણા છે; પરંતુ શુકાનંદ સ્વામીની જેમ જેનો છેલ્લા શ્વાસ સુધી એક સરખો ચડતો ને ચડતો રંગ રહેતો હોય એવા સંતો–ભક્તો તો શ્રીજી મહારાજના માળાના મણકા બની શકે છે – શ્રીહરિના હૈયાના હાર બની શકે છે.

હે ભક્તો ! વચનામૃતમાં શુકાનંદ સ્વામીના ૨૧ પ્રશ્નો છે. સંપ્રદાયના ઇતિહાસમાં આજીવન દાસત્વના દસ્તાવેજ જેવી જિંદગી જીવનારા સદ્‌ગુરુવર્ય શુકાનંદ સ્વામી શ્રીજી મહારાજના અતિ વહાલા સંતોમાં એક સંત હતા. તેઓ તીવ્ર વૈરાગ્યવાન હતા, તેના કારણે આ લોકનાં સુખ અને બ્રહ્માંડનાં સુખોને પણ તુચ્છ માનતા હતા.

કેવળ તુચ્છ માનતા ન હતા, પરંતુ તુચ્છ મનાઈ ગયા હતા; કારણ કે જે જે નર યા નારી સહજાનંદના આનંદમાં રહેતા શીખી જાય તેને પછી વિષયાનંદની જરૂર રહેતી નથી. પરમાત્મામાં અતિ અનુરાગ કરવાથી તેમનો આનંદ મળે છે અને તેથી પ્રભુ અતિ પ્રસન્ન થાય છે. આવા અનેક સદ્‌ગુણોથી શુકાનંદ સ્વામીએ પ્રગટ પ્રભુને પ્રસન્ન કર્યા હતા.

## સદાબાની કૂખે શુકદેવજી પધાર્યા

હે ભક્તો ! ભારતમાં ગુજરાત રાજ્ય સીમા પ્રદેશ હોવાથી મહત્ત્વનું ગણાય છે, એ જ રીતે ગુજરાતમાં ચરોતર પ્રદેશ પણ મહત્ત્વનો ગણાય છે. ચરોતર એ ગુજરાતનું નંદનવન છે. ચરોતરમાં જેટલાં વૃક્ષો છે, એટલાં ગુજરાતના કોઈ પ્રદેશમાં વૃક્ષો નથી. ચરોતર પ્રદેશમાં આરોગ્યની વૃદ્ધિ અને પુષ્ટિ કરે એવાં મીઠાં પાણીની અખૂટ જળ-સંપત્તિ છે. જાતજાતનાં ઝાડ અને ભાતભાતનાં ફૂલોથી મઘમઘતી વિપુલ વનરાજી, વેલો અને લતાઓ છે. જુદાં જુદાં પ્રકારના ખાદ્ય પાકો અને વેપારી પાકોથી લચી પડતાં ખેતરો શોભી રહ્યાં છે.

હે ભક્તો ! ચરોતર પ્રદેશની સૌથી મોટી વિશેષતા એ છે કે ત્યાં સ્વામિનારાયણ સંપ્રદાયની રાજધાની ગણાતું 'વડતાલધામ' છે ! આવા વડતાલની નજીક જ ડભાણ નામનું એક મોટું ગામ છે. ત્યાં સ્વામિનારાયણ મહાપ્રભુ અનેક વખત પધારેલા છે. આવા પવિત્ર ગામમાં વ્યાસ ભગવાનના પુત્ર અને પરીક્ષિત રાજાને ભાગવતની કથા સંભળાવી મોક્ષ કર્યો હતો એવા શ્રોત્રીય બ્રહ્મનિષ્ઠ શુકદેવજી મહારાજે જન્મ ધારણ કર્યો હતો. એ જ આપણા શુકમુનિ-શુકાનંદ સ્વામી.

હે ભક્તો ! સ્વામીના પૂર્વાશ્રમનાં માતા સદાબાનું પિયર વડોદરામાં હતું. પછી ઉંમર લાયક થતાં તેમનાં લગ્ન ડભાણ ગામના બ્રાહ્મણ પ્રભાશંકરભાઈ સાથે થયાં અને તેઓ સાસરે ગયાં. બન્ને ભગવાનનાં ભક્ત હોવાથી દરરોજ

લાલજીની પૂજા કરતાં હતાં. બન્ને પ્રગટ પ્રભુ માની સેવા–પૂજા કરતાં અને થાળ ધરાવી પછી જ પ્રસાદી અન્ન વગેરે જમતાં હતાં. આ રીતે બન્ને દંપતિ સંતોષી જીવન જીવી પ્રેમથી પ્રભુ–ભક્તિ કરીને આંગણે આવેલા સંતોની સેવા કરતા હતા.

હે ભક્તો ! ડભાણ ગામમાં જેસંગભાઈ પટેલ એક સજ્જન રહેતા હતા. તેઓએ પ્રભાશંકરજીને પવિત્ર બ્રાહ્મણ અને ભગવાનના ભક્ત જાણીને એક આંબો ભેટ આપ્યો. એટલે ઉનાળાની ઋતુમાં તેની કેરીઓનો રસ કાઢી સદાબા દરરોજ લાલજીને થાળમાં ધરાવી પ્રેમથી થાળ બોલીને જમાડતા હતા. પ્રભુ પણ તેમનો ભાવ જાણી દિવ્યરૂપે આવીને જમતા હતા. સદાબાને ભગવાનનો જેવો મહિમા હતો એવો પવિત્ર સંતોનો પણ મહિમા હતો.

હે ભક્તો ! એકવાર સદાબા ભજન કરીને સૂતા હતા. ત્યારે તેમને સ્વપ્ન આવ્યું. પછી જાગીને તેમણે પ્રભાશંકરજીને કહ્યું: ''આજે રાત્રીએ મને એવું સપનું આવ્યું કે, આપણાં ઘેર એક મોટા યોગી આવ્યા હતા. પછી તેમને મેં પ્રેમથી જમાડ્યા. તેથી તેમણે મને વરદાન આપ્યું: ''હે દેવી ! તમારે ઘેર થોડા દિવસોમાં સિદ્ધયોગી શુકદેવજીનો જન્મ થશે. એ તમારી અનેક પેઢીઓનો ઉદ્ધાર કરશે. પછી તેઓ જતા જતા બોલ્યા હતા કે, સદાબા! પુત્રના જન્મ પહેલાં તમારે એકવાર આપત્કાળ આવશે, પણ અમે તમારી રક્ષા કરીશું.''

હે ભક્તો ! પછી સમય જતા સદાબાના ઉદરમાં શુકદેવજી પધાર્યા ! તેના કારણે તેમણે ભજન–ભક્તિ કરવાનું અને કથા સાંભળવાનું વધારી દીધું; કારણ કે ગર્ભ–સંસ્કારના કારણે તે સંતાનનો જીવ બહુ બળીયો થતો હોય છે. આમ કરતા ગર્ભાવસ્થાના સાત માસ થયા ત્યાંતો તેમના પતિ પ્રભાશંકરજીને નાકમાં માલણ (ફોટકી) થઈ અને તે ફૂટી. આવી સામાન્ય બીમારીમાં જ તેઓનું અવસાન થઈ ગયું ! સદાબા ઉપર તો દુ:ખના ડુંગર તૂટી પડ્યા હોય એવો આપત્કાળ આવ્યો. પરંતુ શ્રીહરિજીએ તેઓના અંતરમાં ધીરજ પ્રેરી, તેથી તેમને સ્વપ્નમાં આવેલા યોગીના શબ્દો યાદ આવ્યા.

**હે ભક્તો ! જે સ્ત્રીના ઉદરમાં બાળક હોય અને એ સમયે તેના પતિનું મૃત્યુ થાય, ત્યારે એ સ્ત્રીની શું સ્થિતિ થાય એ તો જેને એનો અનુભવ થયો હોય એને જ ખબર પડે, પ્લાસ્ટિકની પેન એની વેદના લખવામાં વામણી પડે. પરંતુ પરમાત્માએ આપેલ ધીરજના કારણે તેમજ શાસ્ત્રોના શ્રવણને કારણે સદાબાને સમજણ દૃઢ થઈ હોવાથી આવેલ મોટા આપત્કાળને પાર કરી ગયાં. પછી નવ મહિના પૂણ થતાં જ સંવત્ ૧૮૫૨ ના શ્રાવણ સુદ પૂનમના પવિત્ર રક્ષાબંધનના દિવસે બપોરે સદાબાએ એક સંતાનને જન્મ આપ્યો એ જ આપણા શુકમુનિ અર્થાત્ સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી.**

નોંધ : હે ભક્તો ! શુકાનંદ સ્વામીના પિતાનાં નામ બાબતે અને જન્મની સાલ બાબતે થોડો ફેરફાર હોવાથી આપને જણાવું છું. પૂજ્ય જ્ઞાનજીવન સ્વામી કુંડળધામ લિખિત 'સંત-આખ્યાન' ગ્રંથમાં તેઓએ સ્વામીના પિતાનું નામ પ્રભાશંકરજી લખેલ છે અને સ્વામીનો જન્મ સંવત્ ૧૮૫૨ શ્રાવણ સુદ પૂનમ લખેલ છે. તથા નડિયાદના રમેશભાઈ પંડ્યા લિખિત 'ડભાણ માહાત્મ્ય' પુસ્તકમાં સ્વામીના પિતાનું નામ કીલા ભટ્ટ ઉર્ફે બાળા શાસ્ત્રી લખવામાં આવેલ છે તેમજ સ્વામીનો જન્મ સંવત્ ૧૮૫૫ માગશર વદ પાંચ લખેલ છે.

## સદાબાને વર્ણીપ્રભુનાં દર્શન અને ડભાણમાં યજ્ઞ

**હે ભક્તો ! જગન્નાથે (ભગવાને) પુત્ર આપ્યો હોવાથી સદાબાએ પુત્રનું નામ જગન્નાથ પાડ્યું. પછી જગન્નાથ જ્યારે અઢી વર્ષના થયા ત્યારે સદાબા પોતાના પિયર વડોદરા ગયાં. ત્યાં તેમને નીલકંઠવર્ણી પ્રગટ પ્રભુનાં દર્શન થયાં ! એ પ્રસંગ આપ સમક્ષ રજૂ કરું છું. સંવત્ ૧૮૫૫ ફાગણ સુદ આઠમે વર્ણીપ્રભુ વન-વિચરણ કરતાં વડોદરા પધાર્યા હતા. ત્યાં શહેરના મધ્યમાં આવેલ માંડવીના સોળ થાંભલા પૈકી બીજી હરોળના બીજા થાંભલાને ટેકે પ્રગટ પ્રભુએ વિરામ કર્યો. એ સમયે સાંજ થવા આવી હતી.**

હે ભક્તો ! નીલકંઠ પ્રભુનું અનોખું તેજ હતું. તે તેજસ્વી સ્વરૂપ જોઈને લોકોને અનેરું આકર્ષણ થયું, તેથી માંડવી દરવાજા આગળ લોકોની ભીડ થવા લાગી. એ ભીડ જોઈને સદાબાએ કોઈને પૂછ્યું: ''આટલા બધા લોકો કેમ ભેળા થયા છે ?'' ત્યારે બાજુવાળાં બહેને કહ્યું: ''આ માંડવીના થાંભલે કોઈ બાળયોગી આવ્યા છે, તેમના મુખ ઉપરનું તેજ જોઈને સૌ નરનારી તેમનાં દર્શન કરવાં આવી રહ્યાં છે.'' આવું સાંભળીને સદાબા પણ બાલાજોગીનાં દર્શન કરવાં ત્યાં આવ્યાં; કારણ કે માંડવીની બાજુમાં જ તેમનાં પિતાનું ઘર હતું. સદાબાએ આવીને જ્યાં વર્ણીરાજનાં દર્શન કર્યાં, ત્યાં અંતરમાં ઝબકારો થયો !

હે ભક્તો ! સદાબા મનોમન વિચારવા લાગ્યા: ''અરે ! મને જે યોગીએ સ્વપ્નમાં દર્શન આપ્યાં હતાં એ તો આ પોતે જ છે. મને શુકદેવજી સમાન પુત્ર થવાના આશીર્વાદ પણ આ બાળયોગીએ જ આપ્યા હતા !'' પછી તેઓ વર્ણીપ્રભુ પાસે જવા લાગ્યાં, પણ બહુ ભીડ હોવાથી નજીક જઈ શક્યા નહિ. એ સમયે અમીચંદ શેઠે વર્ણીરાજને ખીચડી જમવા આપી, એટલે પ્રભુ થોડી ખીચડી જમ્યા અને બાકીની પ્રસાદીરૂપે પાછી આપી. પછી તે ખીચડી લઈને અમીચંદ ઘેર ગયા અને પોતાનાં પત્નીને આપી. ત્યારબાદ તે ખીચડીનો પ્રસાદ જમવા માટે તેમણે પડોશમાં જ રહેતાં સદાબાને બોલાવ્યાં. પછી બન્નેએ તે પ્રસાદ ખાધો.

હે ભક્તો ! થોડા દિવસ પિયર રોકાઈને વડોદરાથી સદાબા ડભાણ આવ્યાં. ત્યાં તેઓ પોતાના બાળક જગન્નાથને સુસંસ્કાર આપી મોટો કરવા લાગ્યાં. હવે તો જગન્નાથ જાતે જ ઠાકોરજીની સેવા કરવા લાગ્યા અને ગામની શાળામાં અભ્યાસ પણ કરવા લાગ્યા. આઠ વર્ષની ઉંમર થઈ એટલે સદાબાએ જગન્નાથના ઉપવીત સંસ્કાર કરાવી જનોઈ ધારણ કરાવી સાચા અર્થમાં દ્વીજ બનાવ્યા. જગન્નાથને નાનપણથી સત્સંગીઓનો અને સંતોનો સાથ અને સમાગમ હોવાથી તેમને સત્સંગનો ખૂબ રંગ લાગી ગયો.

હે ભક્તો ! નવમાં વર્ષે જગન્નાથ સંધ્યા–ગાયત્રી તથા રૂદ્રમહિમ્ન સ્તોત્ર ભણતા હતા ત્યારે એક દિવસ સદાબાએ પૂછ્યું: ''બેટા જગન્નાથ ! તું મોટો થઈને શું ધંધો કરવા શીખીશ ?'' ત્યારે તેમણે કહ્યું: ''મા ! મોટો થઈને હું લખવાનો ધંધો કરીશ. ભગવાન જે લખવાની આજ્ઞા કરશે તે લખીશ.'' એમ કરતા કરતા જગન્નાથ ચૌદ વર્ષના થઈ ગયા. તે વર્ષે એટલે કે સંવત્ ૧૮૬૬ માં મહાપ્રભુ શ્રીહરિએ ડભાણમાં મોટો યજ્ઞ શરુ કરાવ્યો અને તેમાં હવિષ્યાન્ન હોમવા શ્રીહરિએ જગન્નાથ બાળકને પણ બેસાડ્યા.

આ યજ્ઞમાં લાખોની સંખ્યામાં સત્સંગીઓ–કુસંગીઓ આવ્યા હતા. આ યજ્ઞ પંદર દિવસ સુધી ચાલ્યો હતો. એક દિવસ યજ્ઞશાળામાં પ્રગટ પ્રભુ શ્રીહરિ પધાર્યા અને બાળ જગન્નાથ પાસે જઈને બોલ્યા: ''જગન્નાથ ! તારે હવે ક્યાં સુધી ઘરમાં રહેવું છે ?'' આ પ્રમાણે કહીને મહાપ્રભુ તળાવ પાસે મોટો મંડપ બાંધ્યો હતો ત્યાં પધાર્યા. પછી ઉતારે આવતા રસ્તામાં જગન્નાથ ભક્તનું ઘર આવ્યું. ત્યાં તેમનાં માતા સદાબા ઊભાં હતાં, તે મહારાજને પગે લાગ્યા. ત્યારે અંતર્યામી પ્રભુ બોલ્યા: ''સદાબા ! અમને ઓળખો છો ? સ્વપ્નમાં તમને જે યોગી આવ્યા હતા તે અમે છીએ.'' પ્રગટ પ્રભુની વાત સાંભળતાં જ સદાબાને સ્વપ્નનું દૃશ્ય દેખાયું અને વડોદરા માંડવીએ જે યોગીનાં દર્શન થયેલાં તે પણ યાદ આવ્યું, તેથી સદાબાનાં અંતરમાં આનંદનો ધોધ વહેવા લાગ્યો ! અને આંખોમાંથી આનંદનાં આંસુઓ વહેવાં લાગ્યાં.

## પ્રગટ પ્રભુને રાજી કરવા ઘરનો ત્યાગ

હે ભક્તો ! ડભાણનો યજ્ઞ પૂરો કરી શ્રીહરિ વડતાલ પધાર્યા. ત્યાં થોડા દિવસ રોકાઈને હરિભક્તોને દર્શન અને કથા–વાર્તાનું સુખ આપી ગામડાંઓમાં દર્શન દેતાં દેતાં ફરીને ડભાણ પધાર્યા. પછી ડભાણના વિદ્વાન બ્રાહ્મણ મયારામ ભટ્ટને બોલાવી પ્રગટ પ્રભુએ શ્રીમદ્ ભાગવતની કથા સાંભળી. અર્થાત્ વક્તા પાસે કથા વંચાવી. તે સમયે જગન્નાથ વિપ્ર પણ કથા સાંભળવા આવતા હતા.

હે ભક્તો ! મયારામ ભટ્ટજી કથા વાંચતા હતા ત્યારે શ્રીજી મહારાજે તેમને પ્રશ્ન પૂછ્યો, તેથી તેમણે સંતોષકારક જવાબ આપ્યો. તે સાંભળીને શ્રીહરિ તેમના ઉપર ખૂબ રાજી થયા. આવું જોઈને જગન્નાથ વિપ્રને પણ વિચાર આવ્યો: ''હું પણ સંસ્કૃત ભાષાનો વિશેષ અભ્યાસ કરીને વિદ્વાન બનું અને શ્રીજી મહારાજની સમક્ષ કથા વાંચું. પછી મહારાજ પણ મને પ્રશ્ન પૂછે અને હું ઉત્તર આપું, તેથી મહારાજ પણ મારા ઉપર અતિ રાજી થાશે.'' આ પ્રમાણે વિચાર કરીને પોતાનો સંકલ્પ સફળ થાય એ માટે તેઓ મનોમન પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યા.

હે ભક્તો ! જાણે કે તેઓની પ્રાર્થના પ્રભુએ તરત જ સાંભળી અમલ કરવાના હોયને શું ? એમ પ્રગટ પ્રભુ બોલ્યા: ''હે સંતો ! અમારે ભણેલો-ગણેલો હોશિયાર યુવાન જોઈએ છીએ, કોઈ નજરમાં હોય તો કહેજો.'' મહારાજની વાણી સાંભળી સંતોએ તરત જગન્નાથને બતાવીને કહ્યું: ''મહારાજ ! આ છોકરો યુવાન થવાની તૈયારીમાં જ છે. પવિત્ર બ્રાહ્મણનો બાળક છે અને સંતો સાથે અને સત્સંગીઓ સાથે હળમળી ગયેલ છે, તેથી આપની સાથે પણ ફાવી જશે. આ જગન્નાથ આપણા સત્સંગના નિયમો પણ જાણે છે.''

ત્યારે શ્રીહરિજીએ તેમને પૂછ્યું: ''જગન્નાથ ! અમારી સાથે રહેવા માટે આવવું છે ?'' તુરંત તેમણે હા કહી દીધી અને મનોમન રાજી થઈ ગયા; કારણ કે એવું તો એ ઈચ્છતા જ હતા. પછી મહારાજે કહ્યું: ''જગન્નાથ! અમારે અનેક ગામડાંમાં સત્સંગી ભક્તોને દર્શન દેવા જવાનું છે, એટલે તમે થોડા દિવસ પછી ગઢપુર આવજો, ત્યાં સુધીમાં અમો ગઢપુર પહોંચી જશું.''

આ પ્રમાણે કહીને શ્રીહરિજીએ ભાગવતજીની કથાની પૂર્ણાહુતિ કરાવી કથાના વક્તા ડભાણના મયારામ ભટ્ટને દક્ષિણા આપી પૂજન કરી – ધોતિયાં ઓઢાડી ડભાણથી નીકળી ચરોતરનાં અને ભાલપ્રદેશનાં સત્સંગિઓનાં ગામડાંઓમાં રોકાઈને દર્શન દેતાં દેતાં થોડા દિવસ પછી ગઢપુર પહોચ્યા.

હે ભક્તો ! આ બાજુ ડભાણ ગામમાં રહેલા જગન્નાથ વિપ્રને શ્રીહરિનાં દર્શન કરવાની અને પ્રગટ પ્રભુની સેવા કરવાની તીવ્ર લગની લાગી. તેથી તેઓને હવે ઘર–ગામ અને સંસાર દાવાનળ જેવો લાગવા લાગ્યો. તેના કારણે ઘરમાં રહેવું ગમતું નથી અને ગામમાં રહેવું પણ ગમતું નથી. તેથી તેમણે ચૌદ વર્ષની ઉંમરે ઘરનો ત્યાગ કરી દીધો ! અને ચાલતા ચાલતા બોટાદ ગામ આવ્યા.

## શ્રીહરિ સામૈયું લઈને સામા આવ્યા

હે ભક્તો ! પ્રથમવાર જ જગન્નાથજી કાઠિયાવાડમાં આવ્યા છે, એટલે તેમણે ગઢપુરનો રસ્તો પણ જોયો નહોતો. તેથી કોઈ ભોમિયાની રાહ જોઈ બોટાદના ચોકમાં ઊભા રહ્યા. તે સમયે આપણા હરિભક્ત અદાભાઈ વણિકે તેજસ્વી બાળકને જોઈને પૂછ્યું: ''ભૂદેવ ! ક્યાં રહો છો અને ક્યાં જવું છે ?'' ત્યારે જગન્નાથજીએ કહ્યું: ''હું ડભાણ રહું છું અને મારે ગઢપુર જવું છે.'' ત્યારે અદા શેઠે કહ્યું: ''અત્યારે સાંજ પડવા આવી છે, માટે મારા ઘેર આવીને રાત રોકાઈ કાલે જજો. કાલે મારા માણસો નાગલપર જાય છે, તેથી તમને ગઢડાનો રસ્તો બતાવી દેશે.

આ પ્રમાણે કહીને અદા શેઠ જગન્નાથજીને પોતાના ઘેર લઈ ગયા અને કહ્યું: ''હું પણ સત્સંગી છું અને તમે પણ સત્સંગી છો, માટે તમારું ઘર માનીને જ અહીં રાત રોકાવ અને અમારા ઘરનું જમો.'' આ રીતે કહીને દૂધમાં ઢેબરાં બનાવી દીધાં. પછી ગોળ સાથે ઢેબરા જમી થોડીવાર સત્સંગ કરી સૂઈ ગયા. પછી સવારે જાગીને નાહીને પૂજા કરી અદા શેઠના નોકર સાથે ચાલવા લાગ્યા, એટલે ૧૦ વાગ્યે ગઢપુરની સીમમાં પહોંચ્યા.

એ સમયે ગઢપુરમાં શ્રીહરિએ અંતર્યામીપણે જાણ્યું કે, ''પોતાનો એક વહાલો મુક્ત આવી રહ્યો છે.'' પછી મૂળજી બ્રહ્મચારીને કહ્યું: ''અમારાં દર્શન કરવા શુકદેવજી આવે છે, માટે તમો પૂજાનો સામાન તૈયાર કરી અમારી

સાથે ચાલો. પછી દાદાખાચર વગેરે દસ-પંદર કાઠી ભક્તોને, દસ-બાર સંતોને અને બે બ્રહ્મચારીઓને લઈ શુકદેવજીનું (જગન્નાથજીનું) સામૈયું કરવા નીકળ્યા. એ સમયે શ્રીહરિ ફૂલમાળ ઘોડી ઉપર સ્વાર થયા હતા. ભક્તિબાગે પહોંચ્યા ત્યારે સુરાખાચર અને અલૈયાખાચરને એમ થયું કે, ‘શુકદેવજી કેવા હશે ? આપણે જલદી જઈને તેમનાં દરશન કરી લઈએ.’’ આમ નક્કી કરી બન્ને ઘોડા દોડાવીને સૌની આગળ નીકળી ગયા.

હે ભક્તો ! રસ્તામાં જ તેમને શુકદેવજી (જગન્નાથજી) સામા મળ્યા, પરંતુ તેમને ઓળખી શક્યા નહિ, એટલે ઘોડાને આગળ દોડાવી મૂક્યા. આ બાજુ જગન્નાથ થોડું ચાલ્યા ત્યાં તો શ્રીહરિ, સંતો અને બ્રહ્મચારી વગેરે સ્વારો સામા મળ્યા. ત્યારે મહારાજ બોલ્યાઃ ‘‘સોમલા ખાચર ! ઓલ્યો સૂરો ને અલૈયો ઘોડા દોડવે જાય છે, પણ શુકજી તો અહીં આવી ગયા ! માટે તેમને બૂમ પાડીને પાછા બોલાવો.’’ તેથી સોમલાખાચરે બૂમ પાડી પાછા બોલાવ્યા.

બન્નેએ આવીને જોયું ત્યાં તો મહારાજ જગન્નાથ વિપ્રને બાજોઠ ઉપર બેસાડીને હાર પહેરાવી પૂજન કરી રહ્યા હતા ! આવું જોઈને સુરાખાચરે અલૈયાખાચરને કહ્યુંઃ ‘‘ભણે અલૈયા ! હમણાં આપણાં દેખતા ઓલ્યો ભામણનો છોકરો વયો ગયો, એને મહારાજે શુકજી ઠેરાવ્યો ? માટે મહારાજ ભણે (કહે) એ જ સાચું છે. જગન્નાથ ઉંમરે નાના છે, પરંતુ તેમની આંતરિક સ્થિતિ મહાન છે, તે તો મહાપ્રભુ શ્રીહરિ જ જાણે છે; તેથી જ તેઓ તેમનું સામૈયું કરવા સામા આવ્યા છે.’’

હે ભક્તો ! જગન્નાથ ભૂદેવની ઉંમર માત્ર ચૌદ વર્ષની જ હતી. હજુ તો તેઓ સત્સંગમાં પ્રવેશ કરે છે, ત્યાંતો સર્વોપરી શ્રીહરિએ તેમને આટલું બધું માન આપ્યું અને આટલા બધા બિરદાવ્યા, એવું બીજા સંતોના જીવનમાં ઓછું જોવા મળે છે. વળી, મહારાજે આટલું સન્માન આપ્યું હોવા છતાં જગન્નાથ છલકાયા નથી. તેનાં તનમાં કે મનમાં કોઈ ફેરફાર થયો નહોતો. તેઓ સંત બન્યા પછી એમના જીવનમાં ક્યારેય અહંકારનો અંકુર

દેખાયો હોય એવો એક પણ પ્રસંગ બન્યો નથી. શુકાનંદ સ્વામીનું જીવન એકપણ ભૂલ વિનાનું એક સરખું ચાલ્યું છે, એ જ એમની મહાનતા છે. આ જ તેમના જીવનની ગહેરાઈ છે.

હે ભક્તો ! જગન્નાથજી વિપ્રની પૂજા કરીને મહારાજે તેમને કુશળ–મંગળ પૂછ્યા અને કહ્યું: ‘‘તમે આવ્યા તે બહુ સારું થયું.’’ પછી પોતાની પાસે બેસાડીને સાથે આવેલા સંતો–ભક્તોને કહ્યું: ‘‘આ જગન્નાથજી પોતે જ શુકદેવજી છે. તે અમારી સેવા કરવા માટે આવ્યા છે.’’ ત્યાર પછી શ્રીહરિ તેમને આદરપૂર્વક ગઢપુરમાં તેડી લાવ્યા અને પોતાની પાસે રાખ્યા.

## જગન્નાથ ગોવિંદાનંદ બ્રહ્મચારી બન્યા

હે વહાલા સંતો–ભક્તો ! જગન્નાથજી જ્ઞાતિએ કરીને બ્રાહ્મણ હતા એટલે બ્રહ્મચારી સિવાય અન્ય બીજાના હાથનું અનાજ (ભોજન) જમતા નહિ, તેથી શ્રીજી મહારાજે તેમને મૂળજી બ્રહ્મચારી સાથે ખાવા–પીવાનું અને જમવાનું ગોઠવી દીધું. પછી તો જગન્નાથજી ગઢપુરમાં રહીને બ્રહ્મચારીઓ, સંતો અને પાર્ષદોની સેવા કરવા લાગ્યા, તેના કારણે સૌના પ્રીતિપાત્ર બની ગયા. આ રીતે સેવા કરતા કરતા ઘણા દિવસો વ્યતીત થયા બાદ શ્રીહરિએ તેમને પાર્ષદ બનાવ્યા. પછી તેઓએ મૂળજી બ્રહ્મચારી વગેરે બ્રહ્મચારીઓને સેવા કરીને રાજી કરી લીધા.

સમય જતા એક દિવસ જગન્નાથ પાર્ષદે મૂળજી બ્રહ્મચારીને કહ્યું: ‘‘મારે બ્રહ્મચારી બનવું છે. કારણ કે બ્રહ્મચારી બન્યા પછી મહારાજની સેવા કરીને એમને મારે રાજી કરવા છે.’’ આવું સાંભળી મૂળજી બ્રહ્મચારી બહુ રાજી થયા. તેથી મહારાજને વાત કરી: ‘‘હે મહારાજ ! જગન્નાથ ડભાણવાળાને બ્રહ્મચારી થવું છે. તેમનો સરળ સ્વભાવ છે, વૈરાગ્યવાન છે અને બહુ શ્રદ્ધાવાળા છે, માટે એમને દીક્ષા આપો.’’

હે ભક્તો ! મૂળજી બ્રહ્મચારીએ ભલામણ કરી, પરંતુ મહારાજ તો જાણતા જ હતા કે, ''આ પાર્ષદ જગન્નાથ તો ગયા જન્મથી જ તીવ્ર વૈરાગ્યવાન છે. 'શુકજીએ નથી સંઘર્યું રે ધાતુ વળી ધન...' પછી જગન્નાથને સર્વેગુણે સંપન્ન જાણીને સંવત્ ૧૮૬૮ કારતક સુદ એકાદશીના પવિત્ર દિવસે ગઢપુરધામમાં શ્રીજી મહારાજે સ્વયં બ્રહ્મચારીની દીક્ષા આપી ગોવિંદાનંદ બ્રહ્મચારી નામ પાડ્યું. તે સમયે તેમની ઉંમર પંદર વર્ષની હતી.

## બ્રહ્મચારીમાંથી સાધુ બનવાની ઈચ્છા

હે ભક્તો ! ગોવિંદાનંદ બ્રહ્મચારી મૂળજી બ્રહ્મચારી સાથે શ્રીહરિની સેવામાં જોડાઈ ગયા. તેઓ શ્રદ્ધાથી સેવા કરવા લાગ્યા. મહિમાથી ભક્તિ કરવા લાગ્યા. તેમની સેવા અને ભક્તિના કારણે તેઓમાં વિશેષ નમ્રતા, વિશેષ દાસત્વ અને સાધુતાના સદ્‌ગુણો વૃદ્ધિ પામવા લાગ્યા; તેના કારણે શ્રીજી મહારાજનો તેમની ઉપર વિશેષ રાજીપો થયો, તેથી પ્રગટ પ્રભુએ ગોવિંદાનંદ બ્રહ્મચારીને પોતાની સેવામાં રાખી લીધા.

એકવાર શ્રીહરિને ગઢપુરથી વડતાલ આવવાનું થયું. ત્યારે મહારાજે નિત્યાનંદ સ્વામીને કહ્યું: ''સ્વામી ! ગોવિંદાનંદ વર્ણી હજુ નાના છે, એટલે તેમને વિદ્યાભ્યાસ કરાવવો છે, માટે તમે પણ અમારી સાથે વડતાલ આવો અને ત્યાં ગોવિંદાનંદને વિશેષ ભણાવજો. પછી નિત્યાનંદ સ્વામી શ્રીહરિ સાથે વડતાલ આવ્યા અને ગોવિંદાનંદ વર્ણીને ભણાવવા લાગ્યા. સ્વામી ગમે તેટલાં સૂત્રો કે શ્લોકનો પાઠ કરવા આપે, એટલે થોડીક વારમાં જ ગોવિંદાનંદજી તેને મુખપાઠ કરીને કડકડાટ બોલી સંભળાવે ! આટલી તીવ્ર મેધા જોઈને નિત્યાનંદ સ્વામી તેમના ઉપર ખૂબ રાજી થયા.

હે ભક્તો ! શ્રીજી મહારાજને સંતો–ભક્તોને સત્સંગ સંબંધી કંઈ જણાવવું હોય એટલે પત્ર દ્વારા જણાવતા હતા. આ પત્રો પ્રથમ અલગ અલગ સંતો કે હરિભક્તો પાસે લખાવતા હતા, પરંતુ ગોવિંદાનંદ બ્રહ્મચારીના સારા

અક્ષરો અને લખવાની કળા જોઈને તેમની પાસે પત્રો લખાવવાનું શરુ કરાવ્યું. પછી તો લહિયા તરીકે મહારાજ તેઓને કાયમ સાથે રાખવા લાગ્યા.

શ્રીહરિના સત્સંગ સંબંધી પત્રો લખવાના અને નિત્યાનંદ સ્વામી પાસે વિદ્યાભ્યાસ કરવો, આ બે કાર્યો મહારાજે તેમને સોંપેલા હતાં. એ કરતાં કરતાં પણ તેઓ અન્ય સેવાઓ કરીને સૌનો રાજીપો લેતા હતા. આ રીતે અભ્યાસ કરતા અને સેવા કરતા ચાર વર્ષ પૂરાં થયાં. ચાર વર્ષમાં તો તેમણે ઘણો અભ્યાસ કરી લીધો હતો. હવે તો તેઓ વિદ્વાન પણ બની ગયા હતા. પરંતુ તેમને મુક્તાનંદ સ્વામી – ગોપાળાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી વગેરે મોટા સંતોની રહેણી–કહેણી, ભજન–ભક્તિ અને સમજણ જોઈને મનમાં એમ થયા કરતું કે, 'હું બ્રહ્મચારી છું, તેથી મારે આવા મોટા સદ્ગુરુઓ સાથે રહેવાતું નથી અને તેઓ સાથે બેસીને જમી શકાતું પણ નથી, માટે હું સાધુ બની જાઉં તો આ બધો લાભ મને મળે. પછી તો હું મોટા સંતોની સેવા પણ કરી તેઓનો રાજીપો લઈશ અને એમના હાથની પ્રસાદી પણ જમવા મળશે. ગોપાળાનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામીનો સમાગમ કરીને તેમના જેવા સદ્ગુણો પણ મારામાં આવશે, એના કારણે શ્રીજી મહારાજ મારા ઉપર રાજી થશે અને મોટેરા સંતો પણ રાજી થશે. અત્યાર સુધી બ્રહ્મચારી બની બ્રહ્મચારીઓને રાજી કર્યા, હવે સાધુ બની સંતોને રાજી કરીશ.''

## મુક્તાનંદ સ્વામીએ સાધુ કર્યા

હે ભક્તો ! એ સમય હતો સંવત્ ૧૮૭૨ નો. ત્યારે શ્રીહરિજી ધર્મપુરમાં રાજમાતા કુશળકુંવરબાને દર્શન દેવાં પધારેલા. પછી ત્યાં વસંતપંચમીનો ઉત્સવ કરીને ગઢપુર પધાર્યા. પછી એક દિવસ ગોવિંદાનંદ બ્રહ્મચારીએ બોટાદના દરબાર સોમલાખાચરને કહ્યું: ''દરબાર ! મારે સાધુ બનવું છે, પણ મહારાજને કહેવામાં મને સંકોચ

થાય છે, માટે તમે મારાવતી મહારાજને કહોને કે મને સાધુ કરે. તમે મહારાજની સાથે કાયમ રહો છો એટલે તમારું મહારાજ માનશે.''

આવું સાંભળીને સોમલાખાચરે કહ્યું: ''બ્રહ્મચારી ! મુંઝાશો નહિ, હું હમણા જ જઈને મહારાજને વાત કરું છું.'' પછી સોમલાખાચરે અક્ષરઓરડીમાં શ્રીજી મહારાજ પાસે જઈને કહ્યું: ''મહારાજ ! ભણે ઓલ્યા ડભાણવાળા ગોવિંદાનંદ બ્રહ્મચારીને સાધુ થવું છે, માટે તમે સાધુ કરો તો સારું; સાધુ થવાની એમની બહુ જ ઈચ્છા છે.'' ત્યારે મહારાજે કહ્યું: ''સોમલાખાચર ! તમે એને મુક્તાનંદ સ્વામી પાસે લઈ જાઓ, તેઓ બ્રહ્મચારીને સાધુ કરશે.''

હે ભક્તો ! આવું સાંભળીને સોમલાખાચર રાજી થયા અને હરખાતાં હૈયે ગોવિંદાનંદ બ્રહ્મચારી પાસે આવ્યા અને વાત કરી: ''તમને મહારાજે સાધુ થવાની હા કહી છે અને મુક્તાનંદ સ્વામી પાસે સાધુ બનવાનું કહ્યું છે, માટે મારી સાથે સંતોની ધર્મશાળામાં ચાલો, ત્યાં તમને મુક્તાનંદ સ્વામી સાધુ બનાવશે.'' આ પ્રમાણે કહી બ્રહ્મચારીને સાથે લઈ સોમલાખાચર મુક્તાનંદ સ્વામી પાસે આવ્યા. પછી સ્વામીને પગે લાગીને બોલ્યા: ''સ્વામી ! મહારાજે તમને આ બ્રહ્મચારીને સાધુ કરવાનું કહ્યું છે, માટે સાધુ કરો.''

ત્યારે સદ્‌ગુરુવર્ય મુક્તાનંદ સ્વામીએ ગોવિંદાનંદ બ્રહ્મચારીને ભગવાં વસ્ત્રો પહેરાવ્યાં. તેમજ નવી કંઠી અને નવી જનોઈ પહેરાવી શુકાનંદ સ્વામી નામ પાડ્યું. પછી દીક્ષાગુરુ હોવાના કારણે શુકાનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીને દંડવત કર્યા. ત્યારે સ્વામીએ તેમને ભેટીને સારા ગુણિયલ સાધુ થવાના આશીર્વાદ આપીને કહ્યું: ''હવે તમે શ્રીજી મહારાજ પાસે અક્ષર ઓરડીમાં જાવ અને દંડવત કરી રાજીપો મેળવો.'' તુરંત તેઓ અક્ષર ઓરડીમાં ગયા અને મહારાજને દંડવત કરવા લાગ્યા.

હે ભક્તો ! તરત શ્રીજી મહારાજ ઊભા થયા અને નવા બનેલા સાધુને ભાવથી ભેટીને પૂછ્યું: ''ગુરુદેવ મુક્તાનંદ સ્વામીએ શું નામ પાડ્યું ?'' ત્યારે તેમણે કહ્યું: ''શુકાનંદ સ્વામી.'' આવું સાંભળી મહારાજ સ્મિત કરીને

બોલ્યાઃ ''મુક્તાનંદ સ્વામી પણ તમારું પૂર્વનું નામ જાણતા લાગે છે.'' પછી મહારાજે કહ્યુંઃ ''શુકમુનિ ! તમારે કાયમ અમારી સાથે રહેવું. પત્ર લખવાની સેવા ન હોય ત્યારે તમારી ઈચ્છા મુજબ સંતોની સેવા કરવા અને સમાગમ કરવા જવું.'' પછી તો શુકાનંદ સ્વામીએ મહારાજ પૃથ્વી ઉપર પ્રગટ રહ્યા, ત્યાં સુધી તેઓની સાથે રહી મહારાજના P.A. બની લખવાની સેવા કરી હતી. સંવત્ ૧૮૭૨ મહા મહિનામાં સંતની દીક્ષા લીધી ત્યારે સ્વામીની ઉંમર ૨૦ વર્ષની હતી. તેમનું શુકાનંદ સ્વામી નામ હતું, પરંતુ મહારાજ અને સંતો-ભક્તો શુકમુનિ કહેતા હતા.

## શુકાનંદ સ્વામીના સદ્‌ગુણો

હે ભક્તો ! શુકાનંદ સ્વામીએ પોતાના જીવનનો મોટા ભાગનો સમય મહારાજની આજ્ઞા મુજબ લેખનકાર્યમાં જ વ્યતીત કરેલ છે. અત્યારે સંપ્રદાયની જૂની લાયબ્રેરીઓમાં રહેલા મોટા ભાગના પ્રસાદીના પત્રો શુકાનંદ સ્વામીના હાથથી જ લખેલા જોવા મળે છે. શુકાનંદ સ્વામીની ઓરડી ગઢપુરમાં શ્રીજી મહારાજની અક્ષર-ઓરડીની સામે જ હતી. તેમાં બેસીને તેમજ મહારાજ પાસે બેસીને તેઓ નિરંતર સંપ્રદાયના લેખો લખ્યા કરતા હતા. વેદરસ, વચનામૃતના ખરડા, સત્સંગિજીવન વગેરે ગ્રંથોની ટીકાઓ, મૂળ લેખો તથા બીજા અનેક પ્રસંગના લેખો શુકમુનિએ તૈયાર કરેલા છે.

અનેકવાર એવું પણ બનેલ છે કે શુકાનંદ સ્વામીએ આખી રાત્રી લખેલ છે. ત્યારે સંપ્રદાયનું બંધારણ બંધાતું હોવાથી જરૂરિયાતના સાહિત્ય માટેનું બહોળું કામ રહેતું હતું. લેખોનું સંશોધન પણ સ્વામી ચોક્સાઈ પૂર્વક કરતા હતા. આવા બધાં કામને કારણે શ્રીહરિ સ્વામી ઉપર ખૂબ રાજી થતા; તેના કારણે પ્રસંગોપાત સ્વયં શ્રીહરિજી જાહેર સભામાં સ્વામીની ખૂબ પ્રશંસા કરતા હતા.

એકવાર ગઢપુરમાં મોટા રંગોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. એ સમયે વિશાળ સભા ભરાણી. તેમાં શ્રીજી મહારાજે શુકાનંદ સ્વામીની પ્રશંસા કરતા કહ્યુંઃ ''હે સંતો-ભક્તો ! સાંભળો. અમે જેટલાં પત્રો લખાવ્યાં,

તેમાં તરેહ તરેહની અનેક પ્રકારની વાતો હોય તે સમજાવ્યા વિના તો પંડિતોને પણ સમજાતી નથી; તે વાતને આ શુકમુનિ તરત સમજી જાય છે.'' સદ્‌ગુરુ આધારાનંદ સ્વામી હ. સાગરમાં લખે છે કે, ''શુકાનંદ સ્વામીમાં સાધુતાના જેટલા ગુણો હોવા જોઈએ તે તમામ હતા. આવા સુશીલ સંતની વૃત્તિ જોઈને શ્રીજી મહારાજે હંમેશાં પોતાની સેવામાં રાખ્યા હતા. શ્રીહરિને પ્રિય લાગે એવો સ્વામીનો સહજ સ્વભાવ હતો. શ્રીજીને ગમે તેવી જ તેમની રૂચિ અને વિચારધારા હતી. આ ગુણ કેળવવો ઘણો કઠણ છે.''

હે ભક્તો ! આપણે જેઓના સદ્‌ગુણો તથા વિશેષતાઓ અતિ અહોભાવ સાથે સ્વીકારીએ તો તેના એ સદ્‌ગુણો આપણામાં જલદી આવે છે. શુકાનંદ સ્વામીમાં એકથી એક સદ્‌ગુણો ચઢીયાતા હતા. મહારાજની મરજીમાં રહેવાનું એમના સ્વભાવમાં વણાઈ ગયું હતું. દાસભાવ તો એમનામાં મૂર્તિમાન હતો. સેવા કરવામાં તો એવી શ્રદ્ધા કે કોઈક વાર આખી રાત જાગવું પડે તો પણ સહર્ષ જાગીને ખરડાઓ લખ્યા કરતા. વિનય-વિવેક અને નમ્રતા તો એમનામાં સાંગોપાંગ દેખાઈ આવતા. આવા મહાપુરુષના સદ્‌ગુણો આપણા જીવનમાં પણ આવે એવી વડતાલવાસી શ્રીહરિકૃષ્ણ મહારાજને પ્રાર્થના કરીએ.

## શ્વેત પ્રકાશનાં દર્શન કરાવ્યાં

હે ભક્તો ! પુરુષોત્તમ નારાયણ પૃથ્વી ઉપર પધારે ત્યારે સામાન્ય મનુષ્ય જેવા જ જણાય છે, પરંતુ પરમાત્માનો દેહ તો દિવ્ય જ હોય છે. જ્યારે જરૂર પડે ત્યારે દિવ્યરૂપ પણ બતાવતા હોય છે અને દિવ્ય પ્રતાપ પણ દેખાડતા હોય છે. સંપ્રદાયનાં સાહિત્યમાં તો એવા ઘણા પ્રસંગો લખાયેલા પડ્યા છે કે સ્વયં શ્રીહરિએ પોતાના મનુષ્ય દેહમાં રહીનેય તે દેહમાંથી દિવ્ય પ્રસંગો દેખાડ્યા છે, તેમાંથી એક પ્રસંગ માણીએ.

ગઢપુર ધામમાં એક સમયને વિષે શ્રીજી મહારાજ અક્ષર-ઓરડીમાં રાત્રીએ શુકાનંદ સ્વામી પાસે પત્ર લખાવતા હતા. (એ સમયે લાઈટ ન હોવાથી સૌ કોઈ દીવાનો ઉપયોગ કરતા હતા.) ત્યારે દીવો બુઝાઈ ગયો.

તેથી સ્વામીએ પત્ર લખવાનો બંધ કર્યો. ત્યારે મહારાજે સવાલ કર્યો: ''શુકમુનિ ! પત્ર લખવાનું કેમ બંધ કર્યું?'' ત્યારે સ્વામીએ કહ્યું: ''હે મહારાજ ! દીવો ઓલવાઈ ગયો છે, તેથી અંધારામાં કેવી રીતે લખું ?''

હે ભક્તો ! આવું સાંભળી શ્રીજી મહારાજે પોતાના મનુષ્યદેહનો જમણો ચરણ (પગ) શુકમુનિ તરફ લાંબો કર્યો. એટલે તે પગના અંગુઠામાંથી શ્વેત પ્રકાશ નીકળ્યો ! આવું તેજ જોઈ સ્વામી આશ્ચર્ય પામી ગયા ! પછી મહારાજ બોલ્યા: ''સ્વામી ! હવે તો અંધારું જતું રહ્યું છે, હવે તો પત્ર લખી શકાશેને ?'' આવું સાંભળીને સ્વામી ખૂબ રાજી થયા ને પત્ર પૂરો કર્યો.'' અધૂરો પત્ર પૂર્ણ થયો એટલે મહારાજે ચરણારવિંદ લાંબો કર્યો હતો તે પાછો ખેંચી લીધો એટલે તેજ નીકળતું બંધ થઈ ગયું !

આ અદ્‌ભૂત ઐશ્વર્ય-દર્શનથી શુકાનંદ સ્વામી બહુ રાજી થયા. પછી સ્નાન પૂજાદિક નિત્યવિધિ પૂરો કરી દરરોજના નિયમ મુજબ મુક્તાનંદ સ્વામીનાં દર્શન કરવા ગયાં. એ સમયે તેમના મુખ ઉપર અપૂર્વ આનંદ જોઈને મુક્તાનંદ સ્વામીએ મનોમન વિચાર્યું: 'આજે શુકાનંદ સ્વામી ઉપર મહારાજે કાંઈક નવીન કૃપા કરી લાગે છે.' તે જાણવાની ઈચ્છાથી સ્વામીએ પૂછ્યું: 'હે શુકમુનિ ! આજે તમારા મુખ ઉપર આટલો બધો આનંદ કેમ છે ? મહારાજે કાંઈ નવીન પ્રતાપ જણાવ્યો છે કે શું ?''

ત્યારે હરખાતા હૈયે શુકાનંદ સ્વામીએ રાત્રીએ બનેલી હકીકત જણાવી. ત્યારે સૌ કોઈ કહેવા લાગ્યા: ''શુકાનંદ સ્વામી તો મહા ભાગ્યવાન છે, તેથી તેમને પ્રગટ પ્રભુની આવી અલૌકિક સેવા કરવાનો લાભ મળે છે. આપણે પણ શ્રીજી મહારાજની અનુવૃત્તિમાં રહીએ, એટલે આપણા ઉપર પણ મહારાજ પ્રસન્ન થઈને ક્યારેક દિવ્યતેજ દેખાડશે કે દિવ્યધામ દેખાડશે.'' આ પ્રમાણે પરમહંસોએ પરસ્પર કહી શ્રીહરિજીને રાજી કરવા વિશેષ અનુવૃત્તિમાં રહેવા લાગ્યા.

## સવાર સુધી તેજ નીકળ્યું !

હે ભક્તો ! શુકાનંદ સ્વામી એવા સદ્‌ગુણી સંત હતા કે એમના જેવા સદ્‌ગુણોને મોટા મોટા સંતો પણ ઈચ્છતા હતા. મોટી સભા ભરાયેલી હોય અને તે ભરસભામાં શ્રીજી મહારાજ સ્વામીને ટોકે કે ક્રોધ કરે તો પણ તેમને ખોટું લાગતું નહિ. સ્વામીની ઉંમર નાની હતી ત્યારે મોટા સંતો પણ તેમને ટોક્યા કરતા, પરંતુ સ્વામીને ક્યારેય દુ:ખ લાગતું નહિ. તેઓ તો રાજી થતાં કે, 'શ્રીજી મહારાજને અને મોટા સંતોને મારા ઉપર હેત છે એટલે તેઓ મને વઢે છે–ટોકે છે.'

હે ભક્તો ! આવી સમજણ આવવી બહુ દુર્લભ છે. મોટા ભાગના માણસોનો એવો સ્વભાવ હોય છે કે, 'કોઈ પોતાનું મન ધાર્યું મરડે અથવા વઢે–ટોકે એટલે પોતાનો વાંક હોય છતાંય પણ સામેની વ્યક્તિની ખામી ખોળવા મંડે છે. શુકાનંદ સ્વામી આ દોષથી પર હતા. સ્વામી ક્યારેય કોઈના ઉપર ગરમ થયા હોય એવું તેમના જીવનમાં જાણવા મળ્યું નથી કે વાંચવા મળ્યું નથી.

શુકાનંદ સ્વામી સાક્ષાત્ દાસત્વની મૂર્તિ હતા. શ્રીહરિજીની અનુવૃત્તિ એ જ એમની વૃત્તિ અને પ્રવૃત્તિ હતી. શ્રીજી મહારાજની દૃષ્ટિ એ જ એમની સૃષ્ટિ હતી, તેથી તેમને રાત–દિવસ સેવામાં ઉમંગ રહેતો હતો. વળી, તેઓ ગમે તેટલી સેવા કરતા, છતાં અહંકારનો અંકુર પણ આવતો નહિ. એકવાર સંધ્યા આરતી પછી સભામાંથી ઊઠીને શ્રીજી મહારાજ, નિત્યાનંદ સ્વામી અને શુકાનંદ સ્વામી ત્રણેય મળીને લાડુબાના ઓરડાની પાછળ એક બીજો ઓરડો હતો ત્યાં ગયા.

હે ભક્તો ! ત્યાં સત્સંગિજીવન ગ્રંથ વિષેની વાતોના ખરડા લખવા હતા. તે લખતાં લખતાં સ્વામીએ ત્રણ–ચાર ખરડાઓ તૈયાર કરી મહારાજને વાંચવા આપ્યા. તે વાંચીને શ્રીહરિ કહે, 'આ ખરડા બરાબર લખાયા નથી, આ નહિ ચાલે, બીજા લખવા પડશે.' ત્યારે નિત્યાનંદ સ્વામી બોલ્યા: ''હે મહારાજ ! વિચારીને લખાવો તો સારું,

કેમ જે વારે વારે ફેરવવું ન પડે.' નિત્યાનંદ સ્વામીની વાતો સાંભળી મહારાજે કહ્યું: ''સ્વામી ! અત્યારે રાતના બાર વાગી ગયા છે, માટે તમે સૂઈ જાવ.'' પછી સ્વામી સૂઈ ગયા.

પછી શુકાનંદ સ્વામી ખરડાઓ લખવા લાગ્યા. એ સમયે દીવામાં દીવેલ ખૂટી ગયું, એટલે સ્વામી દીવેલ લેવા માટે ઊભા થયા. પછી કોડિયું લઈને ચાલવા તૈયાર થયા ત્યારે પ્રભુ કહે: ''સ્વામી ! કેમ કોડિયું લઈને ચાલ્યા ?'' ત્યારે સ્વામી બોલ્યા જે, 'હે મહારાજ ! દીવેલ ખૂટ્યું છે, તેથી હું દીવેલ પૂરવા જાઉં છું.'' ત્યારે મહારાજ કહે: 'તમારે અજવાળાનું કામ છે કે દીવેલનું કામ છે ?' ત્યારે સ્વામી કહે: 'અજવાળાનું કામ છે.' ત્યારે મહારાજ કહે: 'અમે અજવાળું કરી દઈએ, તમે બેસી જાઓ.'' આ પ્રમાણે કહીને શ્રીહરિજીએ પોતાનો જમણો ચરણ (પગ) લાંબો કર્યો; ત્યાંતો અંગુઠામાંથી તેજનો સમૂહ નીકળ્યો ! પછી તેના અજવાળે સ્વામીએ સવારના ચાર વાગ્યા સુધી લખ્યું ! મહારાજ તો રાત્રીએ પોઢી ગયા હતા, પણ તેજ સવાર સુધી રહ્યું ! પછી સવારે પ્રભુ જાગ્યા ત્યારે તે જ નીકળતું બંધ થયું.

## પ્રગટ પ્રભુએ પોતાની શિખા કાપી લેવા કહ્યું !

હે ભક્તો ! બીજા દિવસે શ્રીહરિ નિત્યવિધિ કરીને લાડુબાના ઓરડે જમવા માટે પધાર્યા. ત્યાં ઉગમણે મુખારવિંદે બાજોઠ ઉપર જમવા માટે બેઠા અને પ્રભુ પાસે લાડુબા તથા જીવુબા પણ બેઠાં. એક બહેન મહારાજને પીરસવાની સેવા કરવા લાગ્યાં અને બીજાં બહેન વીંઝણો (પંખો) લઈ પવન નાખવાની સેવા કરવા લાગ્યાં. બન્ને બહેનોનો ભાવ જોઈ પ્રગટ ભગવાન જમી રહ્યા હતા. એ સમયે શુકાનંદ સ્વામી કહે છે કે, 'લાડુબાના ઓરડાની અંદર જવાનો રસ્તો હતો ત્યાંથી હું ચાલીને બધા ખરડાઓ (લેખો–પત્રો) બાંધીને મહારાજ જમતા હતા ત્યાં ગયો અને દૂર ઊભા રહીને મહારાજને પગે લાગ્યો.

મને જોઈને મહારાજે કહ્યું: ''હે સ્વામી ! પ્રસાદી લ્યો.'' ત્યારે લાડુબાના મનમાં વિચાર આવ્યો: 'મહારાજ જો શુકમુનિને થાળ આપી દેશે તો ભૂખ્યા રહેશે.' તેથી તેઓ બોલ્યાં: 'હે મહારાજ ! તમે શાંતિથી થાળ જમો, સ્વામીને તો હજુ નાવાનું બાકી છે.'' આ પ્રમાણે બોલીને લાડુબાએ ના કહી, તો પણ મહારાજે મને પ્રસાદી આપી, એટલે હું જમી ગયો !' પછી મહારાજ જમી રહ્યા. ત્યારબાદ પ્રભુએ શુકાનંદ સ્વામીને કહ્યું: ''સ્વામી ! આખી રાત તમોએ જાગીને ખરડાઓ લખ્યા છે, તેથી અમો તમારા ઉપર ખૂબ રાજી થયા છીએ, એટલે રાજીપાના રૂપમાં તમને શું આપીએ ?''

હે ભક્તો ! આ રીતે કહીને શ્રીજી મહારાજે સ્વામીને પૂછ્યું: ''શુકમુનિ ! તમારી પાસે કાતર છે ?'' ત્યારે સ્વામીએ કાતર લાવીને આપી. ત્યારે મહારાજ કહે કે, 'સ્વામી ! પ્રસાદી તરીકે રાખવા અમારી શિખા (ચોટલી) કાપી લ્યો !' આ રીતે બોલીને હાથમાં શિખા પકડીને મહાપ્રભુ શ્રીહરિ બેસી ગયા. ત્યારે લાડુબા બોલ્યાં: ''હે મહારાજ ! ચોટલી રહેવા દ્યો એની બદલીમાં બીજું કાંઈક પ્રસાદી તરીકે આપો. ચોટલી કાપીને આપી દેશો તો તમે મુંડિયા કહેવાશો. તમારે મુંડિયા ન થવાય.''

આવું સાંભળી મહારાજ મંદહાસ કરતા કરતા બોલ્યા: ''જેના ચેલા મુંડિયા હોય તેના ગુરુને મુંડિયા થવામાં કોઈ બાધ નથી.'' આ પ્રમાણે લાડુબાને કહ્યા પછી શુકાનંદ સ્વામીને કહ્યું: ''અમે કહીએ છીએ કે કાતર વડે કરીને અમારી શિખા કાપી નાખો.'' પછી શુકાનંદ સ્વામીએ પ્રગટ પ્રભુની શિખા કાપી લીધી અને દોરાથી વીંટીને પોતાની પાસે રાખી લીધી. પછી તે શિખા પોતાના શિષ્યને આપી હતી.

હે ભક્તો ! આ પ્રસંગ બન્યો ત્યારે સર્વે સંતોને શ્રીજી મહારાજે સંન્યાસી કર્યા હતા. સંન્યાસીઓના નિયમોમાં શિખા-સૂત્ર (ચોટલી ને જનોઈ) પહેરવાનો નિષેધ હોય છે. તેથી લાડુબાને મહારાજે કહેલ કે, 'જેના ચેલા મુંડિયા (ચોટલી વિનાના) એના ગુરુને મુંડિયા થવામાં વાંધો નહિ.' પછી તો પ્રકરણ ફેરવીને સર્વે સંતોને ફરજીયાત ચોટલી રાખવાની અને જનોઈ પહેરવાની આજ્ઞા કરી હતી.

## લખેલાં પાનાં ફાડી નાખ્યાં તો પણ રાજી !

હે ભક્તો ! એકવાર ગઢપુર અક્ષર–ઓરડીની ઓસરીમાં શુકાનંદ સ્વામી શ્રીહરિની આજ્ઞાથી લખી રહ્યા હતા. લખતા લખતા સવાર થઈ ગયું. અર્થાત્ સ્વામીએ આખી રાત્રી લખ્યું ! ત્યારે ચૌદ પાનાં લખીને તૈયાર કર્યાં. સવારે શ્રીહરિ અક્ષર ઓરડીમાંથી બહાર નીકળી ઓસરીમાં આવ્યા. એટલે સ્વામીએ આખી રાત લખીને તૈયાર કરેલાં ૧૪ પાનાં હરિજીના હાથમાં આપ્યાં. પરંતુ પ્રભુએ તો જોયા વિના–વાંચ્યા વિના બધાં જ પાનાં ફાડી નાખ્યાં ! પછી કચરાપેટીમાં ફેંકી દીધાં !

હે ભક્તો ! શુકાનંદ સ્વામીએ આખી રાત જાગીને, વિચાર કરીને, મહેનત કરીને ચૌદ પાનાં સુઅક્ષરે લખીને તૈયાર કરેલાં તેને એક જ મિનિટમાં મહારાજે ફાડીને ફેંકી દીધા તો પણ સ્વામીના મુખની એક પણ રેખા બદલાણી નહિ ! આટલી બધી બુદ્ધિની મહેનતથી કરેલા કામની કાંઈ ગણતરી પણ ન લીધી તો પણ સ્વામી કંઈ પણ બોલ્યા નહિ ! ત્યારે ત્યાં આવેલા નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું: ''શુકમુનિ ! તમે આખી રાતનો ઉજાગરો કરીને લખ્યું અને મહારાજે જોયા વિના પાનાં ફાડી નાખ્યાં, છતાં તમને કાંઈ સંશય ન થયો ? તમારી એવી કંઈ સમજણને કારણે તમે સ્થિતપ્રજ્ઞ રહી શક્યા ?''

ત્યારે શુકાનંદ સ્વામીએ જવાબ આપ્યો: ''હે નિત્યાનંદ સ્વામી ! મારે તો શ્રીજી મહારાજને રાજી કરવા હતા; તેઓ મારાં લખેલાં પાનાં વાંચીને રાજી થાય કે પછી પાનાં ફાડીને રાજી થાય ! મહારાજને રાજી કરવા એ મારે મન મહારાજની કૃપા હતી. પાનાં ફાડતાં ફાડતાં મહારાજ મારા સામું જોઈને હસ્યા હતા, એને હું મારી મહેનત સફળ થઈ માનું છું.''

હે ભક્તો ! એક વખત ગઢપુરમાં શ્રીજી મહારાજ અક્ષર–ઓરડીમાં શુકાનંદ સ્વામી પાસે ગામડાંઓમાં સત્સંગ પ્રચારાર્થે ગયેલા મોટા મોટા સદ્ગુરુઓને પત્ર લખાવતા હતા. પત્ર લખીને સ્વામીએ શ્રીજી મહારાજને આપ્યો. ત્યારે મહારાજ કહે: ''આ બરાબર નથી લખાયો માટે બીજો લખો.'' તેથી સ્વામી ફરીને પત્ર લખવા લાગ્યા. એમ કરતા

રાતના બાર વાગી ગયા. ત્યારે વ્યવસ્થિત પત્ર લખીને આપ્યો. તે વાંચીને મહારાજ બોલ્યાઃ ''સદ્‌ગુરુઓને બરાબર ઉપમા લખાઈ નથી, માટે ફરીને લખો.''

પછી ત્રીજો પત્ર લખીને આપ્યો. ત્યારે મહારાજ કહેઃ ''હજુ એક હકીકત લખવી રહી ગઈ છે, માટે ચોથો પત્ર લખો. પછી ચોથીવાર પત્ર લખીને આપ્યો ત્યારે સવારના પાંચ વાગી ગયા હતા ! અર્થાત્ રાખી રાત્રી એક પત્ર લખવામાં જ પૂરી થઈ ગઈ ! પછી મહારાજ ચોથો પત્ર વાંચીને ખૂબ રાજી થયા અને સ્વામીને આશીર્વાદ આપ્યા. જોયું ભક્તો, ચાર વખત એકનો એક પત્ર લખાવીને સ્વામીને આખી રાત જગાડ્યા, તો પણ સ્વામીના મનમાં કોઈ પ્રકારનો ઉદ્‌વેગ ન થયો. આવા શ્રદ્ધાવાળા હતા સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી.

## શ્રીહરિએ કાયમ માટે સ્વામીનો તાવ કાઢ્યો

હે ભક્તો ! એકવાર શ્રીજી મહારાજને ગઢપુરથી વડતાલ આવવું હતું, તેના કારણે સવારે વહેલાં થાળ બનાવડાવીને જમવા બેસી ગયા. એ સમયે રાત્રીએ મોડા સુધી લેખન કર્યા પછી શુકાનંદ સ્વામી સૂતેલા, તેથી સવારે મોડા ઊઠ્યા. ત્યારે તેમને ખ્યાલ આવ્યો કે, 'મહારાજ તો અત્યારે જ જમીને વડતાલ જવા રવાના થવાના છે, માટે દર્શન કરી આવું, પછી સ્નાન કરીશ.' આ પ્રમાણે મનોમન વિચારીને પછી મહારાજ જમતા હતા ત્યાં જઈ દંડવત-પ્રણામ કરી થોડે દૂર બેઠા.

એ સમયે જમતા જમતા શ્રીહરિ બોલ્યાઃ ''શુકમુનિ ! અમારા થાળની પ્રસાદી લ્યો અને અહીંયાં જ જમી જાઓ.'' ત્યારે સ્વામી બોલ્યાઃ ''હે મહારાજ ! રાત્રીએ મોડો સૂતો તો તેથી મોડો ઊઠ્યો છું. હજુ તો મારે દાતણ કરવાનું બાકી છે અને નાવાનુંય બાકી છે. ત્યારે હસતા હસતા હરિ બોલ્યાઃ ''સ્વામી ! અમે જ્યારે વનમાં ફરતા હતા ત્યારે ક્યારેય નાહ્યા વિના પણ જમી લેતા, માટે અમારી આજ્ઞા છે કે તમો પણ જમો.''

મહારાજે આજ્ઞા કરી એટલે તુરંત જ સ્વામી ત્યાંજ થાળ જમવા બેસી ગયા, કારણ કે સ્વામીને મન મહારાજની મરજી એ જ ધર્મ હતો, મહારાજની આજ્ઞા એ જ જ્ઞાન-વૈરાગ્ય અને ભક્તિ હતી. અર્થાત્ પ્રગટ પ્રભુની

મરજી એ જ સ્વામીને મન સર્વસ્વ હતું. મહારાજની મરજીનું મૂર્તિમાન સ્વરૂપ બનીને સ્વામી રહેતા હતા, એટલે તો તેમની ઉપર શ્રીહરિજી મહારાજ કાયમ રાજી રહેતા હતા. એટલે તો અન્ય લેખક સંતો–ભક્તો હોવા છતાં મહારાજ તેઓ પાસે જ પત્રો–લેખો લખાવવાનો આગ્રહ રાખતા હતા.

એકવાર શુકાનંદ સ્વામીને અતિશય ટાઢીયો તાવ આવેલો, એટલે આરામ કરતા હતા, કારણ કે અશક્તિ બહુ આવી ગયેલી, એના કારણે હાથમાં પત્રો લખવાની શક્તિ રહી ન હતી. બરાબર એ સમયે જ શ્રીહરિને પત્ર લખાવવાની જરૂર પડી, તેથી સ્વામીને બોલાવવા માટે એક હરિભક્તને મોકલ્યા. પરંતુ તાવની બીમારીથી સ્વામી સૂતા હતા એટલે ગયા નહિ. પછી બીજી વાર બોલાવવા મોકલ્યા, પણ સ્વામી આવી શક્યા નહિ. એટલે ત્રીજી વાર ભક્તને મોકલ્યા, તેથી તેમણે જઈ આવીને કહ્યું: ‘‘મહારાજ ! સ્વામીને અતિશય તાવ છે, બેસી શકાય તેમ નથી.’’

હે ભક્તો ! ત્યારે મહારાજ બોલ્યા: ‘‘શુકમુનિ ચાલી શકે તેમ ન હોય તો તેમને ઝાલીને લાવો.’’ પછી બે હરિભક્તોએ જઈ સ્વામીને ટેકો આપી ચલાવીને મહારાજ પાસે લાવ્યા. તે સમયે સ્વામી ધ્રૂજતા ધ્રૂજતા બોલ્યા: ‘‘મહારાજ ! ટાઢીયો તાવ હોવાથી બેસવાની, ચાલવાની કે લખવાની મારામાં શક્તિ રહી નથી.’’ ત્યારે મહારાજ કહે, ‘‘અહીંયાં સૂઈ જાઓ અને અમારી સામું જોઈ રહો.’’ પછી સ્વામી મહારાજની મૂર્તિ સામું જોઈ રહ્યા. અર્થાત્ મૂર્તિમાં વૃત્તિ જોડી દીધી. પછી મહારાજ પણ અમીદૃષ્ટિ કરી સ્વામી સામે જોઈ રહ્યા, તે સમયે જ સ્વામીનો તાવ જતો રહ્યો અને શરીરમાં એકદમ સ્ફુર્તિ આવી ગઈ ! પછી મહારાજે સ્વામી પાસે લેખ લખાવ્યો.

હે ભક્તો ! શ્રીજી મહારાજના આશીર્વાદના કારણે શુકાનંદ સ્વામીને પછી ફરીને ક્યારેય તાવ આવ્યો ન હતો. પછી તો જેમ જેમ સત્સંગ વધતો ગયો, તેમ તેમ મહારાજને વધારે ને વધારે પત્રો લખાવવાની જરૂર પડતી,

તેથી વડતાલ વગેરે મોટાં સ્થાનોમાં મહારાજ જતા, ત્યારે સ્વામીને સાથે જ રાખતા હતા; કારણ કે મહારાજના સમકાલીન સમયમાં શુકાનંદ સ્વામી જેવા સર્વોત્તમ લહીયા બીજા કોઈ હતા નહિ.

હે ભક્તો ! શ્રીહરિ વડતાલમાં રોકાયા હોય ત્યારે શુકાનંદ સ્વામીને રહેવા માટે અને લખવા માટે સ્પેશ્યલ રૂમ આપતા હતા. વડતાલમાં હાલ માંદાની સાલી (માંદા સંતોની ધર્મશાળા) છે, ત્યાં એક બુરજ (કોઠો) હતો. તેમાં બેસીને સ્વામી પત્રો વગેરે લખતા હતા. મહારાજની પ્રેરણાથી અનેક વચનામૃત તથા સત્સંગિજીવનના ખરડા સ્વામીએ લખેલા છે.

હે ભક્તો ! યોગીવર્ય ગોપાળાનંદ સ્વામી અને પંડિતવર્ય નિત્યાનંદ સ્વામીની આજ્ઞાથી ‘શ્રીહરિવાક્યસુધાસિંધુ’ ગ્રંથ ઉપર આચાર્યશ્રી રઘુવીરજી મહારાજના નામથી સંસ્કૃત ભાષામાં ‘સેતુમાલા’ નામની સરળ અને અર્થગંભીર ટીકા લખનાર પણ શુકાનંદ સ્વામી જ હતા. વળી, પ્રસાદાનંદ સ્વામીની વાતોમાં વિશ્રામ–૮૧ તથા ૮૭ માં અને અદ્‌ભૂતાનંદ સ્વામીની વાત ૧૩૪ માં એવો ઉલ્લેખ જોવા–વાંચવા મળે છે કે, ‘શતાનંદ સ્વામીને ‘સત્સંગિજીવન’ શાસ્ત્ર લખાવવામાં શુકમુનિ મદદરૂપ થયા હતા.

## બુરાનપુરના ભક્તોનો શિર સાટે સત્સંગ

હે ભક્તો ! મધ્યપ્રદેશમાં તાપી નદીના કિનારે બુરાનપુર નામનું નાનું શહેર આવેલ છે. આ શહેર ઐતિહાસિક છે. ત્યાં જઈને પણ નંદ સંતોએ સત્સંગ કરાવેલ છે. ત્યાં એ સમયે ગ્વાલિયરના રાજાનું રાજ્ય હતું. તે રાજા સંન્યાસીનો શિષ્ય હતો. બનેલું એવું કે, એક વખત બુરાનપુરમાં સંન્યાસીઓનું ટોળું આવ્યું. તેમણે દંભ–કપટ સાથે પોતાનો મહિમા સમજાવી રાજાને સાચો–ખોટો ઉપદેશ આપી પોતાનો શિષ્ય કર્યો. તેના કારણે તાપી કાંઠે એક પૂરાતની માતાજીનો મઢ (મંદિર) હતો. તેનો જીર્ણોદ્ધાર કરાવી આશ્રમ બનાવી આપ્યો. તેથી ગઠિયા સંન્યાસીઓ ત્યાં રહી રાજાનું પાકું સીધું ખાઈ મઝા કરવા લાગ્યા.

એ સમયે ચોમાસાનો એક મહિનો જતો રહ્યો તો પણ વરસાદ ન થયો ! તેમજ બુરાનપુરમાં કોગળિયાનો રોગ વધવા લાગ્યો, તેથી દરરોજ માણસો મરવા લાગ્યા. એકને બાળીને આવે ત્યાં બીજો મર્યો હોય અને બીજાને બાળીને આવે ત્યાં ત્રીજો તૈયાર હોય ! પછી રાજાએ જઈ સંન્યાસીઓને કહ્યું: ‘‘સંતો ! આપનાં પગલે તો સુખ થવું જોઈએ, એને બદલે તમે આવ્યા પછી તો વરસાદ આવ્યો નથી અને કોગળિયું આવ્યું છે, તેથી દરરોજ એટલા બધા માણસો મરે છે કે, બાળવા માટે લાઈનમાં ઊભું રહેવું પડે છે.’’

રાજાની વાત સાંભળી ખળ સંન્યાસીઓ કહેવા લાગ્યા: ‘‘હે રાજન્ ! એમાં અમારો વાંક નથી, પરંતુ સ્વામિનારાયણના સાધુઓએ તમારા શહેરમાં આવીને એનો પંથ ચલાવ્યો છે, એના કારણે તમારા રાજ્યના માણસો એના આશ્રિત થયા છે અને સ્વામિનારાયણનું ભજન કરે છે, તેના કારણે વરસાદ આવતો નથી અને ભયંકર રોગ વ્યાપી રહ્યો છે; કારણ કે એનો પંથ ખોટો છે અને અવૈદિક છે, માટે તમે એના સાધુને નાક-કાન કપાવીને કાઢી મૂકો અને એના સત્સંગીઓને પણ સત્સંગ છોડાવી અમારા ભક્ત બનાવી ધો એટલે વરસાદ જરૂર થશે.’’

હે ભક્તો ! દાંભીક સંન્યાસીઓની જાળમાં રાજા ફસાઈ ગયો એટલે તુરંત જ સૈનિકોને હુકમ કર્યો: ‘‘જાવ બધા, સ્વામિનારાયણના સાધુઓને શહેરમાંથી પકડીને નાક-કાન કાપી શહેર બહાર કાઢી મૂકો અને એમના સત્સંગીઓને પકડીને અમારી સામે હાજર કરો.’’ પછી સૈનિકો આખા શહેરમાં ફર્યા, પણ સંતો ક્યાંય મળ્યા નહિ; તેથી હરિભક્તોને રાજા પાસે લાવ્યા. ત્યારે રાજાએ સત્તાવાહી સ્વરે કહ્યુ: ‘‘તમે બધા જ સત્સંગીઓ નવો પંથ છોડીને કંઠીઓ તોડી નાખો અને તિલક ચાંદલો પણ ભૂંસી નાખો; નહિતર અમારા ગુરુના કહ્યા પ્રમાણે તમારા નાક કાન કાપી અમારા રાજ્યની બહાર કાઢી મૂકશું.’’

રાજાની આવી આજ્ઞા સાંભળી બુરાનપુરના આગેવાન ભક્તો ગોવિંદભાઈ અને શિવા શાહ વગેરેએ કહ્યું: ‘‘રાજન્ ! સત્સંગ તો અમોએ અમારા જીવનાં કલ્યાણ માટે કરેલ છે, માટે એ છૂટે તેમ નથી. અમારા પ્રગટ પ્રભુની આજ્ઞા કંઠી પહેરાવાની છે, માટે તિલક-ચાંદલો પણ અમે નહિ કાઢીએ. તમારે જે દંડ દેવો હોય તે ધો, પરંતુ સત્સંગ તો અમારા શિર સાટે છે. અમારાં અંતરમાં ભગવાન સ્વામિનારાયણનો નિશ્ચય દ્રઢપણે રહેલો છે,

એ કોઈથી કાઢ્યો નીકળે તેમ નથી. અમે સમજીને–વિચારીને કેસરિયાં કર્યાં છે, માટે અમને કે અમારા પરિવારને મારવા હોય તો મારી શકો છો.’’

હે ભક્તો ! બુરાનપુરના સત્સંગીઓની ખુમારી જોઈને થોડીવાર તો રાજા હેતબાઈ ગયો ! પછી સૈનિકોને હુકમ કર્યો: ‘‘અત્યારે સાંજ થઈ ગઈ છે, માટે બધા જ સત્સંગીઓને જેલમાં પૂરી દ્યો. સવારે સૌનાં કપાળમાં ડામ દઈ હદપાર કરજો. સૌનાં ઘર લૂંટી લેજો. કોઈના ઘરમાં સ્વામિનારાયણનું મંદિર કરી ભજન કરે છે, તેને પણ સળગાવી દેજો. જો એના સ્વામિનારાયણ ખરેખર ભગવાન હશે તો વરસાદ કરશે અને એને જેલમાંથી છોડાવશે.’’ રાજાનો હુકમ થતાં જ સૈનિકોએ હરિભક્તોને કેદમાં પૂરી દીધા ! પછી જેલમાં બેઠા બેઠા સૌ સત્સંગીઓ શ્રીહરિનું ભજન કરવા લાગ્યા.

## ગોવિંદરામ યોગકળાથી બુરાનપુરમાં

હે ભક્તો ! પોતાના ભક્તો પીડાતા હોય ત્યારે ભગવાનને કેમ નિદ્રા આવે ? ગઢડામાં અક્ષર–ઓરડીમાં રાત્રે પલંગ પર પોઢેલા ભક્તવત્સલ શ્રીહરિજી ઝબકીને જાગી ગયા અને બોલ્યાઃ ‘‘શુકમુનિ ! ઊઠો ઊઠો, બુરાનપુર પત્ર લખવો છે.’’ ત્યારે સ્વામીએ ઊઠીને કહ્યું: ‘‘હું દીવો કરીને લાવું છું, પછી પત્ર લખીશું.’’ ત્યારે મહાપ્રભુએ જમણા ચરણારવિંદના અંગુઠાની રાતી રેખાના ચિહ્નમાંથી પ્રકાશ કાઢ્યો. એ જોઈ શુકાનંદ સ્વામીની આંખો અંજાઈ ગઈ ! પછી મહારાજે દીવા જેટલું અજવાળું રાખી બીજો પ્રકાશ સંકેલી લીધો.

પછી શ્રીજી મહારાજે શુકાનંદ સ્વામી પાસે પત્ર લખાવ્યો. તેમાં એ પ્રમાણે લખાવ્યું કે, ‘‘બુરાનપુરના અમારા સર્વે સત્સંગીઓ પ્રતિ અનિર્દેશથી લિખાવિતં સ્વામી શ્રીસહજાનંદજીના જય સ્વામિનારાયણ વાંચજો. બીજું જણાવવાનું કે ખળ એવા સંન્યાસીઓના કહેવાથી ત્યાંના રાજાએ તમને કેદ કરાવ્યા છે, પરંતુ તમો કોઈ પ્રકારની ચિંતા કરશો નહિ. રાત્રે અનરાધાર વરસાદ થશે, તેથી તાપીમાં ઘોડાપૂર આવશે. તેમાં તે સર્વે સંન્યાસીઓ તણાઈ જશે ! તમારા

જેવા ભક્તોના અપરાધના કારણે બધાનાં મોત થશે ! તેમજ રાજા તમારું સન્માન કરશે; માટે આનંદમાં રહી ભજન કરજો.''

હે ભક્તો ! આ પ્રમાણે પત્ર લખાવીને પછી સોમલાખાચરને મોકલી ગોવિંદરામ ભટ્ટને (માણાવદરના મયારામ ભટ્ટના ભાઈને) બોલાવ્યા ને કહ્યું: ''ભટ્ટજી ! તમે અત્યારે જ બુરાનપુર જાઓ.'' ત્યારે ગોવિંદરામે પૂછ્યું: ''મહારાજ ! પૂજા લઈ આવું.'' ત્યારે પ્રભુજી બોલ્યા: ''પૂજાનું શું કામ છે ? સવારે પાછા આવીને અહીંયાં પૂજા કરજો.'' આવું સાંભળીને પ્રગટ પ્રભુના વચનમાં વિશ્વાસ લાવી ગોવિંદરામ બુરાનપુર જવા તૈયાર થયા. ત્યારે મહારાજે ગુલાબનો હાર અને પત્ર આપીને કહ્યું: ''આ હાર હરિભક્તોને પહેરાવજો અને આ પત્ર આપીને પાછા આવતા રહેજો.''

આ પ્રમાણે કહીને મહારાજે ગોવિંદરામને રાજીપારૂપે છાતીમાં ચરણારવિંદ આપ્યાં. પછી ભટ્ટજી પ્રભુને દંડવત–પ્રણામ કરીને અડધી રાતે અંધારામાં ચાલવા લાગ્યા, તે માંડ માંડ ઘેલા નદી સુધી પહોંચી શક્યા. એ સમયે ધીમો ધીમો વરસાદ વરસતો હતો, તેથી ત્યાં રહેલ નીલકંઠ મહાદેવના મંદિરમાં થોડીવાર લંબાવ્યું, તુરંત ઊંઘ આવી ગઈ. એટલે શ્રીજી મહારાજે યોગકળાથી તરત બુરાનપુર પહોંચાડી દીધા ! પછી પ્રભુની ઈચ્છાથી ઊંઘ ઉડી ગઈ અને જોયું તો ઘેલા નદીના બદલે તાપીને કાંઠે હતા ! ઊઠીને ચાલતા થયા ત્યાં તો ચારે બાજુ મોટાં મોટાં મકાનો જોયાં ! એ સમયે રાત્રીના બે વાગ્યા હતા. ત્યારે કોગળિયાના રોગીઓ રસ્તામાં પડેલા જોયા. ત્યારે ગોવિંદરામ સ્વામિનારાયણ નામનું ઉચ્ચ સ્વરે ભજન કરતા કરતા ચાલવા લાગ્યા. એ નામ સાંભળીને મરવા પડેલાં નરનારીઓને સારું થઈ ગયું અને મરેલાં મડદાં પડ્યાં હતાં તેમાં પણ જીવ આવ્યો !

## શ્રીહરિએ બુરાનપુરના ભક્તોની રક્ષા કરી

હે ભક્તો ! ભટ્ટજી ચાલ્યા જતા હતા ત્યાંતો ચોકીદારો મળ્યા અને ઓળખાણ પૂછી. ત્યારે ગોવિંદરામે કહ્યું: ''મને સ્વામિનારાયણ ભગવાને મોકલ્યો છે. અમારા સત્સંગીને રાજાએ જેલમાં પૂર્યા છે, તેથી તેઓને છોડાવવા

માટે આવ્યો છું.'' આવું સાંભળીને સૈનિકો પકડવા ગયા, ત્યાં તો ગોવિંદરામનું શરીર વામન ભગવાનની સમાન વધવા લાગ્યું ! તેવું જોઈને સૈનિકો ભાગવા માંડ્યા. પછી ગોવિંદરામ આગળ ચાલવા લાગ્યા, ત્યાંતો ગુપ્ત રીતે ફરતી મારિકાગણની ચોસઠ જોગણીઓ મળી. તેથી ગોવિંદરામે તે સર્વેને પોતાના હાથ પહોળા કરી પકડી લઈને શહેરના કોટની બહાર ફેંકી દીધી. તે સમયે સર્વે મારિકાઓ સંન્યાસીના મંદિર ઉપર પડી એના કારણે તે મંદિર તૂટી ગયું ! અને સૌ મારિકાઓ મરી ગઈ. એ સમયે જ મરકીનો મહારોગ ચાલતો હતો તે સર્વે દૂર થયો.

હે ભક્તો ! પછી ગોવિંદરામ ભટ્ટ મોટા સિદ્ધની જેમ આવરણ રહિત થઈ ભીંત સોંસરા પ્રવેશ કરી કેદખાનામાં પહોંચ્યા ! ત્યાં ચોકીદાર તો ઘણા હતા, તેઓ સૌ આશ્ચર્ય નજરે જોઈ રહ્યા ! તુરંત જઈ ભટ્ટજી સૌ સત્સંગીઓને મળ્યા અને આગેવાન ભક્ત શિવાશાહને મળી પત્ર આપ્યો અને હાર પહેરાવ્યો. ત્યાંતો ભટ્ટજીના ગળામાં બીજો હાર આવી ગયો ! તે બીજા હરિભક્તને પહેરાવ્યો. ત્યાંતો ગળામાં ત્રીજો હાર પણ આવી ગયો ! આવી રીતે જેટલા હરિભક્તો હતા એટલા હાર શ્રીજી મહારાજની ઈચ્છાથી ગળામાં આવી ગયા અને સૌ ભક્તોને પહેરાવ્યા!

પછી શિવાશાહ વગેરે ભક્તોએ મહારાજનો પત્ર વાંચ્યો. તેમાં લખ્યું હતું કે, ''તમો કાંઈ ચિંતા કરશો નહિ, સવારમાં રાજા તમારું સન્માન કરશે.'' આવું જાણી સૌ રાજી થયા અને ગોવિંદરામને દંડવત કર્યા. પછી ભટ્ટજી તાપી નદીએ આવી સ્નાન કરવા ડૂબકી મારી ત્યાંતો શ્રીહરિએ યોગકળાથી ગઢપુર ઘેલા નદીમાં લાવી દીધા. એ પછી ઘેલામાં સ્નાન કરી સૌ સંતો–ભક્તો સાથે ભીનાં કપડે દરબારગઢમાં આવ્યા, ત્યારે સવારના ચાર વાગ્યા હતા ! ત્યારે કોઈએ પૂછ્યું: ''તમારી વૃદ્ધાવસ્થા છે ને આટલા બધા વહેલાં કેમ સ્નાન કરવા ગયા હતા ?'' ત્યારે ભટ્ટજી કહે, 'આજે તો મેં એક સાથે તાપીમાં અને ઘેલામાં એમ બન્ને નદીમાં સ્નાન કર્યું છે. હવે શાંતિથી પૂજા કરીશ.''

ત્યારે ત્યાં ગોપાળાનંદ સ્વામી પધાર્યા. તેમણે અંતરદૃષ્ટિથી જોયું, તેથી ખ્યાલ આવી ગયો. પછી સ્વામીએ સૌ સંતો–ભક્તોને વિસ્તારથી વાત સંભળાવી. તે સાંભળીને બધાને મહારાજનો વિશેષ મહિમા સમજાયો.

હે ભક્તો ! બુરાનપુરમાં સવારે ધોધમાર વરસાદ શરુ થઈ ગયો ! તેથી તાપીમાં ભયંકર પૂર આવ્યું અને તેનું પાણી સંન્યાસીઓના મઠમાં ભરાયું, તેથી જેટલા સંન્યાસી હતા એ બધા જ તણાઈને સમુદ્ર ભેગા થઈ ગયા ! રાજાને આ વાતનો ખ્યાલ આવતા તેને મનોમન નક્કી થઈ ગયું કે 'સત્સંગીઓને જેલમાં પૂરાવ્યા એટલે સંન્યાસીઓ મોતને ભેટ્યા છે.' તુરંત રાજા જેલમાં ગયો અને સર્વે હરિભક્તોની માફી માગીને સન્માન કરી ઘેર મોકલ્યા.

## ડભાણિયો આંબો, બળદ અને સ્વામી

હે ભક્તો ! એકવાર શ્રીજી મહારાજ ગઢપુરમાં દરબારગઢમાં આંબલી નીચે ઓટા ઉપર બેસીને દાતણ કરતા હતા. એ સમયે આનંદાનંદ બ્રહ્મચારી અને વાસુદેવાનંદ બ્રહ્મચારી બન્ને ઝોળી માગવા જતા હતા. ત્યારે તે મહારાજની બાજુમાં થઈને નીકળ્યા. ત્યારે મહારાજે કહ્યું: ''તમે બન્ને મને એક એક પ્રશ્ન પૂછો, પછી ઝોળી માગવા જાઓ.'' ત્યારે આનંદાનંદ બ્રહ્મચારીએ પ્રશ્ન પૂછ્યો. તે સાંભળીને મહારાજ બોલ્યા જે, ''આ મૂળજી બ્રહ્મચારી જેવા દૃઢ નિષ્કામી થશે અને સ્ત્રી–ધનમાં લેવાશે નહિ.'' ત્યારબાદ વાસુદેવાનંદ બ્રહ્મચારીએ પ્રશ્ન પૂછ્યો. તે સાંભળીને મહારાજે કહ્યું કે, ''આ શુકાનંદ સ્વામી જેવા બુદ્ધિમાન થશે.''

શ્રીહરિનાં વચનો ક્યારેય ખોટાં થાય જ નહિ. પછી સમય જતા જ્યારે વાસુદેવાનંદ બ્રહ્મચારીએ 'સત્સંગિભૂષણ' નામનો ગ્રંથ કર્યો, ત્યારે શ્રીહરિનાં આ વચનો સત્ય થયાં. આ પ્રસંગમાંથી એ સમજવાનું છે કે, મહારાજ એવું બોલ્યા હતા કે, આ વાસુદેવાનંદ શુકમુનિ જેવા બુદ્ધિશાળી થશે.' તો શુકાનંદ સ્વામી કેવા બુદ્ધિશાળી હશે એ સમજવા જેવું છે.

એકવાર શ્રીજી મહારાજ ગઢપુર લક્ષ્મીવાડીમાં હાલ જ્યાં બેઠક છે ત્યાં આંબાની નીચે ગાદી–તકિયે બિરાજમાન થઈને સભા કરીને સંતો–ભક્તો આગળ કથા–વાર્તા કરી રહ્યા હતા. તે સભામાં મુક્તાનંદ સ્વામી અને

શુકાનંદ સ્વામી મહારાજની સન્મુખ બેઠા હતા. ત્યારે શ્રીહરિ આંબાની ડાળમાંથી એક કેરી તોડીને બોલ્યાઃ ‘‘હે સંતો–ભક્તો ! સાંભળો. ડભાણ ગામની ત્રણ વસ્તુ અમારી સેવામાં બહુ આવી. એક તો આ ડભાણિયો આંબો, બીજો ડભાણિયો બળદ અને ત્રીજા આ ડભાણિયા શુકમુનિ !’’

(૧) ડભાણિયો આંબો : હે ભક્તો ! એક વખત વૈશાખ મહિનામાં અતિ ગરમીમાં ડભાણથી ત્યાંના આંબાની કેરીઓનો ટોપલો મૂળજી બ્રહ્મચારી માથે ઉપાડીને ઠેઠ ગઢપુર લાવેલા. તે કેરીઓ મહારાજ જમેલા. પછી એક કેરીનું ગોટલું લક્ષ્મીવાડીમાં હાલ બેઠક છે ત્યાં વાવેલું. તેનો પણ થોડાં વર્ષમાં મોટો આંબો થયો અને કેરીઓ પણ આવવા લાગી. પછી તેની છાયામાં મહારાજ અનેક વખત બેસતા હતા તેમજ તે આંબાની કેરીયો પણ મહારાજ બહુ જમ્યા હતા, તેથી મહારાજ બોલ્યા હતા કે, ‘ડભાણિયો આંબો અમારા ઉપયોગમાં બહુ આવ્યો.’

હે ભક્તો ! બીજા મત પ્રમાણે શ્રીજી મહારાજ ડભાણ (ખેડા જિલ્લાનું નડિયાદ તાલુકાનું ગામ) પધાર્યા હતા. ત્યારે મહારાજે ડભાણના ભક્તોને કહેલુંઃ ‘‘આવતાં વર્ષે વૈશાખ મહિનામાં આ આંબાવાડીયાના આંબા વાવાઝોડામાં પડી જશે અને સત્સંગમાં જન્મ લેશે. માટે આ આંબાઓની સ્મૃતિ માટે અમે અહીંથી એક આંબાનો રોપ ગઢડા લઈ જઈ લક્ષ્મીવાડીમાં રોપીશું, પછી તે મોટો થશે ત્યારે તેની કેરીઓ જમીશું.’’ પછી તે આંબો મોટો થતા કેરીયો આવેલી તેને મહારાજ જમતા હતા.

(૨) ડભાણિયો બળદ : હે ભક્તો ! ડભાણમાં વિષ્ણુદાસ પાટીદાર મહારાજના નિષ્ઠાવાન ભક્ત હતા. તેમણે વેલા નામનો બળદ મહારાજને અર્પણ કર્યો હતો. આ બળદ શક્તિશાળી હોવાથી ઘણા કિલોમીટર સુધી એક સરખું ચાલ્યા કરતો હતો, તેના કારણે ગાડામાં બેઠેલાને આંચકા લાગતા નહિ. એવો જ એક બીજો પારેવા નામનો બળદ હતો. તે પણ ચાલમાં સારો હતો. તેને પીપળીના દાદાભાઈ વણારે શ્રીજી મહારાજને ભેટ આપ્યો હતો.

હે ભક્તો ! શ્રીજી મહારાજને ગાડામાં બેસવું હોય ત્યારે આ બન્ને બળદોને જોડતા હતા. ક્યારેક એકા (એક બળદથી ચાલે તેને એકો કહેવાય) ઉપર બેસવું હોય ત્યારે માત્ર ડભાણ ગામનો વેલો બળદ જોડતા. પારેવા

બળદ કરતાં પણ વેલો બળદ અર્થાત્ ડભાણિયો બળદ શ્રીહરિના ઉપયોગમાં વધારે આવ્યો છે. જ્યારે મદનમોહનજી મહારાજની મૂર્તિ લઈને ભાયાત્માનંદ સ્વામી ધોલેરા જતા હતા, ત્યારે શ્રીહરિએ કહેલું કે, 'વેલો અને પારેવો આ બન્ને બળદની ચાલ બહુ સારી છે, માટે તે બન્ને બળદને તે ગાડે જોડીને મૂર્તિઓ લઈ જાઓ; એટલે મૂર્તિને કાંઈ વાંધો ન આવે.''

હે ભક્તો ! એકવાર ગઢપુરમાં શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામીને ગાડીમાં બેસાડી એક મહિના સુધી સહસ્ત્રધરે સ્નાન કરવા જવાનું નિયમ રાખ્યું હતું. (આ સહસ્ત્રધરો ગઢડાથી નવ કિ.મી. દૂર માંડવધાર ગામ પછી આવે છે.) ત્યારે શ્રીહરિ દરરોજ ડભાણના બળદને ગાડે જોડીને તેમાં મુક્તાનંદ સ્વામીને બેસાડીને પોતે સ્વયં ગાડી ચલાવતા હતા. આવા અનેક કામમાં ડભાણિયો વેલો બળદ ઉપયોગમાં આવ્યો હતો, તેથી જ શ્રીહરિએ તેની પ્રશંસા કરી હતી.

(૩) ડભાણિયા શુકમુનિ : હે ભક્તો ! ડભાણિયો આંબો, ડભાણિયો બળદ અને ડભાણિયા (ડભાણના) શુકાનંદ સ્વામી આ ત્રણેય શ્રીહરિની સેવામાં બહુ ઉપયોગી થયા હતા. તેમાં પણ આંબા કરતાં બળદ વધારે ઉપયોગમાં આવ્યો અને બળદ કરતાં પણ શુકમુનિ વધારે ઉપયોગમાં આવ્યા હતા.

હે ભક્તો ! એક વખત ગઢપુરમાં શ્રીજી મહારાજે કહ્યું હતું કે, ''જે દિવસથી શુકમુનિ અમારી પાસે રહ્યા છે, તે દિવસથી ચઢતો ને ચઢતો રંગ છે. અમારાં ચરિત્રો અને પત્રો લખી લખીને સ્વામીની આંગળીઓ વાંકી થઈ ગઈ છે.'' આ રીતે કહીને મહારાજ સભામાં સૌને સ્વામીનો હાથ ઉંચો કરીને આંગળીઓ દેખાડીને બોલ્યાઃ ''સૌ કોઈ સાંભળો. કોઈ ચાંદ્રાયણ વ્રત કરે છે, કોઈ ધારણાં–પારણાં કરે છે, કોઈ અન્ય વ્રતો કરે છે, પરંતુ આ શુકમુનિ તુલ્ય કોઈ થાય નહિ. કેમ જે અમારા કાગળ (પત્રો) લખવા અને અમારા ગ્રંથો લખવાની સેવા કરવાથી સ્વામીના હાથની આંગળીઓ સજ્જડ થઈ ગઈ છે; માટે આ શુકાનંદ સ્વામી છે તે તો અમારા હાથ છે.'' આ બિરૂદ મહારાજે શુકાનંદ સ્વામીને ગઢપુર લક્ષ્મીવાડીમાં ડભાણિયા આંબા નીચે આપ્યું હતું.

## શ્રીહરિએ અંતઃશત્રુઓ સાથે યુદ્ધ કરાવ્યું

હે ભક્તો ! કળિયુગમાં અવતાર ધારણ કરીને શ્રીહરિજીએ કળિયુગનાં અનેક સ્ત્રી–પુરુષોને નિષ્કામી કર્યા હતા. કેવળ નિષ્કામી જ નહિ, પરંતુ દરેક અંતઃશત્રુઓને વશ કર્યા હતા અને કરાવ્યા પણ હતા. એટલે તો કહેવાય છે કે, 'શ્રીહરિએ કળિયુગમાં સત્‌યુગ પ્રવર્તાવ્યો છે.' વાત એ રીતે બનેલી કે શ્રીહરિજીનો મહિમા જોઈને અધર્મસર્ગના તમામ દોષોએ શ્રીહરિને મૂર્તિમાન પ્રગટ થઈને કહેલું: ''પ્રભુ ! અમારે તમારા આશ્રિતોની શક્તિ જોવી છે, માટે અમને યુદ્ધ આપો.''

હે ભક્તો ! બ્રહ્માંડોના મોટા મોટા દેવો, ઋષિઓ અને ઇશ્વરોને પણ પરાજીત કરનારા આ દોષોનો પરાભવ કરવા શ્રીહરિ સંતમંડળ સહિત ગઢપુરમાં રાધાબાગમાં પધાર્યા અને ત્યાં એક માસ સુધી રોકાયા ! પછી મહારાજના કહેવાથી એક પછી એક દોષ દરરોજ ત્યાં આવતો અને યુદ્ધ માગતો ! આ બધા દોષો મૂર્તિમાન બનીને આવતા હતા અને પ્રભુને પ્રણામ કરીને માગણી કરતા હતા. તેથી મહારાજ પણ અંતઃશત્રુ સાથે લડવા જુદા જુદા સંતોને મોકલી જીતાડતા હતા.

તેમાં શ્રીહરિએ સચ્ચિદાનંદ સ્વામી દ્વારા કામનો પરાભવ કરાવ્યો. મુક્તાનંદ સ્વામીએ ક્રોધને જીત્યો. ચૈતન્યાનંદ સ્વામીએ લોભને હરાવ્યો. બ્રહ્માનંદ સ્વામીએ મોહને હઠાવ્યો. ભાયાત્માનંદ સ્વામીએ મત્સરનો મદ ઉતાર્યો. શુકાનંદ સ્વામીએ ઇર્ષ્યાને જીતી, યોગીરાજ ગોપાળાનંદ સ્વામીએ અહંકારને પરાજિત કર્યો અને નિત્યાનંદ સ્વામીએ માનને માર્યો. આ પ્રમાણે નિત્ય પ્રત્યે એક અંતઃશત્રુનો યોદ્ધો લડવા આવતો, એટલે શ્રીજી મહારાજ સંતો દ્વારા તેનો પરાજય કરાવતા હતા. જે સંતો એ દોષોને જીતતા તેમને શ્રીહરિ પોતાની પ્રસાદી આપતા હતા અને ભાવથી ભેટતા હતા.

હે વહાલા વાચકો ! શુકાનંદ સ્વામીએ ઇર્ષ્યાને કેવી રીતે જીતી હતી ? તે હવે સાંભળો અથવા વાંચો. જ્યારે અંતરના શત્રુઓ સાથે લડવાનો સાતમો દિવસ હતો, ત્યારે મહારાજ સર્વે સંતોને લઈ રાધાબાગથી ભક્તિબાગ પધાર્યા. ત્યાં આંબો અને આંબલી વચ્ચે દ્રાક્ષનો માંડવો હતો ત્યાં મહારાજે સવારમાં સભા કરી. પ્રથમ સંતોએ કીર્તનો ગાયાં. પછી પ્રભુએ કહ્યું: ''સંતો ! આજે ઇર્ષ્યા આવનારી છે, માટે એને જીતવાનું બીડું શુકમુનિ લે.''

હે ભક્તો ! મહારાજની વાણી સાંભળી શુકાનંદ સ્વામી બોલ્યા: ''હે મહારાજ ! હું તો તમારો સેવક છું, તેથી તમારા ધ્યાનના પ્રતાપે એને જરૂર જીતીશ.'' આવું સાંભળીને શ્રીહરિ હસ્યા અને બોલ્યા: ''કેવા ખબરદાર છે ? અમારે માથે નાંખ્યું.'' ત્યારે શુકમુનિ બોલ્યા: ''સ્વામી હોય પછી સેવકને શું ચિંતા ?!'' આ રીતે વાતચીત કરે છે, ત્યાં ઇર્ષ્યા આવી ને મહારાજ સામે ઊભી રહી. ત્યારે મહારાજે તેને કહ્યું: ''આ શુકસ્વામી સાથે યુદ્ધ કર.''

## લડ્યા વિના ઈર્ષ્યાએ હાર કબૂલ કરી લીધી !

હે ભક્તો ! શ્રીહરિએ શુકાનંદ સ્વામીનું નામ લીધું ત્યાં તો ઇર્ષ્યાએ પોતાની હાર કબૂલ કરી લીધી ! તે બે હાથ જોડીને બોલી: ''હે પ્રભુ ! હું તમારા સંતોને કે સત્સંગીઓને નડતી નથી, માટે મને આપનાં ચરણારવિંદ અને પ્રસાદી આપો, તેથી હું ચાલી જાઉં, મારે શુકાનંદ સ્વામી સાથે યુદ્ધ કરવું નથી. મને જવાની રજા આપો.'' પછી પ્રભુએ તેને ચરણારવિંદ અને પ્રસાદી આપી, તેથી તે જતી રહી.

જોયુંને ભક્તો ? શુકાનંદ સ્વામીનું જ્યાં નામ લીધું ત્યાં ઇર્ષ્યા બોલી, 'હું તમારા આશ્રિતને નડતી નથી.' આનો અર્થ એ થાય કે સ્વામી જેવા જે સરળ, નિર્માની અને મોટા પુરુષોની મરજીમાં રહેતા હોય, તેમજ મહારાજની નાની-મોટી આજ્ઞા પાળતા હોય એવા લોકોનું ઇર્ષ્યા નામ લેતી નથી. બાકી તો આ જગતમાં સારાં સારાં નરનારીઓને ઇર્ષ્યા ભરખી ગઈ છે. ઉધઈ જેવી ઇર્ષ્યાએ અનેકને બોદા કરી નાખ્યા છે. નિર્વિકારાનંદ,

નિર્વિકલ્પાનંદ અને જીવાખાચર જેવાઓ પ્રગટ પ્રભુને સેવનારા હોય તો પણ ઇર્ષ્યા તેને છોડતી નથી; માટે ઇર્ષ્યાથી બચવું હોય તો શુકાનંદ સ્વામી જેવી સરળતા અને નિર્માનીતા કેળવવી.

હે ભક્તો ! ઇર્ષ્યા લડ્યા વિના જતી રહી, ત્યારે મહારાજે કહ્યું: ‘‘હે શુકમુનિ ! તમારે તો લડવા માટે કાંઈ મહેનત જ ન કરવી પડી ?’’ ત્યારે સ્વામી બોલ્યાઃ ‘‘હે મહારાજ ! હું તો તમારે શરણે છું. જે આપને શરણે જ રહે છે, તેને મહેનત કરવી ન પડે, એને તો મોક્ષ મળે.’’ આવું સાંભળી મહારાજ રાજી થયા અને ભાવથી ભેટીને વરદાન માગવા કહ્યું. ત્યારે સ્વામીએ માગ્યુ: ‘‘હે મહારાજ ! જે માગવાનું હોય તે તો આપ સાક્ષાત્ મળ્યા છો. વળી મને આપની સેવાનો લાભ આપો છો, એથી વિશેષ બીજું શું માગું ? પરંતુ મારી પાસે પૂજવા માટે આપનાં ચરણારવિંદ નથી, માટે રાજી થયા હો તો તે આપો.’’ પછી મહારાજે રાજી થઈને પોતાની પાસે બે ચોફાળમાં ચરણારવિંદ પાડેલાં હતાં, તે બેય ચોફાળ સ્વામીને આપ્યા; તેમજ મહારાજ જમ્યા પછી પ્રસાદીના થાળની પ્રસાદી પણ સ્વામીને આપી.

(ઢાળ)

‘‘ઈર્ષ્યા દેખે દોષ પરના, ભાળે નહિ પોતાની ભૂલ;
અમાપને જાય માપવા, વળી કરે અમૂલનું મૂલ.
એવી અભાગણી ઈર્ષ્યા, જેને ગુરુ સંતની ગણાતી નહિ;
વિનાશ એવો નહિ વિમુખ સંગથી, જેવો ઈર્ષ્યા કરે છે સહી.
હરિજનને હાણ હંમેશે, ઈર્ષ્યા કરે છે ઉર તણી;
નિષ્કુળાનંદ કહે નિત્ય પ્રત્યે, ખાટ્ય નથી છે ખોટ્ય ઘણી.’’

– વચનવિધિ : ક.૨૪

## સ્વામીની પ્રશંસા તથા ધ્યાનનો મહિમા

હે ભક્તો ! શુકાનંદ સ્વામીના સદ્‌ગુણોની પ્રશંસા કરતાં આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ દુર્ગપુર માહાત્મ્યના ત્રીજા અધ્યાયમાં કહે છે કે, ''શુકમુનિ શ્રીહરિની સમીપે અખંડ રહેતા હતા, મહારાજની અનુવૃત્તિમાં રહીને સેવા કરતા હતા, ધર્મ-જ્ઞાન અને વૈરાગ્ય વગેરે સાધુતાના સર્વે ગુણે યુક્ત હતા; તેમજ શ્રીહરિની કૃપાનું પાત્ર હતા.'' આવા સદ્‌ગુણોને કારણે જ શ્રીહરિ સ્વામી ઉપર હંમેશાં પ્રસન્ન રહેતા હતા અને પોતાના અંતરનો અભિપ્રાય પણ પ્રેમથી કહેતા હતા. શ્રીહરિને પોતાના હૃદયની વાત સ્વામીને કહેતાં ક્યારેય ખચકાટ થતો નહિ.

વળી દુર્ગપુર માહાત્મ્યના ૭૮ માં અધ્યાયમાં લખ્યું છે કે, ''ગઢપુરમાં જ્યારે જૂનાગઢના શિલ્પી નારાયણજીભાઈ સુતાર ગોપીનાથજી મહારાજની મૂર્તિ બનાવતા હતા, ત્યારે શ્રીજી મહારાજ શુકાનંદ સ્વામી પાસે ભાગવતાદિક ગ્રંથની કથા વંચાવતા હતા. એ સમયે મહારાજે અતિ પ્રેમથી પોતાની પ્રસાદીનો થાળ શુકમુનિને આપ્યો તેમજ પોતાનાં શરીર પર ધારવાનાં સર્વે પ્રસાદી વસ્ત્રો તે બધાં જ સ્વામીને આપ્યા અને પ્રેમમગ્ન થઈ બાથમાં લઈ ભેટ્યા. પછી સ્વામીની છાતીમાં ચરણારવિંદ આપ્યાં હતાં. પછી દાદાખાચર વગેરે ભક્તોને કહ્યું: ''આ શુકાનંદ સ્વામી બહુ સારા સંત છે. જેમણે વ્યાસપુત્ર શુકદેવજીનાં દર્શન ન કર્યાં હોય તેમણે આ શુકમુનિનાં દર્શન કરવાં. આ શુકમુનિમાં તે શુકદેવજી જેવા જ અનેક સદ્‌ગુણો છે.''

હે ભક્તો ! આ પ્રમાણે કહીને તે સભામાં જ પોતાના અંતરનું રહસ્ય સમજાવતાં શ્રીહરિ કહેવા લાગ્યા: ''હે શુકમુનિ ! હું જ સર્વે અવતારોનું કારણ છું. મારી મૂર્તિ સર્વોપરી છે. મારી તુલ્ય બીજું કોઈ નથી; માટે સુંદર ચિહ્‌ન અને અવયવોથી યુક્ત તથા અલૌકિક શક્તિએ યુક્ત મારી આ મૂર્તિને તમે હૃદયમાં ધારો.' મહારાજે આ રીતે કહ્યું એટલે સ્વામીએ સર્વે ચિહ્‌ન તથા અવયવોએ સહિત મહારાજની સંપૂર્ણ મનોહર મૂર્તિ પોતાના હૃદયમાં ધારી.

તે જોઈ મહારાજ અતિ રજી થયા ને બોલ્યાઃ ''હે ભક્તો ! સાધુઓમાં શ્રેષ્ઠ આ શુકમુનિ ઉપર અમે અતિ રાજી થયા છીએ. જેમ ઇન્દ્રનું વજ પર્વતના સેંકડો ટુકડા કરી નાખે છે, તેમ મારા ધ્યાનરૂપી પાવન કરનારું શસ્ત્ર પણ કોટિ જન્મનાં પાપરૂપ પાંજરાને તોડી નાંખે છે. વળી, જેમ વાયુએ યુક્ત ઊંચી જ્વાળાવાળો અગ્નિ સૂકા ઘાસવાળા સમગ્ર વનને બાળી દે છે – તેમ મારું ધ્યાન કરનારના સર્વે અશુભ કર્મોને મહાસમર્થ એવા અમે નાશ કરી નાખીએ છીએ. તમામ પ્રકારનાં પ્રાયશ્ચિતોમાં મારું ધ્યાન વિશિષ્ટ મહત્ત્વપૂર્ણ છે; માટે જેને શુદ્ધિની ઇચ્છા હોય તેમણે હંમેશાં તત્પર થઈને મારું ધ્યાન ધરવું. જે મનુષ્ય મારા સ્વરૂપનું પ્રેમથી નિરંતર ધ્યાન કરે છે, તે તત્કાળ પાપના પૂંજથી (ઢગલાથી) છૂટી મહાપવિત્ર થાય છે; માટે હાલતાં–ચાલતાં, સૂતાં–જાગતાં, પવિત્ર દેહે કે અપવિત્ર દેહે ધર્મપુત્ર એવા અમારું અખંડ ધ્યાન કરવું.'' – દુર્ગપુર માહાત્મ્ય : અ. ૭૮

## શ્રીજી મહારાજે શુકમુનિને તપાડ્યા

હે ભક્તો ! શુકાનંદ સ્વામી પોતાની દરેક ક્રિયા શ્રીહરિને રાજી કરવા માટે જ કરતા હતા. તેઓ હંમેશાં મનોમન એવું જ ઈચ્છતા કે, 'હું શું કરું તો મહારાજ મારા ઉપર રાજી થાય ?'' આવા અનુસંધાનને લક્ષ્યમાં લઈ સ્વામી દરેક ક્રિયા કરતા હતા. એના કારણે તો શ્રીજી મહારાજ પણ સ્વામી ઉપર અતિશય રાજી રહેતા હતા, એનો એક પ્રસંગ સાંભળો.

એકવાર માઘ માસ ચાલતો હતો. (પોષ સુદ પૂનમથી મહાસુદ પૂનમને માઘ માસ કહેવાય છે. એ સમયે બહુ ઠંડી હોય છે, તો પણ ઘણા સંતો–ભક્તો નદી–તળાવમાં જઈને કે ઘેર સાંજના સમયે માટલામાં પાણી ભરીને તે પાણીથી સવારે સ્નાન કરે છે, તેને માઘ સ્નાન કહેવાય છે. આવું તપ કરવાથી ભગવાન બહુ રાજી થાય છે અને માઘ સ્નાન કરનારાને એક મહિના સુધી ઉપવાસ કરે એટલું પુણ્ય પણ થાય છે ! માટે જે ઠંડી સહન કરી શકતા હોય તેમણે જરૂર માઘ સ્નાન કરવું જોઈએ.)

હે ભક્તો ! શિયાળાનો સમય હોવાથી અતિ ઠંડી હતી. આટલી બધી કાંતિલ ટાઢમાં પણ શુકાનંદ સ્વામી સવારે વહેલાં ઊઠીને ઘેલા નદીમાં સ્નાન કરીને નિત્યવિધિ કરીને શ્રીહરિ પાસે અક્ષર–ઓરડીમાં ગયા. એ સમયે સ્વામીની ઉંમર નાની હતી. ટાઢા પાણીએ નાહીને આવ્યા હોવાથી સ્વામીને ઠંડી બહુ લાગી હતી. ત્યારે મહારાજે સ્વામીને ટાઢથી ધ્રૂજતા જોઈને દાદાખાચરને પૂછ્યું: ''દાદા ! આ અક્ષર ઓરડીની વળિયું શેણે જડી છે ?'' ત્યારે દાદાખાચરે કહ્યું: ''હે મહારાજ ! એ તો લોખંડના ખીલાથી જડી છે.''

આવું સાંભળી શ્રીહરિ બોલ્યા: ''દાદા ! આ વળિયું (વાંસની લાંબી પટ્ટીઓ) નીસરે કે નહિ ? જો નીકળે તો એને સળગાવીને આ શુકમુનિને તપાડું ! દાદા ! આ ખપાટ્યું નીકળે તો એના વડે આ સાધુને તપાડું.'' આવું સંભાળીને તુરંત દાદાખાચર દરબારમાં આવ્યા અને તરત જ સુતારને બોલાવી એક મોટાં લાકડાના ટુકડા કરાવી એક ગોળાને ફોડી તેની ઠીબ બનાવી તેમાં લાકડાના કટકા મૂકી સળગાવીને મહારાજ પાસે અક્ષર ઓરડીમાં લાવ્યા ! પછી મહારાજે શુકાનંદ સ્વામીને તપાડ્યા અને પ્રભુ પણ તાપ્યા.

હે ભક્તો ! પોતાને રહેવાની જે અક્ષર ઓરડી તેની વળિયું કઢાવવા માટે પણ મહારાજ તૈયાર થઈ ગયા, એના ઉપરથી ખ્યાલ આવે કે મહારાજને શુકાનંદ સ્વામી સાથે કેટલું હેત હશે ? એ સમયે ત્યાં મોટા સદ્‌ગુરુઓ આવ્યા. તે સૌએ દાદાખાચરને ખૂબ બિરદાવ્યા. ત્યારે મહારાજે તે સંતોને કહ્યું: ''સંતો ! આ દાદાખાચર બહુ ચતુર છે અને સાવધાન છે. અમે જરાક વાત કહી ત્યાં તો શુકમુનિને તપાડવા સગડી બનાવીને લઈ આવ્યા.'' આ તકની સેવા જોઈ મહારાજ દાદાખાચર ઉપર બહુ રાજી થયા.

## દંડવત બાકી રહ્યા તેથી ફરીને પૂજા કરી !

હે ભક્તો ! સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રીહરિની આજ્ઞા પ્રમાણે સંતો–ભક્તો સવારમાં પેટી પૂજા કરતા હોય છે, પરંતુ વિધિ પ્રમાણે બધા પૂજા કરતા નથી. કોઈક સંતો–ભક્તો પૂજા–પાથરણામાં મૂર્તિઓ પધરાવીને પાંચ કે

દશ માળા કરી શિક્ષાપત્રી વાંચીને પૂજા કરી લેતા હોય છે. ઘણા સંતો–ભક્તો માળા ફેરવીને ઊભા થઈ તપની માળા કરીને થોડી પ્રદક્ષિણા કરીને બેસી જઈ શિક્ષાપત્રી વાંચી પૂજા કરી લેતા હોય છે અને અમુક મહિમાવાળા સંતો અને હરિભક્તો તો વ્યવસ્થિત શાસ્ત્ર પ્રમાણે પૂજા કરતા હોય છે.

હે ભક્તો ! મહિમાવંત સંતો–ભક્તો પ્રથમ સ્નાન કરી પવિત્ર થઈ ધોયેલાં ધોતિયાં પહેરીને ઉત્તર તરફ કે પૂર્વ તરફ મુખ રાખી પૂજાના આસન ઉપર બેસે છે. પછી ત્રણ વખત આચમન કરી શિખા બાંધી ચાર સ્થાને તિલક કરે છે. પછી ભાલમાં ચાંદલો કરે છે. ત્યારબાદ ફરીને ત્રણ વાર આચમન કરી માનસી–પૂજા કરે છે. ત્યારબાદ મહારાજની મૂર્તિઓને ડબ્બલ પાથરણાં પાથરીને તાળી વગાડી જગાડીને તે ઉપર પધરાવે છે. પછી મુલાયમ કાપડના ટુકડા વડે પૂજાની મૂર્તિઓ ઉપર માર્જન કરે છે. અર્થાત્ લૂછે છે. પછી આવાહન મંત્ર બોલી પ્રભુને બોલાવી વાટકીમાં સીંગદાણા કે સાકર કે સૂકોમેવો વગેરે મૂર્તિઓ આગળ મૂકી બે હાથ જોડી પ્રભુને જમવાનું કહી ગૌમુખીમાં રહેલ માળા ફેરવે છે.

પછી પાંચ–દશ માળા એવી રીતે ફેરવે છે કે મણકે મણકે સ્વામિનારાયણ નામ બોલાતું હોય. પછી જમણા પગે ઊભા રહી, બીજો પગ ગોઠણથી વાળીને જમણા પગના ગોઠણ આધારે રાખી બે હાથ ઉંચા રાખી તપની એક માળા ફેરવે છે. પછી પૂજાને પ્રદક્ષિણા કરતા કરતા એક કે બે માળા ફેરવીને ઓછામાં ઓછા છ દંડવત કરે છે. ત્યાર બાદ આચમની કરવા રાખેલ પાણીની નાની વાટકીમાંથી જળ લઈ હાથ ધોઈ, લૂંછીને પછી પૂજાની દરેક મૂર્તિના ચરણને હાથ વડે સ્પર્શ કરી પોતાની બન્ને આંખોએ અડાડીને પછી પ્રાર્થના કરે છે, (તે પ્રાર્થના કેવી રીતે કરવી તે પ્રથમના ૪૮ માં વચનામૃતમાં કહ્યું છે.) ત્યારબાદ પૂજામાં પધારેલા પ્રભુને પોતાના અંતરમાં પધારવા વિનંતી કરીને વિસર્જન મંત્ર બોલી મૂર્તિઓને ભેગી કરી પૂજા–પેટીમાં મૂકીને શિક્ષાપત્રીનું યથાશક્તિ વાંચન કરે છે. છેલ્લે આચાર્ય મહારાજ દ્વારા અપાયેલ ગુરુમંત્રની એક કે બે માળા કરી પૂજાની સમાપ્તિ કરે છે.

હે ભક્તો ! આ પૂજાવિધિ લખવાનું કારણ સદ્‌ગુરુ શુકાનંદ સ્વામીની પૂજાવિધિ સાથે છે, માટે લખ્યું છે. હવે સાંભળો મૂળ પ્રસંગ. એકવાર શુકાનંદ સ્વામી સવારે પૂજા કરવા બેઠા. પોતાનો બધો આહ્નિક વિધિ કરી

રહ્યા પછી પૂજાનું વિસર્જન કર્યું. પરંતુ અસંતોષ થયો. પોતે મનોમન વિચાર્યું: ''મેં આજે પૂજા કરી છે, પણ કાંઈક વિધિ બાકી રહ્યો જણાય છે.'' પછી સ્વામીએ ફરીને પૂજા કરી ! બીજી વાર પૂજા પાથરીને પોતાનો વિધિ કર્યો. ત્યારે સ્વામીને ખ્યાલ આવ્યો કે, 'હું પહેલીવારની પૂજામાં દંડવત કરવા ભૂલી ગયો હતો.''

હે ભક્તો ! શુકાનંદ સ્વામીને પૂજામાં એક વિધિ ભુલાઈ ગયો તો આખી પૂજા ફરીથી કરી. આ પ્રસંગમાંથી આપણે એ શીખવાનું છે કે આપણે પૂજામાંથી કેટલો વિધિ જાણી જોઈને કાઢી નાખીએ છીએ કે ભૂલાઈ જાય છે ? જો ગાફલાઈથી પ્રદક્ષિણા ન કરતા હોઈએ કે દંડવત ન કરતા હોઈએ તો મહારાજને રાજી કરવા પૂરી વિધિ સાથે પૂજા કરવાનું શરુ કરી દઈએ; તેથી સ્વામિનારાયણ ભગવાન અને મોટા સંતો-ભક્તો જરૂર આપણા ઉપર રાજી થશે.

## સ્વામીમાં અંતર્યામી શક્તિ હતી, તેથી...

હે ભક્તો ! શુકાનંદ સ્વામી દરરોજ પ્રેમથી પૂજા કરવામાં અને મહાપ્રભુ શ્રીહરિની આજ્ઞા પાળવામાં તેમજ અનુવૃત્તિ રાખવામાં બહુ શ્રદ્ધાવાળા હોવાના કારણે તેઓમાં અંતર્યામી શક્તિ પ્રગટ થઈ હતી ! તેના કારણે તેઓ ભવિષ્યકાળની વાત પણ કહી દેતા, એનો એક પ્રસંગ સાંભળો. એકવાર શુકાનંદ સ્વામી અને સંતો ભાવનગર જિલ્લાના મહુવા શહેરમાં પધાર્યા હતા. ત્યાં થોડો સમય રોકાયા પછી હરિભક્તોના આમંત્રણના કારણે અમરેલી જિલ્લાના સાવર-કુંડલા તાલુકાના ઝીંઝોડા ગામમાં સંતમંડળ સહિત પધાર્યા.

હે ભક્તો ! ઝીંઝોડા ગામના હરિભક્તોએ પવિત્ર બ્રાહ્મણ બોલાવી સંતો માટે રસોઈ બનાવડાવી હતી. ત્યાં સંતો આવ્યા. પછી સંતોએ ઠાકોરજીને થાળ ધરાવ્યો ને શુકાનંદ સ્વામી સહિત સૌ સંતો જમ્યા. પછી વધેલ થાળની પ્રસાદી નાના સંત, હરિભક્તોને આપવા લાગ્યા. ત્યારે સ્વામી બોલ્યા: ''સાધુરામ ! અત્યારે વધેલ પ્રસાદી આપશો નહિ. એમનામ પડી રહેવા ધો; કારણ કે મહુવાના હરિભક્તો અહીંયાં દર્શન કરવાં આવે છે, એને જમાડવા પડશે.

શુકાનંદ સ્વામીની વાત સાંભળી સહુ સંતો-ભક્તોને નવાઈ લાગી અને પરસ્પર કહેવા લાગ્યા: ‘‘અરે ! મહુવાથી તો કોઈ સમાચાર આવ્યા જ નથી, તો પછી સ્વામીને કેવી રીતે ખબર પડી કે હરિભક્તો દર્શન કરવાં આવે છે !’’ એમ વાત કરતા હતા ત્યાંતો મહુવા ગામથી ખીમાભાઈ શેઠ વગેરે હરિભક્તો આવ્યા ! પછી દરેક હરિભક્તોને જમાડ્યા અને વધેલ રસોઈની પ્રસાદી ઝીંઝોડાના ભક્તોને આપી તેમજ જે હરિભક્તની રસોઈ હતી તે ભક્તને ઘેર પણ મોકલાવી. આ પ્રસંગથી હરિભક્તોને ખ્યાલ આવી ગયો કે, ‘સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી અંતર્યામી મહાપુરુષ છે. તેઓએ નાનપણથી જ મહારાજની આજ્ઞા ને અનુવૃત્તિમાં રહીને પ્રગટ પ્રભુનો રાજીપો પ્રાપ્ત કર્યો છે, એટલે જ તેઓમાં અંતર્યામી શક્તિ પ્રગટ થઈ છે.’ આ પ્રમાણે સમજીને તેઓ સ્વામીની મન-કર્મ-વચને સેવા કરીને સ્વામીને રાજી કરવા લાગ્યા.

## મોક્ષ સુધારે તે મર્દ બીજા મૂર્ખ

હે ભક્તો ! શ્રીજી મહારાજે સંવત ૧૮૭૩ ના ભાદરવા સુદ એકાદશીને દિવસ ગઢડામાં ભક્તિબાગમાં હરમાના વૃક્ષ તળે બેસીને શુકાનંદ મુનિ પાસે ખગોળ-ભૂગોળની રચના તથા મનુષ્ય દેહની દુર્લભતા વર્ણવતો પત્ર લખાવ્યો હતો. આ પત્ર સત્સંગમાં પ્રસિદ્ધ છે. તેને સૌ ખગોળ-ભૂગોળના વચનામૃત તરીકે ઓળખે છે. દરેક મુમુક્ષુઓએ આ પત્ર ખૂબ સારી રીતે વાંચવા જેવો છે. તેમજ શ્રીહરિલીલામૃતના છઠ્ઠા કળશના બારમાં વિશ્રામમાં પણ આ પત્રનો સમાવેશ કરવામાં આવેલ છે.

હે ભક્તો ! તેમાં શ્રીહરિ શુકાનંદ સ્વામીને કહે છે કે, ‘જે મનુષ્ય જન્મ પામીને મોક્ષ નથી કરતો તેને સત્પુરુષો અને સત્શાસ્ત્રો મોટો મૂર્ખ ગણે છે. વ્યવહારિક બુદ્ધિથી તે ભલે ગમે તેટલો મોટો હોય કે ડાહ્યો હોય, પરંતુ પોતાના મોક્ષની વાતને ન સમજે તો તે તણખલા જેવો છે. જે વ્યક્તિ પોતાના મોક્ષને બગાડે છે તેની બુદ્ધિને,

સમજણને, સંપત્તિને, ગુણોને, કળાને તથા મનુષ્ય જન્મને ધિક્કાર છે. વિષયસુખ તો કૂતરાં-ગધેડા આદિક તમામને મળે છે, તે કાંઈ દુર્લભ નથી. દુર્લભ તો મનુષ્ય દેહ, સાચી મુમુક્ષુતા, સત્સંગ અને પ્રગટ પ્રભુની પ્રાપ્તિ થાય એ જ છે. માટે ડાહ્યા માણસોએ ભગવાન ભજી લઈ મોક્ષ સુધારી લેવો.

હે ભક્તો ! પ્રથમ પ્રકરણના પચાસમાં વચનામૃતમાં શ્રીહરિ કહે છે કે, ''જે કલ્યાણને અર્થે જતન કરે છે, પરંતુ તેની બુદ્ધિ થોડી છે, તો પણ તે કુશાગ્ર બુદ્ધિવાળો છે. અને જે જગત-વ્યવહારની કોરે સાવધાન થઈને મંડ્યો છે ને તેની બુદ્ધિ અતિ ઝીણી છે તોપણ તે જાડી બુદ્ધિવાળો છે. અને જે ભગવાનના ભક્ત છે, તેની બુદ્ધિ તો તે વિષયભોગને વિશે અંધકારે યુક્ત વર્તે છે, કહેતાં તે વિષયને ભોગવતા નથી. માટે એવી રીતે જે પોતાના કલ્યાણને અર્થે સાવધાનપણે વર્તે છે, તે જ કુશાગ્ર બુદ્ધિવાળા છે અને તે વિના તો સર્વ મૂર્ખ છે.'' ટૂંકમાં કહેવું હોય તો એમ કહી શકાય કે પોતાનો મોક્ષ સુધારે તે મર્દ અને મોક્ષ બગાડે તે મૂર્ખ. આવા અનેક પત્રો શ્રીહરિએ મુમુક્ષુઓનાં કલ્યાણ માટે શુકાનંદ સ્વામી પાસે લખાવ્યા હતા.

હે ભક્તો ! શુકાનંદ સ્વામી પાસે એક હરિભક્ત સમાગમ કરવા આવેલા. થોડા દિવસ રોકાયા અને સ્વામીનો સમાગમ કરવા લાગ્યા, ત્યાંતો રાત્રે દરરોજ સ્વપ્નમાં એમની પત્ની આવવા લાગ્યાં ! પછી તેણે સ્વામી પાસે જઈને વાત કરતા કહ્યું: ''સ્વામીજી ! હું ઘેર હતો ત્યારે મારા સપનામાં તમે આવતા હતા, પરંતુ હું અહીંયાં તમારી પાસે સમાગમ કરવા આવ્યો છું, એટલે હવે મારા સ્વપ્નમાં મારી ઘરવાળી આવે છે, માટે મારે હવે શું કરવું ? તમે કહો તેમ કરુ.''

આવું સાંભળી શુકાનંદ સ્વામીએ કહ્યું: ''તું ઘેર જતો રહે, કેમ કે સ્વપ્નમાં હું આવીશ તો તારું કલ્યાણ થશે અને અહીંયાં રહીશ અને તારં બૈરું સ્વપ્નમાં આવશે તો તારું કલ્યાણ બગડશે; માટે સંસારમાં રહી ભક્તિ કરજે અને ઉત્સવ-સમૈયા હોય ત્યારે આવીને સમાગમ કરજે, એટલે તારું કલ્યાણ થશે.'' આ પ્રમાણે કહીને સ્વામીએ તે હરિભક્તને ઘેર મોકલી દીધા.

## થાળ, શિક્ષાપત્રી તથા ચરણારવિંદ આપ્યાં

હે ભક્તો ! શ્રીહરિજી શુકાનંદ સ્વામી ઉપર રાજી બહુ રહેતા, એના કારણે થાળની પ્રસાદી સ્વામીને બહુ વખત આપતા હતા. એકવાર શ્રીહરિ થાળ જમતા હતા. એ સમયે ત્યાં શુકાનંદ સ્વામી આવ્યા અને મહારાજને પ્રણામ કરીને બેઠા. ત્યારે મહારાજે જમીને કહ્યું: ''હે શુકમુનિ ! લ્યો અમારી પ્રસાદીનો થાળ જમો.' ત્યારે એ સમયે મૂળજી બ્રહ્મચારી મહારાજ પાસે ઊભા હતા. તેણે ત્રાસી નજર કરી શુકાનંદ સ્વામીને થાળ લેવાની ના કહી, એટલે સ્વામી થાળ લેવા ગયા નહિ અને દૂર ઊભા રહ્યા.

એવું જોઈ મહારાજે પૂછ્યું: ''શુકમુનિ ! ત્યાં કેમ ઊભા છો ? નજીક આવીને થાળની પ્રસાદી લઈ જાઓ.'' તોપણ સ્વામી ગયા નહિ, તેમજ કાંઈ પણ બોલ્યા નહિ. પછી મહારાજે મૂળજી બ્રહ્મચારીને કહ્યું: ''આંખ્યો કાઢોમાં. તમારા મોટા મોટા આંખ્યોના ડોળા જોઈને શુકમુનિ નર્વસ થઈ જાય છે, તેથી થાળ લેવા આવતા નથી. આજે તેમને થાળની પ્રસાદી લેવા દ્યો.''

મહારાજની આજ્ઞા થતાં જ મૂળજી બ્રહ્મચારીએ શુકમુનિને થાળની પ્રસાદી આપી. પછી તે ત્યા જ થોડી પ્રસાદી જમી ગયા અને વધી તે લઈને મુક્તાનંદ સ્વામી પાસે આવ્યા. પછી તે પ્રસાદી મુક્તાનંદ સ્વામીને આપી, તેથી સ્વામી ખૂબ રાજી થયા. પછી બોલ્યા જે, ''શુકમુનિ શ્રીહરિ પાસે રહે છે, સેવાનો લાભ લે છે, પરંતુ રાજીપારૂપે પ્રગટ પ્રભુ પ્રસાદી આપે છે, એટલે સ્વાર્થી નથી થતાં, પણ સહુને આપે છે.''

હે ભક્તો ! એકવાર શ્રીજી મહારાજે રાજી થઈને શુકાનંદ સ્વામીને માગવાનું કહ્યું; ત્યારે સ્વામીએ મહારાજ પાસે પૂજા માગી. તેથી શ્રીહરિએ તુરંત જ ભૂમાનંદ સ્વામીએ લખેલી (શિક્ષાપત્રીની નકલ ઉતારેલી) શિક્ષાપત્રીને માથે અડાડી અને છાતીએ અડાડી સ્વામીને આપી. દાદાખાચર પાસે વસ્ત્ર મગાવીને તેમાં આઠ જોડ ચરણારવિંદ પાડી દઈને તે પણ શુકાનંદ સ્વામીને આપ્યાં. પછી આઠ જોડ ચરણારવિંદમાંથી ચાર જોડ સ્વામીએ બીજા સંતો–

ભક્તોને આપ્યાં અને ચાર જોડ પોતાની પૂજામાં રાખ્યાં. આવો પરોપકાર જોઈને શ્રીજી મહારાજ અને મોટા સંતો–ભક્તો શુકાનંદ સ્વામી ઉપર વિશેષ રાજી થયા.

## એક દંડવત વધારે કરવાનું કારણ

હે ભક્તો ! શુકાનંદ સ્વામીને શ્રીજી મહારાજ પ્રત્યે અતિ હેત હોવાના કારણે તેઓ પ્રગટ પ્રભુની નાની–મોટી સર્વે ક્રિયાઓ ઉપર હંમેશાં નજર રાખતા હતા. મહારાજનાં લટકાં, મટકાં, જાગવું, ઊઠવું અને ખાવું–પીવું વગેરે દરેક ક્રિયા સ્વામી હેતથી જોયા કરતા અને પ્રેમપૂર્વક તેનું ધ્યાન ધરતા. આ બાબતનો એક પ્રસંગ જાણીએ.

સંવત્ ૧૮૮૦ ના આસો વદ ત્રીજના દિવસે (તા. ૨૨–૧૦–૧૮૨૩) શ્રીજી મહારાજ ગંગાજળિયા કૂવા પાસે સ્નાન કરતા હતા. ત્યારે બે ઓરડીની વચ્ચે રતનજીએ સાદડી પાથરી હતી. તેના ઉપર ધાબળી પાથરીને તે ઉપર મૂર્તિઓ પધરાવી શ્રીહરિ માટે પૂજા ગોઠવી હતી. તે સમયે ત્યાં નિત્યાનંદ સ્વામી – શુકાનંદ સ્વામી અને આત્માનંદ સ્વામી બેઠા હતા. પછી મહારાજ સ્નાન કરીને પધાર્યા અને (પૂજા કરીને) મૂર્તિને દંડવત કર્યા. ત્યારે શુકમુનિએ નિત્યાનંદ સ્વામીને કહ્યું જે, ''મહારાજ નિત્ય એક દંડવત કરતા અને આજ બે દંડવત કેમ કર્યા ?''

હે ભક્તો ! સ્વામીની વાત સાંભળીને શ્રીહરિએ પૂછ્યું: ''તે (શુકમુનિ) શું કહે છે ?'' ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે, ''એ તો શુકમુનિ એમ કહે છે જે, મહારાજે આજ બે દંડવત કેમ કર્યા ?'' ત્યારે મહારાજે કહ્યું જે, ''લ્યો એની વાત કરું જે, ''અલૈયા ખાચરને અમે જોવા ગયા હતા. તે એને જેવું દુઃખ થયું, તેવું તો કોઈનું દુઃખ અમે ભાળ્યું નથી. સંતો–ભક્તોનો અભાવ–અવગુણ આવવાથી અલૈયા ખાચરને આંતરિક દુઃખ ખૂબ આવ્યું છે.'' – ભાયાત્માનંદ સ્વામીની વાતો : ૩૨૬

હે ભક્તો ! આ પ્રસંગનું જ ગઢડા મધ્યનું ૪૦ મું વચનામૃત બન્યું હતું. તેમાં શ્રીહરિ કહે છે કે, ''નિત્ય પ્રત્યે તો અમે શ્રીકૃષ્ણ ભગવનને નમસ્કાર કરીને એમ કહેતા જે, 'હે મહારાજ ! આ દેહાદિકને વિષે અહં–

**મમત્વ હોય તેને તમે ટાળજો.’ અને આજ તો અમને એવો વિચાર થયો જે, ‘ભગવાનના ભક્તનો મને, વચને અને દેહે કરીને જે કાંઈક જાણે-અજાણે દ્રોહ થઈ આવે ને તેણે કરીને જેવું આ જીવને દુઃખ થાય છે તેવું બીજે કોઈ પાપે કરીને થતું નથી.’**

**માટે જાણે-અજાણે મને-વચને-દેહે કરીને જે કાંઈ ભગવાનના ભક્તનો દ્રોહ બની આવ્યો હોય, તેનો દોષ નિવારણ કરાવ્યા સારું એક પ્રણામ અધિક કર્યો. આ વાર્તા દાડી સાંભરતી રહે તે સારું આજથી સર્વે સંત તથા હરિભક્ત માત્ર એવો નિયમ રાખજ્યો જે, ‘ભગવાનની પૂજા કરીને પોતાના નિત્ય નિયમના જે દંડવત-પ્રણામ હોય તે કરવા ને તે પછી બધા (આખા) દિવસમાં જે કાઈ જાણે-અજાણે, મને, વચને, દેહે કરીને ભગવાનના ભક્તનો દ્રોહ થયો હોય તેનું નિવારણ કરાવવા સારું એક દંડવત-પ્રણામ નિત્યે કરવો.’ એમ અમારી આજ્ઞા છે તેને સર્વે પાળજો.’’**

(નોંધ : શ્રી હ. સાગરમાં આધારાનંદ સ્વામીએ લખ્યું છે કે, ‘મહારાજ દરરોજ પૂજામાં પાંચ દંડવત કરતા.’ પછી એક વધાર્યો એટલે છ થયા.)

## કૃપાને કારણે ૧૮૦૦૦ શ્લોક કંઠસ્થ

**હે ભક્તો ! એકવાર ગઢપુરમાં શુકાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને કહ્યું: ‘‘મહારાજ, મને ભાગવત ભણવાનો સમય ન મળ્યો, મારી ઈચ્છા ભાગવત ભણવાની હતી, પરંતુ સેવા હોવાને કારણે હું ભણી શક્યો નથી, તેથી મને ભાગવત આવડતું નથી.’’ આવું સાંભળી મહારાજે મંદ મંદ હસીને આશીર્વાદ આપતા કહ્યું: ‘‘તમે તો ભાગવત ભણેલા જ છો. અમો તમને રાજી થઈને વરદાન આપીએ છીએ, આજથી તમને સંપૂર્ણ ભાગવત કંઠસ્થ થઈ જશે. એટલું જ નહિ, પરંતુ બીજા લોકો પણ તમારી પાસે ભાગવત ભણવા આવશે, એને તમે ભણાવજો !’**

હે ભક્તો ! શ્રીહરિજીના આશીર્વાદથી એ દિવસથી જ શુકાનંદ સ્વામીને આખું ભાગવત કંઠસ્થ થઈ ગયું ! અર્થાત્ અઢાર હજાર શ્લોકો સ્વામીને મુખપાઠ થઈ ગયા ! ભગવાનની કૃપા થાય તો અગમ વાત સુગમ બની જાય, ઊલટી વાત સુલટી બની જાય અને અશક્ય પણ શક્ય થઈ જાય. પછી તો શુકાનંદ સ્વામીએ અનેક સંતોને પણ ભાગવત વગેરે ગ્રંથો ભણાવ્યા હતા. તે વાત પાર્ષદ ગુમાન ભગત, જે પાછળથી વાસુદેવચરણ સ્વામી થયા હતા; તે પોતાના ગ્રંથ હ.ચ.ચિં. ૯૫ માં ઉલ્લેખ કરતા કહે છે કે.....

(ચોપાઈ)

''હરિસ્વરૂપદાસ હરિદાસ, ભણ્યા શાસ્ત્ર શુકમુનિ પાસ;<br>
કૃષ્ણદાસ કરે કથા નીત, ભણે શાસ્ત્ર બીજે નહિ ચિત.<br>
ધર્મનંદન ધર્મવાળા, ભણ્યા શાસ્ત્ર પુરાણ થયા સુખાળા;<br>
ગોવિંદચરણદાસ ગુણ ઘણા, ભણ્યા સંસ્કૃત પ્રાકૃત નહિ મણા.''

## શુકમુનિને વચનામૃત ભણાવ્યું

હે ભક્તો ! એકવાર શ્રીજી મહારાજ ગઢપુરમાં અક્ષર ઓરડીમાં બિરાજમાન હતા. તે સમયે વચનામૃતનું પુસ્તક લઈને શુકાનંદ સ્વામી ત્યાં આવ્યા અને તે પુસ્તક મહારાજને આપીને જોવા માટે પ્રાર્થના કરી. ત્યારે મહારાજે તે પુસ્તક વાંચીને કહ્યું: ''આ વચનામૃત ગ્રંથ ભવિષ્યમાં ભક્તોનાં તમામ અમંગળનો નાશ કરશે તેમજ યથાર્થ સમજણનું પોષણ કરશે. સર્વે વેદો અને ભગવદ્‌ગીતાની જેમ આ વચનામૃત ગ્રંથ સર્વ શાસ્ત્રોમાં શ્રેષ્ઠ ગણાશે.''

હે ભક્તો ! પછી સભા ભરાણી ત્યારે મહારાજે કહ્યું: ''આ શુકમુનિને મારા હૃદગત અભિપ્રાયો સમજનારું શ્રેષ્ઠ પાત્ર સમજીને તથા નમ્રતા આદિક સદ્‌ગુણોનું પાત્ર સમજીને અમે તેના ઉપર અતિશય પ્રસન્ન થયા છીએ. પછી અમોએ શુકમુનિને કહ્યું: ''તમે આ વચનામૃત મારી પાસે ભણો અને પછી બીજા ભક્તોને ભણાવજો.'' આવું સાંભળી સ્વામી બહુ રાજી થયા. ત્યારબાદ જેમ વ્યાસજીએ શુકદેવજીને ભાગવત ભણાવ્યું હતું, તેમ અમોએ પણ

આ સુખકારી વચનામૃત શુકમુનિને ભણાવ્યું. પછી જે દિવસે વચનામૃતનું અધ્યયન પૂરું થયું, તે દિવસે સહુ ભક્તો સાથે અમે ઉન્મત્ત–ગંગામાં સ્નાન કરવા ગયા.’’ સૌએ નાહી લીધું, ત્યારપછી ઘેલાના ઘાટે મોટી સભા ભરાઈ.

હે ભક્તો ! તે સમયે દિવ્યરૂપે શુકદેવજી ત્યાં આવ્યા અને પ્રાર્થના કરતાં કહ્યું: ‘‘હે કરુણામૂર્તિ ! જેમ વાઘનું નામ સાંભળતાં મૃગલાં નાસી જાય છે – તેમ આપનું સ્વામિનારાયણ નામ સાંભળતાં કામ–ક્રોધાદિક અંતઃશત્રુઓ તત્કાળ નાશ પામે છે; માટે હે શરણાગત પાલક ! હું આપને પ્રાર્થના કરું છું કે, માયાના સત્ત્વાદિક ગુણોથી પર દિવ્ય અક્ષરધામમાં જ્યાં આપ અનંત મુક્તો સાથે નિવાસ કરો છો, તે ધામમાં હવે મને આપની સેવાનો અખંડ લાભ આપો.’’ આ રીતે કહીને તુરંત તેઓ વીજળીના ઝબકારાની જેમ વ્યાસપુત્ર યોગી શુકદેવજી અદૃશ્ય થઈ ગયા !

હે ભક્ત ! વળી શ્રીજી મહારાજે કહ્યું: ‘‘આ શુકાનંદ સ્વામી મારા હૃદ્‌ગત અભિપ્રાય તથા સિદ્ધાંતને રહેવાનું સત્પાત્ર છે, એટલે મેં તેમને મારી વાણીરૂપી વચનામૃત ભણાવ્યું છે. અને આ શુકમુનિ જ શુકદેવજીનો અવતાર છે. તેઓ આજે અમારી પાસે આત્યંતિક કલ્યાણનું વરદાન માગવા આવ્યા હતા. માટે સહુએ આ શુકમુનિમાં શુકદેવજીનાં દર્શન કરવા.’’ આ પ્રમાણે શ્રીહરિએ સ્વામીનો ખૂબ મહિમા કહ્યો. – ઉન્મત ગંગા મા.–અ.૭૮

## સ્વામીને અનેકવાર દિવ્ય દર્શન

શ્રીજી મહારાજ ધામમાં પધાર્યા પછી એક દિવસ શુકાનંદ સ્વામી અને ભગુજીને અતિશય વિયોગ થયો, એટલે તેઓ અક્ષર–ઓરડીએ ગયા. ત્યાં તો શ્રીહરિને પલંગ ઉપર બેઠેલા જોયા ! ત્યારે મહારાજ બોલ્યા: ‘‘ભગુજી! શુકમુનિને બોલાવો, અમારે કાગળ (પત્ર) લખાવવો છે.’’ પછી ભગુજી શુકમુનિને બોલાવી લાવ્યા. ત્યારે સ્વામીએ આવી મહારાજને દંડવત–પ્રણામ કર્યા. એટલે મહારાજ કહે: ‘‘શુકમુનિ ! એક પત્ર લખવો છે, તે અમે કહીએ તેમ લખો.’’

હે ભક્તો ! આ પ્રમાણે કહીને સ્વામી પાસે પત્ર લખાવ્યો. આખો પત્ર લખાઈ રહ્યો, ત્યારે મહારાજ કહે: ''સ્વામી ! હવે એકવાર આખો કાગળ વાંચી જાવ.'' તેથી શુકસ્વામીએ આખો પત્ર ફરીથી વાંચ્યો. સ્વામી પત્ર વાંચી રહ્યા એ સમયે જ શ્રીહરિ અંતર્ધાન થઈ ગયા ! આવું આશ્ચર્ય જોઈને શુકાનંદ સ્વામી અને ભગુજીએ જાણ્યું કે, 'શ્રીજી મહારાજ તો સત્સંગમાં સદા પ્રગટ બિરાજે છે આપણે પણ શ્રીહરિને સત્સંગમાં સદા પ્રગટ સમજીને જ ભક્તિ કરવી, એટલે અંતરમાં સદાય આનંદ રહ્યા કરશે તેમજ વિશ્વાસ પણ દૃઢ થયા કરશે.'

હે ભક્ત ! એક વખત અમદાવાદના આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ હિન્દુસ્તાનમાં (ઉત્તર ભારત છપૈયા તરફ) જવા માટે ચાલ્યા. સાથે સંતો-પાર્ષદો અને હરિભક્તો હતા. પ્રથમ કપડવંજ આવીને પાંચ દિવસ રોકાઈને ત્યાંથી ચિખલોડ ગયા. ત્યાં બે દિવસ રોકાઈને લસુંધરા પધાર્યા. ત્યાં રામક્ષેત્રમાં ઠંડા અને ગરમ પાણીના કુંડ છે, તેમાં સ્નાન કરી બ્રાહ્મણોને દાન દેતા હતા. એ સમયે ઉમરેઠથી શુકાનંદ સ્વામી સંતો સાથે ત્યાં આવ્યા.

એ સમયે સ્વામીએ વરખડાના વૃક્ષ નીચે શ્રીજી મહારાજને બેઠેલા જોયા ! તેથી સ્વામી મહારાજને દંડવત કરવા લાગ્યા ! આવું જોઈને સૌ સંતો-ભક્તોને નવાઈ લાગી, તેથી એકબીજાને કહેવા લાગ્યા: ''આ ઝાડવાને સ્વામી કેમ દંડવત કરે છે ?'' આ પ્રમાણે વાતો કરતા હતા ત્યાં સ્વામી આવ્યા. પછી અયોધ્યાપ્રસાદજી મહારાજને મળી કુશળ-મંગળ સમાચાર પૂછી સૌ બેઠા.

એ સમયે સુદર્શનાનંદ સ્વામીએ પૂછ્યું: ''હે શુકમુનિ ! તમે ઓલ્યાં ઝાડ નીચે કોને દંડવત કરતા હતા? ત્યાંતો કોઈ હતું નહિ.'' ત્યારે સ્વામીએ કહ્યું: ''ત્યાં શ્રીજી મહારાજ પ્રત્યક્ષ બેઠા હતા તેથી મેં તેઓને દંડવત કર્યા હતા. મને તો મહારાજ અનેક વખત દિવ્ય દર્શન દે છે, એટલે મને પ્રત્યક્ષભાવ અને પ્રગટભાવ વધતો જાય છે.'' આવું સાંભળી સૌને આશ્ચર્ય થયું અને સૌ રાજી થયા. પછી સૌ મહારાજને પ્રગટ ને પ્રત્યક્ષ માનવા લાગ્યા.

## સ્વામી મહારાજને લઈ તેડવા આવ્યા

હે ભક્તો ! ગોપાળાનંદ સ્વામી સંવત્ ૧૯૦૮ વૈશાખ વદ પાંચમને દિવસે ધામમાં ગયા પછી ઉમરેઠના હરિભક્તોએ શુકાનંદ સ્વામીને વિનંતી કરીને કહ્યું: ''ગોપાળાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી ઉમરેઠમાં વારંવાર પધારતા હતા. હવે તો બન્ને સદ્‌ગુરુઓ ધામમાં જતા રહ્યા છે, માટે હવે તમે ઉમરેઠ પધારો અને હરિભક્તોને દર્શનનું તેમજ કથાવાર્તાનું સુખ આપો. હવે તો અમારા માટે તમે જ ગોપાળાનંદ સ્વામીના સ્થાને છો, માટે કૃપા કરી ઉમરેઠ પધારતા રહેજો.''

ઉમરેઠના ભક્તોનો ભાવ જોઈ શુકાનંદ સ્વામી અવાર-નવાર ઉમરેઠ જતા અને કથા-વાર્તા દ્વારા હરિભક્તોના સદ્‌ગુણોનું પોષણ કરતા હતા. તેમાં બ્રાહ્મણ જ્ઞાતિના સિકાભાઈ શેલત શુકાનંદ સ્વામીના સમાગમના કારણે એકાંતિક ભક્ત બની ગયા હતા. જ્યારથી સત્સંગ થયો હતો ત્યારથી તેમનો ચઢતો ને ચઢતો રંગ હતો. તેમણે એકવાર વડતાલથી શુકાનંદ સ્વામીને ઉમરેઠ બોલાવ્યા અને પોતાના ઘેર પધરામણી કરાવીને સ્વામીને વાત કરી કે, ''સ્વામી ! હવે મારી ઉંમર થઈ ગઈ છે, તેથી ગમે ત્યારે ધામમાં જતું રહેવાશે, એટલે મારી ઈચ્છા છે કે મારી સર્વસ્વ મિલકત વડતાલ શ્રીલક્ષ્મીનારાયણદેવને અર્પણ કરી દઈને શ્રીજી મહારાજનો અને દેવનો રાજીપો પ્રાપ્ત કરી લેવો.''

સિકાભાઈ શેલતની વાત સાંભળી સદ્‌ગુરુ શુકાનંદ સ્વામીએ પૂછ્યું: ''તમારા ઘરમાં ખાનારા કેટલા છે અને કમાનારા કેટલા છે તે કહો.'' ત્યારે સિકાભાઈએ કહ્યું: ''સ્વામી ! મારે દીકરો નથી, પણ એક દીકરી છે અને બે ધર્મપત્નીઓ છે. પ્રથમ પત્નીને સંતાન ન હોવાને લીધે મેં બીજા લગ્ન કર્યા હતા.'' ત્યારે સ્વામી બોલ્યા: ''કોઈ કમાનાર ન હોય તો સર્વસ્વ દાનનો શાસ્ત્રમાં નિષેધ છે, માટે મિલકતના ત્રણ ભાગ કરો. એક ભાગ બન્ને પત્નીઓને આપો, એક ભાગ પુત્રીને આપો અને એક ભાગ લક્ષ્મીનારાયણદેવને આપો.''

હે ભક્તો ! શુકાનંદ સ્વામીની આજ્ઞા થતાં જ સિકાભાઈએ પોતાની મિલકતના ત્રણ ભાગ કરીને એક ભાગ દેવને આપ્યો, એક ભાગ બન્ને પત્નીઓને આપ્યો અને એક ભાગ પોતાની દીકરીને આપ્યો. આવું જોઈને શુકાનંદ સ્વામી સિકાભાઈ શેલત ઉપર બહુ રાજી થયા અને વચન આપતા કહ્યું: ‘‘ભક્તરાજ ! તમે મારાં વચને મિલકતના ભાગ કરીને એક ભાગ દેવને દીધો છે, તેથી હું વરદાન આપું છું કે, ‘શ્રીજી મહારાજ તમને જલદી અક્ષરધામમાં લઈ જશે અને પોતાની મૂર્તિનું વિશેષ સુખ આપશે.’’ આ રીતે કહીને સ્વામી વડતાલ પધાર્યા.

પછી તો થોડો સમય થયો એટલે સિકાભાઈના વાંસામાં ગૂમડું થયું એટલે તેઓ બીમાર થયા. થોડા દિવસ બીમારી રહ્યા પછી એક દિવસ તેઓની પત્નીઓને કહ્યું: ‘‘જુઓ, શુકાનંદ સ્વામી શ્રીજી મહારાજને લઈને મને લેવા પધાર્યા છે, તેથી હું ધામમાં જાવ છું. તમે બન્ને મહારાજનું ખૂબ ભજન કરજો, તેથી તમોને પણ લેવા માટે ભગવાન સ્વામિનારાયણ આવશે; જય સ્વામિનારાયણ.’’ આ પ્રમાણે બોલીને માથું એક બાજુ નમાવી દીધું. અર્થાત્ મહારાજે તેના દેહમાંથી જીવાત્માને બહાર કાઢી મુક્તનો દિવ્ય દેહ આપી પોતાની બાજુમાં વિમાનમાં બેસાડી અક્ષરધામમાં લઈ ગયા.

હે ભક્તો ! સંવત્ ૧૯૦૬ વૈશાખ માસમાં એક દિવસ આચાર્ય રઘુવીરજી મહારાજ પાસે યોગીરાજ ગોપાળાનંદ સ્વામી, પંડિતરાજ નિત્યાનંદ સ્વામી અને સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી આ ત્રણેય સદ્‌ગુરુઓ આવ્યા. ત્યારે ગોપાળાનંદ સ્વામીએ રઘુવીરજી મહારાજને કહ્યું: ‘‘હું અને નિત્યાનંદ સ્વામી સત્સંગિજીવનની ટીકા કરીએ તો સારું, કેમ જે ભવિષ્યના સંતો-ભક્તો સત્સંગિજીવનના અર્થને સારી રીતે સમજી શકે.’’ આવું સાંભળી નિત્યાનંદ સ્વામી બોલ્યા: ‘‘સ્વામીજી ! હે યોગીવર્ય ! તમારી વાત સાચી છે, પરંતુ મને એવું લાગે છે કે, આ શુકાનંદ સ્વામી શ્રીહરિનો જમણો હાથ છે. વળી જ્યારે શતાનંદ સ્વામીએ સત્સંગિજીવન ગ્રંથ લખ્યો ત્યારે ખરડા લખાવવામાં શુકમુનિ તેમની સાથે હતા. તથા શ્રીહરિના અંતરના અભિપ્રાયને પણ તેઓ યથાર્થ જાણે છે, માટે ટીકા લખવાનું (કઠિન વાક્યોને સરળ ભાષામાં લખવાનું) કામ શુકાનંદ સ્વામીને સોંપીએ તો સારું.’’

નિત્યાનંદ સ્વામીની વાત સાંભળી ગોપાળાનંદ સ્વામી અને રઘુવીરજી મહારાજ બન્ને રાજી થયા અને હા કહી. પછી ત્રણેયે શુકાનંદ સ્વામીને કહ્યું: ''સ્વામી ! સત્સંગિજીવન 'હેતુટીકા' લખવાનું તમે શરુ કરો.'' ત્યારે શુકાનંદ સ્વામીએ કહ્યું: ''આવું મોટું કામ મારા એકલાથી થાય નહિ, જો તમે કોઈ સંશોધન કરી શકે એવો માણસ આપો તો કામ જલદી થાય.'' પછી મહારાજશ્રીએ અને બન્ને સંતોએ મહા વિદ્વાન ભોળાનાથ ભટ્ટને તપાસવા માટે રાખ્યા અને નિત્યાનંદ સ્વામીના શિષ્ય મધુસુદનદાસને લખવા માટે નીમ્યા.

હે ભક્તો ! પછી સદ્‌ગુરુ શુકાનંદ સ્વામીએ ટીકા લખવાનો આરંભ કર્યો. તેઓની સાથે મદદનીશ હોવાથી થોડા કાળમાં જ તે ટીકા પૂર્ણ કરી સંવત્ ૧૯૦૮ ની સાલમાં તે ટીકા શુકાનંદ સ્વામીએ નિત્યાનંદ સ્વામી આગળ લાવીને મૂકી. આ 'હેતુટીકા' જોઈને સ્વામી અતિશય રાજી થયા અને તે 'હેતુટીકા'ની પૂજા કરીને શુકાનંદ સ્વામીને કહ્યું: ''સ્વામી ! અતિ સરસ ટીકા થઈ છે.'' એમ કહી ધન્યવાદ આપ્યા. પછી તો થોડા દિવસમાં નિત્યાનંદ સ્વામી પણ અક્ષરધામમાં પધાર્યા. – (આચાર્યોદય : પ્રભાવ : ૨૨)

## ભાવતી ચાર વસ્તુ જીવન પર્યંત ન ખાધી !

હે વહાલા વાચકો ! સદ્‌ગુરુ શુકાનંદ સ્વામીને શ્રીજી મહારાજની લીલાઓ વર્ણવી બહુ ગમતી હતી. તેઓ અખંડ શ્રીહરિનાં ચરિત્રો લખતાં હતાં, કહેતાં હતાં અને વાંચતાં હતાં. જ્યારથી શ્રીહરિએ સ્વામીના દેહમાંથી તાવ કાઢ્યો હતો, ત્યારથી સ્વામી હંમેશાં તંદુરસ્ત રહેતા હતા. તેમને ક્યારેય પણ તાવ આવતો ન હતો. પરંતુ પ્રગટ પ્રભુ શ્રીહરિ અક્ષરધામમાં પધાર્યા પછી હરિ વિરહમાં વ્યાકુળ એવા શુકાનંદ સ્વામીને દેહની તંદુરસ્તી વસમી લાગતી હતી ! તેમને શ્રીહરિના વિયોગનું દુઃખ અસહ્ય થવા લાગ્યું હતું; તેથી તેમણે દેહનાં સુખને છોડી દીધાં હતાં.

હે ભક્તો ! શ્રીજી મહારાજ મનુષ્યરૂપે પૃથ્વી ઉપર હતા ત્યારે શુકાનંદ સ્વામીને દૂધપાક બહુ ભાવતો હતો તથા રીંગણાનું શાક, ભીંડાનું શાક અને કારેલાનું શાક આ ત્રણ શાક પણ બહુ ભાવતા હતા ! પરંતુ જે દિવસથી

શ્રીજી મહારાજ સ્વધામમાં પધાર્યા, તે દિવસથી દૂધપાક અને મનગમતા આ ત્રણેય પ્રકારનાં શાકનો આજીવન ત્યાગ કર્યો હતો ! કેટલું બધું હેત હશે મહારાજ સાથે સ્વામીને કે એમના વિયોગમાં કાયમ માટે મનગમતાં પદાર્થો છોડી દીધાં ! આ ચાર સિવાય પણ શુકાનંદ સ્વામીએ મહારાજ ધામમાં પધાર્યા પછી પંદર વર્ષ સુધી પગમાં પગરખાં (જોડાં–ચંપલ) પહેર્યાં ન હતાં !

હે ભક્તો ! સદ્‌ગુરુ શુકાનંદ સ્વામીએ પગરખાંનો ત્યાગ કર્યો એને એક બે નહિ, પણ પંદર પંદર વર્ષનાં વાણાં વાઈ ગયાં ! (અર્થાત્ ૧૫ વર્ષ જતાં રહ્યાં.) તે જોઈને યોગીરાજ ગોપાળાનંદ સ્વામીનું હૃદય પીગળી ગયું! તેથી તેઓ એક દિવસ શુકાનંદ સ્વામી પાસે જઈને કહેવા લાગ્યા.

હે શુકાનંદ સ્વામી ! મહારાજ ધામમાં પધાર્યા તેને પંદર વર્ષ વીતી ગયા છે. ત્યારથી તમોએ પગમાં જોડા કે ચંપલ કાંઈ પહેર્યું નથી. એક ગામથી બીજે ગામ જવાનું હોય છે ત્યારે શિયાળો હોય, ઉનાળો હોય કે ચોમાસું તમો ઉઘાડા પગે જ ચાલો છો. પગમાં કાંટા–કાંકરા વાગે છે એ બધું સહન કરો છો. હવે મારું કહ્યું માનો અને જોડાં ન પહેરવાનું નિયમ રાખ્યું છે, તે છોડી દ્યો. આજથી પગમાં પગરખાં પહેરવાનું શરુ કરી દ્યો એવી મારી ઈચ્છા છે. જો તમે મારું માનશો તો મહારાજ અને અમે બન્ને બહુ જ રાજી થઈશું.''

હે ભક્તો ! ગોપાળાનંદ સ્વામીએ જ્યાં રાજી થવાની વાત કરી તુરંત શુકાનંદ સ્વામીએ પગે લાગીને કહ્યું: ''સ્વામીજી ! તમે જો પગરખાં પહેરાવીને રાજી થતા હો તો હું અત્યારથી જ પહેરવાનું શરુ કરી દઉં છું. મારે તો શ્રીજી મહારાજ અને તમે રાજી થાવ એવું જ કરવું છે.'' પછી ગોપાળાનંદ સ્વામીએ તરત જ પગરખાં મંગાવ્યાં અને પોતાની જાતે જ શુકાનંદ સ્વામીને પહેરાવ્યાં ! પરંતુ પેલા ચાર નિયમ સ્વામીએ છોડાવ્યા નહિ, એટલે એ નિયમ તો શુકાનંદ સ્વામીએ જીવન પર્યંત પાળ્યા હતા ! અર્થાત્ મહારાજ ધામમાં ગયા પછી સ્વામી ૩૯ વર્ષ સુધી ધરતી ઉપર રહ્યા હતા, પરંતુ પોતાને મનગમતાં ભોજન એકવાર પણ જમ્યા ન હતા ! 'મહારાજ પ્રત્યે કેવો સ્નેહ! દેહ પ્રત્યે કેવો વૈરાગ્ય !'

હે ભક્તો ! શુકાનંદ સ્વામીને એકવાર બહુ તાવ આવેલો. પછી મહારાજે આશીર્વાદ આપેલા તેથી જીવનમાં ક્યારેય બીમાર પડ્યા ન હતા. મહારાજ ધામમાં ગયા પછીય પણ સ્વામી ક્યારેય બીમાર થયા ન હતા. એક દિવસ પ્રભુના વિયોગમાં રડતા રડતા એક કીર્તન બનાવીને ગાયું. પછી આર્તનાદે પ્રાર્થના કરી એટલે પ્રભુએ પ્રત્યક્ષ દર્શન દઈને કહ્યું: ''સ્વામી ! કેમ આટલા બધા અકળાઈ ગયા છો ? તમારા ઉપર અમે રાજી છીએ, માટે જે જોઈએ તે માગી લ્યો.'' ત્યારે સ્વામીએ માગ્યું: ''હે મહારાજ ! આપે તાવ દૂર કર્યો હતો ત્યારપછી ક્યારેય તાવ આવ્યો નથી. દેહાસક્તિ ટળે ને આ લોકમાંથી સહજ અભાવ થાય એ માટે મને માંદગી આપો – તાવ આપો !''

હે ભક્તો ! સ્વામીએ રોગ માગ્યો અને મહારાજે તથાસ્તુ કહી દીધું ! તુરંત તાવ આવ્યો ! પરોક્ષમાં એક માધવદાસ ભક્તે ભગવાન પાસે રોગ માગ્યો હતો, એવો જ પ્રસંગ સ્વામીના જીવનમાં પણ બન્યો ! સ્વામીની અનાસક્તિને ધન્યવાદ છે અને શ્રીહરિની ભક્તવત્સલતાને ધન્યવાદ છે. લોકોને તો જરાક બીમારી આવે ત્યાં તો આકળા થઈ જાય – જ્યારે શુકમુનિએ તો સામેથી બીમારી માગી ! કેવી એમણે આત્મનિષ્ઠાની દૃઢતા કરી હશે? કેવો પિંડ–બ્રહ્માંડનો અભાવ હશે ?

હે ભક્તો ! શુકાનંદ સ્વામીના આવા પ્રસંગને વિચારીએ અને એમનો ગુણ લઈએ, તો જરૂર આપણું દેહાભિમાન દૂર થાય અને 'હું'પણું મટે. પછી મહારાજની મૂર્તિનું સુખ વિશેષ આવશે. શુકાનંદ સ્વામીએ તાવ માગ્યા પછી તાવ આવવો શરુ થયો. તે તાવ બાર વર્ષ સુધી રહ્યો !! છતાં પણ સ્વામી કથા–વાર્તા અને સત્સંગ વિચરણ કરતા રહ્યા ! આ પ્રસંગ અન્ય સંતોના જીવનમાં ન હોય એવો અજોડ છે.

## સ્વામીએ ગોમતીજી કિનારે કથા સંભળાવી

હે ભક્તો ! આપણી ભારતીય પરંપરા મુજબ મોટા ભાગના ગ્રંથોની રચના શ્રોતા–વક્તાના સંવાદમાં હોય છે. જેમ કે ભાગવતજી, શુકદેવજી અને પરીક્ષિતના સંવાદમાં રચાયું છે. સત્સંગિજીવન, સુવ્રતમુનિ અને પ્રતાપસિંહ

રાજાના સંવાદમાં રચાયું છે. એ જ પ્રમાણે ‘શ્રીહરિલીલાકલ્પતરુ’ ગ્રંથ પણ શુકાનંદ સ્વામી અને મેંગણીના માનભા દરબારના સંવાદમાં લખાયેલ છે. તેમજ ‘દુર્ગપુર માહાત્મ્ય’ ગ્રંથમાં પણ શુકાનંદ સ્વામીને વક્તાનું સ્થાન અને ગણોદના જુણાભાઈને શ્રોતાનું સ્થાન અપાયું છે.

હે ભક્તો ! આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજના નામે લખાયેલ ‘શ્રીહરિલીલાકલ્પતરું’ ગ્રંથના લેખક મહા વિદ્વાન બ્રહ્મચારી અચિંત્યાનંદ સ્વામી હતા. તેમણે વિશાળ ગ્રંથ લખવાની શરુઆત સંવત્ ૧૯૧૨ ના કારતક માસમાં કરી હતી. ચોત્રીશ (૩૪) હજાર શ્લોકના આ વિશાળકાય ગ્રંથમાં વક્તા તરીકે શુકાનંદ સ્વામીનું નામ લખ્યું છે. અર્થાત્ લેખક અચિંત્યાનંદ બ્રહ્મચારીએ શુકાનંદ સ્વામીની હયાતિમાં જ વક્તા તરીકે તેઓની પસંદગી કરી હતી એ એક ગૌરવની વાત ગણાય.

હે ભક્તો ! સંવત્ ૧૯૧૧ માં જ્યારે આચાર્ય રઘુવીરજી મહારાજે ચાતુર્માસમાં વડતાલમાં છાવણી કરી ત્યારે સત્સંગિજીવનની કથા કરેલી. (કરાવેલી.) એ સમયે મેંગણીના રાજા માનભા આવી શક્યા ન હતા. પછી અમુક સમયે તેઓ વડતાલધામ આવ્યા અને શ્રીહરિકૃષ્ણ મહારાજ તથા દેવોનાં દર્શન કરીને આરતી પછી સભા થઈ તેમાં જઈને શાંતિથી બેઠા. એ સમયે અમદાવાદના પૂર્વ મહંત સર્વનિવાસાનંદ સ્વામીએ કહ્યું : ‘‘આ સભામાં શુકાનંદ સ્વામી મહારાજનાં ચરિત્રો તથા મહારાજના સિદ્ધાંતને સૌથી વધારે જાણનારા સંત છે. સ્વામી શ્રીહરિના કૃપાપાત્ર સંત છે. હજુ પણ મહારાજ તેમને ઘણીવાર પ્રત્યક્ષ દર્શન પણ આપે છે.’’

આવી વાત સાંભળીને મેંગણીના માનભા બાપુને શુકાનંદ સ્વામી પ્રત્યે ખૂબ આદર થયો અને મહિમા વધ્યો. પછી બીજા દિવસે સવારે તેઓ ગોમતીજીમાં સ્નાન કરવા ગયા અને પ્રભુની પ્રસાદીની જાણી મહિમાથી સ્નાન કર્યું. પછી ગોમતી કિનારે જ ધાબળી પાથરી પૂજા કરી. ત્યારબાદ શ્રીહરિજીએ જ્યાં કૃપા કરીને વચનામૃતો સંભળાવ્યા હતા ત્યાં દર્શન કરવા આવ્યા. ત્યાં તેમણે જોયું તો તે વેદિકા ઉપર ઉત્તરમુખ રાખીને સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી ધ્યાન કરતા હતા ! તેથી માનભા બાપુ સ્વામીને દંડવત કરીને તેમની સમીપમાં બેસી ગયા.

હે ભક્તો ! થોડીવાર પછી શુકાનંદ સ્વામી ધ્યાનમાંથી જાગ્રત થઈને માનભાને મધુર વચને બોલાવ્યા. ત્યારે રાજાએ વિનંતી કરીને કહ્યું: ‘‘સ્વામીજી ! આપના મુખથી શ્રીજી મહારાજનાં ચરિત્રો સાંભળવાની મને અતિ ઈચ્છા છે; માટે આપ કૃપા કરીને પ્રગટ પ્રભુએ કરેલાં ચરિત્રો મને સંભળાવો.’’ માનભાની તીવ્ર ઈચ્છા જાણી શુકાનંદ સ્વામીએ શ્રીજી મહારાજનો મહિમા તેમજ ચરિત્રો સંભળાવ્યાં. પછી તો દરબાર માનસિંહ દરરોજ મંદિરમાં આરતીનાં દર્શન કરવા જતા, ગોમતીજીમાં બે વાર સ્નાન કરતા અને બાકીનો સમય વચનામૃતના ઓટે (છત્રીએ) બેસીને શુકાનંદ સ્વામી પાસે ‘શ્રીહરિલીલાકલ્પતરુ’ ગ્રંથની કથા એકાગ્રચિત્તે સાંભળતા. આ રીતે તેમણે પંદર દિવસ સુધી કથા સાંભળી હતી. તેથી જ આ ગ્રંથમાં તે બન્નેનો સંવાદ લખાયેલો છે.

‘‘તે બેયના સંવાદનો, રઘુવીરજીએ રચ્યો ગ્રંથ;
કલ્યાણનો કળિકાળમાં, એ તો પ્રસિદ્ધ નીરમ્યો પંથ.
શ્રીમદ્ ભાગવત સાંભળ્યું, શુક મુખે પરીક્ષિતે જેમ;
મેંગણી પતિએ શુક મુખે, કથા કલ્પતરુ સુણી તેમ.’’

– (આચાર્યોદય:)

## સ્વામીની કૃપાથી માનભા ધામમાં ગયા

હે ભક્તો ! વડતાલધામમાં ગોમતીજી કિનારે વચનામૃત સ્મૃતિ છત્રીના સ્થાને બેસીને મેંગણીના રાજા માનસિંહજીએ પંદર દિવસ સુધી શુકાનંદ સ્વામી પાસે શ્રીહરિલીલાકલ્પતરુની કથા ભાવપૂર્ણ હૃદયથી સાંભળી. કથાની પૂર્ણાહુતિ સમયે માનસિંહે કહ્યું: ‘‘હે શુકાનંદ સ્વામી ! આજથી હું તમારો શિષ્ય બનું છું. મને આપનો શિષ્ય માની, જેમ તમને શ્રીહરિનાં પ્રત્યક્ષ દર્શન થાય છે – તેમ મને પણ શ્રીહરિનાં પ્રત્યક્ષ દર્શન થાય એવો મારા ઉપર અનુગ્રહ કરો.’’

મુમુક્ષુ એવા માનભાની વિનંતી સાંભળી સ્વામી બોલ્યાઃ ‘‘હે રાજન્ ! આ કથામાં મેં શ્રીહરિની મૂર્તિનું જેવું વર્ણન કર્યું છે તથા મહિમા કહ્યો હતો, તેવું અંતરમાં મહારાજનું સ્મરણ કરો, તેથી જરૂર શ્રીહરિજી તમને દર્શન આપશે. કેમ જે, જે પ્રેમપૂર્વક આ ગ્રંથનું સ્મરણ કરે તેને પણ શ્રીજી મહારાજ દર્શન આપે એવો આ અનુપમ ગ્રંથ છે, માટે તમને પણ જરૂર દર્શન દેશે.’’

હે ભક્તો ! પછી માનસિંહજી પોતાના ગુરુ શુકાનંદ સ્વામીની આજ્ઞા મુજબ સ્થિર આસને ધ્યાનમાં બેસી ગયા. એ જ સમયે શુકમુનિના આશીર્વાદથી માનભાને દિવ્ય તેજો મંડળ મધ્યે દિવ્ય સિંહાસન ઉપર અત્યંત શોભતા શ્રીહરિકૃષ્ણ મહારાજનાં દર્શન થયાં ! તેથી રાજાના રોમરોમમાં આનંદ વ્યાપી ગયો અને બન્ને આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી ! માનભાને એક મુહૂર્ત (૪૮ મિનિટ) સુધી શ્રીહરિનાં દિવ્ય દર્શન થયાં, તેથી તેમના મનમાં અતિ આનંદ થયો. પછી શ્રીહરિ અંતર્ધાન થઈ ગયા.

ત્યારબાદ માનભાએ આંખો ખોલીને શુકાનંદ સ્વામીને દંડવત-પ્રણામ કરીને કહ્યુંઃ ‘હે ગુરુદેવ ! આપે મારા ઉપર અતિ કૃપા કરીને મહારાજને પ્રાર્થના કરી એટલે મહારાજે મને પ્રત્યક્ષ દર્શન દીધાં છે, તેના કારણે હું ધન્ય ધન્ય બની ગયો છું.’’ પછી સ્વામીએ કહ્યુંઃ ‘‘હે રાજન્ ! હવે તમે હંમેશાં શ્રીહરિજીનું ચિંતવન કરજો અને દરરોજ ધ્યાન ધરજો. નિયમ ધર્મમાં રહી પ્રગટ પ્રભુનું ભજન કરજો. હું મહારાજને પ્રાર્થના કરું છું કે, ‘અંતકાળે તમને દર્શન દઈને ધામમાં તેડી જશે.’’

હે ભક્તો ! શુકાનંદ સ્વામીએ જેવો આશીર્વાદ આપ્યો હતો, તેવું જ અંતકાળે સત્ય થયું ! શ્રીહરિજી માનભા બાપુને તેડવા આવ્યા. એટલે તેઓ બોલ્યાઃ ‘‘જુઓ સૌ મારા જ્ઞાનગુરુ ગુરુ શુકાનંદ સ્વામી તથા મને વર્તમાન ધરાવી કંઠી પહેરાવનારા મારા કંઠી ગુરુ ગોપાળાનંદ સ્વામી વગેરે મુક્તો સાથે લઈને શ્રીજી મહારાજ મને તેડવા પધાર્યા છે, તેથી હું અક્ષરધામમાં જાઉં છું, તમે સૌ શ્રીહરિની સર્વોપરી નિષ્ઠા રાખજો તેમજ સદ્‌ગુણી સંતો સાથે હેત રાખજો તથા પ્રભુની આજ્ઞાનું પાલન કરજો એટલે તમને પણ તમારા અંતકાળ વખતે શ્રીહરિ તેડવા આવશે.’’ આ પ્રમાણે કહીને માનભા બાપુ ભૌતિક દેહનો ત્યાગ કરીને ભગવાન સાથે ધામમાં જતા રહ્યા !

## શુકાનંદ સ્વામીએ ધ્યાન કરતા શીખવ્યું

હે ભક્તો ! શુકાનંદ સ્વામી બ્રહ્મરૂપ થઈને દરરોજ શ્રીહરિજી મહારાજનું ધ્યાન કરતા હતા. એકવાર કાનમ પ્રદેશના દોરા ગામના સત્સગીઓના આમંત્રણને કારણે આચાર્ય રઘુવીરજી મહારાજ તથા શુકાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી વગેરે સંતો ગયા હતા. ત્યાં પહોંચીને દોરા ગામના પાદરમાં ઉતારા માટે તંબુઓ ઊભા કરવા માટે હરિભક્તો અને પાર્ષદો તૈયારી કરી રહ્યા હતા. ત્યારે ગુણાતીતાનંદ સ્વામી અને સંતો બાજુમાં આવેલ ઝાડીમાં જઈને ધ્યાન કરવા લાગ્યા અને શુકાનંદ સ્વામી પણ એક લીમડાના ઝાડ નીચે બેસીને મહારાજનું ધ્યાન કરવા લાગ્યા. ત્યારે રઘુવીરજી મહારાજનો તંબુ તૈયાર થઈ ગયો એટલે તેઓ તંબુમાં પધાર્યા. પછી થોડા સમય બાદ સભાનું આયોજન થયું.

ત્યારે મોનજી ભક્તે પ્રશ્ન પૂછ્યો: ''હે શુકાનંદ સ્વામી ! ધ્યાન કેમ કરવું એ અમને શીખવાડો તથા તમે કેવી રીતે મહારાજનું ધ્યાન કરો છો ? તે પણ કહો.'' આવું સાંભળીને શુકાનંદ સ્વામી રાજી થઈને કહેવા લાગ્યા: ''હું તો આત્મારૂપ થઈને મહારાજની મૂર્તિનું ધ્યાન કરું છું. પ્રથમ તો આત્મામાં મૂર્તિ દેખાય ત્યાર પછી અંતઃકરણ આદિકની વૃત્તિઓ એકાગ્ર થઈને મૂર્તિ સાથે સંલગ્ન થાય છે. પછી અતિ તેજ દેખાય છે અને આ બ્રહ્માંડ અણુ જેવું ભાસે છે ત્યારે તે મૂર્તિ જોતાં જોતાં કશી ખબર રહેતી નથી અને મૂર્તિમાં તલ્લીન થઈ જવાય છે. તથા ક્યારેક તો મૂર્તિએ સહિત બધી સભા દેખાય છે. અમે એવી રીતે ધ્યાન કરીએ છીએ.''

શુકાનંદ સ્વામીનો જવાબ સાંભળી મોનજી ભક્તે કહ્યું: ''એવું ધ્યાન તો તમારે છે. તથા બીજા કોઈકને થતું હશે, પણ સર્વને એવું ધ્યાન ન થાય.'' ત્યારે શુકાનંદ સ્વામી કહે: ''એ ધ્યાનનો અભ્યાસ કરે તો થાય, અભ્યાસ ન કરે તો ન થાય. જેને ધ્યાન કરવું હોય તેમણે વૃત્તિઓને મૂર્તિમાં સંલગ્ન (ચોંટાડી) રાખવી તેમજ પોતાને બ્રહ્મરૂપ માનવું. મનની વૃત્તિઓને આત્માના આકારે કરી મૂર્તિ સામું જોઈ રહેવું. આ ધ્યાન કરવાનો બીજો ઉપાય છે.

– મોનજી ભગતની વાતો : ૨૪

## આણંદના કૃષ્ણ શુક્લને જીવતા કર્યા !

હે વહાલા વાચકો ! એકવાર શુકાનંદ સ્વામી વડતાલથી આણંદ પધાર્યા હતા. તે સમયે જ આણંદના આગેવાન સત્સંગી શુક્લ જેઠાભાઈ વૈદ્યના પિતા અતિ બીમાર હતા, તો પણ જેઠાભાઈને શુકાનંદ સ્વામીનો બહુ મહિમા હોવાથી પિતાની સેવામાં પોતાના કાકાને રાખીને જેઠાભાઈ વૈદ્ય સ્વામીની સેવામાં આવી ગયા ! ત્યાંતો પિતા કૃષ્ણ શુક્લનું મૃત્યુ થઈ ગયું ! તેથી તેમના ભાઈએ અર્થાત્ મૃતકના ભાઈએ કૃષ્ણ શુક્લના દેહને કપડાંથી વીંટીને મેડા ઉપર સૂવડાવીને ઉપર વસ્ત્ર ઓઢાડીને તેઓએ સદ્ગુરુ શુકાનંદ સ્વામી પાસે આવીને વિનંતી કરી: ''હે સ્વામીજી ! અત્યારે જ મારા ભાઈ કૃષ્ણ શુક્લનું મૃત્યુ થયું છે. તમે જો કૃપા કરો તો મારા ભાઈ જીવતા થાય. એ તમારી સેવામાં રહેલા આ જેઠા ભક્તના પિતા હતા.'' આમ કહીને તે રડવા લાગ્યા.

હે ભક્તો ! આવું સાંભળીને–જોઈને શુકાનંદ સ્વામીના હૃદયમાં અતિશય દયા આવી, એટલે સ્વામીએ શ્રીહરિની પ્રસાદીનો હાર આપીને કહ્યું: ''સ્વામિનારાયણ ભગવાનનું નામ લઈને આ હાર તમારા ભાઈને પહેરાવજો, ભગવાન સારું કરશે. વિશ્વાસ રાખજો, ભગવાન શ્રીહરિ તમારી ઈચ્છા પૂરી કરશે.'' પછી રાજી થઈને ઉતાવળા ઘેર જઈને જેઠાભાઈ અને તેના કાકાએ સ્વામિનારાયણ નામ લઈને સ્વામીએ આપેલ હાર કૃષ્ણભાઈ શુક્લના ગળામાં પહેરાવ્યો. એ જ વખતે આશ્ચર્ય થયું ! તરત જ કૃષ્ણભાઈ શુક્લ જીવતા થયા ! એ જોઈને આખા પરિવારને આનંદનો પાર ન રહ્યો.

## સ્વામીએ કરેલ પ્રેરણાદાયી વાતો

હે ભક્તો ! સદ્ગુરુ શુકાનંદ સ્વામી શ્રીજી મહારાજ સાથે બહુ રહેલા, તેથી તેમણે મહારાજે કહેલી ઘણી રહસ્યમય વાતો પણ સાંભળેલી હતી. એકવાર શુકાનંદ સ્વામીએ શ્રીજી મહારાજની કરેલી વાત કરતા કહ્યું કે, ''મહારાજ એવું કહેતા હતા કે, 'જે ભક્ત ભગવાનને સંભારે છે, તે ભક્તને ભગવાન પણ સંભારે છે.' માટે આપણે

જો ભગવાનને નહિ ભૂલીએ, તો ભગવાન પણ આપણને ક્યારેય નહિ ભૂલે. મને મહારાજે કહ્યું હતું કે, 'તમે ગોપાળાનંદ સ્વામીનો સમાગમ રાખજો તો નિરંતર ભગવાન સાંભરશે અને જ્ઞાન થશે.' પછી મેં ગોપાળાનંદ સ્વામી સાથે હેત રાખીને બહુ સમાગમ કર્યો હતો તેમજ સ્વામીએ જેમ કહ્યું હતું, તેમ મેં કર્યું હતું ત્યારે સમજણ આવી અને યથાર્થ જ્ઞાન થયું.''

એકવાર સંતો શુકાનંદ સ્વામી પાસે બેઠા હતા અને પરસ્પર ગોષ્ઠી કરતા હતા. તેમજ પોતાના આધ્યાત્મિક જીવનમાં આગળ કેમ વધાય તેનું સંશોધન કરતા હતા. જ્યારે આવી સ્વવિકાસની વાતો ચાલતી હતી ત્યારે એક સંતે શુકાનંદ સ્વામીને કહ્યું: ''સ્વામી શાસ્ત્ર તો કાળે કરીને (લાંબા સમય પછી) સમજાય છે.'' ત્યારે સ્વામીએ પૂછ્યું: ''તમને કેમ ખબર પડી ?'' ત્યારે પેલા સ્વામીએ કહ્યું: ''મને ગોપાળાનંદ સ્વામીએ પહેલાં કહ્યું હતું કે, 'તું ગીતા ભણ્ય.' તેથી હું ગીતા ભણ્યો, પણ કેવળ અર્થ વાંચી જતો, પરંતુ કાંઈ સમજાતું નહિ; પણ હવે વાંચું છું ત્યારે અક્ષરે અક્ષર સમજાય છે. તેથી મને એમ જણાય છે કે શાસ્ત્રો કાળે કરીને સમજાય છે.''

હે ભક્તો ! તે સંતની વાત સાંભળીને શુકાનંદ સ્વામી બોલ્યા: ''હા, શાસ્ત્રો કાળે કરીને સમજાય છે, તે વાત સાચી છે. મહારાજ વાતુ કરતા તે અમે સાંભળતા અને અંતરમાં ઉતારતા. તેમજ વચનામૃતો પણ મેં લખ્યાં છે, શોધ્યાં છે અને વાંચ્યા પણ છે, તોય જેવું સમજવું જોઈએ તેવું સમજાણું નહોતું. પછી ગોપાળાનંદ સ્વામીએ સમજાવ્યું ત્યારે શ્રીહરિની અનુપમ અને રહસ્યમય વાતો સમજાણી છે. માટે મોટા સંતનો વિશ્વાસ હોય અને અંતરદૃષ્ટિ કરતો હોય તો એને તરત સમજાય છે. મોટા સંતનો વિશ્વાસ તથા નિજદર્શન ન હોય તો મોટા સાથે રહે છતાં પણ ન સમજાય.''

ત્યારે તે સંતે પૂછ્યું જે, ''અંતરદૃષ્ટિ રાખવાની બારાખડી તે શું છે ?'' ત્યારે એનો ઉત્તર શુકાનંદ સ્વામીએ કર્યો જે, ''જે જે ક્રિયા કરવી તે વિચાર કરીને દેહ–ઇન્દ્રિયાદિકથી જુદા પડીને 'હું તો એનો જાણનારો આત્મા છું.' એમ દેહ–ઇન્દ્રિયોથી જુદા પડીને કરવી, પણ કોઈ ક્રિયામાં આત્મા–પરમાત્માના વિચારને ભૂલીને દેહ–

ઇન્દ્રિયરૂપ થઈને ક્રિયા કરવી જ નહિ. ને ક્રિયા કરવી તે ઉત્થાન ઓળખીને કરવી, પણ સંકલ્પ ભેળા ભળવું નહિ. એમ ઉત્થાન ઓળખીને જાણપણામાં રહીને સર્વે ક્રિયા કરે એ જ અંતરદૃષ્ટિ રાખવાની બારાખડી છે.''

– શુકાનંદ સ્વામીની વાતો : ૧૫|૧૬

## ઠાસરાના રામભટ્ટને અંતકાળે તેડી ગયા

હે ભક્તો ! એકવાર શુકાનંદ સ્વામી સંતમંડળ સાથે ચરોતર પ્રદેશમાં આવેલ ઠાસરા ગામમાં પધાર્યા હતા. ત્યાં મંદિરની આગળ સંકડાશ બહુ હોવાના કારણે શુકાનંદ સ્વામીએ બાજુમાં વૈષ્ણવોનું મંદિર હતું, તેના આગેવાન પુરાણી રામ ભટ્ટને બોલાવીને વાત કરી કે, ''ભટ્ટજી આપ પણ જાણો જ છો કે અમારા મંદિર આગળ બહુ જ સંકડાશ છે અને તમારા મંદિર આગળ બહુ મોટો ચોક છે, માટે થોડો માર્ગ (થોડી જમીન) કાઢી આપો તો અમારા ભક્તોને ઉત્સવ–સમૈયા વખતે અને દેવદર્શન માટે સરળતા રહે.''

શુકાનંદ સ્વામીની વાત સાંભળી પુરાણી રામ ભટ્ટે રાજી થઈને મંદિર આગળની જમીન આપી. તેના કારણે શુકાનંદ સ્વામી રામ ભટ્ટ ઉપર બહુ રાજી થયા. પછી તો તેઓ દરરોજ શુકાનંદ સ્વામીનો સમાગમ કરવા આવવા લાગ્યા. તેથી એકબીજાને હેત થઈ ગયું, ત્યારે સ્વામીએ કહ્યું: ''પુરાણી ! તમે સત્સંગી થાઓ, એવી મારી ઈચ્છા છે.'' ત્યારે ચતુર એવા રામ ભટ્ટ બોલ્યા: ''સ્વામીજી ! અંત સમયે તમે તેડવા આવો એવું વચન આપો તો સત્સંગી થાઉં.'' ત્યારે રાજી થઈને શુકાનંદ સ્વામી બોલ્યા: ''હું તમને વચન આપું છું કે, 'જ્યારે તમારો અંતકાળ આવશે ત્યારે સ્વામિનારાયણ ભગવાનને લઈને તમને તેડવા જરૂર આવીશ.''

હે ભક્તો ! શુકાનંદ સ્વામીએ વચન આપ્યું એટલે વૈષ્ણવ હવેલીના પુરાણી રામ ભટ્ટે સ્વામી પાસે વર્તમાન ધારણ કરી કંઠી પહેરી સત્સંગી થઈને ઘેર ગયા. પછી સ્વામીએ સંતો–ભક્તોને કહ્યું: ''રામ ભટ્ટ આપણી મુશ્કેલી સમજી ગયા અને આપણને જમીન આપી છે. બીજાથી આમ જમીન છૂટે નહિ. તેઓ આપણા સંપ્રદાયના ન હોવા

છતાંય પણ આપણને જમીન આપી, માટે એને ધન્યવાદ છે.'' આ પ્રમાણે સ્વામીએ તેમની ખૂબ પ્રશંસા કરી.

શ્રીહરિજીએ એકવાર શુકાનંદ સ્વામીને કહેલુઃ ''સ્વામી ! પછવાડે (પાછળથી) મોટા વખાણ કરે એવું જીવન જીવજો. મોઢે વખાણ કરે તેમ તમે ન જીવતા.'' આ વાત સ્વામીએ પોતાના જીવનમાં આત્મસાત્ કરી હતી. કેવું એમનું દિવ્ય જીવન હશે ? મોટેરાઓને ક્યારેય મનમાં એવું ન થાય કે, 'આને મનની, વખાણની કે પ્રશંસાની ભૂખ છે.' એવું જેનું જીવન હોય તેને સમજણવાળા સંતો-ભક્તો કહેવાય.

હે ભક્તો ! પુરાણી રામ ભટ્ટ સત્સંગી થયા પછી વૈષ્ણવ મંદિરમાં નિયમિત દર્શન કરવાં જતા અને કથા કરવા પણ જતા, પરંતુ આજ્ઞા અને ઉપાસના સ્વામિનારાયણ ભગવાનની કરતા હતા. ધ્યાન અને ભજન મહારાજનું જ કરતા હતા. સમય જતા તેમની આયુષ્ય પૂરી થઈ ગઈ ને અંતકાળ આવ્યો. એ સમયે શુકાનંદ સ્વામી શ્રીહરિજીની સાથે ભટ્ટને તેડવા આવ્યા. તેથી રામ ભટ્ટે ઘરના સર્વેને તથા સત્સંગીઓ અને વૈષ્ણવોને સર્વેને બોલાવીને કહ્યુંઃ ''જુઓ જુઓ, વચન આપ્યા પ્રમાણે મારા ગુરુ શુકાનંદ સ્વામી સ્વામિનારાયણ ભગવાનને સાથે લઈને મને તેડવા આવ્યા છે, માટે હું તેઓની સાથે અક્ષરધામમાં જાઉં છું. જય સ્વામિનારાયણ.... જય શ્રીકૃષ્ણ.'' આ પ્રમાણે બોલીને તેમણે પંચભૌતિક દેહનો ત્યાગ કરીને દિવ્યદેહ ધારણ કરી દિવ્ય વિમાનમાં બેસીને મહારાજ અને સ્વામી સાથે અક્ષરધામમાં પહોંચી ગયા !

## હરિભક્તોને રાજી કર્યા હોત તો વિઘ્ન ન આવત

હે ભક્તો ! એક વખત શુકાનંદ સ્વામી બાબરીયાવાડમાં વાંગધ્રા ગામમાં પોતાના શિષ્યો સાથે પધાર્યા હતા. તે ગામમાં આના ભક્ત આહીર બહુ સારા સત્સંગી હતા. તેમને સ્વામી સાથે ખૂબ હેત હતું એટલે સ્વામીને જોઈને રાજી રાજી થઈ ગયા. પછી સ્વામીને દંડવત પ્રણામ કરીને કહેવા લાગ્યાઃ ''સ્વામીજી ! તમે શ્રીજી મહારાજને મળેલા સંત છો અને અમારે ત્યાં પધાર્યા છો, માટે અમને બહુ આનંદ થયો છે. હવે અમારી એટલી વિનંતી છે કે અમારે

ત્યાં તમે સંતમંડળ સહિત ઘણા દિવસ સુધી રોકાઈને અમને દર્શનનું અને કથા–વાર્તાનું સુખ આપો.’’

પ્રેમીભક્તની વાત સાંભળી શુકાનંદ સ્વામીએ કહ્યું: ‘‘આના ભક્ત ! વડતાલનો સમૈયો નજીક આવ્યો છે, તેથી વડતાલ જવું પડશે.’’ ત્યારે આના ભક્ત કહેવા લાગ્યા: ‘‘સ્વામી ! વડતાલ તો તમે રહો જ છો ને ? પણ અમારે ઘેર ફરીને ક્યારે પધારશો ? માટે દયા કરીને થોડા દિવસ રોકાઓ તો સારું.’’ તેમનો અતિ ભાવ જોઈને સ્વામીએ રહેવાની હા કહી. ત્યાં તો તેમના શિષ્ય બોલી ઊઠ્યા: ‘‘નહિ નહિ સ્વામી, અમે રોકાશું નહિ. અમારે વડતાલ સમૈયો કરવા જવું જ છે.’’ ત્યારે સ્વામીએ કહ્યું: ‘‘સંતો ! આના ભક્તનો બહુ ભાવ છે, માટે થોડા દિવસ રોકાઈ જઈએ.’’ પરંતુ પેલા મનમુખી માન્યા જ નહિ.

હે ભક્તો ! આના ભક્ત અને બીજા હરિભક્તો એ સમયે ત્યાંજ હતા. તેઓ સમજી ગયા કે, ‘સ્વામીને તો રહેવું છે, પણ આ મનસ્વી ચેલાઓ રહેવા તૈયાર નથી.’ તેથી આના ભક્તે કહ્યું: ‘‘સ્વામી ! સંતોને ઉતાવળ હોય તો જાવ, ફરી ક્યારેક આવજો. અમારા ઉપર રાજી રહેજો, એટલું જ માગીએ છીએ.’’ પછી વાંગ્રધાથી બળદ–ગાડામાં બેસી વડતાલ આવવા નીકળ્યા એટલે રસ્તામાં સેંજળ ગામ આવ્યું. તે ગામના દરબાર માણસિયા ખુમાણ સાથે સ્વામીને હેત હતું એટલે તેઓને ત્યાં પધાર્યા.

હે ભક્તો ! સેંજળના માણસિયા ભગત બહુ સારા સત્સંગી હતા. તેઓ આત્મનિવેદી ભક્ત હતા. આવકનો દસમો ભાગ ચોખ્ખો કાઢતા હતા. તેમની એવી સમજણ દૃઢ થયેલી હતી કે યુવાન દીકરો ધામમાં ગયો હતો, તો પણ શોક કર્યો ન હતો. એવા સમજણવાળા–નિષ્ઠાવાન એ ભક્ત હતા. તેમને ત્યાં શુકાનંદ સ્વામી પધાર્યા એટલે દરબાર તો રાજી રાજી થઈ ગયા. સ્વામીને દંડવત કરીને તેઓએ પવિત્ર બ્રાહ્મણને બોલાવી પાકી રસોઈ કરાવી.’ પછી ઠાકોરજીને થાળ ધરાવી સ્વામી અને સંતો જમ્યા. પછી જે પ્રસાદી વધી તે દરબારના પરિવાર માટે મોકલાવી.

ત્યાર પછી સ્વામીએ કથા–વાર્તા કરીને ચાલવાની તૈયારી કરી, એટલે માણસિયા ખુમાણે શુકાનંદ સ્વામીને એક રાત્રી રોકાવાનો આગ્રહ કર્યો, તેથી સ્વામીએ હા કહી. ત્યાંતો સ્વામીના શિષ્ય હરિસ્વરૂપદાસે કહ્યું: ‘‘ગુરુ

! આવી રીતે રસ્તામાં રોકાતા જશું તો વડતાલ ક્યારે પહોંચશું ? માટે રોકાવું નથી.'' તેથી સ્વામી જવા માટે તૈયાર થયા. ત્યારે દરબારો ગામ બહાર વળાવવા આવ્યા. જ્યાં એક ગાઉં દૂર પહોંચ્યા ત્યાંતો ગાડી ભાંગી, તેથી સૌ હેરાન થયા. ત્યારે શુકાનંદ સ્વામી બોલ્યાઃ ''આના ભક્તની અને માણસિયા ખુમાણની વિનંતી ન માની એટલે આ ફળ મળ્યું ! આવા ભક્તને રાજી કરવા તેઓનાં ગામમાં રોકાયા હોત તો આપણને શ્રીજી મહારાજ આખા સમૈયાનું ફળ રાજી થઈને આપવાના હતા, પરંતુ તમોએ મારું માન્યું નહિ, એટલે રસ્તામાં હેરાન થયા છીએ.''

## મોટા સંતનો અવગુણ આવવાથી.....

હે ભક્તો ! એકવાર સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી વડતાલધામમાં વિશાળ સભામાં ખુરશી ઉપર બેસીને સત્સંગના મહિમાની વાતો કરતા હતા. ત્યારે નાજા જોગિયાએ પ્રશ્ન કર્યોઃ ''હે સ્વામી ! આવા સર્વોપરી મહારાજ મળ્યા, આવો અલૌકિક સત્સંગ મળ્યો અને અલૌકિક સંતો મળ્યા એ મહાભાગ્યની વાત છે. દેવો પણ આ સત્સંગને ઈચ્છે છે, પરંતુ આવો સત્સંગ મળ્યા પછીય પણ જીવ પાછો કેમ પડી જાય છે ? એ મારો સવાલ છે.''

દરબાર નાજા ભક્તનો સવાલ સાંભળી શુકાનંદ સ્વામીએ જવાબ આપતા કહ્યું કે, ''મોટા પુરુષનો અવગુણ આવે છે એનાં પાપે કરીને પાછો પડી જાય છે. ભગવાનના જે પરમ એકાંતિક સંત હોય, તે જો અતિ મલિન જીવ હોય તેના ઉપર કૃપા દૃષ્ટિ કરે, તો તે અતિ શુદ્ધ થઈને તથા ધર્માદિક રૂડા ગુણે યુક્ત થઈને મોક્ષને પામી જાય છે. જેમ દત્તાત્રેયે કૃપા દૃષ્ટિ કરી તેથી પીંગળા શુદ્ધ થઈ ગઈ તેમ. અને જે પરમ એકાંતિક સાધુ તેની જેના ઉપર કુદૃષ્ટિ થાય તેનું અંતઃકરણ અતિશય મલિન અને દોષેયુક્ત થઈ જાય છે ને તે મોક્ષના માર્ગ થકી પડી જાય છે. – શ્રીહરિચરિત્રમ્ તથા હ.ચ.ચિ. ૩/૬૬

હે ભક્તો ! જેમણે અધ્યાત્મ માર્ગમાં આગળ વધવું હોય તેમણે મોટા સંતનો કે મોટા ભક્તનો અવગુણ ન લેવો એ તો બરાબર છે, પણ હું તો ત્યાં સુધી કહીશ કે તેમણે કોઈપણનો અવગુણ ન લેવો જોઈએ; કારણ કે

એ ટાઈમ બગાડવાનું કામ છે. આપણને ખ્યાલ છે કે આ ગટરનો ખાળકૂવો છે. પછી એનું ઢાંકણું ખોલીએ એટલે ગંધ આવવાની જ છે – તેમ આપણને ખ્યાલ હોય કે આ વ્યક્તિમાં આટલા બધા અવગુણ છે, અને એ જાણવા છતાંય એના અવગુણ લીધા કરીએ એટલે આપણા અંતરમાં એના પ્રત્યે દ્વેષની ગાંઠ બંધાય છે અને પરિણામે આપણને મૂર્તિનું સુખ આવવાને બદલે ઉદ્વેગ રહ્યા કરે છે, માટે અવગુણવાળાથી દૂર રહેવું, એ જ શાંતિ પામવાનો ઉપાય છે.

હે ભક્તો ! શ્રીજી મહારાજે અને નંદસંતોએ એવું જરૂર કહ્યું છે કે, 'સમાગમ તો સારાનો જ કરવો. કારણ કે ઉત્તમનો સંગ કરવાથી ઉત્તમ બનાય છે, મધ્યમનો સંગ કરવાથી મધ્યમ મનાય છે અને ડોળિયાનો સંગ કરવાથી ડોળિયા બની જવાય છે, માટે આપણા કરતાં ધર્મ–જ્ઞાન–વૈરાગ્ય અને ભક્તિએ કરીને જે આગળ હોય એનો જ સમાગમ કરવો જોઈએ; નહિ તો ઉતરતાને સંગે કરીને ઉતરતા થઈ જવાય છે. માટે સમાગમ કરવામાં વિવેક રાખવો જ જોઈએ, પરંતુ અવગુણ લેવાથી તો કોઈ ફાયદો થવાનો નથી.

હે ભક્તો ! વિવેક ને સાવધાની જરૂર રાખવાની છે. મુક્તાનંદ સ્વામીને પોતાના સદ્‌ગુણોનું પોષણ મળે એમ નથી એનો ખ્યાલ આવ્યો એટલે તરત જ ક્રમશઃ ત્રણ ગુરુઓનો ત્યાગ કરી દીધો હતો. એ જ રીતે આપણે જેમનો સમાગમ કરતા હોઈએ, પરંતુ આપણા સદ્‌ગુણોનું પોષણ થતું ન હોય તો સંત હોય કે ભક્ત હોય કે પછી પોતાના ગુરુ હોય તો પણ તેનો ત્યાગ કરી દેવો જોઈએ અને આપણા સદ્‌ગુણોનું પોષણ થાય એવા સંતને ગુરુ બનાવવા જોઈએ. પરંતુ અવગુણ લેવાથી તો કોઈ ફાયદો થવાનો જ નથી એ વાત પણ ભૂલવી ન જોઈએ; કારણ કે જો સાચા સંતો કે ભક્તોનો અવગુણ લઈશું તો મોક્ષ બગડી જશે અને ખોટા સાધુ કે ખોટા ભક્તનો અવગુણ લેશું તો કલ્યાણ તો નહિ બગડે પરંતુ જિંદગીનો અમૂલ્ય ટાઈમ તો જરૂર બગડશે; માટે અવગુણ લેવાનો સ્વભાવ હોય તો તે છોડીને એ સમયને ભગવાનની ભક્તિ કરવામાં અને સત્સંગ કરવામાં ઉપયોગમાં લઈએ.

## શુકાનંદ સ્વામીના ત્રણ મનસૂબા

હે ભક્તો ! વિશ્વમાં વસેલા દરેક મનુષ્યમાત્રને જીવનમાં કંઈક ને કંઈક કરવાના મનમાં મનસૂબા (વિચાર–ઈચ્છા) હોય છે. ફેર એટલો હોય છે કે જગતના લોકોની ઈચ્છા અલગ હોય છે અને ભગવાનના ભક્તની ઈચ્છાઓ જુદી હોય છે. એ પ્રમાણે શુકાનંદ સ્વામીની ઈચ્છાઓ પણ હતી, પરંતુ સ્વામીના જીવનની ઈચ્છાઓ દુનિયાના લોકોથી જુદી હતી. એમની ઈચ્છાઓ આપણા સહુના માટે ઉપયોગી અને સમજવા જેવી છે.

એકવાર સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી સભામાં વચનામૃતની કથા કરતા હતા. એ પ્રસંગે સ્વામીએ પોતાના ત્રણ મનસૂબાની વાત કરતા કહ્યું કે, ''મને ત્રણ મનસૂબા હતા. તેમાં બે શ્રીજી મહારાજે પૂરા કર્યા છે અને એક બાકી છે, તે પ્રભુ પૂરો કરે તો સારું. તે મનસૂબા શું ? તો શ્રીજી મહારાજ ડભાણના બ્રાહ્મણ પાસે કથા કરાવતા, ત્યારે મહારાજ બ્રાહ્મણને પૂછે ને વાત કરે. ને તે બ્રાહ્મણ મહારાજને પૂછે, ત્યારે મહારાજ તેના ઉપર વાત કરે. તેમને જોઈને મને એમ મનસૂબો થયો જે, 'મહારાજની આગળ હું પણ કથા કરું ને આ બ્રાહ્મણની જેમ હું પણ પૂછું ને મહારાજ મને ઉત્તર આપે. આમ ભગવાનને રાજી કર્યા હોય તો સારું.

પછી મહારાજે આ લોકમાં જે કાર્ય સારું આવ્યા હતા તે કામની સર્વે વાત મને કહી. પછી મેં મહારાજને સંપ્રદાય પ્રવર્તાવ્યાની રીત પૂછી તથા બહુ ઝાઝા જીવ કલ્યાણને માર્ગે ચાલે તેમજ થોડા દાખડે (મહેનતે) બહુ જીવ અક્ષરધામને પામે, તેની રીત પૂછી તથા ગ્રંથ કર્યાની રીત પૂછી; ત્યારે તે સર્વે વાત મને કહી. વળી મહારાજે અનેક પ્રકારનાં પ્રકરણ ફેરવ્યાં તેના ખરડા મારી પાસે લખાવ્યા. આ રીતે મહારાજે મારો પહેલો મનોરથ પૂરો કર્યો.''

હે ભક્તો ! શુકાનંદ સ્વામી પોતાનો બીજો મનસૂબો કહે છે, તે સાંભળીએ તેઓના જ શબ્દોમાં: ''અને મુક્તાનંદ સ્વામી આદિક સંતોને જોઈને બીજો મનસૂબો એ હતો કે, 'હું પણ સાધુ થાઉં તો બહુ સારું. કેમ જે મોટા સંતોની પ્રસાદી તથા રાજીપો મળે.' તેથી મહારાજે મને સાધુ કર્યો. ને મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી આદિક સર્વે સંતો મારી ઉપર બહુ રાજી થયા. એમ બીજો મનસૂબો મહારાજે પૂરો કર્યો. હવે ત્રીજો મનસૂબો બાકી

રહ્યો છે તે મહારાજ પૂરો કરે તો સારું. તે શું ? તો દેહ મૂકવા સમયે એક વર્ષ કે છ મહિના સુધી સારી પેઠે મંદવાડ આવે તો બહુ સારું ! કારણ કે માંદગીએ કરીને જીવ નિર્વાસનિક થાય છે, તેવો બીજે સાધને કરીને નથી થતો; માંદગીમાં ત્રણ ખોટ ટળે છે તે કહીએ છીએ: 'વિષયમાં રાગ ટળે છે, દેહમાં આસક્તિ રહેતી નથી અને શુભવાસના પણ રહેતી નથી.'

હે ભક્તો ! ત્યારે એક સંતે પ્રશ્ન કર્યો જે, ''મોટાને મંદવાડ આવે એ તો ઠીક પણ ગરીબને તો તત્કાળ દેહ પડી જાય તો ઠીક.'' ત્યારે શુકાનંદ સ્વામીએ કહ્યું જે, ''કાંઈ જોઈએ જ નહિ, એવો વિચાર કરવો. જેમ નિષ્કુળાનંદ સ્વામીએ પોતાને કહ્યું જે, 'પૂર્વને પાપે કરીને દુઃખી થયો છું અને વળી ભગવાનના ભક્તનો અવગુણ લઈશ તો ક્યારે છૂટકો થશે ?'' માટે આ મોટા સંતોની વાતો સાંભળીને આપણે પણ સજાગ રહેવું તેમજ શુભાશુભ બંને પ્રકારના રાગ ટાળીને મહારાજની મૂર્તિમય બનવું. – શુકાનંદ સ્વામીની વાતો : ૭ થી ૯

## સ્વામીની જીવન માહિતી અને અક્ષરવાસ

હે ભક્તો ! સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી કથા–વાર્તા કરીને શ્રીહરિનો તથા સંતો–ભક્તોનો મહિમા સહુને સમજાવતા અને મહારાજને ગમે એવું જીવન જીવતા શીખવાડતા હતા. આ રીતે સત્સંગની સેવા કરતા કરતા સ્વામી વૃદ્ધ થઈ ગયા. સ્વામીનો જન્મ ડભાણમાં સંવત્ ૧૮૫૨ માં થયો હતો. ૧૪ વર્ષ સુધી ઘેર રહ્યા. પછી સંવત્ ૧૮૬૭ માં ગઢપુરમાં બ્રહ્મચારી થયા. ૫ વર્ષ સુધી ગોવિંદાનંદ બ્રહ્મચારી તરીકે રહી સેવા કરી. ત્યારબાદ સંવત્ ૧૮૭૨ માં ગઢપુરમાં સંતની દીક્ષા લઈ શુકાનંદ સ્વામી થયા. ૧૪ વર્ષ સંત તરીકે અને ૫ વર્ષ બ્રહ્મચારી તરીકે અર્થાત્ ૧૯ વર્ષ સુધી શ્રીજી મહારાજ સાથે રહી પત્ર લખવાની સેવા કરી મહારાજનો રાજીપો મેળવ્યો તેમજ મોટા સંતોનો પણ રાજીપો મેળવ્યો.

હે ભક્તો ! જ્યારે શ્રીજી મહારાજે સ્વધામગમન લીલા કરી ત્યારે શુકાનંદ સ્વામીની ઉંમર ૩૩ વર્ષની હતી. તેમજ શ્રીહરિ ધામમાં પધાર્યા પછી સ્વામી ૩૯ વર્ષ સુધી પૃથ્વી ઉપર રહ્યા હતા. ખાસ કરી સ્વામી સૌથી વધારે વડતાલમાં રહ્યા હતા. સંવત્ ૧૯૧૨ માં સ્વામીએ શ્રીહરિને આર્તનાદે પોકાર કર્યો, ત્યારે મહારાજે દર્શન દીધાં. ત્યારે સ્વામીએ પ્રાર્થના કરીને તાવ માગ્યો ! તેથી સ્વામીના શરીરમાં ૧૨ વર્ષ પર્યંત તાવ રહ્યો હતો ! સ્વામીએ કથા–વાર્તા કરીને તેમજ પોતાના સદ્‌ગુણોના કારણે સંતો–ભક્તો સહુનાં દિલ જીતી લીધાં હતાં.

હે ભક્તો ! સદ્‌ગુરુ શુકાનંદ સ્વામીને ગોવિંદાનંદ સ્વામી, ધર્મપ્રસાદ સ્વામી, નારાયણજીવન સ્વામી, હરિસ્વરૂપ સ્વામી, હરિદાસ સ્વામી, કૃષ્ણદાસ સ્વામી, ગોવિંદચરણ સ્વામી, ધર્મનંદન સ્વામી અને પ્રભુચરણ સ્વામી વગેરે ૨૨ જેટલા શિષ્ય સંતો હતા. તેમાં ઘણા વિદ્વાન સંતો હતા. તેમજ ગૃહસ્થ ભક્તોમાં પણ કેટલાક વિદ્વાનો સ્વામીના શિષ્યો હતા. તેમાં પીજના ભોળાનાથ શાસ્ત્રી તો અતિ ઉત્તમ વિદ્વાન અને મહારાજના મહાન ભક્ત હતા. તેમણે ‘શ્રીહરિસંભવ મહાકાવ્ય’ ઉપર ટીકા રચીને સંપ્રદાયનું ઉત્તમ કામ કર્યું છે. આ પ્રમાણે શ્રીહરિની પ્રસન્નતા– અર્થે શુકાનંદ સ્વામી ૫૯ વર્ષ સુધી સત્સંગની સેવા કરતા રહ્યા.

હે ભક્તો ! શુકાનંદ સ્વામીએ તાવની બીમારી માગી હતી, તેથી બાર વર્ષ સુધી તાવ આવ્યો હતો. તેમાંય છેલ્લા ચાર વર્ષ સુદી તો વધારે તાવ રહ્યો હતો અને એમાં પણ છેલ્લા છ મહિના સુદી તાવ અને ઝાડા બન્ને રોગની વધારે માંદગી રહી હતી. એમ કરતા સંવત્ ૧૯૨૫ ના માગસર વદ અમાસના દિવસે વડતાલધામમાં પોતાનાં આસને શ્રીજી મહારાજ અનેક મુક્તોને લઈને તેડવા પધાર્યા. ત્યારે શુકાનંદ સ્વામીએ સૌ સંતો–ભક્તોને સત્સંગની ભલામણ કરી ભજન–ભક્તિ કરવાનું કહીને બોલ્યાઃ ‘‘સ્વામિનારાયણ ભગવાન અને મુક્તો મને તેડવા પધાર્યા છે, માટે તેઓની સાથે હું અક્ષરધામમાં જાઉં છું. જય સ્વામિનારાયણ.’’ આ પ્રમાણે કહીને પંચભૌતિક દેહ છોડી દિવ્ય દેહ ધારણ કરી પ્રભુની સાથે ધામમાં સિધાવ્યા.

હે ભક્તો ! શુકાનંદ સ્વામી ધામમાં ગયા ત્યારે તેઓની ઉંમર ૭૨ વર્ષની હતી. વડતાલમાં જ્યાં જ્ઞાનબાગમાં અંદર જવાનો રસ્તો છે, તેની સામેના ભાગમાં સ્વામીનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો. તે સ્થળે સુંદર છત્રી બનાવવામાં આવી છે. હે સંતો–ભક્તો ! આપણામાં પણ સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી જેવા સદ્‌ગુણો આવે એવી વડતાલવાસી શ્રીહરિકૃષ્ણ મહારાજને પ્રાર્થના કરીએ,

## શુકાનંદ સ્વામીની સાહિત્ય સેવા

હે ભક્તો ! સદ્‌ગુરુ શુકાનંદ સ્વામીનો સાહિત્યક્ષેત્રે બહુ મોટો ફાળો છે. સ્વામીએ અનેક ગ્રંથો રચ્યા છે, અનેક ગ્રંથો ઉપર ટીકાઓ કરી છે અને અનેક પત્રો લખ્યા છે. સ્વામીએ પાંચ ગ્રંથો સંસ્કૃત ભાષામાં રચ્યાં છે. ત્રણ ગ્રંથની સંસ્કૃતમાં ટીકા કરી છે. તેમજ સાત ગ્રંથની ગુજરાતીમાં ટીકા કરી છે. તથા 'શ્રીવાસુદેવ વિમલામૃતધામ.....' એ સ્તોત્ર ઉપર બે વાર સંસ્કૃતમાં ટીકા કરેલી છે. (ટીકા એટલે સરળ ભાષામાં સમજાય એ માટે કરાયેલું વિવરણ–વિવેચન) એ સિવાય વચનામૃત, વેદરસ, દેશવિભાગનો લેખ, ખગોળ–ભૂગોળનો ખરડો જેવા અનેક શ્રીહરિના લેખસંગ્રહોમાં શુકમુનિનો મોટો ફાળો છે. આ બધું અનુપમ સાહિત્ય આજ સત્સંગને માટે અનુભવી ભોમિયાની ગરજ સારે છે.

હે વહાલા વાચકો ! સદ્‌ગુરુ શુકાનંદ સ્વામીએ લખેલાં પુસ્તકોની નોંધ આ પ્રમાણે છે. સંસ્કૃત ગ્રંથોમાં (૧) બુદ્ધિપ્રદીપ : સ્વામીએ આ ગ્રંથ સંસ્કૃતમાં રચ્યા બાદ તેનું ગુજરાતી ભાષાંતર પણ પોતે જ ખૂબ સરસ રીતે અને સરળ ભાષામાં કર્યું છે. (૨) જ્ઞાનદીપ : આ ગ્રંથમાં સ્વામીએ મહારાજનાં અસાધારણ તેર લક્ષણોની વિગત સહિત વાત કરી છે. આ ગ્રંથ નાનો છતાં અભ્યાસ કરવા જેવો છે. (૩) પ્રાર્થનામાળા : આ ગ્રંથમાં મહારાજને શું પ્રાર્થના કરવી ? તથા કેવી રીતે પ્રાર્થના કરવી ? વગેરે સુંદર વાતો લખી છે. અને તેનું ગુજરાતી પણ સ્વામીએ પોતે જ સહુ સંતો–ભક્તોની સુગમતા માટે કરેલું છે.

(૪) 'લોકમંગલાખ્ય' નામે શ્રીહરિકૃષ્ણસહસ્રનામ સ્તોત્ર લખ્યું છે. જેમાં સર્વમંગલ સ્તોત્રની જેમ જ શ્રીહરિકૃષ્ણ મહારાજનાં સ્થાન, ગુણો, ઐશ્વર્ય અને કાર્યને અનુરૂપ હજાર નામો લખ્યાં છે. (૫) 'વિશ્વમંગલ અષ્ટોત્તરશતનામ સ્તોત્ર' પણ સંસ્કૃતમાં લખ્યું છે. આ સ્તોત્રમાં જનમંગલ સ્તોત્રની જેમ મહારાજના મુખ્ય મુખ્ય ગુણ, પ્રતાપ અને કાર્યને અનુરૂપ ૧૦૮ નામ લખેલાં છે. આ બન્ને સ્તોત્રનો પાઠ જીવને અંતરમાં શાંતિ આપનારો અને દુ:ખ ટાળનારો છે.

હે ભક્તો ! શુકાનંદ સ્વામીએ કરેલી સંસ્કૃત ગ્રંથોની ટીકાઓનો નિર્દેશ કરું છું. યોગીરાજ ગોપાળાનંદ સ્વામી અને પંડિતવર્ય નિત્યાનંદ સ્વામીની આજ્ઞાથી શુકમુનિએ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજના નામે સંસ્કૃતમાં (૧) હરિવાક્યસુધાસિંધુની 'સેતુમાળા' નામની ટીકા રચી છે. આ ટીકા અતિ અનુપમ છે અને અનેક જગ્યાએ વચનામૃતોનાં રહસ્યોને સમજાવનારી છે. વળી (૨) શિક્ષાપત્રી 'અન્વયાર્થપ્રકાશિતા' નામની ટીકા કરી છે. તે પણ રહસ્યપૂર્ણ છે. અને (૩) સત્સંગિજીવનની 'હેતુ' નામની ટીકા કરી છે.

હે વાચકો ! હવે સ્વામીએ ગુજરાતી ભાષામાં જે સાહિત્યનું પ્રદાન કર્યું છે, તે લખું છું. (૧) શ્રીમદ્ ભાગવત ગ્રંથના દશમ સ્કંધનું ગુજરાતીમાં ભાષાંતર કર્યું છે. જે ભાગવતના રહસ્યને સમજવા માટે ખૂબ જ ઉપયોગી છે. (૨) તેમજ છઠ્ઠા સ્કંધમાં આવેલ 'નારાયણ કવચ'નું પણ સ્વામીએ ગુજરાતીમાં ભાષાંતર કરેલું છે. (૩) તથા શ્રીમદ્ સત્સંગિજીવનના પ્રથમ પ્રકરણમાં આવેલ 'હરિગીતા'ની ટીકા, બીજા પ્રકરણમાં ૫૧ માં અધ્યાયમાં આવેલ 'ભક્તિનો મહિમા' તેની ટીકા, તૃતીય પ્રકરણમાં આવેલ સત્સંગપ્રદીપની ટીકા, ચોથા પ્રકરણમાં આવેલ ધર્મામૃત વગેરેની ટીકાઓ પણ શુકાનંદ સ્વામીએ કરેલ છે. એ સિવાય ભાગવતજીના દશમ સ્કંધમાં ઉત્તરાર્ધના ૮૯ માં અધ્યાયમાં રહેલી વેદસ્તુતિની પણ સ્વામીએ ગૂઢાર્થપણે ગુજરાતીમાં ટીકા કરેલી છે.

## ઉપસંહારનું અંતિમ લેખન

હે વહાલા સંતો–ભક્તો ! વચનામૃત ગ્રંથનું સંપાદન કરનારા સદ્‌ગુરુ સંતોમાં અગ્રગણ્ય ચાર સદ્‌ગુરુ સંતો એટલે સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી, સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામી અને સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી. આ ચાર મહાપુરુષો વ્યવહારિક માર્ગમાં પણ મોટેરા હતા અને અધ્યાત્મ માર્ગમાં પણ અગ્રેસર હતા. તેઓએ શ્રીહરિજી મહારાજની પરાવાણીનો સંગ્રહ કરીને સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વે અનુયાયીઓ ઉપર બહુ મોટો ઉપકાર કરેલ છે.

હે ભક્તો ! આ ચારેય સદ્‌ગુરુઓ ઉપર સ્વામિનારાયણ ભગવાનનો અપાર રાજીપો હતો. ચારેય સંતો પોતાના વિશેષ વ્યક્તિત્વને કારણે જાણીતા હતા અને સૌ સાધુ–સંતોના આદર્શ પણ હતા. તેમનાં જીવન પ્રંસંગો વાંચીને કે સાંભળીને આપણાં જીવનમાં પરિવર્તન થવાની પૂરી સંભાવના છે. આ ચાર સદ્‌ગુરુઓ, ચાતક પંખી જેમ સ્વાતિ નક્ષત્રમાં બુંદને ઝીલે – એમ એ વચનામૃતોને ઝીલતાં અને મનન માટે હસ્ત લિખિત ખરડાઓ તૈયાર કરતા. આ ચાર સદ્‌ગુરુઓએ હાથથી લખેલા ખરડાઓનું સંકલન કરી એક અજોડ ગ્રંથ બનાવ્યો એ જ આપણું વચનામૃત છે.

હે ભક્તો ! આ ચાર સદ્‌ગુરુઓએ વચનામૃતનો ગ્રંથ તૈયાર કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણને બતાવ્યો, ત્યારે તેને જોઈને પ્રગટ પ્રભુએ અપાર પ્રસન્નતા વ્યક્ત કરી હતી; કારણ કે વચનામૃતોનો સંગ્રહ એ તો ગુજરાતી ભાષાનું એક ઉત્તમ રત્ન તૈયાર થયું હતું. આ વચનામૃતનું મનન અને નિદિધ્યાસન કરી એના સિદ્ધાંતો અને ઉપદેશોને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરનાર મોક્ષમાર્ગે ચડ્યા વિના રહે જ નહિ.

હે વહાલા સંતો–ભક્તો ! આ પુસ્તક ‘વચનામૃત દ્વિશતાબ્દી પ્રાગટ્ય’ નિમિત્તે લખવામાં આવેલ છે. વચનામૃત સંપાદક ચાર સદ્‌ગુરુઓનો આભાર વ્યક્ત કરવા માટે જ આનું લેખન કરવામાં આવ્યું છે. તેની સાથોસાથ ચાર

સદ્‌ગુરુ સંતોનો વિશેષ મહિમા પણ વાંચનારાઓમાં અને સાંભળનારાઓમાં વધે તે પણ હેતુ છે. કારણ કે મહાપુરુષોનાં જીવન દર્શન વાંચવાથી તથા શ્રવણ કરવાથી મોક્ષમાર્ગમાં જલદી આગળ વધી શકાય છે, તે માટે પણ આ ''વચનામૃત સંપાદક ચાર સદ્‌ગુરુઓનાં જીવન દર્શન'' નામનું પુસ્તક લખવામાં આવેલ છે.

હે ભક્તો ! ભગવાન શ્રી સ્વામિનારાયણે પૃથ્વી પર પ્રગટ થઈને અતિ અપાર કરૂણા કરીને આપણને દિવ્ય ઉપદેશ આપ્યો, એ તો એમના અસાધારણ ઉપકારો માહિલાં એક ઉપકાર છે જ, પણ તેનું સંપાદન કરીને એમના સંપાદક ચાર પરમહંસોએ પણ, ન કેવળ આપણા ઉપર, કિંતુ આવનારી અનેક પેઢીઓ ઉપર પણ અમૂલ્ય ઉપકાર કરેલ છે; કારણ કે વચનામૃતમાં શ્રીહરિજીએ જે સાધનાપથનું દર્શન કરાવ્યું, એના પર ચાલીને અનંતકાળ સુધી અનેક મુમુક્ષુઓ આત્યંતિક મુક્તિ પામશે જ એમાં કોઈ સંશય નથી, એટલું કહીને મારું લેખનકાર્ય પૂર્ણ કરું છું.

લિ : સ્વામી બ્રહ્મસ્વરૂપદાસ કંડારી - હાલ : વડતાલધામ
ગુરુવર્ય : સદ્‌ગુરુ શાસ્ત્રી સ્વામી લોયાધામ - કંડારી
વડતાલ - સંસ્થાન મુખ્ય કોઠારીશ્રી

''લેખન શરુઆત : સંવત્ ૨૦૭૫ શ્રાવણ વદ આઠમ જન્માષ્ટમી
લેખન સમાપ્ત : સંવત્ ૨૦૭૬ માગસર સુદ ચોથ વચનામૃત જયંતી''
તા. ૨૪-૮-૨૦૧૯ થી તા. ૩૦-૧૨-૨૦૧૯

# સંદર્ભ ગ્રંથ સૂચિ


| ક્રમ | ગ્રંથનું નામ | રચયિતા |
|---|---|---|
| (૧) | વચનામૃત | શ્રીજી મહારાજ |
| (૨) | સત્સંગિજીવન | સદ્‌ગુરુ શતાનંદ સ્વામી |
| (૩) | ભક્ત ચિંતામણિ | સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી |
| (૪) | શ્રી હ.ચ.સાગર | સદ્‌ગુરુ આધારાનંદ સ્વામી |
| (૫) | ગોપાળાનંદ સ્વામીની વાતો | સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી |
| (૬) | ગુણાતીતાનંદ સ્વામીની વાતો | સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી |
| (૭) | અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો | સદ્‌ગુરુ અદ્‌ભૂતાનંદ સ્વામી |
| (૮) | ભાયાત્માનંદ સ્વામીની વાતો | સદ્‌ગુરુ ભાયાત્માનંદ સ્વામી |
| (૯) | શ્રીહરિ દિગ્વિજય | સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામી |
| (૧૦) | શુકાનંદ સ્વામીની વાતો | સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી |
| (૧૧) | નિર્ગુણદાસ સ્વામીની વાતો | સદ્‌ગુરુ નિર્ગુણદાસ સ્વામી |
| (૧૨) | સત્સંગી ભૂષણ | સદ્‌ગુરુ બ્ર. વાસુદેવાનંદ સ્વામી |
| (૧૩) | તદ્રુપાનંદ સ્વામીની વાતો | સદ્‌ગુરુ તદ્રુપાનંદ સ્વામી |
| (૧૪) | શ્રીહરિ ચરિત્ર | સદ્‌ગુરુ અખંડાનંદ વર્ણી |
| (૧૫) | દુર્ગપુર માહાત્મ્ય | આ. રઘુવીરજી મહારાજ |
| (૧૬) | ઉન્મત ગંગા માહાત્મ્ય | આ. વિહારીલાલજી મહારાજ |
| (૧૭) | આચાર્યોદય | આ. વિહારીલાલજી મહારાજ |
| (૧૮) | મોનજી ભગતની વાતો | મોનજી ભગત |
| (૧૯) | અક્ષરાનંદ સ્વામીની વાતો | સદ્‌ગુરુ બ્ર. અક્ષરાનંદ સ્વામી |
| (૨૦) | શ્રીહરિલીલામૃત | આચાર્ય વિહારીલાલજી મહારાજ |
| (૨૧) | શ્રીહરિલીલાકલ્પતરુ | સદ્‌ગુરુ અચિંત્યાનંદ બ્રહ્મચારી |
| (૨૨) | સત્સંગની શુભ વાર્તા | સદ્‌ગુરુ પ્રેમપ્રકાશદાસજી સ્વામી |
| (૨૨) | આદર્શ ભક્ત ગાથા | સદ્‌ગુરુ ધર્મવલ્લભદાસજી સ્વામી |
| (૨૪) | સ્વામિનારાયણ ચરિત્ર ચિંતામણિ | વૈદ્યરાજ મૂળજીભાઈ |
| (૨૫) | શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર | સદ્‌ગુરુ બ્ર. આત્માનંદ સ્વામી |
| (૨૬) | સંત – આખ્યાન | સદ્‌ગુરુ જ્ઞાનજીવનદાસજી સ્વામી |
| (૨૭) | સત્સંગિજીવન સાગર મંથન | સદ્‌ગુરુ બ્રહ્મસ્વરૂપદાસ સ્વામી |
| (૨૮) | અ.મુ. ગોપાળાનંદ સ્વામી જીવન ચરિત્ર | ડૉ. શા. સંતવલ્લભદાસ સ્વામી |
| (૨૯) | મુક્ત ચિંતામણિ | સદ્‌ગુરુ નારાયણસ્વરૂપદાસ સ્વામી |
| (૩૦) | નિત્યાનંદ સ્વામીના ગ્રંથો | સ્વામી બ્રહ્મપ્રકાશદાસ સ્વામી |



: લેખક :

સદ્‌ગુરુ શ્રી બ્રહ્મસ્વરૂપદાસ સ્વામી (સાહિત્ય વિશારદ)

હે વ્હાલા ભક્તો ! પૂજ્ય બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામી શાસ્ત્રીજી સ્વામીના પ્રથમ શિષ્ય છે. સમજણ અને જ્ઞાનથી વૈરાગ્ય થતાં ૨૧ વર્ષની ઉંમરે તા. ૧૨-૧૧-૧૯૮૬ વિ.સં. ૨૦૪૨, કારતક સુદ એકાદશીના પવિત્ર દિવસે દીક્ષા લઈને સંત બન્યા છે.

સહજ ભજનમય અંગ, શ્રીહરિજીમાં સ્નેહ, મૌન અને વાંચનનો ઊંડો અભ્યાસ આ તેમનાં જીવનના અવિભાજ્ય અંગ છે. પાંચ વર્ષ સુધી તેઓએ અખંડ મૌન રાખી સતત સ્વામિનારાયણ મહામંત્રના જપ કરી ૧૦ વર્ષમાં ૧૩ કરોડ મહામંત્રના જપ કરી સ્વામિનારાયણ ભગવાનની તથા સંતો-ભક્તોની પ્રસન્નતા પ્રાપ્ત કરી છે.

વાંચનનો સતત અભ્યાસ હોવાથી, શાસ્ત્રોનું ચિંતન અને મનન કરીને ''સત્સંગિજીવન સાગર મંથન'' નામનો વિશાળ ગ્રંથરાજ તેમણે અમેરિકા 'શ્રી સ્વામિનારાયણ મંદિર ડલાસ'માં રહીને ઈ.સ. ૧૯૯૫-૯૬માં લખ્યો છે. આ ગ્રંથ સંપ્રદાયમાં અતિ લોકપ્રિય બન્યો છે.

પૂજ્ય સ્વામી કેવળ લેખક જ નથી, પરંતુ કવિ, સંગીતજ્ઞ અને કથાકાર પણ છે. તેમણે બનાવેલ કીર્તનોનું ''પ્રગટના ગુણગાન'' નામે પુસ્તક પણ પ્રકાશિત કરેલ છે. બ્રહ્મસ્વરૂપ સ્વામીએ કુલ-૨૧ નાનાં-મોટાં પુસ્તકો લખ્યાં છે.

## લેખક દ્વારા લખાયેલાં પુસ્તકોની યાદી નીચે મુજબ છે.

| ક્રમ | પુસ્તકનું નામ | વર્ષ | ક્રમ | પુસ્તકનું નામ | વર્ષ |
|---|---|---|---|---|---|
| (૧) | પ્રગટના ગુણગાન | ઈ.સ. ૧૯૯૪ | (૧૨) | માંગરોળમાં શ્રીજી મહારાજ | ઈ.સ. ૨૦૧૧ |
| (૨) | જ્ઞાનસરિતા | ઈ.સ. ૧૯૯૫ | (૧૩) | આત્મબોધ | ઈ.સ. ૨૦૧૨ |
| (૩) | સત્સંગિજીવન સાગરમંથન | ઈ.સ. ૧૯૯૭ | (૧૪) | લોજધામની લીલા | ઈ.સ. ૨૦૧૩ |
| (૪) | મોહનજીને મળવાને | ઈ.સ. ૧૯૯૭ | (૧૫) | કૃપા–મુક્તિ | ઈ.સ. ૨૦૧૪ |
| (૫) | જીવન–યાત્રા | ઈ.સ. ૨૦૦૪ | (૧૬) | મુક્તિના ઉપાયો | ઈ.સ. ૨૦૧૪ |
| (૬) | માનવતાના દીવડા | ઈ.સ. ૨૦૦૪ | (૧૭) | લીલા લોયાધામની | ઈ.સ. ૨૦૧૬ |
| (૭) | વાણી વિવેક | ઈ.સ. ૨૦૦૪ | (૧૮) | ધરગામનો મહિમા | ઈ.સ. ૨૦૧૯ |
| (૮) | જીવન એક સ્નેહ ઝરણું | ઈ.સ. ૨૦૦૪ | (૧૯) | આદર્શ જીવન પ્રસંગો | ઈ.સ. ૨૦૧૯ |
| (૯) | અમાનવીય ક્રૂરતા | ઈ.સ. ૨૦૦૪ | (૨૦) | આપણું વડતાલધામ | ઈ.સ. ૨૦૧૯ |
| (૧૦) | શીલવંતા સંતો સાંભળજો | ઈ.સ. ૨૦૦૯ | (૨૧) | વચનામૃત સંપાદક ચાર સદ્‌ગુરુઓનાં ‘‘જીવન દર્શન’’ | ઈ.સ. ૨૦૨૦ |
| (૧૧) | કીધો યજ્ઞ ડભાણમાં | ઈ.સ. ૨૦૧૦ | | | |




-: પ્રકાશક :-

વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતી

મુખ્ય કોઠારી શ્રી પ.પૂ. સદ્. શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

શ્રી સ્વામિનારાયણ મંદિર, સંસ્થાન - વડતાલ

મુ.પો.વડતાલ. તા. નડીયાદ, જી. ખેડા,

પીન : ૩૮૭૩૭૫ (ગુજરાત)



(0268) 2589728, 2589776

vadtaldhamvikas@gmail.com

www.vadtalmandir.org



ISBN 978-81-940549-6-2